કુદરત અને કુસુમ.

ભાગ ૭-૮

ગ્રન્થોદય ગ્રન્થમાળા મણકો ૭-૮

શ્રી નવલ

કુંદન અને કુસુમ.

ભાગ ૭-૮

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ

અથવા

સુધારાનો સાર કે ફેશનનો માર ?

દોહરો.

કહ્યાગરો છે દીકરો ગુણવંતી છે નાર,
જેના ઘરમાં તે વસે ધન્ય તેનો અવતાર.

લખનાર

ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.

રાયપુર-અમદાવાદ.

પ્રકાશક

હરિભાઈ દલપતરામ પટેલ.

શાહપુર-અમદાવાદ.

મુલ્ય બે રૂપિયા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૪. સને ૧૯૧૮.

અમદાવાદ શહાપુર વનમાળી વાંકાની પોળમાં **હરિભાઈ દલપતરામે** પોતાના "**ગ્રન્થોદય**" પ્રેસમાં છાપી.

* * * * *

क्रोशन्तः शिशवः सवारि सदनं पङ्का वृतंचाङ्गणं ।
शय्या दशवती च रुक्षमशनं धूमेन पूर्णगृहम् ॥
भार्या निष्ठुर भाषिणी प्रभुरपिक्रोधेनपूर्णः सदास्नानं ।
शीतल वारिणा हि सततं धिग्धिग्गृहस्थाश्रमम् ॥

જેના ઘરમાં બાળકો પોકાર કર્યા કરે છે, ઘરમાં ચો તરફ પાણી ભર્યા રહે છે, આંગણામાં કાદવ થાય છે, શય્યામાં માંકણ રહેલા હોય છે, લુખું ભોજન મળે છે, ઘરમાં બધે ધુમાડો રહે છે, સ્રી કઠોર વચન બોલ્યાં કરે છે, ઘરધણી સદા ક્રોધમાં રહે છે અને ટાઢા પાણીથી નિત્ય સ્નાન થાય છે, એવા ગૃહસ્થાશ્રમને ધિઃક્કાર છે.

પ્રમાણસહસ્રી.

શ્રી સરસ્વતિ પ્રેમશૌર્ય મંદિર.

સ્નેહરશ્મિ.

યુગલ કાવ્ય.

દોહરા.

મન ન ઠરે તો નયનનું તરતજ ભાગે તાન,
પાંખ આંખ રૂપ રંગમાં બગલો હંસ સમાન.
છોટા બહુ છત દાખવે મોટા કદી ન થાય,
લોટામાં ગાગર તણું શ્રમે ન નીર સમાય.
જોવાના જાજો બળી હરી ભુમીના ભોગ,
ભોગવવાના હોય તો યોગ્ય આંખ ઉદ્યોગ.
કહેવાનાં મરજો સગાં મરજો તાળી મિત્ર,
પાણી મારે પેસીને હરિ હૃદયનું હીત.
સ્વાદે કડવો લીંબડો ખારૂ સાગર નીર,
મોંઘાં મુક્તાફળ દીએ શીતળ કરે શરીર.

દોહરો.

કદરદાન આગળ કદા, કિમ્મત કવિની કાંક;
બુજ વગરના બોલ જ્યાં, રૂડા પરિક્ષક રાંક.

* * * * *

મનની છબી મંગળ કરે, તનની છબી દે શોક;
કવિ તાર તુટે જશે, કવિતા રટશે લોક.

કહ્યાગરો દીકરો

इदं तत्स्नेह सर्वस्वं सम माढय दरिद्रयोः ।
अचन्दन मनौशीरं हृदयस्यानु लेपनम् ॥

જે પુત્ર છે તે ધનાઢય અને દરિદ્રીને સરખી રીતે સ્નેહનું સર્વસ્વ છે. તેમજ ચંદન વિનાનું અને સુગંધી શિવાયનું એક હૃદયનું અનુલેપન છે.

गृहे जानुचरः केलयां मुग्ध स्मितमुखाम्बुजः ।
पुत्रः पुण्यवतामेव पात्रो भवति नेत्रयोः ॥

ઘરની અંદર ક્રીડામાં ઘુંટી ભેર ફરતો અને જેનું મુખ કમલ મુગ્ધ હાસ્ય ભરેલું છે એવો પુત્ર પુણ્યવાન લોકોના નેત્રનુંજ પાત્ર થાય છે.

स्वगर्भशुक्ति निर्मित्तं सुवृत्तं सुत मौक्तिकम् ।
वंश श्रीतिलकीभूत्तं मन्द भाग्यस्य दूर्लभम् ॥

પોતાના ગર્ભ રૂપ છીપમાંથી ઉત્પન્ન થએલું સુવૃત્ત અને વંશની લક્ષ્મીને તિલક રૂપ એવું પુત્ર રૂપી મોતી મંદ ભાગ્યવાળા પુરૂષને મળવું દુર્લભ છે.

वर्धते न चिरंलोके वंश लक्ष्मीर संततिः ।
स्वलपावशेषित स्नेहवर्ति भालेवदीपिका ॥

જેમ તેલ અને દીવેટ થોડી અવશેષ રહેવાથી દીપીકા વધતી નથી, તેમ સંતતિ વિનાની વંશલક્ષ્મી લોકમાં વધતી નથી.

પદ.

પનોતું જાણજો સુખી જીવન ગૃહ તો સદાય
જે ઘરમાંહી કુટુંબી જન સૌ
પરસ્પરને બહુ સ્નેહથી ચહાય:-પનોતું.
નાના મોટા ઘરના જન સૌ
ઘડી ભર સાથે બેસી ગાય:-પનોતું.
ભલે હોયને સુકો ટુકડો
પરંતુ સૌ સાથે મળી ખાય:-પનોતું.
દંપતિ સાથે સાધે સ્નેહે
ક્રિયા જે સહકારી કહેવાય:-પનોતું.
સર્વ વડે જ્યાં સદા સર્વદા
હેતે અતિથી આતિથ્ય કરાય:-પનોતું.
પતિ પત્ની જ્યાં એક બીજાને
જરી જરી જોતામાં હરખાય:-પનોતું.
બેસી પરસ્પરમાં નિજ હીતની
નિરંતર કંઇ કંઈ વાતો થાય:-પનોતું.
પ્રભુનું નામ સ્મરણ જ્યાં થાતું
સુખી જીવન ગૃહ તેજ ગણાય:-પનોતું.

શ્રી ઉપેન્દ્ર.

ગુણવંતી નાર

स्त्रीणां च पति देवानां तच्छुश्रूषानुकूलता ।
तद्बन्धुष्वन वृत्तीश्च नित्यं तद्व्रतधारणम् ॥

જે સ્ત્રીઓ પોતાના સ્વામીનેજ દેવતા માને છે તે સ્ત્રીઓએ પતિનું વચન પાળવું તથા તેની સેવા કરવી એજ મુખ્ય ધર્મ છે. તેમજ પોતાના સ્વામીના ભાઈ ભાંડુ-ઓની સાથે પણ સદાચારવાળાં સારાં વચનો બોલવાની ટેવ રાખવી એજ મુખ્યવૃત્ત છે.

गृहमेधा भवेन्नित्यं भूषणानि च पूजयेत् ।
गृहकार्य परानित्यं पजयेद्र मार्जयेत गृहम् ॥

સ્ત્રીઓએ દરરોજ સવારના પહોરમાં સ્નાન કરવા અગાઉ ઘરને ઝાડુ કાઢી સાફ રાખવું અને આંગણાનો ભાગ સાફ રાખી દુર્ગંધી ન થાય માટે સાથીઆ વીગેરેથી સુશોભિત રાખવું અને ઘરના કામમાં સાવધાન રહી હમેશાં બારણાના ઉમરા વીગેરેનું પૂજન કરવું.

कामैरुच्चावचैः साध्वी प्रश्रयेणद मेन च
वाक्यैः सत्यैः प्रियैः प्रेम्णाकालेकालेभजेत पतिम्॥

સારા કુળમાં ઉત્પન્ન થએલી સ્ત્રીઓએ દંભ ભાવ તથા કપટ વિનાનાં વચનો બોલી સર્વેને ખુશી રાખવા તથા સત્ય વચન બોલી સમયે પોતાના પતિને રાજી રાખવો.

૫૬.

(હું પ્રેમની જોગણ બની પિયુ શોધવા ચાલી—એ લય.)

મુજ પ્રિયતમની સોડમાં આજે ભરાઈશ હું
આજે ભરાઇશ હું અખંડજ ત્યાં સમાઈશ હું
પ્રિયતમ સોડે. ભરાઈશ હું:—મુજ૦

જ્યાં ભય નથી કે તાપ નથી તે સ્થાને જાઇશ હું,
પિયુને સ્વરૂપે ઓળખીને અમર થાઇશ હું:—પ્રિય૦
પ્રિયતમને સ્નેહામૃત તણા થ્રાસો ભરાવીશ હું,
પિયુ સ્નેહના અમૃત પ્રસાદીથી ધરાઈશ હું:—પ્રિય૦
પિયુ સંગમાં મહાનંદ સરિતા માંહી નાહીશ હું
પિયુ શબ્દ ધ્વનિ સહ મળી અદ્ભુત ગાન ગાઇશ હું:—પ્રિય૦
આરોગ્ય ને ઐશ્વર્ય માંહિ રગદોળાઈશ હું,
પિયુ સંગ અનુભવ કુંડ માંહિ ઝબકોળાઇશ હું:—પ્રિય૦.
ભોગો પિયુથી ભોગવીશ ને ભોગવાવીશ હું,
અર્ધાંગના બનીને પ્રિતમની સાથ સંધાઈશ હું:—પ્રિય૦
પિયુ સોડ માંહી ગુપ્ત રીતે આજ સંતાઇશ હું,
જોનારની દષ્ટિ વિષે પિયુ રૂપ જણાઇશ હું:—પ્રિય૦

શ્રી ઉપેન્દ્ર ગિરામૃત.

પ્રસ્તાવના.

કદરદાન આલમમાં પ્રસ્તુત નવલકથાની કદર સારી રીતે થવાથી આ નવલકથાનો સાતમો ભાગ આવી વિષમ મોંઘવારી અને મુદ્રણકળાના સાહીત્યની અનિવાર્ય અછતના પ્રસંગમાં બહાર પાડવામાં આવે છે. પ્રસ્તુત નવલકથાના છ ભાગોની બબે આવૃત્તિયો કથાનો અંત નિરખ્યા સિવાય થઈ છે એજ કથા સાફલ્યનો પુરાવો આપે છે. જમાનો જેમ જેમ બદલાતો જાય છે અને તેના સ્વરૂપમાં વિવિધ કથાઓ બદલાતી જાય છે તેમ તેમ આ નવલકથાના ભાગોમાં તેનો જેમ બને તેમ તાદૃશ્ય ચિતાર ચિતરવામાં આવે છે. વખતે ચિતાર જોઈએ તે કરતાં કાંક વધારે રંગમાં રંગીત અંકીત થઇ બહાર પડતો હુશે પણ ચિતારનો હેતુ ફક્ત આર્ય ઘરસંસાર વ્યવહારની ઉન્નતી કરવાનોજ છે. જેમ બને તેમ જનસમાજ સારૂ નરસુ પારખતાં શીખે અને ફક્ત સારાનોજ સંગ્રહ કરી ચોગરદમ સારાશનીજ છાપ પાડી શકે એજ હેતુ ધ્યાનમાં રાખી આ કથા આગળ ચલાવવામાં આવે છે.

સાતમા ભાગમાં પણ ઝડપથી આગળ વધતા જમાનાને ઝડપથી ચીતરવામાં આવ્યો છે; દરેક પાત્રો પાસે પણ પરમ ત્વરાથીજ કામ લેવરાવ્યું છે, અને તેની સાથે વસ્તુ કથાનકની સાંકળ વધારેને વધારે તંગ બનાવી રસ અને ભાવનાના મિશ્રણથી પાલીસ ચકચકીત કરી તે પર પાત્ર વર્ગને બેસારી જમાનાના

સુધારા ફૅશન એટીકેટ અને સ્વતંત્રતાના વાયરામાં સારી રીતે ઝુલાવવામાં આવ્યાં છે. આ તમામ પાત્ર વર્ગોનું હારદ અને કર્તવ્ય હવે પછીથી ઇષ્ટ કૃપાના પરમ પ્રભાવે પ્રગટ થનારા આઠમા ભાગમાં સવિસ્તાર આપી વાંચક વર્ગની જીજ્ઞાસાને સારી રીતે તૃપ્ત કરવામાં આવશે. લખાણુનો શો હેતુ છે તથા લેખક પોતે કેવા અભિપ્રાયનો છે તથા આર્ય સંસાર સુધારણાનાં કયાં કયાં સબળ કારણો માને છે તે તમામનો ખુલાસો આઠમા ભાગમાં આપી નવલકથા સમાપ્ત કરવામાં આવશે.

આઠમા ભાગની પ્રસ્તાવના.

પરમાત્માની પરમ કૃપાથી **કુંદન-કુસુમ** નામક નવલકથાનો આઠમો ભાગ પણ સાતમા ભાગની સાથેજ બહાર પાડવામાં આવ્યો છે. આ ભાગમાં જમાનો જેટલો બતાવાય તેટલો બતાવ્યો છે! દરેક પાત્ર પાસે જમાનાનાં સારાં નરસાં કાર્યો કરાવી તેનાં સારાં નરસાં ફળોના વિસ્તાર પૂર્વક ઉદ્ગાર કઢાવ્યા છે! જેમ બને તેમ નીતિ, ધર્મ અને સત્યનું જેટલા પ્રમાણમાં કરી શકાય તેટલા વિસ્તારથી પ્રતિપાદન કરાવ્યું છે!

હું કાંઇ લેખક કે મોટો કવિ નથી કે જેથી દુનિયા માગી શકે તેટલા પ્રમાણમાં નવલકથાનું.સાહીત્ય આપી શકું; પણ હું એક અલ્પજ્ઞ અભ્યાસી અને ઉછરતો યુવક છું! આ નવલકથા લખવામાં મહાન્ વિદ્વાન તરીકે તથા લેખક તરીકે ખપવાનો મારો ઇરાદો છેજ નહીં! હું લેખક તથા કવિજનોનો

દાસ છું; મારામાં ખામી જણાય તો વિબુધો મને ક્ષમા કરશો ! જમાનો આપણા આધુનિક આર્ય ઘરસંસારને કેવી રીતે સુધારી શકે છે તથા કેવી રીતે બગાડી શકે છે અને કેટલા પ્રમાણમાં આપણા આગળ સુધારો મુકી આપણને ઉન્નતીમાં લઈ જાય છે અથવા અધોગતિમાં દોરી જાય છે; તે આ નવલકથામાં બતાવી આર્યજનોની આંખ જમાના પર ઉઘાડવાનો આ એક અલ્પ પ્રયાસ છે ! વિબુધ વાંચકો હંસ સાર ગ્રાહી થઇ સારા સારનું ગ્રહણ કરી લેખકને આભારી કરશો તો હું મને પોતાને કૃતાર્થ થયો માનીશ એજ. સુજ્ઞેષુ કિંબહુના !

રાયપુર પખાલીની પોળ
બામડાવાડ—અમદાવાદ.
જ્યેષ્ટ પૂર્ણિમા ૧૯૭૪

લી.
ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.

સુંદરી સ્વરૂપ.

પદ.

જોઇએ છે જોઇએ છે ઘર ઘર પતિવ્રતા સ્ત્રી જોઇએ છે,
કલેશ ભર્યાં સંસારને સ્વર્ગ સદન સમ કરતી જોઇએ છે;
પતિને પ્રભુ માનીને પતિની સેવા કરતી જોઇએ છે,
સહાય કરી પતિના કાર્યે પતિ શ્રમને હરતી જોઇએ છે.
પવિત્રતા મનહરતા મૃદુતા મધુરતા ભરી જોઇએ છે,
પતિને પ્રસન્ન કરવા અર્થે મુખની સ્મીત ભરી જોઇએ છે;
દર્શન કરતાં પુજ્ય ભાવ પ્રકટાવે એવી જોઇએ છે,
ઉત્સાહ વચનથી હૈયુ હરખાવે એવી સ્ત્રીઓ જોઇએ છે.
આત્મ પ્રકાશિત બુદ્ધિથી મન છાઇ દેનારી જોઇએ છે,
જીવન રસનો લ્હાવો આપીને લેનારી જોઇએ છે;
અન્ય સ્ત્રીઓનું હિત કરી તેની દુઃખ ભાગી જોઇએ છે,
નિજ ગૃહને સુખ સાગર કરનારી ગૃહરાજ્ઞી જોઇએ છે.

શ્રી ઉપેન્દ્ર.

સ્વદેશાભિમાન એજ સ્વદેશસેવા.

છપ્પા.

સ્વદેશનું અભિમાન એજ જીવન છે જનનું,
સ્વદેશનું અભિમાન એજ ભૂષણ છે તનનું;
સ્વદેશનું અભિમાન એજ છે તેજ વદનનું,
સ્વદેશનું અભિમાન એજ સાચુ બળ મનનું.
સ્વદેશના અભિમાન વિણ પંચતત્વ જડ તુલ્ય છે;
મહાસુખ માન સ્વદેશનું મોટું ચૈતન્ય મૂળ છે.

સ્વદેશ સેવા એજ ભલી ભવતારક ભક્તિ,
સ્વદેશ સેવા એજ દિવ્ય ફળદાતા મુક્તિ;
સ્વદેશ સેવા એજ તત્વ ધન ધારી તાજુ,
સ્વદેશ સેવા એજ અચળ અક્ષય સુખ સાજુ.
સ્વદેશની સેવા થકી પ્રસન્ન પ્રભુ પણ થાય છે;
મહાસુખ મૃત્યુ લોકમાં ગુણની ગીતા ગવાય છે.

અનુક્રમણિકા.

ભાગ ૭ મો.

ભાગ ૮ મો.

સમાપ્ત.

भाग ७-८

(આવૃત્તિ પહેલી)

કુંદન અને કુસુમ.

સોલ એજન્ટ

હરગોવનદાસ હરજીવનદાસ

બુકસેલર.

૨૧૩૦, પાનકોર નાકા—અમદાવાદ.

મંગળ ગીત.

પદ.

જય કમળ નયન શ્રી કૃષ્ણ જગતમાં તુંહીરે તુંહીરે,
જય શેષ શયન જલ અયન જગતમાં તુંહીરે તુંહીરે:-૦
હૃદય રમણ નટવર નિષ્કામી અનંત શક્તિવાળા,
વ્યાપ્ત ચરાચર અખિલ વિશ્વમાં દલના જાણ દયાળા;
જય નિરવાણી નિર પ્રશ્ન જગતમાં તુંહીરે તુંહીરે,
જય ગીરીધર વર હર તૃષ્ણ જગતમાં તુંહીરે તુંહીરે:-૦

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવલ

કુંદન અને કુસુમ.

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ,

અથવા

સુધારાનો સાર કે ફૅશનનો માર!

ભાગ ૭ મો.

પ્રકરણ ૧ લું.

અંતર ભક્તિનો રંગ કે ત્રિવેણી સરિતાનો સંગ!

દોહરો.

ભમર કમળના વમળમાં અચળ નથી સુખ ગંધ,
કમળ કાળ બની આણશે પળમાં તારો અંત.

જ્યાંસુધી તૃષ્ણાઓ વશ કરી નથી, ત્યાંસુધી નગ્ન રહેવાથી, જટા ધારણ કરવાથી, મલીન રહેવાથી, ઉપવાસ

આદરવાથી, ધરણી પર ઢળ્યા રહેવાથી, અંગ ઉપર વિભૂતી ચોળવાથી, સ્થિર આસન માંડી બેસી રહેવાથી મનુષ્ય વાસના-મુક્ત અને પવિત્ર થતો નથી. નેહેરો બનાવનારા જળને મરજી મુજબ લઈ જાય છે, બાણુ તૈયાર કરનારા ગમે તેવાં બાણુને વાંકા વાળે છે, સુતારો લાકડાના કકડાને સુધારી વાળે છે, તેવીજ રીતે મનુષ્યો પોતાના સ્વરૂપને સત્યાગ્રહથી સારી રીતે ચારિત્રમય બનાવી શકે છે.

શાસ્ત્ર રૂચે નહીં સંત નવ સાંભરે દેવું લવ ના ગમે પાત્ર કરમાં,
ઉંચથી નવ ડરે નીચનો ભય ધરે ગણતી હું કયમ કરૂં તારી નરમાં;
મારે વલખાં ઘણાં દ્રવ્યને કાજ તું ભજન પણ લેશ કરવું ગમે ના,
જેમ ઝાંઝુ મળે તેમ ઇચ્છા કરે મરણ અવસર લગી તે શમે ના.

જે મનુષ્ય ત્યાગ કરવા લાયક શું છે તે દર્શાવે છે, ઠપકો આપે છે અને જે બુદ્ધિશાળી હોય તેણે, જ્ઞાનીજન જો ઇશ્વર કૃપાએ અચાનક પ્રાપ્ત થાય તો કોઇ ગુપ્ત ધન ભંડાર બતાવનારની પાછળ પાછળ જેમ કોઇ લોભી જાય, તેમ તેણે જ્ઞાની પાછળ ભટક્યાજ કરવું, કેમ કે જ્ઞાનીના સહવાસથી અવદશા થાય નહીં અને જીંદગી સુખ અને શાન્તિમય નીવડી શકે છે, કેમકે જ્ઞાનીજ જ્ઞાનના સાત તત્વો સ્મૃતિ, પ્રજ્ઞા, ઉત્સાહ, પ્રીતિ, પશ્યધી, સમાધી અને ઉપેક્ષાને સારી રીતે સમજી શકે છે. તે દરેક વસ્તુ ઉપરથી મમત્વ દુર કરીને વિરાગદશામાં આનંદ માને છે. જેની વૃત્તિયો વશ છે,

જ્ઞાન પ્રકાશમય ઝગઝગતું છે; તેવો જ્ઞાની સંસારમાં રહેવા છતાં પણ મુકતજ છે. તે મુકત રહી શકે છે અને પોતાને વળગેલા અજ્ઞાનીને પણ જ્ઞાની અને મુક્ત કરી શકે છે.

*   *   *   *

હે મન માનવ જન્મનો અમૂલ્ય હીરો તુજ હાથ,
પરખે ન પાખંડી થઈ ભરે પાપ પુંજથી બાથ;
નાશવંત સંસારનાં માન મૃગજળવત્ સુખ,
શું સમજી લેવા ધસે સુખને બદલે દુઃખ.
મન મૃગલા શું વિચરતો વિહાર ક્ષેત્રે નિશંક,
કાળ પારધી પ્રાણ તુજ પળમાં લેશે અંક;
કાળ રેંટીએ વીંટાઇને આ કાયા જીવનો તાર,
જાય ઉપરને ફરી નીચે એમ પડતો વારંવાર.
હે જીવ તુજ સુખ સાથનો દીપ પતંગ સંબંધ,
અતિ સહવાસે બાળશે તારાં અંગ પ્રત્યંગ;
ભવ દરિયા માંહી પડ્યા દુઃખ રૂપ ખડક અપાર,
કેમ કરીશ જીવ માર્ગ તું ધીર દ્દષ્ટીથી વિચાર;
દયા ધર્મ ને દીનતા સારાસાર વિચાર,
અવલંબી એ વસ્તુને મનુષ્ય જન્મ નિરધાર.

*   *   *   *

" જન્મીગો વૃથા જગત જીવ જાણ,
કર્યું નવ લોક તણું કલ્યાણઃ—૦
સંત સરોવર તરૂવર સરિતા પર ઉપકારી ચાર,
પ્રીત ધરી પરમારથ કરતા ધરી ન દીલ દરકારઃ—૦
મોંઘો મનુષ્યા દેહજ મળીગો સમજી લે મન સાર,
માથે મૂરખા મરણ ભમે છે કર ઉપર કર ધારઃ—૦

પ્રાણી માત્રનું ભલું કરી લે ઉત્તમ અવસર જાય,
કરી કમાણી વાપર હાથે હાથે સાથે થાય:—૦"

"વાહ, વાહ! ધન્ય છે, હીરાલાલ ધન્ય છે તમારા ઉપદેશને! મારા મનનો કલેશ ત્રિવેણી સંગમના દર્શનથી ઓછો થઈ ગયો છે!"

"પિતાશ્રી, ધાર્મિક સ્થળોની યાત્રા સંસાર વ્યાધીમાં એક મોંઘી અને કીમતી માત્રા સમાન કામ કરે છે."

"બેટા, મનની વ્યથાને ધાર્મિક વાંચન અને શ્રવણ કેટલેક અંશે કમી કરે છે. વ્યવહારિક ઉપાધીને ધાર્મિક જીવન જોતજોતામાં સમાવી દે છે."

"વડીલ! જુઓ, પૂર વેગમાં વહેતી આ યમુના સરિતા!"

"જય જય જમના મૈયા! અમારૂં કલ્યાણ કરો!"

"જુઓ, પતિત પાવની શ્વેતવરણી ગંગાજી કેવા વેગથી વહન કરે છે!"

"જય જય ગંગે! હર હર હર ગંગે!"

"જુઓ, ઉભયસરિતાની વચ્ચે વમળમાં ભ્રમણ કરતી સરસ્વતીનું દર્શન કરો! આ સ્થળે ગંગા, જમના અને સરસ્વતીનો સંગમ થાય છે. આ સંગમને ત્રિવેણી સંગમ કહે છે. ત્રિવેણીમાં સ્નાન કરવાથી અનેક ભવનાં કર્મો બળીને ભસ્મ થઈ જાય છે. શાસ્ત્રમાં તેનું મહાત્મ્ય ઘણુંજ મોટું છે."

"હીરાલાલ, ત્રિવેણીનું સ્નાન એ પણ જીંદગીની એક સાર્થકતા મનાય છે."

"બાપુ, ચાલો આપણે ધરાઈ ધરાઇને સ્નાન કરી પવિત્ર થઇએ!"

"હા બ્હેન, ચાલો. ત્રિવેણી સંગમના પાનથી પ્રથમ આપણા આત્માને શાંત અને પવિત્ર કરીએ!"

"ધાર્મિક સ્થળોનાં સ્નાન અને દર્શન કાયાને સારી રીતે પવિત્ર કરે છે, અને મગજના ઉપાધીમય વાતાવરણને પવિત્ર અને જ્ઞાનમય બનાવી દે છે."

"હા, ચાલો ત્યારે સ્નાન કરીએ!" હીરાલાલ અને તેના શેઠનું આખુ કુટુંબ પ્રસન્ન વદને ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા પડયું. હીરાલાલ પણ ડુબકી ઉપર ડુબકીઓ મારવા લાગ્યો અને તેનાં સ્વર્ગસ્થ માતાપિતાને સંભારી સંભારી પ્રેમથી અંજલી આપવા લાગ્યો. જયરામશેઠ પણ સારી રીતે ન્હાવા લાગ્યા; ભાગીરથી અને તેનાં માતાજી પણ ત્રિવેણીમાં પડી પાપનું પ્રાયશ્ચિત્ત કરતાં હોય, તેમ આનંદ અનુભવવા લાગ્યાં; જોતજોતામાં દરેક જણ સ્નાન કરી વસ્ત્રાભુષણ સજી ન્હાઈ ધોઈ પરવારી કીનારા પર આવી હરખથી આમ તેમ જોવા લાગ્યાં. હીરાલાલ શેઠને સારી રીતે ધાર્મિક ઉપદેશ આપી શેઠના મનની વ્યથાને દુર કરવા લાગ્યો!

"વડીલ શ્રી, મનુષ્ય જેવો વિચાર કરે છે તેવો તે થાય છે. માંણસની ઇચ્છાઓં ઉપર ત્હેના ભવિષ્યના જન્મના સંજોગોનો આધાર રહેલો છે. માનવ પોતાની કલ્પના પ્રમાણે ઇચ્છાઓ કરે છે અને તે ઈચ્છાઓ પ્રમાણે તેને એક અથવા બીજા સ્થાનમાં જન્મ લેવો પડે છે. **ભગવાન્ મનુ** પણ જણાવે

છે કે મનુષ્યનાં કાર્યો અનુસાર તે ભવિષ્યના જીવનમાં જન્મ લેશે. કેમકે વર્તમાન જીંદગીનાં કાર્યો, વિચારો અને ઇચ્છાઓ તેની ભવિષ્યની જીંદગીનો નિર્ણય કરે છે.

"પિતાજી, મારા પણ વાંચવામાં આવ્યું છે કે માણસ જેવો વિચાર કરે છે તેવો તે થાય છે; કેમકે માણસ વિચારનો ઉત્પાદક છે, અથવા વાસ્તવિક રીતે જોઇએ તો માણસ વિચારનું પરિણામ છે."

"બ્હેન, તમે પણ ઠીક યાદ રાખ્યું છે હો. મંડુકોપનિષદ્ જણાવે છે કે માણસની કલ્પનાઓ ઇચ્છાઓને ઉત્પન્ન કરે છે, અને માણસની ઇચ્છા પ્રમાણે તે એ કપેલા સ્થાનમાં જન્મ લે છે. બૃહદ્દારણ્યક ઉપનિષદ્ વાંચશો તો જણાશે કે સૂવર્ણકાર સૂવર્ણ લઇને જેમ પોતાના વિચાર પ્રમાણે તેનાં વિવિધ આભૂષણો બનાવે છે, તેમ માણસ પોતાની ઇચ્છા અને વાસના પ્રમાણે પોતાની ભવિષ્યની જીંદગી બનાવી શકે છે."

"હીરાલાલ, એટલું તો મને પણ માલમ પડે છે કે બળદની પછવાડે જેમ ગાડાનું પૈડુ ચાલ્યું આવે છે તેમ અશુભ કામ કરનારની પછવાડે દુઃખ ચાલ્યું આવે છે."

"વડીલ, એ તો દેખીતુંજ છે કે—'Be not deceived, for God is not mocked, whats sever man soweth, that shall be also reaped.' તમે ભૂલ ખાતા નહીં, કારણ કે ઇશ્વર છેતરાતો નથી. જેવું માણસ વાવે છે તેવુંજ તે લણે છે. તે વારંવાર જન્મ લે છે અને દરેક જન્મમાં પૂર્વ જન્મમાં વાવેલા બીજોનો પાક તે અનુભવે છે. દરેક જન્મમાં

તે ભવિષ્યના પાકનાં બીજ રોપે છે, અને તેજ વખતે ભૂતકાળમાં વાવેલા બીજનો પાક લણે છે. માણુસ એક પછી એક જન્મ લીધાં કરે છે અને દરેક જીંદગી જે કારણોથી ઉદ્ભવ પામી તે કારણોને લીધે પૂર્વ જન્મોની સાથે તે સંકળાયેલી છે. હાલમાં જે કારણો આપણે ઉત્પન્ન કરીએ છીએ, તે કારણોને લીધે તે જીંદગી ભવિષ્યના જન્મો સાથે સંબંધ ધરાવે છે. માણુસ અનેક સંજોગોને આધીન પૂતળા સમાન છે. તેનું શરીર ટેવનું પરિણામ છે. તેનું મન તેની પરિસ્થિતીનું ફળ છે અને કેળવણી એ સર્વસ્વ છે. તેના માબાપે આપેલા શરીર પર તેના ગુણો આધાર રાખે છે, અને જે સંજોગોમાં તે જન્મ્યો તે સંજોગો પ્રમાણે તે ગુણો કેળવાય છે કે વૃદ્ધિ પામે છે."

"ખરેખર હીરાલાલ, ત્યારે મનજ મનુષ્યને માર ખવરાવે છે. વિકળ મન અનેક પ્રકારના અનર્થ કરાવે છે અને જીંદગીને જોતજોતામાં બેહાલ બનાવી દેછે."

"શેઠ સાહેબ, મનુષ્ય દેહ અનેક તત્વોની બનેલી છે. આ બાબત ઘણીજ ગહન અને ઝીણી છે, તે સમજવાને વાસ્તે કુદરતના નિયમના ત્રણ વિભાગ પાડીએ તો ચાલી શકશે. ૧ સ્થૂલ નિયમ કે જે આ સ્થૂલ ભુવનને લગતો છે. ૨ બીજો વિભાગ તેની ઈચ્છાઓ-વાસનાઓ, બાહ્ય પદાર્થો મેળવવા લલચાય છે. તે તેનો વાસના સ્વભાવજ છે. મનુષ્ય સત્તાને ઈચ્છે છે-ફતેહની ઈચ્છા રાખે છે, તે ધન મેળવવા અથવા બીજી અનેક વસ્તુઓ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. દરેક બાબતમાં માણુસની ઈચ્છા બાહ્ય સૃષ્ટીના પદાર્થો ભણી આકર્ષાય છે. આ ઉપરથી એમ જણાય છે

કે માણસને સ્થૂલ શરીર છે, બાહ્ય પદાર્થોનો ઉપભોગ કરવાને ઈચ્છા રાખતો અંતરનો સ્વભાવ છે, અને જે વડે તે વિચારી શકે છે તે માનસિક સ્વભાવ છે. એકે મનુષ્યના સ્વભાવનું આ સંપૂર્ણ પૃથક્કરણ નથી, પણ વસ્તુસ્થિતિ સમજવાને વાસ્તે કર્મના નિયમનું વિવેચન સારી રીતે માન્ય કરવું જોઇએ. મનુષ્યનો માનસિક સ્વભાવ પ્રથમ આપણે વિચારીએ; કારણ કે તે ભવિષ્ય બાંધવામાં બીજા બધા કરતાં વિશેષ અગત્યનો ભાગ ભાજવે છે. તમે પ્રતિદિન વિચાર કર્યા કરોછો. તમે શુભ યા અશુભ અનેક વિચારોને દરરોજ જન્મ આપો છો. કેટલાક વિચારો પ્રેમના હોય છે અને કેટલાક દોષના હોય છે. કેટલાક નમ્ર અને કેટલાક સખત હોય છે. કેટલાક પવિત્ર અને કેટલાક અશુદ્ધ હોય છે. તમારો માનસિક સ્વભાવ એક મોટા વરાળયંત્રની માફક એક પછી એક વિચારને નિરંતર બહાર મોકલ્યા કરે છે. તમારી જાગૃત અવસ્થાની દરેક ક્ષણે તમે વિચાર કરો છો, અને તે વિચારો વડે ચેતનમય શક્તિઓ (living forces) ઉત્પન્ન કરોછો, કારણ કે દરેક વિચાર એ મોટી શક્તિ છે, મોટું બળ છે. અર્થાત્ દરેક વિચાર એ જીવતી વસ્તુ છે; અને જેવો તમે વિચાર કરોછો તેવાજ તમે એક ચેતનવાળી શક્તિ પેદા કરોછો, જે શક્તિ માનસિક ભૂવનના પરમાણુઓ ગૃહણ કરી આકારવાળી થાય છે. તમારા વિચારોની આકૃત્તિઓ ઉત્પન્ન થાય છે અને જેઓએ સ્થૂળ ભૂવનની પેલી પારની સૂક્ષ્મ પ્રકૃતિ જોવાની શક્તિ ખીલવેલી હોય છે, તેઓ તે આકૃત્તિઓને જોઈ શકે છે. માણસ જ્યારે વિચાર કરે છે ત્યારે અદૃશ્ય સૃષ્ટીમાં જોવાની

શક્તિ ધરાવનારાઓને તેના શરીરમાંથી નીકળતા રંગો અને આકૃતિઓ નજરે પડે છે. તે વિચારના સ્વરૂપ ઉપર બુદ્ધિવડે ચાલતા મનોવ્યાપારના સ્વરૂપ ઉપરજ તે રંગોની સુંદરતા કે અસુંદરતાનો આધાર રહેલો છે. માનસિક પ્રકૃતિના અથવા પ્રોફ્‌સર કલીફર્ડના શબ્દોમાં કહીએ તો મનોદ્રવ્યના બનેલા આ વિચારોનું ચૈતન્યને ભાન થાય છે. આ વિચારો તેના ઉત્પન્ન કર્ત્તાની આસપાસ આવી રહે છે, અને બીજાઓને પણ અસર કરે છે. સાથે રહેનારા બે માણસોના અથવા સંપૂર્ણ પ્રેમ ધરાવનારા દંપતિના વિચારો એક બીજાને કેવી રીતે અસર કરી શકે છે, એ કદી તમે તપાસ્યું છે? એક પણ શબ્દ બોલ્યા વિના એક મગજમાંથી બીજા મગજમાં વિચારો કેવી સ્હેલાઇથી અને ઝડપથી પસાર થાય છે? તમારો કોઇ વ્હાલામાં વ્હાલો મિત્ર હોય, જેની સાથે તમારી સંપૂર્ણ દીલસોજી હોય, તે અને તમે કેટલી બધીવાર એકજ બાબતનો વિચાર કરતા હો છો અને તેથી જ્યાંરે તમારો મિત્ર વાત કરવાનો પ્રારંભ કરે છે ત્યારે તમે જણાવો છો કે ‘ હું તેજ વિષયપર બોલવા જતો હતો, હું તેજ પ્રશ્ન પૂછવાની તૈયારીમાં હતો.’ આટલા માટે વિચાર એ સૂક્ષ્મ શક્તિ છે, અને તે સૂક્ષ્મ પ્રકૃતિદ્વારા કાર્ય કરે છે, અને શબ્દો બોલ્યા સિવાય માણસોના મનને અસર કરે છે. બાહ્ય છાપ સિવાય પણ તે મનમાં આકૃત્તિઓ ઉત્પન્ન કરે છે. દરેક માણસ જાગૃત અવસ્થાની દરેક ક્ષણમાં આવી આકૃત્તિઓને જન્મ આપે છે, તેનુ શું પરિણામ આવે છે, તે હવે આપણે વિચારીએ; તેનું પરિણામ બે પ્રકારનું આવે છે. પ્રથમ પોતાના

પર આવે છે. માણુસ જ્યારે વિચાર કરે છે; ત્યારે જે આકૃત્તિ-ઓને ઉત્પન્ન કરે છે તે તેના માનસિક બંધારણને અસર કરે છે, અને એક પ્રણાલિકા બાંધે છે, કે જેમાં તેના ભવિષ્યના વિચારો ઝટ દોડે છે. લોઢાના કારખાનામાં કારીગરો લોઢાને ભઠ્ઠીમાં કેવી રીતે ગાળે છે ? રેતીના આકારો અથવા બીબાં બનાવે છે; અને તે બીબાંઓમાં લાલચોળ તપાવેલું અને પ્રવાહી આકારનું લોઢું રેડે છે, અને જ્યારે તે લોઢું ઠંડુ થઈ સખત થઇ જાય છે ત્યારે તે રેતીના બીબાનો આકાર ધારણ કરે છે. તે રેતીના બીબાને ભાગી નાંખવામાં આવે છે, અને રેતીમાં બનાવેલા બીબાના આકારનું ચોકસ અને સખત તે લોઢું બને છે. હવે વિચારો પણ લગભગ તેજ રીતે કાર્ય કર્યા કરે છે. જેવો વિચાર ઉત્પન્ન થાય છે, તેવા તે માનસિક ભૂવનમાં દોડતો જણાય છે. ત્યાં આકૃતિના સંબંધમાં આવે છે અને તેમાં તે પ્રવેશ કરે છે. તે સૂક્ષ્મ પ્રકૃતિ એવા પ્રકારની છે કે દરેક વિચાર દર્શાવવાનું બીબું અથવા આકૃતિ ત્યાં ઉત્પન્ન થઈ જાય છે; તે વિચાર તે આકૃતિ ધારણ કરે છે; અને સુકાબલે સ્થાયી થાય છે. તમે જાણી શકશો કે તેવાજ પ્રકારનો વિચાર કરવાને મનુષ્ય ફરીથી દોરવાય છે."

"ખરીવાત છે. હીરાલાલ, વિચાર બળ ઉપર પણ મનુ-ષ્યની રહેણી કરણી ઘણોજ આધાર છે. મનુષ્યની આસપાસ રહેલું સારાનરસા વિચારનું વાતાવરણ મનુષ્યના મન પર એક-દમ સારી નરસી અસર કરી નાંખે છે."

"મુરબ્બી, અમુક પ્રકારે વિચાર કરવાની મનુષ્યને ટેવ પડે છે. જ્યારે તમે કોઇ બાબતનો ઘણા દીવસ સુધી વિચાર

કર્યો હોય છે, ત્યારે તમે તમારી ઈચ્છા શિવાય અથવા તમારી ઇચ્છા શક્તિના ઉપયોગ સિવાય તેવોજ વિચાર કરવા મંડી ગયાથી આ બાબત તેનું કારણ સમજ્યા વિના પણ ઘણીવાર તમારા જોવામાં આવી હશે. તમારૂં મન તમારા ભાન સિવાય પણ તે બાબત ઉપર દોડે છે. ધારો કે તમારો વિચાર કોઈ તત્વજ્ઞાનના સિદ્ધાંત ઉપર તમે સ્થિર કરો છો, અને જ્યારે તે બાબતનો તમે બહુવાર વિચાર કર્યો હોય છે, ત્યારે તે બાબતનો વિચાર કરવાનું કામ બહુ સરળ થઈ જાય છે. ધારો કે તમારો વિચાર કોઇ ધંધા સંબંધી ચિંતાનો છે. હવે જ્યારે તમે ઘેર નિરાંતે બેઠા હો અને જ્યારે તમે બીજી બાબતો તરફ તમારૂં મન દોરવતા હો, તે વખતે પણ આખા દીવસમાં તૈયાર કરેલી ચિંતાની પ્રણાલિકામાં તમારા વિચાર તમારી આજ્ઞા વિના પણ એકાએક દોડી જતા જણાશે."

"પિતાજી, આવી બાબતો મારા મગજમાં ઘણીવાર ઉત્પન્ન થાય છે અને સમી જાય છે; અને કેટલીકવાર તો એટલું બધું મનને વિકળ કરી નાંખે છે કે કલાકના કલાક સુધી અજંપોજ રહ્યા કરે છે.!!"

"બ્હેન! એમ બને એ સ્વભાવિક છે. આ વિચારની આકૃતિઓ તેમને ઉત્પન્ન કરનારા મન ઉપર સંપૂર્ણ સત્તા ચલાવે છે. તેમને ઉત્પન્ન કરનારી શક્તિઓનું ઉપરીપણું તે આકૃત્તિઓ ભોગવે છે, અને તેનું પરિણામ એ આવે છે કે માણસને અમુક પ્રકારની મનની ટેવ પડી જાય છે અને માણસના મનનું વલણ એવા પ્રકારનું થઇ જાય છે કે તે કશાથી ફેરવાતું નથી. નવા

વિચારો તેને અસર કરી શકતા નથી. તેનું મન એવા દૃઢ અને સખ્ત આકારનું બંધાએલું છે કે કોઇપણ નવો વિચાર તેમાં ફેરફાર કરી શકતો નથી. તે આકાર એટલો બધો ઘટ અને દૃઢ હોય છે કે નવી શક્તિ તેને બદલવાને સમર્થ થતી નથી. હવે આવો માણસ મરણ પામે ત્યારે શું પરિણામ આવે છે ? જ્યારે માણસ મરણ પામે છે ત્યારે તેનું મન મરણ પામતું નથી. શરીરના મરણની સાથે તેના વિચારની આકૃતિઓ નાશ પામતી નથી. મન અદૃશ્ય સૃષ્ટીમાં ચાલ્યું જાયછે, અને તેના વિચારો–તેની ગઇ જીંદગીમાં તેણે કરેલા અનેક વિચારો–એક માનસિક શરીર બનાવે છે. જે શરીરમાં તે વિચારો વચલા ભૂવનમાં રહે છે. જો તે વિચારો પવિત્ર અને ઉમદા હોય, પ્રેમાળ અને નમ્રતા ભર્યા હોય તો મન તે વિચારોને સ્વર્ગના ભૂવન પર લઇ જાય છે, અને ત્યાં સ્વર્ગીય ભૂવનમાં જેવી રીતે કોઈ કારીગર આરસ પહાણમાંથી કોઈ આકૃતિ ઘડી કાઢે તેમ મન તે સઘળી વિચારની આકૃતિઓ પર કામ કરે છે, અને તેમાંથી મનની શક્તિઓ અને મનનું વલણ બાંધે છે, જે ભવિષ્યની સર્વે જીંદગીઓમાં આત્માની મીલ્કત રૂપ થાય છે; અને જ્યારે મનુષ્ય પૃથ્વીપર ફરીથી જન્મ લે છે, જ્યારે ફરીથી આ જીવ મનુષ્ય દેહ ધારણ કરે છે તે વખતે ભૂતકાળમાં જે માનસિક શક્તિઓ મને ઉત્પન્ન કરી હતી, અને જે શક્તિઓ તેણે આત્મા એક જન્મ પછી બીજો જન્મ લે તે વચલી સ્થિતિમાં ખીલવી હતી, તે સાથે જન્મ લે છે, તે બાળક ભૂતકાળની પોતાની શક્તિઓને બરાબર મળતી આવતી શક્તિઓ સાથે જન્મ ધારણ કરે છે, અને પૂર્વે

ભવમાં માનસિક શક્તિઓ જેટલી ખીલવેલી તે નવા ભવમાં બતાવે છે; આ કારણથીજ છાંદોગ્યોપનિષદમાં લખેલું છે કે માણસ વિચારની કૃતિ છે. જેવો માણસ વિચાર કરે છે તેવો તે થાય છે. તમારા ચારિત્રના સંબંધમાં, તમારી માનસિક શક્તિઓના સંબંધમાં, તમારી ભવિષ્યની જીંદગી કેવા પ્રકારની થશે, તે તમે હાલના તમારા વિચારો ઉપરથી અનુમાન બાંધી કહી શકો. જો તમે તમારી માનસિક શક્તિઓ હાલમાં ઉમદા રીતે વાપરતા હો, જો તમે તેમનો સદુપયોગ કરતા હો, લોકોના ભલાને વાસ્તે તેનો ઉપયોગ કરતા હો, જો તમે તે માનસિક શક્તિઓનો ઉપયોગ શુદ્ધ, પવિત્ર અને સન્માર્ગને લગતા વિચારો કરવામાં કરતા હો અને આ રીતે તેનો સતત્ ઉપયોગ કરીને તમે તે શક્તિઓને મજબૂત બનાવો તો કુદરત તમને તમારા લાયક શક્તિઓ અર્પણ કરશે."

"વાહ વાહ, ધન્ય છે! હીરાલાલ તમને! તમે નાની ઉમરમાં ઘણુંજ વાંચ્યું છે અને વિચાર્યું છે. અમે પૈસાના કીડા પૈસાની હાયવૉયમાંજ મરી જવાના. અમારી શી ગતી થશે તે નારાયણ જાણે?"

"શેઠ સાહેબ, જે બીજ મનુષ્યે રોપ્યાં છે તેનાં ફળ કુદરત તેનીજ પાસે લણાવશે; અને જો ઉપર પ્રમાણે તમે વિચાર કર્યો હશે તો વધારે વિશાળ બુદ્ધિ સાથે વધારે સારી તર્ક શક્તિ સાથે, વધારે તીક્ષ્ણ વિવેક બુદ્ધિ સાથે, વધારે ઉમદા માનસિક બંધારણ સાથે અને વધારે ઉચ્ચ પ્રકારની માનસિક શક્તિઓ સાથે તમે જન્મ પામશો, આમ કરવાને બદલે જો

હલકી અને અધમ બાબતોમાં તમે તમારા વિચારો દોરવો; તો તમે આ બાબતમાં પણ જેવું વાવશો તેવુંજ લણશો. તમે જેવા વિચાર કરશો તેવા તમે થશો, અને તમે હલકી માનસિક શક્તિઓ સાથે, દુરાચારી વાસનાઓ સાથે આવતા ભવમાં જન્મશો, અને તમારી ભવિષ્યની આખી જીંદગીમાં તમે પોતેજ બનાવેલા મનના મલીન વિચારો સાથે તમારે ભારે યુદ્ધ કરવું પડશે. તમે પોતેજ બનાવેલા માનસિક શરીર સાથે તમારે લડવું પડશે. આપણે જોઇએ છીએ કે માણુસના વિચારો તેનું ચારીત્ર બાંધે છે. માણુસનો અંતર સ્વભાવ વિચારોથી બંધાય છે. મનુષ્ય બુદ્ધિમાં તથા નીતિમાં કેવા પ્રકારનો થશે, તેનો આધાર તેના વિચારો પર રહેલો છે. ભવિષ્યના સંબંધમાં જેવી જેવી તે ઇચ્છાઓ કરે છે, તે તે ઇચ્છિાઓ તેને જન્મવાનું સ્થાન અને તેના સંજોગો ઉત્પન્ન કરે છે, આ સંજોગો અને સ્થાન તેને અમુક પ્રસંગોમાં લાવેછે અને તેણે બનાવેલી શક્તિઓનો વ્યય કરે છે. ધારો કે તમે ધન મેળવવાની અત્યંત તૃષ્ણા રાખો છો, તમારા સઘળા વિચારો તે તૃષ્ણા તરફ દોરાય છે, તમે તેને સારૂ પ્રયત્ન કરો છો, તે બાહ્ય પદાર્થ–ધન તમારે જોઇએ છીએ, તમે તેને વાસ્તે અમૂક યોજનાઓ ઘડો છો અને તે પ્રમાણે ચાલો છો, તમે કેટલીક યુક્તિઓ રચો છો, તે વાસ્તે કદાચ તમે અન્યાયથી વરતો છો, ધન મેળવવાના પ્રબળ ઉત્સાહમાં તમે તમારા પાડોશીઓને હેરાન કરો છો, તમે ધન મેળવ્યા સિવાય મરણ પામો, તો પણ ધન પ્રાપ્ત કરવાની શક્તિ તો તમે મેળવી છે. તમારા વાસના સ્વરૂપમાં ધન મેળવવાની શક્તિ રહેલી છે,

તેથી કરીને તમે એવી શક્તિ સાથે બીજા ભવમાં જન્મ લેશો કે જે શક્તિને લીધે તમે તમારી ઇચ્છા વાસનાના પદાર્થો તરફ દોરવાશો. ભવિષ્યમાં તે પદાર્થ તમે મેળવશો, અને ધન પણ પ્રાપ્ત કરશો. વાસનાના એક પદાર્થ સારૂ આખી જીંદગી અર્પણ કરી દેવી એ ખરેખર હતભાગ્ય છે, કારણ કે ભવિષ્યની જીંદગીમાં એ ઇચ્છાનો પદાર્થ ભૂતની માફક તમારી આસપાસ ભમ્યા કરે છે, આપણા કાર્યોથી બીજાને આપણે કરેલું સુખ દુઃખ કુદરતને ત્યાં જમા થાય છે અને કુદરત ભવિષ્યમાં આપણને તે પાછું આપે છે. જેવું આપણા કાર્યોનું પરિણામ હોય તે પ્રમાણે બરાબર આપણને કુદરત પાછું આપે છે. જે માણસો પોતાની આસપાસના માણસોમાં, કુટુંબમાં, શહેરમાં કે દેશમાં સુખશાંતિ ફેલાવે છે, તેનો એક દાખલો આપણે વિચારીએ તો લોકોમાં તે બહુજ સુખ ફેલાવનારા તરીકે જણાય છે. તે શુભ આશયથી તે કામ કરે છે કે હલકા આશયથી, તે આપણે બરાબર વિચારી શકતા નથી; પણ હાલ તો તેના બાહ્ય પરિણામ તરફ નજર કરીએ તો તે ધનની મોટી સખાવતોથી અથવા બીજા કોઇ માર્ગે સુખ ફેલાવે છે. બીજા જન્મમાં તેને સારા સંજોગો રૂપી ફળ મળશે, અને બાહ્ય સુખ આપનારા સંજોગોમાં તેનો જન્મ થશે. તે આ જન્મમાં બીજાને સુખ આપે છે અને બીજી દુનિયા તેના બદલામાં તેને સુખ આપી તેણે આપેલું પાછું આપે છે. મનુષ્યનો આશય તેના ચારિત્ર ઉપર અસર કરે છે; અને ચારીત્ર આત્માપર અસર કરે છે; અને આત્મા માણસના સ્વભાવ ઉપર અસર કરે છે, અને તે સ્વભાવ ઉપર મૃત્યુનું રાજ્ય પણ ચાલી

શકતું નથી; અને સ્વાર્થી આશય જે તેના પોતાના અંગત ઉપ-ભોગને સારૂ કાંઈક મેળવવાની ઈચ્છા રાખતો હતો અને જે તેના ચારિત્રને અસર કરે છે, તે આશયનું પરિણામ એ આવે છે કે તે અસંતોષી જે તે ગૃહણ કરનારો લાલચુ અને તેના કાર્યના બદલા તરીકે મળેલા સુખમય સંજોગામાં પણ દુઃખી થાય છે. જ્યાં સુધી તમે અજ્ઞાન હો, ત્યાં સુધી તમે તમારી આસપાસ વર્તતી શક્તિઓને સ્વાધીન છો; વાસનાના ગુલામ છો. અમુક અમુક શક્તિઓનું શું પરિણામ આવે છે, તમારી ઈચ્છાનું શું ફળ આવે છે અને કાર્યનું શું પરિણામ આવે છે, તે તમે જાણતા નથી; અને આ પ્રમાણે નિયમના અજ્ઞાત હોવાથી તે નિયમની શક્તિઓને તમે વશ કરી શકતા નથી, પણ ઉલટા તમે તેનાથી ખેંચાઈ જઈ પરવશ બની જાઓ છો ! ! "

" હીરાલાલ, આ મરણ–જન્મમાંથી આપણે શી રીતે મુક્ત થઇ શકીશું ? જે કર્મનો નિયમ આપણને ફરીથી જન્મ લેવરાવે છે, તે કર્મની સત્તામાંથી આપણે શી રીતે નાશી છુટીશું ? કર્મ બંધનથી અને ઈચ્છાઓના બંધનથી જે સ્થળમાં ઇચ્છા તૃપ્ત થાય, તેવા સ્થળમાં આત્માને ફરીથી આવવું પડે છે, તો તે બંધન શી રીતે ભેદી શકાય ? "

" વડીલ, જ્ઞાનાગ્નિ વડે કર્મ બંધન બાળી શકાય, અથવા ભક્તિ વડે તેનો ક્ષય કરી શકાય. કર્મ નાશ કરવાના બે માર્ગ છે. કર્મના બંધનમાંથી છુટા થવાના આ બે રસ્તાઓ છે. જો માણ-સને જ્ઞાન હોય અને પોતાના ભૂતકાળનાં કાર્યો જોઇ શકે તો તે ભૂતકાળમાં ઉત્પન્ન કરેલી શક્તિઓનો જેથી નાશ થાય તેવી

શક્તિઓ તે વર્તમાન કાળમાં પેદા કરશે, અને આ રીતે બંનેનું સમતોલ પણું આવશે, અને ફરીથી સામ્યતા જળવાઇ રહેશે. જાણીને કે અજાણતાં આ કામ શી રીતે માણસ કરી શકે, તેનો એક દાખલો વિચારતાં મનને સાવધ રાખી, સારી રીતે મનન કરો !! જુઓ, દુનિયાના દરેક ધર્મના પંથના ગુરૂઓ 'અપકારને બદલે ઉપકાર કરવાનો' બોધ આપે છે. મનુભગવાન જણાવે છે કે "તમારા શત્રુને ક્ષમા આપો.' સિદ્ધાર્થ બુદ્ધદેવ બોધે છે કે 'દ્વેષ દ્વેષથી નહીં પણ પ્રેમથી નાશ પામે છે.' મહાત્મા જીસસ ક્રાઇસ્ટ કહે છે 'શુભવડે અશુભ પર જય મેળવો.' આ પ્રમાણે વિચાર કરતાં સર્વે એકજ પ્રકારનો નિયમ શીખવે છે; કારણ કે કર્મનો નાશ થઈ શકે છે. એક અમુક માણસને તમે ધિક્કાર્યો હોય, અને ધારો કે તે માણસ તમને ધિઃક્કારે છે અને તમારામાં દ્વેષની વૃત્તિ સાથે તમે મરણ પામો તો, તે માણસ પણ ફરીથી નવો જન્મ ધારણ કરશે અને જે દ્વેષનું તમારા બન્ને વચ્ચે બંધન થયું તે દ્વેષના પરિણામ રૂપે તમે એક બીજાને જરૂર હેરાન કરતા રહેશો; હવે તે હેરાનગતી શી રીતે દૂર કરી શકાય ? તો તેના ઉપર પ્રીતી રાખો. જ્યારે તે તમને નુકશાન કરે ત્યારે તેને ક્ષમા કરો. જ્યારે તે તમને ઇજા કરે ત્યારે તેનું ભલું થાઓ એવી ઈચ્છા કરો; તેની અશુભ ઇચ્છાનો પ્રત્યુત્તર શુભ ઈચ્છાથી આપો; તેના ઘાતકી કાર્યનો બદલો માયાળુ કાર્યથી આપો. આ રીતે કર્મબંધન તમે તોડી નાંખો છો, આ રીતે કર્મના બંધનનો લય થાય છે. દ્વેષ પ્રેમથી નાશ પામે છે. નુકશાનને સારૂ આપેલી ક્ષમા તે નુકશાનનો અંત આણે છે. જો તમને તમારા ધર્મ

સંસ્થાપકોમાં વિશ્વાસ હોય તો તમે આ કાર્ય તેમની આજ્ઞા પ્રમાણે ચાલીને કરી શકો. બે સરખી પણ વિરૂદ્ધ ગુણવાળી આ જગતની બે શક્તિઓ એક બીજાની સામે થઇ સામ્યતા અને સ્થિરતા ઉત્પન્ન કરેછે; તેવીજ રીતે જો કોઇ માણસ તમને મારે અને તમે તેના બદલામાં તેના ભણી પ્રેમ દર્શાવો તો આ વિરૂદ્ધ ગુણવાળી બે શક્તિઓ સાથે મળે છે, ત્યારે એક બીજાની શક્તિનો નાશ કરે છે અને સમતોલ વૃત્તિ પેદા થાય છે, અને નવું કર્મ બંધાતું નથી, અને ભવિષ્યમાં થવાની હેરાનગતિ જડ મૂળથી નાશ પામે છે. જો તમારે કર્મબંધન અટકાવવું હોય તો તમારે શુભ કે અશુભ બંને પ્રકારનાં કર્મ બાંધવાનું બંધ કરવું જોઇએ. અશુભ કર્મની માફક સારૂ કર્મ પણ ફળ આપે છે અને અશુભ ઇચ્છાઓની માફક સારી ઇચ્છાઓ પણ બંધનકારક છે; તો નવાં કર્મ ઉપાર્જન કરતાં આપણે શી રીતે અટકવું જોઇએ? શું કાર્ય કરવાનું બંધ કરીએ? ના તે માર્ગ નથી, કારણ કે દરેક માણસને આ જગતમાં કેટલીક ફરજો બજાવવાની છે, અને તે ફરજોનો અનાદર કરવાનો તમને અધીકાર નથી. તમે માથે લીધેલી કેટલીક ફરજો કે જોખમદારીઓ તોડવાનો અને આ રીતે તમારે કરવા યોગ્ય કાર્ય તરફ અનાદર કરવાનો તમને હક્ક નથી!"

"ત્યારે હીરાલાલ ભાઈ, આ કર્મબંધનથી શી રીતે મુક્ત થઈ શકાય?"

"બેન, તમારે કાર્ય તો કરવું જોઇએ અને તમારા સર્વ બુદ્ધિબળથી અને સંપૂર્ણ રીતે તમારે તે કરવું જોઇએ; પણ

જે પળે તે પૂર્ણ થાય તેજ પળે તમારે તે કાર્યને જતું કરવું જોઇએ. તેના ફળની ઇચ્છા રાખતા નહિ; તે કાર્યનો બદલો શોધતા નહિ. કાર્ય સમાપ્ત થયા પછી પણ તેનો જે બદલો આવે તેની અથવા તેના ફળની માણસે આશા રાખવી નહિ. દરરોજ તમારે માથે આવી પડેલાં કર્તવ્યો બજાવો; કારણ કે ઈશ્વરે તમને આ જગત્માં તે કામ કરવાને સોંપેલું છે. જો તમારામાં ઈશ્વર પ્રત્યે પ્રેમ હોય, જો તમે તેની સેવા કરતાં હો તો દરેક કાર્યનો હેતુ ઇશ્વરની સેવાનો થાયછે. તેની ઇચ્છાનુસાર વર્તવું એજ તમારાં સઘળાં કાર્યોનો હેતુ હોવો જોઇએ. તેથી કર્મ બંધન થતું નથી. ઇશ્વર પ્રિત્યર્થે સઘળી વસ્તુનો ભોગ આપો. તમે જે જે વિચાર કરો અને તમે મનથી કે શરીરથી જે વચન બોલો કે જે કાર્ય કરો તે સર્વ ઇશ્વરને સમર્પણ કરો અને આવું કાર્ય તમને આ પૃથ્વી સાથે બાંધી શકશે નહિ. તેનામાં આત્માને ઈજા કરવાની શક્તિ નથી. શ્રીકૃષ્ણ ગીતામાં જણાવે છે કે ‘ જે જે તું કરે, તે વિચારોના તપ હોય કે સામાન્ય કાર્ય હોય તો તે સર્વ મારી ખાતર કરજે.’ અને આગળ જણાવે છે કે—‘ આવું કાર્ય કોઈ પણ પ્રકારનું બંધન ઉત્પન્ન કરતું નથી; પણ મરણ સમયે તે ભક્ત મને આવીને મળે છે.’ જો કર્મના બંધનમાંથી મુક્ત થવા તમે માગતા હો તો તમારે તેના ફળની ઇચ્છા રાખવી નહિ ! જો તમારામાં ધાર્મિક વૃત્તિ પ્રબળ હોય અને જો તમારામાં ભક્તના જેવી માગણીઓ હોય તો ઇચ્છાનું મૂળ નાશ કરવાનું કામ તમારે માટે સુગમ થઇ જાય છે.

જે બંધનથી પૃથ્વી સાથે આત્મા બંધાય છે, તેનાથી

આત્માને મુક્ત કરનાર તે માર્ગ છે, પણ તમારાં હૃદય આ જગતના પદાર્થો પર ચોટેલાં છે અને જ્યાં સુધી તે ચોટેલાં રહેશે ત્યાં સુધી તમને તમારી ઈચ્છા તૃપ્ત થાય તેવા પ્રદેશમાં ફરી ફરીને તમારે જન્મ લેવોજ પડશે. જ્યાં સુધી તમારૂં હૃદય ઇશ્વર અથવા તમે તેને ગમે તે નામ આપો તેના ઉપર સ્થિર નથી થયું ત્યાં સુધી આમ જન્મ્યાજ કરશો. તમે ગમે તે નામથી ઉપાસના કરો પણ તમારી જીંદગી ઉપાસના અને આત્મભોગવાળી થવી જોઇએ. તેની ઈચ્છા પર લાવને તમારી જીંદગી ગાળવી જોઇએ, એથી કોઇ પણ કર્મ તમને બાંધી શકશે નહિ. તમારો આત્મા એથી હમેશને વાસ્તે મુક્ત થાય છે. આજ કારણથી તમે તમારા ભવિષ્યના નિયન્તા છો. પૃથ્વી પર ફરીથી પાછા આવવું કે નહિ, એ તમારી પસંદગીની વાત છે. વિદ્વાન્ થવું કે મૂર્ખ થવું, ગરીબ થવું કે ધનવાન થવું એ તમારી ઇચ્છા ઉપર આધાર રાખે છે. જેમ તમારી ઇચ્છાઓ તમને દોરશે તેવા તમે થશો. જો તમારૂં હૃદય ઈશ્વર પર સ્થિર કરો અને તેની ઉપાસના કરો તો આ પૃથ્વી પાસે તમને આપી શકે તેવું કાંઈ નથી અને કાંઈ પણ વસ્તુ તમને આ પૃથ્વી સાથે બાંધી શકશે નહિ. ઉપનિષદ્‌માં શિખવેલા પ્રાચીન નિયમનું આ સ્પષ્ટીકરણ છે. સૂક્ષ્મ ભુવનના જાણનારની જેમની શક્તિ ખીલી છે, તેઓએ આ નિયમને સત્ય તરીકે અનુભવેલ છે. માણસ પોતાના ભવિષ્યનો નિયંતા છે, કારણ કે તે બ્રહ્મ સાથે ઐક્ય ધરાવે છે અને સ્વતંત્ર ઇચ્છાશક્તિ જે મનુષ્યનું ખાસ લક્ષણ છે તે મનુષ્યના સ્વરૂપમાંજ રહેલું છે. વ્યવહારિક બંધનમાંથી ઉદ્ભવતા વિપરીત પ્રસંગોથી

એકદમ ગભરાઇ જવું પણ નહિ તેમ એકદમ હરખાઇ જવું પણ નહિ. શાન્તિ, જ્ઞાન અને સત્યથી તેનું મનન કરી જેમ બને તેમ કર્મબંધનમાંથી મોકળા થઈ આત્માને જ્ઞાન વારીમાં નિમજ્જન કરાવી હૃદયને વિશુદ્ધ કરવું જોઇએ!"

"ઓહો પ્રભુ! હું તારો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે. હે દયાના સાગર! તેં મારા ઉપર તો ખાસ દયા કરી છે: ભગવાન મને તો તેં ડુબતો તાર્યો છે. ચકલાને ઘેર ગરૂડ પધારે તેમ મારા જેવાને ત્યાં આ ગુપ્ત વેશમાં રહેલા મહાત્મા હીરાલાલને મોકલી મને જીવનમુક્ત કર્યો છે. હીરાલાલ, જેમ જેમ તમારા મુખની વાણી હું સાંભળતો જાઉંછું તેમ તેમ મારૂં હૃદય અનહદ આનંદ અનુભવે છે."

"શેઠ સાહેબ! હવે વખત ઘણો થઈ ગયો છે માટે ચાલો આપણે હોડીમાં બેસી ધર્મશાળા તરફ વળીએ. ધાર્મિક સ્થળોની યાત્રાનો વિનોદ પણ ધાર્મિક કાર્યમાં થવો જોઇએ."

"હા ચાલો, હવે તો હું એક ક્ષણ પણ તમારાથી વિમુખ થવાનો નથી. આહા પ્રભુ! આ હીરાલાલે ઉછરતી વયમાં કેવું અનહદ અને અગમ્ય જ્ઞાન મેળવ્યું છે!? ઓહો! જગત્‌માં જ્ઞાની શું ન કરી શકે? ધારે તે કરી શકે! અગણિતને ઉગારે, અગણિતને તારે અને અગણિતને ઠારે! વાહ વાહ વાહ વાહ! હીરાલાલ ધન્ય છે તમને!! આહા આતો "અંતર ભક્તિનો રંગ કે ત્રિવેણી સરિતાનો સંગ!?" આ પ્રમાણે હૃદય ઉદ્‌ગાર કાઢી જયરામ શેઠ સહકુટુંબ નાવમાં બેસી યમુના તરવા લાગ્યા અને ધર્મશાળા ભણી રસ્તો માપવા લાગ્યા.

પ્રકરણ ૨ જું.

સુધારાનો સડો કે પાપનો ઘડો ?

દોહરો.

લાયકીવાળા લાંચીઆ ચતુરાઈવાળા ચોર,
કપટી તે કુશળ બના દાંભિક જાણવે જોર.

મનુષ્યે શુભ કામ કરવા તરફ ઉતાવળ કરવી જોઇએ, ખરાબ વિચારથી મનને દૂર રાખવું જોઇએ. જે મનુષ્ય સારૂં કરવામાં આળસ કરે છે, તેનું મન પાપ કરવામાં રમે છે. જ્યાં સુધી ખરાબ કામનું ફળ આવ્યું નથી, ત્યાં સુધી ખરાબ કામ કરનાર સુખજ જુએ છે, પણ જ્યારે ખરાબ કામનું ફળ આવે છે ત્યારે તે ખરાબ કામનું ખરાબ ફળ તેના જાણવામાં આવે છે.

દેશી વિદેશી લઈ પેપરો બુક બાઈબલના પાઠ કરે,
ચટાક ચશ્મા ચેર ટેબલ પર ફરનીચરના ઠાઠ ધરે;
મેમાનોથી મોં મચકોડે સુધારે આગળ આવે,
ભાખરી બદલે ચાહ ચુલામાં છણકા છબીલી સુણાવે.

આદિ અંતનો વિચાર કર્યા વગરની સો વર્ષની જીંદગી કરતાં આદિ અને અંતના વિચારવાળી એક

દિવસની જીંદગી વધારે ઉત્તમ છે. પાપની મને અસર થશે નહિ એવો વિચાર કરી કોઇએ પાપની તરફ બેદરકાર થવું નહિ. ટીંપુ ટીંપુ પાણી પડવાથી પણ ઘડો ભરાય છે, તે પ્રમાણે થોડું થોડું પાપ કરીને મૂર્ખ મનુષ્ય પાપથી ભરાય છે. પવનની સામે નાંખેલી ધૂળ મનુષ્યના ઉપર આવી પડે છે, તેવી રીતે જે મનુષ્ય નિરપરાધી પવિત્ર અને નિર્દોષ મનુષ્યને ઈજા કરે છે તે મૂર્ખ ઉપર દુઃખ આવી પડે છે; કેમકે આકાશમાં દરિયાના મધ્ય ભાગમાં, પર્વતના ચીરામાં અથવા આખા વિશ્વમાં એવી એક પણ જગ્યા નથી કે જ્યાં વસવાથી મનુષ્ય પાપ કર્મના ફળથી મુક્ત થઇ શકે !

* * * *

અમે એકેકને એકેકમાં ગુલતાન તો જોયા,
અમે એકેકને એકેકમાં હયરાન તો જોયા:—૦
અજબ હું થાઉં છઉં કુદરત તણી કોઈ કરામત,
પવન છે એક તેનાં ભિન્ન મેં તોફાન તો જોયાં:—૦
કહેવું બે મુનાસિબ તોય માનું હું મુનાસિબ,
શરીરી એક તેનાં સેંકડો અભિધાન તો જોયાં:—૦
કરી જળપાન વૃદ્ધિ પામે સરખી ઝાડ સંજ્ઞા,
તથાપિ સર્વ કેરાં જુદાં જુદાં પાન તો જોયાં:—૦
ન કોઈ સર્વ રીતે સૃષ્ટિમાં સાવંત્ર જણાયું,
અમે પ્રત્યેકને પ્રત્યેકમાં બે ભાન તો જોયા:—૦
બધે છે પંચ કોષો પંચ તત્વો પંચ પ્રાણો,
છતાં પ્રત્યેકમાં મેં માન ને અપમાન તો જોયાં:—૦

× × × ×

" વિદ્યા કળા બળ વિવેક અનેક શીખી,
સેવા કરે કંઇક મૂર્ખની માગી ભીખી;
સંકષ્ટ કંઇક નરનાં સુણી છાતી ફાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧

શીખે ઘણા શ્રમથી કંઇક અનેક ભાષા,
બેસે કંઈક ઉરમાં ધરી અન્ય આશા;
દે ગાળ કૈંક ગુરુને બહુ કચવાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૨

દે નીચને કંઇક દામથી દેવકન્યા,
ઝાઝા કરે જૂલમ જોર અધર્મ અંધા;
કંગાલને કનડતા ન ડરે કચાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૩

ઉભા ગરીબ બની કૈંક ધનાઢ્ય દ્વારે,
સાંખે સદૈવ અપમાન ઘણા પ્રકારે;
પત્રાવળી ગટરમાં પડી કૈંક ચાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૪

જ્ઞાની ગરિષ્ઠ ગુરૂજી બની કાન ફૂંકે,
દૃષ્ટિ ચઢી મન ગમી ન કદાપિ મૂકે;
ચૂકે ન સ્વાર્થ વિધી બેસી પવિત્ર પાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૫

આંખે સૂઝે નહિ લખાય ન હાથ ધ્રુજે,
કાને સુણે નહીં ઉપાય ન એક સુઝે;
તોયે કરે કપટ એક બદામ સાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૬

નીતિ તજી નરપતિ રગડે પ્રજાને,
જોરે હરિ જર જમાવ કરે ખજાને;
નાંખે નવા કર ડરે ન પ્રજા બુમાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૭

વિદ્યા ભણી વિબુધ વાદ કરે નકામા,
જાણી બુજી વદી વૃથા અથડાય સામા;
હોડે કરી હઠ બીજા પર ધુત્રવારે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૮

ન્યાયાધીશો સકળ નીતિની રીત જાણે,
લે તોય લાંચ લલચાઇ ચહાય નાણે;
શિક્ષા કરે મરણની પણ કમકમાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૯

સટ્ટા કરે કંઇક જોખમ ખેડી માથે,
શેકાય થાય નહિ વાત મનુષ્ય સાથે;
છાતી બળે પ્રબળ ખોટથી ચડચડાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧૦

બેઠા વળી વકીલ નામની પાટી ચોડી,
હાર્યા જીત્યાની નહીં કાળજી એક કોડી;
મેલે ધકેલી લઇ દામ ધરી કમાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧૧

પુરાણીજી બગલમાં લઇ પોથી ભાગે,
બેઠા બઇ કહી કુટાય અનેક દ્વારે;
ગોપીની વાત અબળાની કને ગપાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧૨

ના હોય અક્કલ બરાબર દોઢીઆની,
શુદ્ધિ ન હોય વપુ ઉપર લૂગડાની;
એવાની ગાય કવિતા કવિ ધડધડાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧૩

લે કંઇક જાપ જપવા જજમાન પાસે,
વાતો કરે સરસ સુંદરીની વિલાસે;
દે દક્ષિણા કદી કમી ક્ષણમાં દુણાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧૪

ઘાલે ગળે લબડતી બહુ મોટી માળા,
ભાલે કરે તિલક રાખી છુટા નિમાળા;
ભાળી શિકાર છટકે બહુ સુસવાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧૫

મેલી સ્વધર્મ પરધર્મ વિષે પ્રવેશે,
બીજાની જાતી બદલાવી કંઈક બેસે;
વંઠે વળી વટલેલ હા સુધારાની વાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે. ૧૬

સ્ત્રીના વિચિત્ર લઈ વેષ એકટર રાચે,
જાચે મહા અધમને અતિ દીન વાચે;
નાચે બિભિત્સ વચનો વદી છમાછમાટે,
હા દૈવ આવી શી દશા કરી પેટ માટે." ૧૭

"વેલ ડીયર, તું તારે ગમે તેવી નાટક પર ટીકા કર્યા કર, પણ આ જમાનામાં નાટક એ એક દેવતાઈ કીમીયો છે. સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર પડતી ધનની ગંગા છે."

"નાથ, આ બધા આકાશ પુષ્પ જેવા તમારા વિચારો

છે. સુધારાનો વાયરો હવે મગજમાંથી દૂર કરો. હદ ઉપરાંત પુરૂષાર્થ અજમાવાથી નસીબ છંછેડાય છે. અમર્યાદીત પ્રયત્ન કરનાર ઉંદર અંતે કરંડીઓ કરડી નાગના મોંમાં ફસાય છે. આજકાલ તમે અનેક અવનવા ધંધા અજમાવી ચુક્યા, છતાં પણ સંપત્તિ પ્રાપ્તિમાં તમે અનેકવાર પાછા પડ્યા છો. ફૅશનના ફંદે ફસાવાથી તમારા હૃદયમાંથી શ્રદ્ધાનો નાશ થયો છે; અને શ્રદ્ધાના નાશથી તમે કેવળ વિચાર શૂન્ય થઈ ગયા છો; અર્થાત્ દીન પર દીન તમે ધંધાને જુઓ છો અને ધંધો તમને જુએ છે; અર્થાત્ અન્યોઅન્યની કસોટીમાં કેવળ તમે દ્રવ્ય અને વખતનોજ વ્યય કર્યા કરો છો, અત્યારે તમે નાટકમાં દૈવત માનો છો પણ એ તમારી ભૂલ છે."

"ડીઅર કુસુમ અપટુડેટ ટાઈમમાં નાટક એ એક સોનાની ખાણ છે. સહેજસાજ પ્રયત્ન કરતાં નસીબ પર ધનની રેલંછેલા કરે એવો એ ધનનો મેઘ છે. મારા જોતજોતામાં અમુક માણસોને રબ્બર ટાયરની ફાઈટનો દોડાવતા જોયા છે."

"એ રબ્બર ટાયરની ફાઇટનો અક્કલના આગળ વધેલા નાટકના ઓથમીર આશકો અકસ્માત ધન પ્રાપ્ત કરેલા યુવાન યુવકોને ફસાવવાની વારાંગનાની નેત્રજાળ છે. નાટકનાં સ્ટેજો એ એક ધર્મ અને કર્મ વ્યાપારના નામે ધુત્તી ખાવાની દુકાન છે."

"અરે નાટકનાં સ્ટેજો એ કીર્તિ અને પૈસા કમાવાનું એક નાટક નાવનું સુકાન છે. મારા જેવા કાર્ય કુશળ નાવીકો નાટક નાવમાં બેસી મોજશોખથી સફર કરી જીંદગીની મજા માણે છે."

"ભલે ત્યારે તમને સૂઝે તે ખરૂં! કોઇ પણ પ્રકારનું સાહસ આદરવામાં તમે શૂરા છો; વખત આવે નાથ મને યાદ કરશો!"

"ડીયર દુનિયામાં તું તે કાંઈ ભૂલાય તેવી ચીજ છે! ઓહ નો! સરટનલી નો! ચાલ મારો ડ્રેસ બરાબર પ્રીટઅપ કરી તૈયાર કર! મારે ચાર વાગતાં સૌરાષ્ટ્ર નાટક કંપનીના માલેક મી. ચીંથરીયાને મળવાનું છે. એની કંપનીમાં એક જુવાન ઉત્સાહી અને કાર્યકુશળ ડાયરેકટરની જગ્યા ખાલી છે. મારે વાસ્તે તેની ખાસ ઑફર છે."

"નાથ યાદ રાખજો કે તમે નાટકની ઑફરમાં લોફર થઇ જશો! સુધારામાં તો કંઇએ સડેલા સડેલા પણ રહ્યા છો; પણ નાટકમાં દાખલ થયા કે પછી તરતજ લાજ, ધાક અને નાક વિનાના નકટા અને નફ્ટ થઇ જશો. ચોટાઈ જુઠ્ઠાઈ અને લૂચ્ચાઈ એ ત્રણમાંથી એક નાટકાઈ થાય છે; માટે નાથ—

નાટક ના ટક ટક કહે ટકે ટકાનો થઇશ,
મુડી ગુમાવી માળવે ચપણું લઈ પસ્તાઇશ.

માટે એક ટકાના થવું હોય તોજ નાટકમાં દાખલ થજો. ટકાના થઇને ટકા કમાવવા હોય તેને વાસ્તેજ નાટક છે. નાટકની નોકરી કરવી હોય તો ટકા અને હાટકને એક ખુણે મૂકી જાઓ નહિ તો નાટકમાં બધુએ ફના કરી બેસશો. એક નાટકી કે બીજો ખાટકી એ સૂત્ર ખાસ યાદ રાખજો. ધન પ્રાપ્ત કરતાં તનમાં કોટી પ્રકારની કુટેવો કુવ્યસનો અને રોગો ઘાલી દેશો. જે શરીર પર અત્યારે આટલી બધી સાફસુફ કરો છો, તેજ શરીર

અંતે તમારા આત્મા પર સાફસુફ કરશે. નહિ રહો આ લોકના અને નહિ રહો પરલોકના! આ ભવ પણ બગાડશો અને ભવિષ્યનો પણ બગાડશો. રંકનું કહ્યું માની ડાહ્યા થાઓ! ઘેલા થાઓ માં! નાટકના નામને નવગજના નમસ્કાર કરી દૂર ભાગો! ધન મેળવવાના નાટકના ચમત્કારમાં કંઇક નાટકના પુજારીઓ અને આશકાઓ પોતાના બાપીકાં ઘરબાર અને માલમીલકતને નમસ્કાર કરતા થઇ ગયા છે! ધન માલ ગુમાવીને ડાહ્યા થાઓ તેના કરતાં ધન માલ રાખીને ડાહ્યા થાઓ! આવક ના થતી હોય તો જાવકને રોકી રાખો; નાહક આવકનાં ફાંફાંમાં આવરદા અને આબરૂ બંને ગુમાવી બેસશો! ખીસ્સા ખર્ચને વાસ્તે પૈસા થઈ રહ્યા હોય તો લ્યો આ મારી જણસ વેચીને પૈસા લાવો અને રીતસરના ખર્ચમાં વાપરો; પણ નાટકની નોકરીમાં દાખલ થઇ મારા સૌભાગ્ય સુખનો નાશ કરશો નહિ. દુનિયામાં મનુષ્યો ધંધો શાને વાસ્તે કરે? તો પેટપુર ખાવાને વાસ્તે અને રાત્રે શાન્તિથી સૂવાને વાસ્તે!! તો આ નાટકના નફટ ધંધામાં ઉંઘ વેચીને ઉજાગરો લેવો અને ઉજાગરો લઇને વ્યાધી વહોરવી અને વ્યાધી વહોરીને વિપત્તિ લેવી અને એ વિપત્તિમાં સંપત્તિની આશા કરવી? ને તે આશા એ પણ નાટકના માલીક, હાઉસ અને નોકરી એ ત્રણની કૃપા ઉપર આધાર રાખે!! ધિક્કાર, ફીટકાર અરે પારાવાર નમસ્કાર એ ધંધાને! માંડ માંડ આ મહીને પગાર મળ્યો તો બીજો કચેરીમાં અગર વકીલોની રજીષ્ટર નોટીસોમાં! આના કરતાં દુનિયામાં અનેક ધંધા છે; જાઓ મરજીમાં આવે તે ધંધો કરો અને નસીબ અજમાવો;

પણ નાટકના નફ્ટ ધંધા સામે જરા પણ દૃષ્ટિ ન કરશો તે નજ કરશો. નાટકના માલીકો દેશના ઉછરતા નાના અને કુમળા બાળકોને નાટકના ધંધામાં કામે લગાડે તેમનું પુરૂષપણું છીનાવી લઈ ઘાઘરી ઓઢણાં અને કાંચળી પહેરાવી સ્ટેજ પર નચાવે અને તેને દેશના લોકો ઉત્તેજન આપે એ પણ આ જમાનાની નવાઈ છે; અરે માનો કે ભુંગળ વિનાની ભવાઇ છે. એકટરોમાં બ્રાહ્મણ વાણિયાના છોકરાઓ કાંચળીઓ પહેરી સ્ટેજ પર વેશ્યાના ચાળા કરે અને પોતાનું પેટ ભરે એના કરતાં બીજો ક્યો ધંધો નીચ છે? ધર્મ કર્મને કોરે કરી નાચીને અને જાચીને અન્ન ખાય તેના કરતાં પુરૂષના વેશમાં કાયમ રહી દાસત્વ કરવું શું ખોટું છે? નાથ યાદ રાખજો કે એક જમાનો એવો આવશે કે લોકો નાટકના નામ પર થુંકીને પણ જોશે નહિ!"

"ત્યારે દુનિયામાં નાટકનું નામ ધિઃક્કારને પાત્ર છે એવું કહેવાની તારી દલીલ કેવળ ખોટી છે. નાટકો અનાદિકાળથી થતાં આવ્યાં છે અને થયે જાય છે; એના પર ટીકા કરનારાઓ કેવળ બેવકુફ અને પેટના બળેલા છે. કદી કોઇને અન્યાય મળ્યો હશે તેને ખાતર આખા નાટકના ધંધા પર આવી કડક ટીકા કરવી એ એક બેવકુફાઈ છે. ઠીક છે કે હું હજુ નાટકની નોકરીમાં દાખલ થયો નથી; જો દાખલ થયો હોઉ અને કોઈ આવી કડક ટીકા કરે તો તરતજ તેના પર ડેફેમેશનનો કેસ કરી તેના બાર વગાડી દઉં! શું કરૂં લાચાર છું કે હું અત્યારે નાટકની બહાર છું; પણ અંદર દાખલ થયા પછી તારા જેવાને વાસ્તે મારે એક ડાયરેકટર તરીકે લાંબો વિચાર કરવો પડશે!"

"નાથ દુનિયા બધી સમજે છે કે ચાલુ જમાનાની ગણી-ગાંઠી એકાદ બે કંપની સિવાય બીજી પરપોટા નાટક કંપનીઓ દેશનું કેવું કલ્યાણ કરે છે! દેશસેવા અને દેશદાઝ નાટક કંપનીઓ કેટલા દરજ્જા સુધી રાખી શકે છે એ હવે જમાનાના લોકોને સમજાવવાનું રહ્યું નથી. ઉછરતી પ્રજા નાટકો જોઇ જોઇને પ્યારો અને પ્યારી હો: અને ઉફ્ કહેતાં શીખે છે શીખશે અને શીખવાની! !આર્યસંસાર વ્યવહારની દુર્દશામાં નાટક પણ એક નામીચો પાઠ ભજવે છે. આમન્યાની સાંકળ કેટલે દરજ્જે નાટકે તોડી નાંખી છે તે હવે વિબુધોની જાણ બહાર નથી. "પિતા શી કરો છો વાત, નસીબ મારૂં મારી સાથ; દાંત દીધા તે ચાવણું દેશે, ખબર કેમ નહીંજ લેશે!! મારૂં પૂરૂં તમે શું કરશો? મારો ભગવાન પૂરૂં કરશે. એક ભવની સગાઈમાં હું તમારી સ્રી છું; બાકી હું અને તમે બંને સરખાં અને સ્વતંત્ર છીએ." આ પ્રમાણે ઉઘાડે છોગે બોલતા કંઈક છોકરાઓ અને કંઈક છોકરીઓ બાપ અને ધણીના સામે થઇ આમન્યાને કોરે કરી સ્વતંત્રતાની હવામાં ઝુકે છે.!! નાટકો પર ફીદા થતો સારામાં સારો વર્ગ જોવો હોય તો તે ફક્ત ગટર કલાસ છે. બાકી હાયર કલાસ ખુદાબક્ષ અને મફતીઓ છે. એનાથી નાટક કંપનીને ઉત્તેજન મળે એ સ્વપ્ને પણ આશા રાખવી નહિ; મફતનાં મરી બધાંને મીઠાં લાગે!"

"તને કંઈ વાત કહી કે તરતજ તું મોટી પંડિતાણી બની જઇ લેક્ચર આપવાજ મંડી પડે છે! જમાનાને તારા અભિપ્રાયની જરૂર નથી. નાટક કંપનીઓ તો રોજ નવી ને

નવીજ થતી જાય છે. તારા જેવાં પેટ બળ્યાં કંઇ પેટ કુટીને મરી ગયાં; પણ તેની તલમાત્ર પણ અસર ન થઈ. કંપનીઓ તો નવી ને નવીજ થતી જાય છે!"

"નાથ હિંદુસ્થાનની લક્ષ્મીને હવે પગ આવ્યા છે. તેને દેશમાં રહેવું ગમતું નથી. લક્ષ્મી હવે પગ પાંખો કરી ઉડવાજ માંડે છે. હવે દેશનું શું થશે તે કંઇ કહેવાતું નથી!"

"બેવકુફ હવે તું નાટકથી દેશ પર ઉતરી. તું કોણ વિંશાતમાં છું એની હું કલ્પના કરી શકતો નથી!"

"નાથ હું આપની લુંડી છું. મને જે ઠીક લાગે છે તે આપના કલ્યાણને વાસ્તે કહું છું. તમારા કલ્યાણમાંજ મારૂ સૌભાગ્ય છે અને એ સૌભાગ્યમાં સંસારની સૌ સંપત્તિ છે."

"કુસુમ તું યાદ રાખજે કે હું પણ એક લાગણી વગરનો માણસ છું. જમાનો જોઈને હું પણ નફ્ટ અને લાગણી રહિત કાળમીંઢ પત્થર બની ગયો છું. મારા મન પર સત્કાર કે તિરસ્કારની તલમાત્ર પણ અસર થાયજ નહિ!"

"નાથ એથીજ હું તમને આટલું કરગરીને કહું છું! રાત દિવસ હું તમારા સારૂ વલોપાત અને પશ્ચાત્તાપ કરૂં છું."

"લે ચાલ હવે સાહેબજી બાવા! હું જાઉં છું. જરા રાતનો લેઈટ આવું તો ચિન્તા ન કરીશ. સમજજે કે ડાયરેકટરની જગ્યા સારૂ હું જાઉ છું!"

"નાથ, નાટક કંપનીના ડાયરેકટરની જગ્યાનો આ જમાનામાં શો હીસાબ છે. તમારા જેવા ગ્રેજ્યુએટની લાયકાતને વાસ્તે નાટકના ડાયરેકટરની જગ્યા માનપ્રદ છે?!! ભલે તમે તેને

માનવંતી સમજતા હો તો સમજો પણ હું તો તેને તિરસ્કારની નજરેજ જોઉ છું. ભલે તમે નાટક કંપનીઓને ભાષાનાં સારાં વિશેષણો લગાડી કીર્તિવંત બનાવો પણ હું તો કંપનીઓને ભવાઈઆઓનું ટોળુંજ કહીશ. નાચણીઆઓની મંડળીજ કહીશ. નાચવાનું કામ ત્રાગાળા ભોજક વર્ગનું છે; એ વંશપરંપરાથી એ ધંધો કરતા આવ્યા છે અને કરે છે; બ્રાહ્મણ વાણિયા વર્ગનું નાચવાનું કામ નથી. ભલે ભાષાના ખેરખાંઓ અને સુધારાના આગેવાનો એ ધંધાને હાથમાં લઇ દેશ સુધારણાનું કાર્ય બનાવે પણ હું તો પરિણામ અંતે દેશને નીચોવવાનું અને ઉંચ કોમને બહેકાવવાનુંજ કાર્ય કહીશ. હાયર એજયુકેશન લીધેલા યુવકો અને યુવતિઓ, શ્રીમંતો અને શ્રીમંત બાળાઓ, સ્ટેજ પર આવી અગર જાહેર જલસાઓમાં શકુન્તલા, દુષ્યન્ત, આલફ્રેડ અને એવાંજ બીજાં શ્રૃંગારી અને ઝનુની ભાષણો કરી પાર્ટ કરી અભિનય કરી તાલીઓની વાહ વાહ લે તેથી દેશનું કાંઈ કલ્યાણ થાય નહીં અગર સામાન્ય નીતિ પર કોઈ પણ જાતની સારી છાપ પડે નહીં, પણ ફક્ત નાટકી ફૅશનનીજ છાપ પડી શકે!! જમાનાના જલસાઓ અને કંપનીઓ પ્રજાના પૈસાનું પાણીજ કરે છે. સામાન્ય સદાચાર, નીતિ અને આમન્યાનો નાશ કરી પ્રજાને કેવળ નિર્માલ્ય અને સંસ્કારહીન બનાવી દે છે. અત્યારે તમે નાટકમાં જે દૈવત દેખો છો તે દૈવત વખત આવતાં બદલાઇ જશે અને તમને ઘણોજ ખેદ થશે; પછી તમારી ધ્યાનમાં આવે તે ખરૂં!"

"હવે કાંઇ કહેવાનું બાકી છે? કહેવું હોય તો કહી નાંખ!"

"હવે મારે કાંઇ કહેવું નથી!"

"ઑલરાઇટ ત્યારે હું જાઉં છું!"

"બહુ સારૂ નાથ ત્યારે પધારો! તમને ગમે તે ખરૂં! દુનિયામાં તમે જે સારૂં જુઓ તે સુખેથી કરો!"

"હું હવે બરાબર મુદ્દાપર તું આવી. સાહેબજી!"

ઉત્સાહ અને ઉમંગના અવનવા વેગમાં મધુકર તરતજ સૌરાષ્ટ્ર નાટક કંપનીના થીએટર ભણી ગયો. કુસુમ કહેવાય તેટલું કહી છેવટે હારી, કંટાળી વિચારગ્રસ્ત થઈ એક ખુરશી પર બેઠી. ભવિષ્યમાં શું થશે તેના અનેક પ્રકારના તર્કવિતર્ક કરવા લાગી. મધુકર જોતજોતામાં થીએટરના ઝાંપા આગળ આવ્યો અને જેવો ઝાંપો ઉઘાડી અંદર પેસવા જાય છે કે તરતજ એક અડહીઆ તાડના ત્રીજા ભાગ જેવા ઉંચા દરવાને અટકાવ્યો!"

"ખડે રહો કીધર જાતે હો? ઝાંપા કાયકુ ખોલા?"

"ભૈયા આ રાત નથી પણ દીવસ છે! હું ચોર નથી પણ શાહુકાર છું!"

"તુમ ગમે તે હો અમારે ક્યા તુમારા કામ હય! ઝાંપા ખોલનેકુ અમારી મંજુરી લેના ચાહીએ!"

"એક નાટક કંપનીનો ભૈયો! તેનો આટલો બધો પાવર! સાત રૂપીઆનો પગારદાર પેટ ભરો ચાકર એક મારા જેવા ગ્રેજ્યુએટને ધોળે દીવસે આમ દબાવી શકે?"

મીસ્ટર અમે ચાર પાંચ જણા અડધા કલાકથી અહીં ઉભા છીએ; પણ આ ભૈયો અમને જવા દેતો નથી. અમે કહ્યું

કે અમારે નાટક કંપનીના માલિક સાથે કામ છે, વાતચિત કરવી છે; પણ કાંઇ સાંભળતો નથી. અમે કહ્યું કે તું અમારા નામનું કાર્ડ છે તે સ્ટેજમાં જઇ શેઠને આપી આવ; તોપણ કાંઈ પરવા કરતો નથી અને સીધો જવાબ દેતો નથી."

"ભૈયા જાઓ શેઠકુ બોલો કે મધુકરસાબ અંદર આનેકુ મંગતે હય?"

"અચ્છા, શેઠ અભી તાલીમકે કામમેં હય, તુમકુ અભી નહિ મીલેગા?"

"મગર તુમ જાકે બોલો, અમારે તમારો જવાબ ન જોઇએ?"

"અચ્છા અભી અમ પેરા છોડકે નહિ જા શકતે! તુમારે કામ હો તો તાલીમ ખલાસ હો જાય આઓ!"

"અરે તુમારા પેરાકી અયસી તયસી! એ કયા કચેરી હય કે કોઇ રાજા મહારાજાકા મહેલ હય કે કોઇ શેઠીઆકી હવેલી હય? અગર હમ સબ લોક ચાર ખડે રહે હય; અગર એ રાત હય? તુમ કંપનીકા નોકર હોકર ઇસ માફક મગજમાં ઇતના પાવર ક્યોં રખતે હય!"

"અચ્છા બાબા, તુમ શીર મત ફોડાવ! હમ ઇધરસે કભી ન જાયગા! તુમારે ઠેરના હોય તો ઠેરો નહિ તો ચલે જાઓ!"

"ઓહ! આ પણ એક નાટક કંપનીના માલેકનો જબરો જુલમ છે. તેની સાહ્યબીની સીમાજ નથી. આ ભૈયો પણ એક સોલ્જર જણાય છે. તે ઐંડ જાતછે એટલે મારા કહેવાની અસર

તેને જરા પણ થશે નહિ. ચાલ જરા ચઢાવીને કામ લેવા દે!"

"મહેરબાન, અમે પણ બહુજ લમણાફોડ તેની જોડે કરી; પણ એકનો બે થતો નથી, છેવટે કંટાળી અહીં ઓટલા ઉપર બેઠા છીએ!"

"ભૈયા તુમ તો બ્રેવ સોલ્જર જયસા લગતા હો! તુમારે જયસે પહેલવાનકુ ઇધર નોકરી કરની રાસ્ત નહિ હય? તુમારે તો કોઇ નેટીવ સ્ટેટકા રાજા મહારાજાના મહેલના ચોકી પહેરાની નોકરી કરની ચહીએ કોઇ કીંગકા બૉડીગાર્ડ બનના ચાહીએ!"

"અચ્છા તુમ ટક ટક છોડો! હમ નહીં બ્રેવ સોલ્જર તુમારા બાપ બ્રેવ સોલ્જર! જાઓ નહીં તો ડંડા લગાયગે!"

"ઓ તારી, આ તો વાત વિપરીત થઇ! ભૈયો પૂરૂ ગુજરાતી સમજતો નથી; વખતે ગેરસમજમાં કાંઈ ધોલ લગાવી દેશે તો પંચાત થશે!"

"મીસ્ટર! તમે કેમ અહીં આવ્યા છો?"

"હું એક કવિ છું, મારી પાસે લખેલો એક ખેલ છે, તે માલેકને બતાવવા સારૂ આવ્યો છું!"

"તમે કેમ આવ્યા છો?"

"મારા મામાનો છોકરો રૂપાળો છે; તેને નાટકમાં રખાવવા સારૂ આવ્યો છું."

"તમે કેમ આવ્યા છો?"

"સાહેબ, હું કાપડની ઉઘરાણી સારૂ આવ્યો છું! મારો બેટો આ ભૈયો કોઇને અંદર જવા દેતો નથી તેથી નિરૂપાય થઈ શેઠને વાસ્તે હું ખોટી થાઉ છું."

આ પ્રમાણે વાતચિત ચાલે છે તેટલામાં શેઠ સ્ટેજની બહાર આવ્યા; એટલે મધુકરે તરતજ બુલંદ અવાજે બૂમ પાડી. શેઠ તરતજ ધસમસ્યા એકદમ ઝાંપા આગળ આવ્યા અને મધુકરને સત્કારથી સંબોધવા લાગ્યા.

"આવો આવો, મધુકરભાઇ આવો પધારો! તમારી તો હું ખાસ રાહ જોઉં છું."

"સાહેબ, આ તમારી સ્વર્ગની નીસરણીનાં પગથીઆં વટાવીએ ત્યારે અમે સ્વર્ગમાં આવીએ કે એમને એમ ? આ ભીમસેન જેવા ભયંકર ભૈયા રાખ્યા છે તે મારા વ્હાલા કશું સમજે નહિ અને માણસ ઓળખે નહિ; જેને તેને ડંડાની વાતથી સમજાવે. શું આવીએ સાહેબ! એ તો ઠીક છે કે હું તેમના માથાનો છું. વળી બીજો હોય તો તેને ભૈયો તરત ધોલ લગાવી વાત કરે; જુઓને આ બિચારા ક્યારનાએ ઉભા ઉભા અહીં આંબલી હેઠળ વા ખાય છે. તમારાં દર્શન તેમને થાય છે! મારૂ બેટુ આ જમાનામાં નાટક કંપનીના માલેકની તરતમાં મુલાકાત થવી તે પણ ભાગ્યની વાત છે. એકદમ ઝટ બારોબાર સ્ટેજમાં દાખલ થવું તે પણ એક ખાસ અગત્યનો સવાલ થઈ પડે છે."

"હશે સાહેબ હવે એ બધું જવા દો. ચાલો આવો પધારો! ભૈયા તમારા નામની આજકાલ બહુ બૂમ આવે છે."

"અચ્છા જીનાબ; તબ આપની નોકરી ઈધિર ખડી રહી."

"નહિ નહિ, ભૈયા! મેં તુમકુ ઠપકા દેતા નહિ હુઉં! તુમારી કુછ કસુર નહિ હય, મારો જેવો હુકમ છે એ પ્રમાણે

તમે વરતો છો. મેં તો જરા હસતા હઉં !"

"ધણીની માનીતી ઢેચડી આખુ ગામ અભડાવે તે આનું નામ ! શેઠના માનીતા નોકર મેમાનનાજ મુખમાં થુંકે તે આનું નામ !"

"ના સાહેબ ના નાટકની રીતભાતમાં તમે ન સમજો. એ દેખાડવાના જુદા અને ચાવવાના જુદા ! જો આમ રીતભાત ન રાખીએ તો નાટકવાળાની એક મીનીટમાં હરાજી થાંય ! હ્યો ચાલો હવે અંદર પધારો ! કેમ ભાઇ તમારે શું કામ છે ?"

"સાહેબ મારે એક નાટક દેખાડવું છે !"

"તમારે શું કામ છે ?"

"મારે આ છોકરાને નાટકમાં મૂકવો છે !"

"ઠીક જાઓ તાલીમ પર જાઓ, ભૈયા આ છોકરાને સ્ટેજ પર લઇ જાઓ !"

"તમારે કોનું કામ છે ?"

"સાહેબ કાપડના રૂપીઆ વાસ્તે આવ્યો છું !".

"રવિવારે બપોરના બે વાગે આવો ! શનીવારનું ઓડીઅન્સ લીધા પછી તમારો હીસાબ થશે !"

"સાહેબ એવાં ઓડીઅન્સ તો તમે કેટલાં હજમ કરી ગયા ?"

"તો આ એક વધારે ! ગાંડો છે. મારો ! જા કાલે નાટકમાં આવજે ! અરે લલ્લુ આ ગુમાસ્તાને બે બાર બાર આનાના પાસ આપો !"

"પણ સાહેબ હવે તો !"

"અરે પાણુમાં પાસ લઇ રસ્તે પડ જા જા જા ખોટી ન થા."

"કહો મધુકરભાઈ, ખુશીમાં તો ખરા !"

"હા સાહેબ, તમને જોયે વિશેષ !"

"લ્યો ત્યારે જુઓ કાલથી પહેલી તારીખ છે. ડાયરેક્ટરની જગ્યા પર ચઢી જાઓ ! ઘેર ગંગા આવે ત્યારે મોં ધોવા ન જવું સમજ્યા ?"

"એમ, જ્યારે તમારો આગ્રહ છે ત્યારે મારી ના નથી સાહેબ !"

"હા ભાઇ મને આપણા મિત્ર મોહનરાય ઘણા વખતથી તમારે સારૂ તારીફ અને ભલામણ કરતા હતા; એટલે તેનો નિકાલ આજ આવી ગયો."

"ઠીક ત્યારે મારી સરતો બધી તમારે કબુલ છે કે કાંઈ વાંધો છે ?"

"અરે મારે તો બધુંએ કબુલ છે. આ બધી કંપનીજ તમારી છે; તમેજ મારે કબુલ છો પછી કબુલાત કરવાનું રહ્યું ક્યાં ! હવે હું તો ખાઈ પી ઉતર્યો છું; મારે તમારા જેવા ઉત્સાહી અને સુધારક આગેવાન યુવકની જરૂર છે !"

"ત્યારે આપણે ના નથી, જેમ કહો તેમ કરવાને બંદા તૈયાર છીએ !"

"વાહ વાહ ત્યારે આજ તો મારે સોનાનો દીવસ ઉગ્યો ! એ કરૂણાશંકર આમ આવો, વધામણીના સમાચાર આપું."

"કહો સાહેબ શી વધામણી છે ?"

"જાઓ સ્ટેજમાં જઈ સૌ નાના મોટા ભાઇઓને ખુશ

ખબર આપો કે આપણી કંપનીમાં મી. મધુકરભાઇ સુધારાના આગેવાન ગ્રેજ્યુએટ વિદ્વાન્ ડાયરેકટર તરીકે જોડાયા છે. જાઓ આજની ખુશાલીમાં રસોડામાં જઈ કંપનીને વાસ્તે રહા મૂકાવો!"

"એ ચાલ્યો સાહેબ!"

કરૂણાશંકર દોડતો દોડતો હરખભેર સ્ટેજમાં ગયો અને તાલીમ બંધ રખાવી શેઠની વધામણી ખાધી. સ્ટેજના દરેક જણા આ વધામણીથી પરમ આનંદ પામ્યા; રસોઇયાએ પણ રહા મૂકવાની તજવીજ કરવા માંડી. થોડીક વાર થઇ કે તરતજ મી. ચોંથરીઆ મધુકરને લઈ સ્ટેજ પર આવ્યા અને બે આરામ ખુરશી મંગાવી સામસામા બીરાજી આનંદની વાતો કરવા લાગ્યા."

"મધુકરભાઈ આજે મને ઘણો આનંદ થયો!"

"સાહેબ મને પણ આજે સંતોષ થયો!"

"જુઓ મધુકરભાઇ તમારે તમામ ઈનડોર વર્ક સ્ટેજનું કામકાજ જરાએ જરા સંભાળી લેવું અને આઉટડોર વર્ક મારે વાસ્તે મુલતવી રાખવું. નાણાખાતાની જ્યાં બાબત આવે ત્યાં તમારે મને આગળ ધરવો."

"હું પણ એજ કહેવા જતો હતો, મારાથી નાણાંખાતાની વ્યવસ્થા જરા પણ થશે નહિ."

"ત્યારે એ વ્યવસ્થા તમારે મારા માથે નાંખી દેવી. એકટર તાલીમ અને સીનેરીખાતું બધું તમારે સંભાળી લેવું. જ્યાં કાંઈ નાણાંની વાત આવે કે તમારે તે મારા આગળ

ધકેલવી. એકંદર આખી કંપનીના શેઠજ તમે; હું તો તમારો એક હજુરી ત્રીજોરી કારકુન થવા માગું છું.”

“સાહેબ, અયોગ્ય બોલી મારી મશ્કરી નહિ કરો. સો વરસનો ભાડવાત અને પાંચ વરસનો ઘરધણી એ કહેવત કાંઈ ખોટી નથી.”

“હશે તમારો પ્રેમ અને ઉત્સાહ છે એટલે સૌ સારાં વાનાં થશે.”

“સાહેબ, બહાર એક કબિ નાટક લેકર ખડા હય!”

“ભૈયા હવે હું નાટકનો શેઠ નથી; માલેક આ ખુરસીમાં બીરાજ્યા; હવે જે કાંઈ કાર્ય હોય તે મધુકરભાઇને પૂછીને કરો.”

“ભૈયા કવિને અંદર મોકલો જાઓ!”

“બહોત અચ્છા સાબ!”

“કરૂણાશંકર તમારી તાલીમ શરૂ રખાવો, કામ બંધ ન કરો!”

“બહુ સારૂ સાહેબ!”

“સાહેબ, હવે અમારા મામાના છોકરાનું કરો!”

“ઉસ્તાદ આ છોકરાનો કંઠ જુઓ, ગવરાવો, તપાસ કરો નાટકના કામમાં કેટલે અંશે એ ઉપયોગી થઈ પડશે?”

“અચ્છા સાબ!”

“મહેરબાન સાહેબ!”

“આવો કવિ બેસો!”

“છોકરા તને જે કાંઈ સારી કવિતા કે ગાયન આવડતું હોય તે ગા જોઇએ!”

" પહેલે પગથીએ પ્રાણી જેમ તેમ ચડીઆં,
બીજે પગથીએ ભાલા દીઠારે રામ;
આરે ભાલામાં કેમરે ચલાશે,
ચઢતાં તો જીવડા જાશેરે રામ. "

"બસ કરો! છોકરા કાંઈ ગાયન ગા જોઈએ. ગળામાં ગાઈશ નહીં, ખુલ્લા સ્વરથી ગા સમજ્યો કે"

" હાય હવે વૃદ્ધિ થઇ નાટકની,
આર્યોને ઉરમી જોવા થઈ ચેટકની:—૦
નાટ્ય અગ્રેશ્વરો બન્યા શ્રીમંતો,
થશે દશા દીન હાટકની:—૦
દીવાની છોકરીઓ અને છોકરાઓ,
જોશે નાટક તો બાકી શું રહેશે સંકટની:—૦
વ્યભિચારને ઉદ્ધતાઇ જનમશે,
રસમ બુરી વધશે ફેશન લટકની:—૦ "

"અચ્છી કહી બચ્ચા અચ્છી કહી, સાબાશ. થેન્કસ, અચ્છી, અચ્છી!!"

"કહો છોકરાના વાલી કોણ છે?"

"સાહેબ હું છું. એ મારા મામાનો છોકરો થાય. મારા મામા અને મામી મરી ગયાં છે. છોકરો મારે ત્યાં ખાય છે પીએ છે; એનો વડીલ હકદાર અને વાલી હું છું."

"તમારે એને નાટકમાંજ મૂકવાનો વિચાર છે?"

"હાજી, છોકરો રૂપાળો છે, એનો કંઠ મધુર છે અને હુંશિયાર છે એટલે!!"

"તરત તેને તમે નાટકમાં મૂકવાનો વિચાર કર્યો."

"હાજી એમજ છે."

"તમે શું કરોછો!"

"સાહેબ હું મીલમાં જઇ ધોતીઆં વાળુ છું, કાપડના કામ ઉપર છું."

"શું મળે છે?"

"સાહેબ મહીને સાત રૂપીઆ."

"શી ન્યાત છો?"

"સાહેબ બ્રાહ્મણ!"

"એટલે તમારે આ છોકરા ઉપરજ પુરૂ કરવાનો વિચાર હોય એમ જણાય છે."

"હા સાહેબ, તેથી એને પગાર સારો મળશે અને નાટક જોવાશે; દહાડો બે ઘડી આનંદમાં જશે. હું અને એ બંને સુખી થઈશું!"

"વારૂ સુખ તો તમે નાટકના ધંધામાંજ દેખતા હશો!"

"હાસ્તો સાહેબ. રોજ રાત પડે કે મારી બેઠી પૈસાની નદી નાટકમાં ચાલી આવે. સારૂ સારૂ ખાવાનું સારૂ સારૂ પહેરવાનું અને સારૂ સારૂ ગાવાનું."

આજ કાલ નાટકની સાહ્યબી આગળ રાજા મહારાજાની સાહ્યબી ઝાંખી પડે છે. સાહેબ જો તમે કાંઇ મારૂં ધારશો તો હું તમને આવા બામણના છોકરા રૂપાળા રંગીલા ઘણા મેળવી આપીશ. મને ગામડાના બામણને સારી રીતે સમજાવતાં આવડે છે. સાહેબ મારૂં કમીશન ધારજો!

"કમીશનમાં તમે શું કહેવા માગો છો?"

"દર છોકરે પાંચ રૂપીયા સરપાવના! દર બુધવારે મારી તરફથી એક માણુસ ચાર આનામાં મફ્ત નાટક જોવા બેસે એજ!"

"ઠીક, છોકરાનો પગાર શું લેશો?"

"તમે કહો સાહેબ. તમે આવા બામણના છોકરાના કદરદાન છો!"

"છોકરાનો ત્રણ વરસનો એગ્રીમેન્ટ કરી આપવો પડશે."

"એતો જેમ થતું હશે તેમ થશે, એમાં મારી ક્યાં ના છે!"

"જુઓ ત્યારે પહેલા વર્ષના ૩ રૂપીઆ મળશે. બીજાના ૪ અને ત્રીજા વરસના ૫ મળશે, છે કબૂલ?"

"સાહેબ એ છોકરોજ આજથી તમારો છે, તમારા ધ્યાનમાં આવે તે ખરૂં!"

"ઠીક ત્યારે જાઓ પેલી ઓરડીમાં મહેતાજી પાસે. એગ્રીમેન્ટ પર સહી કરો અને છોકરાને મૂકી જાઓ!!"

"બહુ સારૂ સાહેબ પછી કાંઈ!!"

"ઠીક ત્યારે જાઓ!"

"કહો કવિરાજ તમારા નાટકને હવે ઉકેલો!!"

"વાંચી સંભળાવું સાહેબ! જેવો તમારો હુકમ!"

"કહો નાટક ઐતિહાસીક છે કે કાલ્પનીક છે?"

"સાહેબ કાલ્પનીક એ શું? હું સમજતો નથી!"

"તમારા નાટકનો પ્લોટ સંસારી રજવાડી કે ભક્તિ-રસનો છે એ હું પુછુછું!"

"સાહેબ પ્લોટ તો સદેવંત સાવળીંગા જેવો છે; વળી

થોડો ખરાસકસ્તુરી જેવો છે; કાંઇક ગજરામારૂ અને વળી સ્હેજ ગુલબકાવલી; વળી કાંઈક સુંદર કામદાર જેવો, સ્હેજ કાષ્ટના ઘોડાની વાતને લગતો અને સ્હેજ માધવ કામકુંડલા જેવો; વળી કાંઈક મેનાપોપટ જેવો અને પછી જે રહ્યો તે કાંઈક છેલની વાર્તા જેવો!!"

"તમારા નાટકનું નામ શું છે?"

"સાહેબ નામ! આ નામ તો કંઇક મોરબી કંપનીના નાટક જેવું; વળી કંઈક વાંકાનેર નાટક કંપનીના નાટક જેવું અને કંઇક બાલીવાળાના નાટક જેવું અને કંઈક ડાહ્યાભાઇના નાટક જેવું છે!!

"તમે તે નાટક લખોછો કે કંઈક કંઈક સ્હેજ સ્હેજ લખો છો!"

"સાહેબ હું તો મોટા ચોપડા ભરી ભરીને લખુ છું!"

"ઠીક ત્યારે તમારો ચોપડો કંપનીમાં જોવા મૂકી જાઓ. કંપનીને નવરાશ આવશે ત્યારે વાંચી જોશે!"

"સાહેબ એમ તે કંઈ થાય!"

"ત્યારે કંપની પાસે નવસે નવાણું તમારા જેવાં નાટકો છે સમજ્યા કવિરાજ! આતો જ્યારે તમે આવ્યા છો ત્યારે તમને ખોટું ન લાગે તેમ વરતવું પડે તેથી તમને કહીએ છીએ કે જો તમને વિશ્વાસ હોય તો નાટક મૂકી જાઓ નહિતો જ્યારે નવરાશં આવશે ત્યારે તમને ખબર આપીશું, તમારૂં નામ ઠામ બતાવતા જાઓ. અત્યારે તમારૂ નાટક સાંભળવાની કંપનીને નવરાશ નથી!!"

"ઠયો સાહેબ ત્યારે આ મારૂં નાટક હું તમનેજ અર્પણ કરી દઉછું. જ્યારે નવરાશ મળે ત્યારે વાંચજો, સાહેબ પાંચસે રૂપીઆનું નાટક છે, પાણી ન થાય તેની સંભાળ રાખજો. મારા બે વરસના રોટલા તે નાટક ઉપર છે. સાહેબ જમાનામાં નાટકના માલેકો આજકાલ કવિ લોકોને મન લાખ રૂપીઆ ઇનામ આપનાર વિદ્યાવંત ભોજરાજા જેવા છે. નાટકના માલેક પાસે નાટક તથા કવિને લઇ જનાર તથા તે નાટક પાસ કરાવનાર નાટકવાળાના અંગભુતો અમારા કવિ લોકોને મન શેલા પાઘડીના સરપાવ અપાવનાર રાજાના ડાહ્યા દીવાન જેવા છે. નાટકવાળાના મિત્રો તે અમારા મન મુરબ્બીઓ અને વડીલો કરતાં પણ અધીક છે. ટુંકામાં નાટકનું નામ નાટકનું કામ અને નાટકનું ધામ અને છેવટે નાટકનાં દામ એની આ જમાનામાં શી વાત કરવી મારા મહેરબાન!! નાટક વાહ વાહ શું સરસ નામ!! આ સમયમાં સંસાર સાગર તારનાર અને બે પૈસે સુખી કરનાર નાટક એ એક નાવ છે."

"બહુ સારૂ ત્યારે હવે પધારો."

"ઠીક સાહેબ ત્યારે હું જાઉંછું."

"હાજી પધારો. જ્યારે કંપનીનો સોમવારનો ખેલ હોય ત્યારે પંદરે દીવસે રાતના અહીં આવજો એટલે તમને હું જવાબ આપીશ. તમને જવાબ મળશે અને નાટક જોવાશે!!"

"હું સાહેબ નાટક જોવા મળશે ખરૂં કે?"

"હા. કંપનીના સોમવારના ખેલ તમારા જેવા લેખકોને વાસ્તેજ રાખેલા છે. બુધવારના ખેલ નાટકના આશકા સ્નેહી

જનોની સગવડ સારૂ રાખેલા છે, અને શનિવારના ખેલ સબ બંદરના વેપારીઓને વાસ્તે રાખેલા છે."

"સાહેબ ચાહ તૈયાર થઈ લાવું કે!"

"હા લાવો!"

"સાંભળો સૌ એક ચિત્ત થઈ સાંભળો! મારા વ્હાલા એકટરો અને બીજા નાના મોટા ભાઈઓ!

આજરોજ મી. મધુકરભાઈ આપણી કંપનીમાં ડાયરેક્ટર તરીકે જોડાયા છે. આજથી સ્ટેજના વ્યવસ્થાપક અને મેનેજર તે થયા છે; ટુંકામાં કંપનીના બીજા શેઠ તે છે. તમે લોકો જેવી રીતે મારી આજ્ઞા માનોછો તેવીજ રીતે તેમની માનશો એવી હું ખાત્રી રાખુછું તે ઘણાજ વિદ્વાન ડાહ્યા સુધારક અને નાટકના ઘણાજ અનુભવી અને વિચારશીલ ગૃહસ્થ છે; માટે તમે સૌ આજનો આનંદ ઉત્સાહ અને વફાદારી તેમના તરફ દેખાડી મુબારકબાદી આપશો એજ!"

"વાહ વાહ ઘણીજ આનંદની વાત છે. અમે સૌ લોક આજના ખુશકારક સમાચાર સાંભળી બહુજ ખુશી થયા છીએ. આજની મુબારકબાદી અમે એક્ટર વર્ગ મધુકરભાઈને ઘણીજ આપીએ છીએ."

"લ્યો મધુકરભાઈ હું પણ તમને ચાહનો કપ હાથમાં લઈ મુબારકબાદી આપુછું!"

"તમારી મારા ઉપર પૂર્ણ કૃપા છે!"

"આ પ્રમાણે સૌરાષ્ટ્ર નાટક કંપનીમાં ડાયરેક્ટરની જગ્યા મધુકરભાઈને આજે મળી આમન સામન કાયદેસરના

દસ્તાવેજો એક બીજા વચ્ચે થઈ ગયા. ત્રણ વરસને વાસ્તે મધુકરભાઈ ડાયરેકટર તરીકે નીમાયા. મધુકર ઉતાવળો ઉતાવળો ચાહ પી કંપનીનો ચાર્જ લેવા લાગ્યો. મી. ચીંથરીઆ પણ એક નવુ રમકડું હાથમાં આવવાથી અધિક મનમાં મલકાવા લાગ્યા. બંને જણા એક બીજાના મનમાં હવાઈ દાવપેચ બાંધવા લાગ્યા. આ આનંદ અને ખુશાલીની વધામણી કુસુમને આપવા સારૂ મધુકર મોડી રાતના ઘેર ગયો. કુસુમ પણ તેની વાટ જોતી નયન તાણતી હતી, એવામાં મધુકર ધસમસ્યો ઉત્સાહ ભેર ઘરમાં આવ્યો!

"વેલ ડીઅર જૉય જૉય!"

"શું કાંઇ નવો દેશ જીત્યા કે વ્યાપારમાં લાખનો નફો મેળવ્યો!"

"અરે આજ તો ડાયરેકટરની જગ્યા મળી! તે પણ ઘણાજ માનસત્કાર સાથે!"

"છેવટે તમે તમારૂં ધાર્યું કર્યું! હવે સુધારક મટી નાટકીયા બન્યા!"

"જો સાંભળ હું ત્રણ વરસને વાસ્તે કંપનીનો બંધન ડાયરેકટર થયો, પગાર દર માસે દોઢસો રૂપીઆ અને વરસ દીવસે એક બેનીફીટ નાઇટ નાટકના સ્ટેજની તમામ વ્યવસ્થા ફકત નાણા ખાતા સિવાય બધી મારે કરવાની સમજી! ખાવું પીવું કંપનીમાં! બહાર બજારે ફરવા નીકળવું તે પણ કંપની ના ગાડી ઘોડામાં! એકંદર કંપનીના આપણે બીજા શેઠજ સમજવા!"

"નાટકની કમાણી ઘરમાં લાવવા કરતાં નાટકની બલા તમારા શરીરમાં ન આવે તે ખાસ સંભાળજો. પડદા અને સીનેરી જેટલાં સ્ટેજ પર સુંદર લાગે છે તેટલાં ધોળે દીવસે સ્ટેજની અંદર લાગતાં નથી. નાટકના છોકરા અને પોશાક રાતનો જેટલો સુંદર લાગે છે તેટલો દીવસનો લાગતો નથી!"

"એટલે આનો અર્થ શું?"

"અર્થમાં એજ કે નાટકની ઉપરની સુંદરતા દેખીને જે મોહ તમને લાગ્યો છે તેનાથી સહસ્ત્રગણો અણગમો તમને હવે નાટકમાં રહ્યા પછી ઉપજશે. દોઢસોના પગારમાં જે તમે મોહ્યા છો તે દોઢસો તમારી ત્રણ પેઢીની સાહ્યબી ધુળધાણી અને વા પાણી કરી નાંખશે. તમારી શું સ્થિતી થશે તે મારાથી સમજાતી નથી. હાય હું શું કરૂં! ઓ નાથ હવે નાટક રૂપી જીવતી ડાકણ તમને વળગી; તે તમારો અંત લેશે ત્યારેજ તમને છોડશે."

"ઓલરાઈટ તે હવે મારે જોવાનું છે, તારા નોનસેન્સ-વેડા હવે જવા દે! કહે કાંઇ ખાવાનું છે!"

"હા, દુધની દશમી અને શાક તૈયાર છે."

"ઢમ ચોર દશમી અને ઢમ ચોર શાક! મારે તો હવે ગરમાગરમ જોઈએ. હવે હું કોણ? નાટકનો ડાયરેક્ટર! સો માણસનો ઉપરી શેઠ!"

"જુઓ આ તમેં નથી બોલતા પણ નાટકની બલા જે તમારા શરીરમાં વળગી છે તે બોલે છે! નાટકમાં પગ મુકતાની સાથે આટલો બધો ફેરફાર એકાએક તમારા શરીરમાં થયો!!

વખત જતાં તો કોણ જાણે શુંએ થશે. નાટકનો ચાહ બાહુ શરીરમાં પડયો હશે. રજોગુણી ભુમીકાનું અન્ન અને તમોગુણી કમાણીનું પાન કેટલી ખરાબી કરે છે તેનો પ્રત્યક્ષ દાખલો તમારો છે. દુધની દશમી અને શાક તે ઢેમ કહેવરાવનાર નાટકની બલાજ છે. ગરમાગરમની ધમાધમ આ નાટકનો ચાહ કરાવે છે!"

"ડીયર કુસુમ તું આવી ચબાવલી કયાં સુધી રહીસ?"

"નાથ વખત આવે કોક દીવસ પણ મારી કીંમત તમને થશે! હું સર્વદા તમારૂં કલ્યાણ ઇચ્છનારીજ છું. તમારા સારમાંજ મારૂં સર્વદા સારૂં છે. તમે વગર વિચારે સાહસ ઘણુંજ કરોછો. સુધારાના હીમાયતી થઈ તમે બધું બોળ્યું, અને જે કાંઈ બોળેલું અવશેષ છે તે તમામ નાટકમાં રોળશો અને બાળી ખાખ કરી નાંખશો! કોઇ દીવસ નહીં અને તમને આજ નાટકનો આવો અવળો વિચાર કયાંથી આવ્યો. ભલે નાટક જોવાનો શોખ હોય તો નાટક જોઇ શોખ પુરો કરો, પણ નાટકમાં જોડાવાનો આ બુરો શોખ તમને કયાંથી લાગ્યો? ડાયરેકટર થવાનો મેનીયા તમારા મગજમાં કયાંથી ભરાયો? હશે નાથ તમને જે ગમ્યું તે ખરૂં! "પતિ તણી આજ્ઞા એ પંથ સતિનો" એ પ્રમાણે મારે હવે તમને અધિક ખોટું લગાડવાનો હક્ક રહ્યો નથી. મને જે ઠીક લાગ્યું તે તમને કહ્યું છતાં પણ જીવ બળે છે તેથી કહું છું કે જે કાંઇ કરો તે જોઈ વિચારી જાતને જાળવીને કરજો. નાટકની બાબતમાં હજાર ગરણે પાણી ગળીને પીજો. નાટકના રંગ ભલે જોજો પણ અંગથી રંગાશો નહીં!"

આ પ્રમાણે કહી દંપતિ વાળુ પાણી કરી નિંદ્રાવશ થઇ ગયાં. સવાર થતાં મધુકર ઉઠયો અને ન્હાઈ ધોઇ જમી પરવારી તરતજ ડ્રેસ પહેરી કંપનીમાં ગયો. શનિવારનો દીવસ હતો; તેથી ખેલની વ્યવસ્થામાં સારી પેઠે ગુંથાયો અને કાંક ઓડીઅન્સ વધે અને ખેલ સારી રીતે ભજવાય એ હેતુથી કંપનીના નિયમ વિરૂદ્ધ બપોરની તાલીમ લેવા સારૂ ઘંટડી વગડાવી. એકટર વર્ગમાં નિયમ વિરૂદ્ધ તાલીમ શરૂ થવાથી કાંક ચર્ચા થવા લાગી; પણ નવા ડાયરેકટરનો પ્રથમ પ્રસંગ હોવાથી તાલીમ કેવી લેવાય છે અને શું શું સૂચનાઓ થાય છે તે જોવા સારૂ સૌ ઉત્સાહભેર તાલીમમાં હાજર થવા લાગ્યા. શેઠ મી. ચીંથરીઆ પણ મધુકર તાલીમમાં કેવો સુધારો વધારો કરે છે તે જોવા સારૂ ખાસ પોતાની મેડીમાંની એક નાની ડોકાબારી અધખોલી ઉઘાડી તાલીમ નિહાળવા લાગ્યા. બીજી બેલ થતાં સુધીમાં તો દરેક જણા હાજર થઈ ગયા. તાલીમ લેવાવી શરૂ થઇ. કંપનીનો નવો નાંખેલો ખેલ ઉર્વશી ત્રીજેજ શનિવારે નરમ પડી ગયો હતો; જો કે માલીકે સીન સીનેરી પાછળ હદબહાર ખર્ચ કર્યો હતો; પણ ખેલ નિષ્ફળ જવાથી મન કચવાતું હતું; આથી મધુકરે કાંક નવીન સુધારો વધારો કરી ખેલ આકર્ષક બનાવવાની ખાસ વ્યવસ્થા કરવાની શરૂ કરી હતી. તાલીમ શરૂ થતાંજ મધુકરે ભાષણ બોલવાની તથા શબ્દ ઉપર ભાર દેવાંની તદન નવીન ઢબ આ કંપનીમાં શરૂ કરી. ટેબલાઓ તદ્દન નવીન પ્રકારથી પ્રવેશના અંતમાં ગોઠવવા શરૂ કર્યા; ડ્રેસમાં પણ કેટલાક ફેરફાર કરાવ્યા. સંગીતમાં પણ કેટલાક

સુધારા વધારા કર્યા. વધારામાં દીલરૂબા નવું દાખલ કરાવ્યું. ડમ્બ એક્ટીંગ અને કલાવિધાનના કેટલાક નવીન પ્રયોગ એક્ટરોને બતાવ્યા. ઉર્વશી અને પુરૂરવાનો પાર્ટ કરનાર એક્ટરને કેટલીક નવીનતા ગંભીરતા અને સ્ટાઇલીશ એક્ટીંગ બતાવી. ઉર્વશીનું કામ કરનાર આ કંપનીમાં ખાસ એક એક્ટ્રેસ હતી, તે એક્ટ્રેસને વધારે અભિનય બતાવવા સારૂ તેને ખાસ પોતાની રૂમમાં તાલીમ ખલાસ થયા પછી આવવાનું કહ્યું !! પુરૂરવા પાર્ટ કરનાર એક્ટરને ખાસ કવિ કાલીદાસના અસલ સંસ્કૃત શ્લોક મોંઢે કરવાના બતાવ્યા અને તેના અભિનયને વાસ્તે તેને પણ ખાસ તાલીમ ખલાસ થયા બાદ મળવાનો ટાઇમ આપ્યો; આ પ્રમાણે પ્રથમ અંકમાં કેટલાક સુધારા કર્યા, અને ત્રીજા અંકમાં ટેબ્લો ગોઠવરાવ્યા. હેન્ડબીલ લખવામાં પણ કેટલાક આકર્ષક સુધારા કરી ખાસ નવાં હેન્ડબીલો છપાવી સાંજના બજારમાં વહેંચાવરાવ્યાં, એકંદર જેટલી થઇ શકે તેટલી વ્યવસ્થા કરી. અને તાલીમ ખલાસ કરી સ્ટેજની વ્યવસ્થા કરવા માંડી. શેઠ ઉત્સાહી ડાયરેક્ટરનું ઉત્સાહ ભર્યું કાર્ય જોઈ આનંદ પામ્યા અને આવકમાં કાંક વધારો થશે એમ માની આશાતરંગમાં નાચવા લાગ્યા. સીનેરીખાતાવાળાને એકઠા કરી કેટલાક સીનના ફેરફાર કરાવ્યા. લાઈટખાતાવાળાને પણ કેટલીક અગત્યની સૂચના આપી. તાલીમમાસ્તર કરૂણાશંકરને બોલાવી બે સારા છોકરા પાસે તદ્દન નવીન ઢબનો મુંગો સરગમનો નાચ તૈયાર કરવાની આજ્ઞા આપી. ખેલની શરૂઆતમાં ત્રણ પડદા ખાલી સરગમ સાથે ઉપડાવવાની યોજના કરી. માલેકને બોલાવી

કોઈ પણ માણસ અમલદાર કે પોલીસખાતાના નોકરને વગર ટીકીટે દાખલ કરવાની મના કરાવશાવી. શેઠે આ બાબત સારૂ અમલદાર વર્ગનો ભય બતાવ્યો, તે ભય પોતાના માથે વ્હોરી તેની મરજી પ્રમાણે ખાસ વ્યવસ્થા કરવાનું સૂચવી, મધુકર એકટ્રેસને કેળવવા સારૂ પોતાની રૂમમાં ગયો. આપેલ ટાઈમ બરાબર થતાં એકટ્રેસ ઉર્મીલા મધુકરની રૂમ આગળ હાજર થઈ. મધુકર પણ પોતાનો કોટ ઉતારી આરામચેરમાં પડી નાટકના વિચારમાં તલ્લીન થયો. બરાબર ટાઇમ થતાંજ રૂમ ઉઘાડી ઉર્મીલાને અંદર દાખલ કરી.

"ઉર્મીલા આખા નાટકની કીર્તી તારા અભિનય ઉપર રહેલી છે; માટે રાતના બરાબર ઉત્સાહથી કાર્ય કરજે. ભાષણ સ્પષ્ટતાથી ધીમે ધીમે ભાર દઈ બોલવું; ગાયન ધીમા સુરથી તાલબંધ ગાવાં. તમારા આગલા ગટરકલાસ તાન પલટાનસ રાગડા કહાડવા આજથી ભુલી જજો. હવેથી તમારા કાર્યની કદર પણ સારી થશે અને પ્રમોશન સંબંધી પણ વિચાર કરવામાં આવશે."

"સાહેબ મને ખાત્રી છે કે હવે કંપનીનો ઉદય પાસે છે. આપની નીમણોકથી અમારા ભાગ્યનો ઉદય થયો છે. હું તો ગરીબ પરવર આપની તાબેદાર છું. મારા પર દયા રાખવી એ તમારી ખાનદાની છે. લુંડી લાયક કોઈ પણ જાતની કામસેવા હોય તે કહેતાં અચકાવું નહીં. હું તો હવે આપના ચરણની ઉપાસક છું."

"ઉર્મીલા જો તું તન દઇને કામ કરીશ તો તારો ઉદય

થશે. તારૂં ભવિષ્ય ઘણુંજ આશા ભર્યું થશે. ગુજરાતી સ્ત્રી એક્ટ્રેસમાં તારૂં નામ પ્રથમ આવશે. જો બીજા અંકમાં પુરૂરવા સાથેનો તારો ત્રીજો પ્રવેશ ખુબ ધ્યાનથી વાંચી તૈયાર કરવો. અદાભાવ, અભિનય, ચાલવાની છટા, ભાષણે ભાષણે મુખમુદ્રા બદલવાની ખુબી અને નાટકની કેરેક્ટર એ જેમ બને તેમ સારી રીતે બતાવવી.

"સીનેમાની ફીલમોમાં અંગ્રેજ લેડીઓ એકટ્રેસ તરીકે કેવી હાઈ કેરેકટર બતાવે છે! જરા પણ બીન જરૂરી હાથના લહેકા આંખના પલકારા કે કુદમકુદા બીલકુલ કરતી નથી. ફક્ત કેરેકટરથી ઓડીઅન્સને પોતાની તરફ કેવી રીતે આકર્ષવું એજ તેઓ શીખે છે. સ્ટેજમાં પગ મુકયો કે તરત તાલીઓના અવાજથી માન પામવું, અને પાર્ટ પુરો કરી નેપથ્યમાં જવું કે તરત તાલીઓના અવાજથી સત્કાર અને આમંત્રણ લેવાં એજ તેઓ કેરેકટરની કીંમત ગણે છે. માલીક પાંચ રૂપીઆ પગાર વધતો આપે કે ઓછો આપે તેની તે દરકાર કરતી નથી; પણ પોતાના પાર્ટથી ટુંક વખતમાં પબ્લીકમાં નામના મેળવવાની ખાસ દરકાર રાખે છે. સમજી? જો હવે હું તને ખાસ કેટલીક નવીન કેરેક્ટર બતાવુ છું તેનું ધ્યાન આપ! જો પહેલા અંકના ચોથા સીનની કેરેકટર ટેબ્લા વખતે આ પ્રમાણે! જો લાસ્ટ સીન વખતે આ પ્રકારની ઉભા રહેવાની સ્ટાઇલ તારે રાખવી; જો બીજા અંકના પાંચમા સીનમાં લક્ષ્મીઆર્ટના ફોટા પ્રમાણે તારે કામ કરવાનું સમજી! અને ત્રીજા અંકના સાતમા પ્રવેશે આ સ્ટાઈલમાં શબવત્ ડમ્બ એકટીંગમાં સ્ટાઈલીશ

ફોર્મમાં ઉભા રહેવાનું સમજી ! જરા પણ કેરેકટરનો ભંગ ન થાય. હાથને એવી સફાઇથી સ્ટાઇલીશ ફોર્મમાં રાખવા કે જોનાર બે ઘડી અચંબામાં પડી જાય. મુખમુદ્રા, આંખો, શરીરની હલક, પાંપણુની પલક, અને મોંની મલક રૂશિયન લેડી આના પાવલોઆ માફક જેમ બતાવાય તેમ બતાવી ઓડીઅન્સની વાહવાહ મેળવવી ! હવે ફરી સુચના ન આપવી પડે !"

"બહુ સારૂ સાહેબ આજ તો મને નવું જીવન આપ્યું; હું આપની અધીક ઓશીંગણુ છું !"

"ઠીક ત્યારે ધ્યાન રાખજે ! ! શીખીશ તો તને લાભ છે, ભવિષ્યમાં કોક દીવસે પણુ મને યાદ કરીશ હોંકે ! !"

"સાહેબ આપને એક વખત મેં કહ્યું કે હુ આપની તાબેદાર નોકર છું ! !"

"ઑલરાઈટ ત્યારે જાઓ જઇને પાર્ટ કરો ! !"

"બહુ સારૂ સાહેબ ! !"

જતાં જતાં ઉર્મીલા નખરાં કરી મધુકરનું મન હરી ગઈ. મધુકર પણુ ઉર્મીલા ઉપર હ્રદયની અંદર પ્રસન્ન થઈ ઠરી ગયો. શરૂઆતના પ્રસંગમાં વિનય અને કેરેકટર સાચવી કામ લીધું, પણુ મગજની મસ્તી તેના કરતાં વધારે મસ્તીએ ચડવા માંડી; ઉર્મીલાના ગયા પછી પુરૂરવા પાર્ટ કરનાર એકટર દાખલ થયો; તેને પણુ કેટલીક નવીન પ્રકારની એકટીંગ ઉર્મીલા જેવી બતાવી અને ઉપદેશ આપ્યો. તાલીમ ખલાસ કરી મધુકર શેઠ જોડ ડૉકકાર્ટમાં બેસી ફરવા ગયો ! !

"મધુકરભાઈ જુઓ તમે હવે કંપનીનું એક અંગ થયા

તથા મારૂં અભ્યંતર થયા એટલે થોડીક વાત મારે તમને કહેવી જોઇએ; કેમકે અંદરનું રહસ્ય જાણ્યા વિના તમે જે કાર્ય કરો તેમાં મઝા આવે નહિ, માટે મારે જમાનાનો થોડાક ખ્યાલ આપવો જોઇએ!!"

"સાહેબ જે કાંઈ કહેવું હોય તે સુખેથી મને કહો! હું સાંભળવાને તૈયાર છું. તમે ગમે તેટલા પણ મારા શેઠ છો, કંપનીમાં માલેક છો, વયોવૃદ્ધ છો, જ્ઞાનવૃદ્ધ છો અને અનુભવમાં પણ વૃદ્ધ છો!! કોઈ પણ કાર્યનું હારદ જાણ્યા સિવાય કાર્યની ખીલવણી થઇ શકે નહિ માટે ખુલાસાથી કહો!!"

"જુઓ ત્યારે સાંભળો! જમાનાની મોંઘવારી, માલની અછત અને નાણાની તંગી એનો સવાલ તથા મુશીબત તમારી ધ્યાન બહાર નહિ હોય!! સ્ટેજનાં ભાડાં માલેકનાં ઘરબાર તથા ગરાસ હરાજ કરે તેવાં થયાં છે. પહેલાં સ્ટેજ બસો ત્રણસોના માસીક ભાડાથી મળતાં હતાં. હવે ભાડાના સાતસે આઠસે થાય છે. લાઈટખાતુ પ્રથમ વોલન્ટરી હતું, પણ હવે કમ્પલસરી થવાથી તેનું ખર્ચ થાય તે જુદુ!! એકટરોનો પગાર હાલમાં વધીને દશ ઘણો થયો છે. પહેલાં સારામાં સારા પાત્રને પંદર રૂપીઆ આપતા અને તેની દશ પંદર વરસની નોકરીની કદર કરી તેને ત્રીશથી ચાલીસ સુધી લઈ જતા હતા, એટલે જયજયકાર થઈ જતો હતો. હાલમાં સારા એકટરનો પગાર શરૂઆતથી પચાસનો કરી દોઢસો સુધી લઈ જવો પડે છે; તેમાંએ સ્રીપાઠ કરનાર એકટરને તો જીવ સટોસટ જાળવવાં પડે છે; એકટર સંગાથે એકટરના

આશકા પાણી ભરા અને મોં જોયા મવાલીઓને જાળવવા પડે છે તે જુદા. એકટર લાવી આપનાર દલાલોને કમીશન તથા વટાવ આપવો પડે એ જુદો, અને સરપાવમાં ઓરચેસ્ટ્રાની ખુરશીઓ ભાગે તે નફામાં, અને વારતહેવારે આવી કંપનીમાં જમી જાય તેનો તો હીસાબજ નહિ, અને મફતની ચાહ ટટ-કાવી જાય તેનું તો નામજ નહિ લેવાનું ! જો એકટર સ્ત્રી હોય અનેં તેના આશકા મવાલીઓ બનતા હોય તો જુદી વાત છે, પણ છોકરાના આશકા બની માલિકની કંપનીમાં ચાલુ ખેલે રાતે મધરાતે અને ધોળે દીવસે ધાડ પાડી ભંજવાડ કરી મુકે છે; આ પ્રમાણે તકલીફનું બ્યાન કરતાં સાહેબને જણાવું છું કે એકટરખાતાનો પગાર પહેલાં દર માસે ત્રણસોથી પાંચસે સુધીમાં ચુકવાતો હતો; તેનો અત્યારે વધીને પંદરસોથી સોળસે સુધીમાં ચુકવાય છે. તેમાં ટીંચરપાણી, ચીંન ચીંન કમીશન અને બબ્બાની બાટલી તથા કક્કાનાં પડીકાં એનો ખર્ચ જુદો. ભોજનખર્ચ જે પહેલાં ચારસોમાં નભતું હતું તે અત્યારે આઠસેથી હજારમાં નભાવાય છે. સીનેરીખાતુ અને લાઈટખાતુ જે દરમાસે પચાશ સોમાં નભતું હતું તે હાલમાં બસોથી ત્રણસોના ખર્ચમાં નભાવાય છે, અને પ્લેખાતુ જે નવાં નાટકો સારા લેખકોનાં દોઢસોથી અઢીસે સુધીમાં મળતાં હતાં તે હાલમાં સાતસેથી હજારનાં થઈ ગયાં છે. ખેલ પાસ થયા પછી આપવાની બેનીફાઇટ નાઈટ અરે માલીકની ચામડી ટાઇટ નાઈટ તેની તો વાતજ શી કરવી, આ પ્રમાણે એક સારી કંપનીને મુંબાઇ સિવાય ગુજરાત કાઠીઆ-વાડના શહેરોમાં ફરવાનો માસિક ખર્ચ પહેલાં જે બારસોથી

અઢારસો સુધીમાં થતો હતો તેનો હાલમાં ત્રણથી ચાર હજાર સુધીનો થયો છે, તેમાં જો કોઇ શહેરમાં સામસામી બે ત્રણ કંપનીનો ભેટો થયો તો માલીકનાં લુગડાં વેચાયાં સમજવાં, ચાર આનાની ટીકીટ આના આનાથી માંડી દોઢીએ દોઢીએ હરાજ કરવાનો વખત આવે; એક નવો ખેલ તખતા ઉપર મુકવો હોય તો પહેલા બારસોથી માંડીને બે હજારનું ખર્ચ કરી સારી રીતે મુકી શકાતો હતો તેનો હાલમાં ખર્ચ પાંચથી માંડી આઠ નવ હજાર સુધીનો થયો છે. આમાં જો કસર થઇ તો ખેલ તરત ઉડી ગયોજ સમજવો. આ પ્રમાણે મારા મહેરબાન મેં તમને નાટકના તખતાની વાત કહી; હવે માલિકની છાતીના તખતાની વાત હું તમને ખાસ કહું. જુઓ સાંભળો, આવકનો ટાઇમ તો પહેલાં અને હાલનો લગભગ એક સરખોજ રહ્યો છે; બલકે કાંક વધ્યો છે કહીએ તો તેમાં ખોટું નથી. જુઓ સારા પાસ થએલા ખેલના ગુરૂવાર અને પ્રથમના બે શનિવાર સુધીની આવક માંડીએ તો ગુરૂના ચારસે અને પહેલા શનિવારના સાતસે અને બીજાના પાંચસે એટલે સોળસેમાં નવો ખેલ સમાઈ જાય અને ત્યાર બાદના શનિવારના અઢીસેથી ત્રણસોના આંકડા મુકી દેવા! આ આંકડા પાસ થએલા ખેલના સમજવા; ઉડી ગએલા ખેલના પચાસથી માંડી પરાણે પોણોસો સુધીના સમજવા. હવે જે સોમવાર અને બુધવાર રહ્યા તેની આવકના ચાળીસથી પોણોસો સુધીના સમજી લેવા તે પણ સારા ખેલના બાકી પંદરથી પાંત્રીસ સમજવા. આ પ્રમાણે આવક ખાતાનો અટસટો મેં તમને સમજાવ્યો; સારી કંપની અને સારા ખેલવાળી કંપનીની માસિક

આતક પંદરસોથી સોળસે સુધીની સમજવી અને ખર્ચ ત્રણ હજાર સુધીનું સમજવું; અર્થાત દર મહીને સારી કંપનીને હાલના ટાઈમમાં પંદરસો સોળસોની ખાધજ સમજવી; આ ઉપરાંત નવા ખેલનું ખર્ચ રેલ્વે ફેર અને સત્તાધારી ખાતાઓની કનડગત તેનો હીસાબ તમારે મનમાં સમજી લેવો. આવક કંપનીનું પૂન્ય હોય અને મુંબાઇ કે કરાંચીમાં સારો ચાન્સ આવે તો કંપની આખા વરસની ખાધ પુરી કરી ચાર પાંચ વરસનો વધુ આવરદા મેળવી શકે બાકી ભરદરીયામાં મુસાફરી કરતાં નાવના જેવી ડાલંડાલા સ્થિતી રહ્યા કરે; આની પાઘડી આને માથે અને આની આને માથે; ફલાણા શેઠને ત્યાં કંપની ગીરો મુકી અને ફલાણાને ત્યાં સ્ટેજ લખી આપ્યું; ફલાણે ઠેકાણેથી રૂપીઆ ઉપાડી ફલાણાને ત્યાંથી કંપની છોડાવી અને ફલાણાને ત્યાં મુકી. આ પ્રમાણેજ વ્યવહાર નભ્યો જાય. મારા મહેરબાન ! આ હૈયાની હોળી તમને કહી બતાવી; અધુરામાં પુરૂં સીનેમાનો રાફડો ફાટયો તેનો ફટકો એ કંપનીઓને લાગવા માંડયો, કહો મારા અપટુડેટ ડાયરેકટર સાહેબ હવે કંપનીને કઇ ડાયરેક્ષનમાં કામ કરવું તે બતાવો; કોના લાવવા કયાંથી લાવવા અને કોને આપવા તથા કોને મનાવવા તે નાટક શેતરંજના દાવ મને શીખવાડો હું તો ગભરાઈ ગયો; ગળા સુધી બુડી ગયો, મારી ત્રણ પેઢીના ગરાસ વજીફા અને મીલકત આ મારી ડાકણ ચુડેલ કંપની હજમ કરી ગઈ; છતાં પણ એ ભગવાન તો ભૂખ્યાને ભૂખ્યાજ રહ્યા. આ દુનિયાના દેખાવનું સુખ દુઃખ રહ્યું.

હવે નાટકકારનું અંતરગુપ્ત દુઃખ તમને કહું છું તે સાંભળો. આ સારા સારા દેખાવડા ગબરૂ ગુલાબ જેવા એકટરો તમે જુઓ છો, અને જેને તમે નાટકના થાંભલા માનો છો અને વખતે આવકખાતાની કામધેનુ ગાયો માનો છો તે ગાયો નથી ગબરૂ ગુલાબ નથી, થાંભલા નથી પણ નાટકકારનું રાતદિવસ લોહી ચુસી ખાનારા માંકડ છે, નાટકમાં પ્લેગ ઉત્પન્ન કરનારા ચાંચડ છે, આવકને હજમ કરી જનારા પાડા સાંઢ છે, કંપનીને એક મીનીટમાં હરાજી કરનારા કાંધીઆ કસાઇઓ છે અને નાટકકારનાં હાડ ચામ ચુસી ખાનારા બોડા માથાના ખટીસો છે. આ વિશેષણો કોઈ પણ ઘણા વખતનો અનુભવી ઠરેલ અને મારા જેવો ઘરડો પુરાણો નાટકકાર ખચીત બે હાથ જોડીને આપશે અને એકટરના નામને નવસે નમસ્કાર નવ ગજના નવ ગાઉ દુર ઉભો રહીને કરશે; શું કરીએ મહેરબાન એકટર અને નાટકકારનો સંબંધ ભાયડા બાયડીના લગ્ન જેવો થયો છે, તેમાંએ નાતરીયો નહિ પણ ચુડો ભાગી ખુણો પાળવાનો થયો છે, તે મરતાં જીવતાં જ્યાં સુધી ઘંટડી વાગી પડદો નીચે પડે અને ઉંચે ચડે ત્યાં સુધી રાખ્યા સિવાય છુટકોજ ન થાય સમજ્યા કે સાહેબ!! હવે એકટર્સ વર્ગ અને તેમાંએ ઉંચી બુદ્ધિના બેવકુફ નંબર વન અને કોમન બુદ્ધિના બેવકુફ નંબર ટુ એટલે ચીફ પાર્ટ કરનાર અને, કંપનીના જુના અને જામેલા અર્થાત્ માલેકનું અંતર અને પેટ જાણનારા નંબરી માણસો જ્યારે ભોગજોગે પગારનો કાંઇ વાંધો પડયો કે કાંઇ નવા ખેલ વખતે પાર્ટ સારૂ ઠપકો દીધો અગર શીખામણની

બચુડીઆ લઈ રાતોરાંતનો દરોડો પાડી કંપનીમાંથી નાઠા, નાઠા એટલે શું ? તો કંપનીના માલીકના માથામાં લાત મારી ટાંટીઆ ભાંગી નાંખી કંપનીને બે વરસ પાછી પાડી ભાગી જાય, જોડે લાગ આવે તો કંપનીના દુશ્મનોને મળી કંપની પર ટાંચ લાવે અને તેની હરાજી કરાવરાવે અગર નવી કંપની ઉભી કરી જુની કંપનીના સામા આવી માલેકની ટીચકારીઓ કરે ! મારા મહેરબાન મેં તમને નાટક કંપનીનું આ અંતર અને નવીન નાટક કહી સંભળાવ્યું ! હવે આ બધી બાબતો પર તમારે ખાસ ધ્યાન આપવું અને જમાનો જોવો તથા કામદાર વર્ગની કસોટી કરી માલેકને આવક જાવકના ખાતામાં ઉતારવો. જુઓ મેં તમને ધંધાનું ગુપત અને ઉત્તમ રહસ્ય કહી સંભળાવ્યું. હવે હાલમાં મારૂં મગજ કામથી ભરાઈ ગયું છે માટે પંદર દિવસ વાત કહી કે તરતજ રીસાયા. રીસાયા એટલે શું કે તે નંબરી માણસો પોતાની જોડે દશ દશના ગુલાબ ગબરૂ બુલબુલના સુધી હું હવાફેર સારૂ માથેરાન જાઉં છું. તમે તમારી મેળે એક અઠવાડીયામાં બધો કારભાર તપાસી લ્યો અને તમામ કંપનીનો ચાર્જ હાથમાં લઈ મને આરામ આપો એજ મારી તમને વિનંતિ છે. મહેરબાન સારા ચાલાક અને ઉત્સાહી ડાયરેક્ટર પ્રત્યે એક મોભાદાર કંપનીના ઘરડા અને પેનશન લેવાને લાયક થયેલા જઈફ પ્રોપ્રાયેટર માલીકની માગણી છે સમજ્યા હવે ! સુજ્ઞેષુ કિં બહુના !!”

“ચાલો હું પણ પરમેશ્વરનો ઉપકાર માનું છું કે મને તમારા જેવા પોલીટીકલ અને એક્સપીરીઇન્સ હેન્ડરૂપ માલેકનો

શેઠા કસણ્યો. નાટકનું અંતર નાટક પણુ માસ જેવા નવા થતા ડાયરેક્ટરે જાણવાની ખાસ જરૂર હતી તે આજ તમે કહી સંભ- ળાવ્યું એ પણ આનંદની વાત છે. થીઓરીકલ નાટકનો આઈડીઆ તમારાથી મળ્યો અને પ્રેકટીકલ આઇડીઆ હવે સ્ટેજ આપશે. શેઠ તમે હવે બેફીકર રહેજો, નચીંત રહેજો જેમ બનશે તેમ તમને અને કંપનીને ઓછી મુશ્કેલીમાં મૂકીશું. જવાબદારી અને જરૂરીઆત જે જન બરાબર સમજે છે તેજ આ જગતમાં પોતાનો ધંધો સારી રીતે ચલાવી શકે છે! તેની અધિકતા અને ન્યુનતા એજ તેની આવડત અને અનઆવડત કહેવાય. અધીકતામાં ઈનકમ આવક અને ન્યુનતામાં એક્ષ્સપેન્સ જાવક સમાએલી છે. દુનિયામાં નોકરી કરવી તો સારા કદરદાન માલેકની કરવી!! બેકદર માલેકની નોકરી એ નોકરી નહિ પણ વેઠ કરી કહે- વાય છે અને તેમાં બંને પક્ષને નુકશાન થાય છે માટે નવ કરી હોય તો કરી જાણો એ કહેવતવાળી નોકરી કદરદાનની કરવા- માંજ કુશળતા રહેલી છે માટે હું પણ ઈશ્વરનો આભાર માનું છું કે મને તમે કદરદાન માલેક મળ્યા. મારા કાર્યની કદર અને કસોટી તમે સારી રીતે જોઈ શકશો. આથી મને કાર્ય કરવાની તક મળી! નેસેસીટી અને રીસપો-સીબીલીટી જરૂરીઆત અને જવાબદારી એ બંને વસ્તુને મારે બે હાથમાં રાખીનેજ કામ કરવાનું છે માટે શેઠ હવે તમે સો મણ રૂની તળાઈમાં સૂઇ રહો, અને જ્યાં તમને આનંદ મળે તે સ્થળે સુખેથી જાઓ અને દીલને બહેલાવો!!”

“મધુકરભાઈ હવે મને જે આનંદ થયો છે તે અંતરનો

થયો છે; મારૂં હૃદય તમે સારી રીતે સમજ્યા છો. હું ઘણા દીવસથી ડાયરેકટરની શોધમાં હતો; મારી કંપનીમાં ડાયરેકટરની નોકરી કરવા નવાણું જણા આવી ગયા હશે અને એ નવાણું જણા નવાણું દીવસ સુધી પણ ચાર્જ ભોગવવા રહ્યા નથી; એનું કારણ એજ કે તેમની અન આવડત ! જે કોઇ આવે તે ડાયરેકટર ડાયરેકટર એ શબ્દ બોલી આખો દીવસ ધમાલ મચાવી મુકે પણ એકે જણે ડાયરેકટરની જવાબદારી અને જરૂરીઆતનો વિચાર ન કરે; એ નવાણુંમાં તમે સોમા છો, પણ એક રત્ન છો, તમે સારી રીતે જમાનો સમજો છો; ધંધાના દાવપેચ ખામી અને ખુબી તે સો તમારામાં છે; એથી મને કાંઇક વધારે સારી આશા રહે છે કે તમે કંપનીને સારી સ્ટેબીલીટી પાયા ઉપર લઈ જશો ! હું પણ માણસને ઓળખવાવાળો છું. માણસની માણસાઈ શામાં છે તે સારી રીતે સમજી શકુછું. માટે તમે બેધડક બેફીકર રહી કામ કરો અને આનંદે ફરો !”

“શેઠ પહેલાં મારે કાને એવો અવાજ આવ્યો હતો કે સૌરાષ્ટ્ર નાટક કંપનીના માલેક મી. ચીંથરીઆ જબરા કાવા દાવા વાળા દાવપેચી ખટપટીઆ ખુશામતીઆ, મોઢે મીઠું બોલનારા વચનની સાકર વાપરવાવાળા કુણીએ મધ લગાડી કાર્ય સાધી લેનારા કેવળ સ્વાર્થ પરાયણ અને લોભીયા, ગરજાઉ અને હુંશિયાર છે; પણ મને જેમ આપનાં દર્શન થયાં, મુખનાં વચન સાંભળ્યાં અને સ્ટેજનો વહીવટ જોયો એટલે ખાત્રી થઇ કે દુનિયામાં એક એવા નિંદાખોર અને અદેખા નાટકના દુશ્મનો વસે છે કે ફક્ત બુજ કારણસર ગમે તેવા નાટકકારને જગતની

બત્રીશીમાં ચડાવી સારો નરસો કહી શકે છે અને કહેવરાવી શકે છે. કહેનારામાં ઘણે ભાગે ધીખતા ધંધાદારીઓ જેવા કે હોટલના માલીકો, સીલાઇ ખાતાના માલીકો કંપનીને નવડા ઉપર મીંડાં અને એકડા લખી ધીરનારા અને ધીરાવનારા વ્યાપારીઓ, લે ભાગુ લેખકો અને સુધારાના પતંગીઆઓ અને વગર જોખમદારીની જવાબદારીઓ ધરાવનારા કમીશન ખાઉ લ્હેરી લાલાઓ સૌ સમાઈ જાય છે. શેઠ તમે મારી કસોટીમાં નેશનલ બેન્કની પાટ ઉતર્યા છો માટે એ નિશ્ચય સમજજો કે આ મધુકરનો પ્રાણ મી. ચીંથરીઆ શેઠના જીવન જોડેજ જોડાએલો છે !"

"શાબાશ શાબાશ મધુકર હું તમને જોઈ ખુબ ખુશ થયો છું. તમારા મુખની અમૃત સમાન વાણી સાંભળી તમારા ઉપર ફીદા થઇ ગયો છું. તમને હું મારૂં તન મન અને ધન સમજુ છું. એકંદર તમે આ ચીંથરીઆ શેઠના શરીરનું કલેજુ છો લીવર છો. મને પણ તમારા વાસ્તે એકાદ બે અઠવાડીઆ અગાઉ તમે કહ્યા તેવા આશકા વર્ગે તમારા સંબંધી મારા મગજમાં એવું ભરાવ્યું હતું કે મધુકર સુધારાનો ચુસ્ત હીમાયતી, હડહડતુ ફેશનનું પુદુ જમાનાનો ઉખડેલ, ખટપટીઓ, દરેક બંદરનો વ્યાપારી, માથાનો ફરેલ વિફરેલ ઘડીમાં બાજી સુધારી નાંખે અને ઘડીમાં બગાડી નાંખે એવો ચકરમ મગજ વાળો છે. સીધો ઉતરે તો સુધારી નાંખે અને વાંકો ઉતરે તો ધુળધાણી કરી નાંખે એવો ઉસ્તાદ તાલબાજ કડકો અને લુખો માસ્તર છે, પણ મને જેમ તમારો અનુભવ અને મેળાપ થયો

કે ખાત્રી થઈ કે દુનિયા જખ મારે છે, દોરંગી છે, રાજા રામની ન થઈ તો મારી અને મધુકરની શી રીતે થશે ? હવે તો મારી અને તમારી સરખાસરખી જોડી મળી છે. આપણે બંને જણા દીલ્લી અને ચીનના નામચીન ઉમરાવજાદા છીએ. હવે મારો આનંદ મારા અંતરમાં સમાતો નથી. ચાલો હવે વખત વધારે વ્યતીત થયો છે, વળી શનિવારનો ખેલ છે એટલે ઝટ થીએટર ભણી વળીએ."

"હા ચાલો શેઠ આજ લેઇટ વધારે થયું છે."

આ પ્રમાણે કહી તરતજ શેઠ અને મધુકર ગાડી ઝડપબંધ હંકાવી નાટકશાળામાં આવ્યા. બંને જણા ઝડપથી કપડાં ઉતારી રસોડામાં દાખલ થઈ ગયા. જોતજોતામાં જમી પરવારી બંને જણા ટીકીટ ઓફીસ આગળ આરામચેર નંખાવી આરામ લેવા લાગ્યા. સ્ટેજનો ટાઇમ થતાં લાઈટ સળગાવ્યો; ટીકીટ ઑફીસ ઉઘડી ડોરકીપરો પણ ધીમે ધીમે આવવા લાગ્યા; ઑફીસ આગળ પણ તમાશગીર પ્રેક્ષકોની ગીરદી થવા લાગી. આજના હેન્ડબીલના સુધારા વધારાથી કાંક ખેલ સારો ભજવાશે એમ ધારી પ્રેક્ષક વર્ગ સૌરાંષ્ટ્ર નાટક કંપની ભણી સારી રીતે વળ્યો હતો. નવ થતાં થતાં તો ઑફીસ આગળ લોકોની જબરી ધમાલ થઈ; છેવટે મધુકરે શેઠના આગ્રહથી દરવાજો ઉઘડાવ્યો અને ઓડીઅન્સ. સ્ટેજમાં દાખલ કર્યું. શેઠ હમેશાં દરવાજો સાડા આઠે ખોલાવતા હતા, અને મધુકરે ઑફીસ આગળ લોકોને એકઠા કરી રસ્તે જતા આવતા લોકોનાં મન આકર્ષણ કરવા સારૂ દરવાજો બરાબર નવ વાગે ખોલાવરાવ્યો. શેઠને પણ પ્રેક્ષ-

કોની ધમાલ જોઇ અંતરમાં આનંદ થયો. નવ અને સવાનવના અમલના અરસામાં ખુદાબખસ-પરમેશ્વરીઆ-કંપનીના સ્નેહીઓ આવી ઓરચેસ્ટ્રાની ખુરશીઓ તોડી નાંખે છે અને અંદર અંદર માલીક તથા કંપનીની ખોદણી કરી નવીન આવનાર પ્રેક્ષકો સમક્ષ કંપનીની બદબોઇ કરે છે. પરમેશ્વરીઆ નાટકના આશકોઓના આવવાની તક વિચારી મી. ચીંથરીઆએ સ્ટેજમાં જવા વિચાર કર્યો !

"ઠ્યો મધુકરભાઈ હુવે બધી મેનેજમેંટ કરજો, હું સ્ટેજમાં જાઉં છું !"

"બેસો બેસો શેઠ જવાય છે ! જરા ઓડીઅન્સનો રંગ તો જુઓ !"

"હું શું રંગ જોઉં ! હમણાં મફતીયા માંખણીઆ મફતદાસો નાટક જોવા આવશે !"

"ઓલરાઈટ નેવર માઇન્ડ હું છુંને ! તમારે તેની તલમાત્ર પણ ચિંતા ન કરવી !"

"આંખે આંખ મળી જાય તો શરમમાં જવું પડે !"

"શરમ, ધંધામાં આડી આવતી હોય તો ધંધો કરવો મુકી દો ! વેપારે શરમ રાખવી નહીં, હીસાબે કોડી લેવી સાહી એ સૂત્ર ભૂલી ગયા ?"

"એ શરમના સૂત્રમાંથી તો મફતદાસનાં લાંબાં દોરડાં બનાવ્યાં; અને એ દોરડાંથીજ આટલા દીવસ સુધી કંપનીના પડદા આસમાનમાં ચઢાવ્યા અને જમીન પર નીચે ઉતાર્યા !"

"તો પછી નિકટના એવા સ્નેહીઓ હોય તો તેમને

દાખલ કર્યા. તેમનો ભાર શું કંપનીને ભારે પડે તેમ છે!"

"ડાયરેકટર સાહેબ નાટકવાળાની દુનિયામાં અવળી ગતિ છે. તમે બધા જમીન પર પગ મુકીને ચાલો છો; અને અમે નાટકવાળા માથું જમીન પર મુકી પગ આસમાનમાં ઉંચા રાખીને ચાલીએ છીએ! તમે બધા કાળજુ બદનમાં રાખી ફરો છો, અને અમે કાળજુ અમારા વતનના જુના ઘરના મોભે બાંધીને દેશ પરદેશ મુસાફરી કરીએ છીએ! નાટકકારોની ગતિ એક હરી, ભગવાન સિવાય બાંજો કોઈ જાણી શકે તેમ નથી. દુનિયા બધી જાગે ત્યારે અમારે સૂવું પડે, અને દુનિયા બધી સૂવે ત્યારે અમારે જાગવું પડે! બધા હસે ત્યારે અમે રોઇએ, અને બધા રૂએ ત્યારે અમે હસીએ! એવો અમારો ચુડેલનો અવળો ઘાટ છે!"

"તો પછી જેવો સમય તેવી વાત કરો નહિં તો આંખ આડા કાન કરી અગીઆરા માપી જાઓ!"

"હું હવે તમે સમજ્યા; હું અગીઆરાજ માપવાનું કરતો હતો, પણ તમે બેસાર્યો ત્યારે હું બેઠો. હજુ જેમ જેમ દીવસ ઉપર દીવસ જશે, અને નાટકનું અનાજ તમારા પેટમાં જઈ તમારૂં બામણીયું લોહી નાટકીયું બની ફરતું થશે; ત્યારે તમે અને હું બંને એક મત થઈ જશું."

"શેઠ હું તો હજુ ઉછરતો યુવક છું. તમારા આગળ બાળક છું!"

"જુઓ મધુકર અમે નાટકવાળા બહાર બજારમાં ફરવા જઇએ ત્યારે અમારે જેમ એકટરો સાડા નવ વાગે સ્ટેજમાં વેશ

બદલે છે તેમ અમારે બજારમાં વેશ બદલવો પડે!! જીભ પર સાકર અને જીગરમાં કવીનાઈન લઇને ચાલવું પડે, આમ જો ન કરીએ તો અમે તરત મરી જઈએ!! આ બજારમાં ચાલતાં ચાલતાં જે કોઈ પડદાના સાડા નવની ઘંટડીના રણુકારાના સ્નેહીઓ મળે તેને ન છુટકે અને ઘણીજ દીલગીરી સાથે "ભાઈ આજ સાંજના જરૂર પધારજો.. મારા સમ જરૂર આવજો. બે ઘડી હળીમળી વાતચીત કરી આનંદ કરીશું. જરૂર જો જો ભૂલતા નહિ હોંકે!" આ પ્રમાણે વિશેષણો ઝખ મારી લગાડવાં પડે; હવે જો એ પડદાના પરમેશ્વરીઆ પધારે ત્યારે જો ઓડીઅન્સ સારૂ હોય અને સ્ટેજ પ્રેક્ષકોથી ઉભરાઈ જતું હોય તો તરત અગો તેમને દેખીને સ્ટેજમાં ડુબકી મારી જઇએ, અને ડોરકીપર પાસે કહેવરાવી દઇએ કે શેઠ ફરવા ગયા છે, હજુ આવ્યા નથી; આ પ્રમાણે ધક્કે વાત ચલાવી આંખ આડા કાન કરી દઇએ; વખતે એ પરમેશ્વરીઆનો ભેટો થઈ ગયો તો તરતજ તેમને ટીકીટ ઑફીસ આગળ ખુરશીમાં બેસાડી વાતે વાળીએ નહિ તો ડોર ઉપર ઉભા રાખી નાટકના ખેરખાં બનાવી શેતરંજ ખેલીએ, અને જો ઓડીઅન્સમાં કાગડા ઉડતા હોય તો તરતજ તેમને દાખલ કરી ઓડીઅન્સની શોભામાં વધારો કરીએ; હવે જો કોઈ સરકારી અમલદારખાતાના સ્નેહીઓ મળે તો તરતજ શીર ઝુકાવી ખેલનાં આમંત્રણ ઉપર આમંત્રણ આપીએ; પધારો મહેરબાન સાહેબ. જરૂર આવજો, કંપની તમારી છે. અમે તો તમારાં બચ્ચાં છીએ. જરૂર આવજો. સાહેબ કહો તો ઘર આગળ આપને તેડવા ગાડી મોકલાવું!! સાહેબ જો જો ભૂલી જતા નહિ.

જરૂર પધારજો." આ પ્રમાણે કહી અમારે અધિકારી આગળ વિદુષકનો વેશ ભજવવો પડે. જો આટલું કોમીક ન કરીએ તો તરત નાટકનું ચેટક થઈ જાય, અને બાજી બગડી જાય. હવે જો એ સિવાય કોઈ સિપાઈ સપરા, મ્યુનિસિપાલીટીના મહેતા કારકુનો અગર એવા કોઈ પરાણે મનાતા સ્નેહીઓ મળે તો તરતજ તેમને ઇંદ્રપુરી જોવાની લાલ લાલ ટીકીટો આપી રસ્તો માપવો પડે; ભલે પછી તેમને નાટકમાં દાખલ કરતાં ટીકીટનો રંગ ફેરફાર કરી અખાડા કરી જઇએ તો ચાલે. વળી અખાડામાં જો પકડાઈ ગયા તો તરતજ ડોરકીપરોને બે ચાર ઉપર ઉપરની સંભળાવી ઠપકો આપી નાટકીઆવેડા ચલાવી કામ કાઢી લેવું પડે, કહો સમજ્યા મારા મહેરબાન!"

"શેઠ સાહેબ તમે પણ એક જમાનાના જબરા ઉસ્તાદ અને રમકડારૂપ છો, અરે બાજીગર છો. જો તમે ધારો તો એક વાર જમાનાને જરૂર નચાવી શકો તેવા પ્રવીણ છો. હું મારાં ધન્યભાગ્ય માનું છું કે મારો તમારો સંબંધ થયો!! પરમેશ્વરે તમને અને મને ક્યાં બેસીને સાથે ઘડયા હશે?!"

"સ્વર્ગમાં દેવતાઓ સમક્ષ જ્યાં દેવાંગનાઓ ભરત મુનીનાં નાટક ભજવતી હશે તે સ્ટેજના ઓડીઅન્સના એક પાથરા પર બેસી ઘડયા છે, તે વિના તમારા મારા આવા સંસ્કાર જોડાય નહિ. ઠયો હવે હું જાઉં છું. તમે સંભાળ રાખજો!"

"મી. ચીંથરીઆ સાહેબ છે કે?"

"ના, ફરવા ગયા છે; હજુ સુધી આવ્યા નથી!"

"ક્યારે આવશે!"

"તે કહી ન શકાય!"

"તમે કોઈ નવા માણુસ જણાઓ છો!!"

"તમારે તેનું શું કામ છે?"

"અમારે ખેલ જોવા બેસવું છે!!"

"ટીકીટ લાવો!!"

"હું હંમેશનો આવનાર છું. શેઠનો સંબંધી છું!!"

"સંબંધ પણ નાટક જોવાને વાસ્તે તમે બાંધ્યો જણાય છે! તે વિના રાતના નવ વાગે સંબંધ શોધવા કોઇ સદ્‌ગૃહસ્થ બહાર નીકળે નહિ!!"

"ના મહેરબાન અમે તો રોજના મફત નાટક જોનારા છીએ શેઠના ખાસ સંબંધી છીએ!!"

"ત્યારે શેઠ આવે ત્યાં સુધી થોભી જાઓ!! જમાનામાં નાટકના શોખની પણ સીમા નથી. મફતનું નાટક કોક દીવસે શોખને ભૂલાવી રીસ્પેકટ આબરૂની ધૂળધાણી કરે છે એ વાત પણ તમારે ખાસ યાદ રાખવી મહેરબાન!"

"કેમ તમે કોણ છો?"

"હું કંપની પાસે નાણાંની રકમ માગનાર વ્યાપારી છું? શેઠ ક્યાં છે?"

"વ્યાપારીની ઉઘરાણી દીવાબત્તી થયા કેડે અને તે પણ રાતના નવ વાગે થાય એ પણ એક નવાઈ છે!!"

"સાહેબ આ નાટકની નવાઈ નથી પણ જમાનાની ભવાઈ છે! સામાનાં નાણાં લેવા અને વાયદા ખોટા કરવા; લેણદાર આંગણે આવે એટલે કેણદાર ઉભા રાખી નાટકીઆવેડા કરવા

એ શું ઓછી શરમ છે?"

"શરમ તો તમારે સમજવાની છે! નાટકવાળાને નાણું ધીરવાં અને પછી શરમ સાચવવી એ શી રીતે બને? શરમને તો તમે નાટકમાં વટાવો છો! ઉઘરાણીનું ફળ નાટકના ચાહમાં માનોછો, અને વ્યાજનો વટાવ નાટક જોવામાં માનો છો પછી વાંક કોનો? નાટકનો, નાટકકારનો કે નાટકવાળાને નાણું ધીરનારનો?"

"તમે કોક નવા માણસ નીમાએલા જણાઓ છો?"

"ત્યારેજ હું તમને કહું છું કે શેઠ જેમ ચાલતું હોય તેમ ચાલે, નકામો વાદ વિવાદ કરે બાજી બગડી જાય!"

"તમારા જેવા માણસની આ કંપનીમાં ખાસ જરૂર હતી. ચાલો મને પણ આજ આનંદ થયો! હવે કંપનીનું સુકાન સારા પ્રવીણ વહાણવટીના હાથમાં આવ્યું છે, કંપની હવે સારો નફો કરશે એમ આશા રહે છે!"

"જાઓ શેઠ પધારો અંદર! જ્યાં બેસવું હોય ત્યાં સુખેથી બેસો; જમાનામાં લેણદાર એક વગર અધીકારે ફોજદારી અને દીવાની બંને પાવર ભોગવે છે!"

"વાહ વાહ સાહેબ તમે પણ એક રત્ન છો!"

"દેવાની દુનિયા દાસ તે આનું નામ!"

આ પ્રમાણે વાતચીતના અમલમાં સાડા નવ થવા આવ્યા એટલે તરતજ તાલીમ માસ્તર મધુકર પાસે આવ્યો, અને ખેલ શરૂ કરવાને વાસ્તે ત્રીજી ઘંટડી વગાડવા સારૂ પૂછયું; મધુકરે શેઠને બોલાવરાવી ડૉર સોંપી પોતે સ્ટેજની વ્યવસ્થા સારૂ અંદર

ગયો. હાઉસ ચીકાર પ્રેક્ષકોથી ઉભરાઈ જતું હતું; શેઠને હાઉસ જોઇ હદ બહાર આનંદ થયો; ઓડીઅન્સ શી રીતે કબજે રાખવું તથા શાંતી શી રીતે વર્તાવવી તે એક ગુંચવાડો થઇ પડયો! સાડા નવ થતાં તો વીસલો ઉપર વીસલો વાગવા લાગી; તાળીઓ અને અવાજ ઉપર અવાજ થવા લાગ્યા; આખુ સ્ટેજ ધમાચકડીથી ધમધમી ઉઠયું; મધુકરે ઘંટડી કરી ઇલેકટ્રીક સ્વીચ હાથમાં રાખી બંદુકના બહાર સાથે ડ્રોપસીન ઉપાડયો, નવી વ્યવસ્થા પ્રમાણે ખાલી સરગમની ગત ઉપર આખો પડદો ડમ્બ એકટીંગના કળા વિધાનની યોજના મુજબ ઉપાડયો; બીજો પડદો પણ ફરી બંદુકના બે અવાજ સાથે ફુલ લાઇટના ભભકામાં ઉપાડયો; અને ત્રીજો ફ્લાટ બંદુકના બે અવાજ સાથે ફુલ લાઇટના ભભકામાં ઉપાડયો; નાન્દીમાં કાળીદાસ કવિ અને સરસ્વતી તથા ચેટીકાઓના વાદ વિવાદમાં તિલેસ્માતી સીન બતાવી નાટકની પરનાલિકા કાંઇ નવીન તરેહની ઢબથી શરૂ કરી હતી; પહેલા સીનમાંજ પ્રેક્ષકો તદલીન થઈ ગયા; નટીઓના હાવભાવ અને અદા તથા ખેમટાના તાળ દાદરા સાથેના ગાયને પ્રેક્ષકોને ખુબ રરંજન કર્યાં અને તે સીનના ત્રણ વાર વન્સમોર લઈ નાટકને ગજાવી મુકયું; બાદ ફ્લાટ ફાડી ગ્રાન્ડ ઓપનીંગ સીન હેમકુટ પર્વતના રમ્ય પ્રદેશનો મધુકરે બતાવરાવ્યો, અને ખેલને સારી રીતે ઉચકરાવી જોતજોતામાં વાહ વાહ કરાવી દીધી; આ પ્રમાણે દોઢ કલાકની રમત ગમ્મતમાં પ્રથમ અંક પુરો કર્યો; ઉર્વશીના લેડી પાત્રે તમાશગીરોને હદ ઉપરાંત રંજન કરી દીધા અને પુરૂરવાએ પણ સારો પાર્ટ કરી અંક ગજાવી મુકયો!

અંકની દશ મીનીટની રીસેસમાં શેઠ અંદર આવ્યા, અને એક્ટરોને શાબાસી અને ધન્યવાદ ઉપર ધન્યવાદ આપવા મંડી પડયા. મધુકરની પણ સારી રીતે તારીફ કરી તેને માંખણીઆ શબ્દોથી વધાવી લીધો. બીજો અંક શરૂ થયો; ઉર્વશીનો પાર્ટ ચાલતાં ઓડીઅન્સમાંથી વાહ વાહ મેરી જાન વાહ વાહ મેરી જાનના શબ્દો બોલાઈ રહ્યા; કેટલાક હરખઘેલા પ્રેક્ષકોએ પુષ્પના હાર તોરા લઈ સ્ટેજમાં ઉર્વશી પર ફેંકવા માંડયા; ત્યાં પ્રતિસ્પર્ધી કંપનીના એકાદ માણસે એક જુનું જોડુ હારમાં વીંટી ઉર્વશીની છાતીમાં માર્યું; હાર હેઠા પડયા અને જુનું બુટ પાલવના છેડા સાથે લપેટાઇ ગયું; આખા ઓડીઅન્સમાં હો હો મચી રહી. તરતજ મધુકર ગુસ્સામાંને ગુસ્સામાં ઓડીઅન્સ ચેક કરવા ગટરકલાસમાં ધસમસ્યો આવ્યો; મી. ચીંથરીઆ શેઠ પણ બાંહ્યો ચઢાવી ગાળોનો વરસાદ વરસાવતા ગટરકલાસમાં આવ્યા, ચોગરદમ પોલીસ પોલીસની બુમ પડી રહી, પોલીસ પણ દાઝની મારી આંખ આડા કાન કરી આઘી પાછી થઇ ગઈ; છેવટે કંપનીના ભૈયા તથા પઠાણને બોલાવરાવી જોડુ નાંખનાર સખસને પકડવાનો પ્રયત્ન આદર્યો; ગટરકલાસમાં મારા મારી શરૂ થઇ, તમાસગીરોએ જબરૂ હુલ્લડ મચાવરાવ્યું, શેઠે ડ્રાપસીન પાડી ખેલ બંધ કર્યો, મધુકરે ગટરકલાસવાળાઓને ધમકી આપી કે જોડુ નાંખનાર શખસને મારે હવાલે કરો નહીંતો ખેલ બંધ કરવામાં આવશે; આથી ઓડીઅન્સ ઉશ્કેરાઇ ગયું; અને જોતજોતામાં ચોગરદમ ડંડા ચાલવા લાગ્યા. એકાદ બે ઝનુની પ્રેક્ષકે ઝનુનમાં આવી એક ચપ્પુ કાઢી મી. ચીંથરીઆ શેઠનું નાક કાપી

લીધું, અને મધુકરના પેટમાં પણ ચપ્પુ ખોસી દીધું. સારે નસીબે ચપ્પુ પાટલુન તથા પટ્ટો હોવાથી પેટમાં વાગવું રહી ગયું, અને પટ્ટાનું ચામડું તથા પાકીટ કાપી અચકી રહ્યું. દીવાબતી બંધ થઈ ગયા, લાઈટ તોડી નાંખ્યા, અને ડ્રોપસીનનો પડદો પણ ફાડી નાંખ્યો, પ્રેક્ષકો સ્ટેજમાં ધસી ગયા અને જેમ આવે તેમ નાટકનો સરસામાન તોડી ફોડી નાંખ્યો, એક્ટરો ચીશ પાડી સ્ટેજમાંથી અંદર નાઠા, ઉર્મીલાને તાલીમ માસ્તરે ભોંયરામાં એક ઠેકાણે છુપાવી દીધી; પઠાણે મધુકર તથા શેઠને બાથમાં લઈ ભોંયરામાં ધકેલી દીધા, અને રંગભુમી ઉપર પ્રેક્ષકો તથા કંપનીના ડોરકીપરો ભૈયાઓ અને પઠાણો વચ્ચે ડંડાનું દ્વંદ્વયુદ્ધ થવા લાગ્યું, બે પોલીસનું અપમાન થવાથી પોલીસ આંખ મીંચી જેમ થાય તેમ ખરૂ એમ માની આઘીપાછી થઈ ગઈ, નાટકના પાસની મોંકાણમાં એક જબરૂ હુલ્લડ મચી રહ્યું, શેઠને ઈસ્પીતાલમાં લઈ ગયા, ત્યાં પણ પાસની મોંકાણે સારૂ કોઇએ દાદ ધરી નહિ, અને મધુકર તો આ હુલ્લડ જોઈ હદ બહાર ઉશ્કેરાઈ ગયો, અને લગભગ અરધો ગાંડા જેવો થઇ ગયો. રાતના દોઢ વાગતાં પોલીસસારજંટ અને ઈન્સ્પેકટર આવી પહોંચ્યા અને મહા મહા પ્રયત્ને હુલ્લડ શાંત કર્યું. અંધારાનો લાભ કંપનીના તમામ માણસોએ જેમ લેવાય તેમ લીધો; ચોર પણ ચોર બન્યા અને શાહુકાર પણ ચોર બન્યા. એક જુલમગાર અને દાવપેચી નાટકકારની કંપનીનો અંત અકસ્માત રીતે દાવપેચમાં આવ્યો, કંપનીનો સરસામાન જેમ લૂંટાય તેમ લોકોએ લૂંટયો. ટીકીટ ઑફીસમાં પણ પૈસાની પેટી ભાગી

પ્રેક્ષકો પૈસા લુંટી ગયા, મધુકર પણ ઘવાયો, ઉર્મિલાની પણ ઈજ્જત સ્ટેજ પર કોડીની થઈ અને શેઠ મી. ચીંથરીઆનું નાક ગયું, નાટક ભજવતાં નાક, સરસામાન અને આબરૂએ ત્રણે શેઠ ગુમાવી બેઠા, મધુકર પણ કંપનીના હાલહવાલ જોઈ શરમીંદો બની ગયો, અને રાતોરાત શેઠની રજા લઇ ઘેર ગયો; રાતના ત્રણ વાગે ઘરનાં કમાડ હચમચાવા લાગ્યો; કુસુમ જાગી અને એકદમ બેબાકળી બની દોડતી આવી બારણાં ઉઘાડયાં અને મધુકરને ઘરમાં લીધો, મધુકર કુસુમના ટેકાથી માંડ માંડ નીસરણી ચડી મેડે ગયો, અને એક કોચ પર પરાણે બેઠો ત્યાં કુસુમ ગાભરી બની ગઈ, અને તેનું પાટલુન લોહીના ડાઘાવાળું જોઇ ગભરાઈ ગઇ, તેના કપાળમાં પણ ચાર પાંચ ડંડા વાગેલા હોવાથી મોટાં ઢીમણાં થયાં હતાં, તથા મધુકર પણ ગડદા અને પાંસળીતોડ ઠોંસાથી લગભગ અધમુઓ મરણતોલ થઈ ગયો હતો, કુસુમે તેની આસનાવાસના કરી ધીમે ધીમે ખબર પૂછવા માંડી, ખબર કહેતાં કહેતાં મધુકરની આંખમાં આંસુ આવી ગયાં, બંને દંપતિ થોડીક વાર સુધી ડુસકાં ઉપર ડુસકાં ખાવા લાગ્યાં, છેવટે પરાણે પરાણે કુસુમના મુખમાંથી નીકળી ગયું કે " આ તે સુધારાનો સડો કે પાપનો ઘડો ? "

પ્રકરણ ૩ જું.

સુધારાનો વિકાસ કે સંસારનું સત્યાનાશ ?!

દોહરો.

ઉંચ નીચ સમજે નહીં, ગણે ન કુલાચાર;
સુધારાની જીંદગી કાંઇ ન આપે સાર.

રાગ જેવો કોઇ અગ્નિ નથી, દ્વેષ જેવો કોઈ કલી નથી, શરીરના જેવું કોઈ દુઃખ નથી, શાંતી કરતાં ઉંચુ સુખ નથી. આરોગ્ય એ મોટી બક્ષીસ છે. સંતોષ એ મોટુ ધન છે. વિશ્વાસ એ સૌથી ઉત્તમ સંબંધ છે. જેણે એકાંત અને શાંતીથી મીઠાશ અનુભવી છે અને જેણે શાસ્ત્રામૃત પીધું છે તે ભય અને પાપથી મુક્ત છે. મુર્ખનો સહવાસ એજ કષ્ટનો ત્રાસ છે.

જોર વધે જાવકનું જબરૂં આવક ઘટતી કરતા કામ,
કાં સળગી મિલ્લકત સૌ જાયે કાં ચોરીમાં જાયે દામ
નીતિ પરથી પ્રીતિ ઉઠે ગૃહે અનીતિ દઇને માન,
ધરમ દયાને દે સળગાવી પડતીનું છે એજ નિશાન.

જીવનનું કર્તવ્ય ભૂલી જે મનુષ્ય નવીન અને પ્રિય વસ્તુની પાછળ પડે છે અભિમાનને તાબે થાય છે અને ધ્યાન કરી સારૂ નરસું વિચારતો નથી તેને અંતે વિમાસણ

થાય છે. મનુષ્યે પ્રિય કે અપ્રિય કોઇ પણ વસ્તુને વળગી બેસવું નહીં. પ્રિય વસ્તુ ન મળવી એ પણ દુઃખ છે અને અપ્રિય વસ્તુનો સંબંધ થવો તે પણ ત્રાસ છે; માટે મનુષ્યે કોઈ પણ વસ્તુ ઉપર હદ ઉપરાંત રાગ ધરવો નહીં. પ્રિય વસ્તુનો વિયોગ એજ દુઃખ છે. જેઓ કોઇ પણ વસ્તુનો રાગ ધરાવતા નથી, તેમજ તેને ધિક્કારતા નથી, તેમને કોઈ પણ પ્રકારનાં બંધનો નથીઃ

* * * *

બોલી રહે જ્યારે પંખી પ્રભાતમાં ત્યાર પછી,
ઉઠતાં કલાક આઠ ઉંઘમાંથી થાય છે;
થોડી ઘણી ગાળો દેઇ નારીને નચાવી ખુબ,
બાળકોને બોલાવવા જીવ અકળાય છે.

વ્યસનની વ્હાલી ટેવ ટપ દઇ આવી યાદ,
ઉપયોગ કર્યા વિણ જરી ન જંપાય છે;
એક પહેર્યું બીજું મેલ્યું આખરી બનાવી ઠીક,
છાપાની છપાઈ છતે ભાવેથી ભણાય છે.

ઉની ઉની ચાની લેઇ લ્હેજતમાં માની મોજ,
દાતણ પાણીને યાદ પછીથી કરાય છે;
ઝેલ તણા ખેલમાં રમેલ મિત્ર આવ્યા કાંઇ,
તડાકામાં તાણી દ્રવ્ય લેવા પાણી પાય છે.

ભોજનનો ભાવ થતાં સ્નેહી સાથ બેઠા ઘેર,
વિવિધ કુથલી સાથે ભોજન ભૂલાય છે;
છાપરે ચડાવ્યા ત્યારે ઠેકીને બિરાજ્યા ઠેઠ,
હેઠળનો વિચાર જરી ન વિચારાય છે.

કક્કો અને બારાખડી પહેલાં પોથી સ્હેજસાજ,
ભણ્યો ને ગણ્યો છે પાઠ શીશીયારી એકનો;
આઠ ઉઠું આવડવા અઠયાસીને આપ્યું ધન,
પડદો ન થયો પહોળો તોય મતિ છેકનો.
શેઠાઇની સફાઇને વિદ્યા વિષે વાગે શંખ,
ઢંગમાંહી પડી ધુળ થયો પાઈ એકનો;
શરીર શણગારવામાં ચાર પહોર ચાલ્યા જાય,
ફુલી ફરે મુઢ મહા હિન એ વિવેકનો.
આઠ પહોર આળસ ને અકડાઈમાં ગુમાવી,
જીવનને ધુળધાણી કરતાં ન ડરવું;
કાયરની સાથ કરી કુથલી ન ગણ્યું કાંઇ,
ફૅશનમાં ફરી ફરી મહીં નિત્ય ફરવું.
પિતાનું પમાડયું ધન વિગતથી વાપર્યું ના,
રીતભાતમાંહી રહી તેમાં ન ઉમેરવું;
તાણી મૂંછ આણી અકડાઇ વિષે વહી ગયા,
સહસ વિચાર્યું નહિ સૃષ્ટિમાં શું કરવું !!
મોટા મોટા મૂંછાળા ગુચ્છાળા ગુણવાનતણું,
ચલણ ન ચાલે ચતુરાની આગે પાઇનું;
વલણ તો વિશ્વને સુધારવાનું વાળે પણ,
કામીનીને હાથ કુંચી ભોપાળું છે ભાઇનું.
તોપોને તડાકે વાત સભામાં ઉડાવે પણ,
ઘરમાં ગુલામ ચાલે રાજ્ય પોપાબાઇનું;
નર એવા નામ નાના બોલનો શો તોલ કહો,
હુકુલે બાંધ્યું છે નીર પ્રવાહી નવાઇનું.

"વેલ મી. ખીસ્કોલી આ એક દામનું અદભૂત કામ તો સાંભળો! કવિતામાં તેણે દોઢીઆની હાડમારી સારી રીતે જણાવી છે! મુફલીસોની મુફલીસી અને ભભકાદારોની ભભકનું સારૂ ચિત્ર આપ્યું છે!"

"ઑાલરાઇટ માય ડીયર બારીષ્ટર તમારી બ્રીફમાં કહેવું શું? આજ કાલ જમાનામાં દામ બધાને સલામ કરાવે છે!"

"જુઓ જુઓ સાંભળો બાવા,

"દામ રામનું નામ ભુલાવે કામ કરાવે કુડાં દામ,
દામ દેશ પરદેશ વસાવે ધાડો સ્નેહ તજાવે દામ;
દામ સલામ કરાવે નીચને ઝાઝું જૂઠ વદાવે દામ,
દામ ફામ ભુલાવે સઘલી સઘળી ગમ બાળે દીલ દામ.
દામ મિત્રને શત્રુ બનાવે શત્રુને મિત્ર બનાવે દામ,
દામ હામ હૈયામાં લાવે, તેમજ હામ હરાવે દામ;
દામથી કામ કરે મોટા જન નિર્જન વન દીપાવે દામ,
દામ પાળ બાંધે પાણીમાં દીનનું દળદર કાઢે દામ.
દામ કરાવે ઠામ કુઠામે પામે માન જો પાસે દામ,
દામથી નામનો ડંકો વાગે લાગે સૌથી વ્હાલો દામ;
દામ દેવ સાચો દુનિયાનો સુખ દુઃખનો દેનારો દામ,
દામ બચાવે ગુન્હેગારને અજબ જાદુગર જોયો દામ."

"ઓહ થેન્ક યુ ડીઅર બારીષ્ટર તમે પણ દામની બ્રીફ મજેની લીધી!"

"ડીઅર ખીસ્કોલી સાલ્લુ કવિતામાં લખે છે, વ્યાજબી એટલે ઝટ આપણે કબુલ કરવું પડે છે!

"કેમ સાહેબ કયારના પધાર્યા છો? આજ રોજ તો હંમેશના કરતાં વહેલા પધાર્યા છો!"

"ભાભી સાહેબ તમારી તહેનાતમાં આવ્યા વિના અમારે ન ચાલે! સંસારમાં સન્મીત્ર તે સ્નેહ મુકવાનું સ્થાન છે, અને સન્મૈત્રીણી સ્નેહને નભાવવાનું સ્થાન છે!"

"વાહ વાહ ડીઅર ખીસ્કોલી તેં પણ અચ્છી કહી! દોસ્ત તું પણ એક રત્ન છું!"

"સાહેબ સારા સૌને સારા જુએ, નરસા સૌને નરસા જુએ, વહેમી સૌને વહેમી જુએ અને અદેખા સૌને અદેખા જુએ! તમે સારા સંસ્કારવાળા છો તે સૌને સારા સંસ્કારી જુઓ છો! સ્નેહને સારી રીતે અને બારીકાઇથી જોવો તે પણ સંસ્કારનું કાર્ય છે."

"હ્યો ડીઅર હમણાં બેઠાં છોને હું જરા એકાદ આંટો મારી આવું!"

"ના સાહેબ આ તમારી હેબીટ બીલકુલ સારી નથી, હું તમને મળવા આવું ત્યારે તમે રસ્તો માપો છો; આ રીત કઢંગી કહેવાય!"

"એ તમારા વહેમી ઇન્ડીઆમાં કઢંગી કહેવાય; ઇંગ્લાંડમાં તો એવી રીતરસમનો બીલકુલ આઇડીઆ પણ ન આવે!! સ્નેહીજનો ગમે તે સ્નેહી સાથે છુટથી હરી ફરી શકે, બોલી ચાલી શકે અને મોજમજાહ માણી શકે; એનો કાંઇ વાંધો લેવા-યજ નહિ. સુગંધીદાર કુસુમો અને પરાગરાગી મધુકરો આનં-દથી સુમનકયારામાં મરજી મુજબ રાગ અનુરાગમાં રાગી થઇ

વિહાર કર્યા કરેજ!! એની ટીકા કોઈથી થાયજ નહિ. દીલને દીલ ખેંચીજ શકે, એદીલને દીલ કોઈ કાળે પણ ખેંચી શકે નહિ. આંખ આંખનેજ મળે! રાગ રાગનેજ મળે, અને પ્રેમી પ્રેમમાંજ ઝળહળે!! દુનિયા નવરંગી છે. તેમાં રંગી, અને દોરંગી રંગમાં રંગાયાજ કરે!! રંગ, સંગ અને અંગ એના અનુરાગ કોઈ રાગીજ માણી શકે!!"

"ભાભી સાહેબ તમે કહો છો ને કે બારીષ્ટર સાહેબ તો કાંઇ લૉ સિવાય સમજતા નથી. આ બધું લીટરેચર ક્યાંથી નીકળે છે? જાઓ જાઓ તમે સાહેબનું દીલ પીછાનતાંજ નથી!!"

"તમારા સાહેબ બહુજ નટખટ છે! તે આવી રસમય વાતો તમારા જેવા આગળજ કરે છે; મારી આગળ તો કોઇ દીવસ પણ દીલ ખોલીને વાત કરતાજ નથી!!"

"તમે કયે દીવસે દીલ તપાસવા બેસો છો? તમે સાહેબને જુઓ છો એટલે નેસેસીટીમાંથીજ ઉંચાં આવતાં નથી અને સાહેબ તમારી નેસેસીટીઝ સાંભળી તરતજ તમને વાટી વટાવી રસ્તો માપવા માંડે છે!! એમનું દીલ જીતવાને વાસ્તે પારીસની દીલબરો જોઇએ!! આ બાળલગ્ન અને નાનરીઆ મેરેજથી ઝગમગતો ઈન્ડીઆ તેમને વાસ્તે લાયક નથી, એમણે તો ખાસ કરી ઈંગ્લાંડ અને પારીસની હવા ખાધી જોઇએ!! લેટેસ્ટ ફૅશન અને લેટેસ્ટ ઢબની લેડીઓ તેમને વાસ્તે તો વી જોઈએ!!"

"ઓહ થેન્ક યુ થેંન્ક યુ માઈ ડીયર મીસ્પોલી થેન્ક યુ. દોસ્ત તું મને ઘણીજ સારી રીતે ઓળખે છે!! ઈન્ડીઆમાં જો કાંઈ મેં સરસ અને મોહક વસ્તુ જોઇ હોય તો તું એકજ છે!!"

"જાઓ હવે અમારૂં નામ ન દેશો!!"

"ઓહ માઈ લવ ભુલ્યો ભુલ્યો!! માઈ ડીઅર ખીસ્કોલી જોડે તું પણ વસ્તુમાં છું અને તારી જોડે મારો માનીતો ટોમી ડાગ પણ છે!!"

"ભાભી સાહેબ વાતે વાતે રીસાવું અને મનાવું એ મારા બારીષ્ટર સાહેબને બીલકુલ પસંદ નથી. રીસામણી મનામણીની રમત છે સારી; પણ તે યોગ્ય પ્રમાણમાં અને રીતસરની મર્યાદામાં રમી શકાય તોજ આનંદ આપે છે. આ તો તમે વાતે વાતે છણકાઓ છો એ ઠીક નથી કરતાં!!"

"સાલ્લુ આ ઈન્ડીઆની ઓરતોમાં એજ સ્ટુપીડીટી છે! જાઓ, ઉંહુ મારૂ નામ ન દેશો; આ મોટો દોઢ હાથનો છેડો વાળી ઘુંઘટમાં છબીલી રીસાઈ બેઠી; હવે એને મનાવવાનો પ્રયત્ન કરો, હવે રીસામણી મનામણીનો પાઠ પાછો શરૂ કરવો જોઇએ, અને છબીલીને મનાવવી જોઇએ! આ હમ્બગ આપણને બીલકુલ પસંદ પડે નહીં! વિલાયતમાં તો લેડીઓને સાથે લઈ બગલમાં હાથ ઘાલી ગારડનમાં દરિયામાં નાચ પારટીમાં અને ગારડન પારટીમાં નિરાંતે ફર્યાજ કરો; મોટર પર મોટરો દોડાવ્યાજ કરો, લૉન્ચમાં બેસી દરિયાની હવા ખાધાજ કરો; સુંદર વીલા કુંજોમાં આનંદ કર્યાજ કરો; હૉટલમાં સાથે બેસી એક ભાણે ચમચી ચમચીથી મીઠાઇઓની વાનગીઓ ઉડાવ્યાજ કરો, કોઈ પણ જેન્ટલમેન તેને વાસ્તે અણગમો બતાવેજ નહીં; કોઇ પણ ફ્રેન્ડ ટીકા કરેજ નહીં, અને અહીં તો ડગલે ડગલે પગલે પગલે, વાતે વાતે અને ઘડીએ ઘડીએ રીસકા છણકા,

નિંદા, અદેખાઈ અને કુથલી ચાલ્યાજ કરે! મારા ફ્રેન્ડ મી. જોન્સને મને કહ્યું હતું કે દોસ્ત તું અહીં રહીને પ્રેકટીસ કર અને મોજ મજા ભોગવ. હું અક્કલનો ઓથમીર અને કીસ્મતનો નબીરો તે તેની શીખામણ નહીં માની આ તમારા ઇન્ડીયામાં આવ્યો! રીઅલી દોસ્ત હું તો ઈન્ડીઆમાં આવીને ઈડીઅટ બન્યો છું!"

"બારીસ્ટર સાહેબ આમ આકળા ઉતાવળા ન થઈ જાઓ! હોય દુનિયા છે! પાલવે પડેલા માણસોને સમજાવી પટાવી કામ કાઢી લેવું જોઇએ! વિલાયત તે વિલાયત છે; અને હિંદુસ્તાન તે હિંદુસ્તાન છે! સ્વદેશ એ સ્વદેશજ છે; જન્મભુમી તે જન્મભુમી છે; તમે મરદ માણુસ થઇને આમ અકળાઈ જાઓ છો એ ઠીક નથી કરતા; સ્ત્રીઓ એ તો આપણા આગળ એક ચકલીઓ છે, તેને લાલચના દાણા નાંખી જેમ આવે તેમ ઉરાડવી! સ્ત્રી પરતંત્ર છે અને પુરૂષ સ્વતંત્ર છે! સ્વતંત્રતા આગળ પરતંત્રતાની કાંઈ પણ વિશાત નથી! લાલચ આગળ સુંદરતાં લાચાર છે! સ્ત્રીઓને ખેલાવી ખીલવવી તે તો આપણા પુરૂષોની એક નાની સરખી રમત છે!"

"થેન્ક યુ દોસ્ત થેન્ક યુ! માઇ ડીઅર ખીસ્કોલી રીઅલી તું માઈ ડીઅર જોન્સનને ભુલાવે છે!"

"સાહેબ મને પણ આપનાથી અધીક આનંદ અને સુખ છે!"

"ઓલરાઇટ દોસ્ત તું ત્યારે હું આવું ત્યાં સુધી બેસજે! પછી આપણે બધાં ફરવા જઈશું!"

"ઠીક ત્યારે સાહેબ વહેલા પધારજો! બહુ વાટ ન જોવરાવશો!"

"યસ યસ ઓલરાઈટ હું જેમ બનશે તેમ જલદીથી પરવારી આવીશ! વેલ ડીઅર મારા દોસ્તની બરાબર તબીયત ઉઠાવજે હોંકે!"

"જુઓ પાછા મારી સાથે ઓરડરલી કામ લીધું ખરૂં કે? હું શું બેવકુફ છું? હું તમારા દોસ્તને પીછાનતી નથી કે મને તમે હુકમ કરી હળવી પાડો છો?"

"ઓહ માઈ ડીઅર ભુલ્યો ભુલ્યો એક્સક્યુઝ મી પારડન મી!"

"જાઓ જાઓ તમને તો ફક્ત વાતોજ કરતાં આવડે છે, તમે કોઈ પણ પ્રકારનો કાબુ કમાન્ડ કે દાબ મન ઉપર રાખી શકતા નથી!"

"ડીઅર ઇંગ્લાંડની અંદર કાબુ કમાન્ડ દાબ કે ઓરડરની તો વાતજ કરવી નહીં! ત્યાં તો વીલ પાવર એજ કમાન્ડ છે!"

"ત્યારે આમ વાતે વાતે કેમ ભુલો કરો છો?"

"ડીઅર એક્સક્યુઝ મી ફોર ધેટ ફોલ્ટ!"

"ઓલરાઈટ જાઓ, હવે ફરી મીસ્ટેક ન કરતા!"

"ઓહ થેન્ક યુ માય હાર્ટ,

* * * *

જોઈ જોઇ સઘળું જોયું,
બહુ હરી ફરીને મેં જોયું;
ઘણું વાંચી શીખીને મેં જોયું,
પણ સ્ત્રી વશ કરવાનું સાધન એક ન જોયું!"

"ડીઅર હવે જાઓ જાઓ, આવું બોલી બોલી મને ન બનાવો!"

"ઓલરાઇટ સાહેબજી બાવા!"

"શું કહું સાહેબ આવીને આવી લમણાફોડ રાત દીવસ તે કર્યાજ કરે છે! ન બોલવાનું ઠેકાણું, ન ચાલવાનું ઠેકાણું, ન જવાનું ઠેકાણું અને ન આવવાનું ઠેકાણું. કેવળ વીમઝીકલ માણુસ છે; તરંગી અને મનસ્વી છે; હું તો એમના પાલવે પડી પસ્તાણી!"

"શું કહોછો ભાભી સાહેબ! તમે છો ગુલાબ અને એ છે હજારી ગોટા!"

"અમારા બેમાં તમે છો ઉમરાવ અને દુલ્લાદીલના નવાબ!"

"એ તો એમજ ચાલ્યા કરે! સાહેબ એવા છે તેમાંજ મઝા છે! જે કાંઈ આનંદ અને મઝા આપણે માણીએ છીએ તે એમનોજ પ્રતાપ છે! ખરેખર બિચારા સાહેબ ભોળીઆ દીલના ગભરૂ દીલાવર છે!"

"હું તે કબૂલ કરૂંછું; પણ બોલવા ચાલવાનું તેમને કાંઈજ ભાન નથી!"

"ત્યારે ભાભીસાહેબ મનુષ્યમાં એક ખોડ તો હોયજ! બધી વાતે સંપૂર્ણ કોઇ પણ હોયજ નહીં; જેમાંને તેમાં એકાદ વાંધો તો જરૂર હોય હોયને હોય!"

"ઠીક ત્યારે સાહેબ હોય! મારી કયાં ના છે? હશે અમારા બેમાં તમે છો એટલે મારે અધીક આનંદ છે!"

"મારે પણ તમારાથી અધીક આનંદ છે. તમારૂં જીવન

મારે એક વિશ્રાન્તીભુવન, શાન્તીભુવન અને આનંદભુવન થઈ પડયું છે!"

"ત્યારે ભુવનમાં વિશ્રાન્તી શાંતી અને આનંદ તમે અનુભવો!"

"ઑલરાઇટ માઈ ડીયર ભાભીસાહેબ ઑલરાઈટ! જુઓ સાંભળો:—

*　　*　　*　　*

જુઓ લયલી સારૂ મજનુની પસ્તાઈ,
બેહાલ બન્યો ગણી ખાખ ખુદાઈ;
યુસુફ ઝુલેખાં તણી જુવોને વાતો,
બની ઇશ્કમાંહી ઉદાસ સહી તરવાતો.
શીરી ફરહાદ તણી પ્રીતી શુદ્ધ માનો,
દીધાં જેણે ઇશ્કમાં જીવનાં દાનો;
હા ઇશ્ક વડાઈ ઈશ્કબાજ જાણે છે,
નાહક વહાંભી ઈશ્કના તંત તાણે છે."

"વાહરે મારા સાહેબ વાહ! તમે પણ રત્ન છો; આ કાવ્ય લીલા કયાંથી શીખ્યા!"

"અરે ભાભીસાહેબ જુઓ:—

*　　*　　*　　*

હું બની ગયો બેભાન ઇશ્ક તારામાં,
તુજ પાસ પો'ચું એ નથી હવસ મારામાં;
લથડુ રાહે ચાલતો રાનમાં હું તો,
આ કંટકથી તન ભર્યું જોઈ જા હુતો.

નથી ઘડી એક વિશ્રામ મને તો મળતો,
ભાળુ બ્રહ્માંડે ભરી રહે જીવ બળતો;
તુજ પ્રીતિ તણુ પારખુ કોઇ નહી પેખુ,
બકનારા જન આ દુનિયામાં દેખું.

"વારી જાઉં રે મારા વરણાગીયા! આ કામણુ દુમણુ ક્યાંથી શીખીઆવ્યા, આવાં પટામણાં મનામણાં ક્યાંથી લાવ્યા?"

"શું કરીએ, તમારી પાસે આવીએ ત્યારે કાંઇક નવીન શીખી વાંચી અને લખીને આવવું પડે; જુઓઃ—

* * * *

શું કહું ઢંગ ઇશ્કના રૂપ બહુ લાવે,
કદી આશક કદી માશુક બનીને આવે;
કદી થાયે મધુકર કદી પુષ્પ સુખકારી,
ઓળખે ઇશ્કનું રૂપ ઇશ્ક પણ ધારી.
કદી બાગ બને કદી રાન કદી ફુલવાડી,
કદી બને શૈલ કદી વિવર બને કદી ઝાડી;
કદી થાયે લેલાં કદી મજનુ સુખકારી,
ઓળખે ઇશ્કનું રૂપ ઇશ્ક પણ ધારી.
કદી વસંત થાયે કદી ઉનાળો કાળો,
કદી વાદળ છાયા કદી વિજ ચમકારો;
કદી તણખા થાયે કદી અગ્નિ ભયકારી,
ઓળખે ઇશ્કનું રૂપ ઇશ્ક પણ ધારી.
કદી પક્ષી થાયે કદી પશુ બની આવે,
કદી થાય તવંગર ગરીબનું તન લાવે;
કદી બને ખૂની મુખ માર માર ઉચ્ચારી,
ઓળખે ઇશ્કનું રૂપ ઇશ્ક પણ ધારી."

"વ્હાલા આજ તો કાંઈ બહુજ કાલા થયા જણાઓ છો!"

"શું કરીએ તમે જ્યાં બહુજ વ્હાલાં લાગો ત્યારે અમારે કાલા થવુંજ પડે!"

"વાહરે લાલા કાલા?!"

"શું કરીએ ભાભીસાહેબ વાલાં?"

"લ્યો આમ આવો, ચાલો પેલા કોચપર બેસીએ; હું તમારા વાસ્તે કાંઈ નાસ્તો તૈયાર કરૂં?"

"નાસ્તામાં તમારાં મીઠાં વચન ક્ષુધાને સારી રીતે તૃપ્ત કરે છે. તમારા નયનના હાવભાવ મારો સારી રીતે સત્કાર કરે છે. તમારા અંતરનો અનુરાગ મારા ઉપર સારી રીતે ઉભરાય છે, એટલે હવે આવવા જવાની હરવા ફરવાની અને બેસવા ઉઠવાની કાંઇ જરૂર રહેતી નથી. બસ ભાભીસાહેબ હું તો તમને જોઉંછું કે ત્યાંનો ત્યાં પત્થર તત્ ઠરી જાઉંછું, ઠરતો ઠરતો અંતરમાં વિચાર કરૂંછું કે કીરતારે કેવા પ્રકારની કારીગરી એકઠી કરી કેવી કામગીરીથી આ પ્રેમની પ્રતિમા ઘડી છે?"

"ઓહોહોહો આજ તો તમે મનેજ બનાવવા માંડી છે! મારોજ કેડો લેવા માંડ્યો છે, ઠીક સાહેબ તમે મુખત્યાર છો! અખત્યાર અમલ કરવો તમારા હાથમાં છે, હું તો એક વીણા છું જેમ વગાડો તેમ વાગું!"

"ત્યારેજ ઘડીએ ઘડીએ મારા બારીષ્ટર સાહેબને થનક થનક નચાવ્યાજ કરો છો! ભાભીસાહેબ કોક દીવસે તમારે પણ નાચવું પડશેજ!"

"હું તો તમારા સ્નેહમાં નાચી રહીછુંને! હવે નાચવાનું

અને રાચવાનું એમાં શું બાકી રહ્યું છે!"

"ભાભી સાહેબ મકાનના પૈસા સારા ઉપજ્યા! એમાં તમને કાંઇ સાહેબે મળ્યાં કે નહીં!"

"નારે ના તે મકાનના પાંતરીસો તો ફકત પાંતરીસ મીનીટમાંજ ખલાસ થઈ ગયા. હજુ પણ દેવું તો હદ ઉપરાંત બાકી રહ્યું છે! ખરૂ પૂછાવરાવો તો હું દેવાના ત્રાસથીજ અકળાઈ ગઇ છું!"

"તમે શું અકળાઓ આખુ ગામ અકળાય! દેવું ચીજ એવી છે!"

"પણ સાહેબ મનુષ્યે સમજવું જોઇએ! પોતાનું ગજુ પ્રથમથી વિચારવું જોઇએ! ગજા ઉપરાંતનો ભાર એક મોંઘમનો કર્મે લખાએલો માર છે! ડાહ્યા પુરૂષે હમેશાં પોતાની સ્થિતીનો વિચાર કરવો જોઇએ!"

"આ બધાં ફળ અને પરિણામ જે તમને અત્યારે માલમ પડે છે તે સુધારાનો પ્રતાપ છે! ફૅશનનો વાયરો જે વખતે મગજમાં ભરાય છે ત્યારે મનુષ્ય આખી આલમનો શહેનશાહ થાય છે; તે જે કાંઈ મોહક અને સુંદર દેખે તે તમામ લઇને ઘરમાંજ ભરે છે, જ્યારે તે વાયરો જતો રહે છે ત્યારે તેને પાછળથી સારા નરસાનું સ્હેજ પિછાન થાય છે, અને બરાબર પિછાન જ્યારે લેણદારો દામ લેવા ઘર આગળ આવી દમામ કરે છે ત્યારે થાય છે!"

"ખરી વાત છે, તમારૂં કહેવું અક્ષરે અક્ષર સત્ય છે! અમારે તો બારે માસ દમામમાંજ જાય છે, હું તો હવે એમ-

નાથી હારી ગઈ છું. એમની વર્તણુંકથી જ્યાં સદા અંતરને ત્રાસ થાય ત્યાં અંતર અનુરાગ શી રીતે કાઢે ?"

"નજ કાઢે ! સુંદરી અને સ્નેહનો સર્વદા સરખો નભાવ એ ઘણુંજ અશક્ય છે ! એ નભાવમાંજ મનુષ્યની સારી નરસી કીંમત અંકાય છે ! ઓહો લ્યો સાહેબ આવતા જણાય છે !"

"હા એતો એજ ! હવે જોજો વચનના કેવા તમંચા ફોડે છે !"

"ઓહ ડીઅર ખીસ્કોલી હું ટાઈમસરજ આવ્યો છું ! મને બીજી બધી વસ્તુ કરતાં ટાઈમની વધારે કેર દરકાર છે !"

"હા સાહેબ હા. આજકાલ તમારા જેવા સુધારકો ટાઈમમાંજ હરાજ થતા જણાય છે ! જુઓ,

"ટાઇમસર ખાવું અને બસ ટાઈમસર ફરવું;
ટાઇમસર જીવ્યા પછી બસ ટાઇમસર મરવું."

"ઓહ થેન્ક યુ થેન્ક યુ ખીસ્કોલી થેન્ક યુ. તું બી જમાનાનું રમકડું છે !"

"તમારા જેવા સુધારકોના ખીસ્સામાં આજકાલ હવે થેન્કયુજ આપવાનું રહ્યું છે, જુઓ,

*　*　*　*

ખાવું અરે શું થેન્ક યુ પીવું અરે શું થેન્ક યુ;
લઇને બજારે વટાવવું મારે તમારૂં થેન્ક યુ ?
પહેરવું અરે શું થેન્ક યુ પાથરવું શું થેન્ક યુ;
ચુલા માંહી સળગાવવું મારે તમારૂં થેન્ક યુ ?

પાન બીડી ચાહમાં શું ચાટવું બસ થેન્ક યુ;
પાકીટમાં શું દામ સાટે મુકવું શું થેન્ક યુ?
લુખો જમાનો આવીઓ કડકા થયા ત્યાં થેન્ક યુ;
માસ્તર અને સાહેબમાં સમાઈ ગયું છે થેન્ક યુ!"

"વેલ સેઈડ ખીસ્કોલી વેલ સેઇડ! દોસ્ત તું જ્યારે મારી પાસે આવે છે ત્યારે હું તમામ મારૂ દુઃખ ભૂલી જાઉંછું!"

"કહો ના કહો પણ તમારા ભાઈબંધમાં કાંઈ જાદુ છે! જે કોઇ એકવાર એમને જુએ તે તરતજ એમનું થઈ જાય!"

"અરે બારીષ્ટર સાહેબ છે કે? ઘરમાં કોણ છે વારૂં?"

"સાલા માણસો પણ કેવા ઇડીઅટ આવે છે! ગુમાસ્તા અને મુનમ થયા એટલે તદ્દન બેશરમા અને બેપરવાઈ રાખનારા જમના એન્જલ દુત બન્યા!"

"અરે સાબ ઘરમાં છે કે બહાર ગયા છે! કેમ કોઇ બોલતું નથી! હે બારીષ્ટર સાહેબ! હે બારીષ્ટર સાહેબ! હે બારીષ્ટર સાહેબ! મારા બાપ બારીસ્ટર તમને સાત ગજના નમસ્કાર! મારા બેટા મારાતો જોડાએ ફાટી ગયા!"

"એ જંગલી હજુ પણ આથી વધારે ઘાંટા પાડ! ગધેડા સમજ રાખ! અક્કલના હેવાન બરાડા પાડી પોળ ભેગી કરે છે; ઉપર આવ!"

"કહો શાબ શું છે બોલો! મારી ભૂલ થઇ, અનો માફ કરો; પણ શાબ રૂપીઆ આપો!"

"લે તારા રૂપીયા સુવર રાસ્કલ સ્ટુપીડ ઢમ!"

"ઓ મારા બાપરે મરી ગયોરે બાંપલીયા! મારા દીક-

રાએ મને મારી નાંખ્યોરે મારી મા! મારા દોઢસો રૂપીઆની ઉઘરાણીનું પાણી થઈ ગયુંરે મારી મા! હાય હાય મારા મૂળાના પતીકા જેવા રૂપીયાનું પાણી થયુંરે મારા બાપલીયા!"

"એ જંગલી બુમ પાડતો બંધ થા; નહીં તો જાનથી મારીશ!"

"તો નાણાવટીના દીકરા, શાહુકારની પેઢી, મારાં નાણાં આપ, આમ માર માર શું કરે છે?"

"તો એ ગુમાસ્તા, ઉઘરાણી રીતસર કર! જરા ડાહ્યો થા, ડાહીમાનો દીકરો થઈ વાણીઆના નામને લજવે છે; ઉઘરાણી આવી થતી હશે?"

"તો મારા બાપ કોઈ મલકમાં દેણદાર લેણદારને મારતો હશે?"

"તો આફ્રુસના ઉંધા આમ બરાડા પાડે નાણાં મળતાં હશે?"

"તો મારા બાપ સારા તો રોજ આવી આવીને ટાંટીઆ ફરી ગયા!"

"ગુમાસ્તી મફતની ખાતા હશો કેમ? ગુમાસ્તી કરવી ને ધક્કાથી કંટાળવું એ ક્યાંનો ન્યાય! પેલી કહેવત ભૂલી ગયો કે જે ફરે તે ચરે!"

"એ શેઠીઆ હું કાંઈ ગુમાસ્તો નથી, પણ જાતે પંડે દુકાનનો માલીક છું; મારા ગુમાસ્તાને તો આ ડોળા કાઢે છે. એ સાએ કોણ જાણે નવસે નવાણું ધક્કા ખવરાવ્યા હશે, આજે મારા મનમાં એવો વિચાર થયો કે મારો બેટો ગુમાસ્તો ઉઘ-

રાણીજ જતો નથી; બાંરીષ્ટર સાહેબ તે વળી આટલા બધા ધક્કા ખવરાવતા હશે, એવું પારખુ જોવા સારૂ હું જાતે આવ્યો; આ પારખું જોતાં ગાલ પર નફાના પાંચ સાત તમાચા ખાધા!"

"હેં હેં કોણ જાતે તમે શેઠ છો?"

"હા શાબ જાતે શેઠ ગુઆ છીએ!"

"આવો ઉપર આવો બેસો આ ખુરશી ઉપર!"

"અરે પણ તમે જાતે શેઠ માલેક થઇને આવા ધાંટા કાઢો તે શોભે! સારા માણસને ઘેર ઉઘરાણી જતા પહેલાં ઉઘ-રાણી કરનારે જાતે સારા થઇને જવું જોઇએ!"

"આ શાબ ખોટું લાગે તો માફ કરજો! સારા માણસ હોય તે આમ ઝાઝા આંટા ખવરાવે નહીં! એક વાર બે વાર અને ત્રીજી વાર થતાં તો ખુદ પોતે દુકાને આવી અમારી છાતીમાં પૈસા મારે!"

"શેઠ તમે જાતે પૈસાવાળા છો તે આખી દુનિયાને પૈસા વાળી જુઓ છો, પણ હવે વખત કેવો છે એનું તમને ભાન છે! પૈસો કયાં છે તેનું કાંઈ પિછાન છે?"

"એ શાબ અમે તો તમારા જેવા શાબ લોકોનાં પાટ-લુનજ પૈસાથી ભરેલાં જોઇએ છીએ! આ હરવા જાય, ફરવા જાય અને કાંઈ વાતચીત કરે કે તરતજ આમ ખીસ્સામાં હાથ ઘાલી આ રૂપીઓ કાઢી તરત એક ગજ દુર ફેંકે એટલે અમે જાણીએ કે શાબ ખુબ રૂપૈયાથી ભરેલા છે!"

"એ શેઠ તમારૂં ગામ કીયું?"

"એ શાબ સોરઠમાં આવેલું સરધાર!"

"અહીં કેટલા વરસથી આવી ધંધો કરોછો ?"

"શાબ ધંધો તો દસકાથી કરૂંછું; આ શહેરમાં આવ્યો ત્યારે પાસે પુરા પાંચ નહોતા, પણ તમારા જેવા સાબ લોકોને સલામ કરી કરી પાંચ સાતનો ઠામ કર્યો છે; શાબ દશકામાં કોઇનો ટુંકારો ખાધો નથી, આ ધોળામાં ધુળ તમે ઘાલી, આ દસકામાં લમણો આ શાબે તોડી નાંખ્યો !"

"એ શેઠ એ દહાડા જતા રહ્યા, હવે તો આવા શાબ લોકોના ખીસ્સામાં રૂમાલે વીંટેલા દામમાં યસ નો અને થેન્ક યુજ રહ્યું છે !"

"શેઠ આ મારા ભાઈબંધ તો મશ્કરા છે, લ્યો પાન-બાન ખાશો, બીડી પીશો, ચાહબાહ મુકાવું !"

"એ શાબ ચાહ પાન ખાધાં હોત તો ક્યારનાંએ ઘરમાં છોકરાં ધોળાં ધોળાં શકોરાં અને રકાબીયું રમાડતા હોત ! ચાહ અને પાંદડાં ખાઇએ એના કરતાં રોટલા શા ખોટા ?"

"લ્યો શેઠ ત્યારે હવે પધારો ! તમારી દુકાને મારા ગુમાસ્તા જોડે તમારા રૂપીઆ દુધે ધોઈ મોકલાવીશ. હવે આંટો ખાશો નહીં."

"મોટી મહેરબાની શાબ, પણ મારો બેટો આ ગાલ તમાચાથી ધમધમી ગયો."

"હશે જાઓ શેઠ જે થવાનુ હતું તે થઈ ગયું !"

"પણ બીરાદર હવે ફરી ધક્કો ન ખવરાવતા હોં કે !"

"અરે કાંઈ ઘેલા થયા ! જરૂર પહોંચતા કરીશ !"

"લ્યો જુહાર શેઠ !"

"બારીષ્ટર સાહેબ ! હવે આવી નાદાની ન કરશો, આ વખતે તો હું હાજર હતો એટલે વાત સુધારી દીધી, નહીં તો કોક દીવસે તમને ભારી પડી જશે ! મોટા મોટા રૂસ્તમ જેવા મહારથીઓ પણ દેવાના દાસ છે તો તમારી શી ગણના ! વિલાયત જઈ બારીષ્ટરની પરિક્ષા પસાર કરી આવ્યા; એટલે કોઇનું લીધું હોય તે પાછું આપવુંજ નહીં. કોઈ લેવા આવે ત્યારે ધોલ-મારવી આ કયાંનો ન્યાય ? આ તો તમારો લૉ તમને આવું શીખવતો હશે કેમ ? તમે આ બધો પાવરજ લૉ ઉપર કરતા હશો કેમ ? સાહેબ સાહેબશાઈ પણ રીતની રાખવી જોઇએ બજારનો વ્યવહાર જીવ સટ્ટે પણ સાચવવો જોઇએ; મોટા મોટા ધાડપાડુ બહારવટીઆઓ પણ પોતાનો વ્યવહાર સીધો અને સાચો સાચવે છે, બહારવટીઆની એક નાની સરખી ચીઠી હજાર રૂપીઆનો ઢગલો કરાવી દે છે, અને તેજ બહારવટીઆ ચીઠી સ્વીકારનાર વાણીયાને રૂપીઆથી નવરાવી દે છે સમજ્યા ! આવી મારફાડ કાયદાનાં બ્હાનાં અને જોરથી કરવી તે નાદાની કહેવાય ! ભલે દીવાની કોરટો નાદારની હોય પણ ન્યાય દરેકનો સરખોજ છે; ન્યાયની કોરટો કોઈ કાળે પણ એક ઇંચ ચલાયમાન થતી નથી; માટે મહેરબાન ભાન રાખો ! ક્ષમા કરજો ! ખોટું લગાડશો નહીં, તમારા હીતને વાસ્તે મને જે ઠીક લાગ્યું તે કહ્યું છે સમજ્યા !"

"નો નો ડીઅર ખીરકોલી યુ આર કવાઈટ રાઇટ ! સાલ્લો મારો મિજાશ મારા કાબુમાં રહેતો નથી ! ઈંગ્લાંડની હવાથી મગજ એવું સ્વતંત્ર બની ગયું છે કે કોઈના દબાણમાં તે રહે-

તુંજ નથી! ઇંગ્લાંડની રીતરસમ હવા પાણી વગેરે તમામ દબાણ રહીત સ્વતંત્ર છે! આ તમારા પરતંત્ર ઇન્ડીઆમાં અમારા જેવા સ્વતંત્ર મગજવાળા સુધારકોને એક મીનીટ પણ રહેવું પાલવે નહીં!"

"સાહેબ પણ જેવો વખત અને જેવો માણસ તેવી વાત કરવી જોઇએ! સર્વ ઠેકાણે સરખુ ધોરણ રખાય નહીં! સર્વદા એક સરખો દાબ કોઈ પણ વસ્તુ ઉપર રખાયજ નહીં; હીંદુ સંસારમાં દાબ ફક્ત પેટભરા નોકરો અને બૈરાં છોકરાંઓ પરજ રાખી શકાય છે!"

"પ્લીઝ સ્ટોપ યોર લેકચર એકસકયુઝ મી મારી ભૂલ થઇ!"

"આટલું વિવેચન ભવિષ્યમાં ફરી ભૂલ ન થાય તે સારૂ હું કરૂંછું; આ ભૂલ તમારી ભયંકર છે! ટોમી ડૉગને બારણા આગળ બાંધો, એટલે તમારે બધી પંચાતજ મટી જશે!"

"ઓહ યસ ઓહ યસ વેલ રીમેમ્બર્ડ! માઈ ટોમી ઈઝ માઇ બોડીગાર્ડ! અરે રામા!"

"જી! જી! જી! જી!"

"પેલા હૉલમાંથી ટોમીને છોડી હીંચકા આગળ નીચે નીસરણી પાસે બાંધ, જાળી ખુલ્લી રાખજે હોંકે!"

"જી! બહુ સારૂ! બહુ સારૂ! બહુ સારૂ!"

"સાહેબ આજે તમે તમારા મિત્રને ઘણીજ સોનેરી શીખામણ દીધી! એટલું કહેવાની જરૂર હતી; સાહેબનું મગજ એવું વિચિત્ર ઓડ અને ગરમ છે કે મીનીટે મીનીટે તેમાં

નવાજ તરંગો ઉભરાયાજં કરે છે!"

"ઓહ માઈ ડીઅર લેડી તું તદ્દન ખોટું બોલે છે, હું તારા આગળ ઘણોજ સીધો અને નમ્ર છું! તારા મુખમાંથી નીકળતા શબ્દો હું ફુલની માફક ઝીલું છું! તને તો પાણી માગે ત્યારે દૂધ આપુછું, અન્ન માગે ત્યારે મોતી આપુછું, લંડનમાં રહીને લેડીની કીંમત તો હું સારી રીતે કરતાં શીખ્યો છું; જો કે રીસામણાં મનામણાં મને આવડતાં નથી; પણ લેડીને રીઝાવતાં વાર લાગતી નથી!"

"ભાભી સાહેબ એમાં કાંઇ મારા ભાઇનું કહેવું ખોટું નથી! તમે જે કહોછો તે તદ્દન દલીલ વગરનું છે! સાહેબ તમારા આગળ એક બચ્ચા જેવા છે!"

"જી ડૉગને બાંધ્યો છે!"

"અચ્છા જાઓ કામ કરો!"

"અરે સાહેબ છે કે!"

"કોણ?"

"એ તો હું શીવલાલ!"

"જે હોય તે ઉપર આવો!"

"એ આવું સાહેબ!"

"હાઉ હાઉ હાઉ હઅઅઅ હાઉ!"

"ઓ મારા બાપ ખાધો મને! બળી ઉઘરાણી જીવ લઇને નાસવા દે! મારા બેટાએ બારણા આગળ વાઘનું બચ્ચું બાંધ્યું છે, આતે કુતરો કે દીપડો! મારા બેટાના ડોળા જોઇને મારૂં તો પોતીયુંજ ઢીલું થઈ ગયું! હાશ, મારા બાપ જો એક

લોતીયું લીધું હોત તો છ મહીના ખાટલો વેઠવો પડત! એ શાબ દુકાને નેમચંદ શેઠના કાપડના રૂપીયા મોકલાવી દેજો!"

"અરે ઉપર આવો! બહાર રહીને શું બોલ બોલ કરોછો?"

"આ શાબ મારે ઉતાવળ છે એટલે હું તો જાઉં છું! તમારા રૂપીઆ તો અમારા ઘરમાં છે!"

"અલ્યા ભાઈ કોઈ ઘરમાં છે કે નહીં! આતે શો જુલમ કરવા માંડયો છે, ધક્કા ઉપર ધક્કા ખાઈને મારા તો ટાંટીયા ફરી ગયા, આ જોડા પણ ફાટી ગયા!"

"ઉપર આવો સાહેબ ઉપર બોલાવે છે!"

"અરે શું સાહેબ ઉપર બોલાવે છે! કેટલા બધા ધક્કા, આતે શાહુકારનાં લક્ષણ કહેવાય? ફરી કોઈ દીવસ બજારમાંજ આવવું નથી!"

"અરે તું ઉપર મરને! નીચે ઉભો રહીને શું ભસ ભસ કરે છે!"

"સાહેબ જીભાન સંભાળીને બોલો! હું જુદી ખોપરીનો છું, બજારમાં કોઈ દીવસ ઇજત લઇ નાંખીશ! ભૂલી ગયા તે દીવસે માણુકાએ ઘોડાની રેન ઝાલી વિકટોરીઆ ત્રણ દરવાજે રોકી હતી. યાદ છે તાબડતોબ તરતજ ગુમાસ્તાને ઘેર મોકલી ઉભા ઉભા પાંચ મિનીટમાં પૈસા આપવા પડયા હતા, હું પણ માણુકાનો બાપ છું હોં! તમારા જેવા સફેદ લુગડાના ઠગ સાહેબોને સીધા કરનાર હું પણ એક ઉસ્તાદ છું!"

"ચુ ગદ્ધા ઉપર આવ, લઈ જા તારા પૈસા!"

"તારો બાપ ગધ્ધો! મોટો બારીષ્ટરનો ખાં થઈ ગયો છું તે! ખોપરી તોડી નાંખીશ. પૈસા ઘાલી જવા અને ઉપર મિજાશ કરવો, ગાળો ભાંડવી; ગાળો ખાનારા અમે ઘાંચી નહીં. ઘાંચી સેતાનની માંચી, ઘોઘરો ચુસી ખાઇએ!"

"યુ રાસ્કલ પૈસા ઉપર આવી લઇ જા!"

"રાસ્કલ તું અને તારો બાપ! નાણાવટી હેઠો ઉતર એટલે હું તને સીધો કરૂં!"

"અરે તું ઉપર આવ તારા પૈસા લઈ જા! તને પૈસા આપવાની કોણ ના પાડે છે!"

"બારીષ્ટર સાહેબ હું તમને સારી રીતે ઓળખુ છું, ઉપર બોલાવી કાયદાની કુંચી ખોલી ઘર પ્રવેશની ફરીયાદ માંડવી છે કેમ?"

"અરે તું તે ઉઘરાણી કરવા આવ્યો છું કે ધાંધલ કરવા, ઉપર આવી તારો હીસાબ ચુકતે લઇ જા; ઉઘરાણી કરવા નીકળ્યો છું ત્યારે ઉપર આવતાં કેમ ડરે છે?"

"અરે કોણ ડરે છે, લ્યો આ ઉપર આવ્યો! કરી નાંખો જે તમારે કરવું હોય તે, આપે એને રામ! દરેકને બે હાથ છે, જોઈ લેવાશે!"

"હાઉ હાઉ હાઉ હાઉ હઅઅઅ હાઉ!"

"ઓ તારી માનું આ પણ એક જબરૂ કૌતક છે! મારો બેટ્રો આં પણ બારીષ્ટરનો બેટો છે!"

"હાઉ હાઉ હાઉ!"

"અરે તને ખાઉ ખાઉ ખાઉ!"

" હાઉ હાઉ હાઉ!"

" લે સાલા હાઉ લેતો જા!" કહી જાગી ઉઘાડી ચોપડો ટોમી ડૉગના માથામાં માર્યો. ટોમી પણ બળ કરી કુદી સાંકળ તોડી ઘાંચીના પગે બાઝયો; ઘાંચી પણ મરણીઓ થઇ ટોમીને છુટે ચોપડે મારવા લાગ્યો; ટોમીએ ચોપડાનાં પાનાં કરડી ખાધાં અને વલુરીયા ભરી ચોપડો ફાડી નાંખ્યો, ઘાંચીનું કેડીયું કરડી ખાધું; ધોતીયું ફાડી નાંખ્યું તથા ચાર પાંચ લોહીલુવાણ બચકાં ભરી તેને અધમુઓ કરી નાંખ્યો!"

" ઓ મારા બાપરે, ઓ મારી મા રે! મને કરડી ખાધો અલ્યા કોઇ આ કુતરાના પંજામાંથી મને બચાવો! હાય હાય મારો ચોપડો ફાડી નાંખ્યો, આ તારી માના બારીષ્ટર તેં પણ વેર વાળ્યું. મારા દીકરા પૈસા આપવા પડે ત્યારે બારણા આગળ કુતરો બાંધી ઉઘરાણી વાળાને હેરાન કરવા માંડયા; મારો જાન જાય તો ભલે, ઘરના પાંચસો અવળા થાય તો ખેર પણ તારા ઉપર અને કુતરા ઉપર ફરીયાદ માંડી ભર કચેરીમાં હું તને બચકેને બચકે તોડી ખાઉં!" આ પ્રમાણે જબરૂ ધાંધલ મચી રહ્યું; ઉપરથી ખીસ્કોલી કપીલા, રામો અને બારીષ્ટર નીચે આવ્યા,આડોસી પાડોશી ભરાઈ ગયાં; ઘાંચીએ જેમ આવે તેમ ગાળો ભાંડવા માંડી, ખીસ્કોલી ઘાંચીને જેમ તેમ સમજાવી પદરના પૈસા આપી તેને માંડ માંડ પ્રયત્ને પાછો વાળ્યો; બારીષ્ટરને પણ ખુબ ધમકાવ્યા, અને ઝઘડો શાંત કરી તે પણ છાનામાના રસ્તો માપી ગયા, બારીષ્ટર પણ ઝંખવાણા પડી ઉપર ગયા; રામો જાળી વાસી કુતરાને ત્યાંનો ત્યાં ફરી

બાંધી તે પણ કામ કરવા મંડી ગયો, કપિલા પણ બારીષ્ટર ઉપર સારી પેઠે રૂવાબ કરતી બડબડ કરવા લાગી; સમય વિચારી બારીષ્ટર પણ બધુ સાંભળવા લાગ્યા!"

"આવા નોનસન્સવેડા અને ઢેડ ફજેતા મારાથી બીલકુલ જોઈ નહીં શકાય! તમારા દેવાનો તમારે તરતજ બંદોબસ્ત કરી લેવો, ખબરદાર જો અહીં કોઇ ઉઘરાણીવાળા આવ્યા તો, પેલાં ઘરના વેચાણના રૂપીયાની શી મોકાણ વાળી આવ્યા? કયાં નાખ્યા?"

"ડીઅર તે તો બધા વાઈન વાળાને અને હૅાટલવાળાને આપવામાં ગયા!"

"પાંતરીસે રૂપીઆ ચાહ પાણી અને એકસો નંબર બે ની બાટલીઓનો હિસાબ ચુકવવામાં ગયા!"

"શું કરીએ લાચાર! દુકાનવાળા આપણી ક્રેડીટ સાચવે તો શા માટે આપણે તેમને ન સાચવવા! કોઈ દીવસ પણ તે લોકોએ બીલ મોકલ્યુંજ નથી! આપણે બીલ અને વ્યાજ વગેરે જે કાંઇ હોય તે સંભાળી સંભાળીને આપણી ક્રેડીટ ખાતર ચુકવવુંજ જોઈએ!"

"અરે તમારી ક્રેડીટમાં આગ ઉઠે! આવી તે ક્રેડીટ હતી હશે?"

"ડીઅર ત્રણ વરસનો હિસાબ મેં ગઈ કાલે કર્યો!"

"અરે તમારા હીસાબમાં ધુળ પડે હું તે તમને શું કહું, બજારમાં તમને ઉધાર માલ મળ્યો એટલે તમે ક્રેડીટ સચવાઇ ગઈ જાણોછો!"

"ઓહ યસ રીઅલી રાઈટ, ધેર ઈઝ નો ડાઉટ એબા-ઉટ ઈટ !"

"અરે પણ તમારા ખાતામાં એકના અનેક માંડતા હશે તેનો વિચાર કર્યો? બ્યાજ, તેનું બ્યાજ અને તેનું પણ ચક્રવૃદ્ધિ બ્યાજ તમારી પાસેથી લીધું, તેનો કાંઈ ખ્યાલ આવ્યો !"

"ડીઅર દુકાનદાર ઘણોજ ભલો છે, હું જાઉંછું કે તરત ઓફીસના બારણા સુધી તો સામો લેવા આવે છે, જે કાંઇ હું મારા ફ્રેન્ડના દેખતાં માગુ છું તે મીનીટ મીનીટમાં લાવી હાજર કરે છે, અને જાઉંછું કે પછી કાંઈ બોલતોજ નથી; ઘણોજ રીઅલ માણસ છે, ફક્ત બીલ પર એક સેકન્ડમાં સહી લઇ લે છે. ઘણો એટીકેટ સમજનારો ! રીઅલી ઘણોજ જેન્ટલમેન છે."

"દુકાનવાળાને તમારા જેવા મળ્યા એટલે પછી શું બાકી રહ્યું, લોભીઆ હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે ! ફૅશન અને સાહ્ય-બીમાં માસ્તરો સુધારકો અને તમારા જેવા સાહેબો ઉધારમાં રાજી થાય ત્યાં દુકાનદારો સલામીમાંજ પોતાનું પેટ ઠંડુ કરે !"

"ચાલો ડીઅર હવે શાંત થાઓ, હવેથી તેવી મીસ્ટેક નહીં કરીએ, હવે બધાં બીલ લાવી તમને આપીશું !"

"તમારાં બીલ પેલી ગટરમાં નાંખો ! ડીઅર તે શું કરે મરે આ રોજ ઉઠી ઢેડ ફજેતા શા ! આ બે ઘડી નિરાંતે બેઠા એટલે ઉઘરાણી વાળા આવી જીવ ખાઈ જાય !"

"ડીઅર હું તેટલા સારૂ કહું છું કે આ શહેર ઘણું ખરાબ છે ! એકતો ઉધાર માલ આપવો; એકના દશ કરવા; અને વિશ્વાસ બીલકુલ રાખવો નહીં, એ કયાંનો ન્યાય; રીઅલી આ

ઇન્ડીઆથી તો હું કંટાળી ગયો! ઇંગ્લાંડ અને ફ્રાન્સની બ્યુટી અને મજાની વાતજ જુદી! ત્યાં આવા નોનસન્સવેડા બીલકુલ નહીં!"

"હવે કાંઈ સુધરો! જો તમારી આવક ન હોય તો ઘર બાર મુકી જ્યાં આવક થતી હોય ત્યાં જાઓ! ખર્ચ કમી કરો, અગર પેદા કરો!"

"ડીઅર હવે હું તેવીજ જોગવાઇના વિચારમાં ફરૂંછું!"

"બારીષ્ટર શાબ હય?"

"કોન હય!"

"મેં નુરખા પઠાણ"

"ઓ મારા બાપ આ રોચો પઠાણ તો કોણ જાણે શુંએ કરશે? પડાણનું શું બાકી છે!"

"ડીઅર પેલી શાલ જોટાના ઓનલી સો રૂપીઆ બાકી છે!"

"ત્યારે પાંતરીસેમાંથી સો પહેલા આને આપવા હતાને?"

"ઓહ માઇ હાર્ટ હું તે વાત ભૂલી ગયો! મારૂં ભેજુ બહુ ડલ બની ગયું છે!"

"અરે તમારા ભેજામાં ભુસુ પડે, પણ આ પઠાણ કાકો તો કોણ જાણે અત્યારે શુંએ કરશે! હું તો તેના ડોળા દેખીનેજ ડરી જાઉંછું!"

"ઓહ નેવર માઇન્ડ તેની સાથે એટીકેટથી કામ લેશું એટલે ઝટ પતશે!"

"અરે એ તો કાંઇ પણ તમારી એટીકેટને ગાંઠશે નહીં!"

"તો આપણો બોડી ગાર્ડ ટોમી છેને!"

"અરે એતો ટોમીને ખાઇ જાય તેવો છે, ટોમીના ડાળાથી તો વાણીઆના ગુમાસ્તા બીએ, પણ આ પઠાણ તો ટોમીનું ડાચુ ઝાલી એક પળમાં ઉંચો કરી પછાડે તેવો છે!"

"કયૌં બારીષ્ટર સાહુબ ઑફીસમાં હય?"

"હાઉ! હાઉ! હાઉ! ઘુઅઅઅઅ હાઉ!"

"ઑહ ઇધર તો બડા શેર હય! કોઈ અફલાતુન વિલાયતી કુત્તા હય."

"ઓહહ હાઉ! ઓહહ હાઉ!"

"ઓ બી બારીષ્ટર સાહેબને ઠીક તમાસા કીયા હય! ઓહ કુત્તે ચુપ હો જા! જાદે કરેંગે તો તેરી હડ્ડી પસલી તોડ ડાલેંગે!"

"હાઉ! હાઉ! હાઉ!"

"બસ અબી ચુપ હો જા!"

કહી જાળી બળ કરી ઉઘાડી પઠાણ ઘરમાં દાખલ થયો; કુતરો પણ ઉછળી ઉછળીને ભસવા લાગ્યો; પઠાણ પણ કુતરા સામો દાંતીયાં કરવા લાગ્યો; પઠાણ નીસરણી પર પગ મુકવા જાય કે તરત ટોમી કુદી કરડવા આવે. થોડીકવાર સુધી તો પઠાણ અને કુતરાના દાવપેચ ચાલ્યા, છેવટે બળ કરી ટોમી પઠાણ પર સાંકળ તોડી નાંખી કુદ્યો; પઠાણને વલુરી ખાધો અને ઉપરા ઉપરી પાંચ સાત બચકાં ભર્યાં; બારીષ્ટર અને કપીલા ગભરાઈ દાદરમાં નીચે આવ્યાં; બારીષ્ટરે ટોમીને શાંત પાડવા ખુબ ધમકાવ્યો, પણ વકરેલો ટોમી કેમે કરી શાંત પડયો નહીં; ઉલટો પઠાણને કરડી ખાધો; તેના શાલ જોટાની ગાંસડી ફાડી

નાંખી, પઠાણનાં કપડાં પણ ફાડી નાંખ્યાં, છેવટે પઠાણે ખુબ ગુસ્સો કરી કુતરાને ડાચાથી પકડી બે હાથે બળ કરી માથે ફેરવી બારણા જોડે ખુબ પછાડયો; કુતરો પણ જીવ ઉપર આવી લોહી લુહાણ થઈ ફરી પઠાણના પગે ચોંટયો; પઠાણ પણ જીવ પર આવી કુતરાની છાતી પર ચડી બેઠો અને બળ કરી ચપ્પા વતી કુતરાને ચીરી નાંખ્યો; કુતરો લોહીલુહાણ થઈ બારીષ્ટરના બારણાં વચ્ચે મરવા પડયો. આડોશી પાડોશી પુષ્કળ ભરાઈ ગયા, પઠાણ પણ ખુબ ગુસ્સે થઇ બારીષ્ટરની ઑફીસમાં ગયો, અને લાલચોળ ડોળા કાઢી પૈસા માગવા લાગ્યો!"

"અચ્છા બાવા અમારા શાલ જોટાકા પયસા લાવો!"

"પઠાણ સાબ ગુસ્સે મત હો જાઓ! કુત્તા મર ગયા તો કુચ્છ ફીકર નહીં, તુમ શાંત હો જાઓ!"

"અબીને અબી અમારા પયસા ઇધર મુકો!"

"સાબ તુમારા પયસા પરસુ આકે લે જાઓ!"

"નહીં બાવા અમ પરસુકી બાત ન સમજે; પયસા અબી ચહીએ!"

"અબી પયસા નહીં હય!"

"નહીં બાબા અમ પયસા લીધા વિના ઇધરસે કબી ન જાયેગે!"

"ઇધર પયસા નહીં હય! શ્યામકુ કોરટમાં આવો!"

"કોરટકી અયસી તયસી! અબી પયસા છોડો!"

"ડીઅર તારી ટૂન્કમાં જો તપાસ કર! કાંઈ નોટ બોટ છે જાને લાવ કાંઈ!"

"હું શું કરૂં? નસીબ તમારાં! ઉધાર લાવવાનો બહુ તમને ચડસ છે, ઠીક આ પઠાણ પણ માથાનો મળ્યો છે! જેનું તેનું આ લાવી નામે મંડાવી ઘરમાં ઘાલ્યું; કાકાને શો જવાબ દેવો પડશે તેનો કાંઈ વિચાર કર્યો? ઉલટું અધુરામાં પુરૂ લેણદારોને મારફાડ કરોછો; વળી એટલેથી પણ ન ધરાયા ત્યારે છેવટે ટોમી ડૉગને લાવી બારણે બાંધ્યો, આ તે તમારા ઢંગ છે, લોકોના પૈસાનું પાણી કરવું, અને માગવા આવે ત્યારે ડંડાબાજી કરવી એ કયાંનો ન્યાય! ઠીક આજે ગમ્મત આવી છે, મારી પાસે તો કાંઇ નથી!"

"બારીષ્ટર સાહબ અમારા પયસા અબી દે દો! ડેર મત લગાવો!"

"અરે પઠાણ સાબ માફ કરો! તુમારા પયસા કલ જરૂર દેગા, ચહીએ તો બ્યાજ લેના!"

"નહીં પયસા અબી દે દો! તુમ અયસે કોટ પાટલુન વાલે સાબ લોક હોકર અમસે મવાલી હોતે હય! તુમારી પાસ જબ દામ નહીં થા, તબ માલ જોટા કયોં લીયા!"

"ડીઅર ઓહ માઇ ડારલીંગ જરા દયા કર! હેવ પીટી ફોર આ પુઅર હસબન્ડ! વ્હાલી આ વખતે ખાસ મહેરબાની કર! મારી પાસે જેવા પૈસા આવશે કે તરતજ હું તને પૈસાથી દાટી દઇશ!"

"અરે પણ હું લાવું કયાંથી? ના હોય તે ચોરી કરવા જાઉં! તમને વિચાર નહોતો આવ્યો, ઉધાર લાવી શોખ માણવાનો મેનીયા આવો કયાં સુધી રાખશો?"

"બાબા પયસા લાવો, દેર મત લગાવો!"

"પઠાન સાબ અબી તો પયસા નહીં હય!"

"અબી પયસા છોડ દો, નહીં તો ઝગડા હો જાયગા!"

"લ્યો આ મારી એક સોનાની અંગુસ્તરી છે, તે પચીસ રૂપીઆની છે!"

"અચ્છા લાવો અંગુસ્તરી!"

"દુસરા પયસા કલ દેગા!"

"નહીં અબી ચહીએ!"

"અચ્છા લ્યો એ સોનેકી ઘડીયાળ ઓર એ સોનેકી ચેઈન!"

"રહેને દો એ સુન્ના જુઠ હય! અમારે કાંમકે નહીં! અમકુ દાગીના ચહીએ!"

"અરે નહી સાબ ઘડીઆળ સુન્નેકી હય!"

"નહીં બાબા એ તુમારી ઓરત કે ડોકમાં જે ચેઈન હય વો હમકુ દે દો!"

"ડીઅર મહેરબાની કરી તારી પાસે જે ચેઈન છે તે તું આ પઠાણને આપ! હું તને ડબલ મોટી કરાવી આપીશ!"

"જાઓ જાઓ છાનામાના બોલતા શરમાઓ! બાઈડીના દાગીના ઉતારવા આવ્યા છો! એવો શો ધંધો કર્યો કે તમારે આવો વખત આવ્યો!"

"ઓહ માઈ હાર્ટ આ વખતે મારી આ માગણી કબુલ રાખ? હું હવેથી આવી કદી ભૂલ નહિ કરૂં; મારો જાન જશે તો જવા દઇશ પણ કાંઈ ઉધાર લાવી વ્યવહાર નહિ નભાવું પછી

કાંઈ!"

"અરે ગમે તેમ થશે તો પણ હું મારી ચેઇન નહિ આપું તે નહિજ આપું! પાંતરીસો બાટલી અને પ્યાલામાં લાવ્યા તે વખતે આ પઠાણકાકા યાદ નહોતા આવ્યા?"

"નો ડીઅર નો! જો તે વખતે યાદ આવ્યો હોત તો આ વખતજ ન આવત!"

"શી રીતે યાદ આવે! કોઇ દિવસે નામું રાખવું છે! બધો ગલ્લે હીસાબ! મળ્યું ત્યારે મીર, નહિ તો ફકીર! હાથમાં પૈસા આવે છે ત્યારે કાંઈ વિચાર સૂઝે છે!"

"ડીઅર આ વખતે મારા ઉપર ખાસ મહેરબાની કર, હવેથી તું જેમ કહીશ તેમ હું કરીશ! અત્યારે આ પઠાણના ત્રાસમાંથી મારો બચાવ કર! વ્હાલી હું ગભરાઈ ગયો છું!"

"હા તમારૂં કહેવું બધું સાચું છે પણ હું શી રીતે મારી ચેઈન તમને આપું! ચેઇન તમારા બાપની નથી!"

"ત્યારેજ મારી ડીઅર હું તારી પાસે કરગરીને માગું છું!"

"એ તો હું પણ જાણું છું કે તમે કરગરીને માગો છો, નહિ તો કયારનીએ ડોકમાંથી કાઢી લીધી હોત?"

"વ્હાલી હવે બહુ થયું! મને ઝાઝો ન તલસાવ! હું બે હાથ જોડીને તારી પાસે ક્ષમા માગું છું! આ વખતે દયા કરી મને દેવાના ત્રાસમાંથી મુક્ત કર!"

"લ્યો આ ચેઈન! ખબરદાર હવે જો વગર વિચાર્યું દેવું કરી તોફાન કર્યું તો!"

"લ્યો પઠાનસાબ આ ચેઈન લ્યો!"

"લાવો બાબા!"

"લ્યો સાહેબ! હવે મહેરબાની કરો!"

"કયા મહેરબાની કરે! અબી અમારા દામ પૂરા નહિ હોતા હય! હજુ પચાશ રૂપીઆ કમ હય!"

"નહિ સાબ વીસ પંદરનોજ ફેર છે, તે હું તમને કાલે પૂરા કરી આપીશ, અત્યારે જાઓ મહેરબાની કરો!"

"નહિ બાબા અમારા પયસા છોડો, તુમ લોક ઉપરસેં અચ્છા શાહુકાર દેખાતે હો મગર ભીતરકે અચ્છે નહિ હો!"

"ક્યોં પઠાનસાબ ઈસ તરેહસેં બોલતે હો?"

"બાબા શાહુકાર શરીફ લોક અયસે કુત્તે પૈસા માગને વાલેકુ કાટનેકે લીયે બાંધતા હય! ઓ તુમ બડી બદમાસી કરતા હય! અમ જો કુચ્છ સચ કહેવે તો તુમ બડા શરીફ બદમાસ હો! જેન્ટલમૅન લૉફર હો! બજારસેં માલ ક્રેડીટ પર લાના, અગર કીસકુ દેના નહિ!"

"અચ્છા સાબ અબી માફ કરો તુમ જાઓ! જરૂર કલ પૈસા દેગા!"

"નહિ બાબા રૂપૈયા પચાશ કમ હય! અબી લાવો અમ કબી નહિ જાયેંગે!"

"ચલો સાબ અબી મેરી પાસ કુચ્છ નહિ હય! જો આપકુ ચહીએ તો એ ઘડીઆળ લ્યો, એ અછોડા લ્યો, ફીર ક્યા કરે?"

"નહિ બાબા, એ તુમારી લેડીકે કાનમેં જો એરીંગ હય ઓ અમકુ દેદો, જાસ્તીમાં તુમારી ઘડી, ચેઈન ઓર એ ચશ્મા

અમકુ દેદો, ઓ સબ માલ અમ તુમારા લેકર કલ શામકુ ઈધર આવે, અમારા દોઢસો રૂપીઆ દેદો, ઔર તુમારા સબ એ માલ લેલો !"

"પઠાનશાબ માફ કરો, તુમ બડા જુલમગાર હો !"

"તુમારા જયસે શરીફ બદમાસોંપે અયસા જુલમગાર હોના ચાહીએ ! તુમ લોક અમારી આગે સીધે હો ! તુમ ઔર તુમારા એ કુત્તા દોનું બડા બદમાસ હય ! યાદ રખો જો કુછ અમારા ખુન ઈધર નીકલા હય, મગર અમલોક તુમકુ દેખ લેવેંગે ! અયસી નાદાની બદમાસી ઓર ચાલાકી કોઇ શાહુકાર-લોક નહિ કરતે હય ! એ શહેરમાં એક તુમ ખુદ શરીફ બદ-માશ હો !"

"પઠાનશાબ માફ કરના ! એ કુત્તાએ જો કુછ કીયા હય એમાં મારો વાંક નથી, એને પણ પાપની સજા સારી થઇ છે ! ઓ બી જાનસેં મુઆ હય !"

"તુમ જીતે રહે હો એ અમકુ બહોત ખટકતા હય ! કયા કરે અમ લાચાર હય ઇધર તુમારા મકાન હય, એ છુરીસેં જો સજા કુતેકુ કીઇ હય, ઓ તમકુ બી અમ કરતે, મગર ઇધર તમારા મુકામ હય ! જો બાજારમાં અયસા ધાંધલ હોતા તો અમ તુમકુ ઓર કુતેકુ દોનુંકુ એ છુરીસેં કાટ ડાલતે ! મગર અફસોસ, તુમારા મકાન હય ! અમકુ બહોત ગુસ્સા હોતા હય ! અમારા સારે બદનમેં આગ ઉઠતી હય ! દેખો બારીષ્ટર સાહેબ અમ તુમકુ છેલ્લી દફે કહેતે હય કે જો કુછ અમને કહા હય ઓ જલ્દી કરો, અમકુ દેદો, નહિ તો ઈધર તુમારા ખુન હો જાયગા !"

"ઓહ માઈ ડીઅર લેડી તું જલ્દી તારાં એરીંગ આપ નહિ તો રજનું ગજ થશે અને જોતજોતામાં આ પઠાણ ગજબ કરશે, હું તને કરગરીને કહું છું કે મને જલ્દી એરીંગ આપ, તને આથી પણ સારાં એરીંગ હું કરાવી આપીશ!"

"જો જો! બોલીને ફરી ન જતા! આ વખતે તો તમે જેમ કહોછો તેમ હું કરૂં છું પણ હવેથી આવું નહીં ચાલે!"

"ઓહ થેન્ક યુ માઈ ડીઅર!"

"અરે પાછું થેન્ક યુ બોલ્યા!"

"ઓહ ભૂલ્યો પારડન મી!

*　　*　　*　　*

જોઈ જોઈને સઘળું જોયું,
બહુ હરી ફરીને મેં જોયું;
ઘણું વાંચી વિચારી મેં જોયું,
પણ સ્ત્રી વશ કરવાનું સાધન એક ન જોયું!"

"ડીઅર એકસક્યુઝ મી!"

"લ્યો આ એરીંગ!"

"લ્યો પઠાન સાબ આ વૉચ, ચેઈન, ચશ્મા અને એરીંગ હવે આપ આ દાગીના લઈ જલ્દીથી ઘેર પધારો! કાલ સાંજના ઘેર આવજો; એટલે હું તમારા પૈસા ચુકવી દાગીના છોડાવીશ."

"અચ્છા લાઓ સબ દાગીના અય પાકીટમાં ડાલો!"

"લ્યો સાબ! માફ કરના પઠાન સાબ! આપકુ તકલીફ તો બહોત પડી!"

"ઓહ અયસી તકલીફ અમ સારી જીંદગીમેં નહીં ભૂલે!

અચ્છા બારીષ્ટર સાબ અબી તો મેં જાતા, મગર કાલ નહીં મેં પરસુ સામકુ આવુંગા; તુમ પયસેકી તજવીજ કરના! દુસરા કુછ કુત્તા બાંધનેકા હુય તો અમકુ બોલો અમ જમૈયા બરછી લેકર આવે!"

"નહી નહી સાબ કુછ નહીં કરનેકા! ઓ કુત્તા તો મર ગયે તો જહાન્નમમે ગયે, અમકુ કુછ દરકાર નહીં હુય!"

"મગર મેં ઓર તુમ દોનુ જીતે હુય!"

"નહીં નહીં સાબ માફ કરના!"

"અચ્છા બારીષ્ટર સાબ સલામ!"

કુતરાને મારી પછાડી બારીષ્ટર સાહેબની અક્કલ અંતરથી ઉઘાડી પઠાણ ચાલ્યો ગયો, કપિલા તથા બારીષ્ટર પંકાણને જોઇ થરથરી ગયાં હતાં. ઝનુન પર આવેલો પઠાણ કુતરાને મારતી વખતે જાત ઉપર હલ્લો કરશે એવી સજ્જડ ભીતી સુધરેલ દંપતિના હૃદયમાં સજ્જડ પેશી ગઇ હતી; તે ક્રમે કરી દુર થવા ન લાગી. ટુંકમાં બંને જણાં કુતરાને લોહીલુહાણ જોઇ ચમકી ઉઠયાં હતાં. રકતનો કુદરતી દેખાવજ એવો ભયંકર છે કે મનુષ્યની દ્રષ્ટીએ પડતાં મનુષ્યને દૃષ્ટીબંધ કરી મૂર્છાવશ કરી નાંખે; એ પ્રમાણેનો પ્રસંગ અત્યારે બન્યો હતો. કોટ પાટલુનથી સોલજર જેવા લાગતા બારીષ્ટર સાહેબ કુતરાના ખુનથી ગરીબ ગાય જેવા થઈ ગયા હતા. સીમીંગ આ ટાઇગર એન્ડ ઇનસાઇડ આ કાઉ અને ઇનસાઈડ આ ટાઇગર એન્ડ સીમીંગ આ કાઉનો અજબ અખતરો અત્રે થએલ હતો. બારીષ્ટર સાહેબનું રૂપ સોલજર જેવું હતું પણ હૃદય ગરીબ ગાય જેવું હતું; તેથી

તેમના આખા શરીરમાં ભીતીના ભણકારા વાગી રહ્યા !

"હું તમને રોજ કહેતી હતી કે આ ટોમીનું તોફાન કાઢી નાંખો ! સારૂં થયું કે તોફાનમાં ટોમી જીવથી ગયો; વખતે મામલો જીવ પર આવી તમારી સંઘાતે બથમબથા થઇ હોત તો તમારી શી દશા થાત !"

"ડીઅર, ટોમીને ઑફીસના બારણે બંધાવનાર પણ તમે હતા અને અત્યારે હવે કડક ટીકા કરનાર પણ તમેજ છો."

"સાહેબ જે થયું તે સારૂં થયું. આજ તમારૂં પાપ ગયું ! નહિ તો કોક દિવસે તમારી જીંદગી જોખમમાં હતી !"

"ડીઅર મને શી ખબર કે ટોમી આવું ડેન્જરસ તોફાન કરશે ? જો જરા પણ મને માલમ પડયું હોત તો હું તેને જાળી આગળ બાંધતજ નહિ !"

"ચાલો હવે ચિન્તા તજો ! ટોમીનું મોત પઠાણના હાથેજ થવાનું નિરમાણ હશે ત્યાં અફસોસ કરે શું વળે !"

"વેલ ડીઅર હું જરા પોળ આગળ આંટો મારી આવું; કોઈ ભંગી નજરે પડે તો આ કુતરાને ઘરમાંથી દુર કરાવું !"

"હા, હા, તે કામ જલ્દી કરવાની જરૂર છે ! આખું આંગણું લોહી લોહી થઇ રહ્યું છે !"

"ઓલરાઈટ ત્યારે હું જાઉં છું ! તું એક જુનું પૂરાણું ધોતર ફાડી કુતરા ઉપર ઓઢાડ હું જલ્દી આવું છું !"

"સારૂ જાઓ જલ્દી જાઓ !"

બારીષ્ટર સાહેબ ચસ્મા વગર લથડીઆ ખાતા અને આંખો ચોળતા ચોળતા ઘર બહાર નીકળી પોળ તરફ જવા લાગ્યા;

કપીલા પણ આંગણું પાણીથી ધોઇ સાફ કરવા લાગી. સડક ઉપરથી પસાર થતા લોકોને બારીષ્ટર સાહેબ ઝીણી નજરે આંખ ખેંચી ખેંચી નિહાળવા લાગ્યા પણ કોઈ ઝાડુવાળો ભંગી કે ઢેડીયો નજરે પડયો નહિ. રસ્તે પસાર થતા મેલાં લુગડાંવાળા મજુરને ભંગી ધારી બોલાવવા લાગ્યા પણ ભંગી શોધ્યો જડયો નહિ. કોઈ દહાડો નહિ ને આજ એકાએક પોળ આગળ બારીષ્ટર સાહેબને ઉભેલા જોઈ પોળના પાડોશી આડોશીઓ તાજુબ થવા લાગ્યા અને તેમને પૂછપરછ કરતાં જ્યારે માલમ પડયું કે બારીષ્ટર સાહેબનો ટોમી નામનો કુતરો મરી ગયો, ત્યારે તમામ ઘણાજ આનંદમાં આવી ગયા. પોળ પાડોશમાં ટોમીનો જુલમ પારાવાર હતો. એકંદર પોળમાં ટોમીને વાઘનું બચ્ચું લોકો માનતા હતા. એકદમ કોઈ પણ માણસ બારીષ્ટરના ઘરમાં પ્રવેશ કરી શકતો નહોતો અને જો વખતે ઘરમાં ગયો ને ટોમીનો ભેટો થઈ ગયો તો તરતજ મૂઠીઓ વાળી જીવ લઇને ઘર બહાર કુદકો મારી નાસી છુટતો હતો. એકંદર બારીષ્ટર સાહેબે ટોમીને ઓળખાવ્યો હતો અને ટોમીએ બારીષ્ટર સાહેબને ઓળખાવ્યા હતા. કંઈક જણા ટોમીના લોતીઆ બચકામાં આવી ગયા હતા, અર્થાત્ બારીષ્ટર સાહેબનો ગૃહસ્થાઇનો ભપકો આ ટોમીથી નભે જતો હતો. ટોમીને લઇને બારીષ્ટર સાહેબ બજારની શરાફી વાયદામાં ચલાવે જતા હતા. ટોમીના ડોળા જોઇને કંઇક ઉઘરાણીવાળા બગલમાં ચોપડા મારી મુઠીઓ વાળી વાળી નાસી જતા હતા. વખતે ઑફીસ ઉપર ચડી જવાને ભાગ્યશાળી થતા હતા અને જ્યારે પૈસાની બારીષ્ટર સાહેબ પાસે માગણી કરતા

હતા ત્યારે નજીકની ચેર પર ટોમીને ઘુરકતો જોઈને છાનામાના સારૂ સાહેબ કહીને રસ્તો માપી જતા હતા; અર્થાત્ ગુમાસ્તા શેઠને વાયદાની મીઠી સાકરના વચનમાં જુઠુ બોલી રમાડતા હતા. ટોમીને લઇને જ્યારે બારીષ્ટર સાહેબ બજારમાં કે શહેર બહાર હવા ખાવા જતા હતા, અગર કામ પ્રસંગે અન્ય સ્થળે ફરતા હતા ત્યારે ટોમીના વિકાળ દેખાવથી બારીષ્ટર સાહેબનું ઘણું ખરૂં કામ સ્હેજમાં પતી જતું હતું. આ પ્રમાણે આજરોજ અચાનક બારીષ્ટર સાહેબના એડીકૉંગ ફ્રેન્ડ કે નિમકહલાલ રક્ષક બોડીગાર્ડ ટોમી કુતરાનો અંત આવ્યો! એકવાર એક નાટક કંપનીમાં બારીષ્ટર સાહેબ ટોમીને લઇને નાટક જોવા ગયા હતા, નાટકના દોઢડાહ્યા અને અવળચંડા મેનેજરે બારીષ્ટર સાહેબને ટોમી ડોગની ખાસ ઓરચેસ્ટ્રાની ટીકીટ લેવાની ફરજ પાડી હતી. બારીષ્ટર સાહેબ પણ હઠે ભરાઈ ટોમીની ટીકીટ લઇ ઓરચેસ્ટ્રામાં દાખલ થયા હતા. જ્યારે નાટક શરૂ થયું અને તેનો ઓપનીંગ સીન બંદુકના અવાજ સાથે ખુલ્લો થયો ત્યારે ટોમીએ અવાજથી ઉશ્કેરાઈ નાટકનું એક અચ્છુ કોમીક બતાવી દીધું હતું; અર્થાત્ બંદુકનો બહાર થતાની સાથેજ ટોમી કુદકો મારી ઉછળી સ્ટેજ પર ધસી ગયો હતો અને સુત્રધાર અને નટીઓને બચકે બચકે કરડી તોડીને તેમનાં કપડાં લુગડાં ફાડી નાસમનાસા કરાવી મુકી હતી; અર્થાત્ આખા ઓડીઅન્સમાં હો હો મંચાવી દીધી હતી. છેવટે માંડ માંડ મહા મહા પ્રયત્ને નાટકના માલેકના હદ બહારના કાલાવાલાથી અને ખરચેલી ટીકીટના ત્રણ ગણા દામ ખીસ્સામાં મુકાવી સાહેબ બહાદુર

ટોમીને પંપાળી પંપાળી સ્ટેજ પરથી ઉતારી ખુરશી તળે દાબી દીધો હતો. આ પ્રમાણે બારીષ્ટર સાહેબને ટોમીએ અને ટોમીને બારીષ્ટર સાહેબે સારી રીતે ઓળખાવી દીધા હતા. આવા પરાક્રમી ટોમીના મડદાને ભંગી પાસે ખેંચાવી લેવરાવવા સારૂ બારીષ્ટર સાહેબ મનમાં અફસોસ કરતા રસ્તાના આવતા જતા લોકોને જોતા હતા. અત્યારે ચશ્મા વગર તેમની ઘણીજ કઢંગી હાલત થઈ હતી. ચશ્મા પહેરનારની મુશ્કેલીની મજા જ્યારે ચશ્મા એકાએક ભાગી જાય છે, અગર ખોવાઈ જાય છે ત્યારે સારી ચાલે છે. પોળોની ગલીકુચીઓના અંધારામાં, નાના ગામડાઓમાં અગર દરવાજા બહાર કે સ્મશાનમાં અને કૃષ્ણ-પક્ષના અવસરમાં જ્યારે ચશ્મા માસ્તરો ચશ્મા વગર ચાલે છે ત્યારે તેઓ જાનવરને માણસ અને માણસને જાનવર જુએ છે; અર્થાત્ ડગલે ડગલે ગોડીમડાં ખાઇ એવી મુશ્કેલીમાંથી મશ્કરી-ભર્યા પસાર થાય છે કે જે ચશ્મા વગરનો પ્રસંગ એક જીંદગીનો આંખનો ધડો થઈ પડે છે. આ પ્રમાણે ઘાટ અત્યારે બારીષ્ટર સાહેબને વાસ્તે થયો!

"એ ભંગી ઇધર આવ! ક્યાં જાય છે?"

"અરે મારા શાબ નજરે જુએ છે કે આંધળો છે! મજુ-રને ભંગી કહેતાં શરમ નથી આવતી!"

"ઓહ ભુલ્યો ભુલ્યો. તું ભંગી નથી. જા જા ચાલ્યો જા!"

"મારા બેટા આવાએ છતે દહાડે આંધળા કેટલા પાટ-લુન માસ્તર હશે?"

"એ ઢેડીઆ આમ આવ, ક્યાં જાય છે; ચાલ મારી સાથે

આગળ થા!"

"માસ્તર સંભાળીને બોલો, ઢેડીઓ તમારો બાપ! કાંઈ ઢેડ ભંગીનેએ ઓળખો છો કે નહિ!"

"અરે ભાઈ તું ઢેડીઓ નથી? માફ કરજે હો! જ્યારે વસ્તુ પાસેથી જાય છે ત્યારેજ વસ્તુની કીંમત થાય છે. ચશ્મા વગર કેટલી આપદા પડે છે તેનો મને આજે સારો ખ્યાલ થયો!"

"તો મહેરબાન કાળા એટલા ભૂતના સાળા, જેટલા મેલા એટલા ઢેડીઆ અને જેટલા ઉજળા ધોળા એટલા બધા શાહુકાર માસ્તર! શું ન્યાય છે! જમાનામાં મજુર અને ઢેડની કીંમત લોકોને થતી નથી!"

"અરે એ ખટારાવાળા ઉભો રહે! ગાડું પોળમાં હાંક!"

"કેમ તમારે ગાડાનું શું કામ છે?"

"અરે એક કુતરો મરી ગયો છે તે આ ગાડામાં નાંખી ઉપાડી જા!"

"તો મહેરબાન આ કચરાપટીનું ગાડું નથી! તમે તે શું અમને ઢેડીઆ ગણો છો?"

"એમ ત્યારે આ કચરાપટીનું ગાડું નહિ! ઠીક જા ભાઈ જા!"

"તમને એટલીએ ખબર નથી પડતી શાબ કે આ મેલાનું ગાડું છે!"

"મારૂં બેટું આ પણ એક ગજબની વાત છે. મારા જેવો બારીસ્ટર એક કલાકથી પોળ આગળ ખોટી થાય છે અને એક પણ ભંગી નજરે પડતો નથી. આ તો છેક સંધ્યાકાળ થવા

આવ્યો પણ પત્તો ખાધો નહિ !"

"માળા લોકો આંખ મીંચીનેજ જુએ છે? ભૂલોજ આવા શાબલોક કરે છે, હમણાં બીજાએ ભૂલ કરી હોય તો મારા હાહરાને એવી તો ચોપડાવું કે ફરી બો ભૂલી જાય!"

"એ કચરાપટીવાળા, ગાડું પોળમાં વાળ !"

"કેમ શું કામ છે ?"

"એક કુતરો ઉપાડી જવાનો છે !"

"શાબ મને નવરાશ નથી, તેમ ગાડામાં જગ્યા નથી !"

"તો ગધેડા સીધો સીધો ચાલ ! તને કુતરો ઉપાડવાના પૈસા આપીશું !"

"શાબ શું આપશો ?"

"ચાર આના !"

"એ ના શાબ પૈસા આઠ આનાના લઈશ! જો એમ હોય તો આવું; નહિ તો હું મારે આ ચાલ્યો !"

"સાલા સુવર કેમ માન ખાય છે! ચાર આના લેતાં ચુંક આવે છે. કરવા દે કોઠામાં રીપોર્ટ ! મ્યુનિસિપાલીટીનુ પણ ઓછું અંધેર છે! આવા લો કલાસ ગટરવાલા તે પણ આટલા કડક મીજાશવાળા જણાય છે. ચાલ પોળમાં ગાડું હાંક !"

"એ શાબ એમ તમારા ડોળાથી બી નહિ જાઉં ! તમારે જવું હોય તો સુખેથી કોઠામાં જાઓ ! મારે ક્યાં એક શેઠ છે કે ઠપકો દેશો ? કોઠામાં તો શેઠીયાનો પાર નથી ! ઝાઝા શેઠવાળા નોકર મલકમાં રાજા થઇને ફરે !"

"નો ડોન્કી બકવા મુકી સીધો ચાલ !"

"કેમ શાબ આઠ આના કબૂલ!"

"લે ચાલ છ આના આપીશ હવે બોલીશ નહિ!"

"સારૂ શાબ! આ ગાડું અહીં છો ઉભું રહ્યું, હું હાથેવતી કુતરાને ઉપાડી ગાડામાં નાંખીશ!"

"ઑાલરાઇટ ચાલ!"

"ભંગીઓ અને બારીષ્ટર બંને ઘર આગળ ગયા; લોહી-લુહાણ કુતરાને લૂગડાથી બાંધી ઢેડીયાએ ઘર બહાર કાઢયો અને તેને પૂછડું પકડી ઘસડવા લાગ્યો, લોકો પણ કુતરો મરી જવાથી ઘણાજ ખુશ થયા, અને આસપાસ ટોળાબંધ ઉભા રહ્યા. આ બાજુ લોકોને બારીષ્ટર સાહેબ વીખેરી નાંખવા લાગ્યા અને પોતે છ આના લઈ પોળ ભણી જવા લાગ્યા. પોળ આગળ આવ્યા કે તરતજ આસપાસ કુતરા એકઠા થઇ ભસવા લાગ્યા; એટલામાં એક સાઇકલવાળો આવી બેલ ઉપર બેલ વગાડવા લાગ્યો અને તેની પાછળ એક આખલો અને ગાય પૂરસપાટે દોડતાં આવ્યાં. ગાય ઢેડીયા ઉપર પડી ઢેડીઆને પાડી નાંખ્યો અને આખલો સાઇકલવાળાને તથા બારીષ્ટર સાહેબને ગોથે ચડાવી દોઢ ગાઉ દુર ફેંકી દીધા. આમ કુતરાએ શોરબકોર મચાવી દીધો, એટલામાં એક રાહદારી મજુરને માથે કરંડીયો મુકાવી પોળમાં પેઠો, તેને કુતરા ભસવા લાગ્યા; એટલે બિચારો બીકનો માર્યો જીવ લઈ એક ઢેખાળો શોધવા લાગ્યો. ઢેખાળો શોધતાં શોધતાં એક કુતરો મજુરને બાઝયો; મજુર બૂમ પાડી કરંડીઓ ફેંકી દઇ જયાં આગળ બારીષ્ટર સાહેબ પડયા હતા; ત્યાં ઢેખાળો લેવા ગયો, પેલો રાહદારી પણ ઢેખાળો શોધવા

ગયો, સંધ્યાકાળનું અંધારૂં હોવાથી તે પણ આંફળો ફાંફળો બની બારીષ્ટર ઉપર પડયો, ત્યાં બારીષ્ટરે બુમ પાડી!"

"આ બેવકુફ જો તો ખરો કે હું બારીષ્ટર છું!"

"તો બાપજી આમ ખૂણામાં કેમ પડયા છો! શાબ બાટલી ફાટલી ચડાવી તો નથી!"

"અરે એક સાંઢીઆના સપાટામાં આવી જવાથી હું ગોથું ખાઇ પડયો છું!"

"અરે મારા ભગવાન એક કુતરાને મારવા ઢેખાળો શોધવા જતાં હાથમાં બારીષ્ટર સાહેબ આવ્યા? શું જમાનો આવ્યો છે કે શહેરમાં ગલીએ કુંચીએ જ્યાં નજર કરીએ ત્યાં વકીલ ડાકટર ને બારીષ્ટર નજરે પડે; તેમાંએ ઢેખાળો શોધતાં બારીષ્ટર હાથમાં આવે. ભલા ભગવાન તું જે કરે તે ખરી!"

"ચાલ ભાઇ ચાલ હવે તું ઉઠ ઉભો થા! કેળવણીનો પ્રતાપજ ઉમદા છે અને દેશનાં સુભાગ્ય છે કે દેશમાં વકીલ બારીષ્ટર અને દાક્તરો વધ્યા છે, નહિ તો ગીની આપતાં.શોધ્યા નવ જડે!"

"મહેરબાન ખોટું ન લગાડશો. હવે તો બધા પાટીઆવાળા કીડીયોની માફક ઉભરાવા લાગ્યા છે! ઝાઝા મળ્યા અને ખાવા ટળ્યા; બહુ ભેગા થવાથી ધંધાની પત્તર જધી નાંખી!"

આ પ્રમાણે અફસોસ અને આશ્ચર્યના ઉદ્ગાર કાઢતા રાહદારી, બારીષ્ટર અને સાઇકલવાળો એ ત્રણે રસ્તે પડયા! ઢેડીયો પણ ટોમીને ઘસડી ગાડામાં નાંખી રસ્તે પડયો! તેને પણ ગાયની જબરી ચોટ લાગી, બિચારો કુતરાને ઉપાડવાના

છ આના પણ બારીષ્ટર સાહેબ પાસે માગવા ભૂલી ગયો, સાહેબ પણ હાથમાંથી છ આના પડી જવાથી વિસ્મય થઈ માથું ખંજવાળતા અડખડીઆં ખાતા ચશ્માના હાયપટોરા કરતા ઘરમાં પેઠા, વાંચકો આતે “ સુધારાનો વિકાસ કે સંસારનું સત્યાનાશ. ”

પ્રકરણ ૪ થું.

સુધારાનું પાપ કે કુધારાની છાપ !

દોહરો.

ચડતી પડતી ભરતી એ ઠરે ન ત્રણ લગાર;
અસ્ત તણો ઉદય અને ઉદય અસ્ત નિરધાર.

દ્રવ્યથી પુત્ર પ્યારો છે, પુત્રથી પોતાનું તન પ્યારૂં છે, તનથી ઇંદ્રીઓ પ્યારી છે, ઇંદ્રીઓથી પ્રાણ પ્યારા છે અને પ્રાણથી આત્મા પ્યારો છે; આથી આત્મા છે તેજ સૌથી વધારે વ્હાલો છે. પોતે સર્વનો કર્તા રહી અક્રિય રૂપે બિરાજે છે અને જેમ જેમ રૂચે તેમ તેમ રહે છે! કેમકે વિશ્વ એક ધર્મશાળા છે, તેમાં જન્મ મરણ રૂપી આવાગમનના માર્ગો સ્પષ્ટ જણાય છે. કેટલાક એ ધર્મશાળામાં આવે છે, કેટલાક જાય છે અને કેટલાક આવી જઇને સ્વરૂપમાં સમાઈ ગયા છે. આવાગમનના ઉભય રસ્તાઓ નિરંતર ચાલતાજ રહે છે, તેમાં જાણી જોઇને શા માટે ભરમાઈ રહ્યા છો ? ખરેખર જેઓ અણસમજથી એને ગૃહણ કરી બેઠા છે તેઓ આખરે પસ્તાય છે !

ચડતીમાં કુમાર્ગે ચડતા મનને તુજ રોકજે;
સન્માર્ગે રહીને હૃદયમાં તું ધર્મ દયા રોપજે.
પડતીમાં પડી પ્રાણને પ્રજળાવતો તું તો નહીં;
કરીશ નવ કાંઇ પાપ કર્મો ધર્મ રૂડો ચિત્ત ગૃહી !

જે કામ કરવું તે એવી રીતે વિચારીને કરવું કે જેથી પછી પસ્તાવાનો સમય ન આવે; વિવેક પૂર્વક તેજ માર્ગ શોધીને ચાલવું કે જ્યાં જઇને પાછું આવવું ન પડે, જીવતાંજ ત્યાં ચાલ્યા જવું કે જ્યાં મરીને અંત સમયે જવાનું છે, મુવા પછી મુક્તિની શી મજા મળવાની હતી? માટે જીવતાંજ મુકત થઇ રહેવું જોઇએ. ઘટઘટને વિષે રહીને જે બોલે છે તથા સાંભળે છે તેજ ત્રણે કાળને વિષે વિદ્યમાન છે અને જે હું તથા તું પણાનો ત્યાગ કરીને મારા તથા તારામાં વસી રહેલ છે, તેજ એ આત્મા રામ છે. તેજ આત્મારામ કોઇ સ્થળે અમીર તો કોઈ સ્થળે ફકીર થઇને રહેલો છે. કોઈ સ્થળે દેવ તો કોઈ સ્થળે દાનવરૂપે રહેલ છે, કોઈ ઠેકાણે મીન તો કોઇ ઠેકાણે જળ રૂપ રહેલો છે અર્થાત્ સર્વ રૂપે એ પોતેજ એક રસ છે.

* * * *

અરે હું તો નથી બીતો નથી બીતો નથી બીતો,
ભલે દુઃખ હોય તે વીતો નથી બીતો નથી બીતો:-૦
નથી કંઈ કામની માયા નથી કંઇ કામની માયા,
વિના જપના વૃથા કાયા નથી બીતો નથી બીતો:-૦
ભવે ભગની પિતા માતા તનય તનુજા તથા ભ્રાતા,
સદા સૌ સૌખ્યના શાતા નથી બીતો નથી બીતો:-૦
કરૂં હું મિત્રતા કોની પ્રતીતી છે ન લોકોની,
ભર્યા સ્વાર્થે સહુ કો'ની નથી બીતો નથી બીતો:-૦
તજી સંસારના રાગો તથા કૃષ્ણા કૃતિ કાગો,
પ્રભુ પ્રતિ જાઉછું ભાગો નથી બીતો નથી બીતો:-૦

વિભૂ ગાનાર્થ આ વાણી તથા દાનાર્થ આ પાણી,
વિભુ પરમાર્થ મમ જાણી નથી બીતો નથી બીતો:-૦
ભવિક ભવમાં વૃથા ભૂલે ભ્રમીત થઇને ભયે ડુલે,
ચઢે છે શાખી નિર્મૂલે નથી બીતો નથી બીતો:-૦
કરી ભક્તિ સદા સાચી તથા સદ ધ્યાનમાં રાચી,
તજુ પ્રીતિ બધી કાચી નથી બીતો નથી બીતો:-૦
કુટુંબી એક છે મારો ભવદ ભગવાન જે પ્યારો,
ન એ સમ અન્ય મળનારો નથી બીતો નથી બીતો:-૦

નારાયણ.

*　　*　　*　　*

" સબ દિન ગયે વિષયકે હેત,
ગંગ જલ છાંડ કુપ જલ પીવત હરિ તજ પૂજત પ્રેત:-સબ.
જાનિ બુજી અપનોં તન ખોવે કેશ ભયે સબ શ્વેત;
શ્રવન ન સુનત નેન ન દેખત થકે ચરનકે ચેત:-૦
રૂંધે દ્વાર મન કૃષ્ણ ન આવત ચંદ્ર ગૃહે જસ કેત;
સૂરદાસ કછુ દામ ન લાગત શ્રી કૃષ્ણ નામકો લેત:-૦ "

*　　*　　*　　*

" તન સૂખા કુબડી પીઠ ભઈ ઘોડે પર જીન ધરો બાબા,
અબ મોત નગારાં બાજ ચુકા ચલનેકી ફિકર કરો બાબા. "

" શીયાવર રામચંદ્રકી જય, શીયાવર રામચંદ્રકી જય, શીયાવર રામચંદ્રકી જય. "

મોટરમાં બેસી રઘલા જોડે નાઠેલી કાન્તા ભર જંગલમાં રઘલાનું ખુન થવાથી તથા પોતાનું નાક કપાવાથી રોતી કકળતી

લાજની મારી શરમમાંને શરમમાં એક કોતરમાં ભરાઈ ગઇ. રખે ઘોડેસ્વારો તેને પકડે એવી ભીતી ધારી ભયથી કાંપતી કાંપતી જંગલના ધીચ ભાગમાં લપાઈ ગઈ. જંગલી જાનવર આવી તેને મારી નાંખશે એની પણ ભીતી થોડીક વાર ભૂલી ગઈ. પોતાનું નાક કપાવાથી અંતરમાં ખુબ કકળી ઉઠી, હવે ક્યાં જવું શું કરવું તેનો ખુબ વિચાર કરવા લાગી; નાક વગરનું રૂપ તેને હવે અળખામણું લાગવા લાગ્યું, હવે કોઇ સારા શહેરમાં નાકકટ્ટી બનેલી કાન્તાને કોઇ પણ સંઘરવાની હીંમત કરશે નહીં. છેવટે મોં પર રાખ ચોળી કદરૂપી બની ગમે તેવાં હલકાં કામ કરી દીવસ ગુજારવાના નિશ્ચય પર આવી, શહેરના વાસ કરતાં કોઈ નાનાં નાનાં ગામડાંમાં રહેવું તેને વધારે અનુકુળ જણાવા લાગ્યું. કોઇ સારા માણુસની ચાકરી કરવી કે એઠવાડ એઓટ કરવો અગર કાંઈ છાંણુ વાસીદુ કે વાસણ કુસણુ માંજી જીંદગી ગુજારવાના ઠરાવ ઉપર આવી! નાત જાતથી ભ્રષ્ટ થએલી નાતરા ઉપર નાતરાં કરી નામચીન થએલી અને અધુરામાં પુરૂં નાકકટ્ટી બનેલી સ્ત્રીને ક્યાં આશ્રય મળશે, તથા કોણુ ઉભું રાખશે એનો મુળ ઉંડો વિચાર કરવા લાગી. આમ વિચારમાંને વિચારમાં એક કલાક વીતાડયો; છેવટે વાઘ વરૂ અને રીંછની બીક લાગવાથી કોતરમાંથી નીકળી આમ તેમ ઝાડીમાં ભટકવા લાગી; નાક પરનો પાટો જે લોહીથી ભીંજાએલો હતો તે દુર કરી એક બીજો પાટો સાળુમાંથી ફાડી નાક પર બાંધ્યો. અત્યારે તેને પોતાની સ્થિતીનું ખરેખરૂં ભાન થવા લાગ્યું. સદાચાર અને અનાચારની કીંમત તેને હવે કાંક વધારે સારી

થવા લાગી; આ પ્રમાણે ચાલતાં ચાલતાં તેને એક સામેથી અલમસ્ત જેવો બાવો આવતો જણાયો; રખેને કોઇ અઘોરી બાવો હોય અને તેનો ભક્ષ કરી જાય એવો ભય તેના મનમાં ભરાઇ ગયો; બાવાને જોઇને તે વધારે કાંપવા લાગી, બાવો પણ જંગલમાં એકાએક એકલી સ્ત્રી રખડતી જોઇને વધારે શંકાશીલ બની તેની પાસેનો પાસે આવવા લાગ્યો; છેવટે બંને સામસામી સન્મુખ થઈ ગયાં!

"એ રંડી તું કોન હય?"

"મહારાજ મેં મેં હું!"

"સચ બોલ તું કોન હય? જંગલમાં કયોં ભટકાતી હય? તેરા નાક કીને કાટા હય?"

"મહારાજ તેનું તમારે શું કામ છે, તમે તમારે જ્યાં જતા હો ત્યાં ચાલ્યા જાઓ!"

"તેરેકુ લે કર ચલે જાયંગે! અચ્છા તેરે જયસી કોઇ નાજની હમકુ નહીં મીલી હય, અબી મીલગઇ! બહોત અચ્છા હુવા, ચલો નાકકટ્ટી તો નાકકટ્ટી મગર રામકી તો હય! સેવા બરદાસ બહોત અચ્છી તરેહસે ઉઠાયગી!"

"જાઓ મહારાજ જાઓ મને જવા દો?"

"કહાં જાનેદે, ચલો મેરી જોરૂ, તુમ ઓર અમ દોનુ બરાબર હય! જયસી તું કોઇ ગુન્હેગાર હય અયસા મેં બી ગુન્હેગાર હું, અપન દોનુ ભયકે લીયે વેશ બદલ કર ઇધર ચલે આયે હય! અચ્છા બન જા અબી રામકી તું હય અમારે કામકી!"

"મહારાજ મને તમે શું કરશો? આ નાકકટ્ટી સ્ત્રીને શી

રીતે રાખી શકશો ?"

"અરે તેરા નાકકી અમારે ક્યા પરવા હય! મનુષ્યને જબ નાક રહેવે વહાં તક એ અયસા નહીં હોતા હય, એ તો દુનિયામેં નાક ગયે વાં સબ ગયે! ચલો મેરી સંગ તૈયાર હો જાઓ! તુમ ઓર હમ દોનું મઝા કરેંગે!"

"મહારાજ મને સાથે રાખવાથી તમે સપડાઇ જશો! હું ગુન્હેગાર છું!"

"તો મેં બી અયસા હુઉં! તેરા સબ કપડા બદલાયંગે ઔર તુમકુ એક અચ્છી છોટીસી રામકી બનાયંગે!"

"એમ મહારાજ તો ચાલો મારે કાંઈ ના નથી, પણ મને કોઈ ન ઓળખે એમ કરજો!"

"અચ્છા ચલો મેરી જાન મેં તુમકુ બોહોત અચ્છી બનાઉંગા!"

"તો ચાલો!"

"હાં ચાલો!"

આ પ્રમાણે મસ્ત ઉખડેલ બાવો અને નાકકટ્ટી કાન્તા બંને જંગલ ભણી ચાલવા લાગ્યાં, બાવો કાન્તાને જંગલ વટાવી તેના રહેઠાણમાં લઈ ગયો, તેનો પાટો છોડાવી ઘાબાજરીયું નાક પર લગાવી ઘા રૂઝાવી દીધો, તેનાં કપડાંલતાં બદલાવી નાંખી એક વેરાગણ રામકી જેવાં લૂગડાં પહેરાવી દીધાં, તેના મોં પર તથા માથામાં અચ્છી રીતે રાખોડી ચોળાવી શરીરનો રંગ સુદ્ધાંત બદલાવી દીધો અને તેને ચાર પાંચ ભજન મોંઢે કરાવી હીંદી જબાન ભાગી તુટી શીખવાડી દીધી. બજારમાં તેની જોડે કેમ

ચાલવું કેમ બોલવું વગેરે શીખવાડવા માંડયું. આ પ્રમાણે ચાર પાંચ દીવસ સુધી તેને રાખી, તેની પાસે જે કાંઈ માલમત્તા હતી તે વેચી કરી દશ પંદર દીવસની ખોરાકીનો સગવડ કરી તેને હુંશિયાર બનાવી દીધી અને એક શહેર આગળના દુરના મહાદેવના એક રડયાખડયા જીર્ણ મંદિરમાં તેણે મુકામ રાખ્યો, મહાદેવની આસપાસ એક બે ભાગીતુટી ઓરડી હતી, તેમાંની એક બાવાએ પસંદ કરી કાંક જોઈતીજાઈતી મરામત કરાવી સુધારી પડાવ નાંખ્યો અને કાન્તાને ત્યાં રાખી તેને જીબાન અને વેશ બદલવા લાગ્યો. કાન્તા પણ કેળવાએલી હોવાથી ઝટ હીંદી શીખી ગઈ અને વેશ બદલી અચ્છી રીતે વેરાગણના રૂપમાં રહેવા લાગી, તેનું નાક પણ રૂઝાઇ ગયું અને આથી કાંક વધારે સંતોષ રાખી આનંદથી બાવાની સેવા ચાકરી ઉઠાવવા લાગી; બાવો પણ ખુબ આનંદમાં આવી અચાનક રામકીનો ભેટો થવાથી ઉમંગમાં આવી રામકીને રીઝવવા લાગ્યો અને વસ્તીમાંથી ઢોંગધતુરા કરી માગી ખાવાનો પ્રયત્ન આદરવો શરૂ કર્યો !

અત્યારે તે કાન્તાને લઇને બજારમાં ભજનો લલકારતો માગવા નીકળ્યો હતો. કાન્તા પણ ખુબ અવધુત જેવી વેરાગણ બની વાળ બાળ છુટા રાખી એક સફેદ મેલું ધોતીયું પહેરી બાવા પાછળ ભજન લલકારતી માગવા નીકળી હતી; એકંદર બંને ઠગ ગુન્હેગારો દુનિયાને છેતરવા નીકળ્યાં હતાં.

* * * *

" જનમ સબ બાતેં બિત ગયોરે,

આર વરસ ગયે લડકાઈ વીશ જોબન ભયો;
ત્રીશ વરસ માયા કે કારન દેશ વિદેશ ગયો:—જનમ૦
ચાલિશ અંદર ધનકુ પાયા ચઢે લોભ નિત નયો,
સુખ સંપત માયાકે કારણુ એસેં ચલત ગયો:—જનમ૦
સૂકી ત્વચા કમર ભઈ ઢીલી એ સબ ઠાઠ ભયો,
બેટા વહુ તેરો કહ્યો ન માને પરવશ દુખમેં પર્યો:—જનમ૦
ના હરિ ભજન ના ગુરૂ સેવા ના કછુ દાન કિયો,
સૂરદાસ મિથ્યા તન ખોવત જમને ઘેર લિયો:—જનમ૦

શીયાવર રામચંદ્રકી જય! શીયાવર રામચંદ્રકી જય!

* * * *

તન સૂખા કુબડી પીઠ ભઇ ઘોડે પર જીન ધરો બાબા!
અબ મોત નગારા બાજ ચુકા ચલનેકી ફીકર કરો બાબા!

શીયાવર રામચંદ્રકી જય! દીયે ઉસ્કા ભલા ન દેવે ઉસ્કા બી ભલા!

* * * *

" કોઇ ભેખ ન ખાલી પાઇયેજી સબ ભેખમેં આપ અલેખ હૈજી,
વહિ એક અલેખ અનેક બલી ઘટ ઘટ વિચાર સૌં દેખ હૈજી;
બિન આપ યે આપકાં ઢુંઢ લીજે મેં કૌન યહી સો વિવેક હૈજી,
ચૈતન્ય બિના જ્યું અચેત સબી સબ ભેખમેં વોહિ અલેખ હૈજી.

રામજી દીલાવે સો દો! ભેખનકુ કુછ રોટી દો! દીયે ઇસ્કા ભલા ન દીયે ઉસ્કા બી ભલા!

* * * *

" મનકે કહને પર જો જાતે હૈ ચાહ અગનમેં દહતા હૈ,
સુખ દુઃખમૈ દુખિયા હોઇ રહા આનંદકી વાસ ન લહતા હૈ;

જિનકે કહનૈમૈં ચિત હોવે તજિ ચાહ અચાહ સૌં રહતા હૈ,
જહાં ચાહ નહિ વહાં ચેન હિ—હૈ સુવિચાર બલિ યહ કહતા હૈ.
તન સૂખા કુબડી પીઠ ભઈ ઘોડે પર જીન ધરો બાબા !
અબ મોત નગારા બાજ ચુકા ચલનેકી ફીકર કરો બાબા !

શીયાવર રામચંદ્રકી જય! શીયાવર રામચંદ્રકી જય! દેવે ઉસ્કા ભલા ઓર ન દેવે ઉસ્કા બી ભલા!

"એ બાવાજી અહીં આવો! લ્યો આ લોટ!"
"રામજી તેરા ભલા કરો બાબા!"
"એ બાવી લે આ પૈસો!"
"રામ તેરા કલ્યાન કરે મૈયા!"

આ પ્રમાણે બજાર માગતાં બાવો અને કાન્તા આખા શહેરમાં ફરવા લાગ્યાં; કાન્તા પણ ફરતાં ફરતાં વેરાગણને પાઠ બરાબર ભજવતાં શીખી; હવે હીંદી પણ તેને સારી રીતે બોલતાં આવડયું; વખતો વખત ચાલતાં ચાલતાં ફેશનના ચાળાનું ચટકું થઇ જતું હતું; પણ તરત સંભાળીને ચટકાને દબાવી દેતી હતી. આ પ્રમાણે બજાર માગીને બંને જણાં સાંજનાં ઉતારામાં આવ્યાં. બાવો ન્હાવા સારૂ તળાવ ઉપર ગયો, અને કાન્તાને રાંધવાનું બતાવ્યું; કાન્તા પણ સીધા પાણીની સોઈ કરવા લાગી; બજારમાં ફરી ફરીને તેના ટાંટીઆ થાંભલા જેવા સુજીને થઈ ગયા હતા; પણ શું કરે તેમ કર્યા વગર તેનો છુટકો નહોતો, પારાવાર અંતરમાં કલેશ કરી થાકી કંટાળી ચુલો સમો કરવા લાગી; આ બાજુ બાવો તળાવમાં ન્હાવા પડયો, એટલામાં મહાદેવમાં કોઈ સેલાણી જેવા બે ચાર

યુવક આવ્યા, તે મહાદેવની પાછળ ઓટલા ઉપર બેસી ગંજીફો રમવા લાગ્યા. એક જણ રમતાં રમતાં લલકારવા લાગ્યો; તેના ઈશ્કી ગાયનની સાથે કાન્તાનું મન પરોવાયું; તે ચુલો મૂકી ગાયન સાંભળવા ઓરડીની બહાર આવી, પાનાં ખેલનાર અને ગાનારની સરત કાન્તા ઉપર બીલકુલ પડી નહોતી, પણ કાન્તા ગાનારને એકી ટસે નિહાળી રહી હતી.

* * * *

ચાલ કવ્વાલી.

" ઈશકકા પંથ હય ન્યારા પીરે .અઠ જામ મતવારા;
પ્રીતકી રીત નહિ જાને વિસર ગઇ લોક કે કાને:—૦
જયસે મદ અંધ હૈ છાકા જાને નહિ પિંડ હય યાંકા;
કહા હું જાત નહિ જાને પડયા રે ખલ્ક દરમ્યાને:—૦
લગા દિલ લાલ કે સેતી સુરત નહિ આવતી હેતી;
ખલક સબ બ્હાવરા કહતી ઉસે કોઉ માન નહિ દેતી:—૦
નહિ પરવા ઉસે જગકી ખુમારી ઈશ્કકે મદકી;
બાહારાં દેખા લાલનકી ત્રિવિક્રમ શોક દાહનકી:—૦ "

આ પ્રમાણે પ્રસંગ અહીં થઈ રહ્યો! ચાર સેલાણીઓ કુદરતીજ અત્રે આવી ચઢયા હતા: ગાનાર પણ કુદરતીજ ગાતો હતો, તેનું ધ્યાન બાવી ઉપર બીલકુલ નહોતું; પણ ચળેલી બાવીનું ચિત્ત ગાનાર ઉપર ચોટયું હતું; ચંચળ નારીકો નૈન છુપે નહીં એ કહેવત અનુસાર રાગીણી કાન્તા રાગમાં પરવશ થઇ હતી, ચુલો ખાલી બળતો હતો, એટલામાં બાવો ન્હાઈ ધોઇને મહાદેવ ભણી આવવા લાગ્યો, બાવાનું ધ્યાન ગંજીફો

ખેલનાર સેલાણી ઉપર ગયું; કાળો કાળાને દેખે અને મેલો મેલુંજ જુએ તે અનુસાર વહેમી બાવો બીજાને વહેમી માનવા લાગ્યો; અર્થાત્ તેના મનમાં એમ ઠસી ગયું કે જરૂર આ લફંગા લોકો મારી રામકીને ભોળવવા સારૂ આવેલા છે, આથી બાવો ક્રોધાતુર બની દમમાંને દમમાં ઉતાવળા કદમે મહાદેવ ભણી આવવા લાગ્યો; જેવો મહાદેવ પાછળ આવ્યો કે તરત કાન્તાને પણ ઓરડી બહાર ઉભેલી જોઇ, આથી તેનો ક્રોધ હદ બહાર વધી ગયો; કાન્તા બાવાને જોતાંજ ઓરડીમાં જઇ ચુલો ચેતાવવા લાગી; બાવાએ કારમો ખુંખારો કર્યો ખુંખારો સાંભળતાંની સાથે ચાર સેલાણીઓ પત્તાં ત્યાંને ત્યાં મુકી જીવ લઈ નાઠા; બાવો એકદમ ધસમસ્યો ઓરડીમાં ગયો અને કાન્તાને ચોટલો ઝાલી બહાર લાવ્યો!"

"ક્યૌં રંડી કયા કરતીથી?"

"કુછ નહીં રામજી કુછ નહીં!"

"બહાર ખડી હોકર કીસીકે સાથ નયન મીલાતીથી?"

"કીસકી સાથ ભી નહીં!"

"બોલ સચ બોલ કમજાત, તેરા જાન લઉંગા!" કહી એક લાત બરડામાં મારી કાન્તાને સામી દીવાલ સાથે અફાળી!'

"ઓ બાવાજી મરી ગઈ મારા બાપ, હું તો અમસ્તી ઉભી હતી, મારો કાંઇ ગુન્હો નથી મારા રામ હું મરી ગઇ!"

"સચ બોલ રંડી સચ બોલ, કયા કરતીથી! બદમાસ મેરેકુ પહેચાનતી નહીં, મેં તેરા શીર ફોડુંગા, ખુન પીઉંગા, ઓર હડ્ડી તોડુંગા, યાદ રખો રંડી મરજાયગી!" કહી એક

ચીપીઓ બળ કરી કાન્તાંના બરડામાં માર્યો !

"ઓ મારા બાપરે ! ઓ મારી મારે ! જીવ જતો રહ્યો, કોઈ બચાવો આ દૈત્યના પંજામાંથી મને કોઇ છોડાવો !"

"ચુપ બદમાસ ચુપ; નાક કટાયા તોભી બદમાસ રહા ! ચુપ; તેરા જાન નીકાલુંગા !"

"ઓ મારા બાપ; મને માફ કરો ! હું કશું જાણુતી નથી; કંઇ પણ ગુન્હામાં નથી; હું હાથ જોડું છું; પગે લાગું છું. હવે ઓરડીની બહાર પગ પણ નહીં મૂકું રામજી મને ક્ષમા કરો ! પ્રભુ મને જવા દો !"

"બદમાસ યાદ રખના. જો ફીર અયસી તરેહસેં ખડી રહી તો જાનસેં મારૂંગા !"

"નહીં રહુ બાવાજી નહીં રહું, મારી ભૂલ થઇ; મેં જખ મારી મને હવે જવા દો !"

નાકકટી કાન્તાને હવે પાપની સજા પ્રભુ તરફથી ધીમે ધીમે થવા લાગી; અનાચારનાં ફળ હવે મળવા લાગ્યાં; બાવાના માર જેટલો માર અર્થાત્ તેથી અરધો માર જો કોઇ તેના વડીલે માર્યો હોત તો કાન્તા આ રસ્તે ચઢત નહીં, પણ સ્વતંત્રતાની હવામાં તેની આ સ્થિતી થઇ. મનગમતી છુટનું આ પરિણામ આવ્યું; સુધારાના વાયરાથી મિશ્રિત થયેલી કેળવણી મનુષ્યને કેવા પાયમાલ કરે છે તે હવે કાન્તાના દાખલાથી સિદ્ધ થવા લાગ્યું ! બાવાના ચીપીયાના ચાર પાંચ ઝપાટાથી કાન્તાનો સુધારો, ફૅશન અને સ્વતંત્રનો વાયરો જોતજોતામાં જતો રહ્યો. અત્યારે ગરીબ ગાય જેવી થઇ ગઇ, બાવાને મારે છેક મરણ-

તોલા અધમુઈ થઈ ગઈ. અત્યાર સુધી જેને એક સોટી સરખી અડેલી નહીં તેવી સ્ત્રીને ચીપીયાના ઝપાટા એક જુલમ માર જીંદગીનો થઇ પડયો. ભિતિ વગર પ્રિતી નહીં અને દંડ વગર સુખ નહીં તેમ બાવાનો ઝપાટો અને ચીપીયો કાન્તાનો એક અફલાતુન ગુરૂ થઈ પડયો; મારની પીડા અને બજારનો થાક એકદમ ભૂલી જઇ બાજરીના મોટા કથરોટ જેવડા ટીક્કર બનાવી ચઢવવા મંડી. બાવો પણ એક વટલોઈ ભરી કોઇ ઠેકાણે જઇને છાશ માગી આવ્યો અને પાંચ સાત લીલાં મરચાં માગતો આવ્યો, અને કાન્તાને તેની ચટણી બનાવવાનું કહી પોતે મહાદેવમાં આરતી ઉતારવા સારૂ ગયો; આમ કાન્તા પણ બાજરાના રોટલા તૈયાર કરી ચટણી બનાવવા મંડી, થોડીકવાર થઈ એટલે બાવો પૂજા કરી પરવારી ઓરડીમાં આવ્યો, અને બાજરીના રોટલા તથા છાશનું તાંસળુ ભરી ચટણી લઈ પ્રસાદ લેવા બેઠો. કાન્તા ટગર ટગર બાવાના મોં સામું જોઇ રહી. દુધ પુરી શાક ભજીઆં અને ગરમા ગરમ ફુલકા શીરો પુરી ખાનારીને છેવટે બાજરાનાં ચકરમ અને છાશ ખાવાનો વખત આવ્યો. બાવો જોતજોતામાં ખાઇ રહ્યો અને પછી કાન્તાને ખાવાનો હુકમ કર્યો; કાન્તાએ ખાવાની આનાકાની કરી એટલે બાવાએ આંખ દેખાડી ખુંખારો કર્યો, ખુંખારો સાંભળતાની સાથેજ બાજરાના રોટલાના કકડા કરી છાશમાં પલાળી ચોળીને ગટગટાવી ગઇ અને બાવાને ગાંજાની ચલમ ભરી આપી વાસણ અજવાળવા બેઠી; બાવાએ ચલમના દમ ઉપર દમ મારવા માંડયા અને છેવટનો ગાંજાનો એક જબરો દમ મારતાં એક મોટી બુમ પાડી ખુંખારો

કરી મોં ફાડી બધી ગાંજાની ધુમાડી મુખમાં ગળવા માંડી અને પછી અલમસ્ત થઇ આળોટવા મંડયો કાન્તા વાસણ માંજી ઓરડીમાં આવી અને લમણે હાથ દઈ વિચારમાં બેઠી, એટલામાં બાવાએ એક લાત કાન્તાને લગાવી. કાન્તા આકુળવ્યાકુળ થઈ હાથ જોડી સામે ઉભી રહી!

“ક્યોં રંડી કયા કરતી હુય! અચ્છા અબી ઈધર બેઠકર પગચંપી કરો!”

“બહુ સારૂ બાવાજી જેવો તમારો હુકમ!” અલમસ્ત પાડા જેવા બાવાના હાથીના જેવા જાડા પગ ચાંપવા લાગી. જીંદગીમાં જો એક દીવસ પણ ગરીબ ગાય જેવા નિર્દોષ ભરથાર ભાનુશંકરના ચરણ તળાસ્યા હોત તો આ દુઃખ માથે ન પડત! માબાપની અને સાસરીઆની જો એક દીવસ આમન્યા માની હોત તો આ ભયંકર લાતો ખાવાનો વખત ન આવત! બાવાના પગ ચાંપતાં ચાંપતાં કાન્તાને હાથે ચાઠાં પડયાં. પગ ચાંપતાં ચાંપતાં જો જરા વાર હાથ રહી જતો તો તરતજ એક છાતીમાં લાત પડતી હતી અને લાતના પ્રહારે ઉંઘનાં ઝોકાં ઉડી જતાં હતાં. આ પ્રમાણે છેક મધરાત સુધી બાવાની સેવા ચાકરી કાન્તાને કરવી પડતી હતી. છાસ રોટલો ખાવો પડતો હતો અને હજરાહજુર બાવાના વચન પ્રમાણે હાજર રહેવું પડતું હતું અને તેની જોડે તંબુરો લઈ જ્યાં જ્યાં જાય ત્યાં ગાતાં ગાતાં ભટકાવું પડતું હતું. આ સૌ ન છુટકે બીકનુ માર્યું કાન્તાને કરવું પડતું હતું. તે નાસી છુટવાનો ઘણો લાગ શોધતી હતી પણ બાવો તેને જરા વાર પણ વીલી મુકતો નહોતો; એકંદર બાવો

કાન્તાને શિક્ષારૂપ થઈ પડયો હતો. કાન્તાના જે કાંઈ નાસતાં નાસતાં જુજ દરદાગીના અને કપડાંલતાં રહ્યાં હતાં તે સૌ બાવાએ ધીમે ધીમે વેચવા માંડયા હતા અને તેના પૈસા ટકા છાનામાના છુપાવા માંડયા હતા. તેના મનમાં એમ હતું કે આ રાંડ જતે દીવસે નાસી છુટસે માટે જેટલી લહેર ઉડાવાય તેટલી ઉડાવી લેવી પછી જે થાય તે જોયા કરવું માટે બાવાએ કાન્તા જોડે દમ અને ધાકથી કામ લેવા માંડયું હતું. કાન્તા પણ બીકની મારી જે પ્રમાણે બાવો કહે તે પ્રમાણે કરતી હતી પણ છેવટે કાન્તા તે કાન્તા હતી અને બાવો તે બાવો હતો, પુરૂષને પળમાં એક પોપટ સમાન બનાવવનારી આખરે નારી જાત તે નારી જાત કાન્તા હતી! બાવા જોડે કાન્તાનો ઘરસંસાર આ પ્રમાણે દશ બાર દીવસ સુધી નભવા લાગ્યો! એક દીવસે બાવો કાંઈક કાન્તાની જણસ વેચવા સારૂ બજારમાં ગયો. જણસ વેચતાં વેચતાં કોઇ દુકાનદારને બાવા ઉપર શક આવ્યો, એટલામાં અચાનક ત્યાં પોલીસનો ભેટો થયો. પોલીસે બાવાને ખુબ દમ દીધો અને તેને ચોકીમાં લઈ જવા માંડયો, બાવો પણ આ પ્રમાણે ફસાઇ ગયો, છેવટે પરવશ થઈ પોલીસને કરગરવા લાગ્યો અને નાઇલાજે પોલીસ પાછળ ગેટમાં જવું પડયું. આમ આ બાજુ કાન્તા પણ બાવાને ઘણી વાર થઇ, નહિ આવવાથી લાગ જોઇ ઓરડીમાં જે કાંઇ હાથ આવ્યું તે લઈ હાથ મારી બાવાની ઓરડી છોડી પાસેના એક બીજા ગામ ભાણી નાસી જવા તૈયાર થઈ! તેણે તરત વેરાગણનો પોશાક કાઢી નાંખી બાવાના પૈસામાંથી એક બાઇને મનમાનતા પૈસા આપી પોશાક

બદલી ઓરડીને સલામ કરી અગીઆરા ગણી ગઈ. આમ બાવો પોલીસને પુષ્કળ લાંચ આપી કરગરી માંડ માંડ મહા પ્રયત્ને નાસી છુટયો. તે તરતજ ગભરાતો ગભરાતો એકદમ મુકામ પર આવ્યો. ઓરડી ઉઘાડી જોયું તો કાન્તા ન મળે. આથી તે ખુબ ગભરાયો. તપાસ કરતાં પૈસાની પોટકી પણ ગુમ થએલી માલમ પડી આથી વધારે ક્રોધાતુર થયો અને એકદમ રાતો પીળો થઈ એક ચીપીયો લઈ કાન્તાને શોધવા સારૂ નીકળ્યો. થોડીકવાર સુધી તેણે ઓરડીની આસપાસ તપાસ કરી, તલાવ પર જઇ આવ્યો, વખતે ખેતરમાં જંગલ સારૂ ગઈ હશે એમ ધારી થોડીક વાર સુધી ખોટી થયો પણ કાન્તા ક્યમ કરી ગઇ તે પાછી આવીજ નહિ. બાવો પણ પારકા પૈસા અને પારકી નાર પચાવતાં પોતાના પણ જે કંઈ પાંચ પચીશ હતા તે પણ ગુમાવી બેઠો; છેવટે કાન્તાને પકડી તેનો જીવ લેવો અગર તેની પાછળ જીવ આપવો એવો અંતિમ નિશ્ચય કરી ક્રોધભર્યો બાવો કદમ ઉપાડતો ઉપાડતો કાન્તાને શોધવા સારૂ નીકળ્યો !

પારધીના પાસમાંથી હરણી જેમ છટકે તેમ તક મળતાં જીવ પર આવી નાસી છુટેલી કાન્તા મહાદેવ મુકી સીધી ને સીધી જ્યાં જવાય ત્યાં શ્વાસભેર ચાલવા લાગી. ચાલતાં ચાલતાં છેક અપુરે ગામ ભેગી થઈ ગઇ અને એક વૃદ્ધ કુંભારને ઘેર જઇ દુઃખની વાત કરતાં કરતાં રડી પડી. કુંભારને દયા આવી અને એક ઉતારો ઉઘાડી આપ્યો અર્થાત્ એક ઓરડીમાં કાન્તાને રાખી પાણી હાંલ્લુ અને ખીચડી આપી તેનું આશ્વાસન કર્યું; કાન્તા પણ જે મળ્યું તે સોનું એમ ગણી ખાઇ પી કુંભારને

આશિશ દેતી રાત પડી રહી; સવાર થતાં તે ઉઠી અને હવે શું કરવું તથા ક્યાં જવું તથા પાપીના પાસમાંથી શી રીતે છટકવું તેનો વિચાર કરવા લાગી. કુંભાર પણ પ્રભાત થતાં જાગી ઉઠયો અને બાઈ પાસે આવી રાંધી ખાઈ જમી પરવારી જ્યાં જવું હોય ત્યાં જાય એમ કહી તેને વાસ્તે સીધા સામાનની સોઇ કરવા લાગ્યો. એટલામાં અકસ્માત કાન્તાના સુભાગ્યે એક પટેલીઆ-નો કાશીએ જવા સારૂ સંઘ નીકળ્યો;સંઘના એક બે આગેવાન પટેલીઆ કુંભારવાડામાં આવી કુંભાર સાથે વાતચિતમાં મશગુલ થયા; ત્યાં એકાએક કાન્તાના હૃદયમાં અણચિન્તવી સુબુદ્ધિની પ્રેરણા થઇ એટલે તરત ઓરડી બહાર આવી પટેલીઆ પાસે કરગરવા લાગી.

"એ મારા ધર્મના ભાઇઓ તમે શીદ જાઓ છો ?"

"કેમ બહેન તમારે તેનું શું કામ છે ?"

"ભાઇઓ હું જાતની બ્રાહ્મણી છું; દુઃખની મારી આ સ્થિતિને પામી છું. મારે ઉપર આભ અને તળે ધરતી છે, ખાવા પીવાનો આધાર એક ભગવાન ઉપર છે; જો મને કરૂણા કરી દયા દાન આપો તો પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે !"

"તો બુન અમે સૌ સંઘ કાઢી કાશીએ જઇએ છીએ, જો તેમાં તારી આવવાની મરજી હોય તો તૈયાર થઈ જા. એક કરતાં બે ભલા. જાતની બામણી છું એટલે અમને ડગલે ડગલે પાપ કરતાં પુન્ય થશે. આખા સંઘના સીધામાં તું વધારે નહિ પડે કેમ છે મરજી !"

"બાપા પ્રભુ તમારૂં કલ્યાણ કરો! હું એજ માગું છું.

મારે કાશીની જાત્રા થશે અને ખોળીયું પાવન થશે, પાપ ધોવાશે અને આત્માનું શ્રેય થશે! મારાથી જે બની શકશે તે હું સંઘની સેવા કરીશ."

"ઠીક ત્યારે ચાલ જા ગાડામાં જઇ સંઘ ભેગી બેસી જા!"

"પ્રભુ તમારૂં કલ્યાણ કરો!"

"અરે પણ બહેન તું જા તો ભલે જા; પણ અત્યારનું મારૂં સીધું ગાંઠે બાંધતી જા. પરભાતના પહોરમાં બ્રાહ્મણ નિમિત્તે કાઢેલું અન્ન મારા ઘરમાં રખાય નહિ!"

"બહુ સારૂ આઝા બાપા હું તેમ કરીશ. જરૂરાજરૂર સંઘ જ્યારે જમશે ત્યારે તમારૂં સીધું હું પહેલું રસોઇ કરી ખાઇશ પછી કાંઇ!"

"હા બુન તેમ કરજે! જા ભગવાન તને સુખી કરશે! ભુખ્યાને અન્ન, તરસ્યાને પાણી અને દુઃખીઆને દિલાસો જ્યારે પરભવનાં પુન્ય ઉદય પામે છે ત્યારેજ આપવાનો લ્હાવ મનુષ્યને મળે છે! જેણે કમાણી કરી પોતીકુ પેટ ભરતાં ભરતાં પારકાં પેટ ઠાર્યા નથી તેવા એકલપેટાની કમાણીને ધિઃક્કાર છે!"

"લે ત્યારે ચાલ બ્હેન! ઠીક અત્યારે પરભાતના પહોરમાં સારા શુકન થયા!"

આ પ્રમાણે કીસ્મત કાન્તાને પટેલીઆના સંઘમાં લઈ ગયું. પરમાત્માનો શો ગુપ્ત હેતુ હશે; તથા કાન્તાને પુન્ય પાપનાં શાં ફળ ચાખવાં બાકી હશે તે હરી જાણે પણ અત્યારે તો તેને કાશીની વાટપર ચઢાવી! પટલાણીઓ ભેગી આ બ્રાહ્મણી પણ ભળી ગઈ! કાન્તા કેળવાએલી અને અનેક પ્રકારના સંસ્કાર

પામેલી હતી; તેથી વખત પ્રમાણે વાજાં જેવાં જોઇએ તેવી રીતે વગાડી શકતી હતી; આખી આલમને નચાવી શકે તેવી મીઠી જીભવાળી હતી; પણ તેનું કપાએલું નાક તેની ચાલાકી ચતુરાઈ અને કેળવણીને રાખમાં ચોળી નાંખતું હતું! કપાએલું નાક એકદમ સામા માણુસના હૃદયમાં માનુષી નિચતાનું ભાન કરાવતું હતું; પણ કીસ્મત યોગે એ નીચતા કંઈક વખત સુધી લોકો ભૂલી જતા હતા; આ રીતે બાપલીઆ અને પટેલીઆના પુંન્યાઃરથી સંઘમાં આ એક પાપીણી નાકકટ્ટી કાન્તા સામેલ થઈ ગંગાસ્નાન સારૂ જવા લાગી! સંઘનાં ગાડાં રાગે રાગે રસ્તો કાપતાં ભાગોળ વટાવી ગામડાનાં જંગલો પસાર કરવા લાગ્યાં; આમ બાવો પણ એક ઠેકાણે રાત ગાળી ચીપીઓ લઈ કાન્તાને શોધવા સારૂ ચાલવા લાગ્યો! કીસ્મત યોગે તે પણ ગાડાં સામે દુરથી આવતો જણાયો; કાન્તાએ દુરથી બાવાને જોઇને શરીર સંકોચી મુખ છુપાવી કોકડુ વળી ગાડામાં એક છેડે લપાઈ ગઈ; રાગે જોગે ગાડાં અને બાવો એક ચીલાની વાટમાંજ નજીકાનજીક આવી ગયાં; રસ્તે ચાલતાં બાવાને જે કોઈ સ્ત્રી સામે મળે તે કાન્તાની શોધ સારૂ ધારી ધારીને જોતો હતો; જો કે કાન્તા નાક કપાવાથી તરત હજારમાંથી રત્નની માફક બહાર નીકળી આવે એવી હતી; છતાં પણ શંકાશીલ બાવો હદ બહાર શંકા દાખવતો હતો! બાવો સંઘનાં ગાડાં તપાસતો તપાસતો બૈરાંના ગાડા આગળ આવી ગયો; અને જ્યાં કાન્તા વસ્ત્ર બદલી અર્થાત્ ભગવાં ઉતારી સંસારી વેશમાં લાજ કાઢી નીચું ઘાલી બેઠી હતી, ત્યાં પણ જોવા લાગ્યો; ચોર, પાપ અને

અસત્યતા છુપાયાં છુપાતાંજ નથી તે પ્રમાણે ત્રાસ અને ભયથી કાન્તા કંપી ઉઠી; એટલે તરત બાવાએ તેનું કાંડું પકડયું !

"અરે બાવાજી બાવાજી આઘા જાઓ તમે કેમ પારકી બાઈડીને હાથ અડાડો છો !"

"માઈ ફીકર મત કરો એ રામકી હમારી હય !"

"અરે જારે મારા ભાઇ રામકીવાળા, આઘો મેર નકર એક ડાચામાં દઈશ !"

"એ મારી હાહરના જોગટા રસ્તે ચાલતા ગાડાને તું કેમ રોકે છે, મારી હાહુના આઘો ખસ નહીં તો એક ડાચામાં દઈશને તો જીવથી જઇશ !"

"અએ રંડી ચલ ગાડામાંથી નીચે ઉતર !"

"ઓ મારા બાપ મને આ દૈત્યથી બચાવો! મારો રોગો આ બાવો મારી કેડે પડયો છે તે ક્યમે કરી મારો કેડો મુકતો જ નથી !"

"ચલ લુચ્ચી હેઠે ઉતર નહીં તો મારૂંગા !"

"મારી દીચોરના આઘો જા આઘો, માળા રસ્તે જતાં આ બાવાનો દી ફરી ગયો જણાય છે !"

"એ હાહરાના આઘો જા નહીં તો ધર્મ કરતાં ધાડ થઈ જશે !"

"ભૈયા તુમ સબ લોક ટકટક છોડો, એ રંડી હમારી હય; અમારા પૈસા લે કર ચલી આઇ હય. ચલ રંડી ઉતર નહીં તો જાન લઉંગા !" આ પ્રમાણે કહી બળ કરી બાવાએ કાન્તાનું કાંડુ ઝાલી ગાડામાંથી નીચે નાંખી.

"એ બાઇ સાચું બોલ તું કોણ છું ? આ બાવો તારી વાંસે કેમ લાગ્યો છે ?"

"એ માબાપ હું વખાની મારી અને દુ:ખની ભરી એક ગરીબ બ્રાહ્મણી છું, હું જંગલમાંથી આવતી હતી ત્યારે આ રોયો મને એકાએક સામો મળ્યો, અને મને બળાત્કારે પકડી મારા દરદાગીના ઉતારી વેચી ખાધા અને મને મારી મારી અધમૂઇ કરી નાંખી ! ઓ બાપ મને આ કસાઈના હાથમાંથી બચાવો ! ઓ મારા પટેલબાપા આ ગાયને કપાતી ઉગારો, રોયાએ મારૂં નાક કાપી નાંખ્યું તોયે મારો કેડો મુકતો નથી !"

"કમબખત રંડી જૂઠ બોલતી હય, મેંને તેરા નાક કટાયા ? બદમાસ તેરા તો મેં જાન લઉંગા. મેં મરૂં મગર તુજકું કભી ન છોડુંગા !" કહી બાવાએ કાન્તાને ચીપીઆ ઉપર ચીપીઆ લગાવી અધમૂઈ મરણતોલ કરી નાંખી; આ બાજુ પટેલીઆને કાળ ચઢયો કે ગાડામાંથી આડુ કાઢી બાવાની કેડો તોડી નાંખી અને સારી રીતે તેને ખોખરો કરી નાંખ્યો !"

"ભલા રામજી મેરેકુ મત મારો ! મેં અબી ચલા જાતા ઓ રંડી મેરા પચીશ રૂપીઆ ચુરાકે લાઈ હય, ઓ અમકુ પીછા દીલાવો !"

"મારી હાહરના અમારા પટેલીઆના રખવાળામાંથી તું અસ્ત્રીને છોડાવનારો, હાહરા મારનારો; મારી હાહરનો જત જત જોગટો છું તે જવા દઇએ છીએ જો કોઇ તરકડો કે ધારાળો હોત તો ક્યારનો ઝટકે વાઢી પાણી પીતો કરી દીધો હોત. એ મારા હાળા પટેલબાપાનું રખવાળુ એ રામનું રખવાળુ હમજયો,

મારી હાહરના જોગટો થયો તો પણ રામકી છોડતો નથી!"

"ભલા બાવા અમારા રૂપૈયા પાછા અપાવો, નહીં તો મેં મેરા શીર એ પૈડાપર અફાળકે જાન નીકાલ દઉંગા!"

"એ ખુન એ બાવાનું જે કાંઇ બળ્યું હોય તે આપ એને તારે શું દેવતા મૂકવું છે?"

"ઓ બાપા મારી જણસો વેચીને રોયે રૂપીઆ એકઠા કર્યા છે, એમાં એનું કાંઇએ નથી! રોયો ગળે પડે છે!"

"એ બા લાલબઈ લાગી એના રૂપીઆમાં! જે કાંઇ હોય તે રોયાને આપી દે! ગંગામૈયા તને જે જોઇશે તે આપશે! આ વાટે વળગેલું પાપ આપણે શું કામ વહોરવું પડે!"

"લે રોયા કસાઇ ચંડાળ લે આ પોટકી! રોયા ભગવાન તને કીડા પાડશે!"

"અએ રંડી યાદ રખના કે રામજી તેરેકુ તો કભી નહીં છોડેગા! કીડા તેરેકુ પડેગા, મેરેકુ નહીં પડેગા!"

"મારી હાહરના જતો હોય તો જા નહીં તો એક આડુ દઇશ તો પૂરો થઈ જઇશ."

"દાજી કહો ના કહો પણ કાંક દાળમાં કાળુ છે; આમાં એનો દોષ છે!"

"આપણે શું કામ છે? આ કાશીએ જઈ બઇને કહીશું કે બા તું તારે હવે રસ્તો શોધી લે; આપણે જો અત્યારે તેને ઉતારી મુકીએ તો દોષ લાગે! બ્રહ્મહત્યા જેટલું પાપ લાગે, માળો એ બાવો તેને જાનથી મારી નાંખે તેવો છે; એ તો આપણે આટલા બધા; એટલે ભયનો માર્યો રસ્તે પડયો; જો એકાદ બે

હોય તો હાહરો પુરા કરી નાંખે એવો પાવરધો છે!"

"હા દાજી તમારૂં કહેવું ખરૂં છે; આ તો મારી હાળી ધર્મ કરતાં ધાડ થઈ જાય! હશે હવે જે કર્યું તે કરી જાણો; ને લીધું તે લઈ જાણો."

"એ બુન બા આ તારૂં વઢાયું છે ત્યારથી અમે તો સમજી ગયા છીએ કે કાંક દાળમાં કાળુ હશે; પણ તું જાતનો બામણી છું એવું કહ્યું એટલે અમે જીભે દોરા બાંધી પાપ બાંધતાં અચકઈ ગયા; બાકી બુન જગતમાં કોઈ અસ્રી જાતનું નાક કાપી કદરૂપી ના કરે! એ તો છીનાળુ અગર ચોરી કે હત્યા જેવું કંઈ કર્મ કાળુ હોય ત્યારેજ તેને નાક કાપી દુનિયામાં ગુનેહગાર તરીકે છતી કરે; બુન હવે ડાહી થજે! આ તારા પૂર્વનાં કાંક પુન્ય હોય ને ગંગામાનો જો તને ભેટો થાય તો ગંગાસ્નાન કરી આ મનખાદેહનો ફેરો સુધારી લેજે! બુન માણુહને જ્યારે ખત્તા વાગે ત્યારે ડાહું થાય તેમ તને પણ હવે હદ બહાર ખત્તા વાગ્યા જણાય છે, માટે મારી બા ડાહ્યા થઈને રહેજો! ભેમણનો દેહ મળ્યો છે કે મળશે માટે હાચી પ્રીત ભગવાનથી જોડજો!"

"જો બુન આ દાજી બોલ્યા એ પરમેહર બોલ્યા સમજજે. ગધાડી ગંગામાં ન્હાય તો પણ પવિત્ર થાય નહીં એ પ્રમાણે કરતી નહીં! જેણે તારૂં નાક વાઢયું હશે તે પણ કોઈ દયાવાળો માણુહ હશે બાકી અમારા ગામડામાં તો જો કોઈ અવળુ ચાલે તો ઝટ તરવારથી વાઢી બે કટકા કરી ભાગોળે ફેંકી દઈ સમળીઓ અને કાગડાને ઉજાણી કરાવીએ મારી બા! આ બધા ગોટાળા તમારા શહેરમાં ચાલે! મારી બુન અમારે તો ગામડું

એ ગોકુળીયું અને શહેર એ નરક! અમે શહેરી માણસથી આઘા જઈએ! શહેરની લ્હેરો અમારા ગામડામાં કેર વરતાવે મારી બા! આ થોડું કહ્યું ઘણું માનજે! આ તારી ખાતર અમારે ધર્મ કરતાં પાપ થયું; ભેખને બરડામાં આડાં લગાવવાં પડયાં, મારી બુન અમે આવું પાપ વહોરી કીયે અવતારે છુટીશું. આ માટે સંમજી જજે, પરભાતના પહોરમાં કાશીની જાત્રાએ જતાં રસ્તામાં સાધુની કેડો ભાગી નાંખવી પડી; રામ રામ રામ રામ આ પાપ કેટલું બધું લાગ્યું મારી બુન? આ બધું તારા વાસ્તે થયું, માટે હવે અંતરથી સમજી જજે, ડાહ્રી થજે, અને પ્રભુનો ડર રાખી હેંડજે!"

મા બાપ મને માફ કરો! હું અપરાધી ગુનેહ્ગાર છું; તમે મને ઘણું કહ્યું છે! હવે મને તમારો ઉપદેશ રગેરગમાં વ્યાપ્યો છે; આ નાક વાઢયાની શિક્ષા કરતાં પણ સહસ્રગણી અધીક શિક્ષા તમારા વચને મને કરી છે, બાપલા હું બ્રાહ્મણી છું, નારી જાત છું, પાપણી છું. મને માફ કરો! પ્રભુ તમારૂં કલ્યાણ કરો; મને કાળના મુખમાંથી બચાવી છે, ઉગારી છે તો ઉગારી જાણો; મને કાશીની જાત્રા કરાવશો અને ગંગાસ્નાન કરાવશો તે બધું પુન્ય તમને છે; હું પણ કાશીએ જવાજ માગુ છું; હું પણ મરતાં જીવતાં કાશીમાં રહીશ, ગંગાસ્નાન કરી મારા પાપનું પ્રાયશ્ચિત કરીશ; ગંગામૈયા તમારૂં કલ્યાણ કરશે! મારા ધર્મના બાપ, મારા પુન્યના ભાઇ આ જગતમાં પટેલીયા છે તે પરમેશ્વરનો અવતાર છે; એક પ્રભુ બાપ કે બીજો પટેલ બાપ, માટે મારા બાપ તમે જગતના બાપ છો; તમે દુનિયાને

ઉછેરતા આવ્યા છો તે ઉછેરો છો અને ઉછેરશો. પ્રભુ તમારૂં કલ્યાણ કરો! ગામડાનાં જીવન અને ગામડાનાં પુન્ય તમારા જેવા ભોળા રાખાવતી અને પરગજુ પટેલીઆઓના કર્ણ જેવા ઉદાર હાથ પરજ ચાલે છે! પરમાત્મા તમારો જય કરો! હરિ તમને સુખી કરો! ત્રિભુવન તમે આત્મવત સમજો છો તો ત્રિભુવન તમારૂં કલ્યાણ કરો! તમે અનેકનાં રૂણ છોડો છો તો મારૂં પણ રૂણ છોડો! ઋણીનાં રણ છોડો, બાપલા અનેક રૂણી રણછોડ તમનેજ ચાહ્ય છે તો હરી અંતે કરૂણાજ કરો, અને સૌને સમાન ગણી સર્વદા દયા શાંતી અને સુખજ ભરો!"

"બુન બા તને પણ હવે સાચું જ્ઞાન પ્રગટયું જણાય છે! બા જે કંઇ મેં તને કહ્યું તેની માફી આપજે! જગતમાં સ્વાર્થીઆજ મીઠા હોય, સ્નેહીજ સર્વદા કડવાં હોય, જેને લાગણી થાય તેજ કડવું કહે; બુન, તારૂં સારૂં કરૂં એવું કહેનારા અભિમાની હુંપદીઆથી તો સદા વેગળાજ સારા! મીઠા બોલા અંધ-ખાથી આઘાજ રહેવામાં સાર છે!"

"પરમાત્મા સૌનું કલ્યાણ કરો! સૌ સૌને ઓળખતાં શીખો, અને સારા નરસાની પરિક્ષા કરી સૌનો સારામાંજ સમાસ થાઓ!"

"બોલો કાશીવિશ્વનાથ મહાદેવની જય! જય! જય!"

"કાશીવિશ્વનાથ મહાદેવની જય! જય! જય!"

"હરી જો તું હવે મારો થયો મારોજ થજે! હવે હું તારોજ છું; મારા બાપલા હવે ન્યારો ન થઇશ! તારા ન્યારા પણામાં મને મારો ભવ ખારો થયો તો મારા અંતરયામી હરી

હવે તું મારોજ થજે!"

આ પ્રમાણે પટેલીઆના સંઘનો અને નાકકટી કાન્તાના પ્રસંગનો અંત આવ્યો; સારાના પ્રસંગે સૌ સારૂ થાય; પટેલીઆના પુન્ય પ્રભાવે કરી પાપણી કાન્તાના પાપનો કંઈક નાશ થયો અને ગેંગો કમળના સંગે શંકરના શિર ચઢયો; એ પ્રમાણે સમયનુસાર એક અધમ પાપણી પનોતી પ્રમદા કાશીની જાત્રાના પંથે ચઢી; ગાડામાં બેસતાં અને પંથ કાપતાં કાપતાં કાન્તાના મુખમાંથી ઉદ્દગાર નીકળ્યા કે—

" છોડ દુઃખ ઋણુ છોડીને રણુ છોડ હરી છોડ;
છોડ ત્રિભુવન તું હરી દે દર્શન હરી દોડ. "

વ્હાલા વાંચકવૃંદ આતે "સુધારાનું પાપ કે કુધારાની છાપ!"

પ્રકરણ ૫ મું.

ચડતીનો સત્કાર કે પડતીનો માર.

દોહરો.

થાય પ્રીત પરબ્રહ્મમાં જાય જૂઠ જગ ઝાંખ;
પ્રેમ અનુભવ પરખતાં ઉઘડે ઉરની આંખ.

તીરને ધનુષ્યધારી જેવી રીતે સીધુ બનાવે છે, તેવીજ રીતે અનિશ્ચિત અને ક્ષણે ક્ષણે બદલાતા વિચારો જેમને વશ કરવા અથવા રોકવા બહુ મુશ્કેલ છે તેને સુજ્ઞ મનુષ્ય સીધા બનાવે છે. મીન જળના નિવાસમાંથી બહાર સૂકી જમીનપર મૂકવામાં આવે તો જેવી રીતે તે તરફડે છે તેવી રીતે મોહના પાસમાંથી છુટા થવાને આપણા વિચાર તરફડે છે. મનને વશ કરવું એ ઉત્તમ કામ છે, કારણ કે મન બહુ મુશ્કેલીથી વશ થાય તેવું અને ચપળ છે. તેની મરજી માફક તે જ્યાં ત્યાં દોડે છે. વશ કરેલું મન સુખ લાવી આપે છે.

જે ધ્યાન પૂજન ભક્તિ સંયમ કીર્તનાદિ તમામ છે,
તે વિવિધ સુન્દર સર્વ કેવળ પ્રેમના મંત્ર નામ છે;
છે યજ્ઞ અદ્ભૂત પ્રેમ પ્રેમીનો જગત માંહી મહા,
તે યજ્ઞમાં તે સ્વાર્થનું બલિદાન આપે છે અહા.

વિબુધોએ પોતાના વિચારો તરફ લક્ષ આપવું જોઇએ, કારણ કે તે જણાતા નથી, બહુ દગાખોર હોય છે અને તેઓની ઇચ્છા પ્રમાણે તે દોડે છે, સારી રીતે રક્ષણ કરાએલા વિચારો સુખ લાવી આપે છે. મન ઘણે દુર ભટકે છે, એ એકલું ફરે છે, શરીર વગરનું છે, અને હૃદયના ઓરડામાં પુરાઈ જાય છે. આવા મનને જેઓ વશ કરે છે તેઓજ મોહથી મુક્ત થાય છે. જો મનુષ્યની શ્રદ્ધા અનિશ્ચિત હોય, જો તે સદ્ધર્મ સમજતો ન હોય અને જો તેની મનની શાંતીમાં વિક્ષેપ થતો હોય તો તેનું જ્ઞાન કદાપિ સંપૂર્ણ હોઈ શકે નહિ. જો મનુષ્યના વિચારો અસ્થિર ન હોય જો તેનું મન ગભરાએલું ન હોય, જો તેણે પુણ્ય તેમજ પાપનો ત્યાગ કર્યો હોય તો જ્યાં સુધી તે જાગૃત અપ્રમત્ત છે ત્યાં સુધી તેને ભય નથી.

* * * *

અહીં આધી અને વ્યાધી ઉપાધીમાં વ્યથા થાયે,
વિરામે આત્મ દૃષ્ટીએ સમાધી બ્રહ્મની આએ;
પ્રવેશી મોહ માયામાં હૃદય વ્યાધિ મહીં ડુબે,
તથાપિ બ્રહ્મ વૃત્તિથી સમાધી એ સહુ વામે.
સમાધિ બ્રહ્મની આએ હૃદય વ્યાધિ વિરામો એ,
વિનાશી જીંદગીનું એ બગાડે કર્મ માયાએ;
રિપુમાં કામ પ્રોબી એ સમાધી હોય ના જો એ,
સમાધી બ્રહ્મની આએ હૃદય વ્યાધિ વિરામો એ.
ખરી શાન્તી નહીં ત્યાંએ સ્વરૂપાનંદ નિત્યાં એ,
હૃદય વ્યાધિ ન ત્યાં જાએ સમાધીમાં વિરામો એ;

સમાધી બ્રહ્મની આએ હૃદય વ્યાધિ વિરામો એ,
કટાક્ષો ક્રુર માયાના થઈ સ્વાહા પ્રકાશે એ.
ધ્વનિ ઓમ્કારની આએ સદાનંદે વિકાસાગે,
સમાધી બ્રહ્મની આએ હૃદય વ્યાધિ વિરામો એ;
ખરો આનંદ છે ત્યાંએ સ્વરૂપા શક્તિ છે ત્યાંએ,
પ્રલય અન્તે સુખેન્દુએ ક્ષણે ક્ષણ સૌખ્ય છે ત્યાંએ.
સમાધી બ્રહ્મની આએ હૃદય વ્યાધિ વિરામો એ,
सोहं सर्व भूतषु એ ધ્વની તો બ્રહ્મની થાએ;
भजन्तिमाम् जीवाभक्त्या સમાધી સદ્ય ત્યાં થાગે,
સમાધી બ્રહ્મની આએ હૃદય વ્યાધિ વિરામો એ.

"હરિ ચરણે ચિત ચોડ હો મનવા હરિ ચરણે ચિત ચોડ.
જોબન ધન લુટાએ જોતાં સુતો શું તજ સોડઃ—હો મનવા૰
છળ પ્રપંચથી છેવટ છે દુઃખ છંદ તું તેનો છોડઃ—હો મનવા૰
જૂઠા જર જુવતિના લોભે મૃગવત મિથ્યા દોડઃ—હો મનવા૰
સાચું જર છે અજર ઉપાસન જુક્તિ કરી તે જોડઃ—હો મનવા૰
આવાગમન ન તુટે તો પણ તત્વ વિચારે તોડઃ—હો મનવા૰
જનહિત ચિતવ નિત્ય હૃદયમાં કાન પુરે પ્રભુ કોડઃ—હો મનવા૰"

કાલકા હાવરા લાઈનપર સુસવાટા મારતી પંજાબ એકસપ્રેસ રાક્ષસી ઝડપથી રસ્તો કાપી રહી છે. મીણુ મીણુકાર અંધારી રાતમાં પણ ટ્રેન પૂર ઝડપે સ્ટેશનો પસાર કરી રહી છે. અત્યારે સર્વ પેસેન્જરો નિંદ્રાવશ થએલા જણાય છે. ગાર્ડ અને ડ્રાઈવર સલામતીની સીગનલો જોતા લેતા અને આપતા ટ્રેનને પૂર ઝડપે ચલાવી રહેલા છે. આ ટ્રેનમાં પ્રસ્તુત નવલ-

કથાની નાયકા કુંદન પણ મુસાફરી કરતી દૃષ્ટિગોચર થવાનો સંભવ રહે છે. વિબુધ અધીરા વાંચકો કુંદનનું શું થયું તથા ક્યાં ગઈ એ શંકાના સમાધાનાર્થે અત્રે જણાવવામાં આવે છે કે એન્જીનના બફ્ફરના આંચકે મૂર્છાવશ થએલી કુંદન થોડીક વારે જાગૃત થઇને ભયથી કાંપતી ઉભી થઈ ચોગરદમ દૃષ્ટિ ફેરવવા લાગી. રેલ્વે લાઇન પર તેની પાછળ પડેલા મનુષ્યોનાં મડદાં ધડ હાથ પગ અને શિર છુંદાએલા ધવાએલા અને કચરાએલાં માલમ પડવા લાગ્યા. કુંદન આ રક્તપાતમય ભયંકર દેખાવ જોઈ ત્રાસથી ચમકી રેલ્વે લાઇનપર નાકની સામી દૃષ્ટિમાં નાસવા લાગી. નાસતાં નાસતાં એક સ્ટેશન હાથ કરી કાશીની ટીકીટ લઈ ટ્રેનમાં ચઢી બેઠી. એક યુરેઝીયન ગાર્ડની નજર કુંદન પર પડી, અને તેને ભયથી કાંપતી એકલી અને સ્વરૂપવાન જોઇને તે પોતાના મનમાં અવનવી અટકળો બાંધતો બાંધતો વિચારગ્રસ્ત બની ડબ્બામાં આમ તેમ ફરવા લાગ્યો. જે ટ્રેન અત્યારે પૂર ઝડપે રસ્તો પસાર કરી રહી છે તેજ ટ્રેનમાં કુંદન અત્યારે થર્ડકલાસના સ્ત્રીઓના ડબ્બા જે ખાસ કરી ગાર્ડના ડબ્બાની નજીક જોડવામાં આવે છે તે ડબ્બાના એક ખાનામાં નિંદ્રાવશ થઇને સૂતેલી જણાવા લાગી, સ્ત્રીઓના ડબ્બામાં બહુધા સ્ત્રીઓ જ બેઠેલી માલમ પડે છે. રાતના ટ્રેનની મુસાફરી સ્ત્રીઓ જેમ બને તેમ ઓછી કરે છે, એ પ્રમાણે આ એક્સપ્રેસમાં પણ કુંદન એકલીજ ડબ્બાના ખાનામાં નિંદ્રાવશ થએલી સૂતેલી જણાય છે. તેના આખા કમ્પાર્ટમેન્ટમાં તેના સિવાય બીજી કોઈ સ્ત્રી ઉતારૂ બેઠેલું માલમ પડતું નહોતું. આ પ્રમાણે ટ્રેનનો શાંત

મામલો સમસમ સુસવાટા મારતી રજની અને ટ્રેનના પ્રસંગમાં બનેલો માલમ પડતો હતો.

અત્યારે અચાનક કુંદન કાંક કાંક વિચાર ખખડાટ અગર સ્વપ્નાની વિચિત્ર અસર ઉત્પન્ન થવાથી જાગૃત થઈ ગઈ. બારી ઉઘાડી ટ્રેન બહાર દૃષ્ટિ કરી તો મધ્યરાતનું ભયંકર અંધારૂ તેને જણાવા લાગ્યું. પવનના પૂર ઝપાટાથી પાછી પડી બારણું એકદમ બંધ કરી બાસ્ટીલના પાટીઆ ઉપર આડી થઈ; અને તેનાપર પડતાં અનેક અવનવા સંકટોનો વિચાર કરવા લાગી. વિચાર કરતાં કરતાં તેના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડયા કેઃ—

"હરિ ચરણે ચિત ચોડ હો મનવા હરિ ચરણે ચિત ચોડ;
જોબન ધન લુંટાએ જોતાં સૂનો શું તજી સોડઃ—હો મનવા૦"

માયા તથા મોહની જાળ એ ખરેખર મહા જાળ છે. તેમાં સર્વ દેહધારીઓ સપડાઈ જાય છે. પરન્તુ ત્યાંજ આનંદનો વિનોદ અને વિલાસ છે કે જ્યાં સદ્‌બુદ્ધિ અને સદાચરણ છે. સત્સંગ અને આત્મજ્ઞાન વિના જે કાંઈ છે તે સઘળું આળ પંપાળ છે. કામ અને લોભ જેનું આખુ જગત દાસ છે તે બંને સાધક સાધુ મહાત્માઓના દાસ છે. આથી સંત પુરૂષોની સેવા એજ સંસારમાં સાર છે. અન્ય મનુષ્યો તો મહાત્માઓના દાસ જે કામ અને લોભ તેના પણ દાસ છે. મન અને બુદ્ધિને જેણે વશ કર્યાં છે તેજ સાધુ પુરૂષો ખરેખસ ભક્ત છે. અહો આ બધું મને ગંગા કિનારે પ્રાપ્ત થશે!! કાશી એજ કૈવલ્ય મોક્ષનું ધામ છે અને તે પવિત્ર નિવાસમાંજ મારો વાસ સમાપ્ત થશે. ગુણ રૂપ સઘળા દેશો ફરી ફરીને થાકી ગયો પરન્તુ સુખ તો માત્ર

સંતોષના દેશમાંજ મળે છે. મન જ્યાં જ્યાં સુખને શોધતું રખડયું ત્યાં સંતોષ સિવાય ક્યાંય પણ સુખ દીઠુંજ નહીં. જ્યાં ત્યાં દ્વંદ્વ વાદવિવાદ અને ક્લેશજ વ્યવહારમાં દૃષ્ટિગોચર થયો, ત્યાં ત્યાં આત્મવિચાર તથા વિવેકનો સંગ મળ્યાથી પંચ ભૂતાત્મક સઘળો પ્રપંચ અનિત્ય જોયો અને તેથી કેવળ ચૈતન્ય સ્વરૂપને વિષેજ ચિત્તને સ્થિર કર્યું!! સાગરમાં જઇને જુઓ કે તરંગોનું આવવું જવું એ શું છે? જેવું તેનું ઉદધિમાંથી ઉઠવું તેવુંજ તેમાં સમાવું છે. તરંગો વારિધીથી ભિન્ન નહીં છતાં નામ રૂપાત્મક-પણે જણાય છે, તેમ જગત બ્રહ્મથી ભિન્ન નહીં છતાં નામ રૂપ વડે જૂદુ જણાય છે. માત્ર અંતઃકરણમાંથી હું ને તું રૂપી જે મળ છે તેને મટાડવો અર્થાત્ અહંતા મમતાનો નાશ કરવાનો છે. જેણે વિજ્ઞાન રૂપી અનળમાં પાપ પુણ્યનાં બીજ બાળી નાંખ્યાં છે, જેણે ષટ્રિપુ કહેતાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ શત્રુઓને વિવેકરૂપી સાંકળથી બાંધીને વિચાર-નગરના ચોકમાં લાવીને ઠાર કર્યા છે; તથા જેણે મન અને ચિત્તને શ્રી સત્ચિદાનંદ રૂપી સાગરમાં ફેંકી દીધા છે તેજ ખરેખર આ સંસાર સમુદ્રના અથાગ જળને તરી ગયા છે! હરિ હરિ હરિ! મારે તો માયામાં બાથડીઆંજ ભરવાનાં રહ્યાં!! હું ન ઠરી તે નજ ઠરી! જ્યાં ગઈ ત્યાં ચોગરદમ આગ આગ ને આગજં ઉઠી! જે વૃક્ષ તળે વિશ્રામ સારૂ બેઠી તેજ વૃક્ષ મારા ઉપર ઉખડી પડયું! જે ભીંત આગળ ઉભી રહી તેજ ભીંત મારા ઉપર તુટી પડી! અરે ધરાપર જ્યાં કદમ મૂકયાં ત્યાં ધરાજ નીચી ઉતરતી ગઈ!

આ અંતરજ્વાળાનળ શી રીતે શાંત થાય! કેવળ પ્રભુ નામના પોકારથીજ હવે શાંતી વળશે! મનને વૈરાગ્યમાંજ રમાડવાથી શાંતી મળશે! આધિ વ્યાધિ અને ઉપાધિ ભર્યા સંસારમાં મને કેવળ ઉપાધિજ પ્રાપ્ત થશે! હવે નારાયણના નામ સિવાય આનંદ નહિ મળે તે નહિજ મળે! નિષ્કામતા-માંજ કોક અવસરે સકામતા પ્રાપ્ત થશે! નિરાશામાંજ આશાનાં કિરણો કોક વખતે મળી આવશે! દુઃખમાંજ સુખ એકાદ દિવસ પણ ડોકીઆં કરશે! વિપત્તિમાંજ ભાગ્યબળે સંપત્તિ અવલોકી શકાશે! જીવે હવે સંસાર ઉપરથી માયા ઉતારવામાંજ સાર છે! ચાલ આ બધું સુખ કાશીપુરીમાં મળશે! મહાત્માઓના નિવા-સસ્થાન અને પાપવિમોચની ગંગા અને કાશીવિશ્વનાથ શંકર ભગવાન મને શાંત કરશે! તેમના દર્શનથીજ મારાં પાપ પ્રલય થશે! હવે બધી લમણાફોડ મૂકી જીવને ગંગા દર્શનમાંજ જોડવો લાભકારક છે! યોગરદમ ફરી પણ ફેરામાં ને ફેરામાંજ ફસાણી! ઢાંકયા કપાળમાં શું શું લખ્યું છે તેની કાંઈ ખબર ન પડી તે નજ પડી! જીવ હવે જંપાપાત મૂકી જગદીશ્વરની ઝાંખી કર! તું પોતાને ઓળખ! તું તારામાં ડુબકી માર! જે તું શોધે છે તે તનેજ શોધી કાઢશે; માટે ફાંફાં મૂકી તું તારામાંજ સમાઈ જા! અહંમ બ્રહ્માસ્મિ અને તત્વમસિ એ મહાવાકયોના તાત્પર્યાર્થ પ્રમાણે હું તે બ્રહ્મ છું અને તું તે છું એ સૂત્રાનુસાર તું જેને યાદ કરે છે તે તને યાદ કરશેજ! તું જેને જુએ છે તે તને જોશેજ! તું જેને શોધે છે તે તને શોધશેજ! હવે તું તે એ છું અને એ તે તું છે, માટે ભ્રમણા મૂકી ભ્રમિત ન થા. મૂરખ મન હવે જરા

શાંત થા. ઉત્પાતીઆ અને ઉધમાતીઆ જીવડા હવે જરા જંપ પા. સૌ સારૂં થશે. ભાવિ જ્યાં તને લઇ જાય છે ત્યાંજ તને સુખ મળશે. કુદરતી જે થાય તે જોયાં કર! ઇશ્વરી કૃપા સિવાય પુરૂષ પ્રયત્ન વૃથા છે. પ્રયત્ન એજ યત્નની ઉપાધિ છે. પ્રયત્ન ફળ છે પણ અદ્ધર છે; માટે,

"ફળ તો અદ્ધર છેરે ભાઇ તે તો કેમ કરીરે લેવાય;
પેડ ન દીસે પાત્ર ન દીસે કેમ કરીરે ચડાય:—ફળ૦
લીલો ન પીળો વાલો, શામ ન સફેદ વ્હાલો;
રૂપ તો કહ્યું નવ જાય:—ફળ૦
ભેળો છે પણ ભાળ્યો નથી ન પોતે પોતા માંય;
અનુજ થઇને લેવા લાગ્યો નહીં આવે હાથેકે માંય:—ફળ૦
ચૌદ ભુવનમાં વ્યાપી રહ્યો છે જીવ બુદ્ધિ નવ થાય;
નાનો છે પણ નજર ન આવે ચરિત્ર લખ્યું નવ જાય:—ફળ૦
કથા બથામાં કાંઇજ નથી જાણ્યામાં ન જણાય;
કાનપુરીને કરૂણા થઇ છે મીઠડા હરી ગુણ ગાય:—ફળ૦"

માટે હવે મનને મનનો ગુરૂ કરવામાંજ મઝા છે. મન મનથીજ મળશે. ભાવ ભાવમાંજ ભળશેજ, રાગ રાગમાંજ ફળશે! હવે આધિવ્યાધિનિ ઉપાધિ પાર્વતી પતિના દર્શનમાંજ મટશે! ઉમાકાન્ત એજ શાંતિદાતા થશે! આ પ્રમાણે ગાંડા ઘેલા, વ્યાજબી ગેરવ્યાજબી અને આડા અવળા જાગૃતિ સુષુપ્તિના ઉદ્દગાર કાઢી મનંને કાંક કાંક સંતોષી અંકુશથી મારી કુંદન નિંદ્રાધીન થતી જણાવા લાગી! ધીમે ધીમે પૂરી રીતે નિંદ્રામાં તદલીન થઇ ગઇ. જોતજોતામાં પાસુવાળી લસલસાટ ઉંઘવા લાગી! ટ્રેન પણ પૂર ઝડપે સ્પીડ વધારતી વધારતી આગળની આગળ

વધવાજ લાગી. ચોગરદમ શૂન્યતા અને ભયંકરતા જણાવા લાગી! મધ્યરાત, અંધારૂં અને એકાન્તનો લાભ લઈ એક યુરેઝીયન ટીકીટ કલેકટર કુંદનના ડબ્બાના ખંડમાં એકદમ એકાએક અને અચાનક ધસી આવ્યો! કુંદનને ઉંઘતી જોઇ તે પળવાર આસપાસ નજર નાંખતો ઉભો રહ્યો! જેમ જેમ કુંદનનું મોં જોતો ગયો તેમ તેમ તેને મોહ પણ વધતો ગયો! જે સ્ટેશનથી કુંદન ટ્રેનમાં બેઠી હતી; તેજ સ્ટેશનથી આ ટીકીટ કલેકટરની દ્રષ્ટિ કુંદન પર ચોંટી હતી. જેમ જેમ તેને તક અને સમય મળતો ગયો તેમ તેમ તે છેક નજીકના ખાનામાં આવીને બેઠો; અને ટ્રેનને એક જબરજસ્ત પુલ ઓળંગવાનો નજીક આવતો ગયો તેમ તેમ આ યુરેઝીયન કુંદન પર હુમલો કરવામાં વધારે ને વધારે ઉત્સુક થતો ગયો. છેવટે સાહસ કરી કુંદનના ખાનામાં ધસી આવ્યો; અને તેને ઉંઘતી જોઈ તેના સૌંદર્યનું નેત્રથી પાન કરવા લાગ્યો. ઉંઘતી કુંદન પર કેવી રીતે હુમલો કરવો તેનો તે મન સાથે વિચાર કરવા લાગ્યો; છેવટે કુંદનના માથા આગળ બાસ્ટીલ પર બેસી ખીસ્સામાંથી રૂમાલ કાઢી કુંદનને આસ્તે આસ્તે પવન નાંખવા લાગ્યો; મોહ અને અધીરતામાં આગળ વધી કુંદનના મુખ પર તે રૂમાલથી સ્પર્શ કરવા ગયો કે તરત કુંદન જાગૃત થઇ બાસ્ટીલ પર બેઠી થઇ ગઇ; અને એકદમ પરાયા પુરૂષને પોતાની છેક નજીકમાં આવેલો જોઈ હીંમત ધરી મુખમુદ્રા ગંભીર રાખી તેને ધમકાવવા લાગી!

"તમે કોણ છો? કેમ મારી પાસે આવ્યા છો? મને ઉંઘ્રી શા માટે જાગૃત કરી!"

"હું હું છું! તારાં રૂપપર ફીદા થએલો તારો આશક છું! દીલજાન ગભરાઇશ નહીં! હુ તને હેરાન કરીશ નહીં પણ સુખ આપીશ!"

"જાઓ એકદમ જ્યાંથી આવ્યા હોય ત્યાં ચાલ્યા જાઓ! આબરૂ સાચવી રસ્તે પડો! વધારે જીભાન ચલાવશો તો સાંકળ ખેંચી ટ્રેન ઉભી રાખીશ!"

"દીલદાર જરા દયા કર! મારા દેદારપર નજર કર! હું તારાપર મરી ફીટતો મોહાંધ આશક છું! ડીઅર મારૂ અપમાન નહીં કર! આવ મને ભેટી સુખી કર! ગલે લગ જા!"

"હજુ એક વાર ફરીથી તમને માનભરી રીતે જણાવું છું કે તમે ચાલ્યા જાઓ! હું લાલચવાળી નફટ નિર્લજ સ્ત્રી નથી, પણ આબરૂદાર ખાનદાનની પુત્રી છું! મને સતાવવામાં તમે કંઈ સાર કાઢશો નહીં! જાઓ ઈશ્વરને ખાતર ચાલ્યા જાઓ!"

"છબીલી આમ છનછનાટ ન કર! હું કાંઈ જેવો તેવો માણસ નથી! હું એક રેલ્વેનો અમલદાર અધિકારી છું. ટીકીટ કલેકટર છું. જરા મારા બીલ્લા સામી નજર કર!"

"હજુ પણ કહું છું કે ચાલ્યા જાઓ નહીં તો પછી અપમાન કરી હુંકારાથી વાત કરી ટ્રેન થોભાવી રાખી તમને હેરાન કરીશ!"

"બુલબુલ તું મારૂં એક રમકડું છે. તારા જેવાં કંઇક ગભરૂ ગુલાબો મેં સુંઘી સુઘીને જવા દીધાં છે. અત્યારે તું મારા તાબામાં છું. ખુશીથી માનીશ તો મલાજો સચવાશે નહીં તો પછી બળાત્કારનો લાભ લેવાશે?"

"અરે નીચ કુતરા વીલ યુ કલીઅર માય હૉલ ઓર નોટ? ગો આવે!"

"અરે વાહ વાહ માશુક તું ઇંગ્લીશ પઢેલી હુય! બડી એટીકેટવાલી મેમ મડમ હુય! અચ્છા અબી ખૂબ મજા આયગી!"

"અરે ગદ્ધા અહીંથી દુર થા, નહીં તો લાત લગાવી દુર કરીશ!"

"ઓહ કોન તું મને લાત મારેગી!"

"અરે કુલાંગાર કાગડા તું તે કોણુ જાતનો છું! ઘડીકમાં ગુજરાતી, ઘડીકમાં હિંન્દી અને ઘડીકમાં ઇંગ્રેજીમાં ભસે છે, તારો ડાકડીમાક કેવો દુનિયાને છેતરનારો છે?"

"ઓહ માઈ ડીઅર તું પણુ એક અચ્છુ રમકડુ છે! વાહ વાહ ગુલઝાર તારી તે હું શું તારીફ કરૂં!" કહી બદમાશ કુંદનને બાઝવા ગયો. કુંદને એક ધોલ તેના મોંપર મારી એટલે તે વધારે ગુસ્સે થઈ કુંદનને બાઝી પડયો. બંને જણાં બરાબર બળજોરીથી ટ્રેનના ખાનામાં બથમબથા કરવા લાગ્યાં, કુંદન બળ કરી કુદકો મારી સાંકળ ખેંચવા ગઈ, ત્યાં બદમાસે તેને કમરમાંથી પકડી પાટલી નીચે નાંખી તેની છાતીપર ચઢી બેઠો કુંદને તેના કાંડાપર એક સખ્ત બચકુ ભરી હાથ લોહીલુહાણુ કરી નાંખ્યો અને કારમુ બળ કરી તેને ઉછાળી એકદમ ઉભી થઈ સાંકળ ખેંચી. બદમાસ બળ કરી ખાનામાંથી નીચે કુદી પડયો; કુદી પડતાં કુંદને તેની ટોપી ચાલાકીથી લઈ લીધી. ટ્રેન એકદમ ઉભી રહી, ત્યાં ડ્રાઇવર અને ગાર્ડ બંને બત્તી લઈ ડબ્બા તપાસતા તપાસતા કુંદનના ખાના પાસે આવ્યા, કુંદને

સઘળી બાબત અંગ્રેજીમાં ગાર્ડને તથા ડ્રાઈવરને સમજાવી અને બદમાસની ટોપી આપી, ગાર્ડે સઘળી હકીકત ડાયરીમાં નોંધી લીધી. ટોપીનો નંબર ઉતારી ટોપી કબજે કરી અને કુંદનને તેના પોતાના ડબ્બામાં બેસારી ટ્રેનને આગળ ચલાવવા ડ્રાઈવરને કહ્યું; ડ્રાઇવર પણ અચંબો પામતો પામતો એન્જીનપર ગયો; અને ટ્રેનને ચાલુ કરી! ગાર્ડે સીગનલ થતા ટ્રેનને પૂર ઝડપે ચલાવરાવી; કુંદનને દીલાસા ઉપર દીલાસા આપી તેનું સાન્ત્વન કરવા લાગ્યો, કુંદન પણ સભ્યતાથી વરતી ગાર્ડનો ઉપકાર માનવા લાગી, ગાર્ડ પણ ધીમે ધીમે કુંદનની ચાલાકી હોંશિયારી અને કેળવણી જોઇ મનમાં ખૂબ આનંદ પામ્યો અને કાંક તેનાપર મોહીત થયો! વખત જતાં જતાં તેની પણ દાનત બગડવા માંડી અને જેમ જેમ કુંદનનું રૂપ જોતો ગયા તેમ તેમ તે પણ આંધળો ભીંત બનવા લાગ્યો!

"બાનુ ગભરાશો નહીં, આવો બેસો મારી પાસે! સોડા લેશો!?"

"નહીંજી, મારે કાંઇ નહીં જોઇએ! હું આપનો તે વાસ્તે ઘણો ઉપકાર માનું છું!"

"હું....એમાં ઉપકાર શાનો? તમારા જેવી દીલચશ્મ બાનુને તો મારે ઘનીજ મદદ કરવી જોઇએ! આવો આવો મારી પાસે આવો! ત્યાં તમુને ઠીક નહીં પડે! આવો ગભરાશો નહીં હું તમુનેં કાંઇબી હેરાન નહીં કરૂં! બાવા જરા એકાદ બોસ્સો તમારા ગોલાબી ગાલપર લેવા દ્યો તો ઠીક! પ્લીઝ હેવ મી આ નાઈસ કીસ!"

"મહેરબાન તમે પણ મને પેલા બદમાસની માફક હેરાન કરશો? અરે પારસીઓ તો ઘણા પરગજુ હોય છે! હું તો તમારી બેટી થાઉં! મારાપર દયા કરો!"

"અરે હું તો કેવલ એક બોસ્સોજ લેવા માગું છું; હું બીજું કાંઈ માગતો નથી!"

"અરે મારા પિતા સ્વરૂપ ગાર્ડ મારાપર દયા કેરો! રેલ્વે ટ્રેનના કામદારો શું બધા તમારા જેવા કામાંધ અને નીચ હશે!"

"અરે તું બકવા છોડી દઈ જરા બ્રાન્ડીનો ટેસ્ટ લે! તારૂ ભેજું ઓલરાઇટ થશે! એક બોસ્સો આપતાં તને શું થાય છે બાવા!"

"અરે ભગવાન આ તો હવાડામાંથી ઉગરી કુવામાં પડી મારા પ્રભુ હવે મારો કોણ બેલી! દુષ્ટના પંજામાંથી બચી દૈત્યના પંજામાં સપડાણી! આ દુષ્ટ ઉમ્મરે પોકેલો પારસી ગાર્ડ પણ મહા હેવાનીયત ભરી ચાલચલગત ચલાવતો માલમ પડે છે! અરે મને માફ કરો! મારા પર દયા કરો!"

"એ બધી વાત પછી! એક બોસ્સો લેવા દે!"

"અરે તમે તો કોઈ ઈનશાન છો કે સેતાન છો!"

"અરે ઇનશાન પન બોસ્સો લે અને સેતાન પન બોસ્સો લે! બાવા બધી ટકટક મૂકી જરા બગલગીરી કર! એકાદ બોસ્સો ભરવા દે! આવ જરા મને બાઝીને બેસ એટલે ઠંડી ઓછી થાય! ખોદા પણ અજબ છે! આવી આવી બાનુઓને ગજબ સુંદરતા આપે છે! જ્યાં તેના સુંદર ચહેરાપર નજર કરી કે

ઠંડા આઈસક્રીમ! એકાદ બોસ્સાને વાસ્તે જીવ તલપાપર થાય તેમાં કોનો વાંક! મારો? દીલદારનો? કે ખોદાનો? શા વાસ્તે આવા નાજુક ગુલબદન ગુલ રસ્તામાં રઝળતાં નાંખે છે? સાલ્લુ હાથમાં આવેલું ગુલ સુંઘવા વગર ચાલે? કભી નહીં!"

"અરે ભગવાન હું આ શું સાંભળું છું! આખી દુનિયા બદલાઈ ગઈ! આખા વિશ્વમાં મારૂં કોઈ નથી?"

"અરે નહિરે બાવા આ સેવક તારી સેવામાં હાજર છે! તારે કોઈબી નહિ હોય તો ચાલ બાવા મારે ત્યાં! હું બી એકલો અને તું બી એકલી! ચાલ આપણે સાદી કરી સુખી થઇશું. અરે દીલભર લગનનો લ્હાવો લઈશું!"

"ચુપ રહો! જીભાન સંભાળીને બોલો! જો તમે મને એકલી જાણતા હો તો તમારી ભૂલ છે. મારો ઈશ્વર–પ્રભુ મારી પાસે છે!"

"ટારે બાવા મારો ખુડા તો કાંઇ ગારડનમાં હવા ખાતો હોશે કેમ?"

"તમે જો ખુદાને માનતા હો તો મારા પર દયા કરો! જુલમ ન કરો! ઈશ્વર જ્યાં જોઇએ ત્યાં હાજર છે!"

"ઓહ, ગોડ ઇઝ ઑમનીપ્રેઝન્ટ એ વાક્ય તો હું પાડ-માળામાં શીખ્યો હતો!"

"તો મારા પિતા પ્રભુનો ડર રાખો!"

"અંરે પિતા કોણના? ને પુત્રી કોણની? અહીં તો તારા એક બોસ્સાના ઉમેડવાર છીએ!"

"તે કદાપિ કાળે નહિ બને! મારો પ્રાણ જાય તો ભલે

પણ તમારી ઈચ્છાને હું કદાપિ કાળે તાબે નહિ થાઉં તે નહિજ થાઉં!"

"તે જોઈ લેવાશે બાવા! તું આકલી ઉતાવલી શું કામ થાય છે!"

"અરે કર્મચંડાળ બોલતાં જરા વિચાર કર! એ હેવાન સેતાન ન થા! તમે લોકો ધંધોજ આવો નીચ કરો છો? કાલકા હાવરા રેલવેમાં ગોટાળાજ આવા ચાલે છે?"

"બાવા અમે ટો બોસ્સાબાજી બગલગીરીઓ બ્રાન્ડી એ શિવાય બીજુ કાંઈ સમજતાજ નથી! અમે કાંઈ ગુલાબ શોધવા જટા નઠી! વખતે અચાનક હાથમાં આવી જાય તો સુંઘ્યા વગર ફેંકી દઈએ એવા બબુચક બી નઠી! ટારા જેવી ગબરૂ જાનને ટે કાંઈ બોસ્સા લીધા વિના જવા દેવાય? કેમ છે મારી જાન?! દીલોજાન! બુલબુલ. આશમાનની હુર! આવો ગલે લગ જાવો! નયન મીલાવો! ચમન ઉડાવો!"

"કામાંધ દુર થા! એક ડગલું પણ આગળ આવ્યો તો આ સોડાની બાટલી તારા કપાળમાં મારી લોહીલુહાણ કરીશ! ઉપકારનો બદલો અપકારથી વળશે!"

"અરે વાહરે બુલબુલ ટું બી બડી અમારી પારસી છોકરીઓ જેવી ચાલાક જનાય છે! સોડાની બાતલી લઈ તું મારૂં માથુ ભાંગવા તૈયાર થઈ ગઈ!"

'પિશાચ દુર! અભાગી આગળ ન વધ! પ્રભુ તને જોશે! મુસાફરી કરતી અબળાની લાજ લુંટનાર નરપિશાચ ખામોશ. સબુર! પાપ કરતાં પાછું વાળી જો! દુનિયામાં પુન્ય છે! સત્ય

છે! ધર્મ છે! ધરા ધર્મને આધારે રહેલી છે! સૂર્ય સત્યથી તપે છે! પાપી સમજ!'

"અરે બાવા હુમે સમજવામાં તો એક બોસ્સાબાજીજ સમજીએ છીએ; ગુલઝાર હવે ન તલસાવ! અરે મારા બોસ્સામાં તો હજી ડ્રાઈવરનો ભાગ છે સમજી મારી બુલબુલ!" કહી અલમસ્ત પારસી ગાર્ડ કુંદનને બાઝી પડયો, કુંદન પણ ગાર્ડ જોડે બાઝંબાઝા કરી રહી, જેમ આવે તેમ ખાનાની વસ્તુઓ ગાર્ડપર ફેંકવા લાગી. ઘડીકમાં બળ કરી છુટી જાય અને ઘડીકમાં પારધીના પંજામાં સપડાઈ જાય એવી બાથંબાથા ગાર્ડના ડબ્બામાં ચાલી રહી, કુંદન બળ કરી થાકી ગઇ, સ્ત્રી જાતમાં જેટલું જોર જોઇએ તેના કરતાં પણ અધિક પ્રમાણમાં જોર બતાવી શિયળ સાચવી રહી; લાત, ગડદા, પાટુ, ધોલો અને ગાળોનો ગાર્ડપર વરસાદ વરસાવી રહી, છેવટે બુમરાણ મચાવી ધાટંધાટા કરી રહી, ત્યાં ટ્રેન એક જબરજસ્ત પુલપર ચઢી. એટલે ટ્રેન અને પુલના ઘર્ષણના ઘોંઘાટમાં કશું સંભળાયું નહીં, છેવટે હારી કંટાળી લાચાર બની કુંદન શિયળને વાસ્તે જાનપર આવી જીવની દરકાર તજી ગાર્ડના ડબ્બાના ખાના આગળ આવી એક મરણીયો ભયંકર જીવલેણ સાહસિક છેવટનો કુદકો મારી ટ્રેનમાંથી પુલપર કુદી! ગાર્ડે તેને પકડવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ કુંદને બળ કરી એક કારમો આંચકો મારી ગાર્ડને ટ્રેનમાંથી નીચે પાડયો; ગાર્ડ ટ્રેન તળે ચગદાઈ કપાઈ ગયો અને કુંદને પુલપરથી નીચે વહેતી ગંગા નદીમાં મરણીયો ભુસ્કો મારી ઝંપલાવી દીધું! વાંચકો આ તે "ચડતીનો ચમત્કાર કે પડતીનો માર ?!"

પ્રકરણ ૬ ઠ્ઠું.

ભાવિનો ભાવ કે ભાવનાનો ત્યાગ ?!

દોહરો.

રસના રસનું સ્થાન પણ કદી ગુમાવે માન,
માન વિના ન ગણાય કંઈ મનુષ્યનું વિજ્ઞાન.

ઉપદ્રવના ઉત્પત્તિ સ્થાનમાંથી શત્રુના આક્રમણવાળા પ્રદેશમાંથી, દારૂણ યુદ્ધ જામ્યું હોય તેવા સ્થાનમાંથી અને જાણે અજાણે દુષ્ટ સાથે પડેલા પ્રસંગમાંથી જતાં તમે તમારૂં સંરક્ષણ સારૂં કરી શકશો. મૂર્ખાઓ જ્યાં પૂજ્ય નથી મનાતા, અન્નની જ્યાં અમી છે અને જ્યાં ગૃહસંસાર કલહહિન ચાલે છે ત્યાં સદા લક્ષ્મી વિરાજીતજ છે. ક્ષમાના સાત્વિક સદ્‌ગુણવડે તપસ્વી વ્હાલા લાગે છે, વિદ્યાના તપોબળે કદરૂપા અષ્ટાવક્ર જનો પણ વ્હાલા લાગે છે, સ્વર્ગીય મીઠા ટહુકાથી કોયલ વ્હાલી લાગે છે અને પતિભક્તિથી પત્ની પ્રિયકર થઇ પડે છે.

શિક્ષા સ્થળી છે પ્રેમની સંસાર નિશ્ચય જાણજો,
જે પ્રેમની શિક્ષા ન પામે અધમ તેને માનજો;
નર જન્મ તેનો વ્યર્થ છે જે પ્રેમનો ભોગી નથી,
આદર કરે ના પ્રેમનો તે પુરૂષ સુખયોગી નથી.

સંતાનો જ્યાં પાલકની પ્રતિજ્ઞાઓને આધિન છે, સ્વામીની ઇચ્છાનેજ પત્નીએ પોતાની ઇચ્છા બનાવી છે, અને સંતોષનો કોષ જ્યાં પ્રપૂર્ણ છે, ત્યાંજ સ્વર્ગ છે. પણ આ બધું ત્યારેજ શક્ય ઠરે કે જ્યારે અમી ઔદાર્ય અને સ્નેહના ભાવોનો એક બીજા વચ્ચે વિનિમય થતો હોય અને સ્નેહ ત્યાંજ સ્વર્ગ. છે એમાં શું સંદેહ ? સન્તાન એજ કે જે પાલક પોષકના ભક્ત હોય; પાલક પોષક ત્રાતા એજ કે જે પોતાના નામ પ્રમાણે સદૈવ કામ કરે અર્થાત્ સ્વફરજ સમજી અદા કરે, મિત્ર એજ કે જ્યાં સત્ય અને શ્રદ્ધાનો વાસો હોય અને સ્ત્રી એજ કે જેના દ્વારા પરમાત્માની ઝાંખી થવા પામે.

*　　*　　*　　*

આંટી આવી ઉભીરે ઉકલે કોણ એને;
મતલબની માયારે પૂછે છે કોણ કેને ? :—આંટી૦
પૂછીએ તો કોઇ ઉત્તર ન આપે વણ પૂછે મન મૂંઝાય,
સૂજે ન આમાં કે શું કરીએ માગી મળે ન સહાય;
પીડા આ તો મ્હોટીરે હસી ટાળે કહીએ જેને:—આંટી૦
કોનો આમાં ધોખો ધરીએ કોનો આમાં નહિ,
માટીના મટકા સૌએ સરખા સાર ન દીઠો કાંઇ;
કાલ વહી જાશેરે હમણાં તો વેઠી લેને:—આંટી૦
તડકા છાંયાનો ક્રમ જાણીને જાળવવી નિજ જાત,
નથી પડનારી કોઇના શીર પર રાતની ઉપર રાત;
દુર્લભ એવું સમજીરે શ્રીહરિને શરણે રહેને:—આંટી૦

* * * *

" ભૂલી જાય જન દુખના દીવસો એ પણ એક નવાઇ,
જરા જુએ પોતાનું સુખ કે જાય ત્વરીત છલકાઇ;
ભોગવ્યું દુઃખ નથી જાણે અંતરે ગર્વ એમ આણે ! "

"રીઅલી રાઈત! બાવા તમે કહો છો તેમ એકઝેટ છે!"

"મુરબ્બી આ ધોરણ બધી દુનિયાનું છે કેમકે,

જો કહીએ કે નથી રહેતું કદી પણ સરખું ટાણું,
આજ આમ તો કાલ કેમ છે એક સાંજ એક વ્હાણું;
માટે વિવેકથી વરતો પાળો ધર્મ તણી શરતો ! "

"ઓહ માઈ ગૉડ ટારે તો ક્યારનોએ ઉદય થઇ જાય."

"સાહેબ ઉદય અને અસ્ત એ તો મનુષ્યના સુખ દુઃખની એક ઉત્તમ કસોટી છે. કેમકે,

આવે છે કે નથી આવતા દીવસ આગલા યાદ,
આપણ રહેશે કે વહી જાશે અમથો કાં ઉન્માદ;
રાખવો સમજો ક્રમ સાચો આગલો ઇતિહાસ વાંચો ! ""

"આય જમાનામાં લોકો ફેસને ફાતી પરેલા પાછુ વાલીને ડાકુજ કયાં કરે છે ?"

" મળે કોઈ આવો વક્તા પણ યોગ્ય મળે મળે નહિ શ્રોતા,
ધનગર્વી તો પરમ બોધને નથી સાંભળતા જોતા;
જો કે વંધ્ય નથી વસુધા હોય કયાં વિષ તો ક્યાંક સુધા ! "

"બાવા લોકો જો આમ સમજતા હોય તો કાંઈ બી દુઃખ લોકોને ન પરે ! "

" આવે જેવો અવસર તેનો શોક હર્ષ નહિ કરવો,
દુઃખે ધૈર્ય ગુણ ધરવો અંતર સુખે ક્ષમા ગુણ ધરવો;
તરણી નથી થતો તાતો રહે છે ઉદયાસ્તે રાતો ! "

"લો બાવાજી ચાલો ઝત પરવારી જાઓ! કોરતનો ટાઇમ થયો, અરે રામા ખંડેરાવને કહે કે જલ્દી મોટર તૈયાર કરી કમ્પાઉન્ડ આગળ ખડી રાખે! જયન્તીલાલ તમે બી રેડી થઈ જાઓ, ચાલો કપરાં ચરાવી ટટાર થાઓ!"

"વેલ એદલજી શેઠ ચાલો, ટાઇમ થવા આવ્યો, ગોઓન રેડી!"

"થેન્કયુ વાડીઆ શેઠ હું બી તૈયાર છું."

"લો ચાલો બાવા આગલ થાઓ!"

"દીકરી પરીન તું ઘેર રહે!"

"નહિ બાવાજી હું કોરતમાં આવી કેસ જોવાની!"

"મુરબ્બી બેનને આવવા દો!"

આ પ્રમાણે જયન્તીલાલ અને તેના એદલજી શેઠનું આખું કુટુંબ મોટરમાં બેસી કોરટના કમ્પાઉન્ડમાં ગયું. કોરટમાં પુરૂષોત્તમરાયજી, કેસર અને તેના બીજા સગાવ્હાલા ક્યારના કમ્પાઉન્ડમાં ખડા થયા હતા. રાયજીના આ કેસને વાસ્તે ઘણા ઘણા આગેવાન સુધારકો ન્યાતના શ્રીમંતો અને પટેલો કેસ જોવા સારૂ આવ્યા હતા. વાડીઆ સાહેબ પણ કોરટમાં બાથ ભીડી સારી રીતે કેસ ચલાવશવતા હતા. બંને પક્ષની જુબાનીઓ સામસામી થઈ ગઇ હતી. જડજ આ વિચિત્ર કેસનો જજમેંટ જેમ બને તેમ જલ્દીથી આપવાના નિશ્ચય ઉપર આવ્યા હતા.

કેટલાક આગેવાનો સમાધાનીનો પ્રયત્ન કરતા હતા અને કેટલા ફરીયાદ પાછી ખેંચી લેવરાવવાનો યત્ન આદરતા હતા. વાડીઆ સાહેબ જીવ તોડીને કેસ સારી રીતે ચલાવરાવતા હતા. જેમ બને તેમ હિંદુ સમાજપર સુધાશનો સાચો અને સારો ધડો બેસારવો એજ હેતુ એદલજી શેઠના મનમાં હતો, તેથી પદરના પૈસા ખર્ચ કરી કેસ વધારે ને વધારે મજબુત કરી ચલાવરાવવાના ઠરાવ ઉપર આવ્યા હતા. ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજી પણ કેસ સારૂ બનતી જીવતોડ તજવીજ કરતા હતા. પોતાના પુરાણા મિત્રોને કાઠીઆવાડમાંથી આ કેસમાં મદદ કરવા સારૂ બોલાવરાવ્યા હતા. સુધારાના આગેવાન ગૃહસ્થોએ પણ મુંબાઈના પ્રખ્યાત સુધારકોને આ કેસ મજબૂત કરવા સારૂ ખાસ કરી તેડાવ્યા હતા. એકંદર આખી કચેરી આ કેસની મુદ્દતને દિવસે ખીચોખીચ માણુસોથી ભરાઈ જતી હતી. જડજ પણ આ વિચિત્ર હીંદુ કોમના કેસ સારૂ ઘણા ઉંડા વિચારમાં પડયો હતો. ખાસ કરી જ્યુરી આ કેસને સારૂ તેણે ઠરાવી હતી. આ પ્રમાણે અટપટીઓ અને અગવડ ભરેલો વિચિત્ર મામલો જયન્તીલાલ અને કેસરના કેસ સારૂ કચેરીમાં થઈ રહ્યો હતો. વર્ત્તમાન પત્રો પણ જુબાનીઓના રીપોર્ટ અને નોંધો લઈ કેસને સારી રીતે પ્રસિદ્ધ કરતા હતા, એકંદરમાં આ છુટા છેડા થવાનો સુધારાનો કેસ અમદાવાદમાં ચાલી કાઠીઆવાડ, સુરત અને મુંબાઈની પ્રજાનું સારી રીતે ધ્યાન ખેંચી રહ્યો હતો. એક તરફ સ્ત્રીને તાબે લેવાની વાડીયા શેઠની ફરીયાદ સંબંધી ટીકા ચાલતી હતી ત્યારે બીજી તરફ કેસરના છુટા છેડા થવા સારૂ

ચકચૂર ચર્ચાઓ જનસમાજમાં ચર્ચાતી હતી, આ પ્રમાણે સુધારાનો ઇવન્ટ અમદાવાદમાં બની રહ્યો હતો.

વાડીઆ બારીષ્ટર અને એદલજી શેઠ બંને જણા કાંઇ મસલત કરતા કરતા કોરટના વરેન્ડા પર ચાલવા લાગ્યા. ત્યાં વાડીઆ સાહેબના એક ખાસ પુરાણા કાઠીઆવાડના મિત્ર મળ્યા.

“ઓહોહો મહેરબાન સાહેબ તમે અહીં ક્યાંથી?”

“ઓહ કોન માઈ ડીઅર મી. વિઠ્ઠલદાસ!”

“વેલ સાહેબ શી ખબર છે? તમે અમદાવાદમાં કયાંથી? મુંબાઈમાં જેને પાણી પીવાની પા મીનીટની ફુરસદ ન મળે તે સાહેબ આમ એકાએક અમદાવાદમાં આ શું કહેવાય?”

“અરે પન મી. ભાજીપાલા તમે જામનગર મૂકી અમદાવાદમાં ક્યારના આવ્યા છો બાવા?! તમારાં રાજદરબારનાં કારભારાં મૂકી આ દીવાની કોરટના પગથીઆં શું કામ ઘસી નાંખો છો? બાવા અહીં નહીં હાથ ભરાય! આ તો અંગ્રેજી અમલ! દેશી રજવાડાના જેવાં અહીં ગીનીઓથી કોથળા ન ભરાય મહેરબાન!”

“ઓહ થેન્ક યુ મી. વાડીઆ તમે પણ ખૂબ કરી હોં!”

“કહો બાવા મજામાં તો છોને? બાલ બચ્ચાં તો આનંદમાં છે ને!”

“હાજી સાહેબ આપના પુન્ય પ્રતાપથી સૌ હેમ ખેમછે!”

“અહીં કેમ આવવું થયું?”

“એક મારા પુરાણા પટેલ મિત્ર મી. પુરૂષોત્તમરાયજીના ફેમીલીના ડાઇવોર્સના કેસ સારૂ અહીં આવવું થયું છે! ભાઈ

ઉપરી અમલદારોમાં વગસગ સારૂ મને બોલાવી અહીં બાંધી રાખ્યો છે !"

"તો બાવા વગ લગાડો ! તમારા કાથીઆવાડી મનુષ્યોના માથે ફેંટામાં જેટલા આંટા તેટલાજ પેતમાં પન આંતા ! બાવા તમારા દાવપેચને પરમેશ્વર બી નહીં પોંચે ! તમે લોકો બહુજ મોંના મીથા અને જીગરના કરવા મહેરબાન માફ કરજો હો કે!"

"અરે સાહેબ તમે પણ ખૂબ કરી ! તમે પારસી બિરાદરો કયાં અમારા કાઠીઆવાડીથી ઉતરો એમ છો ? તમે પણ જબરા ખુશામતીઆ દાવપેચી અને દુનિયાની સાકર સારી રીતે જીબાનમાં મિશ્ર કરી જગતમાં વેરનારા શાણા ડાહ્યા અને મુત્સદ્દી આગેવાન છો !"

"ઓ બાવા ટમને નહીં પહોંચીએ ! કાઠીઆવાડી અમલદારોને નવ ગજના નમસ્કાર !"

"બાવા તમે ટોપીવાલા પારસીઓ નેકસ્ટ અંગ્રેજો કરતાં પણ વધારે ઉસ્તાદ અને કાબેલ છો ! વળી ધારાના હીમાયતી એડવોકેટ અને બારીષ્ટર એટલે ઈશ્વરથી પણ અઢી આંગળ ઉંચા !"

"એ સાહેબ રજવારાના કારભારીઓને અમે કબી નહીં પહોંચવાના ! તમે લોકો એક સેકન્ડમાં અમને ચકલી બનાવી આસમાનમાં ઉરાવી મૂકો !"

"હવે બહુ થઈ સાહેબ બહુ થઈ ! હવે રહેવા દો ! મુંબાઇને વાસ્તે કાંઈ બાકી રહેવા દો, કહો તમે કેમ અહીં પધાર્યા છો ?"

"હું બી તમારી સાંમે લરવાને અહીં આવેલો છું. ઘડી પછી તમારી સામે કમર કસી ઉભો રહુ, તેના કરતાં અત્યારેજ લરાઇનો રંગ થોરો જમાવી લઉં તો બરાબર કોરતમાં મજા આવે!"

"શું કહો છો મહેરબાન તમે પણ એજ કેસમાં હીમા-યતી થઇને આવ્યા છો કે? કહો કીયા પક્ષના હીમાયતી છો?"

"તમારૂં અંતઃકરણ શું કબુલ કરે છે બાવા? બોલો તમે સાચું કહો મારે કીયા પક્ષમાં ઉભા રહેવું જોઇએ!"

"સાહેબ એમાં મારૂં કહેવું શા કામનું? તમારે તો જ્યાં પૈસા મળે ત્યાંજ દોડવું જોઇએ!"

"પાછા આંતા મારવા લાગ્યા કે? બોલો ખુદાનો કાંઈ ડર રાખો!"

"અરે પણ સાહેબ તમે રાયજીના પક્ષમાં છો કે સામેના પક્ષમાં છો તે તો જણાવો!"

"તમારા ભેજામાં વિચાર કરી જુઓ કે નેકી અને સચાઈ કયાં રહેલી છે?"

"વકીલ બારીષ્ટરોની જીભમાં મહેરબાન! તમે ધારો તેને એક મિનિટમાં સાચો અને એક મિનીટમાં જુઠો બનાવી દ્યો! એક વખત અધિકારીની આપખુદી સત્તા પણ તમારી જીબાન આગળ પાછી પડે તેમ છે!"

"પાંછા કાથીઆવાંરીવેરા કરવા મંદયા?"

"નારે મહેરબાન હું તો જરા ટીખલ કરૂં છું."

"નહીં બાવા સાચું કહો, મારે તમારા હાથથીજ આય

કેસની પંચાત કરાવવી છે."

"શું કહો છો સાહેબ? ત્યારે આટલા બધા રૂપીઆનું પાણી શું કામ કરાવો છો!"

"હું રાયજીના મંડલમાં કોઈ બી ડાહ્યો ઠરેલ અને અનુભવી અક્કલમંદ માણસ જોતો નથી, માટે મારે પદરના પૈસા ખરચી ખરચાવી કેસને મજબુત બનાવવો પડે છે!"

"ઓહો એટલું બધું હીત તમારે આ કેસમાં રહેલું છે? તમારે આ કેસમાં શું અંગત લાભ કે સ્વાર્થ છે?"

"બાવા તમારે આ કેસમાં શું લ્હાણુ છે કે તમે જામનગરથી અહીં આવ્યા છો?"

"સાહેબ તમે જેમ આવ્યા છો તેમ હું પણ આવ્યો છું. વખતે એક બીજાના હેતુમાં ફેરફાર હશે?"

"નહીં સાહેબ આ કેસની બાબત તમે બરાબર સમજો. જેની ભૂલ હોય તેને તમે બરાબર સુધારો!"

"સાહેબ તમારે અંગત સ્વાર્થ શું છે તે મને કહો?"

"ઓલરાઈટ બાવા ચાલો તમે ચેમ્બરમાં આવો! હજુ કેસ ચાલવાને એકાદ બે કલાક જોઈશે!"

"હા ચાલો, હું પણ કેસ પૂરેપૂરો સમજવા માગું છું. બંને પક્ષમાં જેની ભૂલ હોય તેની સુધારવા માગું છું. નાહકનું પૈસાનું પાણી થાય છે, અને સરકાર બારીસ્તરનાં ઘર ભરાય છે તે પૈસા બચાવવા માગું છું!"

"જુઓ મહેરબાન, હું તમને મારા મનથી રીઅલી ઈશ્વરના કસમ ખાઇને જનાવું છું કે હું તમને પ્રમાનીક જેન્તલ-

મેન અને અનુભવી માણુસ ધારૂં છું ! હીંદુ કોમમાં તમે ઠરેલા વાસ્તવિક વિચાર ધરાવનાર મધ્યમ પદ્ધતિના ગૃહસ્થ છો ! એ તમે સાહેબ જમાનાની આગળ પન નથી તેમ પાછળ પન નથી; બરાબર મીડલમાં રહો તેવા છો ! "

"ઑલરાઇટ માઇ ડીઅર મી. વાડીઆ સાહેબ, તમારે જે કાંઈ કહેવું હોય તે મને સુખેથી કહો ! મને જે કાંઈ વ્યાજબી લાગશે તે હું ખાસ કરીને કરીશ. હું મારા મિત્ર રાયજીને તેમ કરવાની ફોર્સ પાડીશ. હું સત્યને ચહાનાર છું, એક તરફી વિચાર ધરાવનાર હું નથી. દુનિયાના અનેક રંગ અને બંને બાજુને શાંતિથી જોનાર અને તપાસનાર એક સ્ટેટને કારભારી છું ! તમારા જેવા એક મોભાદાર અને ધંધાના ધુરંધર ગૃહસ્થ આ કામમાં ગુંથાયા છે તેથી મને પણ એમજ ભાસે છે કે આ કેસને નીવેડો હવે તરત સારો આવશે ! "

"જુઓ મી. ભાજીપાલા તમે જેમ રાયજી તરફથી છેક કાઠિયાવાડથી અમદાવાદ આવ્યા છો; તેમ હું પણ મી. જયન્તીલાલ તરફથી છેક મુંબાઇથી અમદાવાદ આવ્યો છું. રાયજી તમારા દોસ્ત છે; તો મી. જયન્તીલાલ જેની નોકરી કરે છે તે શેઠ મારા સગા છે ! એટલે હું અને તમે બંને જણા લગભગ એક સરખું હિત અને ઉલટ આ કેસમાં ધરાવીએ તેમ છીએ. જેવી રીતે તમારા દોસ્ત મી. રાયજીએ તેમની દીકરી કેસર તરફથી ડાંઇવોર્સ છુટાછેડા લેવાની ફરિયાદ નોંધાવી કેસ ચલાવરાવ્યો છે; તેવીજ રીતે મારા બનેવી મી. એદલજી શેઠે પોતાના કલાર્કે અરે પેટના પુત્ર કરતાં પણ અધીક રીતે રાખનાર પરગજુ

કોન્ટ્રાકટરે જયન્તીલાલ તરફથી કેસરને તાબે લેવાની ફરીયાદ નોંધાવી આય કેસ લંબાણ કરી ચલાવરાવ્યો છે; બંને પક્ષને વકીલ બારીષ્ટરો રોકવામાં ઘણું ખર્ચ થઈ ગયું છે, વળી અધુરામાં પૂરો મારા બનેવીએ મને ખાસ કરી મુંબાઇથી તાર કરી આય કેસ જ્યાં સુધી પુરો ન થાય ત્યાં સુધી અમદાવાદ રોકી કામ ચલાવવાની ગોઠવન કરેલી છે! મારા માનવા મુજબ, ધારવા મુજબ, અગર મને મળેલી હુકીકતની સચ્ચાઇ મુજબ આમન કોમમાં છુટાછેડા ડાઇવોર્સના દાખલા હજુ સુધી કોરતમાં નોંધાયા મને માલમ નથી; ધારો કે નોંધાયા હશે તો પન સેંકડે અરે હજારે એકાદ દાખલો બન્યો હશે! હવે આ કેસનો મામલો ડાઇવોર્સ લેવાનો થઇ પડેલો છે; અગર તમારો પક્ષ ડાઇવોર્સ લેવા તૈયાર થયો છે, અને અમારો પક્ષ સ્ત્રીને તાબે લેવા તૈયાર છે; આમાં સચ્ચાઇ, ભૂલ, બેવકુફી અને ઈડીયસી એ જોવાતી નથી; પન કેવલ હઠ, જક અને પોતાનો કકકો ખરો એવી બેવ-કુફાઇ ભરી દલીલ બ્રીફ ચોગરદમ પસરી રહેલી માલમ પરે છે! હુવે નાઉ આઈ કમ ટૂ ધી પોઇન્ત! જુઓ મહેરબાન તમારા દોસ્ત રાયજીએ પોતાની પુત્રી કેસર જયન્તીલાલ સાથે અદરાવી અરે કહો કે પરનાવી! વળી વિશેષમાં એડ કરો કે મી. જય-ન્તીલાલને ઘરજમાઇ કરી અરે બોલો કે પેતના બચ્ચા સમાન ગની તેને ઉછેરી પાલીપોષી ભનાવી ગનાવી પછી પોતાની પુત્રીનુ કન્યાદાન આપી રાયજીએ લાયક જોરી જોરી પુન્ય અરે આબરૂ હાંસલ કીધી! હુવે પુખ્ત ઉમ્મરમાં અરે મેચ્યુઅર એઈજમાં આવતું લાયક જોડુ રાયજી સાથેજ અરે એકજ ઘરમાં ધની

ધનીઆનીનો સંબંધ સાચવતું રહેવા લાગ્યું; હવે આ ઉપરથી આપણે કોમનસેન્સથી સમજીએ છીએ કે જ્યાં બંને હાંલ્લાં ભેગા હોય તો ખખરે, અને અથડાય, અને બાવા ઓપન સેન્સમાં કહી કે એ છોકરા હોય ત્યાં તંતો બી જોતજોતામાં થઇ જાય, તો તે વખતે ડાહ્યા માબાપે છોકરાને હક્ક છીનાવી લઈ ગોરી-બહાર કરી મારી નાંખવા કે તેમને સમજાવી શીખામંનના સકુનો સંભળાવી શાંત પારી હલીમલી સાચવવા, અગર તેમને જુદુ મકાન આપી જુદા રાખી તેમના પર દેખરેખ રાખી સુધારવા કે તે કમ અક્કલના ઓછી આવરતના અને ઉદ્ધત પોરીઆ પોરીઓના સાચા જુઠા સાંભળી કાન બગાડવા કે જાતે ભંભેરાઇ તેમને દુ:ખી કરવા! અને કાગનો વાઘ માની લઈ આવા ઘેર ફજેતા કરી કરાવી કોરતનાં બારનાં તોરી નાંખવાં! કહો બાવા આમાં તમારો શું ઓપીનીયન છે? ખુલ્લે દીલ્લે મને જનાવો! સાચી વાતનુ મને જરા પન ખોતું નહિ લાગે!"

"સાહેબ હમણાં મારો અભિપ્રાય જાણવો જવા દઈ એક વાર તમે તમારા વિચારો ખુલાસાથી મને જણાવો! એક વાર આખો કેસ મારા મગજમાં બરાબર ઠસવા દો કે પછી તેનો તોડ લાવવો ફાવે!"

"જુઓ બાવા અધુરામાં પૂરૂ વલી બેવકુફાઇનુ કારન એ બન્યું છે કે, આ ઝગરામાં પ્રોમીનન્ત પારત જયન્તીલાલની સાસુએ તંથા સસરાએ લીધો છે. હવે ધારો કે આપણા બચ્ચાં એકાદ હોલમાં બેસી બે ઘડી આનંદગમતમાં ટાઈમ પસાર કરતા હોય ત્યાં આપણે માબાપે અગર મુરબ્બીએ એકદમ બેવકુફાઈ

બતાવી હાજરી આપવી જોઇએ! અગર બચ્ચાઓની કાલીઘેલી વાત એક બુઝરગ ગનાતા બાપે કાનોકાન સાંભળવી જોઇએ? અરે એનો નિકાલ તો બૈરાંઓથી અરે બાવા તમારા શબ્દોમાં કહીએ તો સાસુ વડસાસુઓથી આવવો જોઇએ! વલી આ ઝગરામાં વધારાની ફૉલી એ બની છે કે જયન્તીલાલના સસરા કાનફૂતામની વાતથી ભભેરાઈ જઇ એકદમ સઘલી બાનુઓના દેખતાં જયન્તીલાલને ઠપકો દેવા મંડયા. ઠપકો બી એટલી હદ સુધી દીધો; અરે તમારા શબ્દોમાં હું તમને સમજાવું તો કે બાવા દુનિયાદારીની બાઉન્ડરી કુદી જઇને જયન્તીલાલને ચોવીસ કલાકમાં ઘર છોડી જવાની નોટીસ આપી ધમકી આપીને બિચારા ભલા માનસને પહેરેલે કપરે ઘર બહાર ડીસમીસ કીધો! આ વાત બન્યે ચાર પાંચ મહિના થયા તો બી તેને બોલાવ્યો નહિ. અગર તે શું કરે છે, કયાં જાય છે, કેવી રીતે ખાય છે પીએ છે તેની ડાઇરેકટલી અરે ઈન ડાયરેકટલી પન કેર લીધી નહિ. તે બિચારા ભલા જમાઈ જયન્તીલાલના બાપીકા વારસાના દોરીઆ આ રાયજી અને તેનું આખુ ફેમીલી હજમ કરી ગયું. જ્યારે આ લોકોને આવો દગો ફતકો કરવાનો વિચાર હતો ત્યારે તેઓએ શું કામ જયન્તીલાલને નાની ઉમરમાંથી ઘરજમાઈ કરી સાસરામાં છોકરાની માફક રાખ્યો, તેના માબાપ મરી ગયાં ત્યારે શું કામ તેમણે આગળ પડી મુરબ્બીપાણું બતાવી તેના બાપીકા સગાવ્હાલાઓને કોરે કરી જયન્તીલાલને તાબે લઈ સાસરામાં લઈ ગયા. શા વાસ્તે તેની સ્થાવર જંગમ મીલકત તેમણે વેકરી મારી! હવે જ્યારે તમામ માલ મિલ્કત એની ખરચાઈ ગઈ

વપરાઈ ગઈ અરે રાયજીએ હાથે કરી હજમ કરી પોતીકા પાપી પેટડાને ઠંડા કર્યા, અને વખત આવે જમાઇને ધમકાવી અરધી રાતે પોતીઆભેર ઘર બહાર કારી મૂકયો! આય લોકો શું એમજ સમજતા હશે કે જયન્તીલાલનું જગતમાં કોઈ છેજ નહીં! અરે બધા જખ મારે છે મહેરબાન જગતનો પિતા પરમેશ્વર ખોદા જ્યાં જોઇએ ત્યાં હાજર છે. નિરાધાર અને ગરીબનો તે ખાસ બેલી છે. એ તો સારૂં થયું કે એકાદ દીવસ કાંકરીઆ તેન્કપર જયન્તીલાલ ફરવા આવેલો હતો; તે વખતે મારા પરગજુ શેઠ એદલજી કોન્ટ્રાકટર ફરવા આવેલા હતા; તે વખતે ઇશ્વરે તેમના હૃદયમાં ઉતરી દયા ઉત્પન્ન કરી અને જયન્તીલાલના મિત્રો મારફત જયન્તીલાલની કઢંગી સ્થિતિ તેવનના જાણવામાં આવી એટલે તરતજ તેમણે જયન્તીલાલને વિકટોરીઆમાં બેસારી બારોબાર બંગલામાં લાવ્યા અને તેને વાસ્તે તમામ ખાવાપીવા ને રહેવાની જોગવાઈ કરી આપી તેને સુખી કર્યો; લગભગ વરસ દોઢ વરસના સહવાસથી એદલજી શેઠ જયન્તીલાલની રીતભાત અને રહેનીકરનીથી એટલા બધા ખુશ થઈ ગયા કે પોતાના પદરના પૈસા ખરચી આય આખો કેસ લરવાના ઠરાવ ઉપર આવ્યા, હવે તમે પોતે વિચાર કરો કે બંને પક્ષમાં કોણનો વાંક હશે? અરે સાહેબ તમને પોતાને મને કહેતાં ઘણી દીલગીરી અને શરમ આવે છે કે, જયન્તીલાલના સાસુ સસરા એવા તો બેવકુફ અને સુધારાના પોગલ હીમાયતી છે કે કાંઈ વાત નવ કરો બાવા! આમ દુનિયાને સુધારાના હીમાયતી બનીને છેતરે છે અને ઘરમાં પોલંપોલા

આલ્યું જાય છે. એક ઓરત તેના ખાવિંદને સામી છાતીએ અને નજીકની દૃષ્ટિમાં ઢેમફુલ રાસ્કલ વગેરે શબ્દો કહી ઠપકો આપે; ધની તેની પાસે આવે તોબી શેથાની ચેરપરથી ઉભી ન થાય; તેનું કોઈબી કામ કરવાની તેને ફુરસદ ન મલે અને ખાવિંદને એક કુલી બેગર સમાન ગની તેની પાસે ઓરડરથી કામ લે આ કયાંનો ન્યાય! આ બેવકુફી કેવી? આ તે સુધારો કે આ તે કુધારો, આ તે પોઝીશન કે આ તે એટીકેટ? અરે આ તે હમબગ કે આ તે ભવાડો! ઇંગ્લીશ કેરેકતરનું તેઓ અનુકરન કરવા જાય છે પન તેઓ સમજે છે કે ઇંગ્લીશ લેડીઓ કેવી લવલી અને ઓબીડીઅન્ટ રહે છે? અરે પોતાના ખાવિંદ ખાતર એક વાર માબાપને પન તુછકારી કારે છે; અરે બાપીકા વારસાને બી લાત લગાવી રસ્તે પરે છે, અને આય બેવકુફો, સુધારાના પતંગીઆ; ફેશનના કુદા, અરે એટીકેટના હીરામોતી સોમાં નવાણુની ભૂલ કરી પોતાના ચાન્સની બાજી શરૂઆતમાં ધની ખાવિંદ અગર લવરથીજ બગારી નાંખે છે? આય લોકો સુધારાને વધારે છે કે સુધારાને નીચું જોવરાવે છે; પોઝીશનને સાચવે છે કે તેના મૂળમાંથીજ પગ કાપે છે! અરે તેજ બેવકુફો આ વધતા જતા જમાનાને પચીસ વરસ પાછો પારે છે! સાહ્વી બઇરીને સલામ ન ભરાઈ એતલે બઇરીએ ધનીની બાપાજી આગલ રાવ ખાધી; બાપાજી ઘુવરની માફક દોલા તતરાવી જમાઈપર તુતી પર્યા અને તેને ડીસમીસ કરી મોતો દીગ્વિજય કર્યો એમ માની મનમાં ફુલાતા ચેરપર પરી લોતવા મંડયા! શું જમાનાનો જુલમ છે? શું તમારા હીંદુઓનો હડહડતો

ન્યાય છે ? શું સુધારકોનું પોલ છે ! હવે મારે તેમને છચોક કહેવું પડશે કે આય જમાનાના સુધારકો હવે તમે સઘલા સુધારાને નામે બઈરીની દલાલી કરો દલાલી ! મી. ભાજીપાલા હવે તમને કાંઈ અસર થાય છે કે નહીં બાવા ! કે રાયજીની ગોરીનું પાની પી થંડા બરફ જેવા થઈ ગયા ? !"

"મી. વાડીઆ આ બાબત તો ઘણીજ સીરીયલ છે ! તમારી દલીલ સઘળી રાઈટ છે. આ કેસ સાંભળી મારૂં પણ મગજ ઉશ્કેરાઇ ગયું છે. હું પણ હવે રાયજીને સારી પેઠે કહેવાનો ! મારૂં સાંભળ્યા સિવાય હવે તેમને છુટકો નથી ! તેમની કરણીનાં ફળ તેમને ઘણાંજ કડવાં મળ્યાં છે, તમે જાણુતા પણ હશો કે તેમના આખા ફેમીલીમાંથી એક ડોશી અને તેમની પાંચ પુત્રીઓ શિવાય બધા અગ્નિની લાહ્યમાં બળી ખાખ થઈ ગયા છે. તેમનાં ડોશી પણ તેમનાથી ત્રાસી ઘડપણમાં પીયરનો આશરો લઈ જીંદગી ગાળે છે. અમદાવાદમાં ફક્ત તેઓ અને તેમની પૌત્રી કેસર એ બંને જણાજ રહે છે. એ ડોસા જાતેજ જક્કી અને હઠીલા છે. હવે તેમની પાસે ઝાઝી માલમિલ્કત રહી નથી તેમ પોતે પણ કેટલેક અંશે કંટાળેલા જણાય છે; એટલે વખતે હું સખત રીતે ધમકાવીશ તો તે માની જશે એમ મારી ખાત્રી છે; તમે પોતે ચાલો મારી સાથે, તમારા દેખતાં રાયજીને સારી રીતે કહું પછી કાંઈ ? !"

"બાવા જો તે સમજી જશે અને કેસરને જયન્તીલાલના તાબામાં સોંપી દેશે તો સૌ સારાં વાનાં થશે, નહીં તો પછી કોરતમાં હું માથા વિનાનો વાડીઓ છું. આખા દેશમાં તેમના

ફજેતીના ફારકા કરીશ અને તેવનને એક દુનિયા સમક્ષ ઢાંગી દાંભિક અને બદમાસ તરીકે જાહેર કરીશ!"

"અરે હાં હાં સાહેબ મહેરબાની રાખો! નિઘા રાખો, તપી ન જાઓ; લ્યો ચાલો મારી સાથે આવો પધારો! હું તમારા દેખતાંજ કેસનો નિવેડો લાવું પછી કાંઈ!"

"તો ઘનુ સારૂ થાય, પૈસાનો અને આબરૂનો બચાવ થાય; મારા તમારા જેવાને નાહુકની તસ્દી લેવી ન પરે! સંલાહ શાંતીમાં સૌ સારા વાનાં છે બાવા એ તમે કાંય સમજતા નથી!"

"લ્યો ચાલો સાહેબ પધારો!"

"હાં ચાલો આપરી કાંઈ ના નથી!"

"ઓહો ભાજીપાલા તમે અત્યાર સુધી કયાં હતા? હું તો તમને શોધી શોધી થાકયો! આવો પધારો સાહેબ! આ બારીષ્ટર સાહેબને કયાંથી પકડી લાવ્યા? એ તો સામા પક્ષના આગેવાન ધારાના હીમાયતી છે!"

"હાં બાવા માટે સમજીને ચાલો, સંપીને ચાલો, શાંતીથી ચાલો; દુનિયાદારીની લાજ ધરાવીને ચાલો, અરે બે હાથે પાઘરી પકરીને ચાલો!"

"સાહેબ અમે તો સમજીનેજ ચાલીએ છીએ! હવે સમજવાનું જુવાનીઆ વર્ગને છે; હમે ઘરડા તો ઘણી ઘણી ઠોકરો ખાઇને સમજેલા છીએ!"

"વાડીઆ સાહેબ તમે સનંદી ધારાના હીમાયતી છો અને અમારા રાયજી સાહેબ વગર સનંદીઆ ધારાના હીમાયતી છે! તે બધી ભાષા અને બધી વિદ્યાના ખેરખાં છે!"

“એતલા માતેજ બાવા હુ તેમને બરાબર સકુનો સંભળાવું છું! સુધારાના ખેરખાં વગર ડાઇવોર્સનો કેસ ઉભો ન થાય!”

“કહો સાહેબો હવે મને શો હુકમ છે? ભાજીપાલા આ કોટ પાટલુનના રૂવાબમાં અંજાઈ ન જશો. આ બુઢ્ઢાનો રૂવાબ પણ થોડો જોતા જજો. આ ધોળા એ કાળામાં કાળા ન થઈ જાય તેની ખાસ સંભાળ રાખજો! જીંદગીનો માન મરતબો અને ટેક નાક હવે સૌ તમારા હાથમાં છે! જમાનાના કાપડને સુધારાની કાતરથી માપમાંજ વેતરજો!”

“રાયજી સાહેબ હવે તમારી આડી અવળી વાત જવા દઈ મારૂં અને વાડીઆ સાહેબનુ કહેવું કાંઈ કાનપર ધરો અને ઇશ્વરને ખાતર કાંક સત્યતા અને ન્યાયનું પગલું ભરી આ કેસની માંડવાળ કરી નાંખી ચોગરદમ શાંતી પ્રસરાવો!”

“મી. ભાજીપાલા તમે વચ્ચે પડી બંને પક્ષની આબરૂ અને ટેક સચવાય તેમ આ કેસનો વાંધો પતાવી નાંખો!”

“જુઓ રાયજી સાહેબ! તમે ઘણો જમાનો જોયો છે! હવે તમે ઉમ્મરમાં પણ વૃદ્ધ થયા છો અને જ્ઞાનમાં પણ વૃદ્ધ થયા છો! હવે સુધારાનું પુંછડું જે તમે મજબુતાઇથી પકડી રાખ્યું છે તે હવે છોડી દો! ફલાણો કહેતો હતો અને ફલાણી કહેતી હતી; એવી રહેણી કરણી હવે વિસારી મૂકો! કાલે સવારે તમે મરી જશો અને જમાનામાં સાત પેઢી સુધી તમારી કહેણી રહી જશે, માટે હવે જે કાંઈ પગલાં ભરો તે પૂરતો વિચાર કરીનેજ ભરજો. સુધારાને વાયરે ચઢી કુળની કીર્તિનો નાશ કરશો

નહીં ! બ્રાહ્મણ કોમમાં છતા ધણીએ કોઈ છુટા છેડા માગેજ નહીં, જન્માંતરે પણ પુનર્લગ્ન કરેજ નહીં તો તમે વગર રંડાયે કોરટ ચડી છુટા છેડા સરકાર પાસે માગી તમારી પેઢીને કુધારાના ગધાડાપર બેસારશો નહીં ! બ્રાહ્મણ થઇને નાતરાની હીમાયત કરી સ્વધર્મને બોળશો નહીં. અરે આર્યના નામને કલંકીત કરશો નહીં ! સ્ત્રી કેળવણીના હદ બહાર હીમાયતી બની સ્ત્રીસ્વતંત્રતાને હદબહાર જીગરથી ચ્હાઈ નીતિનો નાશ કરશો નહિ ! સ્ત્રીઓને જેમ જેમ સુધારાની હવા ખવરાવી સ્વતંત્ર કરશો તેમ તેમ સ્ત્રીઓજ જતે દિવસે તમારૂં અપમાન કરી તમારા મોંમા થુંકશે. તમારા દેખતા તમારા ઘરમાં ધોળે દિવસે અનાચાર અને વ્યભિચાર ચલાવશે, માટે મારૂં માની ' શુદ્ર પશુ ઢોલ ઓર નારી એ સબ તાડનકે અધિકારી ' એ સૂત્રાનુસાર સ્ત્રીઓને અંકુશમાં રાખો ! તેને જીગરથી ચ્હાઓ, માન આપો, સારૂ સારૂ ખવરાવો પીવરાવો પણ તેમના પર અંકુશ રાખો; એક આંખે હસાવો અને બીજીજ આંખે રડાવો! આખા શરીરમાં જે જે અવયવો છે તેને આપણે પ્રાણ સમાન જાળવી રક્ષા કરી સુશોભિત કરીએ છીએ, પણ જ્યારે તેજ અવયવ ગડગુમડથી પાકી કોહી જાય છે ત્યારે આપણે પોતેજ પદરના પૈસા ભરી શસ્ત્રવૈદને બોલાવી તેના પર શસ્ત્રનો વાઢકાપ કરાવી કહોવાણ દુર કરીએ છીએ, તેમ ઘરરૂપી શરીરમાં બાળબચ્ચાં અને સ્ત્રીઓએ પુરૂષના અવયવ છે, માટે તેમાંથી પણ કહોવાણ દુર કરી દરેકને અંકુશથી રાખી તેમનુ સંરક્ષણ કરી સુશોભિત રાખવા જોઇએ. સ્ત્રીઓને મનમાનતી છુટ અને તેમની

મનગમતી હઠ પૂરી પાડવી એજ દેશની પડતીનાં સબળ કારણો છે. સ્ત્રીઓ આપણા ઘરની લક્ષ્મી છે, આબરૂ છે અને દેવી છે, પણ તે સૌ અંકુશ નિયમમાંજ રહેવું જોઇએ. અપૂજ્ય અને નિરાંકુશ સ્થિતિ પાયમાલીજ ઉત્પન્ન કરે છે, માટે હવે આવા ભવાડા કરવા જવા દઈ કેસરને અંકુશમાં રાખો અને જયન્તીલાલને જે અપમાનથી ઘર બહાર કાઢયો હતો, તેવાજ સન્માનથી તેને ઘેર બોલાવી કેસર તેના હવાલામાં સોંપી તમારા માથા પરથી ભાર ઉતારી નાંખો! તમારા જીવતા કાંઈ કાળુ ધોળુ છચોક થશે તો તમારી આબરૂના કાંકરા થશે માટે થોડું કહ્યું ઘણું માની જાઓ! સુધારામાં અંતે સડોજ છે! ફૅશન એજ આર્યઘરસંસારનાં લુગડાં વેચાવશે અને એટીકેટ જેનો સાચો અર્થ પણ સુધારકો જાણતા નથી તેજ આર્યનીતિ ધર્મનું સત્યાનાશ કાઢશે, માટે તમે પૂરતો ઉંડો વિચાર કરી સમજી જાઓ! આખર કન્યાધન પારકું છે! કન્યા એ પારકી થાપણ છે; સાસરીઆ માલીક અને પીયરીઆ રખવાળ, માટે જેનું જે હોય તેને તે સોંપી તમે રૂણ મુક્ત થઇ જાઓ! અરે હવે ભાગે વૈભવે અમદાવાદ છોડી કાશી નિવાસ કરો અને ત્યાં ગંગાકીનારે રહી વિશ્વનાથની માળા જપી કાયાનું કલ્યાણ કરો, અને પાપનું પ્રાયશ્ચિત કરી આવતો ભવ સુધારો! ખોટું લાગે તો મને માફ કરજો! તમારે હવે કેટલું જીવવાનું મન છે કે છેવટને વાસ્તે આવાં કાળાં ધોળાં કરો છો! મરશે છોકરા! એમનું નસીબ એમની પાસે! આપણે તેમને પરણાવી પસ્તાવી રળતા કમાતા કર્યાં એટલે સૌ સૌનું ફોડી લે! તમારે શું કામ નાહક આવા

પાપના પોટલા બાંધવા પડે છે! ઘડપણનાં પગલાં દેવમંદીરમાં શોભે! કચેરી કોરટ અને ન્યાયની દેવડી એ તો જમરાજના ધામા, સ્વર્ગની નીસરણીનાં સાત પગથીઆં કહેવાય, ત્યાં તો મરતાં જીવતાંએ પગ ન મૂકવો! મૂકયો તો મૂઆ સમજવું! જે જાય સરકાર દરબાર તેનાં જાય ઘરબાર; માટે હવે આ કર્મના લાળા પશ્ચાત્તાપના પાણીથી બુઝાવી નાંખી હાથમાં માળા લ્યો, અને કાળાં ધોળાં જવા દઈ કાળીઆને ભજો! આ ભવે બ્રાહ્મણનો દેહ મળ્યો છે, આ પૈસા ટકામાં કુદકા મારો છો, આ મિત્રો સગાવ્હાલામાં નાચો છો તે બધું ગયા ભવનું પૂણ્યકર્મ છે. આ ભવમાં શું કર્યું તેની ખાતાવહી કરો! કર્મના સરવાળા બાદબાકી કરો! સુધારાના ગુણાકાર અને ભાગાકાર જવા ઘો, કાંક ધર્મના જમે ઉધારનાં પાસાં ખતવો! મારા બાપા મારા મુરબ્બી હવે ઘણું થયું, દુનિયામાં દરેક વસ્તુનો અંત હોય છે, માટે હવે વાસના મૂકી ઘો અને ભગવાનનું ભજન કરો! જેનું જે હોય તે દુધે ધોઈ આપી ઋણ મુક્ત થાઓ! જમના માર કેસર નહિ મૂકાવે; માટે આવતા ભવનું ભાતુ બાંધો, અને હવે જીવને શામળીઆ સાથે સાંધો કે મરતાં તમારી સદ્‌ગતિ થાય!”

“ઓહ થેન્કયુ મી. ભાજીપાલા, તમે ઘણું કહ્યું છે. તમારા શબ્દો પત્થર જેવા હૃદયને પણ પીગળાવી નાંખે તેવા અસરકારક છે! રાયજી બાવા આ તમારા દોસ્ત અત્યારે જે તમારી સમક્ષ ઉભા છે, તે મી. ભાજીપાલા નથી પણ કોઈ ભગવાનના ફીરસ્તા ભાજીપાલાના વેશમાં આવી તમને છેલ્લી વારના ઉપદેશ કરે છે; આ એક ખુદાઈ પ્રીચીંગ છે; માટે ખોદાની ખાતર સમજી

જાઓ !"

"ભલે મિત્ર ભાજીપાલા અને મી. વાડીઆ સાહેબ! તમારી જ્યારે એવીજ મરજી છે અને તમે સૌ મારા કલ્યાણ-નીજ વાત કરો છો ત્યારે તમે બંને જણા કેસરને સમજાવી જયન્તીલાલને પણ શીખામણ દઈ બંનેને એકમત કરી ભેગા કરો! હવે હું કંટાળી ગયો છું. તમારા શબ્દે મારૂં જીગર ભેદી નાંખ્યું છે, મને હવે સંસાર આગ સમાન લાગે છે, હું તરતજ મારા વકીલને બોલાવી કેસ પાછો ખેંચી લેવરાવું છું અને મારૂં જે કાંઇ છે, તે તમામ ધર્માદા કરી હું ઋણમુક્ત બની પરમેશ્વરનું ભજન કરવા માગું છું. હાલમાં તમે સૌ શુભેચ્છકો મને આ ઉપાધિમાંથી મુક્ત કરો અને કેસનું શાંતિભર્યું સમાધાન લાવી મને બચાવો. મી. ભાજીપાલા તમે મને તમારી સાથેજ કાઠિયાવાડમાં સાથે લઈ જજો; એટલે અહીંની માયા મને જરા પણ વળગે નહિ! હવે હું પણ જીવનમુક્ત થવા માગું છું! પ્રભુ મને માફ કરો! મારા સામું ન જુઓ હરી મારા પર દયા કરો! ઓહો જગતમાં સતસંગતનો શું પ્રતાપ છે?"

એક ઘડી આધી ઘડી આધીમાં પુની આધ,
તુલસી સંગત સંતકી હરે કોટી અપરાધ.

"થયું વાડીઆ સાહેબ હવે સંતોષ પામ્યા! તમારા જેવા મહાન નરોના વાકયની અસર કોઈ કાળે પણ મિથ્યા ન જાય તે નજ જાય!"

"બાવા એ બધો તમારો પ્રતાપ છે! હું બી પાગી છું! વકીલ બારીષ્ટરનો ધંધો જો સચ્ચાઇથી ચલાવતા આવરે તોજ

તે સારો છે; નહિ તો તેમાં બી લુચ્ચાઈ અને જુઠાઈ રહેલી છે! પાપાચારમાં સર્વદા ખુદાનો મોંઘમ મારજ છે!"

"હયો ચાલો સાહેબ હવે આપણે સર્વે એક ઠેકાણે ભેગા મળી આ કેસનું નિરાકરણ લાવીએ!"

"હા ચાલો. જો તમને સૌને અડચણ ન હોય તો અમારા બંગલામાં ચાલો ત્યાં સારી એકાન્ત છે અને મઝાનું મકાન છે!"

"મી. ભાજીપાલા આપણે સૌ સાહેબના બંગલેજ ચાલો!"

"ઠીક ત્યારે વાડીઆ સાહેબ તમે સૌ મોટરમાં બેસી વિદાય થાઓ, હું રાયજી તથા કેસરને લઇ વિકટોરીઆમાં આવું છું!"

"ઑલરાઇત સાહેબજી બાવા! તમો જરૂર અમારી પાછલ આવો!"

આ પ્રમાણે કેસના નિરાકરણની શરૂઆત કરાવી વાડીઆ સાહેબ તરતજ એદલજી શેઠ પાસે ગયા અને તમામ વાતચીત જે કાંઈ થઇ તે બધી તેમને કહી અને સલાહ સારૂ રાયજી કેસરને લઈ બંગલે આવે છે તે પણ વધામણી ખાધી; આખુ ફેમીલી આનંદમાં આવી ગયું, અને તરતજ મોટરમાં બેસી બંગલે વિદાય થયું. મી. ભાજીપાલા પણ રાયજીના સગાવ્હાલાને સમજાવી પટાવી વિદાય કરી કેસર તથા રાયજીને વિકટોરીઆમાં લઈ તરતજ મોટર પાછળ વિકટોરીઆ પૂર ઝડપે હંકારાવી દીધી. જોતજોતામાં મોટર અને વિકટોરીઆ બંગલામાં દાખલ થઇ ગયાં; એદલજી શેઠે રાયજીને સારી રીતે માન સત્કારથી બોલાવી ચલાવી તેમને એક આરામચેર પર બેસાર્યા. પરીનને

પણ કેસરને મીઠી મીઠી વાતોથી મનાવવાનો પ્રયત્ન આદરવો શરૂ કર્યો! વાડીઆ સાહેબ, ભાજીપાલા, એદલજી શેઠ, રાયજી સાહેબ વગેરે તમામ બીરાદરો નજીકમાં ચેરો પાસે લાવી બેઠા! તેમની જોડાજોડ શીરીનબાઈ શેઠાણી, પરીન, કેસર અને કાંક આઘે વિનયમાં મર્યાદા સાચવતો જયન્તીલાલ એ સૌ બેસી શું કરે છે તે તમામ શાંતીથી જોવા લાગ્યો!

"કહો બાવા રાયજી સાહેબ હવે તમારી શી મરજી છે?"

"તમે જે કાંઈ કરો તે મારે કબુલ છે!

"કહો એદલજી શેઠ તમારો શો અભિપ્રાય છે!"

"તમે જે કાંઇ કરો તે મારે માથા પર છે!"

"નાઉ ગો ઓન મી. ભાજીપાલા તમે આ વાતનો તોર લાવો!"

"કહો રાયજીભાઈ જે કાંઈ તમારે કહેવું હોય તે મને ઝટ કહી નાંખો; પછી પંચાત થયા કેડે કામ નહિ આવે!"

"એક બીજાની આબરૂ સચવાય તેમ તમે પરમેશ્વર માથે રાખી ન્યાય કરજો! કેસર ગમે તેટલી પણ બચ્ચું છે. મારી લાડકી પુત્રી છે, માટે તેના પર ભવિષ્યમાં જયન્તીલાલ તરફથી જરા પણ સખતાઈ ન થાય તેની ખાસ સંભાળ રાખજો! જયન્તીલાલ ગમે તેટલા પણ પુરૂષ છે, તેના હૃદયમાંથી કાળે કરી વૈરની આગ હોલાય નહિ. માટે તે ભવિષ્યમાં વેરની વસુલાત ન કરે તેનો ખાસ બંદોબસ્ત રાખજો!"

"શેથીઆ આ બાબતમાં તમારે નચિંત રહેવું! હું ખુદાના કસમ ખાઈને કહું છું કે તમારી દીકરીને જરા પન ભવિષ્યમાં

દુઃખ નહિ પરે ! તમે જે વાડીઆ સાહેબનું માન રાખી પંચાત કરાવો છો તો હું પન વાડીઆ સાહેબની બહેન છું એક ખાનદાન ફેમીલીની બાનુ છું ! કેસર આજથી મારે મન પરીન સમાન છે ! "

" બાવાજી હું પન ભવિષ્યમાં કેસર સાથે સગી બહેનના કરતાં પન અધીક પ્રેમથી વર્તીશ. તેને જરા પન ઓછું આવવા દઇશ નહિ ! "

" રાયજી સાહેબ તમારા માનની ખાતર હું એક મારો બીજો બંગલો છે તે હું જયન્તીલાલ તથા કેસરના નામ પર આજના કેસની સમાધાનીની યાદગીરી દાખલ બક્ષીસ કરીશ અને તેમને મારા બચ્ચાં સમાન ગની સુખી કરીશ ! "

" બેટા કેસર હવે જો તને ભવિષ્યમાં કાંઇ પણ દુઃખ પડે તેવો સંજોગ નથી, માટે બધાનું કહ્યું માની જયન્તીલાલને તાબે થા. સંસારમાં સ્ત્રીનો ઈશ્વર એક પતિ છે ! પતી એજ પત્નીનો પરમાત્મા છે, માટે બહેન દીકરી સાસરે શોભે ! "

" દાદાજી હું મારૂં ધાર્યુંજ કરીશ. મારે તમારૂં કાંઇ સાંભળવું નથી. જો તમે મને બળાત્કારે સાસરે જવાની ફરજ પાડશો તો હું દાંતે જીભ કચરીને મરીશ. આપઘાત કરીશ કે કુવો હવાડો કરીશ, અગર પોઇઝન કે ઝેર લઇ મરણ પામીશ; પણ હું મૂર્ખની સાથે મારૂં પાનુ કદાપી જોડીશ નહિ ! "

" અરે હાં હાં હાં બેટા તું આ શું બોલે છે ! હવે તારા મોંમાં આ શબ્દો ન છાજે ! હવે તું મોટી થઈ, માટે સમજી જા અને છોકરવાદી જવા દઈ હું જેમ કહું તેમ તું કર ! "

"મેં જે કહ્યું તેજ ખરૂં છે! તમારે ડાઇવોર્સ ના લેવો હોય તો તમે જાણો, પણ હું કદાપિ કાળે ત્યાં જનાર નથી તે નથીજ! દુનિયામાં તનનું ધણી છે; મનનું ધણી કોઈ નથી!"

"એ છોકરી ઇશ્વરનો ડર રાખ! જીભાન સંભાલીને બોલ નહીં તો તારી જીભ મુખમાંથી બહાર ખેંચી નાંખીશ!"

"અરે સાહેબ તમારા જેવા તો કંઈક ધારાના હીમાયતીઓ મારી આગળ બુટ ફાડીને ગયા! તમે જેવા છો તેવી હું પણ માથાની ફરેલ છું!"

"ચુપ રહે કુલાંગાર ચુપ રહે! બોલતી બંધ થા, નહીં તો તારો જાન લઈશ! આ રાયજી ઘડપણમાં બાળહત્યા કરી ગોઝારો થશે, પણ તને જીવતી નહીં મૂકે તે નહીંજ મૂકે!"

"અરે હાં હાં હાં બાવા શાન્ટ થાઓ, આમ લરાલરી ન કરો! સમજુતીપર આવો; તમારે જે કાંઈ વાંધો હોય તે કહી બતાવો એટલે તેનો નિકાલ આવે!"

"દાદાજી તમે મને એક વાર તો જીવતી મારી છે, હવે શું કામ ફરી મારવા તૈયાર થયા છો! મન વગરનાં લગ્ન કરી મારી જીંદગી ધુળ કરી છે; જેની સાથે મન માન્યું તે પતિ બાકી બીજા પત્થર! હવે કાંઈ કહેવું છે?!"

"રાયજી જુઓ આ સુધારાનાં ફળ! જુઓ આ પોઝીશન! જુંઓ આ એટીકેટ! જુઓ આ ધર્મ!"

"અરે મહેરબાન એક મારા હાથમાં ચપુ આપો એટલે તે છોકરીને ઠાર કરી નાંખું! હત અભાગિણી તું આવી કુલાંગાર પાકી? દુષ્ટ સુધારાને વાયરે ચઢી તું આવી સુધારક બની!

અરે તને ધરતી ગળી કેમ જતી નથી; અરે તારાપર આસમાન તુટી પડતું કેમ નથી; તારી માએ તને જન્મ આપ્યો તેના કરતાં તે વાંઝણી કાં ન રહી ? ! "

"હવે સાહેબો તમે સૌ આ પંચાત મૂકી દો ! આનું પરિણામ કદાપિ કાળે પણ સારૂં નહીં આવે ! બુંદની બગડી હોજથી નહીં સુધરે ! તેને હજુ પણ સુધારો અને સ્વતંત્રતા જોઇએ છીએ તો તેને સુધારામાં મન ચહાય ત્યાં સુધી રમવા દો ! કેસર, કેસર હું પણ તારા ઉપરથી હાથ ઉઠાવી લઉં છું ! તને છચોક કહું છું કે તું તને જે સારૂ લાગે તે કર ! જા આજથી તું મારી બહેન સમાન છે, જા ચાલી જા, નાહક કોઈનાં જીગર બાળીશ નહીં ! "

"અરે હાય ગજબ થયો, કાળો કેર થયો, જુલમ થયો, હવે ધરતીનો છેડો આવી રહ્યો ! "

"બાવા અત્યારે સૌ તમામ રસ્તે પડી જાઓ ! આ બાબત હવે પડતી મૂકો, નહીં તો તેમાં છેવટમાં જાનનું જોખમ થશે ! "

"સાહેબ અત્યારે સૌ શાંત થાઓ, ચાલો રાયજી કેસર ચાલો, આપણે ઘર ભણી જઇએ ! બગડતી વાત હવે અચકાવી નાંખો ! "

"ઑલરાઈટ બાવા અત્યારે સૌને શાંત થવામાંજ સાર છે ! " વાંચકો આ તે "ભાવિનો ભાવ કે ભાવનાનો ત્યાગ ? !"

પ્રકરણ ૭ મું.

કાશીનો કલ્યાણી વાસ કે નિષ્પાપ નિવૃત્તિ નિવાસ.

દોહરો.

આ તનથી તું કર્મ કર ઉજ્જવલ જગમાં ભ્રાત;
એ કરતાં પણ ઉચ્ચતર મળે દેહ પશ્ચાત.

તમારે જો સુખી થવું હોય તો અન્ન ધનના વ્યાપારમાં વિદ્યાના અભ્યાસમાં, ભોજનમાં અને સત્યોના અવલમ્બનમાં કદી લજ્જા ન ધરો, વળી સ્ત્રી ધન તથા ભોજનમાં જે મળે તેટલાથીજ સંતોષ માનો પણ જ્ઞાન પામવામાં, સત્યો શોધી તેને ટકાવી રાખવામાં અને પારમાર્થિક વૃત્તિને વહેવરાવવામાં સદા અતૃપ્તજ રહો કેમ કે શાશ્વત સુખનો માર્ગ આમાંજ છે. વિદેશ ખાતે તમારો સાચો સાથી વિદ્યાજ છે અને ગૃહ સંસારમાં સ્ત્રી, રોગીનું સાથી ઔષધ, તથા અવસાન કાળ બાદ એકલો ધર્મજ સાથી છે.

આ તે તુજ અશુભ કે શ્રેય છે જો જરા હૃદય ચક્ષુ વડે શાન્ત બેસી,
ભોગવી તૃપ્તિ શું કોઈથી થઈ અને થાય છે સૂક્ષ્મમાં જો પ્રવેશી;
હરિ ગુણ ગા અને હરિ કથામૃત તણું પાન કરનાર થા શ્રેય કરવા,
કાંઈ થાશે નહી પડીશ જવ ભૂમીપર કાળના પ્રબળથી હાય મરવા.

અવકાશ નથી, સંજોગો સાનુકુળ નથી, આજથી નહી પણ કાલથી વગેરે લવારો અને મિથ્યા ભ્રમ મૂકી દઈ સૂર્યના ઉદયની સાથેજ કંઇ ને કંઈ કરતા રહો. કશુંજ ન થતું હોય તેમાંથી પણ જો ધારશો તો તમે કાંઈ કરી શકશો, અને એમ રોજનું કંક કાંઈ કાળબળે એકઠું થતાં છેવટ તમે પેલા 'કાંઇ' બીજનું બ્હોળી શાખા અને ફળવાળુ ઘટામય વૃક્ષ ફાલેલું અનુભવી શકશો. ક્ષણ માત્રને ખાલી વહી જવા દેવામાં કેટલું ઉડાઉપણું આવે છે એ વખત એજ પૈસાવાળી કહેવત સમજનાર કો કદરદાન એટલે તેમાં તેની 'કાંઈ નહીં તો કાંઇ' પણ કિમ્મત આંકી શકશો !

* * * *

મને છે જ્ઞાન આ પ્યારૂ મળે ફળ જે તણું ન્યારૂં,
ઇન્દ્રીઓ વશ રાખીને, તજવો વિષય વિકાર;
ઈર્ષ્યા નિંદા ત્યાગવી, થવું ક્ષમા ધરનાર.
અવર અજ્ઞાનનું બારૂ સદા હું તો ઉરે ધારૂં:—૦

ધરે ન પ્રીતિ પાપમાં, ભણી દયામાં સાર;
પ્રાણી માત્રને પાળતાં, થાય સરળ અવતાર.
દયા ગુણ નિત્ય વિસ્તારૂ સ્તુતિ એની શી ઉચ્ચારૂં:—૦

ક્રોધ લોભ અહંકારના સદ્ય કાપવાં મૂળ;
મટે નિત્ય વૈરાગ્યથી, મનોવૃત્તિનું શૂળ.
વધારે તેજ એ સારૂ નિવારે મોહ અંધારૂં:—૦

* * * *

"જો વિચારી જીવ સમય આ જાય છે.
ગયું દ્રવ્ય પણ પાછું મળશે, મહા રોગનું બંધન ટળશે;
પણ ગઈ વેળા હરિ રૂપ ગણાય છે:—૦
ભૂમંડળમાં જન્મ ધર્યો તે, શા કામથી સફળ કર્યો તે;
તને તર્ક શું તેનો તનમાં થાય છે:—૦
ધન મદમાં બેહદજ ભમે છે, વિષય ગાન ને તાન ગમે છે;
ગહન જ્ઞાનનો પણ કયાં રાગ ગવાય છે:—૦
બહુ પામીને મ્હોતે ઝાલ્યા, સંકટના સ્થાનોમાં ધાલ્યા;
સર્વ વસ્તુને કાળ ભયંકર ખાય છે:—૦
મહાન પુરૂષો રહ્યા ન બેસી, તેનો કાળ થયો છે દ્વેષી;
દયા દાનથી સદૈવ જન પંકાય છે:—૦"

"વાહ વાહ હીરાલાલ વાહ વાહ! ધન્ય છે તમારી અમૃતમય જ્ઞાનવાણીને! ગંગાજીનાં દર્શનથી મનુષ્યનાં પાપ પ્રલય થાય છે તો તેના જપ ધ્યાન અને સ્નાનની તો વાતજ શી? વાહ વાહ કાશીનગરી તારી તો બલિહારીજ છે! તપસ્વીઓની કલ્યાણભૂમી તારા મહીમાનો છેડો નથી! હીરાલાલ તમે મને આવા પવિત્ર સ્થળોની જાત્રા કરાવી પાવન કર્યો. તમારો હું જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે!"

"મુરબ્બી કોટી જન્મના પુન્યનો ઉદય થાય છે ત્યારે ગંગાસ્નાનનો અને વિશ્વનાથનાં દર્શનનો લ્હાવ મળે છે! પરમ સંસ્કારી હોય છે તેજ આ ભૂમિકામાં પગ મુકી ગંગાસ્નાનથી કાયા પવિત્ર કરી શકે છે! ભાગ્ય વગર આવી જાત્રાઓ થતી નથી; જ્યારે જાત્રાના દેવતાઓનો હુકમ થાય છે ત્યારેજ મનુષ્યને એકદમ વિચાર પ્રગટ થઈ જાત્રા કરવાના સંસ્કાર બને છે!"

"ખરી વાત છે હીરાલાલભાઇ તે વિના કાંઇ થતું નથી! પરમેશ્વરની આજ્ઞા થાય છે ત્યારેજ સૌ રાગો જોગો બની આવે છે; તમારા જેવા સંસ્કારી જીવોનાં દર્શન થવાં એ પણ અમારા અહોભાગ્યની વાત છે!"

"મુરબ્બી જ્યારે સારૂં થવાનું હોય છે ત્યારે સ્હેજમાં સારાનો સમાગમ થાય છે; અરે આપણી આસપાસનું આખું વાતાવરણ સારાશથી ભરપુર થઇ રહે છે!"

"આપનું કહેવું અક્ષરસઃ સત્ય છે! મને તેનો સાક્ષાત્કાર અનુભવ થાય છે!"

"હીરાલાલભાઇ આ ધાર્મિક સ્થળ મરણ પામેલા જીવોનો ઉદ્ધાર કરવામાં તથા પ્રેતવાસનાઓ તૃપ્ત કરવામાં અને પાપોને દહન કરવામાં આપણા શાસ્ત્રમાં ઘણુંજ સુવિખ્યાત અને પ્રસિદ્ધ છે."

"ભાગીરથી બહેન ગંગા અને કાશી એ તો સાક્ષાત મુક્તિનાં સ્થાન છે! એનાં દર્શન અને એની જાત્રા એ આપણી હસ્તરેખાની સામુદ્રિક વિદ્યામાં એક સદ્ભાગ્ય ચિન્હ તરીકે મનાય છે."

"હીરાલાલ હવે મારૂં મન પરમાત્માની કાંઇ ઝાંખી કરવા ઇચ્છા રાખે છે! આ અસાર સંસારનો મોહ હવે મારા મનમાંથી ઉતરી ગયો છે. હવે તો મારા મનમાં રાત દિવસ એજ સવાલ ઉત્પન્ન થાય છે કે, હું કોણ છું? શા માટે અવતાર લીધો છે? અને મરણ પછી મારૂં શું થશે તથા હું ક્યાં જઇશ? એજ ગડભાંગ દીલમાં થયા કરે છે!"

"મુરબ્બી હવે તમારૂં ચિત્ત સંસ્કારને પામતું જાય છે. આત્મવિદ્યાના ધીમે ધીમે તમે અધિકારી થતા જાઓ છો! જુઓ સાંભળો હવે તમારી શંકાનું સમાધાન મારાથી જેમ થઈ શકશે તેમ હું કરૂં છું. જુઓ, સર્વવ્યાપક, અનંત, અંતર્યામી, અચ્યુતબ્રહ્મ શું છે તે ઉપર કદી વિચાર કરી શકાય નહિ, તેનો ભેદ માણસ કદી પણ કળી શકે નહિ. તે શું છે તે કદી કહેવાય નહિ, પણ તે શું નથી તે ઉપરથી એક રીતે તેની કાંઈ જાણ પ્રતીતી થાય છે. ઉપનિષદ્‌માં તેને માત્ર તત્ તે કહે છે. સૃષ્ટિમાં જે થઈ ગયું છે, છે અને થશે, જે સર્વે પ્રગટ કે ગુપ્ત છે એ સર્વનું તે અમૂલમ્ મૂલમ્ અર્થાત્ મૂળ વિનાનું મૂળ છે. તેમાંથી સર્વે પ્રગટે છે અને ફરી તેમાં લય પામે છે. આ બ્રહ્મ આપણને પુરૂષ અને પ્રકૃતિ રૂપે દીસે છે. પુરૂષ સર્વે ચિત અને ચૈતન્યનું મૂળ છે અને તેની ક્રિયાથી સર્વે જગત ઉત્પન્ન થાય છે. પ્રકૃતિ કે મૂળ પ્રકૃતિ સર્વે સૂક્ષ્મ કે સ્થુળ વસ્તુનું મૂળ છે. આ બંનેના અરસપરસ સંબંધ વગર કાંઈ પણ ઉત્પન્ન થતું નથી. પુરૂષને પ્રકૃતિની ઉપાધી વગર ચિત કે ચૈતન્યનો અનુભવ થતો નથી; અને પ્રકૃતિ પણ પુરૂષના સંબંધ વગર માત્ર એક મિથ્યા કલ્પના થઇ રહે છે. પરબ્રહ્મ સદા અદ્વિતિય છે, પરન્તુ જગતમાં દ્વિતિયરૂપે ભાસે છે. અવિકારી શુદ્ધ અને સ્વતંત્ર બ્રહ્મ સકળ પ્રગટ કે અણુદીઠ જગતનું અનંત અને અવિનાશી મૂળ છે, ઐતર્ય ઉપનિષદમાં કહ્યું છે કે પ્રથમમાં આ બ્રહ્મ હતું. પ્રથમમાં અર્થાત્ માયાવી જગતના પ્રગટ થયા પહેલાં અવિનાશી અને અવિકારી બ્રહ્મ નિર્ગુણ હોવું જોઇએ. બ્રહ્મ જ્યારે સૃષ્ટિરૂપે

વ્યક્ત થાય છે ત્યારે બ્રહ્મ કહેવાય છે. જેમ કરોળીઓ પોતાના શરીરમાંથીજ તાંત કાઢી પોતાની જાળ વણે છે તેમ બ્રહ્મ વિશ્વનું નિમિત્ત અને ઉપાદાન કારણુ એ બંને છે. સકળ સૃષ્ટિ તેનાથી ટકી રહે છે, તેમાંથી પ્રગટ થાય છે અને તેમાં ફરી લીન થાય છે. બ્રહ્માનો બ્રહ્મ ઉગવું, ફળવું એ ધાતુ છે, અને વિષ્ણુ એ વિષ્=ફેલાવુ ધાતુ ઉપરથી નીકળ્યો છે આ પ્રમાણે બ્રહ્મા-વિષ્ણુનો અર્થ અનંત વ્યોમ કે આકાશ થાય છે, અને દેવતાઓ ઋષીઓ મનુઓ અને બીજી સર્વે વસ્તુ આ અનંત આકાશની માત્ર વિભુતીઓ છે. પરબ્રહ્મ કેવળ સત્ છે અને મૂળ પ્રકૃતિ તેના પર એક જાતનો જાણે પડદો છે. આ મૂળ પ્રકૃતિ પ્રથમ અવ્યક્ત હોય છે પણ જ્યારે સૃષ્ટિ પ્રગટ થવાનો કાળ આવે છે ત્યારે તે વ્યક્ત થવા માંડે છે અને સાત ચઢ ઉતર પંક્તિમાં વહેંચાઈ જાય છે. જો આટલું સમજણમાં રાખવામાં આવશે કે એકાનેક અર્થાત્ માત્ર એકજ–સર્વવ્યાપક તત્વ છે જે સદા અનંત અજ અને અવિનાશી છે, અને આ માયાવી જગતમાં સૂર્યમંડળથી તે બારીકમાં બારીક પરમાણું સુધી જે સર્વ દીસે છે તે માત્ર આ એકજ અદ્વિતિય તત્વનાં વિવિધ રૂપો અને આકારો છે તો આ સૃષ્ટિરચના સમજવામાં સર્વેથી મોટી અડચણ દુર થશે!"

"હીરાલાલભાઈ તમારા જ્ઞાનોપદેશથી મારી અજ્ઞાનતાનાં આવરણ ધીમે ધીમે એક પછી એક દુર થતાં જાય છે. તમારા જેવા જ્ઞાની મહાત્માના પ્રસંગથી હું મારૂં અહોભાગ્ય સમજું છું. હવે મારૂં આયુષ્ય તમારા સમાગમમાંજ હું વ્યતિત કરવા

માગું છું. મારા ઘરકારભારનો તમામ બોજો હું તમારા શીરપર મૂકવા માગું છું!"

"મુરબ્બી આપની દયા એ મારો નિભાવ છે. હવે મૂળતત્ત્વમાં સદાગતિ ચાલુ રહે છે, જે ગતિને અલંકારરૂપે મહા શ્વાસ કહે છે. જ્યારે શ્વાસ બહાર કઢાય છે, ત્યારે મૂળ પ્રકૃતિ વિકાસ પામે છે અર્થાત્ કે મન્વંતરનો આરંભ થાય છે; સૃષ્ટિ ઉત્પન્ન થવા માંડે છે અને શ્વાસ પાછો અંદર ખેંચી લેવાય છે ત્યારે પ્રલયનો કાળ આવે છે અર્થાત્ સકળ જગત પાછું જે મૂળમાંથી પ્રગટ થયું હતું તેમાં લય પામે છે. પુરૂષ અને પ્રકૃતિના અરસપરસ સંબંધથી આ ક્રિયા ચાલુ રહે છે. કાંઈ અસંખ્ય મન્વંતરો અને પ્રલય થયા છે અને સદા થતા રહેશે. મન્વંતર કાળને બ્રહ્માનો દીવસ એવું અલંકારીક નામ આપ્યું છે, અને પ્રલયકાળને બ્રહ્માની રાત્રી કહે છે. ઉપર કહ્યું છે તેમ મૂળ પ્રકૃતિની સાત ચઢઉતર પંક્તિઓ હોય છે, તેમાંથી પણ અસંખ્ય ઉપપંક્તિઓ ઉત્પન્ન થાય છે, તે સર્વે કેવળ એકજ તત્વનાં માત્ર રૂપો અને આકારો છે. આ તત્વ તે સર્વેનું મૂળ છે. પુરૂષ અને પ્રકૃતિનો સંબંધ થવો જરૂરનો છે. પણ તે સબંધ શાથી થાય છે? આ સંબંધ દૈવ પ્રકૃતિ મારફતે થાય છે. તેને આદ્દી શક્તિ પણ કહે છે. પુરૂષમાં જે વિચાર કે સંકલ્પ હોય છે તે આ આદ્દી શક્તિ મારફતે પ્રકૃતિમાં પ્રવેશ કરે છે, એટલે આ દૈવ પ્રકૃતિની ભેદી ક્રિયાથી પ્રકૃતિ જુદાં જુદાં રૂપો પકડે છે. આ ક્રિયાને આપણે કુદરતના કાયદા તરીકે જાણીએ છીએ. ઈશ્વર કાંઈ એક વ્યક્તિ નથી. ઈશ્વર શબ્દ એ ઋષી પ્રજાપતિના સકળ

વર્ગનું નામ છે. સૃષ્ટીને ઉત્પન્ન કરવામાં આ ઋષી પ્રજાપતિઓ મુખ્ય ભાગ લે છે. પુરૂષમાંથી આપણને ચિત કે ચૈતન્ય મળે છે અને પ્રકૃતિમાંથી જુદી જુદી ઉપાધી મળે છે. આ ઉપાધી મારફતે ચૈતન્યનો સ્વાનુભાવ થાય છે. દૈવ પ્રકૃતિ એ પુરૂષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદી સાંધો છે તે દરેક પરમાણુમાં વીજળીક શક્તિ નાંખી તેમાં જીવ મુકે છે, જે નીચેના દાખલાથી સિદ્ધ થશે. કૈવલ્ય-વેદાંતમાં જેને પરબ્રહ્મ કહે છે જે સત્ તથા અસત્ એ બન્ને છે. અવ્યક્ત ઈશ્વર–જેને પ્રથમ કારણ કહે છે. પુરૂષ–પ્રકૃતિ. પ્રાણ વ્યક્ત ઈશ્વર મહત્–જે પ્રકૃતિમાં થતા સઘળા વિકારોનો પાયો છે અને જેને મહાબુદ્ધિ પણ કહે છે. એકજ સત્ જે અદ્વૈત છે તે માયાને લીધે દ્વૈત ભાસે છે. સૃષ્ટીઓ ભરતી તથા ઓટની માફક અસંખ્ય વાર પ્રગટ થાય છે અને નાશ પામે છે કુદરતમાં જ્યાં જોઈશું ત્યાં આવા ઉલટા ગુણવાળી દ્વંદ્વની અનેક જોડી મળી આવે છે; જેમ ઉજાશ અને અંધારૂં, દીવસ અને રાત્રી, ઉંઘવું અને જાગવું અને જન્મ તથા મરણ. આ પ્રમાણે હમેશાને વાસ્તે ચાલ્યાજ કરે છે!"

"હીરાલાલ આ તે તમે બોલો છો કે પ્રભુ તમારામાં વ્યાપ્ત થઇને આ વિશ્વ ભેદનું વર્ણન કરે છે?"

"મુરબ્બી પ્રભુ સર્વ વ્યાપક છે. તે કાર્ય કારણ જંત્ર જંત્રી અને તંત્ર તંત્રી છે. હવે જુઓ દરેક જીવ જે પરમાત્માનો એક અંશ છે તેને કાળચક્ર અને કર્મિક કાયદા પ્રમાણે આ બ્રહ્માના દીવસમાં સર્વે યોનિમાં પસાર થઈ કાંઈ અગણિત પુન-ર્જન્મ લેવાની ફરજ પડે છે, કારણ કે પરમાત્માનો અંશ જે જીવ

તે મન્વંતર કાળમાં માયાંવી સૃષ્ટીની અંદર અનેક રૂપ અને આકારમાંથી પસાર ન થાય અને પ્રથમ કુદરતી ગતિથી અને પાછળથી સ્વયત્નથી અને પુરૂષાર્થથી સ્વતંત્રતા ન મેળવે, અને આ પ્રમાણે ચૈતન્યની સર્વે અવસ્થામાંથી હલકા મનસથી તે ઉંચ મનસ સુધી ખનીજ અને વનસ્પતિ વર્ગમાંથી તે શ્રેષ્ટ જ્ઞાની ધ્યાની સુધી ચઢતો ચઢતો ન જાય ત્યાં સુધી તે જીવ કદી પણ સ્વતંત્ર થાય નહીં, અને શુદ્ધ જ્ઞાન મેળવી શકે નહીં. આ તત્વ જ્ઞાન પ્રમાણે માણસને કાંઈ પણ ખાસ હક્ક કે સત્વ મળતાં નથી, પરન્તુ અગણિત પુનર્જન્મમાં પોતાનાજ પ્રયત્નથી જે કાંઈ શક્તિ કે સત્તા મેળવે છે તેજ તેનું ધન છે. આજ કારણને લીધે કહેવાય છે કે સૃષ્ટી, બ્રહ્મ અને બ્રહ્મા છે અને સૃષ્ટીમાં જે કાંઈ તત્વો છે તે આ મૂળ તત્વનાં માત્ર રૂપો છે, અને જે કાંઈ રૂપો કે આકારો આપણે દેખીએ છીએ તે માત્ર માયા ગણાય છે. બ્રહ્મ બ્રહ્મારૂપે પ્રગટ થવા માંડે છે ત્યારે પ્રલયકાળ પુરો થવા આવે છે; અને નવા મન્વંતરનો આરંભ થાય છે અને જે જીવો લય સ્થિતીમાં હતા તેઓ સહજ ચંચળ થવા માંડે છે, અત્રે જીવ શબ્દથી બારીકમાં બારીક પરમાણુથી તે મોટામાં મોટાં સૂર્ય મંડળો સમજવાં, પછી મન્વંતરના પ્રારંભમાં ધ્યાની જ્ઞાની અને દેવતાઓ સાત વર્ગમાં વહેંચાઈ જઇને સૃષ્ટી અને સૂર્ય મંડળોની બાંધણી રચવામાં રોકાય છે. કુદરતના કાયદા અમલમાં મેલનાર આ ધ્યાનીઓ હોય છે, તેઓ પ્રકૃતિને યોગ્ય અવસ્થા આપીને સૂર્ય મંડળો ગૃહો અને પૃથ્વીઓ બનાવતા જાય છે. માયાનું બળ ભારે છે, જેમ જેમ આપણે ચઢતી અવસ્થાનો અનુભવ મેળ-

વતા જઇએ છીએ, તેમ તેમ આપણને માલમ પડતું જાય છે કે માત્ર માયાને ખરી વસ્તુ તરીકે માનવાની આપણે ભૂલ કરતા હતા. આ પ્રમાણે જેમ જેમ આપણે એકેક અવસ્થા ચઢતા જઇએ છીએ, તેમ તેમ આપણી ભુલો સુધરતી જાય છે, અને માત્ર જ્યારે આત્માનો પરમાત્મા સાથે યોગ થાય છે ત્યારેજ માયાની જાળમાંથી આપણો છુટકો થાય છે."

"હીરાલાલ ત્યારે આજ કારણથી જગતના જીવો માયામાં ફસી અનેક પ્રકારના રાગ દ્વેષ સુખ દુઃખ આનંદ અને કલેશ અનુભવ્યાંજ કરે છે. નાહકમાં મારૂ મારૂ માની મારામાં મરી જાય છે અને છેવટે મારાથીજ નાશ થઈ માયામાં અધવચ લટકી પડે છે."

"મુરબ્બી બ્રહ્માનો દીવસ પુરો થતાં જ્યારે બ્રહ્માની રાત્રી આવે છે, ત્યારે સર્વે કાર્ય પરીણામ નાશ પામે છે; અને કારણ માત્ર રહી જાય છે અને જ્યારે બ્રહ્માનો દીવસ થાય છે ત્યારે તે કારણમાં લીન થએલા જીવો પાછા જાગ્રત થાય છે. ધર્મશાસ્ત્રમાં આપણે અનેક ત્રિમૂર્તિ જોઇએ છીએ અને અંધકારમાં તેમના વિષે પિતા માતા અને પુત્ર આદી શબ્દો વાપરવામાં આવે છે. જુઓ પિતા=પુરૂષસ્રષ્ટી અને બ્રહ્મ! માતા=પ્રકૃતિ=સૂર્યમંડળ અને ધ્યાન ચોહાન. પુત્ર=સ્રષ્ટી=પૃથ્વી અને માણસ ધ્યાન ચોહાનોની આજ્ઞામાં ફોહાત અથવા દૈવી પ્રકૃતિ સદા રહે છે અને તેમની આજ્ઞા પ્રમાણે તેઓના સંકલ્પ અમલમાં મૂકે છે અને તે સંકલ્પ પ્રમાણે સર્વે મંડળો અને ગૃહો રચાય છે. જેમ એક ઘર બાંધવા પહેલાં એક શીલ્પીની અગત્ય છે અને શીલ્પીના

કામ માટે ઈંટોની જરૂર હોય છે, તેજ પ્રમાણે આ ધ્યાન ચોહાનો સૃષ્ટીના શીલ્પી છે, અને તેઓને મંડળો કે ગૃહોની બાંધણી સારૂ જોઈતા પદાર્થો આકાશમાંના રાત્રે દીસતા જે ધોળા પાટાને આપણે આકાશગંગા કહીએ છીએ, તેમાંથી પકવેલી હાલતમાં મેળવે છે. ફોહાત અણુઓમાં વીજળીક શક્તિ મૂકે છે, અને પછી તેમને પાથરી મૂકે છે. પુરાણમાં અદીતી આકાશને દેવમાતૃ કહે છે; કેમકે તેમાંથીજ આપણા સૂર્ય અને ગૃહ ઉત્પન્ન થાયછે. વેદમાં સૂર્યને લોકચક્ષુ કહ્યા છે અને તેને સાત અશ્વનો કે સાત માથાના એક અશ્વનો રથ છે એમ જણાવ્યું છે. સાત અશ્વ એટલે સાત ગૃહો પણ સાત માથાવાળો અશ્વ એ ઉપરથી એમ જણાય છે કે તેઓ સર્વે એક મૂળ તત્વમાંથી નીકળ્યા છે. આ તત્વને અલંકારરૂપે અગ્નિ કહે છે. વેદમાં વાકય છે કે અગ્નિજ સર્વે દેવતા છે. પાશ્ચિમાત્ય પ્રદેશના તત્વજ્ઞાનીઓ માને છે કે આપણા સાત ગૃહો અસલ સૂર્યમાંથી છુટા પડયા છે પણ તેમ નથી. સૂર્ય તેમનો પિતા નથી પણ માત્ર તેમનો વડો ભાઈ છે, કેમ કે ફોહાતે જેમાં ક્રિયા ચાલુ કરી છે તેવા એક ચક્રની પેઠે ફરતા ગોળામાંથી છુટા પડયા છે. ગતિના ત્રણ પ્રકાર છે. શ્વાસ આકર્ષણ અને વિકર્ષણ. આ ત્રણ પ્રકારની ગતિ પ્રમાણે સર્વે ગૃહો જન્મ પામે છે, ઘટ થાય છે અને છેવટે મરણ પામે છે અને ફરી મન્વંતરનો આરંભ થતાં પાછા પ્રગટે છે, અને ધ્યાન-ચોહાનો તથા ફોહાત મારફતે પાછા સૂર્ય કે ગૃહ તરીકે નવી સૃષ્ટીમાં પોતાની જગ્યા લે છે."

"હીરાલાલભાઈ આટલી અલ્પ વયમાં આ જ્ઞાન કયાંથી

પ્રાપ્ત કર્યું. જે જ્ઞાન પ્રાપ્ત કરવાને તપસ્વીઓ પોતાની કાયા તપમાં બાળી મુકે છે તો પણ પ્રાપ્ત કરી શકતા નથી; તો તમને આ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું ?"

"ભાગીરથી એ સૌ જન્મસંસ્કારનાં ફળ છે ! એમનો ગર્ભાધાનજ કોઈ દૈવી પળમાં થએલ છે, તે સિવાય આ જ્ઞાન તેમના ઘટમાં સંભવે નહીં !"

"મુરબ્બી એ સૌ આપનો પુન્ય પ્રતાપ છે. હવે જુઓ ધ્યાન ચોહાનો એટલે કે દેવતાઓ અથવા બ્રહ્માના માનસ પુત્રોના ત્રણ વર્ગો છે. ઋષી પ્રજાપતિ, તે ધ્યાન ચોહાનો કે જેઓવડે બ્રહ્માની સૃષ્ટીઓ રચાય છે અને બંધાય છે; બીજો ઉપવર્ગના ધ્યાન ચોહાનો આપણી પૃથ્વી અને તેને લગતા બીજા ગોળાઓની પંક્તિ બાંધે છે. ત્રીજા ઉપવર્ગના ધ્યાન-ચોહાનો માણસ જાતને જન્મ આપે છે. જ્ઞાની બુદ્ધો, જેઓ તારાઓના અને મુખ્ય કરીને ગૃહોના અધિષ્ઠાતા દેવતા હોય છે, અને જેઓ જે માણસો તેમના ચોકસ તારા કે ગૃહોના પ્રભાવ નીચે જન્મે છે, તેઓપર સત્તા ધરાવે છે. બીજા તથા ત્રીજા ઉપવર્ગના ધ્યાની-બુધ્ધો બીજા સૂર્ય મંડળોમાં એજ પ્રકારનાં કામ કરે છે, અને કુદરતના જુદા જુદા વિભાગોપર અમલ કરે છે. હિંદુ શાસ્ત્રમાં તેમને લોકપાલ કહે છે. પૂર્વમાં ઇંદ્ર, દક્ષિણમાં યમ, પશ્ચિમમાં વરૂણ અને ઉત્તરમાં કુબેર એ મુખ્ય લોકપાલો છે. ત્રીજા વર્ગના ધ્યાન-ચોહાનો લિપિક દેવતાઓ કહેવાય છે. જેઓ વિશે એટલુંજ જણાએલું છે કે તેઓ કર્મિક કાયદા સાથે સંબંધ ધરાવે છે તેઓ માણસના દરેક કામ દરેક વિચાર અને જગતમાં જે કાંઈ બન્યું છે અને બને છે કે બનશે

તે સર્વેની આકાશમાં સંપૂર્ણ નોંધ રાખે છે. શાસ્ત્રમાં તેમને ચિત્રગુપ્ત એવું નામ આપ્યું છે, એ પોતાના અગ્રસંધની નામના પુસ્તકમાંથી દરેક માણસનું વૃત્તાંત તેના મરણ પછી યમ આગળ વાંચી આપે છે, તે જાણે યમરાજાનો મહેતો છે. દરેક માણુસની જીંદગી સાથ તેમનો આ રીતે સંબંધ છે અને દરેક બાળકના જન્મથીજ તેઓ તેની સાથે સંબંધ ધરાવે છે, કારણ કે દરેક બાળકની ભવિષ્યની જીંદગી આકાશમાં પૂર્વેથીજ ચિત્રાએલી હોય છે. આ કાંઈ માત્ર કલ્પના નથી કેમ કે ભૂત કે ભવિષ્યની અસરો એ બંને વર્તમાનમાં સદા હાજર હોય છે અને આ લીધે આ લીપીક દેવતાઓનો જ્યોતિષ સાથે સંબંધ છે. જ્યોતિષ એ કાંઈ ખોટી વિદ્યા નથી. ફોટોગ્રાફીથી હાલ શોધ થઈ છે કે જે તારાઓ અને ગૃહો દુર્બીનવડે પણ દીસતા નહુતા તેમની છબી ફોટોગ્રાફીથી કાચપર સાફ પડે છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે દરેક બાળકના જન્મ વખતે આપણું સૂર્ય મંડળ તેના નરમ અને સ્વચ્છ ભેજાપર તે સમયે શીરોબિંદુપર રહેલા ચોકસ નક્ષત્ર કે તારાની હાજરી પ્રમાણે ચોકસ અસરોની છાપ મારી શકે છે. આપણી સર્વે વાણી વિચાર કે કર્મનું ચિત્ર તરતજ આકાશમાં ચિત્રાય છે અને તેઓ સાધારણ નજરથી ગુપ્ત રહે છે પણ દીલ ચક્ષુથી આ ચિત્રો સ્પષ્ટ દૃષ્ટીએ પડે છે. ઋષીઓ પોતાને જોઈતી કાંઈપણ વીગત કુદરતના આ નોંધ સંગ્રહમાંથી અંતર દૃષ્ટીવડે ઝટ શોધી કાઢે છે!"

"પિતાજી વાત સત્ય છે. હીરાલાલભાઈનું કહેવું અક્ષરસઃ ખરૂં છે. આપણા અસલ ગ્રંથો આ વાતની સત્યતા દર્શાવે છે."

"હવે આ લીપીકદેવો અરૂપલોકને રૂપલોકથી જુદા

રાખે છે. જ્યાં સુધી જીવ કર્મપાસથી બંધાએલો છે ત્યાં સુધી તે લીપીકદેવોની સત્તા તળે રહે છે. જ્યારે તે માયા તથા કર્મના બંધનમાંથી મુક્ત થાય છે ત્યારે પરમપદમાં મોક્ષનો અનુભવ મેળવે છે. ત્યાં જીવનમુક્તો એટલે કે મોક્ષ પામેલા જીવાત્માઓ માયા કે કર્મના ગુણોથી સ્વતંત્ર રહે છે. પણ જો તેઓ ઇચ્છે તો લોકકલ્યાણ માટે ફરી પૃથ્વી પર જન્મ લઈ શકે છે. મોક્ષનું સર્વોત્તમ સુખ તજીને આવા લોકકલ્યાણ ઈચ્છનારા મુક્ત જીવોને નિર્માણ કાયા કહે છે. આ પૃથ્વીલોકમાંથી પરમપદ અથવા અરૂપલોકમાં જવાના માર્ગને 'દેવયાન' કહે છે. જ્યારે એક મહાયોગી મરણ પામે છે ત્યારે જીવ સૂક્ષ્મદેહ ધારણ કરીને અંતઃકરણમાંથી સુષુમ્ણાને માર્ગે બ્રહ્મરંધ્રમાં જાય છે અને બ્રહ્મરંધ્ર ફાડીને જીવ સૂર્યકિરણ મારફતે સૂર્યમંડળમાં પેસે છે અને સૂર્યના એક કાળા ધાબામાંથી પરમપદને પહોંચે છે. યોગથી પ્રાપ્ત કરેલા જ્ઞાનના બળવડે જીવ પરમપદમાં પોતાનો માર્ગ લે છે.

"વાહ વાહ હીરાલાલભાઇ આ જ્ઞાનામૃતથી હું તૃપ્ત થઈ ગયો છું! આ તે ગંગાતટનો મહીમા કે કાશીતીર્થનો પૂન્યપ્રભાવ કે તમારા જ્ઞાનની બલિહારી! આ તમે શું કહો છો! હું તે જાગું છું કે ઉંઘું છું! આ હું શું સાંભળું છું! તમે તો કોઈ ઋષિમુની છો કે જ્ઞાની મહાત્મા છો! અગર કોઈ દેવતા આ માનુષી અવતારમાં મારો ઉદ્ધાર કરવા મારે ત્યાં પધાર્યા છો! જય જય પ્રભો હું તમને પ્રણામ કરૂં છું! હર હર હર ગંગે! ગંગે! ગંગે!"

"હવે આ ધ્યાનચોહાનો કે દેવતાઓ સૂર્યમંડળોના

પ્રથમ નકશા કલ્પે છે અને ફ્રોહાત આદિ શક્તિ કલ્પેલા નકશા પ્રમાણે પ્રકૃતિમાં શક્તિ મુકી અનેક ઘાટ ઘડે છે. સૃષ્ટિના અનેક સૂર્યમંડળો તથા ગૃહો પ્રગટ થવા માંડે છે. સૃષ્ટિ પણ સાત ચઢ ઉતર પંક્તિમાં વહેંચાએલી છે. આપણી પૃથ્વી સૂર્યમંડળ મધ્યે એક ગૃહ છે અને તેની સાથે બીજા છ અણદીઠ સાથી છે; પરંતુ તેઓ વધારે સૂક્ષ્મ પદાર્થના બનેલા છે; જ્યારે આપણી પૃથ્વી સ્થુળ પદાર્થોની બનેલી છે, આજ પ્રમાણે સૂર્યના બીજા ગૃહોમાંના દરેક પોતાના છ અણદીઠ સાથી ધરાવે છે. હવે માણસમાં પણ સાત તત્વો છે. પુરાણમાં માણસને સપ્તપર્ણ રોપાની ઉપમા આપી છે. આપણી પૃથ્વી તથા તેના છ સાથી ગૃહો સાથે માણસનાં સાત તત્વો મુકાબલો ધરાવે છે.

માણસને પૃથ્વીમાં અને તેના દરેક છ સાથી ગૃહ ઉપર વારંવાર જન્મ લેવા પડે છે. એટલે કે માણસજાત પ્રથમ પહેલા ગૃહ પર ઉતરીને અનેક જન્મો લઇને જોઇતો અનુભવ પ્રાપ્ત કરી બીજા ગૃહ પર જવા માંડે છે અને આ પ્રમાણે સાતે ગૃહ પર એક ફેરો મારી રહે કે એક કલ્પ પુરો થાય છે. આ રીતે આખી હારમાં સાત કલ્પો સુધી ફરે છે, એટલે સાત મોટા ફેરા પુરા થાય છે. હાલ પર્યન્ત આપણી આખી હારમાં આપણે ત્રણ મોટા ફેરા મારી આવ્યા છીએ, અને હાલ આપણો ચોથો ફેરો ચાલુ છે અને તે અર્ધો પુરો પણ થયો છે, કેમ કે આપણે પહેલા ત્રણે ગૃહમાંથી થઇને હાલ પૃથ્વી પર એટલે કે ચોથા (વચલા) ગૃહ ઉપર આવ્યા છીએ. હવે કાળચક્ર યુગો તથા કલ્પોની ગણત્રી તમને સમજાવું છું. જુઓ ૧૫ નિમેષ ૧ કાષ્ઠા,

૩૦ કાષ્ઠા ૧ કળા, ૩૦ કળા ૧ મુહુર્ત, ૩૦ મુહુર્ત ૧ રાતદિવસ, ૩૦ રાતદિવસ ૧ માસ, ૬ માસ ૧ અયન, ૨ અયન ૧ વર્ષ, કૃતયુગ એટલે ૧,૭૨૮,૦૦૦, ત્રેતાયુગ, ૧,૨૯૬,૦૦૦, દ્વાપરયુગ ૮૬૪,૦૦૦, કળીયુગ ૪૩૨,૦૦૦, આ ચાર યુગ મળીને ૧ માહાયુગ ૪,૩૨,૦૦૦૦, ૭૧ મહાયુગ મળીને ૧ મનવંતર, ચૌદ મનુઓનું રાજ્ય ૯૯૪ મહાયુગ સુધી ચાલે છે, તેના વર્ષ ૪,૨૯૬,૦૬૦,૦૦૦, દરેક મન્વંતર વચ્ચે સંધી તથા સંધ્યાંશ માટે ૬ માહાયુગ. ૨૫,૯૨૦,૦૦૦, સઘળા મળીને ૯૯૪+૬= ૧૦૦ મહાયુગ એટલે ૧ કલ્પ બ્રહ્માનો ૧ દીવસ બધા મળીને વર્ષ ૪,૩૨,૦૦૦૦,૦૦૦, બ્રહ્માની રાત્રી પણ એટલા કાળ સુધી લંબાય છે. જેથી બ્રહ્માની ૧ રાતદિવસના વર્ષ ૮,૬૪૦,૦૦૦૦૦, આવા ૩૬૦ રાતદીવસ મળીને બ્રહ્માનું ૧ વર્ષ થાય છે જેના માનુષી વર્ષ, ૩,૧૧૦,૪૦૦,૦૦૦,૦૦૦, થાય છે. આવા ૧૦૦ વર્ષનું બ્રહ્માનું આયુષ્ય છે એટલે કે ૧ મહાકલ્પ પુરો થાય છે જેના વર્ષ, ૩૧૧,૦૪૦,૦૦૦,૦૦૦,૦૦૦, આ રીતે ૧ મહાકલ્પ પંદર આંકડાઓની એક સંખ્યા બને છે. આ યુગ, મન્વંતર તથા કલ્પાદીની ગણત્રી દેવર્ષી નારદ અને અકરમયની મૂળ ગણત્રી પરથી પુરાણમાં લેવામાં આવી છે. હવે આપણા સૂર્યમંડળને હાલ ૧૯૧૮ સુધીમાં ૧,૯૫૫,૮૪૪,૭૧૮ વર્ષ થયા છે. જીવોને પ્રકૃતિના ૩ મુખ્ય પ્રાંત, ભેદ ખનીજ વનસ્પતિ અને પ્રાણી રૂપોમાંથી પસાર ૩૦૦,૦૦૦,૦૨૨ વર્ષ થયા છે. જીવોને માણસરૂપ લેવાને ૧૬૫૫,૮૮૪,૭૧૮ વર્ષ થયા છે. વૈવસ્વત મન્વંતરને ૧૯૧૮ માં ૧૮,૬૧૮,૭૫૯ વર્ષ થયા છે. કળીયુગને

૧૯૧૮ માં ૫૦૨૦ વર્ષ થયા છે."

"હીરાલાલ આ ગણિતની ગણતરી કેમ્બ્રીજની પાઠશાળામાં શીખ્યા હતા કે લીલાવતીનું ગણિતશાસ્ત્ર લીલાવતી પાસે પઢયા હતા? તમે પણ જે વિષય ઉપર ઉતરો છો તે વિષયની આરપાર ઉતરી જાઓ છો!"

"મુરબ્બી પરમાત્માનો અંશ જે જીવાત્મા તેને પ્રકૃતિની સાત પંક્તિ પર અનેક રૂપો કે આકારોને પોતાનું વાહન બનાવી કનિષ્ઠથી તે શ્રેષ્ટ શરીરોમાં કાંઈ અનેક અવતાર લેવા પડે છે, અને છેવંટે માણસ અવતારમાં સ્વાનુભવ અને સ્વચૈતન્ય મેળવીને બ્રહ્માનું આયુષ્ય પુરૂં થતાં પરમાત્મામાં લીન થઈને પરનિર્વાણ ભોગવે છે. જીવને અનુભવ પ્રાપ્ત કરવા માટે આ ઉપાધીઓની અગત્ય હોય છે, અને આ લીધે તેને મિશ્રિત તત્વો સાથે ભેળવવું પડે છે અને આ પ્રમાણે માણસમાં સાત તત્વો સમાયલા છે. વેદાંતશાસ્ત્રમાં માણસના પંચકોષ જણાવ્યા છે, અને તારક રાજયોગમાં માત્ર ત્રણજ ઉપાધી દર્શાવી છે. ગુપ્ત જ્ઞાનબોધી ધર્મમાં ૧ સ્થુળ શરીર, ૨ પ્રાણ, ૩ લિંગ શરીર, ૪ કામ, ૫ મનસ, (ઈચ્છા, લાગણી, વિજ્ઞાન વગેરે) ૬ બુદ્ધિ અને ૭ આત્મા. વેદાંતદર્શનમાં ૧ અન્નમય કોષ, ૨ પ્રાણમય કોષ, ૩ મનોમય કોષ, ૪ વિજ્ઞાનમય કોષ, ૫ આનંદમય કોષ, ૬ આત્મા. તારકરાજયોગમાં ૧ સ્થુલોપાધી, ૨ સૂક્ષ્મોપાધી, ૩ કારણોપાધી, ૪ આત્મા.

હવે આ ઉપરથી સિદ્ધ થાય છે કે વેદાંતદર્શનમાં લિંગ શરીરને જુદુ જણાવ્યું નથી, કેમ કે તે માત્ર પ્રાણનું વાહન છે,

કામ પણ મનોમય કોષમાં આવી જાય છે, કેમકે તે ઇચ્છા વગેરેનું વાહન છે અને મનસની માત્ર એક શક્તિ છે, વળી આ ધ્યાનમાં રાખવું કે મનોમય કોષ અને વિજ્ઞાનમય કોષ જુદા પડે છે, કેમ કે મરણ પછી મનસનો વિજ્ઞાન ભાગ બુદ્ધિ આનંદ-મય કોષ સાથે જોડાય છે. અત્રે કહેવું જોઇએ કે તારકરાજયોગની રીતિ સર્વેથી સહેલી છે. જો કે માણસમાં સાત તત્વો છે પણ આત્માને પોતાના વાહન તરીકે ત્રણજ ઉપાધી મળે છે; જે દરેકમાં તે સ્વતંત્રપણે પોતાનું કામ કરી શકે છે, કારણ કે એક યોગી કે મહાત્મા પોતાની ત્રણે સ્થુળ, સૂક્ષ્મ કે કારણ ઉપાધી ઘણી સહેલાઇથી એકેકથી જુદી કરી શકે છે, પણ તે પોતાના આ સાત તત્વો એકેકથી જુદાં પાડી શકે નહિ કેમ કે તેમ કર્યાથી તેનું શરીરજ નાશ પામે. પૃથ્વી પર જીવને પાંચ પ્રકા-રની ક્રિયા કરવી પડે છે. ખનિજ હાલતમાં તે પૃથ્વીના સૌથી હલકા વર્ગના ધ્યાનીઓ સાથે સંબંધ રાખે છે. વનસ્પતિ હાલતમાં જીવ આ ધ્યાનીઓના પ્રાણ સાથે સંબંધ રાખે છે. પ્રાણી હાલતમાં તેમના લિંગ દેહ અને કામ સાથે સંબંધ રાખે છે. જો માણસમાં આ પાંચમું મનસતત્વ ન હોય તો તે એક જનાવર સમાન રહી જાય છે. માણસમાં આ રીતે સર્વે તત્વો આવી મળે છે. આત્મા ખરૂં જોતાં કાંઇ તત્વ નથી, તે પરમાત્માનો માત્ર અંશ કે કીરણ છે. માણસ આ પ્રમાણે અનેક વર્ગના ધ્યાનીઓથી હસ્તીમાં આવ્યો છે અને કેટલાક મનુષ્ય શરીરમાં આધ્યાનીઓ અવતાર પણ લે છે. માણસનું શરીર જો કે માટીનું બનેલું છે, તો પણ તે માટીમાંથી ઘાટ ઘડનાર આધ્યાનીઓ

હતા. આપણા શરીરનાં અણુઓ કાંઇ નીરજીવ નથી. હરેક અણુમાં જીવ છે, અર્થાત્ આપણું શરીર કાંઇ અગણિત જંતુઓનું બનેલું છે. પૃથ્વી માણસને તેનું શરીર પુરૂં પાડે છે, જ્ઞાનીઓ તે પછીનાં પાંચ તત્વો પુરાં પાડે છે અને આત્મા કેવળ અદ્વિતિય છે. માણુસને આ લીધે સપ્તપર્ણ કહેવામાં આવે છે. જેમ સમુદ્રના જળ પર એકજ ચંદ્રનાં લાખો પ્રતિબિંબ પડે છે, તેમ જીવ (આત્મા–બુદ્ધિ) માયાના સમુદ્રના જળ ઉપર જુદા જુદા આકારોમાં ઉછળતો અને નાચતો દેખાય છે. જેમ ચંદ્રનાં કીરણો જ્યાં સુધી ચંદ્ર પ્રકાશે છે ત્યાં સુધી દેખાય છે, તેજ પ્રમાણે એક મન્વંતર પર્યંત જીવ અનેક રૂપો લે છે અને તજે છે અને પછી તેઓ સર્વે અણદીઠ થઇ જાય છે અને કીરણો પોતાના મૂળમાં ફરી સમાઇ જાય છે. વેદાંતમાં મનસ માટે સૂત્રાત્મા શબ્દ વાપરવામાં આવ્યો છે જેમ સૂત્રમાં દાણા પોરવાય છે તેમ બુદ્ધિ મનસ અનેક જન્મ અને અવતારના દાણા સંગ્રહ કરતા જાય છે. મનસ એટલે શુદ્ધ મનસ જે આત્મા બુદ્ધિ સાથે સદા જોડાએલો રહે છે. મનુષ્યના સાત સત્વના બે વિભાગ પડે છે. પહેલા ત્રણ તત્વ આત્મા, બુદ્ધિ અને મનસ અવિનાશી છે, અને બીજા ચાર પ્રાણ, કામ, લિંગ દેહ અને સ્થુળ દેહ નાશવંત છે.”

“ધન્ય છે ધન્ય છે હીરાલાલ તમને ધન્ય છે! ગંગા ગીતા ગાયત્રી ગોવિંદ, ગુરૂ પાંચે પમાડે પરમાનંદ એ પ્રમાણે અત્યારે મારો આનંદ અવધી છે, અપાર છે! પારસમણીના પ્રતાપથી કાંતી કંચન થાય છે તેમ તમારા જેવા જ્ઞાનીના

સંસ્કારથી મારો અંધકાર નાશ પામે છે !"

"મુરબ્બી મનસ વગર જીવ આ લોક પર કાંઈ પણ અનુભવ મેળવી શકે નહિ મરણ પછી મનસનો શુદ્ધ ભાગ તેની શુદ્ધ વાસનાઓ આત્મા બુદ્ધિ સાથે યોગ કરે છે અને મલીન મનસ કામ સાથે જોડાય છે. મનસ આ પ્રમાણે આત્મા બુદ્ધિ સાથે જોડાઇને તેમની પેઠે અમર બને છે. બુદ્ધિ મનસમાંથી શુદ્ધ ભાગ મેળવી અનુભવ સંગ્રહ કરે છે અને ચૈતન્ય મેળવે છે. આત્મા કાંઈ સુધરતો નથી, નથી ભુલતો કે નથી કાંઈ યાદ રાખતો, તેનો આ લોક સાથે સંબંધ નથી તે માત્ર એક પ્રકાશીત કીરણ છે, જે પ્રકૃતિ પર જો તે તેવી ઇચ્છા દેખાડે તો પોતાનો ઝળકાટ નાંખે છે. દેહધારી માણસ પૃથ્વીલોક પર રહે છે. વિદેહી માણસ એટલે મરણ પછીનું તેનું ખોખું કામરૂપ કામલોકમાં રહે છે, પણ મનસ આત્મા બુદ્ધિ સાથે જોડાઈને દેવલોક સ્વર્ગમાં રહે છે. કામ વિષય અને હવસ તરફ મનસને સદા ખેંચતું રહે છે, પણ જો મનસ આ અતિ હાનીકારક આકર્ષણથી નથી ખેંચાતું અને તેમાંથી છુટવાનો યત્ન કરે છે, અને આત્મા તરફ વળવાની ઉત્કંઠા દેખાડે છે તો બુદ્ધિ સંતુષ્ઠ પામી મનસને પોતા સાથ આત્મામાં સમાવી દે છે. મનસના શુભ કે દુષ્ટ સંકલ્પો પ્રમાણે શરીરને ચાલવુ પડે છે. બુદ્ધિપ્રકાશ ફેંકી જે માર્ગ બતાવે છે તે પ્રમાણે ચાલવાને મનસ યત્ન કરે છે, પણ તેમાં વારંવાર નિષ્ફળ થાય છે. બુદ્ધિ આત્માનુ વાહન છે. આત્મા નથી કાંઈ શરીર કે નથી કાંઈ રૂપ કે નથી કાંઈ વસ્તુ:- બુદ્ધિ માત્ર અલંકાર રૂપે તેનુ વાહન કહેવાઈ શકાય છે. દરેક

જન્મમાં જે અનુભવ મેળવાય છે, તેનો સ્વચ્છ અને સંગીન ભાગ મનસ મારફતે બુદ્ધિ ગ્રહણ કરે છે. બ્રહ્માના એક દીવસમાં ચૌદ મનુઓ રાજ્ય કરે છે, અને પછી પ્રલય થતાં સર્વે જીવો નિર્વાણ યાને મોક્ષ ભોગવે છે. સાંખ્ય દર્શનમાં કહ્યુ છે કે જ્યાં સુધી પુરૂષ પ્રકૃતિના ખભાપર ચઢી બેસતો નથી ત્યાં સુધી તે નિર્બળ રહે છે અને જો પ્રકૃતિ એકલી રહે તો તે જડ રહે છે. પુરૂષ અને પ્રકૃતિ મૂળમાં એકજ છે, પણ જ્યારે સૃષ્ટિ વ્યક્ત થવા માંડે છે, ત્યારે માયાને લીધે તેઓ જુદા જુદા ભાસે છે, અને તેઓ સામસામો માર્ગ લેતા માલમ પડે છે. પુરૂષ ધીમે ધીમે પ્રકૃતિમાં પેસે છે, અને પ્રકૃતિ તે પ્રમાણે શુદ્ધ થતી થતી પોતાની પૂર્વની સ્થિતીમાં આવે છે. બંને કદી પણ છુટા પાડી શકાય નહીં; પરન્તુ તેઓમાં હાલ ભેદ જણાય છે. જેમ વિજળીના બે પ્રકાર હોય છે. સબળ પોઝીટીવ અને નિર્બળ નેગેટીવ અને જેમ સબળ વિજળી સબળ વિજળીથી દુર જાય છે. પણ નિર્બળ વીજળી તરફ તરત ધસે છે તેજ પ્રમાણે પુરૂષ અને પ્રકૃતિ જગતનાં એકજ મૂળ અને મુખ્ય તત્વના બે સામસામા ધ્રુવ છે. જ્યારે વચલા ચોથા કલ્પમાં માણુસને સંપૂર્ણ બનાવવા માટે પુરૂષ અને પ્રકૃતિના ખભાપર ચઢવાનો સમય આવે છે કે માનસ ધ્યાનીઓ જે શરીરો પિતૃદેવોએ ઉત્પન્ન કર્યાં છે તેમાં અવતરવા માંડે છે. પિતૃઓ પોતાની છાંયા લિંગ દેહ બહાર કાઢે છે, અને આ છાયાના ઘાટ ઉપર પ્રકૃતિ ઘર ચણવા માંડે છે, પણ હજી માણસ અસંપૂર્ણ છે, હવે સ્વયંભૂ મનુમાંથી સપ્ત મનુઓ ઉત્પન્ન થઈ આ ઘરોમાં વસવા લાગે છે, અને માણુસને હવે

મનસ મળે છે. પાશ્ચિમાત્ય પ્રદેશના વિદ્વાનો સર્વે વસ્તુને બે ભાગમાં વહેંચી નાંખે છે, એક જીવવાળી અને બીજી જડ કે નિરજીવ, પણ આ મોટી ભૂલ છે. જીવ વગરની કોઈ પણ ચીજ છેજ નહીં. એક અણુમાં પણ જીવ છે. જગતમાં જે કાંઈ વસ્તુ દેખવામાં આવે છે તે સર્વે આ જીવવાળા અણુઓથી બનેલી છે. જ્ઞાન વિજ્ઞાનના ભાષ્ય ગ્રંથમાં કહ્યું છે કે એકજ સરૂપ અને અચ્યુત જીવમાંથી અગણિત જીવવાળી સૃષ્ટી પ્રગટે છે. પ્રથમ થંડો અને પ્રકાશિત અગ્નિ પ્રકટ થાય છે અને વ્યોમમાં દહીં માફક પથરાઈ જાય છે. તેઓ એકેક સાથ અથડાવા માંડે છે, અને તેથી અતિ ઉષ્ણતા ઉત્પન્ન થાય છે, અને તેથી તેઓ પોતાની ધરીપર ગોળ ફરવા માંડે છે, ત્યાર પછી ધુમકેતુઓ ઉત્પન્ન થાય છે. ગરમીથી ભીની વરાળ પ્રગટે છે, જેમાંથી સ્થુળ જળ ઉત્પન્ન થાય છે, જેમાંથી સુકો બાફ નીકળી, પ્રવાહી જળ જેવો બાફ થઈ આ ધુમકેતુઓના ઝળકાટને સમાવી દે છે અને પછી જલમય ગોળાઓ કે ગૃહો બને છે. હવે ભૂમી પૃથ્વી તેના છ સાથીઓ સાથે દેખાવ દે છે, આ ગૃહો પોતાની નિરંતર ચાલુ ગતિથી અગ્નિ, ઉષ્ણતા અને પ્રવાહી વરાળ ઉત્પન્ન કરે છે, જેમાંથી આપણું જળ ઉત્પન્ન થાય છે, અને જેમના શ્વાસમાંથી વાયુ ઉત્પન્ન થાય છે. ચાલુ મન્વંતરના પહેલા ચાર કલ્પના આ ચાર જીવો છે, અને તેઓ તેમની સ્થુળ અવસ્થામાં દેખવામાં આવે છે. અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વી. બાકીના ત્રણ તત્વો જીવો બાકી રહેલા ત્રણ કલ્પમાં એકેક પછી પ્રગટ થતાં જશે. ”

“ઓહોહોહો આવું વિષમ અને બારીક તત્વજ્ઞાન જીવાત્મા

અને સૃષ્ટીરચના સંબંધી સમજવું ઘણું વિષમ છે. અવસ્થા અને સંસ્કારના પ્રતાપ સિવાય તે સમજવામાં આવે નહીં."

"હવે દરેક કલ્પમાં એક એક તત્વ પ્રગટ થવા માંડે છે. પહેલા કલ્પમાં અગ્નિ ઉત્પન્ન થયો, બીજા કલ્પમાં અગ્નિ સાથ વાયુ, ત્રીજા કલ્પમાં જળ અને ચોથા કલ્પમાં પૃથ્વી, તત્વ દેખાવા લાગ્યું. પ્રકૃતિના પાંચ ગુણો હાલ જણાએલા છે. રૂપ, રંગ, ગતિ, રસ અને ગંધ છઠ્ઠો ગુણ પ્રવેશ શક્તિ છે; અને તેને લગતી ઈંદ્રી–દીવ્ય--ચક્ષુ કેટલાક અસાધારણ પુરૂષોમાં ખીલી રહી છે. હાલ ચાર કલ્પો પુરા થવા આવ્યા છે અને તેથી આ તત્વો સાધારણ નજરે દેખવામાં આવે છે. પાંચમા કલ્પમાં આકાશ તત્વ પણ જેમ હાલ વાયુ છે તેમ આપણી સાધારણ જાણમાં આવશે તે કલ્પમાં છઠ્ઠી પણ સંપૂર્ણ ખીલી રહેશે. તત્ નથી પુરૂષ કે પ્રકૃતિ પણ તે પુરૂષ અને પ્રકૃતિનું નિષ્કારણ કારણ છે પુરૂષ અને પ્રકૃતિ વિશ્વને ઉત્પન્ન કરે છે. તત્ એ કેવળ જીવ છે. જીવ વગર કોઈ પણ વસ્તુ કે કોઈ પણ રજકણ નથી, ફરક માત્ર એટલો કે જડ દેખાતી વસ્તુમાં જીવ મંદ અને લય સ્થિતીમાં રહે છે. જ્યારે પ્રાણીઓમાં તે ચંચળ સ્થિતીમાં હોય છે. પહેલા કલ્પમાં આપણી પૃથ્વી–અગ્નિ જીવોએ બનાવી હતી. તે કલ્પમાં માત્ર ઠંડા પ્રકાશ શિવાય તેનામાં બીજા કાંઈ પણ ગુણ રૂપ રંગ કે સ્થુલતા હતી નહીં. પહેલા કલ્પના અંતમાં એકજ તત્વ, અગ્નિ તત્વ ખીલી રહ્યું. બીજા કલ્પમાં વાયુ તત્વ પ્રગટ થવા લાગ્યું. જો આ વાયુ તત્વને તેની સ્વચ્છ સ્થિતીમાં લાવી ઉપયોગ કર્યો હોય તો લાંબા કાળ સુધી જીવી શકાય છે, આ ક્રિયા સર્વે

શ્રેષ્ઠ ઋષીઓ અને દીક્ષિતો જાણે છે. આ બીજા કલ્પથી પૃથ્વીની ખરી જીંદગી શરૂ થએલી કહેવાય કેમ કે હવે તેનામાં પ્રાણ તત્વ પૂરતું ખીલ્યું હતું. ત્રીજા કલ્પમાં જળ પ્રગટ થયું. ચોથા કલ્પમાં ભૂમી પ્રવાહી હાલતમાંથી સ્થુળ સ્થિતીમાં આવવા લાગી, અને હવે ભુમી ઉપર પૃથ્વી તત્વ પ્રગટ થયું. જેમ ભૂમીનું પડ અગણિત જીવોનું બનેલું છે, તેમજ આપણું સ્થુલ શરીર પણ અગણિત જીવોનું બનેલું છે. આ સ્થુલ શરીર આપણા સાત તત્વોમાં સર્વેથી હલકુ તત્વ નથી. આપણામાં સર્વેથી દુષ્ટ તત્વ 'કામ' છે. જે અહંકારથી દુષ્ટ લાગણીઓ અને હવસો ઉત્પન્ન કરે છે. શરીર તો માત્ર કોટલું છે, જે કામના હાથમાં તેની ઇચ્છાઓ પહેલાં પુરી પાડવાનું હથીઆર થઈ પડે છે. હાલના તત્વવેત્તાઓ જાણવા લાગ્યા છે કે પ્રાણીઓનાં તથા માણસોનાં એ બંને શરીરો અતિ સૂક્ષ્મ અણદીઠ જીવો કે જંતુના બનેલા છે. પર્વત કે રજકણ, માણસ કે કીડી, હાથી કે ઝાડ એ સર્વેનાં શરીરો આ અણદીઠ જંતુનાં બનેલાં છે. દરેક અણુમાં જીવ છે. આજ જીવવાળા અણુઓ અવતાર લેતા જીવાત્માને માટે આકારો અને ઉપાધીઓ બાંધી આપે છે અને વળી પાછા તે ઉપાધીઓ અને રૂપોમાં વિકાર ઉત્પન્ન તેમનો નાશ કરી જીવાત્માને તેના થોડા વખતના રહેઠાણમાંથી પાછો હાંકી મુકે છે. તેઓ જીવાડે છે, અને વળી મરણ પમાડે છે. આ જંતુઓ માણસ પ્રાણી કે વૃક્ષનાં શરીરો દર પળ અને દર ઘડી ઉત્પન્ન કરી વળી તેનો નાશ આણે છે. જન્મ અને મરણ, સુરૂપ કે કુરૂપ, સારૂ કે નરસુ, પ્રિય કે અપ્રિય, શુભ કે અશુભ લાગણીઓ એ બંને સાથે ઉત્પન્ન

કરે છે. તેઓ માતા કે પીતાની આસપાસ ફરી વળેલી જ્યોતીમાં જે આકૃતિઓ કે આકારો જુએ છે તેની નકલ કરી ગર્ભના મૂખનો ઘાટ ઘડે છે. આપણા શરીરોમાં જે જે વિકારો થાય છે, જે જે રોગો ઉભરાઈ જાય છે તે દરેકનું કારણ આ અણદીઠ અને અતિ સૂક્ષ્મ જીવો કે જંતુઓ છે માણસનું શરીર સાત વરસે પોતાના સર્વ અણુઓ બદલી નાંખે છે, આ વાત પાશ્ચિમાત્ય વિદ્યાએ સિદ્ધ કરી આપી છે. તેનું કારણ પણ આ જંતુઓ છે. તેઓજ ખવાઈ ગએલા ભાગોને તોડી નાંખી તેમને બહાર કાઢી નવી મરામત કરી શરીરને ટેકવી રાખે છે. પહેલાં ૩૫ વરસ સુધી આ ક્રિયા ચાલુ રહે છે, પણ આ ઉમર પછી ઉલટી ક્રિયા શરૂ થાય છે, કેમ કે જંતુઓમાં તેમની આગલી શક્તિ રહેતી નથી, અને શરીર હવે જલદીથી ભાગી પડી કરચલીદાર બનેછે અને ચીમળાવા લાગે છે. આ જંતુઓ શક્તિ પાછી લાવવા સારૂ આસપાસના જંતુઓનું બળ ચોરવા માંડે છે અને આ પ્રમાણે આખું શરીર ઢીલું પડી જઈ અંતે નાશ પામે છે અને માણસને જરા તથા મૃત્યુને તાબે થવું પડે છે.”

“હીરાલાલભાઈ ત્યારે આપણાં કર્મજ આપણને ઉથલ-પાથલ કરી નાંખે છે! આપણી કરણી અને કહેણી એજ આપણી ભરણી અને રહેણીરૂપે થઈ પડે છે!”

“મુરબ્બી આત્મા વિષે એમ ન કહેવાય કે આ મારો આત્મા છે, અને આ તારો આત્મા છે. જેમ સૂર્યનો પ્રકાશ સર્વ પર પડે છે તેમ આત્માનો પ્રકાશ સર્વપર પોતાનું તેજ પાથરે છે, અને જેમ સૂર્યનાં કીરણ સૂર્યના તેજથી જુદાં નથી તેમજ

આત્મા સર્વ વ્યાપક છે અને પરમાત્માથી ભિન્ન નથી. બુદ્ધિ આત્માનું વાહન છે. જ્યાં સુધી આત્મા બુદ્ધિ મનસ સાથે જોડાતાં નથી, ત્યાં સુધી તેઓ માણુસના શરીરને કાંઈ પણ ઉપયોગમાં આવતાં નથી. કર્મની અસર આત્મા કે બુદ્ધિપર પડતી નથી. મનસ અહંકારથી ઉત્પન્ન થાય છે, અને જ્યારે મનસ શુદ્ધ હોય છે, ત્યારે આત્મા બુદ્ધિ સાથે જોડાય છે અને ત્યારે તે મનસ તેજસિ કહેવાય છે; કેમ કે બુદ્ધિ હવે મનસપર પોતાનું શુદ્ધ તેજ નાંખે છે, વેદાંત દર્શનમાં એને કારણુ શરીર કહે છે અને વારંવાર જે અવતાર લે છે તે આ મનસ તેજસી છે. મરણુ પછી શુદ્ધ મનસ આત્મા બુદ્ધિ સાથે જોડાઇને સ્વર્ગમાં રહે છે. દેવખાન કે સ્વર્ગ એક જાતની સ્વપ્નાવસ્થા છે. સંસારમાં માણુસ અનેક પ્રકારનાં દુઃખ અને વેદના ભોગવે છે, અનેક પ્રકારનાં પાપ કરે છે, પણ જો અપક્ષપાત વિચાર કરીશું તો જણુાશે કે કેટલીક વેળા માણુસ પોતાના કાંઈ પણ વાંક વગર પોતાની આસપાસના સંજોગોને માત્ર ભોગ થઈ પડે છે. આ લીધે એક સાધારણુ માણુસ થોડોક વધુ પાપી હોય, દોષીત કે નિર્દોષ હોય તોપણુ જ્યારે જીંદગીના ભારથી છુટે છે ત્યારે કતગાઈ ગએલો આ મનુ સ્વચ્છ સુખ ચોક્કસ વખત સુધી મેળવવાનો હક ધરાવે છે. જ્યાં સુધી તે પૃથ્વીપર જીવે છે ત્યાં સુધી કર્મ તેનાં પૂર્વ જન્મનાં કરેલાં પાપો માટે ઘટતી શિક્ષા આપે છે; પણ વ્યાજબી અને તે સાથ દયાળુ નિયમ પ્રમાણે મરણુ પછી તેના મનસને નિરાંત માટે થોડો કે લાંબો કાળ આપે છે, એટલે કે તેટલા કાળ પર્યંત તે દેવખાન કે સ્વર્ગ ભોગવે છે.

સાધારણ મનુષ્યો આ સુખી અવસ્થા આશરે હજારેક વર્ષ સુધી ભોગવતા રહે છે. આગલા જન્મના દરેક દુઃખી બનાવો અને કાંઈ પણ શોક ઉત્પન્ન કરે એવા વિચારો તેને સદંતર ભુલાવી દેવામાં આવે છે; અને મનસના સ્મરણમાં માત્ર આનંદજનક અને સુખ ઉત્પન્ન કરનારા વિચારો રહી જાય છે. આ પ્રમાણે દુનિયાઈ જીંદગીથી છુટયા પછી કર્મિક નિયમે તેણે જે અનેક કષ્ટ ભોગવ્યાં છે, તેનાં બદલામાં આ સુખી અવસ્થાનો અનુભવ કરાવે છે; તો પણ જ્યારે સ્વર્ગ કાળ પુરો થાય છે અને પુનર્જન્મ લેવાનો કાળ આવી પુગે છે કે કર્મ તેના જન્મ માટે યોગ્ય દેશ, યોગ્ય કુટુંબ અને યોગ્ય સ્થિતીની ગોઠવણ કરે છે, અને આગલા જન્મમાં તેણે જે કાંઈ પાપ કર્યાં હોય તેનાં જેવાં ફળ ચખાડે છે. માણસને જો કાંઈ પણ શિક્ષા થતી હોય તો તે કાંઈ કલ્પીત નર્કમાં થતી નથી, પણ જ્યાં તેણે પાપ કર્યાં છે એટલે આ પૃથ્વી ઉપરજ તે પાપની શિક્ષા ભોગવવી પડે છે. દરેક દુષ્ટ વિચાર કે કાર્યનો તેને હવે જવાબ આપવો પડે છે; જે જે માણસોને પોતાના પૂર્વ જન્મમાં સીધી કે આડકતરી રીતે દુઃખ દીધું હશે તે પણ પુનર્જન્મ લઈ તેની આસપાસ વસતા થશે. કર્મ આ માણસોને તેના માર્ગમાં મુકશે, અને આ સમાગમ પછી જેવાં બી વાવ્યાં હશે તે હવે લણવાં પડશે. પુનર્જન્મ અને કર્મના મહા નિયમોથી આપણે સમજી શકીએ છીએ કે શા માટે કેટલાક દેખીતી રીતે નિર્દોષ અને ભલા પુરૂષો પોતાનો આખો જન્મારો અનેક પ્રકારનાં કષ્ટ અને દુઃખમાં ગાળે છે, કેટલાક જન્મથી ભુખમરો વેઠે છે, કેટલાક જ્યારે કંગાલ ઝુંપડીમાં તો કેટલાક ભવ્ય હવે-

ક્ષીમાં જન્મ લે છે, કેટલીક વાર દુષ્ટમાં દુષ્ટ પુરૂષો ઉચ અને શ્રીમંત કુળમાં જન્મે છે, અને કોઈજ વેળા યોગ્ય પુરૂષો આવા યોગ્ય સંજોગો વચ્ચે જન્મ લેતા નજરે પડે છે. સંસારીક જીંદગીની આવી દેખીતી અસમાનતા અને ફરકનું કારણ અને મૂળ કાંઈજ નહીં પણ આ બે મહા નિયમોમાં સમાએલું છે. આપણે કહ્યું હે કે માણુસના છેલ્લા ચાર તત્વો નાશવંત છે, એટલે કે જ્યારે માણુસ મરણ પામે છે ત્યારે સ્થુલ શરીર, પ્રાણ અને પ્રાણુની ઉપાધી સૂક્ષ્મ શરીર એ ત્રણે મનસથી છુટા પડી જાય છે. સ્થુલ શરીર પાછુ પૃથ્વીમાં મળી જાય છે અને તેની સાથે પ્રાણ અને સૂક્ષ્મ શરીર પણ આસ્તે આસ્તે વીખેરાઈ જઈ નાશ પામે છે, ચોથુ વચલુ તત્વ કામ અને પાંચમું તત્વ મનસ એ બંને એક ચોકસ અવસ્થામાં દાખલ થાય છે, જેને કામલોક કહે છે તે કાંઈ ચોકસ સ્થાન નથી, પણ એક જાતની અવસ્થા છે. આ કામ લોકમાં મનસનો શુદ્ધ ભાગ કામરૂપથી છુટો પડી આત્મા બુદ્ધિ સાથે જોડાય છે, પણ આ ક્રિયાને કેટલોક વખત લાગે છે, પાપી અને દુષ્ટ પુરૂષના મનસને કામ કે કામરૂપથી છુટા પડતાં ઘણાં વર્ષ લાગે છે, પણ તેમજ વળી અતિ પવિત્ર પુરૂષો માત્ર એક ઘડી પણ કામલોકમાં રહેતા નથી, કેમ કે જીવતા જીવત તેઓ પોતાના મનસને અંકુશમાં રાખી સદા શુદ્ધ રહીને કામને વશ થતા નથી, અને તેથી મરણ પછી કામરૂપથી તેમનું મનસ તત્કાળ સ્વતંત્ર થઈ આત્મા–બુદ્ધિ સાથે યોગ કરી દેવખાન કે સ્વર્ગ ભોગવતું થાય છે. હવે કામલોકમાં આ કામરૂપ સર્વે પ્રકારના દુષ્ટ હવસોથી ભરેલું હોય છે, અને તેથી કેટલાક પાપી

પુરૂષોના કામરૂપો પોતાંના હવસો તૃપ્ત કરવા કેટલીક વાર પોતાના કોઈ સ્નેહી કે મિત્રના અંગમાં આવી અતિ પીડાકારક થઈ પડે છે. વળી આ કામલોકમાં અકસ્માત કે આપઘાતથી મરણ પામેલા માણસોના જીવ પણ ઘણા લાંબા કાળ સુધી રહે છે. કેમ કે આ અકસ્માત કે આપઘાત ન બન્યો હોય તો જ્યાં સુધી તેઓ પોતાના કર્મ પ્રમાણે પૃથ્વીપર જીવે ત્યાં સુધી તેમનુ મનસ તેમના કામરૂપથી જુદું પડતું નથી, તેથી આવા માણસો મરણ પછી પિશાચ બને છે, અને બીજા જીવતા માણસો મારફતે પોતાના કામ તથા હવસને તૃપ્ત કરવા અતિ આતુર રહે છે, અને તેથી જે જીવતા માણસો તેમની આ ઈચ્છા પુરી પાડી શકે એવી અનુકુળ સ્થિતીમાં હોય તો તેમના અંગમાં આવે છે, મેલી વિદ્યામાં કુશળ એવા મંત્ર તંત્ર તાંત્રીકો આવા પીશાચ પ્રેત સાથે સંબંધ રાખે છે.

સ્વર્ગમાં જીવ સાધારણ રીતે હજાર કે દોઢ હજાર વર્ષ કાઢે છે. હવે સ્વર્ગ કે દેવખાનમાં કેવા પ્રકારનું સુખ હોય છે! માણસે જીવતા જીવત જે જે સારા વિચારો કર્યા હોય, જે જે ઉત્તમ શક્તિઓ ખીલવી હોય તે સર્વેમાં તેનો જીવ અર્થાત્ આત્મા–બુદ્ધિ–મનસની ત્રીમૂર્તિ હવે નિરાંતે નિમગ્ન રહે છે. સ્વર્ગસુખ ભોગવનાર એમ સમજે છે કે તે પૃથ્વી છોડી ગયો નથી, અને મરણ જેવું કાંઇજ નથી. દૃષ્ટાંત તરીકે એક માતા એમજ માનશે કે તેના પ્રિય બાળકો અને સગાઓ હજી તેની પાસેજ છે, અને તેણીને સંપૂર્ણ સુખી અવસ્થામાં રાખવાને કાંઈ પણ બાકી રાખવામાં આવતું નથી. હવે સ્વભાવિક પ્રશ્ન

ઉદ્ભવ થાય કે જીવ આવી રીતે પૃથ્વીપર જે કાંઇ બને છે તેનાથી અજ્ઞાન કેમ રહે છે? પરન્તુ દયાનો નિયમ આજ છે. સ્વર્ગમાં જીવ જો કે સ્વતો તે સર્વજ્ઞાની છે, તો પણ તેની સમાપ્ત થએલી જીંદગીની છાયાથી તે હજી છવાએલો છે. તે છાયામાં તે લપટાએલો રહે છે. તે જન્મમાં ખીલવેલા ઉત્તમ ગુણો અને શક્તિઓ ઉત્તમ લાગણીઓ જેવી કે કૃપા દયા નીતિ, સત્યતા, પવિત્રાઈ અને બીજા સદ્ગુણોપર ભાવ આદ્દી તેના મનસમાં વાસનારૂપે વળગેલા રહે છે, અને આ લીધે સ્વર્ગમાં જીવ આ ઉત્તમ વાસનાઓથી ઘેરાએલો રહે છે; અને જ્યાં સુધી દેવખાના સ્વર્ગમાં વસે છે ત્યાં સુધી પૃથ્વીપર જે પ્રકારની જે જીંદગી ભોગવતો હતો તે જીંદગીના વિશુદ્ધ ભાગનું અનુકરણ કરતો રહે છે. જો કે પૃથ્વીપર વસતા તે સર્વે જ્ઞાની હોતો નથી, તેથી સ્વર્ગમાં પણ તે સકળ જ્ઞાન ધરાવતો નથી. અજ્ઞાન માણસોજ માયામાં ફસી પડે છે, અને સ્વર્ગ પણ સંસારી જીંદગીની પેઠે એક માયાછે, જો કે ત્યાંનું સુખ પૃથ્વીપરના સુખ કરતાં અતિ ઉત્તમ છે, તો પણ તે ઉત્તમ સુખ પણ અંતે માયાવી છે અને તેનો છેડો આવે છે, અને માણસને ઘટતી આશાએશ અને આરામ મેળવીને ફરી પુનર્જન્મ લેવો પડે છે. માત્ર જેઓ માયાના બંધનથી મોકળા છે, જેવા કે મહા જ્ઞાનીઓ અને યોગીઓ તેઓને સ્વર્ગની કાંઇ અગત્ય રહેતી નથી, પરન્તુ સાધારણ માણસ મરણ પછી તે સુખી અવસ્થા ભોગવી પરમ હર્ષ પાંમે છે. પૂર્વ જન્મમાં જે જે દુ:ખ ભોગવ્યાં હોય તે સર્વે તે ભૂલી જાય છે, એટલુંજ નહીં પણ દુ:ખ કે કષ્ટ શું છે તે પણ તે જાણતો નથી. જીવતા જીવન

જે જે સદ્દવસ્તુ મેળવવામાં તે નિષ્ફળ થયો હોય તે તેની પાસે હાજર હોય એમ તેને લાગે છે. સ્વર્ગ ભોગવનાર જે જે સદ્દ-ઇચ્છા મનમાં ધારે છે તે તેને તત્કાળ ફળીભૂત થાય છે. તેના અંતઃકરણમાં જે જે ઉત્તમ અને રૂડી લાગણીઓ અને આશાઓ હોય છે તે સર્વે સંતોષ પામે છે; અને પૃથ્વીપર જીંદગી ભોગવતાં જે જે કષ્ટ વેઠયાં હોય તેના બદલામાં સેંકડો વર્ષ સુધી સંપૂર્ણ સુખ ભોગવે છે, ટુંકમાં તે તેટલા કાળ પર્યન્ત સુખ-સાગરમાં નિમગ્ન રહે છે. સ્વર્ગ સુખની અવસ્થા આ રીતે એક જાતનું સુખી પણ લાંબુ સ્વપ્ન છે, અર્થાત્ સ્વપ્નનો અર્થ કંઈ એમ સમજવાનો નથી કે અવસ્થામાં કંઈ સત્યતા નથી, ખરી રીતે જોતાં આ સંસાર સ્વપ્નુંજ છે અને દેવલોકની અવસ્થા પણ એવું સ્વપ્નુંજ સમજવું. નહીં કે તે મનની માતા કલ્પના છે. આ અવસ્થા સ્વપ્નવત હોવા છતાં તેમાં આપણે અમુક કળા કે વિદ્યાનું વધુ જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ. જીવતા જીવત જે સારી વિદ્યા કે મનશક્તિ ખીલવવામાં અતિ આગ્રહથી મથ્યા હોય, જેવી કે ગાયન કે ચિત્રકળા, કાવ્ય કે તત્વજ્ઞાન વીગેરે તો તેવી શક્તિઓ અને વિદ્યાઓ આપણે સ્વર્ગમાં વધુ ખીલવી શકીએ છીએ, કેમકે સ્વર્ગસુખની જીંદગી પૃથ્વીપરની જીંદગીની એક શુદ્ધ પણ સ્વપ્નવત નકલ અનુકરણ છે. હવે જેઓ નાસ્તિક જડવાદીઓ છે, જેઓ આત્મા સ્વર્ગ વીગેરે કાંઈ માનતા નથી, તેઓને આ સ્વર્ગસુખનો લાભ મળતો નથી. તેઓનું મનસ બે જન્મ વચ્ચેનો અંતરકાળ અચેતનામાં કાઢે છે, તેટલો કાળ માત્ર ઉંઘમાં પડી રહે છે અને સ્વર્ગસુખનો કાંઈ પણ અનુભવ

મળતો નથી.

જ્યારે માણસ મરણ પામવાની અણીએ હોય છે, ત્યારે તેના શરીરના સર્વે ભાગો કરતાં તેનું મગજ સર્વથી છેલ્લું પોતાની ક્રિયા કરતું બંધ પડે છે, અને આ છેલ્લી ઘડીએ જન્મથી તે મરણ પર્યંતના સર્વે શબ્દો વિચારો, કામો તેમની બારીકે બારીક વિગત સહીત દૃષ્ટીએ પડે છે. એક ટુંક ક્ષણ સુધી તે સર્વજ્ઞાની થાય છે, અને આ ટુંક ક્ષણમાં જે જે કારણો તેની જીંદગીને દોરવતા હતા અને જે જીંદગીના બનાવોનો ગુપ્ત પાયો હતો, તે સર્વ આબેહુબ તેની નજરે પડે છે, તે પોતાનું સઘળુ જીવન ચરિત્ર તેના સત્ય સ્વરૂપમાં વાંચે છે અને હવે તેના અંત:કરણમાં કાંઈ પણ સંદેહ રહેતો નથી, કે જે દુ:ખો તેને વેઠવાં પડયાં હતાં તે કાંઈજ નહીં પણ તેનાં પોતાનાં કરેલાં પૂર્વ કર્મનાં વ્યાજબી પરિણામ હતાં, કેટલાક શુદ્ધ અને સાધુ પુરૂષો એકજ જીંદગીનું વૃત્તાંત જોઇ શકે છે એટલુંજ નહીં પણ તેઓને અનેક આગલી જીંદગીઓનું ભાન થાય છે, અને તેઓ કર્મીક નિયમોનું સંપૂર્ણ વ્યાજબીપણું જોઈ શકે છે, જેમ મરણ પછી માણસ પોતાની ભોગવેલી જીંદગીનું ચીત્ર જુએ છે તેમજ દેવખાના સ્વર્ગની અવસ્થા ભોગવીને જ્યારે જીવ પુનર્જન્મ લેવાની અણીપર હોય છે, ત્યારે જે પ્રકારની જીંદગી તે ભોગવવાનો હોય છે, અને તે જીંદગીમાં જે જે કારણો ક્રિયા કરતા થશે તે સર્વેને તે જોતો થાય છે. તેનો સૂત્રાત્મા સર્વે મોતીને દેખે છે, અને જન્મ લેનાર જીવ ક્ષણ વાર સર્વજ્ઞાની બને છે. સાધારણ માણસો આ પ્રમાણે પોતાના થએલા અને થનારા જન્મચરિત્રનું જ્ઞાન માત્ર બે વાર

જન્મતી વખતે અને મૃત્યુ પામતી વખતે મેળવે છે, પરન્તુ યોગીઓ અને સંતપુરૂષો જ્યારે ચોક્કસ હદ સુધી શુદ્ધ અને જ્ઞાની થાય છે ત્યારે તેઓને પૂર્વજન્મ સ્મૃતિ પ્રાપ્ત થાય છે અને તેઓ પોતાના દરેક પૂર્વજન્મના ચરિત્રનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. વેદાંતમાં જીવને સૂત્રાત્મા કહે છે કે જેમ એક સૂત્ર કે દોરીમાં મોતી પરોવાય છે તેમ આ જીવ સૂત્રમાં અવતારો પરોવાય છે. જેમ મધમાખી દરેક પુલમાંથી મધ ગૃહણ કરી બાકીનું કીડાઓને માટે રહેવા દે છે તેમ જીવ દરેક જન્મ અને અવતારમાંથી માત્ર શુદ્ધ અને સદ્વાસનાઓનો સંગ્રહ કરી જ્ઞાની ધ્યાનીની પદવી સંપાદન કરે છે. સ્વર્ગમાં સૂત્રાત્માને આ શુદ્ધ વાસનાઓજ વળગી રહે છે, અને તે ઉપરજ સ્વર્ગમાં મળતા સુખના પ્રકારનો આધાર રહે છે ત્યારે જે પુરૂષો આપ-સ્વાર્થી અને પાપી હોય છે અને તે સાથ નાસ્તિક હોય છે, તો તેઓમાં આવી કાંઈ પણ શુદ્ધ વાસના હોતી નથી, અને તેથી એવા પુરૂષો સ્વર્ગસુખ ભોગવ્યા વગર તરતજ ફરીથી જન્મ લે છે; અર્થાત્ જન્મ મરણના સંયોગોમાં અથડાઈ કુટાઈ પોતાનાં કરેલાં કર્મનાં ફળ ભોગવ્યાજ કરે છે, આ પ્રમાણે જીવ સુખ દુઃખ કર્મ અને સૃષ્ટી રચનાની ખુબી છે! મુરબ્બી ચાલો હવે સમય વધારે વ્યતિત થયો છે માટે ગંગા સ્નાન કરી લઇ ઝટ ઉતારા ભણી જઇએ !”

“હીરાલાલભાઈ આજે તમે મને ઘણોજ સંસ્કારી અને અધિકારી કર્યો છે. આજથી હું તમારો ઋણી છું. તમને આપેલા આશ્રય બદલ તમે મને સહસ્રગણો ઉપકાર બતાવી આભારમાં

દાટી દીધો છે! જ્ઞાનામૃત પરમ દુર્લભ્ય અને મોંઘું છે; તે તમે મને અનહદ કૃપા બતાવી તેનું પાન કરાવ્યું છે! મારા હૃદયમાંથી અંધકારનો નાશ કરે છે; અરે એકંદર મારા આખા કુટુંબનો તમે ઉદ્ધાર કર્યો છે! કાશીની કલ્યાણી જાત્રા, ગંગાનું સ્નાન અને તે સાથે તમારા જેવા પવિત્ર બ્રાહ્મણના મુખમાંથી નીકળતું જ્ઞાનનું પાન અમે પામી જીવનમુક્ત થયા છીએ. હવે મારી સઘળી વાસનાઓનો નાશ થયો છે! હીરાલાલ હવે હું દુનિયામાં તમારા શિવાય બીજું કોઈ મારૂં ત્રાતા જોતો નથી! પ્રભુ તમારૂં કલ્યાણ કરો!"

"મુરબ્બી, બેન અને માજી ચાલો હવે આપણે ઝટ ગંગા સ્નાન કરી ઉતારા ભણી જઈએ! આજ વાતો કરતાં વખત ઘણોજ વીતી ગયો છે!"

"અરે ભાઈ આજે અમારા પાપનો નાશ થયો છે; અમે સર્વે જણાં અજ્ઞાનના પાશમાંથી મુક્ત થયાં છીએ, ઈશ્વિર તમારૂં ભલું કરો!"

આ પ્રમાણે કહી જયરામ શેઠ અને તેનું કુટુંબ ગંગામાં સ્નાન કરવા પડ્યું, હીરાલાલ પણ કપડાં ઉતારી ગંગામાં ડુબકી ઉપર ડુબકીઓ મારી ન્હાવા લાગ્યો; જયરામ શેઠ પણ ધરાઈ ધરાઈને ગંગાજળ પી ગંગામાં ન્હાવા લાગ્યા, ત્યાં એક બાવાની જમાત "હરહર માહદેવ શંભો કાશિ વિશ્વનાથ ગંગા"ની ધુનનો પોકાર કરતી ગંગાસ્નાન કરવા આવી! બાવાઓ પણ એક પછી એક ગંગામાં કુદી કુદી ન્હાવા પડ્યા, અને ગંગામાં ડુબકીપર ડુબકીઓ મારી તરવા લાગ્યા! આ અરસામાં એક ઓનું મડદું

ગંગામાં તણાતું બાવા ભણી આવવા લાગ્યું, બાવાઓ મડદાને જોઈ એકદમ મડદા ભણી ગયા; અને મડદામાં કાંક જીવ છે એમ ખાત્રી થવાથી મડદાને કીનારાભણી ધકેલી બાવાઓ તેની આસપાસ તરતા તરતા મણિકર્ણીકાના ઘાટપર આવ્યા, ચાર પાંચ લઠ જેવા બાવાએ મડદાને ટાંગાટોળી કરી કીનારાપર બહાર કાઢયું, ત્યાં જમાતના અગ્રેસર ગુરૂરૂપ મનાતો એક મહા અલમસ્ત યોગીરૂપ બાવો મડદા પાસે આવ્યો; અને તેણે મડદાના મુખ સામું ધારીને જોયું, ત્યાં તરતજ બીજા બાવાઓને હુકમ કર્યો કે મડદુ આશ્રમમાં ઉપાડી લ્યો, કારણ કે તેનામાં ચેતના શ્વાસ અને જીવ છે; આથી બાવાઓ તે મડદાને ઉંચકી ન્હાઈ ધોઈ પરવારી હરહર મહાદેવ શંભો કાશીવિશ્વનાથ ગંગાનો પોકાર કરતા પગથીઆં ચઢતા ઝટ આશ્રમ ભણી વળ્યા, બાવાની પાછળ હીરાલાલ તથા તેના શેઠનું કુટુંબ પણ પગથીઆં ચઢવા લાગ્યું. વાંચકો ગંગા નદીમાં તરતું આવેલું આ મડદુ બીજું કોઈ મડદુ નહીં પણ રાત્રે ટ્રેનમાંથી પુલપરથી કુદેલી કુંદનનું મડદુ હતું! જમાતનો અગ્રેસર મનાતો ગુરૂ રૂપ અલમસ્ત યોગી તે કોઇ અન્ય યોગી નહીં પણ કાન્તાનો સંસ્કારી પતિ ભાનુશંકર જે નદીમાં તણાઇ ગયો હતો તે સંસાર ત્યાગ કરી કાશી આવી નિવાસ કરી રહ્યા હતો તે હતો. ગંગામાં તણાતી તણાતી કુંદન છેવટે ભાવિબળે બાવાની જમાતના સંગમાં આવી ભળી, અત્યારે જો કે તેની આસપાસ તેનો માનીતો મનનો માણી હીરો હીરાલાલ હતો; પણ અત્યારે બંને જણાં અન્યો અન્ય અજ્ઞાત હતાં, એક બીજાને ઘણો કાળક્ષેપ થવાથી ઓળખતાં ન્હોતાં! હવે

બધાનું શું થાય છે તથા અન્યો અન્યનો ભેદ કેવી રીતે ભાગે છે તે જોવા સારૂ વ્હાલા વાંચકો આઠમા ભાગ ભણી તરત ત્વરાથી નજર કરો! ઓહો આ તે "કાશીનો કલ્યાણી વાસ કે નિષ્પાપ નિવૃત્તિ નિવાસ?!"

ભાગ સાતમો સમાપ્ત.

કુંદન અને કુસુમ.

ભાગ ૮ મો.

કીંમત એક રૂપિઓ.



ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.

લેખક- કુંદન અને કુસુમ.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઇ.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવલ

કુંદન અને કુસુમ.

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ,

અથવા

સુધારાનો સાર કે ફૅશનનો માર!

ભાગ ૮ મો.

પ્રકરણ ૧ લું.

કર્મયોગે બનેલી કાગડી કે જ્ઞાનયોગે થએલી હંસણી!

દોહરો.

જીહ્વાને વશ રાખજે જીહ્વા વિકાર મૂળ;
જીહ્વા વશ તું રાખે તો સર્વ શમે તુજ શૂળ!

શિક્ષા ન દેવા યોગ્યને શિષ્ય બનાવનાર, વગર કારણે અટ્ટહાસ્ય કરનાર, શત્રુની સેવા કરનાર, સ્ત્રીઓના સંરક્ષણને

અંગે સંભોગ સુખ ભોગવનાર, અસ્થાને કંઈ પણ માગણી કરનાર, વૃથા ખુશામત, આપ વડાઈ અને સાચાં જુઠાં કરનાર, કુલિન છતાં કુકર્મ કરનાર, નિર્બળ હોવા છતાં બળવાનો સાથે બાથ ભીડનાર, અશ્રદ્ધાળુઓને ઉપદેશ દેનાર, ન ચહાવા યોગ્યને ચહાનાર, પુત્રવધુ સાથે ઠઠ્ઠા મશ્કરી કરનાર, તેની સાથે રહી પ્રતિષ્ઠા વધારવાની ચાહના ધરાવનાર, પરાયા ખેતરમાં બી વાવનાર, નાહક પારકાની લાગણી દુઃખાવનાર, કોઇ પણ વસ્તુ લઇને ઇનકાર કરનાર, દાન કરીને પોતાની મેળે બડાઇ મારનાર, ન થયાને થયું માનનાર, આ સઘળી પ્રકારના મનુષ્યનો સ્વર્ગમાં સમાવેશ થતો નથી. અરે આ લોકમાં પણ એમને માટે સ્થાયી શાંતીનું સ્થાન નથી.

મરજી જો થાય તો તરતમાં લે કરી યજન પૂજન ભજન દેવ કેરૂં,
દેહને જીવનું રૂપ શાને ગણે દેહ છે જીવનું માત્ર દહેરૂં;
દાસ દુર્લભ કથે મફતનો શું મથે રંચ સરખો નથી સાર જેમાં,
સાર તો એક છે બ્રહ્મના જ્ઞાનમાં લક્ષ તું રાખજે શુદ્ધ એમાં.

તમારે તમારૂં જીવન અપવિત્ર અને ગંદુ બનાવવું છે ? જો તેમ ચહાતા હો તો દુરાચરણી, મૂર્ખ, ચાડી ચુગલી કરવાવાળા, અધર્મ, કટૂતા કરનારા, ક્રોધી અને ટુંકામાં પ્રભુના નિયમોને ઓળંગી જઇ સ્વચ્છંદે વર્તવાની ટેવ પાડો. અર્થાત આવી ટેવોથી અવતાર એળે જાય છે. અરે એવાને છાંયડે પણ ન ઉભા રહો; કિન્તુ જે વ્યર્થ બકવાદ ન

કરતો હોય, દાન દયાને તથા દીનતાને સારી રીતે સમજી અનુભવમાં આણુતો હોય, સમયની સારી રીતે કીમ્મત તથા કદર કરવાવાળો હોય, વાણી પર કાબુ, ઇન્દ્રીઓને પરાજીત કરનાર અને આત્મા પ્રત્યે સાચો સ્નેહ ધરાવનાર હોય એવા પૂજ્યોની પાસે જીવન વહન કરો, કેમકે જન્મની સફળતા એમાંજ છે. સમિધાથી જેમ અગ્નિ વધે છે તેમ લક્ષ્મી પણ વધે છે. લક્ષ્મીને વધારનારી સમીધા, ધૈર્ય, શાંતિ, સંયમ પવિત્રતા, દયા, કોમળતા, વિમલ અને નમ્ર વાણી તથા મૈત્રીભાવ છે. જે મનુષ્યોથી આપણી શાન્તિ અને ઉન્નત માર્ગમાં ખલેલ નડતી હોય એવા અંગળળી જડબુદ્ધિના અને જડસાઓનો સમય પરત્વે પ્રસંગ પડે તો તેને તમે અપ્રસન્ન કરશો નહીં, પણ તેને રૂચે તે પ્રકારનો નિર્દોષ આનંદ આપી ત્વરાથી એનાથી મુકત થાઓ!

* * * *

જગત્ આ કિલષ્ટ છે રે સુખમય એકજ જ્ઞાનઃ—૦
જ્ઞાન રૂપ છે નાવ અનુપમ આ ભવ તરવારે
જ્ઞાન વિના જન પશુ સમ જાણો આવ્યા ચરવારે
જે પામર ચેતે નહીં ચિંતે તેને શું કહેવાય ?
કરણી તેવી પાર ઉતરણી એ કહેવત ઉચરાયઃ-૦
ધર્મ કર્મમાં ધ્યાન ન રાખે થઇને અંધારે
સ્વારથ માટે ઘણા કરે છે નીચા ધંધારે
પાછળ કાળ ભમે છે તેની ખબર ન રાખે લેશ
કોણ થાય અજ્ઞાની એવા વાનરનો એ વેષઃ—૦
અહીં અવતરી પડે મોહમાં જ્ઞાન આવેરે
થાકીને પસ્તાય પછી દિન વ્યર્થ ગુમાવેરે

જપ ભૂલી બહુ પાપ કરે છે રેંટ પ્રમાણે થાય
એક ભર્યું ઠલવાય એકમાં પાણી પાછુ ભરાય:—૦

" તું પાછળ કેમ પડી તૃષ્ણા તું પાછળ કેમ પડી
આવી દ્વારે શીદ અડી તૃષ્ણા તું પાછળ કેમ પડી:—૦
લાખોને લટકાવી માર્યા, ફાંસી તારી વડી
સર્વ થકી સાચુ કહુ સૌના માથાની તું જડી:—૦
મૂર્ખ તણો તો શુંય ઓનો ચાતુર ચિત ચડી
ચપળા કરતાં ઘણી વધારે તારી ગુપ્ત હડી:—૦
જ્યાં જોઉં ત્યાં તારી બેડી તારી તેમ કડી
હાથ પાય તેં સૌના બાંધ્યા સત્તા તારી છડી:—૦
કસોટી કરવા દૈવે તુજને લોઢાનીજ ઘડી
વદે શ્યામ સુત દુર્લભ સુખથી તું અગ્નિ શગડી:—૦ "

" વિશ્વાધાર કિરતાર, હવે મારા પાપનો કયારે આવશે પાર ? કરમ એક પછી એક એમ ઉભરાઈ જાય છે, કાયા દીવસે દીવસે કષ્ટમાંજ ખરાબ થાય છે ! ઘડીકમાં મૃત્યુના મુખમાં જઇ પડુછું, તો ઘડીકમાં કોઇ સુખી છાંયડી તળે ક્ષણવાર રહુ છું. પંથે પરવરતા નજરે કંઇ પાર વિનાના પડે છે રક્ષક, તો ડગલે ડગલે સેંકડો જડી આવે છે આ રૂપના કઇ ભક્ષક ! ઘડીકમાં આ મગજમાં અલૌકીક પ્રગટી આવે છે જ્ઞાન, તો તેજ ક્ષણ પલટાતાં કાંઈ પાર વિનાનું ભરાઈ જાય છે અજ્ઞાન ! ઘડીમાં ડાહી થઇ આનંદમાં વિરમું છું; તો ઘડીકમાં ઘેલી બની ભ્રમણામાં આમ તેમ ભમું છું ! આ શું કહેવાય ? આ દુઃખ કોને કથાય, ભાવિમાં જે લખ્યું હોય તે મિથ્યા તો નજ થાય !

હાય હવે દરદ નથી ખમાતું; પીડા સહેવાતી નથી, અંગે અંગે રોગ વ્યાપી ગયો છે, નસે નસે વિષ રેલાઇ ગયું છે! રોમેરોમે વીંછીની વેદના થાય છે, જીવ ગભરાય છે, હવે શું કરૂં? કયાં જાઉં? કેમ કરી સુખી થાઉં? પ્રભુ પ્રભુ પ્રભુ મારા પર દયા કર.! દયાસિંધુ દયાનું એકાદ બિન્દુ પણ આ દુઃખી પર નાંખ! હવે આ નાકકટ્ટી કાન્તાને વિશ્વમાં કોઈ સંઘરનાર નથી; ચોગરદમથી હાડ હાડ થઈ છું! મારા કરમે મારાં હાડ ભાગી નાંખ્યાં છે; મારા રોગે મારાં ગાત્ર ભંગ કરી નાંખ્યાં! જેમ તેમ કરી કાલાવાથી કરગરી ખોળા પાથરી વિનવણીથી કાશી ભેગી થઈ છું; પટેલીઆના સંઘનું પ્રભુ કલ્યાણ કરો! એ દયાળુ સખી દીલના ગૃહસ્થોએ મને કાશીમાં લાવી ઉતારી મુકી! મારૂ કરમ આડુ આવ્યું! મારૂં ભાગ્ય મારા પર ક્રોધાયમાન થયું! રસ્તામાં અધવચ એકાએક વિસ્ફોટકનો વિષમ વ્યાધી ઉભરાઈ આવ્યો; તેની જોડે આખા શરીરે પત ફુટી નીકળી, કંચનવરણી કાયામાં પત્તરોગથી કાણાં પડી ગયાં, સુંદરતાથી શોભતા શરીરમાંથી પરૂ અને લોહી વહેવા લાગ્યું! રૂપસુમન ઉપર જ્યાં મધુકર ગુંજારવ કરતા હતા ત્યાં માખીઓ બણગણવા લાગી! મારો કારમો રોગ જોઇને સંઘવાળા ધ્રુજી ઉઠયા, અને રખેને તેમને રોગ થઇ આવે એવી ભીતી ધારી મને સંઘમાંથી કોરે કરી; કોરે કરતાં કરતાં પણ કાશી ભેગી કરી, મને કોરે કરી! કોરે કરતાં કરતાં પણ મંને અજ્ઞાનતાનાં પડળ ફુટી જાય તેવી સોનેરી શીખામણ આપી કોરે કરી! કોરે કરતાં કરતાં પણ મને ગુજરાન સારૂ દશબાર લુગડાં તથા પાંચ પચીસ રૂપીઆની

મતા આપી કોરે કરી! કોરે કરતાં કરતાં પણ મને બ્રાહ્મણ ધારી પારાવાર કાલાવાલા કરી પ્રણામ કરી દીલગીરી ભર્યાં વદને કોરે કરી! કાશીવિશ્વનાથ તેમનું કલ્યાણ કરો! પ્રભુ તેમને ઠારો! ગંગાજી તેમનાં કોટી જન્મનાં પાપ પ્રલય કરો! વિભુ તેમને સુખી કરો!"

આ પ્રમાણે હાડમારી ભોગવતી કાન્તા સંઘમાંથી નીસરી એક બચકી બગલમાં મારી કાશીની ગલીકુંચીઓમાં ફરી ફરી છેવટે થાકી કંટાળી ગંગાના કિનારાપર આવી. વિસ્ફોટક અને પત્તરોગથી બહુજ કાયર થઇ તે અસહ્ય દુઃખ ભોગવવા લાગી. એક તો સ્ત્રીજાત, વળી નાક મળે નહીં અને તેમાંએ આખે શરીરે વીસ્ફોટક, પત અને એ શિવાય અનેક ઉપાધી અને વ્યાધી ફુટી નીકળેલા એટલે તેને કોઇએ સંઘરી નહીં; અર્થાત્ ધરતીમાતા પણ તસુ જગ્યા આપવાને આનાકાની કરવા લાગ્યાં! આખી કાશીપુરીમાં તેના નામનો કોલાહલ થવા લાગ્યો; મહેલ્લાનાં છોકરાંઓ પણ તેને જોઈ કાંકરા મારી મારી હુરીઓ હુરીઓ કરવા લાગ્યાં. જે કોઈ તેને મળે તે તમામ તેનો રોગ જોઈ તથા નાક કપાએલું જોઈ છટ્ છટ્ જતી રહે રાંડ ડાકણી પીશાચણી દુર થા, તને જોઈ અમારાં છોકરાં છળી મરે છે. આ પ્રમાણે કહી હડધુત કરવા લાગ્યા. આવા અજબ પ્રકારના તિરસ્કાર અને ફીટકારથી કાન્તા ત્રાસ પામી બ્હેકી ગઈ અર્થાત કાંઈક ગાંડી, ઉન્માદી અને દીવાની બની ગઈ! આ વ્યાધીના ઉન્માદને ઉન્માદમાં ગાંસડી પોટકી જે કાંઈ હતું તે તમામ ફેંકી દીધું, અને સરીઆમ રસ્તા પર ચોગરદમ દોડમદોડા કરવા

લાગી ! જ્યારે થાકતી અથવા મારથી ત્રાસ પામતી ત્યારે ગલી-કુંચીએ અગર રસ્તાના ખુણે ખોચરે અચેતની માફક પડી રહેતી, અને જ્યારે કાંઈ કળ વળતી અર્થાત્ ભાન આવતું ત્યારે તે જે કાંઈ રસ્તામાં પડયું હોય તે વીણી લઈ એકઠું કરી બચકી બાંધી આમ તેમ ફરતી અને ગો ગ્રાસ તથા શ્વાન ગ્રાસના જે કાંઇ ભોજનના ટુકડા મળે તે વીણી ખાતી ! આ પ્રમાણે અધમ સ્થિતીને પ્રાપ્ત કરી કાન્તા છેવટે ગંગાના કીનારા પર આમ તેમ ફરવા લાગી ! તેનો રોગ પણ બહુજ ભયંકર રીતે ફાટી નીકળ્યો; કાન્તા પણ ત્રાસ પામી આખો દીવસ શરીર ખણી ખણી બુમરાણુ કરવા લાગી ! તે પણ આત્મઘાતના અનેક પ્રકારના ઉપાયો યોજવા લાગી; પણ તેને કાંઈ અસરજ ન થઈ ! જે કાંઇ ઔષધને મિષે મળે તે ખાઈ જતી; અર્થાત ચોપડવાની દવા પી જતી અને પીવાની દવા ચોળતી હતી; ટુંકામાં ગમે તેમ કરી મોત આવે તો આ ઉપાધીમાંથી છુટાં થવાય એમ ધારી તે મૃત્યુને શોધતી હતી અર્થાત કાળના મુખ ભણી ધસી જતી હતી ! મૃત્યુ પણ તેને જોઇ કંપાયમાન થઇ દોઢ ગાઉ દુર ભાગતું હતું, અર્થાત માગ્યું મોત પણ ના મળે એ સુત્રાનુસાર કાન્તા જ્યાં મોત લેવા જાય ત્યાં મોત કાન્તાને જોઈ દશ ગાઉ દુર ભાગી જાય; આ પ્રમાણે કારમો ખેલ થતો હતો ! ભાવિ કાન્તાને પાપની સજા જેવી જોઇએ તે કરતાં પણ અધીક પ્રમાણમાં કરતું હતું. દુનિયાને પુન્ય અને પાપ તેના સારા નરસા રસ્તા કાન્તા માફક ભાવી બતાવતું હતું. એક બ્રાહ્મણ કન્યા સંસ્કારી કુલીન કુટુંબની ઉંચ કેળવણી પામેલી

સંગતિ દોષે કરીને અર્થાત કુધારા ફેશન એટીકેટ અને પોઝીશનને વાયરે ચઢી આવી અધમ સ્થિતીને પ્રાપ્ત થઈ હતી. શાસ્ત્રમાં વ્યભિચારને એક મહાપાતક ગણ્યું છે અને તેને વાસ્તે ઘોર ઘોર પ્રકારની સજા બતાવેલી છે તે પ્રમાણે ઘોર ભયંકર શિક્ષા કાન્તાને હવે થવા લાગી! પતિનો તિરસ્કાર કરનારી, સુધારાને રસ્તે ચઢી સ્વતંત્રતાની હવા લેનારી અને પ્રેમના આચાર વિહારને નામે સર્વદા વ્યભિચારમાં રમણ કરનારી, આર્ય વ્યવહાર બંધનની કક્ષા તોડી કેવળ પુનર્લગ્ન કરી નાતરામાં નાચનારી નારી કાન્તા છેવટે નકટી બની આવી અધમ સ્થિતીને ધારણ કરી જીંદગી ગુજારવા લાગી! ગાંડાની માફક આખા ગંગાના કીનારા પર એક ભુખી ભટકતી અગર હડકાઈ કુતરીની માફક ફરવા લાગી! ફરતાં ફરતાં થાકતી ત્યારે એક ઠેકાણે પડી રહેતી, અને જ્યારે પડી રહેતાં કંટાળતી ત્યારે કુતરીની માફક પુંછડી હલાવતી અર્થાત લુલીને ચલાવતી જેમ આવે તેમ બકતી ભટકાતી હતી!

"હાય માતા! મીઠાં ન માન્યાં વચન મેં તારાં દહાડા દુ:ખના આવા દીઠા હાય માતા! હાય માતા! મારા ગણ્યા નહીં વડીલ મેં કોઇને દુ:ખના દેખ્યાં મેં દિવસે તારા હાયમાતા! હાય માતા! સત્તા અંકુશ રાખ્યો ન પતિનો તેમ પિતાનો ખાધા ખુબ ખત્તા હાય માતા! હાય માતા! ભટકી ભુમી પર શ્વાનની માફક હાય મરૂ છું હું શિર પટકી હાય માતા! હાય માતા! મારૂં ન કોઈ વિશ્વે થાતું જીવન થયું છે અતિશય ખારૂં હાય માતા! હાય માતા! મેલી મેં દુનિયાં સ્વચ્છંદી થઇને

ખુબ ફરી કોઈ દીસે ન બેલી હાય માતા! હાય માતા! કહાણી કરમની કુડી કોને કહું ભાવી કર્યું કરથી ધુળધાણી હાય માતા! હાય માતા! કરણી કરી છે કાળી મેં કોડે અંતે પામી વિષમ હું ભરણી હાય માતા! હાય માતા! હસી હસી કરીયાં પાપ જે પ્રીતે રોઈ રોઇ ભોગવું દુઃખમાં ધસી હાય માતા! હાય માતા! સત્કાર કર્યો નવ સ્નેહે મેં કંથનો થાતો પંથે મારો તિરસ્કાર હાય માતા! હાય માતા! ધરમ તજ્યો મેં કરમ કર્યાં છે કાળા કોટી કહેતા કોઇને આવે શરમ હાય માતા! હાય માતા! પરમ જે પંથ પુનિત પુરાણો પરહરી આવ્યો નવીન પુટયું છે કરમ હાય માતા! હાય માતા! વિબુધ વ્હાલાનો બોધ ન લીધો ક્રોધ કરે કંઇ લાખો અબુધ હાય માતા! હાય માતા! જાઉં ક્યાં હું થાય પસ્તાવો પરમ તો ચિત્તમાં નિત દુઃખી થાઉં હાય માતા! હાય માતા! થશે શું મારૂ સૂજ ન પડે કાંઈ બળી બળી થાઉં છું અંગે લોક હસે હાય માતા! હાય માતા! રાંક બની હું કાંકરી મારે થાય ફજેતા ફરતા હરતા દયા કરો દિનબંધુ કાંક હાય માતા! હાય માતા! સહન ન થાતું કષ્ટ હવે તો વ્યાધી કરે છે દીલ મુજ દહન હાય માતા! હાય માતા! આભ ઉપર મુજ ધરતી તળે છે વચમાં એકલડી બેલી તું બાપ હાય માતા! હાય માતા! સાગર દયાના કરૂણા કરજો કર જોડું વિનવું નટ નાગર હાય માતા! હાય માતા! આરો ન એકે અવનીમાં મુજને મારવી હોય તો હજુ પણ મારો હાય માતા!"

જેમ આવે તેમ ડાહ્યો ગાંડો લખારો કરતી કાન્તા કિનારા

ભણી આધીને આધી ચાલવા લાગી. મરજીમાં આવે ત્યાં તે ઉભી રહેતી અને મરજીમાં આવે ત્યાં તે ચાલી જતી; ઘડીકમાં આકાશભણી જોઇ બે હાથ જોડી ઇશ્વર આગળ ઉપર કહી તેવી પ્રાર્થના કરતી, આંસુ પાડતી અને અવિનાશીને વિનવતી અને ઘડીકમાં તેના કરેલા કર્મના રાગડા કાઢી કલાકના કલાક સુધી રડતી; વળી કાંક વિચાર આવતો કે તરત આતુરતામાં અને અધીરાઈમાં આમ તેમ કુદી નાસ ભાગ કરી મુકતી. તેના મગજમાં જેવા જેવા વિચાર આવતા તે પ્રમાણે તે તરેહવાર વર્તન ચલાવતી હતી. કિનારા પર ચાલતાં ચાલતાં અનેક અનેક પ્રકારનાં નખરાં ચાળા ચેટક કરતી અને વળી વ્યાધીની જ્યારે પીડા થતી ત્યારે ભુમરાણ પાડી જમીન પર આળોટતી અને દયા આવે તેમ કાલાવાલા કરી લોકો ભેગા કરી શોરબકોર મચાવી મૂકતી હતી. અત્યારે કિનારા ભણી ચાલતાં ચાલતાં તે છેક જ્યાં કરવત મૂકવામાં આવે છે ત્યાં ગઈ અને ત્યાંના કરતા કારવતાઓને પોતાનો નાશ કરવા સારૂ વિનવવા લાગી અને તેને શરીરે થએલા ભયંકર અને જીવલેણ વ્યાધીનું વર્ણન કરી દયા ઉત્પન્ન કરાવવા લાગી!

"અરે કરવતીઆઓ ભાઈ આ રાંક પર કરૂણા કરો!"

"બાઈ તું કોણ છું; અત્યારે આ વખતે તું અહીં કયાંથી! એકલી કેમ છો?"

"ભાઇ હું કરવત મુકાવા આવી છું."

"તારા પર કરવત નહીં મુકવામાં આવે! તું જુવાન છે ઉમ્મરમાં ઘણીજ ઉછરતી વયની જણાય છે! તારે એવું શું

દુઃખ છે કે તું કરવત મુકાવા અહીં આવી છું!"

"ભાઇઓ હું મહા દુઃખી છું, મારા પર દયા કરો, કરવત મુકી મને દુઃખમાંથી મુક્ત કરો!"

"બાઈ મૃત્યુ માગીને માથે લેવાથી દુઃખમાંથી મુક્ત થવાય છે એમ તું માને છે? ના, ના. જો એમ માનતી હોય તો તારી ભૂલ છે! માગ્યું મોત પણ મળી શકતું નથી! મનુષ્યને માથે પડે તે મનુષ્યે વેઠવું જોઈએ! તેના મનની તમામ વાસનાઓ લાલચો અને જરૂરીઆતો તેણે કરવત મુકાવા પહેલાં સંસારમાં રહી પુર્ણ કરવી જોઇએ. કરવત મુકાવતી વખતે કાંઈ પણ કામના કે દુઃખ કરવત મુકાવનારે ધરવું ન જોઇએ!"

"ભાઈ હું તમામ વાસનાથી અને કામનાથી મુકત છું! હું મોતજ માગુ છું. ડગલે ડગલે ચાલતી હાલતી હું મૃત્યુને શોધુ છું પણ મને તે કેમે કરી જડતુંજ નથી! લોકો કહે છે કે આમાં મોત છે; પણ હું તો કશામાં મોત જોતી નથી; માટે મારા વીરાઓ મારા પર કરવત ચલાવી મને જીવન મુક્ત કરો!"

"બાઈ તું તે ગાંડી છું કે ડાહી! આટલી નાની ઉમ્મરમાં મોત માગવા આવી છું. તું કોણ છે? તારે માથે એવું શું દુઃખ છે કે તું મરવા તૈયાર થઇછું!"

"વીરા મારા સમાન જગતમાં કોઇ દુઃખીજ નથી, મારા દુખનું વર્ણન કરવાને મારી જીભમાં શક્તિ નથી! નાની ઉછરતી વયમાં હું મોત માગવા આવી છું એ ઉપરથીજ તમે ખ્યાલ કરો કે હું સુખી હઈશ કે દુઃખી હઇશ? જુવાન સ્ત્રીઓને જીંદગીની કેટલી બધી કીંમત હોય છે એ તમારી શું જાણ

બહાર છે ?"

"માટેજ બાઇ તને કહીએ છીએ કે તું અહીંથી ચાલી જા! કરવત મુકાવામાં કંઇ સાર નથી! આત્મહત્યા સમાન કોઈ ભયંકર પાપ નથી! મનુષ્ય એક ભવથી કંટાળીને આત્મ-હત્યા કરવા તૈયાર થાય છે તેના ભવિષ્યના સાત ભવ આત્મહત્યા કરવામાંજ જાય છે. મૃત્યુ એ દુઃખનો અંત નથી; પણ જીંદ-ગીનો વિસામો છે; મોત એક જાતની શાંત અને સુખી અવસ્થા છે. તે અવસ્થા સ્વપ્નાવત છે, લાંબા વખતની નથી. જે લાલચ વૈભવ, જરૂરીઆત કામના અને મમતાનો ત્યાગ કરી શકે છે તેજ મનુષ્ય સુખેથી માગ્યું મૃત્યુ મેળવી જીવન મુક્ત થઇ આત્માને આનંદ આપી શકે છે. આવેશવાળા મનુષ્યો ઘડીમાં રાગી અને ઘડીમાં વિરાગી થઇ મૃત્યુ સારૂ ફાંફાં મારે છે તે ફાંફાં કેવળ ફંદ છે. હાથે કરી મૃત્યુ પામનારા મનુષ્યો ઘણાજ પસ્તાય છે. મૃત્યુ પછી પણ જે કામનાઓ અને વાસનાઓ તેમને જીવતાં જીવતાં હેરાન કરતી હતી, અને જે જીંદગીને ખારી ઝેર બનાવી મૃત્યુ શોધાવતી હતી તેજ વાસનાઓ અને તેજ કામનાઓ મૃત્યુ પછી જીવની અધોગતી કરવા તૈયાર થાય છે, માટે બાઈ જો તું અંતરમાં પારાવાર ક્લેશ પામી હોય તો તું પાછી જા! તારા ક્લેશને સમવા દે; પછી તરતજ તારા વિચાર બદલાઇ જશે. મૃત્યુ એ કાંઇ એક જાતનો વૈભવ કે સુખ નથી, કે જેની પર મનુષ્ય સત્તા ચલાવી ફાવે તેવો તેનો ઉપ-યોગ કરી શકે સમજી બાઈ ચાલી જા અહીંથી!"

"વીરા મારી અંતરવ્યાધી મૃત્યુના ઉપચાર સિવાય કદી

પણ શાંત થશે નહીં. મને વીતવામાં કાંઇ પણ બાકી રહી નથી. તેમ મેં પણ પાપ કરવામાં જરા પણ પાછી પાની કરી નથી! મને જે કાંઇ થયું છે તે મારા કર્મનું ફળ છે! મારા પાપની શિક્ષા છે! હું કોઇને પણ દોષ દેતી નથી, દોષ મારા કર્મનો છે! જેટલું મનને કાબુમાં રખાય તેટલું હું રાખી ચુકી છું; પણ છેવટે મન પર સત્તા નહીં ચાલવાથીજ મૃત્યુંને શોધવા હું નીકળી છું; માટે મારા વીરા મને મોત માગ્યુ આપો!"

"અરે બાઇ તું ઘેલી છે કે ડાહી છે! તારી સ્થિતી કોઈ વિલક્ષણ પ્રકારની છે! તું કોણ છું તે અમે સમજી શકતા નથી. આટલી નાની ઉમ્મરમાં આટલો તીવ્ર વૈરાગ્ય, આવો સખત અણગમો! સંસાર પર આટલો બધો કંટાળો! બહેન તું કહે ના કહે પણ તું કોઈ મોટી અપરાધી છું, કોઇ ભયંકર ગુન્હેગાર છું! બોલ સાચુ બોલ તું કોણ છે?"

"વીરા તમારૂં ધારવું સાચું છે! હું મોટી અપરાધી છું, ભયંકર ગુન્હેગાર છું, એમાં જરા પણ શક નથી; અને તે અપરાધ અને ગુન્હાના બદલામાં હું મોત શોધુ છું. હાલ મૃત્યુ શિવાય મારા વાસ્તે બીજો કોઈ ઉપચાર નથી! હું દુઃખીઆરી છું, મહા મહા ઘોર કૃત્ય કરનારી કાળી કાગડી છું! અરે કહો કે હું અધમ પાતકી છું! માટે તે સર્વ પાતકના બદલામાં મને મોત આપી મુકત કરો!"

"અરે બાઇ જગતમાં પાપની સજા શું મોત છે? ના ના મોત નથી પણ કંગાલીયતભરી જીંદગીની લાંબી જીવાદોરી ઘડપણ છે! હદ ઉપરાંતનું જીવન એ પણ એક પાપની સજા

છે! જો મનુષ્ય મૃત્યુ વહોરી પાપમાંથી મુકત થઇ શકતા હોત તો દરેક જણુ પાપ કરી પૃથ્વીમાંથી ચાલતા થયાજ હોત અને ટુંક અરસામાંજ પૃથ્વી પાપીઓ રહીત થઇ ગઇ હોત, પણ ના ના તેમ નથી મૃત્યુ એ એક એવી વસ્તુ છે કે જેના પર કોઇનો અધીકાર નથી, જેના પર મનુષ્ય જાતનું સ્વામિત્વ નથી, તે કયારે આવે છે તેની કોઇથી પણ કલ્પના થઈ શકતી નથી; તેનો રસ્તો અને તેની અવધ એ એક એવી વસ્તુ છે કે જે જાણવાને માટે અરે મૃત્યુ સુધારવાને માટે અનેક જીવધારીઓ સંસાર તજી જંગલમાંજ મંગલ માને છે અને પ્રભુની ભક્તિ કરી સર્વદા આનંદમાંજ વિરામે છે; માટે ભાઇ તું હવે અહીંથી દુર જા! ચાલી જા! વધારે વખત આ સ્થાનમાં રહેવાથી નુકશાન છે, માટે ભાગી જા!"

"વીરા ભાગી જવા માટે હું આવી નથી, પણ ભાગ લેવા આવી છું. મને તમારા કહેવાની તલમાત્ર પણ અસર નહીં થાય! હું જે માગું છું તે જ્યારે લઈશ ત્યારેજ અહીંથી જઈશ! તમે બધો ઉપદેશ આપવો મુકી દઈ મારા ઉપર કરવત ચલાવો! હું મોત માગવા નીકળી છું તો મને મોત આપી સુખી કરો! આ કરવત શા વાસ્તે છે તો જીવનના કરને વાસ્તે છે તો મારો જીવન કર લઈ મને જીવન મુકત કરો! કરવતની સ્થાપના જીંદગીના બચાવને વાસ્તે નથી પણ જીંદગીના વિનાશને વાસ્તે છે, તમે જીંદગીના રક્ષક નથી; પણ જીંદગીના ભક્ષક છો! જો રક્ષક હો તો અહીંથી ચાલ્યા જાઓ; અને જો ભક્ષક તથા કરવતના પક્ષક હો તો તમારી ફરજ બજાવી મને મુકત કરો!"

"ભાઈ તું કોઈ અજબ માણુસ છે! તારૂં નાક ક્યાં છે? આ શરીરે શો રોગ થયો છે? અરરર કેવી દુર્ગંધી મારે છે; નાક ફાટી જાય છે, ભાઈ ચાલી જા આ કરવત આવી ગંધાતી ગોબરી અને જરા પણ કલંકીત અથવા શંકા પડતી કાયા કે જીંદગીનો ભોગ લેતું નથી પણ તે તો નિષ્કલંકીત ભોગ લે છે!"

"વીરા હું એક અજબ માણુસ છું. મારા પર જે કાંઇ થશે તે ગજબજ થશે! મારૂં નાક મારા કર્મથી કપાઈ ગયું છે, અને જે રોગ તથા દુર્ગંધી તમે મારા શરીરમાં જુઓછો તે સઘળાં મારાં પાપ અને દુષ્ટ કામનાના વિચારો છે! હવે તે સઘળા મારી કાયાનો મોહ મુકી ચાલ્યા જાય છે; માટે હવે મને માગ્યું મોત આપી છેવટની સુખી કરો!"

"ભાઈ તારૂં કહેવું અમને અક્ષરે અક્ષર ખરૂં લાગે છે! તારી સ્થિતી જોતાં અમને એમજ લાગે છે, તું કોઈ ભયંકર પાપની સજા ભોગવે છે!"

"અરે વીરા હવે મને ધરતી ચાલવાની જગ્યા પણ આપતી નથી; રસ્તે જતા આવતા લોકો પણ મને જોઇ ફીટકાર તિરસ્કાર આપી હાડ છેડ કરી કાંકરા મારે છે; નાના છોકરાઓ પણ મારો હુરીઓ બોલાવી મને માર ફાડ કરે છે; અરે કોઇ પણ માણુસ મારી તરફ દયાની લાગણીથી જોતું નથી. ખરેખર ભાઇ મારો કોઈ પણ માણુસ સત્કાર કરતું નથી; હવે હું સર્વદા સર્વ કોઇના તિરસ્કારને પાત્ર છું. આદર મારે વાસ્તે હવે અવનીના કોઈ પણ ખુણામાં રહ્યો નથી, સર્વત્ર અનાદરજ હું અવલોકું છું; અતિઋણીઆને ઋણુ નહીં અને અતિ દુઃખીઆને

દુઃખ નહીં; માટે મારે વાસ્તે હવે મોતજ નિરમાણ થએલું છે. આ મારો રોગજ હવે મોતને આમંત્રણ કરે છે, આ દુરગંધી હવે જીંદગીને તુચ્છકારી કાઢે છે, માટે મારા બંધુઓ મને હવે કરવત મુકી દુઃખમાંથી મુકત કરો !"

"ભાઈ જ્યારે તારો આવો સખત આગ્રહ છે અને આદર છે ત્યારે અમે નિરૂપાય લાચાર છીએ, હજુ પણ કહીએ છીએ કે મૃત્યુ કરતાં પશ્ચાતાપ એ એક નવું જીવન છે. કરેલા કર્મનો પશ્ચાતાપ અને પ્રભુ ભજનનો વલોપાત કાલાવાલા અને વિનવણી કોઈ પણ દુઃખીને સુખી કરી શકે છે !"

"વીરા તમારૂં કહેવું સત્ય છે, પણ હવે હું કોઈ પણ ઉપાય આદરવાને પાત્ર કે શક્તિવાન રહી નથી, મારૂં લોહી અને વ્યાધીની દુરગંધી જ્યાં જ્યાં ફેલાય છે ત્યાં ત્યાં બીજા કોઈ સુખી મનુષ્યની જીંદગીને જોખમમાં નાંખે છે. હવે હું મૃત્યુનેજ પાત્ર છું, માટે તમે કાંઈ પણ બોલ્યા ચાલ્યા શિવાય તમારી ફરજ બજાવી મને જીવન મુકત કરી પૃથ્વી પરથી મારા જેવી પાપણીનો ભાર ઓછો કરો !"

"જ્યારે તું જીંદગીનો ભોગજ આપવા તૈયાર થઈ છું ત્યારે અમે પણ અમારી ફરજ બજાવવા તૈયાર થયા છીએ ! જેટલું કહેવું ઘટતું હતું તેનાથી પણ અધીક અમે તને કહ્યું છે અને હજી પણ કહીએ છીએ કે જો તારે કાંઈ જોઇતું હોય તો અમારી પાસેથી માગી લે; તારી જે કાંઇ ઈચ્છા હોય તે કહી બતાવ, અમારાથી જે કાંઈ થઈ શકે તે મદદ કરીએ !"

"ભાઇઓ મારે હવે એક વસ્તુની ઈચ્છા છે, અને તે

ઈચ્છા આ કરવતજ છે. મૃત્યુજ મારી તમામ કામનાઓ તૃપ્ત કરશે. જગતમાં મારા વાસ્તે હવે કાંઈ પણ ઉપચાર બાકી રહેલો નથી. બાકીમાં બાકી ફક્ત મોત છે, તે હું શોધવા નીકળી છું અને તે મેં શોધ્યું પણ છે; હવે શોધેલું મોત હું હાથમાંથી કેમ જવા દઉં ? જો જવા દઉં તો મારા જેવી બીજી કોઈ અભાગણી કહેવાય ?! ના. માટે મને માગ્યું મોત આપો ! કરવત ચલાવી મને દુઃખમાંથી મુક્ત કરો ! પ્રભુ તમારૂં કલ્યાણ કરો !"

"બાઈ હવે અમે તને એક છેવટની વાત પૂછીએ છીએ કે આ કરવત મુકાવવાનું તારે કારણ શું છે ? બીજું કરવત મુકાવતી વખતે તું મનમાં શું માગવા ઇચ્છે છે, જે કાંઇ હોય તે અમને કહી બતાવ ! કરવત મુકાવનારા અનેક જણા આ ગંગા મૈયા સમક્ષ અને કાશીવિશ્વનાથ મહા પ્રભુના પ્રદેશમાં પ્રતિજ્ઞા કરી કરવત માગી લે છે; માટે કહે તારી શી ઈચ્છા છે ?"

"ભાઇઓ કારણમાં અને ઈચ્છામાં હું એકજ વસ્તુ માગુ છું, અને તે વસ્તુમાં મૃત્યુજ માગુ છું. મૃત્યુ શિવાય હું બીજું કાંઈ ઈચ્છતી નથી. મેં એવાં પાપ કર્યાં છે, મેં એવા વિશ્વાસઘાત કર્યા છે, અને એવા પવિત્ર લોકોને દુભવ્યા છે કે બધા પાપના પ્રાયશ્ચિતમાં ફક્ત હું મોતજ માગુ છું. હવે મારૂં એક કદમ ધરતી માતા પર હું મુકવા માગતી નથી; મારા જેવી પાપણીના કદમથી ધરતી ધ્રુજી ઉઠે છે, માટે ઈચ્છા અને કારણમાં મારે હાથે કરેલા પાપના પ્રાયશ્ચિતમાં હું ફક્ત મોતજ માગુ છું. કરવત માગુ છું. અરે આ ગંધાતી ગોબરી પાપથી ભરેલી

કાયાનો નાશજ કરવા માગુ છું. જે કાયાથી પાપ થયાં છે તેજ કાયાને પાપના પ્રાયશ્ચિતમાં નાશ કરવા માગુ છું! છેવટની ઇચ્છામાં હું પ્રભુ પાસે તથા ગંગામૈયા પાસે એજ માગુ છું કે પ્રભુ મારા પરણેતર પતિ ભાનુશંકરનું કલ્યાણ કરો, એ જ્યાં હોય ત્યાં સુખી થાઓ! બીજું ભગવાન તમારૂં પણ ભલું કરો કે મને તમે છેવટનો ઉપદેશ આપી મારા પાપી મનને પ્રભુ તરફ પ્રેર્યું છે. વીરા હું ફરી એકવાર છેવટનું કહું છું કે ભગવાન મારા પતિનું કલ્યાણ કરો; તમારૂં ભલુ કરો! આ શિવાય હું બીજું કશું પણ માગતી નથી; મારી ખાત્રી પણ એવી છે કે મને હવે કાંઇ માગ્યું મળશે પણ નહીં, મારાં કરમ એવાં છે કે હજી પણ આનાથી વધારે સખત શિક્ષા કરશે, કાશીવિશ્વનાથ તમારૂં કલ્યાણ કરો વીરા તમારૂં ભલું કરો!"

"ભલે ત્યારે બાઈ જા આ ગંગા કીનારે જઈ ગંગામાં સ્નાન કરીને અહીં આવ, અને પછી તારૂં માથું આ કરવતમાં મુક!"

"વીરા હું ગંગા કીનારેજ ફર્યા કરૂં છું, હવે મારે સ્નાન કે પાનની કાંઈ વધારે અગત્ય નથી; તેમ છતાં તમારા કહેણને માન આપી હું સ્નાન કરી આવું છું!"

"ખરેખર આ સ્ત્રી કોઇ ચમત્કારી જણાય છે! તેનો બહારનો દેખાવ પણ અજબ છે તેમ ભીતરનો દેખાવ પણ ગજબ છે. તેની રહેણી કરણી પણ વિચીત્ર ભાસે છે. કરવત મુકાવામાં તેનો શો સંકેત હશે તે કાંઇ સમજી શકાતું નથી; ભલા ભગવાન તું જે કરે તે ખરી!"

"હવે ભાઈઓ હું સ્નાન કરી પરવારી આવી, ચાલો હવે મને કરવત મુકી જીવન મુકત કરો!"

"ઠીક ત્યારે થા તૈયાર! ભજી લે ભગવાનને!"

"પ્રભુ મારાં પાપ ક્ષમા કરો! મારા સ્વર્ગસ્થ કંથના આત્માને શાંતી આપો! હું અપરાધી છું, પાપી છું, મારૂં મન કબુલ કરે છે કે હું તારી દયાને પાત્ર રહી નથી; છતાં પણ પ્રભુ મારા ઉપર દયા કરો! આ જન્મ તો મારો બગડયો, પણ ભવિષ્યનો ન બગાડશો! દીનબંધુ દીનાનાથ દયાસિન્ધુ આ દીન પર દયા કરો! પ્રભુ મને પાપથી મુકત કરો! મરણાન્તે મારી સદગતિ કરો!"

"ચાલ હવે આ પાટીઆ પર માથું મુક અને મનમાં તારી જે કાંઇ કલ્પના હોય તેનું ધ્યાન ધરી લે! જે કાંઇ તારી છેવટની ઈચ્છા હોય, માગણી હોય, કામના હોય, વાસના હોય અગર લાલચ હોય તે તમામની મનમાં તારે જે કાંઇ કલ્પના કરવી હોય તે કલ્પના કરી વિશ્વનાથના ચરણમાં તારા ચિત્તને ચોટાડ કે તારૂં ધાર્યું કલ્પ્યું સફળ થાય!"

"જય જય જય પ્રભુ હવે હું તારા શરણે! ગંગામૈયા હવે હું તારે પારે!"

આ પ્રમાણે સ્તવન કલ્પના કરી કાન્તાએ પોતાનુ માથું પાટીઆ પર મુકયું; કરવતીઆએ ઝટ કુંચી ફેરવી કરવત કાન્તાના માથા પર ફેરવ્યું; કરવત તરત તેના માથા લગોલગ આવી અચકી ગયું! આ પ્રમાણે અચકવાથી કરવતીઆઓ વિચારમાં પડી ગયા; કાન્તાએ પુનઃ તેમને સારી રીતે

સંબોધી ઉત્તેજીત કર્યા; એટલે ફરીથી કરવતને ઉંચુ ચઢાવી પુષ્કળ બળ પૂર્વક કુંચી ફેરવી કરવત કાન્તાના ધડ ઉપર ધકેલ્યું આ વખતે પણ કરવત ધડ આગળ આવી અચકી ગયું; કરવતીઆ ગભરાઈ ગયા, અને તેની સાથે અચંબામાં ગરકાવ થઈ કાન્તાને બાવડુ ઝાલી કરવતમાંથી કોરે કરી દુર ઉભી રાખી!

"બાઇ તંને હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે તું હવે ચાલી જા. તારો ભોગ આ કરવત લેવા ખુશી નથી; પ્રભુનો પણ તારા આત્માને લેવા હુકમ નથી; માટે અમારૂ માની અહીંથી ચાલતી થા!"

"અરે તમે લોકો આમ અકળાઈ શું કામ જાઓ છો! હુ મરવા ખુશી છું તૈયાર છું તો તમે મારતાં શા વાસ્તે અચકાઓ છો? નિર્દોષનો ઘાત કરવામાંજ વિચાર રાખવો જોઇએ! હું તો દોષીત અને મરવાને તૈયાર એક પગે ઉત્સુક થઇ રહી છું તો મને મારતાં શો વિચાર કરો છો! ફરી એક વાર તમારા કરવતને તપાસી જુઓ કે તેનામાં કાંઈ વાંધો છે! જુઓ જુઓ તપાસ કરો આમ ગાભરા ન બની જાઓ!"

"અરે બાઈ અમારૂં કરવત તો જેવું જોઇએ તેવું છે; એ તો ધડ લઇને ધડ અને શીર જોતજોતામાં એકજ તડાકે જુદાં કરી નાંખે! એને તે વળી જોવું પડતું હશે; તારી મરજી જોવાની હોય તો લે આ જોઈ લે અમે ફરીને ફેરવીએ છીએ!"

"ભાઈ તમારૂ કહેવું બરાબર છે. કરવત તો જેવું જોઇએ તેવું છે. એમાં કાંઈ વાંધો મને જણાતો નથી; ચાલો હવે એક છેલ્લી વારની મારી અજમાયશ કરી લ્યો; આ વખતે મારી

ખાત્રી છે કે કરવત મને ન્યાયજ આપશે!"

"બાઇ તું પણ કોઈ અજબ પૂતળુ છે! અમે વરસોનાં વરસો થયાં કરવત મુકીએ છીએ પણ કોઈ તારા જેવી હીંમતવાન બાઈ અમે જોઈ નથી!"

"હ્યો ચાલો વીરા હવે તમે તમારૂ કામ કરો!"

"ઠીક ત્યારે થા તૈયાર!"

"કાન્તાએ માથું અસલ જગ્યાએ મૂકયું અને આગળ કરતાં બમણું બળ કરી કરવતીઆએ કરવત ફેરવ્યું; કરવત ડોકા આગળ આવી અચકયું અને અચકતાની સાથે એક આકાશ ફાડી નાંખે તેવો પ્રચંડ અવાજ થયો; કરવતીઆ ધબ લઇને હેઠા પડયા; અને કાન્તા પણ ચમકી ગભરાઇ આમ તેમ જોવા લાગી; કરવતીઆ એકદમ હાંફલા ફાંફલા ઉઠયા અને કાન્તાને બાવડાવતી ઝાલી કરવતમાંથી બહાર ધકેલી!"

"એ બાઈ તને અમે બે હાથ જોડી વિનવીએ છીએ કે તું હવે અહીંથી જા! નાહુક અમારા જીવની તરસી ના થઇશ. તારે જીવવું હોય તો જીવ અને મરવું હોય તો મર પણ આ સ્થળેથી તું ચાલી જા! નહિ તો તને બળ કરી ધક્કા મારી કાઢવી પડશે."

"અરે ભાઇઓ તમે મારા ઉપર ગુસ્સે ન થશો. તમારા વાળને પણ ઈજા થશે નહિ, શાંત થાઓ, અકળાશો નહિ. પરમાત્માની કુદરતજ કાંઇ કારમી છે!"

"બાઇ હવે તારૂં કાંઇ અમારે સાંભળવું નથી. તું એકદમ અહીંથી નીકળ, ચાલી જા. નાહુક અમને હેરાન કરીશ નહીં.

તારા કદમ અહીંથી ઉપાડ! તું કોઈ ભારલગની છે! જા બાઇ જા અમે તને હાથ જોડીને કહીએ છીએ કે તું હવે જા!"

"વાહરે વિધાતા વાહ! વાહ પ્રભુ તારી લીલા! મરનારને માગ્યું મોત પણ તું આપતો નથી; અને જીવનારને તું જીવન પણ આપી શકતો નથી અરે તને તે હું કેવો કહું? વાહ મારા પ્રભુ વાહ તારી અકળ કળા!" કહી ખડખડાટ કાન્તા સારી રીતે હસી, ખુબ હસી, પેટ પકડી પકડીને હસી; કરવતીઆઓ કાન્તાને હસતી જોઈ કરવત મુકી ભય પામી ભાગી ગયા. નાસતા કરવતીઆની પાછળ કાન્તા પણ બુમો પાડતી પાછળ પડી, કરવતીઆએ જાણ્યું કે નક્કી આ કોઈ જીવતી બલા છે; માટે જરૂર આપણો ભક્ષ કરી જશે. એમ ધારી બ્હીને મુઠીઓ વાળી નાઠા. પછાડી કાન્તા પણ હસતી હસતી મૂઠીઓ વાળી દોડી. આ પ્રમાણે એક અજબ કારમો મામલો થયો, કાન્તા દોડતાં દોડતાં છેવટે થાકી; કરવતીઆ કયાંના કયાં જીવ લઈ નાઠા તે ફરી દેખાયાજ નહીં, છેવટે ગંગા કીનારે એક ઘણે દુર ચિતા બળતી દેખાઇ એટલે કાન્તા તે ચિતા ભણી દોડી; કાન્તાને એકાએક હસતી ચિતા ભણી ધસી આવતી જોઇ સ્મશાનીઆ મૂઠીઓ વાળી જીવ લઇને નાઠા. કાન્તા બળતી ચિતાની છેક નજીક જઇને ઉભી રહી અને બળતા શબ ભણી જોઈ રહી! છેવટે જોતાં જોતાં કાંક તેને વિચાર આવ્યો એટલે તરત બમ-ચાણી, ચિતાની આસપાસ જે કાંઇ લાકડાં પડયાં હતાં તે તમામ વીણી લાવી ચિતામાં નાંખ્યાં; અને ચિતાને સારી રીતે પ્રજ્વલિત કરી તેના સામા હાથ જોડી ઉભી રહી!

"હે જગતના જીવન અને જ્યોતીરૂપ અગ્નિ દેવતા હું આપને પારાવાર પ્રણામ કરૂં છું! હે અગ્નિદેવ! મારા જેવી પાપણીનો ભક્ષ કરી મને જીવન મુક્ત કરો! જગતમાં મેં જેટલાં થાય તેટલાં પાપ કર્યાં છે, ઘણા ઘણાને દુભાવ્યા છે અને વ્યવહાર બંધનના અનેક ચીલા મેં તોડી નાંખી વ્યવહારને કલંકીત કર્યો છે; મારા પ્રભુ મારા કર્મોનો પાર આવે તેમ નથી. આકાંશના તારાની ગણુતરી થઈ શકે; સાગરના નીરનું માપ લઇ શકાય પણ વિભુ મારા પાપની કલ્પના થઈ શકે તેમ નથી. હું મહા પાપી છું, નીચ છું, ચંડાળ છું, કસાઈ કરતાં પણ દયાહીન દુષ્ટ છું, ઘોર કર્મ કરનારી પિશાચીની છું! પ્રભુ મારા સર્વ પાપોના પ્રાયશ્ચિત્તને અર્થે હું મારા દેહનું બલિદાન તમને આપું છું. હે અગ્નિદેવ મને બાળી ભસ્મ કરો! પ્રભુ મને જીવનમુક્ત કરો! હું હવે જીવવા માગતી નથી. જીવનથી ધરાઈ ગઈ છું. જીંદગી ઝેર સમાન દુઃખદ અને ભયંકર થઈ પડી છે. હવે એક ક્ષણ પણ વધુ જીવવા માગતી નથી; તો મારા દેવ મારો સ્વિકાર કરી મને બાળી ભસ્મ કરો! આ ધરાદેવી હવે મારો ભાર ઉપાડી શકે તેમ નથી. હું પાપથી છલોછલ ભરાઇ ગઈ છું. મારાં કર્મો બેહદ ઉભરાઈ ગયાં છે; પ્રભુ હવે મારા વાસ્તે એક મૃત્યુજ સુખદ છે. હું હવે મોતજ માગું છું. મારા કર્મની શિક્ષા અગ્નિદાહથીજ મને યોગ્ય રીતે મળી શકશે. જે દેહથી જીવતાજીવત અઘોર પાપ થયાં છે; તે દેહને જીવતાજીવત હું બાળી ખાખ કરવા માગું છું તો હે અગ્નિદેવતા મારી જીજ્ઞાસા તૃપ્ત કરો! મારો ભોગ લઇ મારા આત્માને સંતુષ્ટ કરો! જય

જય અગ્નિદેવ હવે હું તમારા શરણે આવું છું. આ દુ:ખીઆરીને દહન કરી દુ:ખથી મુક્ત કરો ! પ્રભુ મને માફ કરો ! અગ્નિદેવતા મારો અંગિકાર કરી મને જીવનમુક્ત કરો પ્રભુ મારો ઉદ્ધાર કરો ! જય જય અગ્નિદેવા હવે હું તારામાં આવી તારામાં સમાસ કરૂં છું !"

આ પ્રમાણે અગ્નિદેવતાને સંબોધી કાન્તા સળગતી ચિતામાં કુદીને પડી ! ભડભડ સળગતી ચિતા કાન્તાના સ્પર્શથી જોતજોતમાં હોલવાઇ ગઇ અને કાન્તા છેવટે હારી બેઠી થઈ ચિતામાંથી બહાર નીકળી; શરીર પર નજર કરી તો શ્યામ થઈ ગયું પણ એક પણ ઝરેરો કે ફોલ્લો તેના શરીર પર થયો નહિ; તેમ કાન્તા બીલકુલ દાઝી નહિ; તેમ તે મરવા માગતી હતી; તે પ્રમાણે મરી પણ ન ગઇ, અરે બળી પણ ન ગઈ; અને એમ ને એમ ચિતામાં આળોટી ઉભી થઈ. શરીર ખંખેરી નાંખતી કૌતકથી ચોગરદમ નજર કરતી આમતેમ કીનારા પર ફરવા લાગી; છેવટે વિસ્મયતાથી વિચાર કરતી કરતી છેક કીનારાની આઘે ને આઘે નીકળી ગઇ; એક પત્થરની ઉંચી ખડક પર આવીને એક કાગડીની માફક ચોગરદમ નજર કરતી ગંગાનદી નિહાળતી બેઠી. થોડીક વાર સુધી તે ખુબ હસી, પછી રડી અને છેવટે કંટાળી, થાકી હાથ ઘસી વલોપાત કરી ખડક પર ઉભી થઈ; આકાશ ભણી મોં ઉંચું રાખી બે હાથ જોડી પ્રભુની સ્તુતિ કરવા લાગી અને કરેલા પાપનો પસ્તાવો કરી કરી પ્રભુ પાસે ક્ષમા માગવા લાગી, છેવટે ગંગામાં ઝંપાપાત કરી દેહ પાડી નાંખવાના નિશ્ચય પર આવી. ગમે તેમ કરી દેહનો નાશ કરવો

પણ હવે ક્ષણ પણ જીવન ન ધરવું એવો ભયંકર નિશ્ચય કરી એક ઉંચી ભેખડ પર ચઢી છાતીફાટ રૂદનથી પાપનો પસ્તાવો કરવા લાગી !"

"આર્ય ભૂમિની આર્ય બાળાઓ તમે કોઈ પણ મારા જેવી અભાગણી પાપણી ન થશો ! કલ્યાણી ભૂમિની કલ્યાણી કામીનીઓ તમે સર્વદા કંથની સેવાજ કરજો ! સ્ત્રીનો પતિ સેવા સિવાંય કદી પણ ઉદ્ધાર નથી તે નથીજ સમજજો ! જગતમાં પતિ એજ સતિનો સર્વેશ્વર છે. પતિ એજ પત્નીનું પરમ દૈવત છે ! પતિ એજ પત્નીનો પ્રાણ છે ! પતિ એજ પત્નીનું સૌભાગ્ય જીવન છે ! પતિ એજ પત્નીનો પરમ ધર્મ છે ! કર્મ છે ! અરે ભક્તિ છે, મુક્તિ છે અને સ્ત્રીની સગળ શક્તિ પણ એક પતિ છે ! પરમ ઉદ્ધારને પામનારી પત્નીઓએ સર્વદા સ્વામીનીજ ભક્તિ કરવી જોઇએ. પતિની પ્રસન્નતા એજ પત્નીનો નભાવ છે ! પતિની સેવા એજ પત્નીનો જીવન લ્હાવ છે ! પતિવ્રત એજ પરમ તત્વ છે ! શિયળ એજ સુંદરીનું સત્ય છે ! સ્ત્રી સર્વદા સ્વામિની ભક્તિથીજ પાવન થાય છે ! પત્નીનો ઉદય પતિની સેવામાંજ રહ્યો છે ! બ્હેનો મારા જેવી કોઈ સ્વતંત્ર થવાને ઇચ્છા ન કરશો ! પતિ અને માબાપની આમન્યા એજ સ્ત્રીની જીવનદોરી છે. પતિની આજ્ઞા એજ પત્નીનું ચૈતન્ય છે. પતિની પૂજા એજ પત્નીનું ઉત્તમ વ્રત છે. પતિની ભક્તિ એજ પત્નીની સાચી મુક્તિ છે. બહેનો કોઈ મારા જેવી ભણીગણીને ભામટીઓ થશો નહિ ! અંકુશ વગરની કેળવણી કેટલી પાયમાલી કરે છે તેનો મારા દૃષ્ટાંત પરથી તોલ કરજો ! સુધારાની હીમાયત

કરી સ્ત્રી તત્વનો નાશ કરશો નહિ! ફૅશન અને એટીકેટના વાયરે જઈ તમારા ઘરસંસારની પાયમાલી કરશો નહિ! સર્વદા સ્વામિના કહ્યામાંજ રહેજો! કહ્યાગરી કાન્તા એજ જગતમાં સાચી સ્ત્રી છે. પુરૂષ જેટલા સરખા હક્ક પ્રાપ્ત કરવાની કોઇ દીવસ પણ ઈચ્છા ન રાખશો. દાગ વગરની ચોપડી અને ચતુરા છેવટે બગડે એ નિશ્ચય મનન કરી માની લેજો! વધારે છુટા-પણામાં સ્ત્રી મારી માફક છકી જાય છે અને છેવટે છકમાં ને છકમાં ધર્મ જાતી અને કુળાચારને બોળી મારા જેવી અધમ દશાને પ્રાપ્ત કરે છે તે મારા દાખલાથી જોઇ લેજો! ગરીબડી આર્ય કન્યાઓ! મારા જેવી કોઇ પામર અને અધમ નીવડશો નહિ. બહેનો સર્વદા તમે નાનપણમાં માબાપનું કહ્યું માનજો, જુવાનીમાં પતિને પ્રભુ તરીકે ગણી તેની આજ્ઞા ઉઠાવજો અને વિધવા દશામાં દીકરા તથા વડીલોનું કહ્યું માની સર્વદા અંકુ-શમાં રહી તમારી જાતને દીપાવજો! બહેનો! સ્ત્રી કેળવણી પ્રાપ્ત કરતી વખતે અવશ્ય કરીને ધાર્મિક કેળવણી પ્રાપ્ત કરજો! ધાર્મિક કેળવણી વગરની એકલી સ્ત્રી કેળવણી એ કેવળ અના-ચારની મેળવણીજ માનજો! ધર્મ એજ જગતનું જીવન છે! ધર્મ એજ સ્ત્રીનો શૃંગાર છે; માટે બહેનો ધર્મનો કદાપી કાળે ત્યાગ કરશો નહિ! નિરંકુશ સ્ત્રીની સર્વદા મારા જેવી હાલત થાય છે તે તમે મારા હાલથી જાણી લેજો! અંકુશવાળો હાથી અને અંકુશવાળી સ્ત્રી સર્વદા નાના પ્રકારના વિવિધ વસ્ત્રાલંકા-રોથી સર્વદા સુશોભિત અને સુંદરજ રહે છે! બહેનો હવે હું તમને શું કહી શકું? જેટલું કહેવાયું તેટલું મેં કહ્યું છે, જેટલું બતા-

વાયું તેટલું બતાવ્યું છે અને જેટલું સમજાવાય તેટલું સમજાવ્યું છે છતાં પણ હજુ એક વાર છેવટની પોકારી પોકારીને કહું છું કે, હે આર્ય કન્યાઓ! તમે સર્વદા તમારા ઘરડા વડીલોને ચીલે ચાલજો. બ્હેનો ભણો તો ભણતરમાં આમન્યા અને ધર્મનુંજ ભણતર ભણજો. તમારા કોમળ અંતઃકરણમાં કોઈ કાળે પણ સુધારા તથા ફૅશન અને સ્વતંત્રતાનું ચણતર ચણશો નહિ. કન્યાઓ તમે પરણતાં સુધી તમારી દાદીમા, મા અને વડીબાઈઓને માન આપજો અને તેમને પ્રણામ કરી પૂજા કરી વૃદ્ધ માતાઓની આશિષ પ્રાપ્ત કરજો! તમારા ઘરના વૃદ્ધ જનો એજ તમારા ઘરના સાચા દેવતા છે! તે દેવતાઓની હમેશાં પ્રેમથી પૂજા કરજો! એ પૂજામાંજ તમારૂં સર્વદા કલ્યાણ રહેલું છે! નિશાળની કેળવણીમાં બ્હેનો હમેશાં ખાસ ધ્યાન રાખીને ભણજો. ભણવામાં ધાર્મિક શિક્ષણ તરફ ખાસ ધ્યાન રાખજો. ભણવામાં કામચલાઉ લખવા વાંચવાનું શિક્ષણ પ્રાપ્ત કરી ઘેર આવી ઘરડાની પૂજા કરજો; તેમની શીખામણનું મનન કરજો અને ડોશીશાસ્ત્ર એજ સાચી સ્ત્રીકેળવણી માની સ્નેહથી તેનો અભ્યાસ કરજો. ભણીગણીને બહાર ભટકવામાં વખતનો વ્યય કરશો નહિ. રખડવામાં અને ભટકવામાં હું જે સ્થીતિ પ્રાપ્ત કરી રહી છું તેને વારંવાર અવલોકી અવલોકીને નિહાળજો! લગ્ન સંસ્કારને પ્રાપ્ત કરેલી આર્ય બાળાઓ તમે સર્વદા સાસુ નણંદ અને ભોજાઇઓ સાથે હળીમળી સંપથી રહેજો! બ્હેનો સાસુ સસરા અને અન્ય વડીલ જનોને પૂજ્ય બુદ્ધિથી નિહાળજો અને સર્વદા તેમને સંતુષ્ઠવામાંજ તમારો સાચો ધર્મ જાણજો. જે

વહુએ સાસુની પૂજા કરી ચાકરી કરી અને સાસુને મરતા લગી પાળી પ્રસન્ન કરી તેજ વહુ ભવિષ્યમાં સાસુની પદવી પ્રાપ્ત કરી દીકરા દીકરીથી ઠરશે અને તેજ વહુ પોતાની સાસુ સમાન પૂજા ચાકરી અને બરદાશ કરાવવાનો પ્રસંગ પ્રાપ્ત કરશે! બાળાઓ તમારો પતિ એજ તમારો પરમાત્મા છે! પતિની સેવા એજ પ્રભુની પૂજા છે! પતિની આજ્ઞા એજ સતીનો સાચો ધર્મ છે! કંથ એજ કાન્તાની મુક્તિ છે! ધણી એજ ધરામાં ધરૂણીનો સર્વેશ્વર છે! સ્ત્રીનો સર્વદા સ્વામીથીજ ઉદ્ધાર છે! બાળાઓ હમેશાં પતિની પૂજા કરો! પતિ પર પ્રેમ વરસાવો અને પતિમાં તદલીન થઇ જગતને પતિમય ધારી પતિમાંજ સમાસ કરો! દીકરા દીકરીને પ્રાપ્ત કરેલી આર્ય આર્યાઓ સર્વદા તમે આર્ય સંસાર વ્યવહારની ઉન્નતિમાંજ મચી રહો! તમારી આસપાસ આવેલા આપ્તજનોનો હમેશાં ઉદય કરો! દરેકનું કલ્યાણ વાંચો! તમારી સંતતિને સારી રીતે ઉછેરી ધર્મિષ્ઠ અને નિતિવાન બનાવો, તમારી સંતતિને વારસામાં ધર્મ અને નિતિજ આપો! નિતિ અને ધર્મથી આર્યનો ઉદય છે! સત્ય અને સેવાથીજ આર્યનો ઉદ્ધાર છે! પ્રેમના ભેખને ભજવનારી પ્રેમ ચિન્હને ધારણ કરનારી અને સર્વદા કંથના નામની કફની ધારણ કરનારી વિધવા બહેનો! તમે સર્વદા તમારા વૈધવ્ય ધર્મમાંજ નિમગ્ન રહો! તમારા વડીલ દીકરા દીકરીઓને તાબે રહી ધાર્મિક જીવનમાંજ તમારો વખત વ્યતિત કરો! સ્વતંત્રતા તમારે વાસ્તે વૃથા છે! સંતતિને સારી કરવામાં, નિતિવાન અને ધર્મિષ્ઠ કરવામાં અને વડીલોની સેવા ચાકરી અને બરદાસ ઉઠાવવામાં

અને ત્યારબાદ પ્રભુભજનમાં સમય ગાળવાને સર્વદા વિધવા બ્હેનો ઉત્સુક રહો! તૈયાર રહો! પ્રભુને તમારા ઘરમાંથીજ શોધી કાઢો, પ્રભુને તમારા ઘરમાંજ સ્થાપો! અને ઘરમાં રહી પ્રભુની પૂજા કરી તમારા ઘરને પ્રભુમય બનાવો! બ્હેનો પ્રભુ-મય બનો અને પ્રભુમય દરેકને જાણી દરેકનું કલ્યાણ વાંચો! આ મારી તમને છેવટની અનુભવની ઠોકરની ખત્તાની અને દુ:ખની શીખામણ છે! બહેનો બાળલગ્ન અટકાવો અગર તેમની અવધ લંબાવો અને પુનર્લગ્નનો નાશ કરો! પુનર્લગ્નથી કોઈ કાળે પણ સુખ અને શાંતિ નથી નથી ને નથી તે નિશ્ચય મારા દૃષ્ટાંતથી જાણી લેજો! કોઇ પણ વિધવા બ્હેન મારી માફક પુનર્લગ્ન કરી જીવનનો ધર્મનો અને નીતિનો નાશ કરશો નહીં! સ્રીને પુનર્લગ્નનો અધિકાર નથી તે નથીજ જાણજો! એક ભવમાં અનેક ભવ કરી જીંદગીની ધુળધાણી કરશો નહીં! હાથે કરી પાયમાલ થઇ ભવિષ્યના ભવનું સત્યાનાશ વાળશો નહીં! કર્મ સંયોગે જે કાંઈ સુખ દુ:ખ તમને પ્રાપ્ત થાય તે સહન કરી લેજો! સહન કરવામાંજ સુખ છે! વિધવાપણું એ વૈધવ્ય દશા નથી પણ પોતાના પ્રિયતમ પતિનો એક સાચો પ્રેમ ભેખ છે! તેના પ્રેમનું ચિન્હ છે! સ્નેહની ઉંચ દશાની યાદગીરી છે! પ્રેમની એક છબી છે, અરે તમારા પતિ પ્રેમનો ખરો રાગ છે અનુરાગ છે અને સાચો વૈરાગ્ય છે! વૈધવ્યતાએ જીવતાં માણ્યું તેનું એક સ્મરણ છે; માટે બ્હેનો નાતરાં કરી પુનર્લગ્ન કરી મારી માફક કોઈ ઢેડ-ફજેતા કરી દુ:ખી થશો નહીં અને કોઇને દુ:ખી કરશો પણ

નહીં !જય જય જય ગંગામૈયા હવે આ પાપણીને તારા જળમાં સમાવી લેજે! જય જય પતિત પાવની પાપ વિમોચની ગંગામૈયા મારા પાપનો નાશ કરજે! માતા મને મરતી વખતે પાવન કરજે!

"જય જય માતા હવે હું તારા ખોળામાંજ આવું છું. હર હર ગંગે હવે હું તારેજ શરણે!" એમ કહી એક કારમો મરણીઓ અને છેવટનો ભયંકર કુદકો કાન્તાએ જોસબંધ વહેતી ગંગા નદીમાં માર્યો! જેવી કાન્તા ગંગામાં પડી કે તરતજ ગંગાએ એક છોળ મારી કાન્તાને ઉછાળી કીનારાપર ફેંકી દીધી. થોડીક વારે કાન્તાને ભાન આવ્યું કે તરતજ તે ફરી બીજી વાર ગંગામાં પડવા તૈયાર થઇ! "ગંગામા હું એક મહાન્ અપરાધી સ્ત્રી છું. જગતમાં મેં ઘણાં ઘણાં કાળાં કર્મો કર્યા છે! સંસ્કારી બનીને કેળવણી લઇને અને કુલીન કુટુંબમાં ઉછરીને સંગતિ દોષથી સુધારાની જાળમાં જકડાઈ મેં ન કરવાનાં આચરણ આચર્યા છે! માતા હવે હું જીવવા માગતી નથી. મારૂં કાળુ મોઢું દુનિયાને બતાવવા માગતી નથી! મારો આત્મભોગ આપી હું મારા પાપનું પ્રાયશ્ચિત કરી મન વાળુ છું. હે પતિત પાવની પાપ વિમોચની ભાગીરથી તું પાપનો પ્રલય કરે છે. તારૂં શાસ્ત્રપુરાણે મોટું મહાત્મ્ય છે, તો હે ગંગામા આ પાપણીને જળમાં સમાવી પાવન કરો! માડી મારો ભવિષ્યનો ભવ સુધારો! અત્યારે મારૂં કોઈ નથી! માતા સારા નરસાનો સમાસ કરનારી પુન્ય પાપના કર્મોની સાક્ષી રૂપ ગણાતી ધરતીમાતા પણ મારો ભાર વહન કરતી નથી; જ્યાં

ત્યાંથી ચોગરદમ હું તિરસ્કાર અનેફીટકારને પાત્ર થઇ છું. માતા અનેક પ્રકારની આધી વ્યાધી અને ઉપાધીથી હું બળી બળી થાઉં છું. માડી મને હવે તનની કે મનની કોઇ પણ પ્રકારની શાંતી વળતી નથી! વિશ્રાન્તી વિશ્વમાં હું કયાંઈ દેખતી નથી. ફક્ત મૃત્યુમાંજ વિશ્રાન્તી માનુ છું ત્યારે મૃત્યુ મારાથી આઘુને આઘુંજ જતું જાય છે, મા મને હવે ઠારો તારો કે મારો! મારો હવે કાંઈ આધાર નથી, નિરાધારનો આધાર કીરતાર પણ મારા વાસ્તે સંતાઇ ગયો છે; અગર મારા પાપનો બદલો આપવા એક પગે તૈયાર થઈ ખડો રહ્યો છે; માડી સહન કરવાની શક્તિ સમુળગી હું ગુમાવી બેઠી છું, જીવન ધારણ કરવાની પણ હવે હિંમત રહેતી નથી, મને દુનિયામાં હવે ગોઠતું નથી. ચોગરદમ આખુ વિશ્વ હવે ખાવા ધાય છે! મારા વાસ્તે મારી આસપાસ અનેક પ્રકારના ભયંકર વાયરા વાય છે. મારૂં શરીર વાયુ કોરી નાંખે છે, હવે હું ખુબ અકળાઇ છું. ચોગરદમ નાસાનાસ કરૂં છું પણ કોઇ ઠેકાણે પળ વાર પણ ઠરતી નથી; અરે નિમિપ માત્ર પણ શાંતી હું જોતી નથી, હવે મારે ફક્ત તારો આધાર છે. જીવન ત્યાગના જેટલા બને તેટલા તમામ અખતરા હું અજમાવી ચુકી છું; પણ એકે અખતરામાં હું વિજયવંત થતી નથી; શરીર એવું મજબુત અને મજબુત દીન પર દીન બનતું જાય છે કે મૃત્યુના કોઈ પણ અખતરા તેના પર લાગુ પડતા નથી; માંતા કરવત અને અગ્નિદાહ પણ મારાથી આઘાં જતાં રહ્યાં છે, હવે પાપ વિમોચની અને દીનજન તારીણી વિશ્વમાં એક ગંગા કહેવાય છે, તો માતા હું હજારો ગાઉથી હાલી ચાલી

તારા કીનારે આવી છું; તો હે ગંગામાતા હવે મારો સમાસ કરો. માડી આ પાપણીને પાવન કરો. જય જય હર હર ગંગે હવે હું તારે શરણે!" કહી બીજી વાર એક અધિક સાહસ કરી મરણીઓ કુદકો ગંગામાં માર્યો! ગંગામાં પડતાની સાથેજ ગંગાજીએ એક જબરી છોળ મારી કાન્તાને કીનારા પર પહેલાની માફક ફેંકી દીધી. કાન્તા કીનારાપર પછડાઇ થોડીકવારે કળ વળી કે તરતજ ત્રીજી વાર ગંગામાં પડવા તૈયાર થઈ; અને એક જબરજસ્ત દેરાના શીખરપર ચઢી હાથ જોડી ગંગાને વિનવવા લાગી! "ગંગામૈયા મારો ગુનોહ માફ કરો! માતા મારા અપરાધ સામુ ન જુઓ! ક્રોધનું નિવારણ કરી મા મારો સમાસ કરો! હું ગમે તેટલી પણ અબળા છું, દીન છું, મરેલી છું, અનેક બંધને બંધન થએલી છું; અને અનેક પ્રકારના પાપે છવાઈ રહેલી છું, મા હું મારાં પાપ કબુલ કરૂં છું. મૈયા મને માફ કરો! આ ભવનો મારો ભોગ લઈ આવતો ભવ સુધારો! માડી મને પાવન કરો! કલ્યાણી ગંગાજળમાં મને ધરાઈ ધરાઈ ન્હાવા દઈ મારો ઉદ્ધાર કરો! દેવી હું તારી એક દીન બાળકી છું! હું હાથ જોડી, કાલાવાલા કરી, શીર પત્થરપર પટકી, ગાલ પર તમાચા મારી માતા હું મારા અપરાધ સંભાળી કબુલ કરી ક્ષમા માગું છું. મૈયા મને માફ કરો! ક્ષમા કરો! દીનજન તારીણી દીનપર દયા કરો! પાપ વિમોચની ગંગે મને પાવન કરો! મા મન મોટું રાખી મારી કરણી સામું ન જુઓ! હું ભૂલથી ભરેલી છું. માડી હું કાગડી છું, પાપણી છું; હું સમજું છું કે મા રા હાથે મહાન ભયંકર અપરાધો થયા છે; અપરાધની

ગંભીરતા પ્રમાણે મારા વાંસ્તે ક્ષમા દયા કે આર્જવ ઘટેજ નહીં પણ માતા હું ગમે તેટલી પણ તારી બાળકી છું. દેવી દયા કરો છેલ્લી વાર હું ખોળા પાથરી કરગરી માથુ ફોડીને ક્ષમા માગી વિનંતી કરૂં છું કે મારો તમારામાં સમાસ કરો! ગંગામા મને પતિતને પાવન કરો! હું પામર છું, પાપણી છું, જુવાનીના મદમાં આંધળી બનેલી અભાગણી છું! મદમાં છકેલી પિશાચણી છું. મા મને હવે મારા કર્મનો પસ્તાવો થાય છે! મારૂં હૃદય નિરંતર પાપાગ્નિમાં બળ્યા કરે છે! બદન કરેલાં કુકર્મોના વન્હીથી શેકાઈ જાય છે! માડી હું બળી બળી થાઉં છું! મને ઠારો. મા છેવટને વખતે મરતાં મરતાં બે ઘડી માગી વિશ્રાન્તી આપો! ગંગે આ કકળતી આંતરડીના કકળાટ સામું જુઓ! દેવી દયા કરો. મા મારી ખાતર મન મોટુ રાખી મને માફ કરો. મારા પ્રાણને આ પાપી પંડમાંથી મોકળો કરો! હૃદય ગભરાય છે, જીવ અમુઝાય છે; શરીર બળ્યુ બળ્યુ થાય છે; મન કંપી જાય છે, આંખે અંધારાં આવે છે, હાથ પગ તણાઈ જાય છે; મારી નાડીઓ રોગના જોરે ફાટી જાય છે; મારૂ જીવન દુઃખમાં ઝોલાં ખાય છે, હે ગંગા માતા! હે વિશ્વપાવની ભાગીરથી! હે જગત કલ્યાણી જાન્હવી મને તારા પાપવિમોચન જળથી પાવન કર! માડી તારા પુન્ય પ્રભાવે મારા આત્માને પાપમાંથી વિમુક્ત કર! દેવી દયા કર દયા કર ગંગા આ દુઃખમાં દબાતી એક દીન દારા તરફ અમીદૃષ્ટિ કર! જય જય ગંગે હવે હું છેલ્લીવારની તારા શરણે આવું છું! મા શરણાગત ચરણે આવે છે, તો હે કલ્યાણી ગંગા મારો સમાસ કરજે! જય જય ગંગે હર હર

ગંગે મા હવે હુ તારે શરણે જય ગંગે!" કહી એક ત્રીજીવારનો મરણીઓ કુદકો કાન્તાએ ગંગામાં માર્યો; જેવી ગંગામાં પડી કે ત્રીજી વાર પણ ગંગાએ એક જબરજસ્ત છોળ મારી કાન્તાને કીનારે દોઢ ગાઉ દુર ફેંકી દીધી! કાન્તા એક પત્થરની છાટ સાથે અફળાઈ, કપાળમાં એક જબરજસ્ત નાના શીંગડાની માફક ઢીમણું થયું, તથા બે લમણા કુટી ગયા અને મહા મહા પ્રયત્ને કળ વળતાં બેઠી થઈ અને છેવટે નિરાશાથી નિસાસા નાંખતી નાંખતી પોતાના પાપનો પારાવાર પસ્તાવો કરતી કરતી કીનારાપર ચાલવા લાગી; સંધ્યાનો સમય ખલાસ થઈ ગયો; રાત પડી અને છેક મીણ મીણાકાર અંધારામાં અડબડીઆં ખાતી ખાતી આમ તેમ ફરવા લાગી; અત્યારે કેવળ તે શૂન્ય વિચારહીન લગભગ અર્ધ ગાંડા જેવી હાલતમાં આવી ગઈ, અર્થાત્ એક બેબાકળી ઉન્માદીની ઉદ્ધત પિશાચણી વૃત્તિની પાપણી બની આમતેમ ભટકવા લાગી; ભટકતાં ભટકતાં છેક રાતના અગીઆર વાગ્યા ત્યાં સુધી પણ તે કોઈ સ્થળે કળ વાળી બેઠી નહીં, અને જ્યાં સુધી ચરણ શરીરનો ભાર ઉપાડે ત્યાંસુધી ચાલ ચાલ કર્યા કીધું, છેવટે કીનારાપર ઘણે દુર શહેરથી આવેલા એક બાવાના આશ્રમ આગળ આવી; આ વખતે રાતના બે વાગ્યા હતા, કૃષ્ણ પક્ષનું અંધારૂં આસ્તુ આસ્તુ દુર થઈ ચંદ્રોદય ધીમે ધીમે શરૂ થતો હતો, આ વખતે કાન્તા ભટકતી ભટકતી બાવાના આશ્રમની પાછલી ભીંત આંગળ આવી અટેલી ને ઉભી રહી. વિચારમાં ને વિચારમાં ભીંતને ટેકો દઈ થોડીક વાર સુધી બેસી રહી; છેવટે વળી વિચાર આવતા કાંક ઉન્માદમાં આવી

ભીંત જોડે માથુ કુટવા લાંગી, શરીર કુદી કુદી ભીંત જોડે અફા-
ળવા લાગી, હાથ તથા પગના પ્રહાર દોડી દોડી ભીંત પર કરવા
લાગી; આશ્રમની અંદર એક બાવો સૂઇ રહ્યો હતો તે ભીંત
પર પ્રહાર થવાથી જાગી ઉઠયો અને પાછળ કોઇ મનુષ્ય અથવા
જાનવર ભીંતને નુકશાન કરે છે એમ ધારી એક હાથમાં જબર-
જસ્ત ચીપીઓ લઈ તથા બીજા હાથમાં સળગતું ધુણીનું લાકડું
લઈ આશ્રમમાંથી બહાર નીકળી પાછળ આવ્યો; જેવી પાછળ
આવી નજર કરે છે તો તેની દૃષ્ટિએ આ ઉન્માદીની કાન્તા ભીંત
જોડે માથુ ફોડતી દૃષ્ટિગોચર થઈ; બાવો પણ રાત્રે બે અઢી
વાગે નિર્જન ગંગાકીનારેના દુરના આશ્રમ પાછળ એક સ્ત્રીને
મસ્તી કરતી જોઇ વિચારમાં પડી ગયો; પળ વાર સુધી તે
ચકીત થયો અને ચકીત થતાની સાથે કાંક મનમાં ભીતી પામ્યો
અને ભીતી પામતાની સાથે દમ મારી ટટાર થઈ ચીપીઓ
હુલાવી એક કારમો ખુંખારો કરી કાન્તાને ડરાવવા લાગ્યો;
તેના મનમાં કોઇ ભૂત પ્રેત ડાકયણી કે ચુડેલ હશે એમ ધારી
તે એક કારમી ગર્જના કરી કાન્તાને તાડુકો કરી ધમકાવવા
લાગ્યો ! બાવાના તાડુકાથી કાન્તા ખડખડાટ હસી પડી; વળી
બાવાએ વધારે જબરો તાડુકો કર્યો એટલે પહેલા કરતાં બમણી
કાન્તા ખડખડાટ હસવા લાગી; છેવટે બાવાએ ચુડેલ ધારી
એક ચીપીઓ કાન્તાના હાથ પર લગાવ્યો; એટલે કાન્તા મરવા
માટે વધારે ઉત્સુક અને આતુર થઇ બાવાની પાસે આવી;
બાવાએ બીજો ચીપીઓ કાન્તાના માથામાં માર્યો; એટલે કાન્તા
ખડખડ હસતી બાવા સામે દોડી; બાવો તેથી ગભરાયો, બીન્યો

અને એક કારમી ખુમ ચીસ પાડી સળગતી ધુણી કાન્તા પર છુટી નાંખી પાછો હઠી ગયો; ત્યાં આશ્રમમાંથી બીજા બે ચાર બાવા આવ્યા, અને કાન્તાને ખડખડ હસતી જોઈ ચીપીઆ લઈ કાન્તાને મારવા મંડી ગયા !

"મહારાજો મારો મારો હું મરવાજ માગું છું ! લ્યો હું તમારી પાસે આવી, હું મારો બસ ખુબ બળ કરી મારો ! કોઈ પણ રીતથી મને પ્રાણથી વિમુક્ત કરો, મારો મને મહાત્માઓ મારો !"

"અબે તું કોન હય ? ઈસ આધી રાતકે વખત તું કહાંસે આઈ ?"

"મહારાજ હું તે હું છું ! અત્યારે મધ્યરાતે ભટકતી ભટકતી તમારા હાથથી મરવા સારૂં હું અહીં આવી છું, મહારાજો મને મારો, બસ ખુબ મારો; મને જાનથી બેજાન બનાવી દ્યો."

"ભૈયા એ રંડી કોન હય ? ચુડેલ હય, ભુત હય કે ડાકન હય ! દેખો ઈતના ચીપીઆ ખાતી હય મગર હસતી હય !"

"અબે બોલ બોલ તું કોન હય ? શીકોતર હય, પિશાચની હય કે કોન હય ? ઈધર આનેકા કયા સબબ હય ?"

"મહારાજ સબબમાં મોત લેવા આવી છું ! મહાત્માઓ મરવા આવી છું ! હું તમને કોઈને હેરાન કરવા આવી નથી, ગભરાશો નહીં, ભુત પ્રેત કે ચુડેલ નથી પણ સંસારી દુઃખીણી સ્ત્રી છું !"

"આત્મારામજી એ કૌતક તો દેખો ! કયા ગજબકી બાત બન રહી હય ! ઓ રંડી ગંગાકીનારે ભટકતી હય, રાતકે વખત

નિડર હો કર ચલતી હય મગર કહેતી હય કે ગભરાઓ મત; મેં ભુત ચુડેલ નહીં હુંઉ મગર દુઃખી સંસારી સ્ત્રી હુંઉ! કયા ગજબકી બાત બનાકે અપનકુ સમજા રહી હય! દેખો ભૈયા! ડર મત ખાના; સસુરકુ અચ્છી તરેહસે ચીપીઆ લગાઓ; જો ડર ખાઓગે તો મર જાઓગે!"

"અરે ભૈયા કયા દેખતે હો! લગાઓ રંડીકુ ચીપીઆ અચ્છી તરેહસે લગાઓ!"

"હાં મહારાજ મારો, હું મરવા માગું છું તો મારૂં મૃત્યુ ઉપજાવી છુટકો કરો!"

"મહાત્મા તુમ સબ અલગ હો જાઓ! મત મારો, એ ભુત પ્રેત નહીં મગર કોઈ અજબ પૂતલા હય! તુમને પચીસ પચીસ ચીપીઆ લગાયા મગર જીતી હય; ઉસ પરસેહી સમજ લેના કે વો મરનેવાલી નહીં હય; તુમ મત મારો, અલગ હો જાઓ!"

"અચ્છા મહાત્મા હુમ અલગ હો જાતે હય આપ ઉસ્કી તપાસ કરો, વો કોન હય!"

"ભૈયા જાઓ આશ્રમમાંસે મેરા તુંબીપાત્ર લાઓ; ઓ ગંગાજલકા અભિમંત્રન કરેલા જલ લાઓ!"

"હાં અભી મેં લાતા હુંઉ!"

"મહારાજ મારો મારો શા માટે મારતા અચકી ગયા; મારો! જગતમાં મરનારને કોઈ મારતું નથી! આ વિચિત્ર ન્યાય કયાંનો? ભગવાનને આ વાતનો ઠપકો શી રીતે આપવો, આત્મ ભોગ આપનાર અધીરા અને આતુરને કોઈ અચકાવતું નથી!

વિશ્વ સામે થનારનેજ વશ થાય છે, પાછળ હઠનારનેજ દબાવી દે છે! અધીરા આગ્રહીથી દરેક જણુ અકળાય છે! મરણીઆથી આપદા દોઢ ગાઉ દુર જાય છે! બ્હીક આપદા ત્રાસ કે પ્રીત, મર્યાદામાંજ રમી રહે છે; અમર્યાદિત આગ્રહીથી અવની ધ્રુજી ઉઠે છે, અને વિશ્વ પાછું હઠી વંદન કરે છે!"

"મહાત્મા લ્યો યે ગંગાજલકા કમંડલ!"

"હાં લાવો અબી મેં ઇસ ઓરતકુ સીધી બનાઉં!"

"બોલ રંડી તું કોન હય? ભુત હય, પ્રેત હય, ડાકન હય કે પિશાચની હય? બોલ સચ બોલ તું કોન હય?"

"મહારાજ હું તે હું છું. જેને તમે નયનથી જુઓ છો તેજ હું છું! હું સાચુ કહું છું! તમારે ફાવે તેટલું ગંગાજળ નાંખવું હોય તેટલું નાંખો; મંત્રેલું જળ જેટલું જોઇએ તેટલું નાંખો! હું ભુત પ્રેત કે ડાકણ હઉં ત્યારે બળીને ખાખ થાઉં ને! હું તમને સાચેસાચુ જણાવી દઉં છું કે હું એક દુ:ખીઆરી મરવાને તૈયાર થએલી અરે મૃત્યુને શોધનારી હતભાગ્યની સ્ત્રી છું! મરવા માંગુ છું. હરકોઈ રસ્તે પણ મોત શોધું છું પણ મૃત્યુ મારાથી દુર ભાગતું જાય છે, તમારા આટલા બધા ચીપીઆ મારા શરીરપર પડ્યા પણ એક લોહીનું બુંદ સરખું નીકળતું નથી; અરે મને કાંઈ પણ અસરજ થતી નથી; આ શું કહેવાય? મોત મોત તું કયાં છે? મૃત્યુ મૃત્યુ તું મારા વાસ્તે નિરમાણ થએલું ક્યાં છુપાઈ ગયું છે; આવ આવ તને હું પ્રેમથી બોલાવું છું કે તું મારા માટે જલ્દી આવ! હું કરગરી કરગરીને માગું છું કે તું વ્હેલું આવ!"

"બાઇ તું કોન હય? તેરા ઈધર આનેકા સબબ કયા

હય ? સચ બોલ ! મેં તુજકુ નહીં સતાઉંગા ! મેરા ભીતરમેં તેરે વાસ્તે દયા ઉત્પન્ન હુઈ હય ! બોલ સચ બોલ, કીસીકા ડર મત રખ ! તું કોન હય ? સચ બોલ !"

"મહારાજ હું સાચું કહું છું કે હું દુઃખી સ્ત્રી છું. મરવાને તૈયાર થએલી આત્મભોગ આપનારી એક સાહસિક અબળા છું! હું ભૂત પિશાચ કે ડાકણ નથી; જુઓ મારા પગ સીધા છે, આ મારો બરડો જુઓ ! હું દુઃખીઆરી દીન અબળા છું ! ભૂત પ્રેત હોત તો કયારનીએ તમારા મંત્રેલા પાણીથી બળી ભસ્મ થઈ જાત ! પણ મહાત્મા હું એક દુઃખીઆરી દીન અબળા છું !"

"અચ્છા મેં તેરા કહેના સચ માનતા હુંઉ, અગર રાક્ષુસેં તેરેકુ દેખતા હુંઉ કે તું ભૂત નહિ હય મગર કોઈ ઓરત હય!"

"એ તો હું તમને ગાજી ગાજીને કહું છું કે હું મોતને શોધનારી એક અબળા છું !"

"ઇધર આનેકા તેરા કયા સબબ હય ?"

"મહારાજ મરવા સારૂ આવી છું !"

"અચ્છા તેરેકુ એ દુનિયામે મોત નહિ માલમ પડતા હય !"

"મહારાજ હું મોતને માટે હજારો ગાઉથી હીંડતી હીંડતી છેવટ અહીં આવી છું. મોતના અનેક ઉપાયો હું મારા ઉપર અજમાવી ચુકી છું છતાં પણ મૃત્યુ મારાથી આઘું જાય છે; એમ ધારી હું 'મૃત્યુની પાછળ પડેલી છું ! દુનિયામાં મનુષ્યની પાછળ મૃત્યુ છે અને અત્યારે મૃત્યુની પાછળ હુ છું!"

"અચ્છા એ સબ ધાંધલ કરનેકા તેરા સબબ કયા હય?"

"સબબમાં એજ કે હું મરવા માગું છું; મારો કયમે કરી પ્રાણ નીકળતો નથી; મારા શરીરમાંથી મારો જાન શી રીતે જાય તેજ હું શોધું છું !"

"હાં મગર મેં તુજકુ યે પૂછતા હુંઉ કે જાન નીકાલનેકા ક્યા સબબ હય ?"

"મહારાજ એ મારી કરમકથા લાંબી છે, પણ ટુંકામાં હું આ દુનિયામાં જીવન ધારીને ધરાઈ ગઇ છું; હવે પળ વાર પણ જીવવા માગતી નથી; મને હવે મૃત્યુજ વ્હાલું લાગે છે !"

"અચ્છા યહ દુનિયામાં મનુષ્યકું માગ્યા મ્હોત નહિ મીલતા હય ! એ તેરેકુ માલમ હય કે નહિ ?!"

"મહારાજ તમે જે કહો છો તે સુખી મ્હોત છે ! એને નિર્માણ અને શાંત મૃત્યુ કહે છે અરે અંગ્રેજીમાં એને હેપી ડેથ કહે છે, પણ હું તો એકસીડેન્ટલડેથ અચાનક મૃત્યુ દુઃખી મૃત્યુ માગું છું, અરે વગર નિર્માણ કરેલું મસ્તીખોર મોત માગું છું ? આપધાત કરવા ઇચ્છું છું ! આ શરીર પર જેટલા થઇ શકે તેટલા પ્રકારના અનેક આપઘાત કર્યા, આઘાત કર્યા, કુદરતી અને વગર કુદરતી ભયંકર ઉપાયો અજમાવી ચુકી; પણ આ શરીર પર તેની કાંઇ પણ અસર થતી નથી, અરે મને મ્હોતજ આવતું નથી !"

"અચ્છા મેરે ખ્યાલમાં તેરા ખ્યાલ આ ગયા ! તું બડી મક્કાર ઓર કર્મચંડાલ ઓરત હય ! તેને બોત બોત ભારી કઠીન ઓર ભયંકર કુકર્મો કીયા હય ! અબી એ સબ કુકર્મોકા ફલ તેરેકુ મીલતા હય; કરની તેરેકુ અબી અચ્છી તરેહસે શિક્ષા

કરતી હય, ઔર તુમ મરનેકુ માગતી હય, હાં બરાબર બરાબર મેં સબ સમજ ગયા; રંડી તુમ અભી નહિ મરેગી! તેરી અવધ લંબી હય, તેરા પાપ બ્હોત હય, તેરા કર્મ બ્હોત કુડા અવશેષ હય, જહાં તક તેરા પાપ મોજુદ હય વહાં તક તેરે વાસ્તે મ્હોત નહિ હય, જો ઈસ માફક ઇનસાનકુ મ્હોત માગે મીલતે તો સારી દુનિયા આપસ આપસમેં ખુન ટંટા ફીશાદ કરકે કટાકટ કતલ ચલાતે ઔર જહાનસેં જીંદગી બરબાદ કરકે બડા જુલમ વરતાતે! મગર ઈસ માફક કભી નહિ હોતા! નારાયનકી ગતિ બડી અકલ હય! ઓ મનુષ્યકુ માલમ નહિ હોતી! જહાં જલ હય વહાં સ્થલ બન જાતા ઔર જહાં સ્થલ હય વહાં જલ બન જાતા! અર્થાત મ્હોત માગનેસે જીંદગી લંબાતી, ઔર જીંદગી માગનેસે મ્હોત નજીક આતા હય!"

"હા મહાત્મા એ પ્રમાણે મારે અવળી ગતિ થઈ છે. આપની કલ્પના સત્ય છે. આપ જે અનુમાન મારી જીંદગી પર બાંધો છો તે સત્ય છે. મેં પાપ કરવામાં કચાશ રાખી નથી; અર્થાત્ મારાં કામ એવાં ભયંકર અને કુડાં છે કે મારી તેના પ્રમાણમાં શી ગતી થશે અર્થાત્ મારૂં શું થશે તેનું મારાથી કાંઇ વિચારી શકાતું નથી. મારી કથની અને કરણી એવા વિચિત્ર અને ભયંકર પ્રકારની છે કે કોઇને કહી જાય તેમ નથી! મારી આવી અધોગતિ થવાનું કારણજ મારી કુડી કરણી છે. મહારાજ હવે હું દુઃખ ખમી ખમીને અકળાઇ ગઈ છું. મારાથી હવે સહન થઇ શકતું નથી. મારી મગજશક્તિ તથા સહનશક્તિ હું બીલકુલ ગુમાવી બેઠી છું. અર્થાત હું કોણ છું શું કરૂં છું શું

બોલું છું અને ક્યાં જાઉં છું તથા ક્યાં રહું છું તેનું મને કાંઈ ભાન રહેતું નથી. એક ક્ષણમાં આત્મજ્ઞાનના વિચારમાં હું ઝોલે ચઢી જ્ઞાનમાં ડુબી જાઉં છું અને એક ક્ષણમાં અજ્ઞાન ઉન્માદ અને જુવાનીના તોફાનમાં વાયરે ચઢી કંઈનું કંઇ કહી નાંખું છું અર્થાત કંઇનું કંઈ કરી નાંખું છું; આ પ્રમાણે મારી સ્થિતિ થઇ છે. મહાત્મા જો આપ પરમાત્માને પીછાની શકતા હો અગર જો કાંઈ આત્માને સુખી કરવાની શક્તિ અગર લાગણી કે દયા ધરાવતા હો તો મને મારી સ્થિતિ અનુસાર કોઇ યોગ્ય અને સારો ઉપાય બતાવો, અગર મારૂં મોત નીપજાવી ગને આ અધમ દશામાંથી મુક્ત કરી મારૂં કલ્યાણ ચ્હાઓ! હું આપને બે કરજોડી વંદન કરૂં છું! પ્રભુ મને કોઈ સારા માર્ગે ચઢાવો, અરે મને આ ભયંકર આધિવ્યાધિ અને ઉપાધિમાંથી કાંઇક શાન્તી અને સુખ મળે તેવો સન્માર્ગ બતાવો! ભગવાન આ ભુંડી ભટકતી ભામાને સારે માર્ગે ચઢાવી કૃપા દર્શાવો!"

"બાઈ ભગવત તેરા ભલા કરેગા! ભગવત પર ભરૂસા રખના! દીનદયાળ પ્રભુ દીન પર દયા કરેગા! વો નિશ્ચય સમજના કે નારાયણ કીસીકા ગન બુરા નહિ કરતા! મનુષ્યકા સારા બુરા કરનેવાલા ભગવત નહિ હય મગર મનુષ્યકી કરની હય! જયસી મનુષ્યકી કરની હય અયસી મનુષ્યકી ભરની હય! ઇસ હાથસે દેદો ઓર ઈસ હાથસે લેલો! તુમ કીસીકુ મારેગા તો તુમ અવશ્ય મરેગા; જો તુમ કીસીકુ ઠારેગા તો અવશ્ય તુમ ઠરેગા! મનુષ્ય સુખી કરનેસે સુખી હોતા હય ઓર દુ:ખી કરનેસે દુ:ખી હોતા હય! જયસા કરતા અયસા ભરતા! ઈસ દુનિયામાં

જન્મ લે કર મનુષ્ય જહાં તક ભલાઈ કરતા વહાં તક વો ભલાઇકા ફલ ભોગવતા; જહાં તક વો બુરાઇ કરતા વહાં તક વો બુરાઇકા ફલ ભોગવતા; અર્થાત સુખ દુખ પામનેસે, રોતે હસ્તેમેં, શાંતિ ઓર અશાંતિમેં પરમાત્મા બિચમેં નહિ આતા મગર અપના સારા નરસા કાર્ય નેકી ઓર બદીકા નતીજા આતા હય! મનુષ્ય કભી તક પરમાત્માકુ ઠપકા દેનેકુ લાયક નહિ હય! પરમાત્મા અલગ હય, મનુષ્ય અલગ હય; સુખ દુઃખ અલગ હય ઓર સગાંવ્હાલાં ઓર દુનિયા અલગ હય! ઓ સબ અલગકી જબ બગલગીરી હો જાતી જબ સુખ દુઃખ ઓર મનુષ્ય વો બી બગલગીરીમાં ચકાચક ઓર ઝુકાઝુક હો જાતા હય! નારાયન સબસે પર હય, અલગ હય, ઉન્કુ કુચ્છ લેના નહિ ઓર દેના નહિ! તુમારા કરમ તુમારી સારી નરસી સ્થિતિ ઉપસ્થિત કરતા હય! ભગવાન કેવળ દયાસાગર હય! વો દયાળુ દુઃખી ઓર પાપી પર ભી દયા કરતા હય, વો દીનાનાથ સબકુ ભૂખા ઉઠાતા હય મગર કીસીકુ ભૂખા સોને દેતા નહિ હય! કીડીકુ કન ઓર હાથીકુ મન દેનેવાલે એ દીનદયાલ સબ ઈનસાન પર દયા વરસાવતા હય! ઈનસાન ભગવાનકુ ભૂલ જાતા હય મગર ભગવાન ઈનસાનકુ નહીં ભૂલ જાતા હય! ભગવાનકુ જાનનેવાલેકી ભગવાન અવશ્ય કરકે ખાજ રખતા હય, મગર ભગવાનકું તજનેવાલેકા ભગવાન કભી બુરા નહીં કરતા હય; મગરં ઈનસાન ભગવાનકુ તજતા હય મગર ભગવાન ઇનસાનકુ નહીં તજતા હય! ઓ દયાલુ સારે દીન ઓર સારે રાત મનુષ્યકી રક્ષા કરતા હય! બાઈ એ સબ કલેશકુ છોડકર કરૂના-

સાગર કીરતારકુ યાદ કરો! નાચી કુદી નારાયનકા ભજન કરો. બ્હોત દુઃખ પડે જબ સમજ લો કે સુખકી આગાહી હય! ક્ષણુ વારમાં સુખ આયગા; જબ બ્હોત સુખ પડે તબ સમજના કે ક્ષણુ વારમાં દુખ આયગા! બાઈ સુખ દેખકે હરખાના મત ઓર દુઃખ દેખકર ગભરાના મત! રોના ઓર ગાના એ સબ ઢોંગ હય! નયન ખોલકર કદમ ભરો; મનન કર કર કરમ કરો! પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત હય; તિમિર ઓર પ્રકાશમાં ભી નારાયન મનુષ્યકી કરની જો શકતા હય! મનુષ્યકુ એ સૂત્ર અવશ્ય યાદ રખના કે જો જો સારા નરસા કામ મનુષ્ય કરતે હય; વો સબ પરમાત્મા આસમાનકે દફતરમાં નોંધ લેતા હય; ઓર મનુષ્યકુ ભલાઇ ઓર બુરાઇકા ફલ ડગલે ડગલે સંસારમાં મનુષ્યકુ દેતા હય! આસમાનમેં હાથ જોર કર પરમાત્મા પર નજર કરો ઓર જમીપેં શીર ઝુકા કર બ્હોત વિચાર કરકે કદમ ભરો! જો કાંઈ કરો વો બ્હોત વિચાર કરકે મનમાં અચ્છી તરેહસેં કરનીકા ખ્યાલ રખ કર કરો!"

"મહાત્મા તમારાં વચન તમામ સત્ય છે! આપે જે કાંઈ કહ્યું તે તમામ મારૂં હીત વિચારીને કહ્યું છે પણ પ્રભુ મેં જે કાંઈ કર્યું તેનુ શું કરવું? કરણીનાં દુઃખ શી રીતે અટકાવી શકાય તેનો કાંઇ રસ્તો બતાવો!"

"બાઇ તું કોન હય! તેરી જાત કોન હય! તેં કીસ પ્રકારકી કરની કરી હય? તેરા નામ ક્યા, તેરા ગામ ક્યા! ઓર તેરા કામ ક્યા?! જો કુછ તારી કરની હય ઔર તેરી હતભાગ્ય સ્થિતિ હય વો સબ મેરેકુ જો તેરેકુ કુચ્છ કહેનેસે

હરકત ન હોવે તો મેરેકુ સુનાઓ! મેં સુનનેકુ મંગતા હું઼ઉ!"

"મહાત્મા મને કહેવામાં કાંઇ હરકત નથી; જો આપ સાંભળવા માગો છો તો હું તમને મારી સ્થિતિ કહી સંભળાવું છું! મારૂં મન સાક્ષી પૂરે છે કે પ્રભુ આપના સત્સંગના પ્રભાવે કરી મારૂં દુ:ખ કમી થશે! મારૂં ડાબુ નયન પણ ફરકી ફરકીને જણાવે છે કે આપની શુભાશિષથી મારૂં કલ્યાણ થશે! પ્રભુ આપના અભિમંત્ર કરેલા જળના સ્પર્શથી મારા શરીરની કંઈક વેદના કમી થઈ છે, ભગવાન તમારા ચીપીઆના મારથી તથા તમારા જ્ઞાનોપદેશથી મારી કાયા કંઈક પાવન થઇ હલકી થઇ છે! મહાત્મા મારૂં મન હવે હરખાય છે અને હૃદય કબુલ કરે છે કે સતસંગતના પ્રભાવે કરી કંઈક મારૂં કલ્યાણ થશે!"

"બાઈ ભગવાન તેરા અવશ્ય ભલા કરેગા; વો ગંગામૈયા જરૂર તેરા કલ્યાન કરેગી! કાશિવિશ્વનાથ જરૂર તેરા દુ:ખ કમી કરેગા! મેં તુજકુ આશિર્વાદ દેતા હઉં કે શંકર તેરા કલ્યાન કરો! પ્રભુ તેરા સબ કષ્ટ હરો! નારાયન તેરા ભલા કરો! ભગવત તેરા ઉદ્ધાર કરો!"

"પ્રભુ મારાં પાપ માફ કરો!"

"બાઈ હમ સાધુસંત સારે જગતકે કલ્યાન બાંચતે હય હમ સબ લોક પરમારથકે લીયે ઓર જગતકા કલ્યાનકે લીયે શંકરકી ઉપાસના કરતે હય! હમ સબ સાધુ તેરા કલ્યાન બાંચતા હય! પરમાત્મા તેરા ભલા કરો! નારાયન તુજકુ સુખી કરો! કૈલાસપતિ કાશીવિશ્વનાથ તેરા કષ્ઠ હરો!"

"મહાત્માઓ તમારો આશિર્વાદ હું શિરપર ચઢાવું છું. હવે તમે સૌ આ દુ:ખીઆરીની કર્મકથા સાંભળો!"

—: કાન્તા કર્મકથા :—

હરીગીત.

વિશ્વમાં વિખ્યાત ને રળિયાત રૂડો પ્રાન્ત છે,
ગરવો ગુણી ગંભીર ગજવે ગગનને ગુજરાત છે;
આબાદ ને નિરવાદ સુંદર શહેર અમદાવાદ છે,
ભગવતિ સાબરમતી વહે ગંગા પુણ્યવતી યાદ છે. ૧
અભિધાન ગુણનિધાન ધીંગુ ધામ એ મુજ સ્થાન છે,
વાસો કરી વસતા સગા વ્હાલા જે સુખનિધાન છે;
વિશ્વપાવન પાપદાહન વિપ્રની મુજ ન્યાત છે,
જ્ઞાતિ સુધારક રાયજી પુરૂષોત્તમ પ્રિય તાત છે. ૨
સુખકારીણી દુઃખહારીણી મણીલક્ષ્મી મારી માત છે,
મોંઘી મત્તા પરધન સુતા કાન્તા ઉભી આ હયાત છે;
ભાવે ભણાવી ગણાવીને પરણાવી મુજને પરી કરી,
દામ લીધા બામના મુજ તાતે શૌક્ય ઉપર ધરી. ૩
કન્યા તણો વિક્રય કરી સૌ લાજ લાયકી પરહરી,
કુળ કીર્તીપર ઘસી કોયલા ધન કોથળી લીધી ખરી;
બાંધી મને ફેંકી મને શુળી શૌક્યપર વિંધી અરે,
જીંદગાની જીવનની કરી ધુળધાણી ચિતડુ ચરચરે. ૪
ક્લેશ ને કંકાસના બહુ ત્રાસ વેઠીઆ અતિ ઘણા,
નિત સાસુ સસરા શૌક્ય ને વળી કંથ લડે નવ રહે મણા;
મુજ શોક્ય શાન્તા અજાણ ને અજ્ઞાન ગરીબ સુતા હતી,
ધાકે દબાવે સાસુ સસરા તેમ તે દબાઈ જતી. ૫
મારે પ્રહારે બાળે નિશદીન કષ્ટ સૌ તે સાંખતી,
જે જે બતાવે કામ સૌ કરતી ભૂંડુ નવ ભાખતી;

ધાન પેટે વૈતરૂં ઘરનું કરી દીન ગાળતી,
પેટે પ્રજા થાતી નહીં કહી નિત સાસુ બાળતી. ૬
એવી ન કોઈ પીયરમાં તેને હતું નહીં રાંકડી,
વંધ્યા હતી સંસારમાં ત્યાં ભાગ્યરેખા સાંકડી;
ગુણવાન ને નિતિવાન નાથ દયાનિધાન હતા રૂડા,
સંતાપતા નવ સાંખતા પિતુ વેણ જે કથતા કુડા. ૭
કિંમત હતી કાન્તા તણી હિંમત નહોતી બોલવા,
મોહન માવડીઆ હતા શક્તિ ન ન્યાયને તોળવા;
બી. એ. થએલા કંથજી મુજ ભાનુશંકર નામ જે,
પરણ્યા પુનર પિતુ વેણથી કુડું કર્યું એ કામ છે. ૮
શાન્તા સલુણી સુંદરી સુખકારીણી હયાત છે,
બી. એ. થએલી કાન્તા હું તે સાથ પરણ્યા આઘાત છે;
ચાતુર એ આતુર ચારૂ શૉક્ય પ્રેમાતુર હતા,
એક દીન ક્રોધાતુર બની કંઈ વાતમાં ખાધા ખત્તા. ૯
માબાપથી લડતા ઝગડતા ઉકળ્યા કંઈ કારમા,
મેં ભુંડીએ દુભવ્યા ઘણા મેંણાં દીધાં નવ ધરી તમા;
માતે કર્યો વળી ક્લેશ ખુબ નવ લેશ દીલમાં ધરી દયા,
આઘાત અંતરમાં થયો શાન્તા સમીપ તે તો ગયા. ૧૦
બેભાન બાળા તે બની દેખી દુઃખી ભરથારને,
શાન્તવન કરતી તે સાધ્વી વિનવતી કીરતારને;
નિત્ય ક્લેશના વ્યવહારમાં મુજ શૉક્ય શાન્તા ગઈ મરી,
દુઃખી થયા ખુબ દીલમાં મુજ સ્વામ દીન બન્યા હરી ! ૧૧
મુજ કંથને માબાપથી ઝગડા અને રગડા થયા,
ચાલ્યો વિગ્રહ ઘર વિષે નિત લોહી ઉકાળા રહ્યા;

ઘેલા બન્યા એ પ્રેમમાં નવ વાલ કોઈની દીલ ગમે,
ઘડીમાં લડે ઘડીમાં રૂએ ઘડીમાં ઘુમે ઘડીમાં રમે. ૧૨
એક દીન આવ્યા પાસ મુજ કંઈ વાત કરતા તો કરી,
ગુસ્સે થયા વશ ના રહ્યા શિક્ષા સખત મુજને ધરી;
ઝઘડો મચાવ્યો જંગનો જાલમ ક્રોધાતુર બની,
મારી મને ખુબ કારમી લોહી લુહાણ થઇ ઘણી. ૧૩
મુજને મરી ગઈ જાણીને ઉભા ન કોઇ ના ઝાલીઆ,
માબાપ સાસરીઆં તણી ભીતી ધરી ઝટ ચાલીઆ;
મધ્યરાતના ઉઠી ચાલીઆ સીધા ગયા તોફાનમાં,
ચિત્તા કરી બાળી હતી જ્યાં શાન્તાને સ્મશાનમાં. ૧૪
મસાણમાં શાન્તા તણો પોકાર દીલથી કરી કરી,
ઘેલા બનીને ઘુમીઆ શાન્તેજ શાન્તે સ્મરી સ્મરી;
નદીમાં પડી દેહ મુકીઓ પત્તો ન લાગ્યો કંઈ જરી,
દીનમાન મારો રૂઠીઓ રંડાપો આવ્યો હરી હરી ! ૧૫
બાલપણમાં રાંડી હું એ વાત નવ ગમી તાતને,
તત્પર થયા કરવા પુનર્લગ્ન ગૃહી મુજ હાથને;
એક છેલશંકર વકીલ જે સાથી સુધારાનો હતો,
તે સાથ પરણાવી મને પુનર કરી ભવને છતો ! ૧૬
ફેશનતણા વિલાસનો રાગી અને હીમાયતી,
પોઝીશન રાખે સદા હમ્બગ સુધારે વિલાયતી;
આવકતણું નવ જોર જાવક ચોગણી ચાલી જતી,
સુધરેલ એટીકેટમાં દીનપર દશા તો દીન થતી. ૧૭
ઘરમાં મળે નવ ધાન ખાવા દાડ સાહેબશાઇ ઘણો,
બાંધ્યું બજાર ઉધારમાં, એ રોફ સુધારાતણો;

પહેલાં નભ્યુંજ દમામમાં પાછળ પોલ ન ચાલીયું,
સુધરેલ શાપ સરાફની ચાલી ગઈ ત્યાં થઈ રહ્યું. ૧૮
લેણુદારો આવીને કુડી ધમાલ કરે સદા,
પ્રોમીસ મીઠાં વચનનાં થાતાં ન વકીલથી અદા;
થાતી ફજેતી નિત્ય પુનર્લગ્નની તો આંગણે,
લડતા દીસે સૌ લેણુદારો, વકીલ ઉર નવ કંઇ ગણે. ૧૯
વકીલ કોરટમાં જતા સંતાપતા સૌ આવીને,
વદતા વચન ભુંડાં જીભે એ વાત નવ ગમી ભાવીને;
મનહર નામે મિત્ર એકજ વકીલનો નિત્ય આવતો,
પૈસા પદરના આપીને દેવુંજ તે ચુકાવતો. ૨૦
વ્હાલો બન્યો તે વકીલનો ઘરમાં થયો મનમાનતો,
વકીલ કરતાં વધુ મને ભાભી કહી રીઝાવતો:
મનડું મળ્યું મનહર મને રાગી બન્યાં અમે રંગમાં,
એ રંગનો અનુરાગ તો એક દી થયો ખુબ જંગમાં. ૨૧
આનંદથી ટેબલ પરે મનહર અને હું બેસીને,
ચાહ પીતાં પ્રેમથી આવ્યા વકીલ પ્રવેશીને:
નાંખી ગળામાં હાથ બીડી પાનની ખાતાં હતાં,
ઘટ પાપનો ફુટી ગયો ખાધા અમે ખુબ તો ખત્તા. ૨૨
ઝાલી ગળુ મનહર તણું માર્યો વકીલે માર ત્યાં,
મનહર કુટાયો બારીમાં કૂદે ફસ્યો તે જાય કયાં;
આવ્યા મને જ્યાં મારવા હીંમત ધરી સામી થઈ,
હાથે કરેલાં ભોગવો આજી બધી બગડી ગઈ. ૨૩
છેલશંકર વકીલથી છેડા કરી છુટા અરે,
છેલ્લી સલામી ભરીને ચાલી છુટી બનીને આખરે;

જાહેર ખબર પેપર વિષે વાંચીજ સ્ત્રી શિક્ષક તણી,
તોરણગઢના સ્ટેટમાં અરજી કરી મેં તો ઘણી. ૨૪
મળવા મને રૂબરૂ તણો ઉત્તર આવ્યો નૃપ તણો,
ચાલી ત્વરાથી સ્ટેટમાં આનંદ વ્યાપ્યો ઉર ઘણો:
વંદન કરી ઠાકોર કાલુભા સમક્ષ ઉભી રહી,
જોઇ મને દરબારશ્રીએ પત્ર પર લીધી સહી. ૨૫
મ્હેતી તરીકે રાખીને આપ્યો ઉતારો ઘણાયદો,
ફરકે નહિ મુજ પાસ કોઇ સખત કીધો કાયદો:
સુંદર હતો મમ ડાકમાડ ને વચન ચાતુરી ઘણી,
ફૅશન સુધારે ઉડતી વાતો કરૂં બ્યુટી તણી. ૨૬
હિમાયતી ઠાકોર સુધારા તણા પોતે હતા,
નિજ સ્ટેટમા સુધરેલ રીત રિવાજ નિત્યે ચાલતા;
સ્ત્રી કેળવણીના હતા અગ્રેસર મેમ્બર શૂરા,
ઇંગ્લીશ ટયુશન આપવા અંતર હતા આતુર પૂરા. ૨૭
રાખી મને નિજ સ્ટેટમાં કન્યા સોંપીજ કળાવતી,
રહેવા મને એક બંગલો આપ્યોજ સુંદર ખુબ અતિ:
ત્હેનાતમાં પોતા તણો વ્હાલો હજુરી જે હતો,
રઘલો ખવાસ હતો રૂડો સોંપ્યો મને મનમાનતો. ૨૮
થોડા દિવસ વીત્યા પછી દરબાર બદલાણા અરે,
મોહ પામ્યા મુજ પર કરવા લગન આતુર ખરે:
કહેણ રઘલા સાથ કાંઈ કહાવે મને નિત્ય તો નવાં,
પગાર પર ઇનામ આપે મુજને લલચાવવા. ૨૯
એક દીન આવ્યા ... મુજ પાસ ઠાકોર કારમા,
કરવા પુનર્લગ્ન થયા તૈયાર રાજ્યની મુકી તમા:

પટાવીને લલચાવીનેં તલસાવીને વિલસાવીને,
વ્હાલી કહી વળગી પડયા રાજરાણી બનાવીને. ૩૦
બહુ ધામધુમ આનંદથી કર્યું રાજલગ્ન અવનવું,
બક્ષી મને બસ રાજમુદ્રા રાજસત્તા કયાં જવું !
દાખલ સુધારા મેં કર્યાં કંઇ રાજમાં બહુ રાજતા,
સ્ત્રી કામદારો રાખીને કોરે કર્યાજ અછાજતા. ૩૧
દરબાર ને હું રોજ રહેતાં રંગ ને વિલાસમાં,
છાનીજ પ્રીતિ સાંધતી રઘુ સાથ હું ઉલ્લાસમાં;
રાજની સત્તા બધી આવી ગઇ મુજ હાથમાં,
રાજરાણી હું બની કંઇને નચાવી નાથમાં. ૩૨
રંગ ને આનંદમાં રમતી હતી બની રાગીણી,
દરકાર દુનિયાની તજી ફરતી બની વિલાસીની;
નસીબ મારૂં ત્યાં ફૂટયું બાજી બધી બદલાઇ ગઈ,
હુલ્લડ થયું રૈયત વિષે અંધાધુની જબરી થઇ. ૩૩
તાર કરી તેડાવીયા ઝટ સમરસિંહ પરમારને,
થઇ એકઠા કંઇ આગેવાનો કર લીધો અખ્યતારને;
મામા હતા કન્યા તણા પરમાર જે આવ્યા ધસી,
રમખાણ મચી રહ્યું કેદ કરવા મહેલમાં હું ગઇ ફસી. ૩૪
નાઠી રાતોરાત રઘલા સાથ હું મોટર ચડી,
કરવા અમોને કેદ ટુકડી એક ત્યાં પાછળ પડી;
અધવચ્ચમાં અચકી પડી મોટર મારામારી થઈ,
લડતા ઝગડતા નાસંતા ગાડીજ ભાગી ત્યાં ગઇ. ૩૫
બાથમબાથા કારમી કાપંકાપી થઇ રહી,
રઘલો કપાયો માર્ગમાં ત્યાં લોહીની સરિતા વહી;

ભાલો લઈ સામી થઈ કંઈ મારીઆ અસ્વારને,
રક્ષક અમારા ત્યાં મુઆ વળતી મળી નહિ વ્હારને. ૩૬
આવ્યો ધસી રજપૂત એક પકડી મને ખુબ બળ કરી,
છટકી ગઇ ભુજ બાથથી છાતી વચ્ચે ધરીને છરી;
ધરણી ઢળ્યો રજપૂત તે આવ્યો કટારી કર ધરી,
શિર કેશ ઝાલી માણરા પટકી મને ખુબ ફરી ફરી. ૩૭
બેઠો ચઢી છાતી પરે મુજ નાક કાપ્યું રીસમાં,
બેભાન મૂર્છાવશ થઈ બેબાકળી હું ચીસમાં;
શબ લઇ સ્વલા તણું સૌ ચાલીઆ પાપીખરે,
કળ વળી મુજને જરી ત્યાં નાઠી છટકી હું અરે. ૩૮
જંગલ વિષે જ્યાં નાસતી બાવો મળ્યો સામો મને,
અચકાવી મુજને તાકુકી કાંડુ ગૃહી આવ્યો કને;
નજરે વિલોકી રૂપ મારૂં અંધ બનીઓ મોહીને,
કામાંધ મુજને વળગીઓ કેડો લીધો ચિત પ્રોઇને. ૩૯
પ્રીતે બનાવી રામકી મુજ વેશને પલટાવીને,
બાવી કરી વેરાગીણી મુજ ભાગ્યને ઉલટાવીને;
કરમાં લઇ હું તંબુરો ભીખ માગવાને નીસરી,
ગાતી ભજન ફરૂં ગામમાં લજ્જા બીતીને પરહરી ! ૪૦
ચાલું બાવા સંગ રંગ હું ભાગ્યના જોતી અરે,
ત્યાં તો ઘડી બદલાઈ ગઇ મુજ ભાગ્ય રૂઠયું ત્યાં ખરે;
મહાદેવના દેરા સમીપ એક જીરણું ત્યાં હતી ઝુંપડી,
આશ્રમ બાવાનો હતો રહેતાં અમે રજની પડી. ૪૧
એક દીન સંધ્યા સમયમાં ચુલો બનાવી રાંધતી,
મુજ ભાગ્યને ધિઃક્કારતી કંઇ કલ્પનાઓ બાંધતી;

આવો ગયો ન્હાવા તલાવે મુકી મુજને એકલી,
ફરતા યુવક કોઇ આવીયા રમતાજ ગંજીફો મળી. ૪૨
રમતા રમત કરતાં ગમત ગાતા મીઠું કોઈ ગાનરે,
કાન ચમકયા માહરા થઇ ગાનમાં ગુલતાનરે;
આવી ઉભી હું બહાર ગાયન મીઠડું સુણતી અરે,
ત્યાં તો અચાનક ધસમસ્યો બાવોજ આવ્યો હરે હરે. ૪૩
શંકા ધરી મનમાં કુડી મારી મને ખુબ રીસ કરી,
રોતી કકળતી કરગરૂં આવે દયા નવ ઉર ધરી;
માફ માગી ધુળ ચાટી વિનવણી કરી મેં ઘણી,
મારી મને ખુબ ઢોર મારે આવી કરૂણા મુજ તણી. ૪૪
એક દીન મળતાં લાગ હું બાવો તજી નાસી છુટી,
રાતોરાત હું ગામ ભેગી થઇ ગઇ અથડાઇ કુટી;
વાસો કર્યો કુંભાર ઘર ખીચડી બનાવી પડી રહી,
પહો ફાટતાં નાસીબ જોગે સુખની ઘડી મેં લહી. ૪૫
જતો હતો એક પટેલનો શુભ સંઘ તો કાશી ભણી,
સામેલ થઈ ગઈ સંઘમાં મુજ જાત જણવી બ્રાહ્મણી;
કર્મયોગે મેં દીઠી શુભ સંગતે કાશીપુરી,
પાપ મારાં પ્રગટીઆં મુજ દશા થઇ છે હા બુરી. ૪૬
રક્તપીત ને કોડનો વ્યાધી થયો મુજ અંગમાં,
છીદ્રો પડયાં મુજ શરીરમાં કોરે થઈ હું સંઘમાં;
મુકી મને કાશી વિષે એ સંઘ તો ચાલ્યો ગયો,
વ્યાધી જોઇ મુજ શરીરનો મહા કલેશ સૌને ઉર થયો. ૪૭
કોડે કર્યાં જે કર્મ કુડાં ફળ તેનાં ફાલીઆં,
પ્રેમે કર્યાં જે પાપ હાયે ભાવિમાં તે પ્રગટીઆં;

બદલો મળ્યો બુરો મને વ્યાધિ થયો જીવલેણ આ,
રક્ત પરૂ નિત દડદડે કોને કહેવાયે કહેણ આ. ૪૮
પ્રેમના આચારમાં બુરો કર્યો વ્યભિચાર હા,
ધર્મનીતિને ટાળીઆં મુકી રૂડો વ્યવહાર હા;
માતા પિતાને કંથની છાંયા સુખદ હતી જે ખરી,
મદમાં છકી અભિમાનમાં હું આંધળી ગઈ તો મરી. ૪૯
કોઇને ગણ્યાં નવ મન થકી, મારી કરે ગણના ન કોઈ,
તૃણવત્ જોબનના જોરમાં જખ મારતી દુનિયાં મેં જોઈ;
જોબન નદીના પુર સમ ચાલી ગયું હું શું કરૂં ?
રૂપ કારમું વણસઈ ગયું દુઃખી બનીને થરથરૂં. ૫૦
માન્યો સુધારો મેં મીઠો ફૅશન ગણી સુખદ સદા,
ઉજળું એટલું દુધ માન્યું ઉર વિચાર્યું નવ કદા;
ચાર ઘડીની ચાંદની જોબન સુખ પીટી ગયું,
ઢાંકણ ગયું કુત્રાતણું મુજ ભાવી બળ આવી રહ્યું. ૫૧
હું એકલી થઇ અવનિમાં નવ બેલી કોઈ મારૂં થતું,
શ્વાન સમ ભટકી મરૂં ઉરમાં વિચારૂં શું હતું ?
બણબણે માંખો અરે લોહી પરૂ અંગે ઝરે,
લાખો વીંછીની વેદના મુજ અંગમાં થાતી અરે. ૫૨
સહન થાયે નવ જરા આ રોગની પીડા ખરે,
મરણ માગું મુખ થકી નવ મરણ તો માગ્યું મળે;
પત્થર પરે શીર હું પટકું અંગ. ત્રાડુ હાય રે,
નવ જીવ જાયે પંડમાંથી લાગે નિશદીન લ્હાય રે. ૫૩
વ્હાલુ નથી કોઈ વિશ્વમાં આ વિશ્વ પણ વ્હાલું નથી,
વેરી નથી કોઇ માહરૂં વેરણ વિધાતા પડી મથી;

મારૂ નથી કોઇ જંગ વિશે મારી નથી હું માલ્લરી,
માયા અને મમતા બધી જગમાં વૃથા છે લાહ્લરી. ૫૪
મરતી નથી હું પાપણી કોઇ મારતું નથી મુજને,
મરવા જતાં ઉગરી બચું વિધી કહૂં શું તુજને;
પુન્યશાળી ને કલ્યાણી કોઈ આવો અરે મુજ પાસ રે,
પ્રેમે કરો એક કાર્ય પરમારથ તણું કરી નાશ રે. ૫૫
આ દુઃખમાંથી છોડવો, મારી કરો વિનાશ રે,
મારો મને તારો મને ડારો મને અવિનાશ રે;
કંઈ વિષ મેં પીધાં અને કંઈ ઝેરને હું ખાઈ ગઇ,
કરવત વિશે મુજ શીર મૂકયું તોયે દશા વેરણ થઈ. ૫૬
પાપી ગયો નહીં પ્રાણ મુજ હું જીવતી રહી પાપીણી
અગ્નિ ચિતામાં હું પડી તોયે બચી હું પીશાચણી;
ગંગા વિષે ઝંપલાવીયું તોયે મને કોરે કરી,
ત્રણ વાર કુદી હું પડી તોયે કીનારે મને ધરી. ૫૭
થાકી કરી સાહસ હું જીવ કાઢતાં નવ જાય રે,
દુઃખી બની મધ્યરાતમાં આવી ઉભી હું હાય રે;
ચીપીઆ તણો ખુબ માર ખાધો આપનો અંગે અહીં,
તોયે ગયો નવ પાપીયો મુજ પ્રાણ તો પંડમાં સહી. ૫૮
હાથ જોડી કરગરૂં સાધુ કરો મુજપર મયા,
મારી મને સુખી તો કરો જો હોય દીલ માંહી દયા;
મારી શકો નવ મહાત્મા દુઃખ અંગનું આ દુર કરો,
વ્યાધી સમાવો કારમી મુજ આપદા વેગે હરો. ૫૯
ભગવત પડું ચરણે તમારે શરણમાં હું રાંક રે,
છું પાપણી પીશાચણી જોશો જરા નવ વાંક રે;

કાન્તા તણી કથની કહી હે સંત વંદન હું કરૂં,
મારો ઉગારો મહાત્મા ચરણે પડી આંસું ભરૂં !! ૬૦

"બાઈ તેરી કર્મકથની બ્હોત અસરકારક ઓર હૃદયદ્રાવક હય! જયસી કરની દુઃખકર હય અયસી વો સુખકરભી હય! તેરેપર ઈતના દુઃખ પડનેકી ખાસ જરૂર થી! જો કુછ તેરેપર પરમાત્માએ કીયા હય વો સબ વ્યાજબી કીયા હય! યે દુખસે અબી તેરી આંતરશુદ્ધિ હોયગી! મરનેકે લીયે જબ તું તૈયાર હોતી હય; તો ઈસપરસેહી મેં સમજ લેતા હું કે તું દુઃખસાગરસે તરનેકો તૈયાર હોયગી! અબી તેરા સંકટકા અંત નજીક હય! તેરા ભાગ્યકા ઉદય અભી મેં દેખતા હું! મગર મેં તુજકુ પ્રશ્ન કરતા હંઉ કે જો કુછ તુને આપઘાતકી કોશીશ કીઈ હય ઓર આપઘાતસેં તું અનેક વાર પીછે પડી હય વો અચંબા કુછ ખ્યાલમાં આતા હય ?"

"ના મહારાજ, મારા ખ્યાલમાં કાંઈ આવતું નથી. હું દરેક ઠેકાણેથી પાછી પાડી છું. હું સર્વત્ર હારી છું! મને કંઈ સમજાતું નથી! મરવા સારૂ મેં ભગીરથ પ્રયત્ન કર્યો હશે, પણ લવલેશ હું તેમાં ફાવી નથી! છેવટે થાકી કંટાળી હારી ત્યારે અહીં આવીને અટકી છું! હવે તમે કાંઈ ચમત્કાર બતાવી મારો અંત લાવો અગર મને તારો કે હારો! હું હવે તમારે શરણે છું! મહાત્માના ચરણ સિવાય હવે મારો અન્યથા કોઈ ઉદ્ધાર નથી!"

"દેખ કાન્તા, જગતમાં દુઃખીકે લીયે મ્હોત નહીં હય! મ્હોત ભી સુખીકે વાસ્તે હય! મરણ જો હય સો એક જાતકી

સુખી નિંદમય અવસ્થા હય! શાંતીકી અવધ હય! ભરજંગલમેં ઓર ઉનાલામાં જયસી પાનીકી પરબ ઓર બડકી શીતલ છાંયા હય અયસી મરન ભી એક સુખી છાંયા હય! પ્યાસી ઓર દુઃખી આત્માકુ તૃપ્ત કરનેકી વો એક પરબ હય. વિસામા હય ઓર શાંતીકા સ્થાન હય! પુરૂષ પ્રયત્ન ઓર મનુષ્ય યત્ન વો સબસેંહી પર મરન હય! મનુષ્યમાં જો કુછ મનુષ્યત્વ હય તો વો એક કરની હય! જીસકી કરની સચ્ચી હય વો મનુષ્યભી સચ્ચા હય! જીસકી કરની જુઠ હય, વો મનુષ્યભી જુઠા હય! જગતમાં જયસી કરની વયસી ભરની હય! અચ્છા કરોગે જબ અચ્છા પાવોગે, બુરા કરોગે જબ બુરા પાવોગે! જો કુછ અચ્છા કરતા વો અચ્છા ભરતા! ઈસિ હાથસે કર લે ઈસિ હાથસે ભર લે! સ્વર્ગ ઓર નર્ક વો દોનુ ઈધર હય! ઉપર કુછ નહીં હય ઉપર જો કુછ હય વો પરમાત્મા હય! સારા નરસાકે ફલ દેને-વાલા દીનદયાળ હરી હય! કીસીકુ ખીલાવોગે તો તુમ ખાવોગે; કીસીકુ દુભાવોગે તો તુમકુ દુભાવેગે! સુખ ઓર દુઃખ, પાપ ઓર પુન્ય દોનું હાથમાં હય! નેકી ઓર બદી એ દોનુ તુમારી સામને ખડી હય! યહ સંસારમાં સચ્ચાઈકી જીત ઓર દગાકી હાર હય! વો તુમને તુમારે નયનસેં દેખ લીયા હય! અબી કુછ દેખનેકા બાકી નહીં હય! મનુષ્ય જો કર્મીષ્ઠ, ધર્મીષ્ઠ, બલીષ્ઠ ઓર નીતીવાન હય વો બડા ભાગ્યવાન જ્ઞાનવાન ઓર સુખી હય! જીસકા ઉજ્વલ ચરિત્ર હય વો સદા પવિત્ર હય! જીસકા જીવન મલીન હય વો સદા મલીન હય! કર્માચારી ઓર વ્યભિચારી જો હય વો સદા દુરાચારી દુષ્ટ ઓર પતીત હય!

વ્યભિચારી કોઈ પન પ્રકારસેં પાવન મહીં હોતા હય! વો સદા નાપાક હય! વ્યભિચારી મનુષ્યકા કદમસેં ધરતીભી દબા જાતી હય! ધ્રુજતી હય! વ્યભિચારીકી કભીભી મુક્તિ નહીં હોતી હય! નર્ક જો હય વો વ્યભિચારીકે લીયે હય, ઓર સ્વર્ગ હય વો સદાચારીકે લીયે હય! વ્યભિચાર ઓર દુરાચાર વો એક મનુષ્ય ઓર ભગવાનકી બીચમેં આ રહેલી ભાવીકી જબરજસ્ત દીવાલ હય! દુરાચારી ઓર વ્યભિચારી વો કબી ભી વો દીવાલસેં આગે વધતા નહીં હય! સંસારમેં સદાચાર સત્ય, ધર્મ ઓર નીતી જો કુછ હય સો સબ મનુષ્યકી મુક્તિકા સાધન હય! ધર્મ ઓર નીતિ મનુષ્યકી પાંખ હય, ત્રાપા હય ઓર સચ્ચ પ્રકારકે આત્માકે કવચ હય! વ્યભિચાર કયસા ભયંકર હય, ઓર વ્યભિચારી કયસા દુરાચારી નીચ પતીત ઓર ચાંડાલ હય વો મેં તુજકુ અબો બતાતા હું! તેરેપર જો કુછ સીતમ ગુજરે હય ઉનકા પરચા ભેદ ઓર રહસ્ય મેં તુજકુ બતલાનેકે લીયે ઈન્તેજાર હું, તૈયાર હું! દેખ પ્રથમ તું કરવત મુકાનેકે લીયે કરવતીઆ પાસ ગઈ, કરવત બંધ હો ગયા, તેરે શીરપર નહીં ચલા, અયસા તેરા કહેના હય; ઉસકા પરચા ઓર ભેદ મેં તેરેકું બતાતા હુંઉ! ચલ અબ તું મેરી સાથ કરવતકે સ્થલમેં! જો દેખ, વહાં કયા મઝા હોતી ઓર સચ્ચાઇ કીસ પ્રકારસેં વ્યાપ્ત હોતી ઓર નજર આતી!"

"મહારાજ ચાલો આપણે જ્યાં કરવત મુકવામાં આવે છે ત્યાં જઇએ! સૌથી પ્રથમ હું કરવતના સ્થળમાં કરવત મુકાવા ગઈ હતી, માટે ત્યાં ચાલો અને ત્યાંના ભેદની મને સમજ પાડો!"

"હાં ચાલો સબ સાધુ ભાઈ, કરવતકે સ્થલમેં ચલો!"

"હાં ચલીએ મહાત્મા!"

આ પ્રમાણે કહી મહાત્મા, સાધુઓ તથા કાન્તા ગંગા-કીનારે જ્યાં કરવત મુકવામાં આવે છે તે સ્થલમાં ગયાં; ત્યાં મહાત્માએ યોગરદૃષ્ટ નજર કરી, કરવત ચલાવી જોયું; અને કરવતીઆ સાથે વાતચીત કરી કાન્તાની તમામ હકીકત જાણી લીધી; અને છેવટે બરાબર વિચાર કરી અંતરદૃષ્ટીથી કાન્તાના વાતાવરણનું સારી રીતે અવલોકન કરી હસતા હસતા કાન્તાને પ્રબોધવા લાગ્યા!

"કાન્તા કરવત મુકાનેકે લીયે એ સ્થાનમાં તું આઈથી?"

"જી હા મહાત્મા, હું આ સ્થાનમાં આવી હતી!"

"તુંને શરીર યે કરવતમેં રખ્ખાથા?"

"જી હા!"

"ફીર કયા હુવા કરવત બંધ હો ગયા?"

"જી હા આ કરવત બંધ થઈ ગયું!"

"અચ્છા દેખ, તેરા દૃષ્ટાંત પરસે માલૂમ હોતા હય કે વ્યભિચારી ઓરતકા ભોગ લેનેકે લીયે યે કરવત અપવિત્ર હો જાતા હય! દુરાચારી વ્યભિચારી ઓર કર્માચારી દુષ્ટ ઓરતકા સ્પર્શસેં એ લોહા કંપાયમાન હોતા હય! યે કાષ્ટ જડબંધ હો જાતા હય! ભોગ, બલિ, ખોરાક ઓર મ્હોતકા ગ્રાસ–આહુતીભી પવિત્ર હોના ચ્હાઇએ! મલીન પદાર્થ સબકુ મલીન બનાતા હય! યે બાતકા અભી મેં તેરેકુ પરચા બતાતા હું દેખ!"

"મહાત્મા આપ સમર્થ શક્તિવાન મહાજ્ઞાની છો! હું એક પાપણી દુષ્ટ સ્ત્રી છું; આપની પ્રભુતા હું શું પીછાની શકું!"

"હે ચરાચર જગતકે નાથ, હે વિશ્વવ્યાપક વિશ્વાધાર, હે સારી દુનિયાકે માલીક, હે સ્થાવર જંગમમાં વાસ કરનેવાલા વિભુ! હે ભક્તવત્સલ ભગવાન! હે સર્વત્ર સર્વકાલ વ્યાપ્ત હોનેવાલા વિશ્વપતિ, મેં તેરી પાસ શીર ઝુકા કર, હાથ જોર કર એક પ્રશ્નકા ઉત્તર માંગતા હું! જો પ્રભુ ખુદ તુંહી સ્થલમેં જલમેં સ્થાવરમેં ઔર જંગલમેં વ્યાપ્ત હોતા હય, ઔર જો તેરા યે કરવતમેંભી વાસ હય, ઔર જો પોતે માલેક જગતપતિ ઔર સર્વ જીવોંકે બનાનેવાલા સરજનહાર તું એ ઔરતકે ભોગસેં જો નાખુશ હોતા હય ઔર સ્પર્શસે અપવિત્ર હોતા હય તો જગતમેં ધર્મકે લીયે, નીતિકે લીયે, નેકીકે લીયે ભલાઇકે લીયે સચ્ચાઇકે લીયે ઔર દાનાઇકે લીયે ધર્મકા પુકાર કર! નેકીકી ગર્જના કર! સારી જહાનકુ રોશન કરકે નેકી ઔર જો સચ્ચાઈ હય વો જગતમેં સચ્ચી પ્રભુતાઈ હય, ખુદાઈ હય!"

મહાત્માનો આ પ્રમાણે પોકાર વિનંતી અને આજર્વ થતાંજ એકદમ કારમો ચમત્કારી ગેબી નાદ થયો; કરવત ધ્રુજવા લાગ્યું, કરવતીઆ કંપાયમાન થઇ ગયા અને મહાત્મા સાધુઓ તથા કાન્તા હાથ જોડી પ્રભુના નામની સ્તુતિ કરવા લાગ્યાં!

"હું વિશ્વમાં સર્વવ્યાપી વિશ્વાધાર છું! જગતનો સાર છું! જડમાં, ચૈતન્યમાં, સ્થળમાં, જળમાં; સ્થાવરમાં અને જંગલમાં સર્વ સ્થળે મારો વાસ છે. ધર્મ નીતિ અને સત્ય એ મારૂં મૂળ છે! હું સદા નીતિવાન, સત્યવાદી અને ધર્મિષ્ઠને

અંતરથી ચાહું છું! દુરાચારી, કર્માચારી અને વ્યભિચારીને સર્વદા હું ધિક્કારૂં છું! જગત વ્યભિચારીથી કંપાયમાન થાય છે, ધરતી વ્યભિચારીનાં પગલાંથી ધમધમી ઉઠે છે, જે સ્થળે વ્યભિચારી કદમ ભરે છે, તે સ્થળ પાપથી, વ્યભિચારથી ધ્રુજી ઉઠે છે, બળીને ભષ્મ થઈ જાય છે! વ્યભિચારીનું એક ક્ષણમય જીવન ઘરનું, ગામનું અને કુળનું વર્ષોનાં વર્ષોનું પુન્ય ક્ષીણ કરે છે. દેશમાં દુકાળ, આફત અને દરીદ્રતા એ સર્વ વ્યભિચારી જીંદગીના પાપનુંજ પરિણામ છે! હું સર્વદા વ્યભિચારીથી વિમુખ છું વિમુખ છું વિમુખ છું! શસ્ત્ર, પાવક, પાણી અને કાલદુતોના દંડમાં વ્યાપ્ત રહેલો હું વ્યભિચારીને સ્પર્શ કરતાં, તેના પ્રાણ હરતાં અથવા શિક્ષા કરતાં ઘણોજ કંપાયમાન થાઉં છું! વ્યભિચારીને જોઇને દંડ પણ શક્તિવિહીન થઈ જાય છે! જગતમાં તમામ પ્રકારના કર્માચારીઓનો કાલ દંડ પ્રાણ હરે છે પણ વ્યભિચારીને યુગોના યુગો તેના પાપમાંજ વ્યભિચારમાંજ અને તેના દુરાચારમાંજ સડવા દે છે; અર્થાત્ એકે જન્મમાં તેનો ઉદ્ધાર થતો નથી! મ્હોત મૃત્યુ વ્યભિચારીને વાસ્તે છેજ નહીં! મૃત્યુ સુખીને વાસ્તે છે. પાપીને વાસ્તે મરણ ઘણુંજ દૂર છે! દૂર છે! દૂર છે!"

"જય જય જય જગતપતિ જગતજીવન અને જગતજ્યોતિ જુગદાધાર મારૂં કલ્યાણ કરો! પ્રભુ મને માફ કરો ક્ષમા કરો! વિભુ મારાપર દયા કરો! હે આર્યભૂમીની પવિત્ર અબળાઓ, હે ભારતભૂમીની કુળકલ્યાણી કામીનીઓ, હે આર્યાવર્તની આર્ય બાળાઓ મારા જેવી પાપણી, અભાગણી, પિશાચણી અને દુરા-

ચારીના દૃષ્ટાંત પરથી સિદ્ધાંત લ્યો! તમારા જીવનને સર્વદા નીતિમય પતિપરાયણ અને ધર્મીષ્ઠ બનાવો! સ્ત્રીનો સર્વદા સ્વામીની સેવાથીજ ઉદ્ધાર છે! પતિ એજ પત્નીનો પ્રભુ છે! ધર્મ, નીતિ અને સત્ય એજ મનુષ્યનું સાચું જીવન છે! એક સતિ સ્ત્રી કુળ, ઘર અને આખા દેશનો ઉદ્ધાર કરી શકે છે! બહેનો હું તમને પોકારી પોકારીને જણાવું છું કે સર્વદા તમે સ્વામીની સેવા કરો! પતિ સેવાથીજ તમારી જીંદગી ઉન્નત અને પવિત્ર બનાવો! છેવટમાં અને ટુંકામાં સ્ત્રીઓને વાસ્તે સંસારમાં સર્વદા મુક્તિદાતા એક કેવળ પતિભક્તિ અને પતિ સેવાજ છે! નીતિ અને ધર્મથીજ તમારૂં જીવન સુધારી તમારો ઘરસંસાર સુખી કરો!"

"કાન્તા દેખ અબી તેરી ક્યા ઇચ્છા હય!"

"મહાત્મા હું હવે તમારા ચરણમાં શરણ છું! સંસારમાં મને હવે કોઈ સુખી કરે તેમ નથી! પ્રભુ મારો ઉદ્ધાર કરો! મહાત્મા પાપમાંથી મને બચાવો!"

"દેખ, ફીર કરવતસેં દુર હો કર આપઘાત કરનેકું તું દુસરા કોનસા સ્થલમેં ગઈથી?"

"મહાત્મા કરવતનું સ્થાન છોડી હું સ્મશાનમાં ગઈ હતી! ગંગા કીનારે જ્યાં સ્મશાન છે ત્યાં એક ચિત્તા બળતી હતી તે સ્થળે હું ગઈ હતી. આસપાસથી કાષ્ટ વીણી લાવી ચિતામાં નાંખ્યાં હતાં, અને ચિતાને કારમા અગ્નિથી પ્રકટાવી મેલી તેમાં હું પડી હતી; મારા પડતાંની સાથેજ ચિંતા તદ્દન ઠરી ગઈ હતી."

"કાન્તા, દેખ જગતમેં સર્વભક્ષી એક અગ્નિદેવ હય! વો

ભી તેરા સ્પર્શસે ભાગસે. ઔર જંપાપાતસે કેવલ નાખુશ હય, વ્યભિચારીકુ અગ્નિ ભી દહન નહીં કરતા! દેવતા ભી વ્યભિચારીસે દુર હય! દેખ ઉસકા ભી મેં તેરેકુ પરચા દીખાતાહું!"

"મહાત્મા આપનું કહેવું સત્ય છે! મારા જેવી પાપણી વ્યભિચારીણીથી સર્વ કોઈ દૂર ભાગે છે! હું હવે શું કરૂં? ક્યાં જાઉં?"

"હે જગતકે જીવન અગ્નિદેવ! મેં આપકું હાથ જોરકર શિર નમાકર વંદન કરતાહું! હે અગ્નિ નારાયણ ભગવાન મેં આપકુ પ્રશ્ન કરતા હુઉં કે કીસ લીયે યે અભાગી ઓરતકી આહુતીકા આપને સ્વિકાર નહીં કીયા હય?"

"વ્યભિચારકે લીયે! દુરાચારકે લીયે! અનાચારકે લીયે! મેં અગ્નિદેવ સર્વ પદાર્થોકા ભક્ષણ કરતા હુંઉ! સારે વિશ્વકું જલાકે ખાખ કરતા હુંઉ! ભસ્મ કરતા હુંઉ; મગર એક વ્યભિચારીસે સર્વદા દૂર હોતા હુંઉ! વો નાપાકકું મેં કભી પાક નહીં કરતા હુંઉ! વ્યભિચારીકે સ્પર્શસે ખુદ મેં અપવિત્ર હોતા હુંઉ! વ્યભિચારીકા મુખ દેખનેસે ભી મેં અગ્નિદેવ સદા નારાજ નાખુશ ઓર દીલગીર હુંઉ! વ્યભિચારીકા કભી ઉદ્ધાર નહીં હય! સારે વિશ્વમેં ઉસ્કી મુક્તિ કભી નહીં હોતી હય!"

"મહાત્મા હવે મારા પાપનો ક્યારે પાર આવશે? પ્રભુ ક્ષમા કરો મોરાપર દયા કરો! હે આર્યભૂમીની આર્ય બાળાઓ તમારા જીવનને સર્વદા ધર્મ અને નીતિથી પવિત્ર બનાવો. બ્હેનો! અનીતિથી સર્વદા દૂર રહો દૂર રહો! સંસારમાં સ્વામી એજ સ્રીનો સર્વેશ્વર છે! સ્વામી સેવા એજ સ્રીની મુક્તિ છે!"

"કાન્તા તીસરી બખત તેંને કૌનસે સ્થલમાં આપઘાત કરનેકી કોશીશ કીઇથી?"

"મહાત્મા ત્રીજી વખત હું ગંગામાં પડી હતી પણ ગંગાજીએ ત્રણુ વખત મને ઉછાળી કીનારે દૂર ફેંકી દીધી!"

"જય જય જય પતિતપાવની, પાપવિમોચની ભાગીરથી મેં તુજકો શીર નમાકર વંદન કરતા હુંઉ! હે ગંગામૈયા! તેરા જલમાં ઇસ ઓરતકા ક્યૌં નહીં સમાસ કીયા? સબ પ્રાણી માત્રકુ તું પાવન કરતી હય તો યે કાન્તાકુ કીસ લીયે પાવન ન કીયા? તેરા ગાન સ્નાન પાન ઓર દર્શનસેં મનુષ્યકા પાપ પ્રલય હો શકતા હય તો યે કાન્તા કીસ લીયે પવિત્ર હો ન શકતી? તેરા જલ પ્રવાહમાં તીન બખત કાન્તાએ જંપાપાત કીયા તોભી કીસ કારનકે લીયે તુંને ઉસકુ કીનારેપેં જલમેંસે બહાર ફેંક દીઇ! ગંગાજલકા પાન મનુષ્યકા પાતકકો નાશ કરતા હય, ઓર અંત વખત અવસાન કાલમેં મુખમેં ગંગાજલ ડાલનેસેં જીવ પાપસે મુક્ત હોતા હય; ઓર માયાકા આવરન અલગ હોતા હય, અયસી જગતકી માન્યતા હય; શાસ્ત્રકા ફરમાન હય ઓર તીર્થકા પ્રભાવ હય તો હે ગંગામૈયા યે કાન્તાકા ઉદ્ધાર તું ક્યૌં નહીં કરતી? ઉનકા સમાસ તેરેમેં તું કીસ લીયે નહીં કરતી!?"

"વ્યભિચારના ભયંકર અપરાધથી પાતકથી અને પાપથી કાન્તા અધમ સ્થિતીને પ્રાપ્ત થઈ છે! વિશ્વમાં વ્યભિચારીનો ઉદ્ધાર નથી! આર્યનો વ્યભિચાર એ આચાર નથી! વ્યભિચાર એ અનાર્યનો આચાર છે. અનાર્ય સ્થિતીમાં વ્યભિચારની ઉત્પત્તિ

છે ! આર્યભૂમિમાં અરે આર્યાવર્તમાં અને આર્ય કોમમાં વ્યભિચાર સંભવેજ નહીં, વ્યભિચાર થાયજ નહીં; અરે વ્યભિચારને સ્થાન અવકાશ અને આદર મળેજ નહીં. વ્યભિચારનો શબ્દોચ્ચાર થતાંજ પ્રાણુ પંડથી જુદોજ થઈ જાય આર્યમાં વ્યભિચાર સમાયજ નહીં! પૂણ્યભૂમિ, દેવભૂમિ, કંચનભૂમિ અરે પવિત્ર ભરતભૂમિમાં વ્યભિચારનો અત્યાચાર ચાલેજ નહીં! આર્ય ભૂમિમાં વ્યભિચાર એક નિમિષ માત્ર પણ સમાઈ શકેજ નહીં પવિત્ર ગણાતા આર્યકુટુંબમાં વ્યભિચારનો શબ્દોચ્ચાર કોઇ કાળે પણ ઉચ્ચારાયજ નહીં! દેવાંશી આર્ય સ્ત્રી પુરૂષોમાં વ્યભિચારને સ્થાન મળેજ નહીં! જ્યાં ભૂમિનું પુન્ય નષ્ટ થાય; કુટુંબનો ધર્મ નાશ પામે અને જ્યારે અસ્તકાળ સમીપ આવે ત્યારેજ વ્યભિચારનો ઉદય થાય; અર્થાત્ દેશના દુર્ભાગ્યે અને નાગરીકોના કમભાગ્યેજ ધર્મ અને પુન્યનો ક્ષય થતાંજ આ દુષ્ટ આચાર ઉત્પન્ન થાય અને પ્રજાને વર્ણસંકર બનાવી પ્રજાતત્ત્વને નષ્ટ કરી વાસો કરે ! જ્યાં સંસ્કારી આર્યનો વાસ હોય ત્યાં વ્યભિચારનો વિનાશજ થાય! કાન્તા મહા પાપણી દુરાચરણી અને વ્યભિચારીણી સંગત દોષથી બનેલી છે! તેના સ્પર્શથી ભૂમિ ભારે થઈ છે. અરે કરવત ચિતા અને વિષ પણ પોતાનો ધર્મ વિસરી જઈ તેને અનાદર કરી દૂર કરી છે! એવી વ્યભિચારીણીને હું શી રીતે સમાવી શકું? એવી પાપણીનો સ્પર્શ મારાથી કેમ કરી શકાય? એવી પીશાચણી સ્ત્રીનો અવસાન કાળ મારા ગંગાજળમાં કેમ થવા દેવાય! ગંગાના પ્રવાહમાં એનું મૃત્યુ કદી પણ સંભવેજ નહીં! મૃત્યુ એવી અઘોર કામિનીને વાસ્તે મારૂં

મળેજ નહીં! મોત સુખીને વાસ્તે છે, દેશના નરપતિએ અગર વ્યભિચારીણી સ્રીના પતિએ અગર તેના કોઈ પણ પવિત્ર કહેવાતા વડીલ અગર કુટુંબીએ વ્યભિચારીણીને એક ક્ષણભર ઘરમાં કે ગામમાં ફરવા દેવી ન જોઇએ! તેના સહવાસથી કદમથી અને આચારવિચારથી દેશનું અને પ્રજાનું વાતાવરણ ભ્રષ્ટ થાય છે; માટે સર્વદા વ્યભિચારીથી લાખો ગાઉ દૂરજ રહેવું જોઇએ. ઉછરતી દેશની પ્રજાને વ્યભિચારી નરનારીથી હમેશાં અલગજ રાખવી જોઇએ. જે સ્થળે વ્યભિચારીનો વાસ છે ત્યાં સર્વદા અધર્મ, કંકાસ, પાપ અને દરિદ્રતા છે! હું ગંગા પણ વ્યભિચારીણીને અડકતાં સ્પર્શ કરતાં પાપમય અને પ્રભાવહીણ પુન્યક્ષીણ થાઉં છું, તો અન્ય મનુષ્યની શી વલે? વ્યભિચારીની દૃષ્ટિથી મનુષ્યના ધર્મ અને નીતિ નષ્ટ થાય છે; માટે વ્યભિચાર એ મહા ભયંકર પાતક છે; એનો કોઈ કાળે પણ ઉદ્ધાર નથી, ઉદ્ધાર નથી; ઉદ્ધાર નથી!"

"જય જય જય ગંગામૈયા મારાપર કરૂણા કરો, દયા કરો, મને ક્ષમા કરો! માતા મારાં પાપ અને કરણી સામું ન જુઓ, દેવી મારા ઉપર દયા કરો દયા કરો દયા કરો! હે આર્ય ભૂમિની કુલવંતી આર્ય મહીલાઓ, મારો દાખલો લઈ તમારી જીંદગી સર્વદા નીતિમય અને ધર્મમય પવિત્ર બનાવો! બ્હેનો સ્વામીસેવા એજ સ્રીને વાસ્તે સાક્ષાત મુક્તિના મેવા છે! પતિ એજ સતિનો પ્રભુ છે! સતિનો સર્વદા પતિથીજ ઉદ્ધાર છે!"

"હર હર હર માહાદેવ શંભો! કાશિવિશ્વનાથ! ગંગા! કાશીવિશ્વનાથ ગંગા! કાશીવિશ્વનાથ ગંગા! હર હર માહાદેવ

શંભો કાશિવિશ્વનાથ ગંગા ! ! ”

આ પ્રમાણે કાશી તિર્થનો, કાશિવિશ્વનાથ મહાદેવનો અને ગંગાજીનો જયઘોષ મચાવી મહાત્મા સાધુઓ અને જોડે કાન્તા પણ ધુનના ભજનમાં સામેલ થયાં, અને થોડીક વાર સુધી ખુબ આનંદ ઉમંગથી ઘાંટા પાડી ભજન કરી આત્માને આનંદ આપવા લાગ્યા ! મહાત્મા સાધુઓ અને કાન્તા ધીમે ધીમે મહાત્માના આશ્રમમાં પાછાં આવ્યાં; સમય બરાબર ચાર વાગતાનો થયો ત્યાં આશ્રમના દરેક સાધુઓ જાગૃત થઇ નિત્યકર્મ કરવામાં નિમગ્ન થયા; મહાત્માએ કાન્તાને સારી રીતે દીલાસો આપ્યો; અને તેને ગંગાજળ મગાવી સ્નાન કરાવ્યું તથા એક પવિત્ર વસ્ત્ર પહેરાવી ઇશ્વરનું સ્મરણ કરવાનું કહ્યું; પોતે પણ ધીમે ધીમે નિત્યકર્મથી પરવારવા લાગ્યા ! જ્યાં સવારના આઠ વાગ્યા કે તરતજ કાન્તાને આશ્રમના એક ઓટલા ઉપર બેસારી અને તેના સારૂ એક નાની સફેદ ભગવી ધ્વજા અને ઘંટા મંગાવી તેને ઉપદેશ આપવા લાગ્યા !

“ દેખ કાન્તા અબી તેરી કયા કામના હય ? ”

“ મહાત્મા મારી કામના તમારા ચરણની સેવા કરવાની છે ! અવનીમાં મારો હવે ઉદ્ધાર નથી રહ્યો ! મારા વાસ્તે ફક્ત આપ મહાત્માની દયાભરી લાગણીજ છે ! વિશ્વમાં આપના શિવાય મારૂં કોઇ હીતકર બેલી નથી ! ”

“ અચ્છા અબી તેરી આપઘાત કરનેકી મરજી હય ! જો હય સો બોલ દે ! જીગરમાં કુછ ભેદ મત રખના ! ”

“ મહાત્મા હું અનેક ઉપાય અજમાવી ચુકી છું ! અંતમાં

છેવટમાં અને અર્થાતમાં હું હારી છું ! હવે મારા હાથ હેઠા પડયા છે !"

"અચ્છા અબ કુછ તેરેકુ કહેના હય ! કહેના હય સો બોલ દે ! જો કુછ કહેના હય સો કહે દે !"

"મહાત્મા મારે હવે કશું કહેવું નથી ! કહેવાય તેટલું કહી ચુકી છું; બોલાય તેટલું બોલી ચુકી છું અને સમજાવાય તેટલું સમજાવી ચુકી છું; છેવટમાં સર્વ સ્થળેથી હું પાછી પડી છું ! હવે મારે કંઇ કહેવું નથી !"

"અચ્છા અબી કુછ તેરેકુ કહેના નહી હય ! મગર કુછ કરના હય ?"

"મહાત્મા હું શું કહું ! હું શું કરૂં ? હું કયાં જાઉં ! હું કયાં ઠરૂં ! હું કયાં સમાઉ !"

"કાન્તા દેખ અબ મેં તુજકુ ફરમાન કરતા હું‌ઉ કે તુમ અબી સબ ઝગડા છોડો ! ઓ સબ કલેશકા રગડા એક બાજુ રખદો ! મેં જો કુછ કહતા હું‌ઉ વો સબ ખુશી હોકર કરો ! મેરા કહેના કરનેસે તેરેકુ કોક દીન ભી સુખ મીલગા ! તેરેકુ કુછબી શાંતી મીલેગી !"

"મહાત્મા હું હવે તમારે શરણેજ છું ! આપ જે કહો તે કરવાને તૈયાર છું !"

"અચ્છા કાન્તા મેરા કહેના આનંદસે સુન લે ! દેખ અભી આપઘાતસે કલેશસે ઓર રડા પીટસેં તેરેકુ કુછભી ફાયદા હાંસીલ નહીં હોગા ! જો કુછ હોનેકા હો ગયા ! અબી કુછ હોતા નહી ! મનુષ્યકા જીવન આપઘાતસે પાવન નહીં

હોતા મગર પશ્ચાતાપસે મનુષ્ય પાવન હોતા હય! પશ્ચાતાપ પુનર જીવનમ્ અર્થાત્ પશ્ચાતાપ હય વો એક નવીન પુનર જીંદગી હય; મનુષ્યકા દુસરા અવતાર પશ્ચાતાપ હય! પશ્ચાતાપ મનુષ્યકી જ્ઞાનમય જીંદગી હય! જીતના તેં કુકર્મ કીયા ઈતના અબ ભવિષ્યકી જીંદગીમેં સુકર્મ કરો! જીસ પ્રકારકા તુંને દુરાચાર કીયા ઈસ પ્રકારકા અબ તુમ સદાચાર કરો! જીતના મનુષ્યકી જીંદગી તુંને બરબાદ કીઇ ઈતના મનુષ્યોંકી મગર જયાદા મનુષ્યોંકી જીંદગી સફલ કરો! જગતમેં ફીરો, ઓર દુનિયાકુ ઉપદેશ કર કરકે ધર્મકા ઓર નીતીકા અચ્છા પંથ બતાવો! અજ્ઞાની ઓર અધર્મીકુ જ્ઞાની ઓર ધર્મી બનાવો! દુનિયામેં જો કુચ્છ અનિતિવાન ઓર અજ્ઞાન સ્ત્રીઓ હય; ઉનકી પાસ જાઓ, ઉપદેશ કરો ઓર ઉનકુ જ્ઞાની ધર્મી ઓર નીતીવાન બનાઓ! જાઓ અભી જગતમેં નીડર હોકર ફીરો! લોકોકુ નેકીકા ઓર સચ્ચાઇકા ખરા રસ્તા દીખાઓ!"

"જેવો આપનો હુકમ! આપ કહો તે વખતે અત્રેથી હું વિચરવાને-જવાને તૈયાર છું! હું હવે આપને શરણે છું! જગતમાં આપના સિવાય બીજા કોઇને હું મારૂં ત્રાતા જોતી નથી! મહાત્મા મારો ઉદ્ધાર આપનાથીજ છે!"

"કાન્તા દેખ, મેં તુજકુ યે નીતીકી-નેકીકી ઘંટા દેતા હું! ઓ ઘંટા તેરા ડાબા હાથમેં ગ્રહણ કર! દુસરી મેં તુજકુ યે ધર્મકી સફેદ ધ્વજા દેતા હું! ઓ ધ્વજા જમણા હાથમેં ધારણ કરો! દેખ યે ધ્વજામાં મેં હરફ લીખખા હય. "સફેદ કાગડી!" અભી તુમ સફેદ કાગડી હય! ગામમેં

જાઓ, ફીરો; ઓર યે નેકીકી ઘંટા બજાઓ, લોકોકુ યે સફેદ કાગડી વાલી ધર્મકી ધ્વજા બતાઓ, ઓર તુમારા મુખસે લોકોકુ જ્ઞાનકા ધર્મકા, નીતીકા ઉપદેશ કરો! ઉપદેશ અવશ્ય કરકે સ્રીઓકુ કરો! મહીલા સમક્ષ જા કર બેધડક નીડર હોકર બોલો! અય ભરતભૂમીકી કલ્યાની ભામનીઓ! જો તુમારા કુટુંબકા, કુલકા ગામકા ઓર સારે દેશકા કલ્યાન ઈચ્છો તો બાળલગ્નકા અવરોધ કરો! પુનર્લગ્નકા નાશ કરો! તુમારી પુત્રીઓકુ ધાર્મિક શિક્ષણ દીલાવો! તુમારા જીવન નીતિમય ઓર ધાર્મિક બનાવો! તુમારી લડકીકુ ધાર્મિક કેલવની પઢાઓ! ઓ સબ નવીન સુધારાવાલી આડંબરી કેલવણીકા નાશ કરો! સ્રીઓકુ કલાકૌશલ્ય ઓર ધાર્મિક વાંચનકા ઉપદેશ કરો! ધાર્મિક ઓર નૈતિક જીવનસે તુમારા સંસાર સફલ હો જાયગા! પુનર્લગ્ન, નાતરીઆપ્રબંધ, ઓર છુટા છેડાકા સ્નેહ લગ્નકા સદંતર નાશ કરો! બાલલગ્નકી અવધ લંબાવો ઓર સંતતીકુ ધાર્મિક કેલવણી દેકર ઉનકા જીવન ઉન્નત ધર્મીષ્ઠ બનાઓ!"

"જય જય પ્રભો! હું હવે તમારી આજ્ઞા શીરપર ધારણ કરૂં છું. મહાત્મા હું હવે ગામેગામ ફરી આપના અમૂલ્ય વચનોનો ઠેર ઠેર ઉપદેશ કરી લોકોને ધાર્મિક અને નૈત્તિક સંસ્કારનું પીછાન કરાવીશ! સ્રીઓને નીતી અને ધર્મનો ઉપદેશ કરી તેમને પતિ સેવા અને પતિવૃત ધર્મના ફાયદા ઉત્તમ રીતે સમજાવીશ, અને જેમ બનશે તેમ દેશમાંથી નાતરીઆ પ્રબંધ અને પુનર્લગ્નનો નાશ કરીશ અને કરાવીશ! હવે ધર્મનો ઉપદેશ કરવામાંજ હું મારી જીંદગી ગાળીશ! જ્યાં સુધી આ બે બાહુમાં શક્તિ રહેશે ત્યાં સુધી હું નેકીની ઘંટા બજાવી

લોકોને જાગૃત કરીશ અને ધર્મની ધ્વજા બતાવી ફરકાવીને ચોગરદમ શ્રષ્ટીમાં સ્ત્રીયોને ધર્મનો અને નીતિનો ઉપદેશ કરીશ! મહાત્મા હું હવે રજા માગુછું!"

"જાઓ જગતમાં નિડર હોકર જાઓ! પરમાત્મા તુજકુ સુખી કરે! કાશિવિશ્વનાથ પ્રભુ તેરા સંકષ્ટ હરે! કાન્તા તેરા કલ્યાન હો! જાઓ નેકીકા ગાન ગાઓ ઓર ધર્મકા શાશન સારી આલમમેં જગાઓ! બોલો કાશીવિશ્વનાથ મહાદેવકી જય! ગંગા મૈયાકી જય!"

* * * *

"હર હર મહાદેવ શંભો કાશિવિશ્વનાથ ગંગા;
કાશિવિશ્વનાથ ગંગા કાશિવિશ્વનાથ ગંગા:—હર હર."

* * * *

"ભજનમેં મગન રહેના રામ
સંતો લગી લગન બરી આઈ:—ભજન
રામ ઝરૂખે બેઠકર હાં સબકા મજરા લેત
જયસી જીનકી ચાકરી વયસા બદલા દેત:—ભજનમેં.
તુલસી આ સંસારમેં ભાત ભાતકે લોગ
સબસે હીલ મીલ ચાલીએ પ્યારે નદી નાવ સંજોગ:—ભજનમેં."

ભજનની ધુન ઉડી રહી, સાધુઓએ શંખ તાલ બજાવી આનંદને ઉછાળે ચઢાવ્યો; કાન્તાએ ઘંટા બજાવી ધર્મ ધ્વજા ફરકાવી ભજનમાં એક તાર બની મહાત્માને પ્રણામ કરી કાશીપુરીમાં ઉપદેશ આપવા ચાલી; મહાત્માએ તેને આશીર્વાદ આપી તેનું કલ્યાણ વાંચ્છ્યું! વાંચકો આતે "કર્મયોગે બનેલી કાગડી કે જ્ઞાનયોગે થએલી હંસણી!"

પ્રકરણ ૨ જું.

નાટકની સજા કે મધુકરની મજા ?

દોહરો.

મુક ન છુટી જીભને બહુ બોલે નહિ સાર;
બકતાં બકતાં બહુ બકે ખવરાવે કદી માર.

હંમેશાં યાદ રાખો કે જે શરતોએ આપણને જીંદગી આપવામાં આવી છે તેમાં મહેનત પણ એક છે. વખત એ કુંદન છે. એક પળ પણ ગુમાવશો નહીં, દરેક પળનો હિસાબ રાખજો. બીજાઓને તમારી સાથે જેવી રીતે વર્તાવવા તમે ઈચ્છતા હો તેવી રીતે તમે તેમની સાથે વર્તજો. જે આજ થાય તેવું હોય તે કાલે કરવા મુલતવી રાખશો નહીં. જે તમે જાતે કરી શકો એવું હોય તે બીજાને કરવાનું કહેશો નહીં, બીજાના માલનો લોભ કરશો નહીં. કોઈ બાબતને એવી નજીવી ગણી કાઢશો નહીં કે તે પર ધ્યાન આપવું યોગ્યજ નથી. જે કમાયા નથી તે આપી દેશો નહીં. ઉપજ થાય નહીં એવું ખર્ચ કરશો નહીં. તમારા કામકાજમાં ઘણામાં ઘણી વ્યવસ્થા રાખજો, તમારી જીંદગીની આખર ઘડી સુધી મહેનત કરજો. તમારા સુખને માટે જે અવશ્યનું હોય તે કદી વરજીત કરશો નહીં; પણ તમારો મોભો સાચવી સાદાઇ અને કરકસરથી રહેજો, તમારી જીંદગીમાં વધારેમાં વધારે ભલું કરવાની ધારણા રાખજો.

યૌવને આંધળો ધનમદે બધિર થઇ જોતા સુણતો નથી સાચુ ખોટું
તોર ને જોરમાં નવ ગણે કોઇને તારૂં એ કેવું અજ્ઞાન મ્હોટું
બેડી મમતા તણી પગ વિષે પહેરીને ભોગવે ઘર રૂપી કેદખાનુ
ભય કદિ બહાર ઘણુ ચિત ચતુરા કને કષ્ટ આ શું ગણે છેક નાનું !

મનુષ્ય જ્યારે મેદાનમાં હોય છે ત્યારે એ નીચું ઘાસ અને મહાન દેવદારૂનું વૃક્ષ જુએ છે અને કહે છે કે વૃક્ષ કેવડું મ્હોટું છે અને ઘાસ કેવડું નાનું છે ! પણ જ્યારે તે પર્વત ઉપર ચઢે છે અને તેની ઉંચી ટોચ ઉપરથી નીચે મેદાન ઉપર દૃષ્ટિ કરે છે, ત્યારે મહાન્ દેવદારૂનું વૃક્ષ અને નીચું ઘાસ લીલી વનસ્પતિના એક અવ્યક્ત સમુદાયમાં એકાકાર થઇ જાય છે, તેમ સાંસારિક મનુષ્યોની દૃષ્ટિમાં પદવી અને સ્થિતીના ભેદ છે; પણ જ્યારે દિવ્યદૃષ્ટિ વિકાસ પામે છે ત્યારે ઉચ્ચ અને નીચનો ભેદ નષ્ટ થાય છે.

* * * *

અમે શાને અમારૂં તે ખુશી સાવે તજી દઇએ,
અને શાને તમારૂં તે ઝુંટાવાને અમો લઇએ ?
તમારામાં અમારૂં જો તમારૂં તે અમારૂં છે,
અમારામાં તમારૂં તે અમારૂં છે અમારૂં છે !
જરા વાતે અમારૂં તે તમારૂં થઇ જનારૂં છે
તમારૂં લાખ વાતોએ અમારૂં ના થનારૂં છે;
તમે બોલો તમારૂં તો અમારૂં શીદને કહીએ
અને ઝુંટો અમારૂં તો અમારૂં શીદને દઇએ ?

તમારૂં તે તમોને દો અમારૂં તે અમોને રહો
તમારૂં તે તમારૂં ને અમારૂં તે અમારૂં છે.

*   *   *   *

" હમારા લાખ ચ્હાનારા ગયું શું એકના વિના,
બલાથી જો ગયો તું તો થયું શું એકના વિના;
તમારી એ ખુમારી છે નથી કિંમત કંઇ દીલમાં
રહ્યું શું એકના વિના ગયું શું એકના વિના ?
ભલે મીંડાં હજારો હોય પણ ના આંકડો એ એક
તો મીંડાં રહ્યાં મીંડાં રહ્યું શું એકના વિના
લગાવ્યા તાર બહુ સારંગીમાં પણ એક તુટતાએ
બતાવે સાજ બે સૂરો ગયું શું એકના વિના
ભલે પગ હાથ હોકે કાન ને મુખ નાસિકા પણ હો
ભલે હો અંગ સર્વે પણ થયું શું એકના વિના
રહ્યું છે એક કંઇ દૈવત શરીરમાં તે ઉપર જીવન
ગયું જો એક ખોખામાં રહ્યું શું એકના વિના ! "

ભગીરથ પ્રયત્ને મહા મુશીબતે સૌરાષ્ટ્ર નાટક કંપની મી. મધુકરે મુંબાઈ ભેગી કરી. મી. ચીંથરીઆ આ વખતે કંપનીને મુંબાઇ લઈ જવા સારૂ બીલકુલ ખુશ નહોતા; પણ ડાયરેકટર મી. મધુકરના ઘણા સખત આગ્રહથી કંપનીને મુંબાઈ લઈ જવા દીધી હતી. અત્યારે કંપનીની નાણા સંબંધી સ્થિતી જોઈએ તેવી સંતોષકારક નહોતી; તો પણ મી. ચીંથરીઆએ પોતાના એક સ્નેહીના વગવસીલાથી થોડાક માસ સારૂ દશ હજાર રૂપીઆની ગોઠવણ કરી કંપનીને સાહસ કરી મુંબાઇ ઉપાડી હતી. કંપનીની સ્થિતી દીવસે દીવસે ડામાડોળ

થતી હતી. કંપની એક, માલેક બે, એકટર આઠ અને મેનેજર સોળ એ પ્રમાણે કંપનીનો ઘાટ થયો હતો. આ વખતે ડાયરેક્ટર મી. મધુકર પણ કાંક જુદાજ રંગમાં રમતો હતો; ત્યારે માલેક મી. ચીંથરીઆ ભીતરથી હા અને ઉપરથી ના ભણી કાંક જુદાજ દાવ પેચમાં બાજી ખેલતા હતા. કંપનીના જુના પુરાણા ખાઈ બદેલા એકટરો પણ આ વખતે જુદી તાલમેલમાં ઘાલમેલ કરતા હતા; અર્થાત દરેકના વિચારનું લક્ષ્યબિંદુ મુંબાઇની મોજમજાહ પર આવીને રહ્યું હતું. બધાના મનમાં મુંબાઈ જાશું, પાંચ પૈસા કમાશું અને ચોપાટીની હવા ખાશું તથા રંગરાગમાં રમશું અને મોજમજાહમાં ભમશું એવા હવાઈ તરંગોના કિલ્લા ચણાતા હતા. મધુકર ઉર્મીલાના પ્યારમાં રમતો હતો; રાત દીવસ તેના હૃદયમાં ઉર્મીલાના રાગનાજ તરંગો ચાલ્યા કરતા હતા. મુંબાઈ જઇને ઉર્મીલા સાથે સારી રીતે રંગ રાગ રમાશે અને ચોગરદમ હરાશે ફરાશે તથા મુંબાઇના સુધારક આગેવાનોમાં સુધારાનો છુટથી લાભ લેવાશે, અને કંપનીને બહાને પબલીકમાં નામના થશે અને જતે દીવસે આપણું નામ લાઇટમાં આવશે એવા તરંગોમાં રમ્યાજ કરતો હતો. મી. ચીંથરીઆ મુંબાઈ જવાથી જો કંપની સારી ચાલશે તો બે પૈસા પ્રાપ્ત થશે; જો કંપની ખોટમાં કામ કરશે તો કોઇ ખીસ્સાનો તર અને હૈયાનો કુટચો એવો નાટકનો આશકો લાવી કંપની તેના ગળામાં પહેરાવીશું. કોઈ અપટુડેટ આશકો શ્રીમંત શેઠીઓ મળશે તો ઉર્મીલાની લાલચ તેને આપી સારી રીતે ધનથી ખીસ્સુ તર કરીશું અને ભવની ભાવટ ભાગશું,

અને છેવટે લાગ મળતાં ઉર્મીલા અને કંપની તેને ગીરો આપી ધનમાલથી ખીસ્સાં શ્રીકાર અને ચિકાર કરી ઘર ભણી રસ્તો માપશું. આમ ઉમ્મર પણ થઇ છે, ધોળાં આવ્યાં છે, અને રાત દી ધંધો ખેડતાં ખેડતાં માથાના વાળ પણ ઘસાઈ જઇ તાલ પડી છે; વળી અધુરામાં પુરૂ નાક પણ નાટકની મેનેજમેન્ટ કરતાં કરતાં ગુમાવ્યું છે, માટે હવે કંપનીની બલા ગળે લગાડતાં નાક અને નાણું એ બંને ના ગુમાવવાં! ગમે તેમ કરી કાળાં ધોળાં કરી ઉંધાં ચતાં કરી દાવપેચ રમી સાચાં જુઠાં કરીને પણ પૈસા પ્રાપ્ત કરવા! હવે જીંદગીનો આ એક છેલ્લો તમાસો અખતરો છે. વેરી અને વેપાર મનુષ્યના હાથમાં બે વાર આવે છે, વારે વારે આવતાં નથી; માટે મરતાં જીવતાં આ પૂર્વના પાપે કરી કોટે વળગેલી નાટકની બલા દુર કરી ત્રણ ચાર પેઢી સુખથી ખાય એટલો હાથ મારી લઈ મુંબાઈને અને નાટકને છેલ્લી સલામ કરી ઘર ભેગા થઈ જવું. આ પ્રમાણે વિચાર ચલાવી મુંબાઇ આવ્યા હતા. ઉર્મીલા પણ મધુકરના પ્રેમના નખરામાં રાત દીવસ નાચતી હતી. તેના મનમાં પણ એમ હતું કે મુંબાઈ જવાથી તેના કામની સારી કદર થશે. મધુકર સાથે મહોબત બંધાતાં કંપનીમાં તેની માનપ્રતિષ્ઠા સારી રીતે વધશે, અને વળી કોક સેલાણી નાટકનો આશકો શેઠીઓ મળી આવશે તો કંપની તજી તેની સાથે રખાત તરીકે રહેતાં રોજ ગાડી ઘોડાની સ્હેલ થશે; મુંબાઈની મજા ભોગવાશે અને જુવાનીની મીઠી મજા ધનવાન સાથે સારી રીતે મણાશે. આ રીતના તરંગમાં ઉર્મીલા પણ રમતી રમતી મુંબાઈ આવી હતી! કંપનીના

જુના પુરાણા થાંભલા રૂપ ગણાતા ઘરડા ઘુવડ જેવા એકટરો પણ જે સ્ટેજમાં રાગડા તાણી તાણી ઉતરી ગયા હતા, અને કુદકા મારી મારી બરાડા પાડી પાડી ડોસલા બની ગયા હતા; તે પણ કંપનીની દીવસે દીવસે અવદશા થવાથી મુંબાઈ જઇને બીજી કોઈ સારી કંપનીમાં નોકરી મળશે તો ચીંથરીઆને સલામ ભરી છુટા છેડા કરી મુંબાઈમાં લ્હેર કરીશું; આવા હુવાઈ ગોટાળા એકટરો કરી કરી મુંબાઈ આવ્યા હતા; અર્થાત કંપનીના માલેક ડાયરેકટર, એકટર અને બીજો નોકર વર્ગ દરેક જણા દાવપેચમાં તત્પર થઇ મુંબાઈ જોવા ઉત્સુક થઇ મુંબાઈ આવ્યા હતા! મધુકરે કંપનીને વાસ્તે મુંબાઈમાં પોતાના લાગતા વળગતા સુધારક સાથે સારી મસલત કરી એમ્પાયર જેવી બાદશાહી નાટકશાળા જે કોટમાં આવેલી હતી તે ભાડે રખાવી હતી. મી. ચીંથરીઆએ મધુકર જોડે ઘણીજ છુપી કંપની સંબંધી મસલત ચલાવી, તથા પોતાની અને કંપનીની સ્થિતી સારી રીતે તેના મગજમાં સમજાવી ખેલની શરૂઆત કરી હતી. મધુકરની મહાભારત નાટકની પાશ્ચિમાત્ય અને પૂર્વના નાટકના રીત રસમોથી મિશ્રિત અપટુડેટ નાટકની નવીન મૅનેજમેન્ટથી કંપનીની પ્રેસ્ટીજ મુંબાઈમાં સારી રીતે બંધાઇ હતી. મી. ચીંથરીઆ પણ મુંબાઈના કેટલાક આગેવાન અને નામાંકીત ગણાતા પ્રજાના ખેરખાંઓને આમંત્રણ ઉપર આમંત્રણ મોકલી હદ બહાર મસ્કાફીકેશન માલીસ કરી કંપનીની વાહવાહ બોલાવી રહ્યા હતા. ઉર્મીલાએ પોતાના મધુર કંઠથી અને સૌંદર્યથી, હાવભાવથી અને એમેચ્યુર ડ્રામાટીક

કેરેક્ટરથી મુંબાઈગિરાઓને સારી રીતે મોહીત અને મનરંજન કર્યા હતા. મધુકરની મેનેજમેંટ પણ ઘણીજ પ્રશંસાપાત્ર નીવડી હતી. નાટકના ખેલોની કેરેક્ટરનાં અંગ્રેજી ભાષામાં વર્ણન, ટુંકસાર છપાવી રોજીંદા અને અઠવાડીક પેપરોમાં સારા સારા રિવ્યુ લેવરાવી કંપનીને જગબત્રીસીએ ચઢાવી હતી. શરૂઆતમાં જોતજોતામાં કંપનીને સારી કમાણી થવાથી મી. ચીંથરીઆ મધુકર ઉપર ઘણાજ પ્રસન્ન થયા હતા, અને તેને હદ બહાર સત્તા આપી સાહસમાં અધીકને અધીક ઉત્તેજીત કર્યો હતો. મી. ચીંથરીઆ હાઉસ સારી રીતે એકઠાં કરી કંપનીની લગામ મધુકરને સોંપી પોતે દેશ જવા તથા જે કાંઈ લેણું દેણું કંપનીને મુંબાઈ લાવતાં થયું હોય તે તમામ ચુકવવા સારૂ તૈયાર થયા હતા. કંપની મધુકરને સોંપી શેઠ તરતજ દેશ જવા સારૂ તૈયાર થયા. મધુકર પણ મી. ચીંથરીઆ પરદેશ જવાથી ઉર્મીલા સાથે સારી રીતે સ્નેહ સંબંધ સાચવી શકાશે એમ ધારી શેઠની હાજીહામાં વધારો કરી શેઠને ટીકીટ લેવરાવી મેલમાં ગુજરાત કાઠીયાવાડ વિદાય કરી દીધા! મધુકરે જેમ અને તેમ પોતાનો લાગવગ વધારી મુંબાઈના સુધારકોમાં સારી રીતે પગપેસારો કરવા માંડયો! ખેલમાં પણ સુધારકો તથા તેમના મિત્રોને સારી રીતે નોતરવા માંડયા! આમ મી. ચીંથરીઆ સાથે લાગવગ ધરાવતા કેટલાક શ્રીમંતોને મધુકરે સારી રીતે સરભરા કરી નાટકીઆ રીત રસમ ચલાવી આશકા બનાવવા માંડયા! ચોગરદમ ડાયરેકટર તરીકે મી. મધુકરનાં હદ ઉપરાંત વખાણ થવા લાગ્યાં! મધુકરને પણ ચોગરદમથી

મીજલસોનાં રમત ગમ્મતનાં વાર તહેવારનાં આનંદનાં જમણવારનાં અને પારટીઓનાં આમંત્રણ આવવા લાગ્યાં; અર્થાત્ મધુકર મુંબાઈગરાઓમાં આજકાલ સારી રીતે સ્નેહપાત્ર માનીતો મેમાન થઇ પડયો! આમ કંપની પણ સારી રીતે ચાલવા લાગી. જોતજોતામાં કંપનીની પ્રેસટીજ, કમાણી અને કામ કરનારા કામદારોની કીર્તી વધવા માંડી, અને કંપનીના સ્નેહીઓના પત્રો મી. ચીંથરીઆ પર સારી રીતેં ખુશખબરના જવા લાગ્યા!

આવા કંપનીના ચઢતા દીનમાનના આનંદમાં મધુકર અને ઉર્મીલા પણ આનંદમાં સારી રીતે ઉભરાવા લાગ્યાં! બન્ને જણાંનો પ્રેમ ઘણોજ હદ ઉપરાંત વધી ગાઢો થયો; ટુંકામાં બંને જણાં ધણી ધણીયાણી તરીકે વરતવા લાગ્યાં અને ચોગરદમ નાચ પારટી હરવા ફરવાની જગ્યાઓમાં ઉઘાડે છોગે વિકટોરીઆમાં બેસી એક બીજાના ગળામાં હાથ નાંખી સ્નેહ દાખવતાં જવા આવવા લાગ્યાં! એકટર વર્ગને પગાર ઉપરાંત સારી સારી બક્ષીસો મળવાથી વધારે આનંદમાં આવી ગયા; અને આંખ આડા કાન કરી મધુકરની સારી રીતે તબીયત ઉઠાવવા લાગ્યા! મધુકર પણ જમાનાનો ખાધેલ હતો, એટલે તે પોતાની આસપાસના વાતાવરણમાં રમતા વસતા માણસોને સારી રીતે મેળવી લઈ પોતાનું કામ આગળ ચલાવતો હતો; અર્થાત્ દરેકની તબીયતં સાચવી લઈ કંપનીનું કામ તખતા ઉપર બતાવતો હતો; એટલે તેની ખુબી અને ખામી કેટલીક વાર દમામમાંને દમામમાં દબાઇ જતી હતી. મુંબાઈ આવ્યા

કેડે મધુકરને ડીસપેપશ્યા, અજીર્ણનો વ્યાધી લાગુ પડયો હતો, અર્થાત્ પાણી વિકાર લાગુ પડી તેની તનદુરસ્તીમાં બગાડો થયો હતો. અધુરામાં પુરૂં મુંબાઈમાં તેને દારૂનું વ્યસન જબરૂં વધી પડયું હતું; જો કે સુધારાને નામે દારૂ મધુકર મૂળથીજ વાપરતો હતો, પણ કાંક નિયમમાં ને વખત સાચવીને વાપરતો એટલે વ્યસન અંગમાં દબાઈ જતું હતું; પણ મુંબાઈમાં પાચન-ક્રિયા વધારવા સારૂ, તાકાદ સારૂ અને ટોનીક તરીકે તેંના વૈદકી ધંધાદારી દોસ્તદારોની સલાહ મળતાં દારૂ વધારે વાપરવાની ટેવ પડી હતી, આ કટેવથી તેને ધીમે ધીમે જીવલેણ વ્યાધી શરૂ થયો હતો; અજીર્ણ હદ ઉપરાંત વધી ગયું, વ્હીસ્કી બાઇ અને કલેજાનો સંયોગ થવાથી કલેજુ કામ કરતું અટકી પડયું, કમળો જણાયો અને ધીમે ધીમે વખત જતાં જલંદરનો વ્યાધી પગપેસારો કરવા મંડયો! જો કે રોગની શરૂઆત થતી હતી એટલે મધુકર દારૂ વાપરતાં અચકતો નહોતો; અર્થાત્ વિષય વ્યવહારમાં નિમગ્ન થનારને સુધારાને નામે અનેદવાને નામે દારૂ વિના એક ઘડી પણ ચાલતું નથી. અનીતિના બજારમાં પ્રેમના વ્યવહારમાં દારૂશીજ અરસપરસ સલામતી લેવાય છે! ઉંચા અને નીચા મધ્યમ અને કામદાર વર્ગમાં દારૂની બદી દવાને, સુધારાને અને થાક ઓછો કરવાને બ્હાને તથા ટોનીક તરીકે અને સલામતી ભરી એટીકેટને નામે સારી રીતે પ્રવેશી ચુકી છે; આ પ્રમાણે મધુકરના કીસ્મતમાં વાઇન અને વ્યભિચાર એજ સારી રીતે વ્યવહાર કરવા લાગ્યાં! ઉર્મિલા પણ દારૂની બદીમાં સારી રીતે ચઢી ગઇ; જો કે દારૂની કુટેવથી તેના કંઠનું

અને આરોગ્યનું ધીમે ધીમે હરણ થતું હતું, તો પણ તેની આંખ જેવી જોઇએ તેવી બરાબર ઉઘડતી નહોતી! આજરોજ એક જાહેર સંસ્થાના લાભ સારૂ કોન્ટ્રાકટથી લીધેલો કંપનીનો 'મોહીની' નામનો ખેલ હતો. આ ખેલ મધુકરના લાગતા વળગતા મિત્રોએ મધુકરને ખાસ આગ્રહ કરી લીધો હતો; એટલે કંપનીની મેનેજમેન્ટ નિત્ય કરતાં આજરોજ નવીન અને નીરાળી હતી. અધુરામાં પુરૂં આજ રાત્રે કંપનીના આશકાઓ મી. મધુકરને એક માનપત્ર અને ઉર્મીલાને તેના ઉત્તમ અભિનય સારૂ એક ચાંદ આપવાના હતા. આજના નાટકની ગોઠવણ કાંઇક અલૌકીકજ થવાની વકી રખાતી હતી. મધુકરે આજરોજ કંપનીના તમામ નાના મોટા પાત્રોને તથા કામદાર વર્ગને બોલાવી એક સારૂ ભાષણ કરી કામ સારૂ કરવા કાજે સારી રીતે સૂચનાઓ આપી હતી. આજના કામ ઉપર કંપનીની મુંબાઈમાં સારી રીતે કદર થશે અને એ કદરથીજ કંપનીના નોકરોનો સારી રીતે ભાગ્યોદય થશે એમ સંબોધી દરેકને ઉત્સાહી આતુર અને આનંદી કર્યા હતા! અત્યારે મધુકર ઉર્મીલાને બોલાવી કાંક સૂચના કરી રહ્યો હતો.

"ઉર્મિલા આજ રાત્રે તારો ભાગ્યોદય છે! અત્યાર સુધી નાટકમાં કરેલા કામની આજ સારી રીતે કદર થશે. તારી પણ પબ્લીકમાં સારી નામના થશે!"

"મહેરબાન આપની મહોબત થયા પછી હું તો મારો સર્વદા ઉદયજ થએલો માની બેઠી છું. હું જે લાઇટમાં આવી છું, તે તમારો પ્રતાપ છે! આ દાસીને વાસ્તે આપે હદ બહાર

તકલીફ ઉઠાવી છે; આપનો જેટલો આભાર માનું તેટલો થોડો છે!!"

"ઉર્મીલા એ આભારનો અવેજ આપવો બહુજ ભારી પડશે!"

"મનમોહન આ મારૂં તન મન અને ધન હું તમારા પર ઓવારી બેઠી છું! મારા મીઠા મધુકરથી મારે કોઇ પણ વસ્તુ આ અવનીમાં વધારે નથી!"

"દીલદાર આજના નાટકની નાઈટમાં તને એક મેડલ મળશે! આજથી મારી ઉર્મીલા કાંક નવાજ રંગમાં નાચશે! હવેથી મારી મીઠી મોહની મારા પર કાંઇક નવાજ પ્રકારની મોહની કરશે!"

"વ્હાલા આપની મારા ઉપર કાંઈક અલૌકીકજ કૃપા છે!"

"ડીઅર તું પણ કૃપાને પાત્ર કમળલોચની છું!"

"હાં હાં મોહન જો જો મને ઉંચે ચઢાવી ઉતારી નાંખતા નહિ!"

"મધુરી તારા રાગના પરાગમાં આ મધુકર પરવશ થએલો છે!"

"વ્હાલા હું તો તમને જોઈ જોઇને મારૂં ભાન ભૂલી જાઉં છું! સ્ટેજ પર કામ કરૂં છું પણ મારાં ચક્ષુ તમારા મુખાર્વિંદ પરજ ચોટી રહે છે! તમારા મુખનું મંદ મંદ હાસ્ય એજ મારા આનંદનો વિકાસ છે!"

"વાહરે અલબેલડી તારી લટક!"

* * * *

'આવો અહીં અલબેલડી આવો જરી જરી,
નિજ દાસ જનના દ્વારમાં આવો જરી જરી.'

"અરે હાં હાં વ્હાલા આ તે શું કરો છો? વિનયમાં રહો!"

'પ્રીતે અમુલા પાથરૂં ફુલો શું મઘમઘતા અહુ,
તે પરથી કરી નેહની નિદ્રા આવો જરી જરી;
કદી ફૂલ ખુંચે કુમળે પદકમળથી શુભ રજનીએ,
આ પંડ વ્હાલી પાથરૂં જુઓ જરી જરી.'

"વાહરે વરણાગીઆ! વારી જાઉં તમારા બોલ પર!"

'અત્તર ગુલાબે મ્હેંકતા આંસુ સહિત ઉન્હે જળે,
ધોઉં પુનિત પદ પ્રેમથી હું તમ જરી જરી;
સન્મુખે બેશી અગર ઉછંગમાં રૂડા રહી,
આ દાસ જનને દીપવો વ્હાલી જરી જરી.'

"અલબેલા મને તે જાણે તમે કોણ જાણે કેવા પ્રકારનું કામણ કર્યું છે કે હું તમારા સિવાય એક તલ માત્ર પણ રહીજ શકતી નથી! ઓહો વ્હાલા આ તે શું કહેવાય!"

'તદરૂપ ચિત્ત થઇને નમું મુખચંદ્રની ભણી હૂં વળી,
સૌ દુઃખદ બાધા ભવ તણી ભૂલી જરી જરી;

"અરે હાં હાં મને અકળાવી દીધી."

'તુજ ધ્યાનમાં ગુલતાન થઇ ધારી સમાધી અચળ હૂં,
આનંદ ચાખુ અણમુલો દૈવી જરી જરી.'

"મોહન હવે આ મીઠા અને મોંઘમ મારથી મને આમ શું માર્યાજ કરશો! અરે રસીલા હવે કાંક રસીલીની દયા જાણો!"

'બસ પ્રેમપાને મસ્ત બની દેરાસરી દશ દિશમાં,

ગજવી રસીલી ગાઉ ગુણુ ત્રુઠો જરી જરી.'

"મારા શામળીઆ હવે બહુ થયું! કહો આ લુંડીને શો હુકમ છે?"

"મધુરી હવે જરા રંગ રેલાવા દે! મને રંગપાણી વગર ઠીક પડતું નથી! મારી અસ્વસ્થ પ્રકૃતિ વાઈનથી જરા ઠીક સ્વસ્થ રહે છે!"

"તો વ્હાલા લ્યો, મારી ક્યાં ના છે? પણ જરા લીમીટમાં રહો તો સારૂં."

"વ્હાલી લીમીટમાં રહેતાં તેની અસર બરાબર થતી નથી. દુખાવો ઉપડી આવે છે!"

"ઠીક લ્યો આ પ્યાલી!"

"લાવો વ્હાલી!"

"લ્યો વ્હાલા!"

'અમે અલમસ્ત આનંદા સનમને શોધતા ફરીએ;
સ્વછંદે મા'લીએ જ્યાં ત્યાં ડરાવ્યા ના કદી ડરીએ.
પડી ના પ્રાણુ કે પરની અણુ પરવા સનમ પાખી;
ભલેને ઝખ મારે છે પુંઠે દુનિયા અરે આખી.
પરમહંસ બાલયોગી કે ભલે મુલ્લાં ભલે કાજી;
મહદ એ જ્ઞાનીઓ મોટા અમારે મન મૂળા ભાજી.
રહ્યા દુનિયામાં કંઇ ડાહ્યા ન ઘેલા નથી જય અન્તે;
ભુલાવી ભટકતા ભ્રમમાં ભુંડા ભટકો શું થઇ પાજી.
મદીરા ઈશ્કને રંગે બની રાગી થશું રાજી;
અમારા જાન માલોની થતી આથી છો હરાજી!'

"બસ આફ્રીન આફ્રીન, ફ્રીદા ફ્રીદા, ગુલઝાર બસ હવે હું આનંદમાં બન્યો ગુલતાન!" આ પ્રમાણે કહી ઉર્મીલા અને મધુકર સારી રીતે પ્યાલી ઉપર પ્યાલી પી દારૂમાં ખુબ ગુલતાન થયાં! અત્યારે એક બીજા ભાન ભુલી હદ ઉપરાંત દારૂનું પાન કરી રંગમાં ખુબ ચકચુર થયાં! મધુકર અને ઉર્મીલા એકં બીજાના ગળામાં હાથ નાંખી અન્યોઅન્ય ચુંબન પર ચુંબન કરી આમ તેમ લથડીઆં ખાતાં ખાતાં આખા હૅાલમાં ફરવા લાગ્યાં! છેવટે મધુકર ઉર્મીલાના ઉછંગમાં માથુ રાખી સૂતો; ઉર્મીલા રૂમાલવતી મધુકરને આસ્તે આસ્તે પવન નાંખવા લાગી!

"વ્હાંલી ઉર્મીલા હવે મને દુનિયામાં તારા સિવાય બીજું કોઈ વ્હાલું લાગતું નથી! પ્રિયે તારા પ્રેમમાં હું ડુબી ગયો! રસીલી તારા રસમાં હું રસબસ થઈ ગયો! મેં દુનિયા તો ઘણી જોઈ હતી; પણ આ વખતે તારા સંગમાં કાંઈ નવીજ દુનિયાં જોઈ. મનમોહની મુંબાઇ આવ્યા પછી હું તદ્દન તારામાં ઘેલો બની ગયો! મારાથી એક ઘડી પણ તારો વિયોગ વેઠાતો નથી! વ્હાલી હવે તે શું થશે તેની મને કાંઇ ગમ પડતી નથી!"

"વ્હાલા દુનિયાં ઝખ મારે છે! મારે કાંઈ નાટકની પરવા નથી! નોકરીની દરકાર નથી! મારા વ્હાલા મારે તો ફકત તમારીજ દરકાર છે! તમે જ્યાં જશો ત્યાં હું આવીશ; તમે જ્યાં નોકરી કરશો ત્યાં હું આવી તમારી તાબેદારી ઉઠાવીશ. વ્હાલા જો નાટકની લાઈન મુકી બીજો ધંધો કરશો તો હું તમારી દાસી બની બરદાસ કરીશ; પણ વ્હાલા હવે

મારાથી તમને જરા પણ વીલા નહીં મુકાય તે નહીં મુકાય! મારાથી હવે તમારો વિયોગ નહીં સહન થાય તે નહીજ સહન થાય! જુઓ જ્યાં સુધી મુંબાઇમાં નાટકના રંગ ઢંગ નભે ત્યાં સુધી નભાવો; જે કાંઇ હાથ કરી શકાય તે હાથ કરી લ્યો, પછી ચીંથરીઆ માલેક છે! આ કંપનીમાં જ્યાં સુધી આવક રેલાય છે ત્યાં સુધી તે બધા માણસોને મીઠા વચનમાં અને હાજીહાંના રંગમાં રમાડે છે; જ્યાં આવક ઓછી થઈ કે પછી એ ચીંથરીઆ ચીંથરાંજ ખંખેરવા માંડશે અને આપણને હથેળી બતાવશે; માટે આવ્યો અવસર ચુકશો નહીં! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જશો નહીં! લોભીઆ અને જુલમગાર માલેકની પેઢીઓ આમને આમ વિશ્વાસમાંજ ભેળાઇ જાય; માટે સમય વરતે સાવધાન બની સમો સાધવામાંજ મઝા છે!"

"વ્હાલી તારૂં કહેવું ખરૂં છે, સમો સાધવામાંજ કલ્યાણ રહેલું છે. પ્રમાણિકતા કાંઈ ઓઢવા પાથરવાના કામમાં આવતી નથી. ઉંચો નીચો હાથ પડયા સિવાય લક્ષ્મી કાંઇ ભેગી થતી નથી; માટે હવે હાથ મારવામાંજ સાર છે; પાછા દેશથી ચીંથરીઆ મુંબાઈ આવશે એટલે કંપનીના હાલ હવાલ પણ ચીંથરીઆજ થશે! વ્હાલી આજ રાતના કામ સારૂ કરજે! મારી બુલબુલ આજ તને મારા દોસ્તદારો એક ચાંદ મેડલ ભેટ આપનાર છે અને મને એક માનપત્રથી નવાજનાર છે; માટે ઓડીઅન્સની વાહ વાહ મેળવી મુંબાઇગરામાં સારૂં નામ કરજે! હું પણ હવે તારા કહેવા પ્રમાણે કાંઇ ઉંધાંચતાં કરવાની તાલમેલમાંજ નિમગ્ન રહીશ; પણ વ્હાલી મારી તબીયત હવે હાથથી

જાય છે! જ્યારે મારી તબીયત સારી રહે છે ત્યારે કંપનીમાં મુશ્કેલી અને મુફ્લીસીનો વરસાદ વરસે છે અને જ્યારે મારી તબીયત લથડે છે ત્યારે કંપનીમાં છકમછકા ઉડે છે! દીલદાર દુનિયામાં મેં જો કોઇને પણ દીલ આપ્યું હોય તો તનેજ દીલ આપ્યું છે. કંઇ કંઇ રમકડાં મારી પાસે આવી ગયાં છે, બધાંને રમત રમાડી સુંઘી સુંઘીને કોરે કર્યાં છે; એક તારા જેવી મોંઘા-જાન હતી તેને પણ મેં મોંઘમ રમાડી શેતરંજ ખેલાવી હતી; ડીઅર પરણી નારી પણ ઘેર કેળવાએલી બી. એ. પાસ થએલી રૂપનો અવતાર ઘરરખી સુંદરી છે તેની પણ મેં પરવા કરી નથી; આ વખતે ફક્ત હું તારાજ પ્યારમાં ભુલો પડયો છું અરે કહો કે અંધ થયો છું; માટે વ્હાલી હવે સમો સાધવામાં અને જે કાંઈ આવે તે હાથ કરવામાંજ મઝા છે!"

"વ્હાલા આપનું કહેવું અક્ષરે અક્ષર સાચું છે! આપ કામના અવતાર છો! પૂરા ખેલાડી પ્રવીણ અને દરેક પંથના પાવરધા છો! કંઇ કંઈ રમકડાં આપના કહેવા પ્રમાણે આપ-નામાં મોહાંધ થઈ મોહમાં રમત રમ્યા હશે; પણ મારા રસીલા હું તો કેવળ મૂર્ખ છું. પ્રેમની વાત હું કાંઇ સમજતી નથી! રસ, મોહ અને ભાવ એમાં હું અજ્ઞાન છું! વ્હાલા જો આપે મારો હાથ ઝાલ્યો છે તો ઝાલી મને પાર ઉતારજો! આપે મારી સાથે સ્નેહ બાંધ્યો છે તો દુનિયામાં બાંધી જાણજો. દીલ આપ્યું છે તો આપી જાણજો. જગતમાં હાંસી કરાવશો નહિ! હું તો કેવળ અક્કલશૂન્ય મૂર્ખ પામર છું! આપ રસના સાગર છો! રત્નાકર છો! માટે મારો નભાવ કરજો! વ્હાલા મારાથી જો

કાંઇ ભૂલ થાય તો મને માફ કરજો ! નારી જાત ભૂલથી ભરેલી છે તે વિસરી ન જશો !"

"ઉર્મીલા કહે ના કહે પણ તારામાં કાંક નવોજ રંગ છે! એ રંગને જોતાંજ મનુષ્ય તારી રંગતની સંગતમાં રંગાઈ એકત્ર થઈ જાય છે; અરે સ્નેહસાંકળીએ સંધાઇ જડાઇ જાય છે! દીલદાર મારી પણ તેવીજ દશા છે! દુનિયામાં લાંબો સંબંધ નભવો ઘણો મુશ્કેલ છે; માટે તને હું આટલું આટલું સંબોધી સંબોધીને કહું છું!"

"વ્હાલા આ પંડમાંથી પ્રાણ જશે તો એક વાર જવા દઈશ; પણ મારો તમારો પ્રેમ જશે તો તેને હું સજ્જડ રીતે પકડી રાખીશ! સ્નેહને મરણાન્તે પણ નહિ જવા દઉં! રસિયા તમારો રાગ એજ મારો અનુરાગ છે! તમારો ભાવ એજ મારો જીવન લ્હાવ છે! તમારો પ્યાર એજ મારો સાચો સંસાર છે! મારા જીવનમણી તમારો સંબંધ એજ મારો પ્રાણ અને પંડનો સંબંધ છે! હું કોઈ કાળે પણ તમને ભુલીશ નહિ એ નિશ્ચય સમજજો!"

"વ્હાલી ચાલ ત્યારે જરા ફરવા જઈશું! બે ઘડી દીલને ચોપાટી પર જઇ બ્હેલાવીએ!"

"આપ સારી રીતે શુદ્ધિમાં છો? જો એમ હોય તોજ બહાર ફરવા જવામાં સાર છે; નહિ તો પછી રાગની ફજેતી સમજવી!"

"ના ના વ્હાલી તેમ તો કાંઇ નથી! મારો હદ બહારનો નિશો મારા કાબુમાંજ રહે છે! નિશો મને કાબુમાં રાખે છે

અને હું નિશાને કાબુમાં રાખું છું! અમારા બંનેને બહુ નાનપણથીજ દોસ્તી થએલી છે; અર્થાત્ એક બીજાને અમે સારી રીતે સુધારાના નામે પચાવી ગયા છીએ! તો પણ તારૂં કહેવું ખરૂં છે! વ્યસન એ ગુપ્ત ચીજ છે. તેને ગુપ્તજ રાખવું જોઇએ! જ્યારે ગુપ્ત પ્રગટ થાય ત્યારે ગુપ્તની મઝા જતી રહે! દરેક જણા ભીતરમાં નગ્નજ છે! વ્યસન પરનો કાબુ અને દાબ એ મનુષ્યની ખુબી સારી રીતે બતાવી આપે છે!"

"અલબેલા એમજ હોવું જોઇએ! ભીતરની મસ્તી ભીતરમાંજ સમાવી જોઇએ! બહારના રંગ બહારજ બતાવા જોઇએ!"

"એ રંગમાં હું સારી રીતે રંગાએલો છું! બહારથી અને ભીતરથી કંઈકને રંગી જાણું છું! રંગત અને સંગત એ મારી મુઠીમાં રાખી જાણું છું! ગમે તેવો પાવરધો અને ઉખડેલ માણસ જ્યાં મારા સામો આવ્યો કે તરતજ તેને હું નયનના એક નિમિષ માત્રમાં નચાવી જાણું છું!"

"વ્હાલા એની તો મને બરાબર પતીત છે! તમારી રાતે કોઈ જન્મ્યુંજ નથી!"

"શું કહોછો સલુણી! આજ તો કાંક ખુબ આનંદમાં છલકાવ છો! વ્હાલી ધીરે ધીરે સમાલજો! રસ છલકાઈ ન જાય!"

"જાઓ જાઓ નગુણા તમે તો સદાએ એવાને એવાજ રહ્યા! વળી પાછી મને બનાવા માંડી!"

"અરે એમ તે રીસાઈ જઇએ મારી રસિકડી! હજુ તો

આણી રાતો લેવાની છે! કંઇકને રંગ બતાવવાના છે અને કંઈકને આ કમળ લોચનથી નચાવવાના છે, અને કંઈકને રસનાં છાંટણાં નાંખી નાંખી ખંખેરવાના છે સમજી મારી મનહરણી!"

"વ્હાલા જોજો મારી કાંઈ સુધારાને નામે દલ્લાલી કરતા? જોજો કાંઈ એટીકેટને નામે મને કાંઇ ગીરો મુકતા! જોજો પોઝીશનની ખાતર મને નચાવી ડાંઈ થકવી નાંખતા! હું તો બાળી ભોળી અલેતી છું! મારી મસ્તી તમારા હૃદયમાંજ મચી રહે છે અને તમારા હૃદયનો રાગ મારી મસ્તીમાંજ છવાઇ રહે છે માટે છબીલા જોજો સંભાળજો આ અલેતીને કાંઈ વહેતી કરી ન દેતા!"

"લ્યો લલિતા ચાલો હવે વિકટોરીઆમાં બેસી ચોપાટી પર જઈ જરા મગજને દરિયાનો હવાથી તૃપ્ત કરી આવીએ!"

"ચાલો મારા ચિતહર ચતુર ચાલો!"

"ચંપક વરણી ચાલો!" આ પ્રમાણે રંગરાગની રમત રમી મધુકર અને ઉર્મીલા વિકટોરીઆ જોડાવી ચોપાટી પર ફરવા ગયાં! અત્યારે કંપનીના માલેક એ બંને જણાં હતાં! માલેકના માનીતા મેમાન આખા ગામની સરસાઈ કરે તે પ્રમાણે ડાયરેકટર મી. મધુકર અને અપટુડેટ એકટ્રેસ ઉર્મીલા આજકાલ મુંબાઇને અને કંપનીને સારી રીતે નચાવી રહ્યાં હતાં. વિકટોરીઆ જોતજોતામાં ચોપાટી પર ગઇ, અને ત્યાં એક બાજુ પર ઉભી રહી! ઉર્મીલા અને મધુકર વિકટોરીઆમાંથી ઉતરી .ચોપાટી પર આમ તેમ આંટા મારતાં દરિયાઇ હવા ખાવા લાગ્યાં; આ અરસામાં એક નવાબનો સેક્રેટરી મી. પાન્ડુ-

રાવ મધુકર પાસે આવ્યો અને તેને સારી રીતે મુબારકબાદી આપી તેના કાર્યની પ્રશંસા કરવા લાગ્યો !"

"મી. મધુકરસાહેબ ! તમારો મોહીનીનો ખેલ જોઇ અમારા નવાબ સાહેબ બહુજ પ્રસન્ન થયા છે ! તેમણે તમારા ખેલનાં ઘણાંજ વખાણ કર્યાં છે; અને મોહીનીનો પાર્ટ કરનાર સ્ત્રી એકટર ઉર્મીલાનું કામ જોઇ દીંગ બની ગયા છે; નવાબ સાહેબ તમારી કંપનીને કાંઈક સારૂ ઈનામ આપવાની મરજી બતાવે છે; અને કંપનીને સ્ટેટમાં તેડાવવા ગોઠવણ કરે છે !"

"હું નવાબ સાહેબનો ઉપકાર માનુ છું; તેની સાથે તમારો પણ ઉપકાર માનુ છું ! અમારા નાટકની કદર જ્યારે નવાબ સાહેબ નહીં કરે ત્યારે બીજો કોણ કરશે ? નવાબ સાહેબ હાલમાં ક્યાં છે ?"

"તે અહીંઆંજ ફરવા આવેલા છે. જુઓ પેલી મોટરમાં કોઇ યુરોપીઅન ગૃહસ્થ જોડે વાતચીત કરે છે. એમણે મને તમારા ભણી મોકલ્યો છે !"

"ઓહ થેન્ક યુ ! કેમ ઉર્મીલા કંપનીના ખેલની કદર પબલીકમાં થાય છે ને ! યાદ છે નાટકની પસંદગી સારૂ મારે મી. ચીંથરીઆ સાથે કેટલી તકરાર થતી હતી !"

"સાહેબ હવે પાછલી વાત જવા દો ! ટુંકામાં કંપનીનો જે કાંઈ ઉદય થયો છે તે તમારી કાળજી ભરી મેનેજમેન્ટથીજ થયો છે ! તમે જ્યારથી કંપનીમાં જોડાયા છો ત્યારથી કંપનીનો દીનમાન ચઢતો થયો છે !"

"સાહેબ આજ કંપનીની લેડી એકટ્રેસ ઉર્મીલા કે ! ?"

"જી હા, એજ અમારી કંપનીની લેડી એકટ્રેસ ઉર્મીલા!"

"હું તમને તમારા કામ વાસ્તે ઘણોજ ધન્યવાદ આપુ છું!"

"સાહેબનો હું ઉપકાર માનું છું!"

"તે સાથે તમારી કંપનીના ડાયરેકટર મી. મધુકરભાઇને પણ જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે!"

"સાહેબ એ સૌ પ્રતાપ તેમનાજ છે!"

"હયો નવાબ સાહેબ પોતે પધાર્યા!"

"સાહેબ મહેરબાન!"

"સાહેબ મહેરબાન!"

"હજુર, આ પોતેજ મી. મધુકરભાઈ કે જે ખંતીલા કુશળ અને એક અગ્રેસર બાહોશ ગ્રેજ્યુએટ સુધારક ગૃહસ્થ ડાયરેકટર તરીકે કંપનીમાં મેનેજમેન્ટ કરે છે તે!"

"ઓહ થેન્ક યુ! હું તમારા કામની તારીફ કરૂં છું!"

"માઈ ગુડ સર! આઈ ટેન્ડર માઈ બેસ્ટ અને હાઈ થેન્કસ ફોર યોર કાઈન્ડનેસ!"

"મોહીનીના નાટકમાં જે મોહીનીનું કામ કરે છે તેજ આ લેડી એકટ્રેસ ઉર્મીલા પોતે!"

"ખરેખર તમારી કેરેકટરને વાસ્તે હું ઘણોજ મગરૂર છું! તમારૂં કામ જોઇને હું ઘણોજ ખુશી થયો છું! આજ કાલ મુંબાઇના તખતા ઉપર જે કામ તમે કરો છો તેવું બીજી કોઈ ગુજરાતી સ્ત્રી એકટ્રેસ ભાગ્યેજ કરતી હશે! તમારી તારીફની નિશાની તરીકે મારી અને તમારી પહેલી મુલાકાતમાં હું એક

આ મારી બીબીજાનની જીગરની ચીઠ્ઠી ભેટ આપું છું! આપ તે સ્વિકારી મને ભાગ્યશાળી કરશો!"

"અરે હાં હાં નવાબ સાહેબ આ શું બોલો છો! હું તો આપની તાબેદાર છું!"

"મી. મધુકરભાઈ તમારી મેનેજમેન્ટથી હું ઘણોજ ખુશી છું; તેના બદલામાં તમને હું મારૂં ગોલ્ડન વોચ બક્ષીસ તરીકે આપું છું તે આપ સ્વિકારશો!"

"અરે હાં હાં નવાબ સાહેબ બક્ષીસથી શું વધારે છે! તમારા બોલ એજ અમારે ઇનામ છે! અમારા કામની કદર એજ અમારી કંપનીનો ભાગ્યોદય છે! સાહેબ આપની પ્રેમાળ લાગણી અને બક્ષીસને વાસ્તે હું આપનો એક વાર ફરી ઉપકાર માનું છું! આજ રાત્રે સેવકના આમંત્રણને માન આપી જરૂર ખેલમાં પધારવા તસ્દી લેશોજી! આજના નાટકનું કામ કાંઇક નવીન અને વધારે ચિતાકર્ષક છે; જે આપ જોઇને ખાત્રી કરશો; વળી આજનો ખેલ પણ ધર્માદાનો છે, એટલે એક પંથ ને દો કાજ થશે! થોડાક દીવસમાં અમે એક નવો ખેલ ઘણીજ ભારે તૈયારીથી મુકવાના છીએ. જે જોઇને આપને ખાત્રી થશે કે નાટક એ શું ચીજ છે અને કેરેક્ટર તથા હાવભાવ અને એકટીંગ કેટલે દરજ્જે પ્રેક્ષકોમાં કમાલ કરે છે તેની ખાત્રી થશે!"

"જ્યારે તમારો આગ્રહ છે ત્યારે હું જરૂર આવીશ! ચાલો અંત્યારે આપ બંને જણાં મારી મોટરમાં બેસી જાઓ; રસ્તામાંજ મારો બંગલો આવે છે!"

"સાહેબ અત્યારે ટાઇમ થવા આવ્યો છે! માફ કરો,

કાલના જરૂર અમે ફરવા આવતાં આપના બંગલે આવીશું !"

"તમને અમે બહુ ખોટી નહીં કરશું. હું સમજુ છું કે ટાઈમ થવા આવ્યો છે; માત્ર પાંચ દશ મીનીટમાંજ ચાહ પાણી પાઇ વિદાય કરી દઇશું; ચાલો બેસી જાઓ; પાન્ડુરાવ વિકટોરીઆવાળાને નાટકશાળામાં વિદાય કરી દ્યો !"

"બહુ સારૂ સાહેબ !"

"અરે કોચમેન, જા તું પરભાર્યો વિકટોરીઆ નાટકશાળા ભણી હંકારી જા, અમે તારી પાછળજ આવીએ છીએ!" આ પ્રમાણે બંદોબસ્ત કરી નવાબ સાહેબ તરતજ મોટર પોતાના બંગલા ભણી હંકારાવી ગયા; મોટર જોતજોતામાં બંગલામાં આવી ! નવાબ સાહેબ તરતજ મેમાનોને લઈ દીવાનખાનામાં ગયા; અને ત્યાં મધુકર અને ઉર્મીલાને સારી રીતે આદરસત્કાર બતાવી પોતે તેમના વાસ્તે ચહા પાણી તૈયાર કરાવવા જોડેના બીજા હૉલમાં ગયા ! નવાબસાહેબ પણ નાટકના એક આશકા હતા; તે ઘણા દીવસથી સૌરાષ્ટ્ર નાટક કંપનીનાં નાટક જોઇ ઉર્મીલાના કામ પર ફીદા થએલા હતા ! તેમણે ઉર્મીલાને મળવાને વાસ્તે ઘણી ઘણી ગોઠવણ કરાવી હતી; પણ સૌ ગોઠવણ મી. મધુકરના રૂવાબ અને દમામ આગળ નિષ્ફળ ગઈ હતી, છેવટે અત્યારે મોકો મળતાં પોતે તરતજ વિક્ટોરીઆ પાછળ મોટર તૈયાર કરી હંકારી ગયા હતા; અને જાતોજાત મધુકરને મળી ઉર્મીલાને બંગલે લાવવાની યુક્તિ અજમાવી હતી ! આ પ્રસંગે નવાબ સાહેબે પણ દમામથીજ કામ લેવા માંડયું હતું, પહેલીજ મુલાકાતમાં ઉર્મીલાને એક

હજાર રૂપીઆના હીરાની વીંટી ભેટ કરી હતી અને મધુકરને પંદરસો રૂપીઆનું સોનાનું ઘડીઆળ તથા અછોડો ભેટ કર્યાં હતાં. આવી કારમી અને ઉમદા ભેટના દમામમાં મધુકર અને ઉર્મીલા બંને દબાઈ ગયાં હતાં! નવાબના તેજમાં ઉર્મીલા પણ અંજાઈ ગઈ હતી, અને જોડે મધુકર પણ અંજાઈ ગયો હતો; જો કે અત્યારે જેવો જોઈએ તેવો તે ભાનમાં હતો નહીં, પણ વખતે વખતે કાંઈક કાંઈક ભાનમાં આવી જતો હતો! ઉર્મીલા પણ રંગ પાણીમાં રંગાએલી હતી; એટલે નવાબ સાહેબની યુક્તિ પ્રયુક્તિને તે બરાબર પીછાની શકતી નહોતી, અર્થાત્ નવાબ સાહેબ જેમ દમામમાં નચાવતા અને દબાવતા તેમ તે દબાતાં હતાં! નવાબ સાહેબે પણ અત્યારે ઘણા દીવસનો ધારેલો પ્રસંગ મળતાં ઉર્મીલાને બારોબાર ઉઠાવી જવાનીજ તૈયારી કરી મુકી હતી, તેમણે તરતજ ચાહ પાણીમાં કેફી વસ્તુનાં પડીકાં નંખાવવાની ગોઠવણ કરી દીધી, અને તેમને બેભાન બનાવી ઉર્મીલાને બારોબાર મોટરમાં નાંખી ગુમ કરી દેવાની યોજના રચી અને મધુકરને બેભાન બનાવી રાતોરાત નાટકશાળામાં ધકેલી દેવાની યુક્તિ રચી પોતે રૂવાબમાં આમતેમ દીવાનખાનામાં ફરવા લાગ્યા!

"મધુકર સાહેબ! મુંબાઈમાં આજકાલ ઘણી ઘણી નાટક કંપનીઓ આવે છે પણ તમારી કંપનીએ શરૂઆતમાં જેવી નામના કરી તેવી નામના હજુ સુધી કોઈ કંપનીએ કરી નથી."

"સાહેબ એ સૌ આપના જેવા કદરદાન નવાબ સાહેબનો પ્રતાપ છે! જ્યાં કાર્યની કામગીરી છે ત્યાંજ કાર્યની કદર થાય

છે કે કરેલી મહેનત કોઈ કાળે પણ વૃથા જતી નથી!"

"હું પણ એમજ માનું છું કે કરેલી મહેનત કોઈ કાળે પણ વૃથા જતી નથી! સારા કામની જ્યારે ત્યારે પણ કદર થયા વિના રહેલી નથી! કાં પાંડુરાવ ચાહની કેટલી વાર?"

"સાહેબ તૈયાર! આ લાવ્યો!"

"અરે ભાઈ જલ્દી કરો! આ ન્હોય ફોગટીઆ મેમાન! આ તો નાટકીયા કામગીરીની કારકીર્દી બજાવનારા મેમાન છે. વખતની કીંમત તેમને છે એટલી બીજા કોઈને પણ નથી!"

"લ્યો સાહેબ આ ચહા તૈયાર!"

"હાં લાવો, મુકો પ્યાલા આ ટેબલપર!"

"વારૂ, મધુકરભાઈ! તમે કેટલા દીવસથી કંપનીમાં જોડાયા છો?"

"વરસ દીવસથી સાહેબ કંપનીની લગામ મારા હાથમાં આવી છે!"

"હાં બરાબર! મેં સૌરાષ્ટ્ર નાટક કંપનીના ખેલ ઘણા જોયા છે! એ કંપનીમાં સીનેરીનો આડંબર અને એકટરોની ધમાધમ સિવાય બીજું કાંઈ જોવાનું નથી; મારા વાલા નાટક ચાલતાં ચાલતાં વગર કામના પડદે પડદે ભડાકા બહુ કરે છે; મારા એકટરો ધાંધલીઆ અને ધમાલીઆ છે; નાટકની વસ્તુ કાંઈ મળે નહીં, અને ઉપરના ધમપછાડા બહુ જબરા કરે છે! લડાઈ, નાચ, દરબાર અને ગરબામાં વગર મફતનો વખતનો વખત પસાર કરે છે; કોઈ નાટકના શોખી અને જાણનાર નાટક જોતાં જોતાં અધવચ કંટાળી ઉઠી જાય છે, નાટકમાં કેરેકટરનું

તો મામલો ન મળે, ત્યાં ત્યાં બગાડ અને કુટી કુટીને ગાયનના ઠામ ઠેકાણા વગરના સંગીતના તોફાનોજ કરે, આથી તે કંપનીની ક્રેડીટ નાટકની લાઇનમાં ઘણીજ ઓછી થઇ ગઈ હતી. આ તો તમારા હાથમાં લગામ આવ્યા પછી આટલી કંઈ કંપનીની નામુના થઈ અને મુંબાઈ જેવા કદરદાન શહેરમાં કંપનીની પ્રેસ્ટીજ બંધાઈ! વારૂ જુઓ જોઇએ આ નાટકના એકટરના ફોટા! આમાંથી તમે કોઇને ઓળખો છો! વારૂ આ ફોટાવાળા એકટરો હાલમાં કંઈ નામચીન કામ કરે છે ખરા? મારો ભવિષ્યમાં એકાદ નાટક કંપની ઘણા મોટા પાયાપર તૈયાર કરાવવાનો વિચાર છે! તેમાં જો તમારા જેવા ડાયરેકટર અને ઉર્મીલા જેવી એકટ્રેસ મળી આવે તો કંપનીમાં ચાર પાંચ લાખ રૂપીઆ નાંખ્યાએ કામના?!"

"હેં હેં શું સાહેબ ચાર પાંચ લાખ રૂપીયાની કેપીટલ રોકી ગ્રાન્ડ સ્કેઇલપર નાટક કંપની કરવાનો વિચાર છે?" આ પ્રમાણે કહેતો મધુકર પોતાની ખુરશી ઉપરથી ઉઠી નવાબ સાહેબ જોડે ખાનગી ખાનગી વાતચીતમાં ભેળાવા લાગ્યો, આમ ઉર્મીલા પણ નવાબ સાહેબને સારી રીતે ચક્ષુનાં કટાક્ષ ફેંકી રાગમાં રમાડવા લાગી, અને આમ આ બાજુએ કેફી વસ્તુઓ ચાહના પ્યાલામાં મિશ્ર થઇ કેફનું કામ બતાવવાને તૈયાર થઈ ગઇ! નવાબ સાહેબે આડકતરી રીતે ચાહની તૈયારી જોઇ વાત પાછી સંકેલી ચાહ પીવાની તૈયારી કરવા માંડી!

"તમે બંને જણાં જ્યાં સુધી કંપની મુંબાઇમાં રહે ત્યાં સુધી અવારનવાર મને મળતાં રહેજો! હું પણ પ્રસંગોપાત

નાટકમાં આવી સ્ટેજનું કામ કેટલુંક જોતો રહીશ. લ્યો ચાલો હવે ચાહ પી લ્યો! પાછું તમારે લેઇટ થશે તો વાત કથળશે; ભાઇ એ તો નાટકના મામલા! મીનીટમાં સુધરે અને મીનીટમાં બગડે!"

"હા ખુદાવિંદ સાહેબ! આપનું કહેવું ખરૂં છે! નાટકનો મામલો ઘણોજ અજબ છે, જોતજોતામાં ગજબ કરી નાંખે છે; જો પાસા સીધા પડયા તો પોબાર અને વાંકા પડયા તો નાસવાનો પણ માર્ગ ન મળે તો પછી બીજી વાત શી કરવી!"

"લ્યો ચાલો ચાહ લેવા માંડો! પાંડુરાવ મોટર તૈયાર કરી કમ્પાઉન્ડમાં લાવી ઉભી રાખો!"

"જેવો સાહેબનો હુકમ!"

"મધુકરભાઇ! તમારા માલેક મી. ચીંથરીઆ જ્યારે દેશમાંથી મુંબાઇ આવે ત્યારે મને ખબર કરજો! આપણે એક દીવસ હોલ કંપનીને મીજબાની આપીશું!"

"સાહેબ જ્યાં તમારી મહેરબાની છે ત્યાં મિજબાનીથી શું વધારે છે!"

"નવાબ સાહેબ મીજબાની કાંઈ તમારી મહેરબાનીથી વધે નહીં!"

"હાં હાં તો પણ આ જમાનામાં આજકાલ નાટકવાળા સાથે વિવેક કરવો જોઇએ!" આ પ્રમાણે જ્યાં વાર્તાવિનોદ થાય છે; ત્યાં તો મધુકર તરતજ બેભાન થઇને પડયો, અને જોડે ઉર્મીલા ખુરશી પરથી ધરણી પર ઢળી પડી! બંને જણાં કેફી દવાની અસરથી બેભાન અચેત બની જમીન પર ઢળી

પડયાં અને લસલસાટ નસકોરાં બોલાવવા મંડયાં! નવાબસાહેબે જ્યાં ધીમે રહીને જોયું કે હવે દવાનો બરાબર અમલ થયો છે એટલે તરતજ ઉર્મીલાને અંદરથી માણસો બોલાવી મોટરમાં બેસારી બારોબાર વિદાય કરી દીધી અને મધુકરને એક ઓરડામાં થોડાક વખતને સારૂ ઉચકાવી નંખાવ્યો! આમ નાટકશાળામાં ખેલનો વખત ધીમે ધીમે થવા આવ્યો! અંદરના માણસોએ ધીમે ધીમે ખેલની તૈયારી કરવા માંડી! તાલીમમાસ્તરે બરાબર સાડા આઠનો અમલ થતાં ઉર્મીલાની તપાસ કરાવરાવી, પણ તેનો કાંઈ સ્ટેજમાં પત્તો મળ્યો નહિ; રોજના રાબેતા મુજબ ઉર્મીલા મધુકર સાથે ફરવા ગઈ હશે તો ખેલ થતા થતામાં આવી પહોંચશે; અર્થાત્ તેના પાર્ટના વખતે જ્યાં હશે ત્યાંથી આવી તેનું કામ સંભાળી લેશે એવો વિચાર કરી હાજરી પત્રક મંગાવી તમામ માણસોની હાજરી લેવા માંડી! સ્ટેજનું કામ તેણે ધમધોકાર આગળ ચલાવવા માંડયું. સીનેરીઝ, લાઇટ અને પોશાક ખાતામાં હમેશ કરતાં કાંઇક નવીન અને ચિત્તાકર્ષક તૈયારી કરાવી અને પોતે એકી ટસે આતુરતાથી ડાયરેકટર મી. મધુકરની વાટ જોવા લાગ્યો! આમ મધુકરના મિત્રો તથા ધર્માદા સંસ્થાના કાર્યવાહકો નાટકશાળામાં આવી મધુકરની ખબર કાઢવા લાગ્યા; લગભગ નવ થવા આવ્યા તો પણ મધુકર અને ઉર્મીલાનો પત્તો મળ્યો નહિ; આથી અંદર અંદરના માણસોમાં ચેં પેં થવા લાગી; અને જેમ આવે તેમ કંપનીના ખાઈબદેલા જુના પુરાણા એકટરો એક બીજા સાથે પૂંઠ પાછળ ટીકા કરવા લાગ્યા; ઓડીઅન્સ જોતજોતામાં કાર્ય-

બાજુઓના ઝુંબરો રૂપ અને મહેનતથી ખીચોખીચ ભરાઈ ગયું. ટીકીટ ઑફીસમાં ટીકીટ બંધ કરવાની જરૂર પડી. તાલીમ-માસ્તર પણ અકળાઈ ગયો; અને છેવટે મામલો આણી પર આવેલો જોઇને મોહીનીનો પાર્ટ કરવા સારૂ એક બીજો એક્ટર તૈયાર કર્યો! જો ઉર્મીલા આવી પહોંચશે તો ઠીક નહિ તો પછી તેના પાર્ટમાં એક્ટરને ઉતારી ખેલ ચલાવવો પડશે; એમ ધારી નવીન એક્ટરને એકદમ તૈયાર કરી નાટકની સૂચના ટીકાઓ પ્રોમ્પટ તથા એકટીંગ વિગેરે જેટલું બતાવી શકાય તેટલું ટુંકામાં બતાવી તૈયાર કરી દીધો! આમ ઓડીઅન્સ ખાતામાં મેનેજરની બુમ પડી રહી અને એક્ટર ખાતામાં અર્થાત્ સ્ટેજમાં ઉર્મીલાની બુમ પડી રહી! ખેલનો ટાઈમ બરાબર થવા આવ્યો, હવે શું થશે તેની તમામ ચિંતા તાલીમમાસ્તરને થવા લાગી, ન છુટકે જેટલી તૈયારી થાય તેટલી કરી પેટીવાળાને અને નરઘાવાળાને કામ ઉપર બેસારી ઘંટડી વગાડી ડ્રોપ ઉચકાવવાનું ધાર્યું; આમ ખેલ શરૂ કરવાને વાર કરે તો ખેલ એક વાગતા સુધીમાં પુરો ન થાય એની તેને ચિંતા થવા લાગી; આથી તેણે સાહસ કરી મધુકર અને ઉર્મીલાની ગેરહાજરીમાં નાટકનો ડ્રોપસીન ઉપાડી નાટકની શરૂઆત કરી દીધી. આ બાજુ નવાબસાહેબે બેભાન કરેલી ઉર્મીલાને મોટરમાં બેસારી કંઇની કંઈ ગુમ કરી દીધી; અને ખેલ બંધ થવાનો ટાઇમ થવા આવે ત્યારે મધુકરને વિકટોરીઆમાં ઘાલી ઓડીઅન્સ છુટે તેની ધમાલમાં ઉતારી દેવો એવી ગોઠવણ કરી દીધી. નવાબસાહેબ પોતે પણ તેમના માણસો સહીત ક્યાંના ક્યાં ઉપડી ગયા; ફક્ત એક બે માણસોએ જ્યારે

રાતના સાડાબાર થાય ત્યારે વિકટોરીઆ લાવી મધુકરને બેસાડી નાટકશાળા આગળ જઈ જ્યારે ઓડીઅન્સ ખેલ ખલાસ થતાં બહાર આવે ત્યારે મધુકરને ઉતારી ચાલ્યા આવવું એવો હુકમ કરી પોતે બંગલો બંધ કરાવી રસ્તો માપી ગયા !

નાટકની શરૂઆત થઇ; પણ ઉર્મીલાની ગેરહાજરી હોવાથી નવીન પાર્ટ કરનાર એકટરની કેરેકટરથી ઓડીઅન્સ પ્રસન્ન થયું નહિ ! ઉર્મીલાનો કંઠ, તેની એકટીંગ અને તેના અદાભાવ વગર આખો ખેલ ઉડી ગયો ! અંક પડતાં પડતાં તો જબરો ઘોંઘાટ મચી રહ્યો અને આખા ઓડીઅન્સમાં હાહાકાર થઈ ગયો ! માનપત્ર અને મેડલ આપનારા મધુકરના મિત્રો પણ મધુકરની ગેરહાજરી જોઈ ભારે અજાયબીમાં પડી ગયા; અને જેમ બને તેમ ચોગરદમ શોધ ચલાવવા માંડી પણ મધુકરનો કેમે કરી પત્તો ખાધો નહિ; બીજો અંક ખલાસ થતામાં તો ઓડીઅન્સ શેઈમ શેઈમનો પોકાર કરતું નાટકશાળા છોડી ચાલી જવા લાગ્યું; આમ મધુકરના મિત્રો જે ભાષણ કરવાની ઉમેદ રાખતા હતા; તે ઉમેદ પણ મધુકરની ગેરહાજરીમાં બર ન આવી, અને લોકોના જબરા ધીટકાર અને ધિક્કાર સાંભળતાં મુંગા મુંગા નાટકશાળામાં બેસી રહ્યા ! પૈસા છુટી પડયા, પૈસા પાણી થયા એવો કોલાહલ મચાવતા તમાશગીરો નાટકશાળામાંથી બહાર નીકળી ઘર ભણી જવા લાગ્યા; અને બીજો અંક પડતાં તો નાટકશાળા તદ્દન પ્રેક્ષક વગરની ખાલીખમ થઇ ગઇ; ફક્ત પ્રેક્ષકમાં ખેલના કારભારીઓ, ડારેકટરો, મધુકરના મિત્રો અને કંપનીના કામદાર વર્ગના માણસોજ હાજરીમાં રહ્યા. આવેલ

જબરો ઘોટાળો થવાથી તરતજ તાલીમમાસ્તરે મી. ચીંથરી-આને એક અરજન્ટ તાર રાતોરાત મુંબાઇ ચાલી આવવા સારૂ મુકાવ્યો, અને કેટલાક મિત્રોએ ઉર્મીલાને કોક ઉપાડી ગયું એમ માની પોલીસને પણ સ્ત્રીઅપહરણની ફરીયાદ નોંધાવી તપાસ કરવા તજવીજ કરાવરાવી, આમ જબરો ગભરાટ નાટક-શાળામાં થઈ રહ્યો! ચીંથરીઆના મિત્રો પણ આવો અજબ અને કારમો કંપનીનો મામલો જોઈ દીગમૂઢ થઈ ગયા! તેમાંના કેટલા જણાએ પોતપોતાના પદરના પૈસાથી મી. ચીંથરીઆને વ્હાલા થવા સારૂ અરજન્ટ તાર ઉપર તાર છોડી દીધા! એકટર-વર્ગ પણ ગભરાઇ ગયો! હવે શું થશે તથા શેઠ આવશે ત્યારે શો ઠપકો દેશે એમ ધારી ભારે ચિંતામાં ચિન્તાતુર થઈ ગયા; ખેલ જાણી જોઇને તાલીમમાસ્તરે બંધ રખાવ્યો; અને જેમ બને તેમ ચાંપતી અને બારીક તપાસ આખા મુંબાઈ શહેરમાં કરાવવી શરૂ કરી દીધી! સમય બરાબર જ્યાં સાડાબારનો થયો કે તરતજ ગોઠવણ મુજબ વિકટોરીઆ આવી ખડી થઈ; અને એક કોરે લાગ જોઈ મધુકરને ઉતારી બેસારી તરતજ મારતે ઘોડે વિદાય થઇ ગઈ! આમ મધુકરને ધીમે ધીમે ભાન આવવા લાગ્યું; ત્યાં તો તેનો એક મિત્ર નાટકશાળાની પાછળ આંટો મારતો મારતો ત્યાં આવી પહોંચ્યો અને મધુકરને એક ઓટલા ઉપર બેભાન અવસ્થામાં અઢેલીને બેસારેલો જોઈ બહુ વિચારમાં પડી ગયો અને એકદમ તરતજ નાટકશાળામાં જઈ માણસોને ખબર કરી એકદમ બહાર આવ્યો, અને બધા મધુ-કરને માંડ માંડ ઉઠાડી તુરત તેને નાટકશાળામાં લઇ ગયા! મધુ-

કરની આવી સ્થિતિ જોઇને બધા વિચારમાં ગરકાવ થઈ ગયા, અને જરૂર ઉર્મીલા દગો કરી મધુકરને બેભાન બનાવી રઝળતો મુકી અગીઆરા ગણી ગઈ એમ માની જબરો તિરસ્કાર અને ફીટકાર બતાવવા લાગ્યા! કેટલાક મધુકરની સારવાર કરવા લાગ્યા, અને તેના મિત્રોમાંના એકાદ બે જણા જઈ એક હુશિયાર ડાકટરને બોલાવી લાવ્યા; ડાકટરે મધુકરની નાડ તપાસી તેની ચાંપતી કાળજી ભરી ટ્રીટમેન્ટ કરી તેને હુશિઆર બનાવી દીધો; અને યોગ્ય દવા આપી ફી લઈ વિદાય થઇ ગયો! કેટલાક તેના દોસ્તદારો મધુકરને ધીમે ધીમે તેની તબીયતના સમાચાર પૂછવા લાગ્યા; કેટલાક મધુકર હવે શું બોલે છે તે કાન માંડી સાંભળવા લાગ્યા; અને કેટલાક હવે શું થાય છે તે જોવા લાગ્યા!"

"મધુકરભાઈ! તમને એકાએક આ શું થઈ ગયું?"

"મને કાંઇ ખબર નથી કે મને શું થયું! અરે પણ ઉર્મીલા ક્યાં?"

"અરે તેનો તો પત્તોજ નથી! અમે બધા એનેજ શોધીએ છીએ!"

"ઓહો ત્યારે હું અહીં ક્યાંથી?"

"ત્યારે તમે ક્યાં હતા?"

"અરે હું તો નવાબ સાહેબ પાસે હતો!"

"અરે વળી નવાબ સાહેબ કીયા?"

"તેમનું નામ તો મને ખબર નથી, પણ મને તથા ઉર્મીલાને ચોપાટીપરથી સાંજના મોટરમાં બેસારી તેમના બંગલે લઇ ગયા હતા, અને અમારો સારો આદર સત્કાર કરી ચાહ પાણી

જાતા હતા! બસ આટલી હકીકત મને યાદ છે, ત્યાર બાદ શું થયું તેની કાંઈ મને ખબર નથી!"

"અરે જરૂર કોઈ મુંબાઈગરો સોનેરી ટોળીનો મેમ્બર ઉર્મીલાને નવાબના રૂપમાં બણી ઠણી મધુકરને થાપ આપી ઉઠાવી ગયો! અરે તમે આવા નાટકીઆ ખેલાડી થઇ તેના પંજામાં શી રીતે ફસાઇ ગયા?"

"અરે યાર તેણે તો અમને હજાર હજાર રૂપીયાનાં ઇનામ આપ્યાં, અમારાં તથા કંપનીનાં ખુબ વખાણ કર્યાં અને મારો બેટો અમને લાલચમાં નાંખી તાળવે ગોળ ચોટાડી અમને અદ્ધર લટકાવી આ દશા કરી બેહાલ બનાવી ચાલતો થયો!"

"જોઉં તમારાં ઇનામ ક્યાં છે?"

"અરે આ રહ્યું તેનું સોનાનું ઘડીઆળ ઇનામમાં જુઓ!"

"લાવો ક્યાં છે?"

"ઓ તારીની આ તો મારો બેટો મારૂં પણ ઘડીઆળ જોડે ઉઠાવતો ગયો!"

"અરે સાહેબ તમે મુંબાઈમાં આવી લૂંટાઇ ગયા, ફસાઇ ગયા; વારૂ ઉર્મીલા ક્યાં?"

"મને જો તેની ખબર હોય તો હું એકલો અહીં ક્યાંથી આવું?"

"ત્યારે તે ક્યાં ગઈ?"

"ભગવાન જાણે ક્યાં ગઈ?"

"એણે તમને થાપ આપી કે નવાબે તમને થાપ આપી?"

"એનીજ મને કાંઇ ખબર પડતી નથી! હું ધારૂં છું કે

જવાબ તેના ઉપર આઘાત પહોંચેલો હાવો જોઇએ, અને કોઈ તો જરૂર તેને ઉઠાવી ગયો એમ માનવું જોઇએ!"

"પછી એ બંને તો સમજી નથી ગયાં?"

"તે હું શી રીતે કહી શકું!"

"અરે મહેરબાન નારી કોઇની થઇ નથી તે તમારી ક્યાંથી થાય? જરૂર ઉર્મીલા તમને અને કંપનીને શાપ આપી નવાબ જોડે નીકળી ગઇ!"

"અરે પણ નવાબનો પત્તો નામ ઠામ મને મળે તો પછી હું બધાના માથાનો છું; પણ તેનો પત્તોજ મળવો મુશ્કેલ છે; આ જે કાંઇ થયું તે આઠ વાગતાના અમલમાં થયું છે એટલે મને કાંઈ તેનું બરાબર ભાન રહ્યું નથી!"

"ચાલો હવે સવાર થતાં બધું બરાબર થઇ રહેશે! કહો તમારી તબીયત તો હવે સારી છે ને!"

"હા અત્યારે તો ઠીક જણાય છે, પણ ઘડી પછી શું થશે તેની કાંઇ ખબર નથી! કંપનીપર આ એક મોટું જબરૂં વાદળ ચઢી આવ્યું! અધુરામાં પુરૂં શેઠ મી. ચીંથરીઆ પણ બહારગામ છે એટલે મહા પંચાત થઇ પડશે! નાટકનો જબરો ઘોટાળો થશે!"

"અરે એ તો બધું ઠીક થઇ પડશે! મહેરબાન તમે જીવતા ઘેર આવ્યા એ તમારાં ધન્ય ભાગ્ય માનો નહીં તો મુંબાઇમાં કેટલાક પુરા થઇ ગયા તેનો પત્તોજ નથી!"

"મહેરબાન હું સાહેબને રોજ ના પાડતો હતો કે તમે બાઇને લઇ રોજ ચોપાટીપર ફરવા ન જાઓ! શેઠ આ મુંબાઇ છે

કાંઈ નવાજુની થઈ જશે! કમાણી એક બાજુ રહેશે અને કંપની મહા આપદામાં આવી જશે!"

"અરે મને કાંઈ આવા ઘોટાળાની માલમ હતી? મારા મનમાં તો એમજ હતું કે ઉર્મીલાને પબ્લીકમાં લઇને ફરવાથી કંપનીની નામના થશે અને કમાણીમાં વધારો થશે એમ ધારી નાટકની એક જાહેર ખબર દાખલ હું તેને ફરવા લઈ જતો હતો! રસ્તામાં આવા ફંદ થશે એવી મને ખબર નહોતી! લાચાર! હવ શું કરૂં! એ તો શેઠનાં જેવાં ભાગ્ય! અને કંપનીનુ જેવું મુંબાઈ પ્રત્યે લ્હેણું!"

"સાહેબ પણ અત્યારે આપણી મહેનતપર તો પાણી ફરી ગયું, રાત દીવસ શ્રમ વેઠી નાટકની તૈયારીઓ કરી તેમાં ધુળ મળી ગઈ! ખરી કમાણીની વખતે જોગમાયા અદૃશ્ય થઈ ગયાં. મને તો શેઠની જબરી બીક લાગે છે, કોણ જાણે એ આવશે ત્યારે શુંએ ગજબ કરી મુકશે!"

"હશે હવે પંચાત મુકો! જે થવાનું હશે તે થશે, તેની તપાસ કરીશું, કરાવીશું; દેશ પરદેશ તાર મુકાવી શોધ કરાવીશું જો જડશે તો ઠીક નહીં તો કંપનીના માથેથી પનોતી ઉતરી સમજજો!"

"હશે સાહેબ તમે હેમ ખેમ પાછા આવ્યા, એટલે બધા જખ મારે છે! ઉર્મીલા જેવી નવસે નવાણું લાવીશું! એની કીંમત તમારા આવ્યા પછી થઈ, તેને કેળવનાર અને મેળવનાર પણ તમે હતા, બાકી રાંડ કંપનીમાં ભુંડણી જેવી હતી, નહોતું ગાવાનું ઠેકાણું કે નહોતું નાચવાનું ઠેકાણું, એને લાઇટમાંજ તમે

આવ્યા છે, માટે સાહેબ તમે ચિન્તા ન કરશો! માળો કમાઉ દીકરો હોય છે અને મરી જાય છે ત્યારે લોકો શું કરે છે; જખ મારીને બેસી રહે છે ને. ત્યારે હવે આપણે એમ સમજીશું કે રાંડ મુંબાઈના પ્લેગમાં મરી ગઈ!"

"ચાલો હવે સૌ વલોપાત મુકી સૌ સૌનું સંભાળી લ્યો, સવાંર થતાં બધું જોઇ લેવાશે!"

આં પ્રમાણે દીલાસો આપી વાતચીત કરી તથા ગોઠવણુ કરી મિત્રવર્ગ સૌ સૌને ઘેર ગયો, કંપનીનો કામદાર વર્ગ સૌ સૌનું કામ સંભાળી સૂવા લાગ્યો; અને મધુકર પણ વિચાર કરતો કરતો નાટકનું તમામ કામ તપાસી સંભાળી બિછાનામાં પડી તરંગોમાં ઘુમવા લાગ્યો! વિચારમાં ને વિચારમાં સવાર થઈ ગયું; પાછો મધુકર વહેલો ઉઠયો, કપડાં લત્તાં પહેરી ગાડી જોડાવી પોલીસ સ્ટેશને ગયો, અને ઉર્મીલા સંબંધી જે કાંઈ બન્યું તે તમામ હકીકત કહી ફરીયાદ નોંધાવી; ઉર્મીલાની તમામ નિશાની ઠામ ઠેકાણું અને ઓળખાણુ આપી; ત્યાર બાદ તેના કેટલાક મિત્રોને મળ્યો, જાણીતા જેન્ટલમેન ગેંગના અને ગોલ્ડન ગેંગના મેમ્બરને પણ મળ્યો અને ઉર્મીલાની ચોગરદમ તપાસ ચલાવરાવી પણ તેનો કાંઈ પત્તો મળ્યો નહીં. છેવટે થાકી કંટાળી બપોરના બે વાગે કંપનીમાં આવ્યો અને ખાધુ ન ખાધુ કરી પાછો બહાર તપાસ કરવા નીકળી પડયો; શહેરમાં ખુબ તપાસ ચલાવરાવી પણ કયાંઈ ઉર્મીલાની શોધ મળી નહીં, છેવટે ગુજરાત કાઠીયાવાડના ફાસ્ટના આવવાને વખતે શેઠને લેવા સામો સ્ટેશને ગયો; શેઠ ફાસ્ટમાં મુંબાઈ ઉતર્યા, અને મધુકરથી

બનેલી તમામ હકીકતથી વાકેફ થયા. અને જ્યારે નાટકશાળામાં આવ્યા, તમામ કામદાર વર્ગ શેઠની આસપાસ વીંટળાઈ વળ્યો. શેઠ શું કહે છે તે સૌ કાન માંડી સાંભળવા ઉત્સુક થઇ રહ્યા; શેઠ જમાનાના ખાધેલા હતા, એટલે એકદમ નાહીંમત થઈ જાય તેવા નહોતા તેથી ઉપર ઉપરથી દમ બતાવી દમામમાં અને રૂવાબમાં બધાને હીંમત આપવા સાથે ખંખેરવા લાગ્યા!

“ચાલો મધુકરભાઈ એક કંપનીના માથેથી પનોતી ઉતરી! બનવાકાળ બની ગઇ; હવે એવું ના બને તેની ખાસ તજવીજ રાખજો! ઘરડા એટલે બેવકુફ એવો સિદ્ધાંત તે જુવાનીઆના મગજમાં ઠસી જાય છે તે કાઢી નાંખજો! આપણે સાહસ કરી જાનનું જોખમ ખેડી મુંબાઈ આવીએ છીએ તે ફક્ત નામ અને દામને વાસ્તેજ આવીએ છીએ; ટુંકામાં કમાવા અને ખાવા સારૂ આવીએ છીએ; આપણે અહીં દરિયાની હવા ખાવા આવતા નથી; તથા મુંબાઈની મોજમજાહ માણવા આવતા નથી; પણ ફક્ત પૈસો કમાવા સારૂ આવીએ છીએ! આ જમાનામાં પૈસો હાથમાં હશે તો ઘેર બેઠા આપણે મુંબાઈ જોઇશું! હવેથી આવી ભૂલ ન કરશો. હોય સ્ત્રી જાત છે, ચંચળ છે, વળી સાહસથી ભરેલી છે, એટલે સાહસ કરી ચાલતી થઈ! શું કરીએ! સારો એકટર હોય ને મરી જાય તેમાં માલીક શું કરે? એ તો જેવાં કંપની અને નોકરનાં નસીબ! ચાલો હવે ચિંતા તજી દો! ઉર્મીલા ગઇ તો આપણે બીજી ઉર્મીલા લાવીશું; પણ તમારી લાગણી જેવી કંપની પ્રત્યે છે તે તો તેવી સાચી રાખજો! પરમાત્મા સૌનું ભલુ કરશે! ભગવાન કોઈનું

અધવચ ગાડું અચકાવી નહિ રાખે, માટે જાઓ સૌ કામે ચઢી કામ કરો!"

આ પ્રમાણે મી. ચીંથરીઆ સૌને હીંમત આપી ભોજનશાળામાં ગયા, અને મધુકરને સાથે બેસારી સારી રીતે જમાડી તૃપ્ત કરી તેને નાહિંમત નહિ કરતાં વધારે ઉમંગી અને આતુર બનાવ્યો! જેમ જેમ દીવસ ઉપર દીવસ જતા ગયા તેમ તેમ શેઠ જાતે ખુબ બારીકાઈથી તપાસ ચલાવવા લાગ્યા, પણ કયાંઇ ઉર્મીલાનો પત્તો મળ્યો નહિ છેવટે નિરાશ થઈ બીજી સ્ત્રી એકટ્રેસ રાખવાનો વિચાર કરી એકટ્રેસ સારૂ તજવીજ કરવા લાગ્યા! આમ ઉર્મીલાના જવાથી કંપનીમાં ભારે ખોટ પડી રહી! કંપનીની આવક દીનપરદીન ઓછી થઇ ગઇ; તેનો નવો નાંખવાનો ખેલ પણ અચકી ગયો, અને દીવસે દીવસે મધુકરની પણ બીમારી વધતી ગઇ. મધુકરને ઉર્મીલાના જવાથી મનમાં જબરો ધક્કો લાગ્યો, અને તેની ક્રેડીટ પણ દીવસે દીવસે ઓછી થવા લાગી! શેઠના મનમાં પણ મધુકરને વાસ્તે માઠું લાગ્યું! મધુકર ગમે તેટલો હોંશિયાર પણ જુવાનીઓ એટલે ઘરડા વગર ગાડુ ચીલે ચઢાવી શકયો નહિ; અર્થાત્ શેઠની ભૂલ શેઠને નજર તળે તરવા લાગી! કંપની દીવસે દીવસે ઘણીજ ખોટમાં ઉતરતી ગઈ; અને આવક સમુળગી બંધ થઈ જવા આવી. જેટલી કંપનીની પ્રેસ્ટીજ મુંબાઇગરામાં સારી બંધાઇ હતી તેટલીજ ખરાબ પ્રેસ્ટીજ મુંબાઈગરામાં કંપની સારૂ થઈ ગઈ! આમ કંપની મુંબાઈમાં લથડી ગઈ, બે ત્રણ મહીના જોત જોતામાં કોરાકટ નીકળી ગયા, સ્ટેજનું ભાડુ ચઢી ગયું, એકટરનો પગાર ચઢી ગયો, અને ભોજન ખર્ચ અને સીનેરીનું ખર્ચ પણ

જમી ગયું; અર્થાત્ કંપનીને માથે અંઢાર હજારનું દેવું થઈ ગયું. કંપની મુંબાઈમાંથી બ્હાર ગામ લઈ જવાને સારૂ હાથપર પચીસેં રૂપીઆ જોઇએ તેની પણ ચીંથરીયાને જબરી ખોટ જણાવા લાગી! આમ કંપની ઉપર ચોગરદમથી પૈસા સારૂ તડાકો થયો; જેટલા નંખાયા તેટલા શેઠે નાંખ્યા, છેવટે હારી નિરૂપાય થયા એટલે શેઠ હાથ ખંખેરી લાચાર થઈ ગયા. કંપની જોતજોતામાં બંધ થઈ ગઇ, એકટર વર્ગ નાસી ગયો; કેટલાકે શેઠ ઉપર ફરીઆદો નોંધાવી અને કેટલાક હરીફ કંપનીઓમાં જોડાઈ ગયા. નાટકશાળાના માલેકે કંપનીના સરસામાનનો કબજો લઇ નાટકશાળામાં તાળુ લગાડી સીલ માર્યું, શેઠ થાકી કંટાળી કોની બાઇડી કોનાં છોકરાં અને કોનાં ઘરબાર તથા કોનાં સગાંવ્હાલાં એમ સંસારપર કારમો વૈરાગ્ય લાવી કંપની નાટકશાળામાં ગીરો મુકી છાનામાના બહારગામ રસ્તો માપી ગયા. આમ મધુકરની તબીયત એકદમ કારમી ભયંકર રીતે લથડી પડી અને તેને હદબહાર દારૂ પીવાથી સખત પ્રકારનું જલંદર થઇ આવ્યું; તેનામાં ચાલવા હાલવાની પણ જરા શક્તિ રહી નહીં, છેવટે તેના સુધારક મિત્રને ત્યાંથી ટીકીટ જેટલા પૈસા લઇ કુસુમપર તાર કરી અમદાવાદની ટીકીટ લઇ મેલમાં ચઢી બેઠો! કુસુમ સવારના સ્ટેશનપર આવી અને મધુકરને લઇ ગાડીમાં બેસાડી ઘેર આવી! મધુકરની સ્થિતી જોઈ તેના હોશકોશ ઉડી ગયા, પ્રેમાળ દંપતિ થોડીક વાર એક બીજાના સામું જોઇ રહ્યા; એક બીજાની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં! મધુકર છેવટે બે હાથ જોડી કુસુમને પગે લાગી પરાણે પરાણે પોતાના પાપનો પસ્તાવો કરવા લાગ્યો!

"દેવી મને માફ કર, મારી ભુલ થઈ! તારા જેવી સલુણી સાધવીની મારા જેવા પાપીથી કીંમત ન થઇ! તારો અમુલ્ય ઉપદેશ મેં ન માન્યો! વ્હાલી તારી શીખામણની અવગણના કરવાથી હું આ સ્થિતીને પાંમ્યો છું! સતી તને દુભવવાથી હું બહુ દુઃખી થયો છું! જગતમાં તું એક સાચી સાધવી છે, સન્નારી છે, સતી છે, દેવી છે, દુનિયામાં કામ કરી દેખાડનારી ગુણીઅલ ગોરી છે! કુસુમ તું એક કુસુમજ છે! સુધારાને વાયરે ચઢી હું પસ્તાયો છું! પરનારીની યારી કરી મેં મારી જીંદગી ધુળધાણી કરી છે! દુર્વ્યસનને તાબે થઈ મારા સંસારની મેં હાથે કરી પાયમાલી કરી છે; દેવી નાટકના ચેટકમાં ફસાતાં હું પોતેજ ફસાઈ ગયો છું! મારા દુઃખનો હવે પાર નથી, મારાં પાપ અને મારાં કુકર્મો પારાવાર છે; છતાં પણ સતી મને ક્ષમા કર! સત્યતાથી અને સતિત્વથી સોહાતો તારો પુનિત કર મારા શરીર પર ફેરવી મારા દુઃખનો નાશ કર! સલુણી હું તને શું કહું તે મને સૂઝતું નથી! ભાઇઓ સુધારો, ફૅશન, એટીકેટ, પોઝીશન, વ્યભિચાર, દુર્વ્યસન અને નાટકનો ચડસ મનુષ્યની કેવી પાયમાલી કરે છે તે મારા દૃષ્ટાંતથી જોઈ લેજો! જો મારૂં માનો તો હું બે હાથ જોડી પોકારી તમને કહું છું કે જગતમાં જે કાંઇ તમારા ઘરમાં જુનું છે તે સોનું છે! તમારાં ઘરડાં માબાપ અને વડીલોનું કહ્યું માનવામાંજ સાચો સંસારનો સાર છે, અરે એજ જગતમાં જીવનનો લ્હાવ છે! સંસાર સુખનું સત્યાનાશ આણતાં સુધારાને વાયરે કોઇ ચઢશો નહીં! ફૅશનને વેગળેથીજ નમસ્કાર કરજો! એટીકેટ અને પોઝીશનને નામે તમારી જીંદગી ખરચાઉ

બની બેહાલ બનાવશો નહીં ! નાટક, મધુપાન અને જારી એ ત્રણ મનુષ્ય જીવનની પાંયમાલી કરનારાં મનુષ્યનાં શત્રુ છે તે તમે મારા દૃષ્ટાંતથી જાણી લેજો ! વ્હાલી કુસુમ હું તને બે હાથ જોડી વંદન કરી તારી ક્ષમા માગી તારા ગુણનું ગાન કરૂં છું ! પ્રભુ જો મને સ્રી આપો તો કુસુમ જેવી સાધવી સ્રી ભવોભવ આપજો ! વ્હાલી હવે વધુ બોલવાની મારામાં શક્તિ રહી નથી; છતાં પણ કહું છું કે દુનિયામાં એક નારી તરીકે તેં ઉત્તમ ફરજ બજાવી છે; વ્હાલી તું એક દેવી તરીકે મારી દૃષ્ટીમાં અત્યારે રાજે છે ! ખરેખર સાધવી અને સલુણી સુંદરી એ એક સ્વામીને સંસારમાં ઠરવાનું ઠામ છે; અને સંસાર સાગર તરવાનું એક નાવ છે ! વ્હાલી મને માફ કર ! દેવી મારા ઉપર દયા કર !"

* * * *

" દુનિયાં બધી ડહોળી હવે ના ડહોળવું બાકી કંઈ !
ખાધું પીધું ને ભોગવ્યું ના ભોગ છે બાકી કંઈ !
દુનિયાં મહીં ખાવા પીવાનો સ્વાદ લઈ લીધો બધો..
એ સ્વાદની ખુશબો મીઠી પણ સ્વાદમાં કાંઈ નહીં !
જે બાદશાહી મહેલને બાંધેલ રંકે ઝુંપડી,
આનંદ ત્યાં સરખા મળે ને ભેદ છે કાંઈ નહીં !
રંકે કરેલી રાબડી ને બાદશાહી ભોજનો,
સાનંદ લીધા સ્વાદથી એ સ્વાદમાં કાંઈ નહીં !
ઘાયલ થયો હું ત્યાં અને વાગ્યા જિગરમાં ઘા ઘણા,
કારી પડેલ તે ઘા મહીંથી લોહીની નદીઓ વહી;
એ લોહીની નદીઓ મહીં ન્હાવું અને છે કૂદવું.
ન્હાવા અને કૂદવા વિના બીજું નથી બાકી કંઈ ! "

"વ્હાલા આખરે તમે સમજ્યા એ મારાં ધન્ય ભાગ્ય છે, જીવનમણી હવે ચિન્તા તજી દ્યો ! પરમાત્મા સૌ સારૂંજ કરશે; આટલું વેઠતાં છતાં પણ તમને સારા નરસાની, સાચા જુઠાની અને ખરા ખોટાની કીંમત થઈ એજ હું મારો ઉદય માનું છું !"

"દેવી તારા પુન્ય પ્રભાવે કરી હું દુ:ખમાંથી બચી જીવતો ઘેર આવ્યો છું ! સલુણી છેવટમાં તારા મુખનું દર્શન હું માગતો હતો; તે મને આજે થયું છે ! પ્રભુ તારો હું ઉપકાર માનું છું ! જેને ઘેર સતી છે તેને ઘેર મુક્તિ છે ! દેવી દેવી મને ક્ષમા કર, મારાપર દયા કર; ભગવતી હવે હું તારેજ શરણે છું !" આહા–

"કહ્યાગરો છે દીકરો, ગુણવંતી છે નાર;
જેના ઘરમાં તે વસે, ધન્ય તેનો અવતાર."

"હાં હાં નાથ અઘટતું બોલી મને પાપમાં નાંખો નહીં ! સ્ત્રી ગમે તેટલી ડાહી પણ તેનો ઉદ્ધાર સ્વામીથીજ છે ! દીકરો ગમે તેટલો કહ્યાગરો અને ડાહ્યો પણ તેની કીંમત માબાપની સેવા·ચાકરી અને છેવટની આંતરડીની આશીષથીજ છે. નાથ ભલા ભુંડા પણ તમેજ મારા પતિ છો ! મારા પ્રભુ છો ! મારા ત્રાતા છો; અને પરમાત્મા છો ! નાથ મારી મુક્તિ તમારા ચર્ણની સેવાથીજ છે ! સંસારમાં પત્નીનો પ્રભુ એક પતિજ છે !"

આ પ્રમાણે કહેતાંની સાથેજ કુસુમ મધુકરના ચરણમાં પડી અને મધુકર તેના ચરણમાં પડયો, બંને પ્રેમાળ દંપતિ એક સરખી સ્થિતીમાં આવી પ્રભુનું ગાન કરવા લાગ્યાં; અને પરમાત્માને પ્રણામ ઉપર પ્રણામ કરી પાપની ક્ષમા માગવા લાગ્યાં ! વાંચકો આ તે "મધુકરની મજા કે નાટકની સજા !"

પ્રકરણ ૩ જું.

જેવી કરણી તેવી ભરણી!

દોહરો.

દેહ તરૂ પ્રભુએ તને આપ્યું છે આ વાર,
સીંચી તે પર પુણ્યજળ શનૈઃ શનૈઃ સુધાર.

જે કુલમાં તપ, ઇન્દ્રીય સંયમ, વેદ, દાન, યજ્ઞ પવિત્ર વિવાહ, સદા અન્નાદી દાન આ સાત કામ થયે જાય છે એ કુલ ઉમદા કહેવાય છે. ગમે તો કોઇ કુલમાં ગાયો, કુટુંબ વર્ગ કે ધનનો સમુહ ઝાઝો ભલે ન હોય પણ જો તે સદાચરણી હોય તો બ્હોળા સમૂહવાળા ક્રુર કુલ કરતાં હજાર દરજ્જે ઉત્તંમ છે, બળવાન છે, યશસ્વી છે. આચાર વિચાર વગરનાં કુળ પ્રજાપતિને ત્યાં રહેતા ગોધાના કુળ કરતાં ચઢીઆતા નથી!

ધર્મ પોતાનો ન ચુકવો જાણો એહ જરૂર,
નીચસુ સ્નેહ કરવો નહીં મનમાં થવું મગરૂર;
પુરૂષાર્થ એમાંજ સમજવું કરેવી ધર્મ રક્ષાય,
વ્યર્થ જીવો જો સ્વધર્મનું ન સંરક્ષણ થાય.

જે કુલના માનવી પવિત્રાચરણ કરે છે, પ્રસન્નતાથીજ ધર્મ કર્મ કરે છે, કુલની કીર્ત્તિને સૂર્યપ્રભા પેઠે સર્વત્ર ફેલાવતા જેવાં કામો કરે છે એવા કુલવાનો ઉમદા કુલના કહેવાય છે; પણ તેથી ઉલટું એટલે યજ્ઞોના ત્યાગથી, બુરા વિવાહોથી વેદની જડ ઉખાડનારાં નાસ્તિક કર્મોથી અને સ્વધર્મની આજ્ઞાના ઉલ્લંઘનથી કુલ નષ્ટ થઇ જાય છે. દેવ ધનને બગાડનારા, બ્રાહ્મણ ધનને હરિ લેનારા તથા વિશ્વાસથી સોંપાએલી લક્ષ્મીને હોઇઆં કરી જનારા અધમ કુલમાં ઉછરેલા અંગારા કહેવાય છે. બેરાવાને આસન, આરામ વાસ્તે સ્વચ્છ ભુમી, પીવા વાસ્તે ગંગાજળ જેવું નિર્મળ પાણી તથા પ્રિય વચન આટલાં વાનાં કુલીન સજ્જનો પાસેથી અવશ્ય મળે છે.

* * * *

અચાનક આમ આ શાથી સૂકાણાં સ્નેહનાં ઝરણાં ?
પીનારા પ્રેમનાં વારિ તૃષિત આતુર એ હરણાં !
મૃદુને નીલ ચારામાં સુશોભિત આ કિનારામાં,
વસેલા એ બિચારાનાં સૂકાશે દર્શનાં તરણાં !
ગીરિપર ખીણ કે રણમાં વસેલા એ સદા વનમાં,
નથી સહવાસી એ જનનાં બિચારાં કયાં જશે હરણાં !
સરિતા નીર સૂકાણાં નહીં નિજ સ્થાન મૂકાણાં,
તૃષાથી કંઠ રૂંધાણા ફરે વ્યાકુલ રાંકલડા !
નિરન્તર નીર દેનારાં દુઃખી આ પ્રેમ પીનારાં,
સૂકાણાં કેમ હત્યારાં હૃદય પાષાણ રે ઝરણાં !

"ના ના પૂછો દીલની દશા જે હોય તે છાને રહી,
શું કામ ભાઈ જાણીને હું દુઃખી છું કે છું સુખી ?
સુખ દુઃખ મારા ભાગનાં પ્રારબ્ધના નિયમો રચે,
મિથ્યા ન તે થાયે કદી તો લાભ શો તમને કહ્યે ?
તોયે સુણી સુખ માહરૂં સુખ ભાઈ જો ત્હમને થતું,
તો તો કથા મુજ સુખની લ્યોને તમોને હું કહું;
પણ દુઃખ જે જે દોહ્યલાં મન્થન કરે આ હૃદયનું,
વૃતાન્ત તેનો તો કદી હું નહીં કહું ના નહીં કહું.
સાચુંજ કે 'દુઃખો કહ્યે હોલાય દિલ કૈં દાઝતું,'
સાચું ન શું 'દુઃખો સહ્યે જીવન તપસ્વી તો થતું?'
મુજ હૃદય તાપ શમાવવા દિલસોજ શું દિલ હૂં દહૂં ?
દાઝું ભલે દુઃખાનલે દિલ સ્નેહીનાં બાળું ન હૂં ! "

"રાયજી હવે હું રજા લઉ છું ! જુઓ બનવાકાળ બની ગઇ અને થવા કાળ થઇ ગઈ; હવે પશ્ચાતાપ કરી વલોપાત ન કરશો ! બ્હેન હમણાં ઠેકાણે નહીં આવે તો પાંચ દીવસ પછી પણ આવશે ! વ્હેલાં મોડાં પણ તે સમજશે ! હાલમાં તમે તેને છેડશો નહીં; છંછેડશો નહીં, અને જરા પણ દુભવશો નહીં, નહીં તો માઠું પરિણામ આવશે ! જ્યાં આમન્યાનો નાશ થયો, ભાવનાનો ત્યાગ થયો, અને નયન નયન લડી ઉઠયાં એટલે વિબુધે તરત સમજીને પોતાનો સિદ્ધાંત પાછો ખેંચી લેવો જોઇએ ! અતિશય કહેવામાં કાંઇ સાર નથી ! સામુ માણસ જેટલું સાંભળી શકે તેટલું કહેવામાંજ મઝા છે ! ઉછરતી વય અને જુવાની એ એક દીવાની અવસ્થા છે ! એ અવસ્થામાં

સંસ્કાર બળથી કંઇના આચાર વિચાર પલટાઈ જાય છે, માટે ગભરાઇ ન જતાં ધીમે ધીમે યુકિતથી કામ કાઢી લેવું જોઇએ! જેવો સમય આવે તે પ્રમાણે વાત છેડીને દાણો ચાંપી જોવો જોઇએ! એકદમ દિલ તપાસ્યા વિના બોલી બેસવાથી વિમાસણ થાય છે! હવે હું દેશમાં જાઉં છું. ત્યાં એક અઠવાડીઆમાં તમારા સારૂ રહેવા સુવાની સારી ગોઠવણ કરીશ અને ત્યાર બાદ તમને તાર કરી તેડાવી લઇશ! તે વખતે તમે જરૂર બહેનને લઇને આવજો! ત્યાં સૌ વાનાં સારાં થઈ પડશે, હમણાં કેસરનું જરા પણ નામ ન લેશો, જાણે તમે કાંઇ જાણુતા નથી; ને કાંઈ પણ વાત બની નથી, એમ રાખજો સમજ્યા મુરબ્બી?"

"મી. ભાજીપાલા હું તો બધુંએ સમજ્યો છું. હવે મારી અજ્ઞાનતાનાં પડળ ઉતરી ગયાં છે. હવે હું સારૂં નરસું સારી રીતે તપાસતાં શીખ્યો છું, મારી આસપાસ આવી રહેલું વાતાવરણ હવે હું સારી રીતે જોઈ શકુ છું! હવે બુંદની બગડી હોજથી સુધરવાની નથી; પણ જેટલી સુધરે તેટલી સુધારવી; અને બગડેલી બાજી પાછી હાથ પર ધરી તે સારી રીતે ખેલી ખેલાવી જીતવી એ મારો હેતુ રહ્યો છે! તમે સુખેથી સીધારો! મારા તરફની તલમાત્ર પણ ચિન્તા ન કરશો! તમારો જેવો તાર આવશે કે તરતજ હું ટ્રેનમાં ચઢી બેસી તમારા તરફ રવાના થઇશ એ નિશ્ચય સમજજો! હવે આ ભૂમી પરથી મારૂં મન ઉઠી ગયું છે!"

"ઠીક ત્યારે જાઉંછું મુરબ્બી પધારજો! બહેનને સાચવજો! તમારી તબીયત જાળવજો, અને હું તેડાવું કે તરતજ

ન્હેલા પધારજો!"

"હા પધારો, તમે મારા વાસ્તે હદ ઉપરાંત તસ્દી વેઠી છે! મારા વાસ્તે જેટલું થાય તેટલું કર્યું છે, અને મને જેમ ઓછા ખરચમાં ઉતારાય તેમ ઉતાર્યો છે, તમારો આભાર મારાથી જરા પણ ભૂલી શકાય તેમ નથી; હવે સુખેથી સીધાવો!'

" ગયો ગયો, મારા સુખ દુ:ખનો સાથી મિત્ર ભાજીપાલો ગયો! તેણે મારા વાસ્તે ઘણું કર્યું છે! મારી છેવટની લુંટાતી ઈજ્જત તેણે સારી રીતે જાળવી રાખી છે. જો નાદાન છોકરી કેસર તે વખતે સમજી ગઈ હોત તો અત્યારે સૌ સારાં વાનાં થઇ ગયાં હોત; પણ તે સમજી નહીં અને સુધરેલી બાજી હાથે કરી બગાડી! આરે આવેલું વ્હાણ જાણી જોઈને ડુબાડયું! હરી હરી હરી હવે હું શું કરૂં? આ સર્વ મારા કીસ્મતનો દોષ છે! મારાં કામ મને નડે છે! મારાં પાપ મારી વૃદ્ધાવસ્થા બગાડે છે. અરે મારાં કર્મો મારા ધોળામાં ધુળ નાંખે છે! એમાં કોઇને દોષ દેવાનો નથી, દોષ મારા કર્મનો છે! મેં હાથે કરીને મારી જીંદગાની ધુળધાણી કરી નાંખી છે! મારા કુટુંબને મેંજ હાથે કરી પાયમાલ કર્યું છે; મારી છોકરીઓને મેંજ હાથે કરીને બગાડી છે! સુધારાના ફંદમાં ફસાઈ ફૅશનને વાયરે ચઢી મારા સંસાર સુખનું મેં ખેદાન મેદાન કર્યું છે! કન્યાદાન દેવાને પ્રસંગે મેં કર્મચંડાળે કન્યાવિક્રય કરી મારા હાથ સદાને વાસ્તે કાળા કર્યા છે! ધનના લોભે કરી મેં ન્યાય અન્યાય તપાસ્યો નથી! જ્યાં ત્યાંથી કાળાં ધોળાં કરી પૈસો એકઠો કર્યો છે! અરેરે હવે મારૂં શું થશે! અન્યાય અને અનીતિ આચરી એકઠું

કરેલું ધન અંતે અનીતી અને અન્યાયમાંજ નાશ પામ્યું! ચાર દીવસની ચાંદની માફક મારી સાહ્યબી જોતજોતામાં પલટાઈ ગઈ! મારો વૈભવ ખાખાવીખી થઈ ગયો, અને છેવટને અંતે હું ધુળ ફાકતો ભીખ માગીને પેટ ભરવાની અવસ્થામાં રહ્યો! ઘડપણમાં હું કુટુંબ કબીલાથી વિખુટો પડયો; મારી ધર્મપત્ની પણ મારો ત્યાગ કરી ચાલતી થઇ! સાધવી કુસુમ અને પવિત્ર કુંદન પ્રણ મારા હાથે કરી વ્હોરેલા દુઃખમાં દુઃખી બની પાયમાલ થઈ ગયાં! કંઈક નિર્દોષ મનુષ્યો મારા કર્મનો ભોગ થઈ બેહાલ બની ગયા! અરે ભગવાન હવે મારૂં શું થશે! મારા દુઃખનો પાર કયારે આવશે! હું આ પાપમાંથી કેવી રીતે મુકત થઇશ! પ્રભુ મારી મરણાન્તે શી ગતી થશે! અરેરે મારો ઉદ્ધાર કેવી રીતે થશે! મારૂં મરણ કેવી રીતે સુધરશે? અત્યારે અવનીમાં કોઈ મારૂં નથી! મારો ભગવાન પણ નથી; અને મારો આત્મા પણ મારો નથી! મેં દરેકને દુભાવ્યા છે! હવે આં પાપમાંથી પાવન શી રીતે થવાશે! અરે મારો કોણ બેલી થશે? પ્રભુ પ્રભુ મારા ઉપર દયા કર! મને ક્ષમા કર! મારા અપરાધ સામું ન જો! હું મહા ચંડાળ છું, પાતકી છું, નીચ છું અરે અધમ છું! હે પ્રભુ તું એકજ અધમ ઉદ્ધારણ પતિત પાવન અને દીનજન તારણ છે! દીનબન્ધુ આ દીન પર દયા કર! દયાસિન્ધુ મારા પર દયા કર! જગદાધાર જગદીશ્વર મારી કરણી સામું ન જુઓ! ભગવાન મારા ઉપર કરૂણા કરો! દીનાનાથ હું બે હાથ જોડી મારા પાપની ક્ષમા માગુ છું. હે નાથ આ અનાથને તારો! હે હરી હવે મને આ ઉપાધીમાંથી મુકત

કરો! જગતપિતા મારા પર કૃપા વરસાવો! પ્રભુ આ રંકને તારો! હવે આ દુઃખી તારેજ શરણુ છે! પ્રભુ મને માફ કરો! ક્ષમા કરો! મારા પર દયા કરો!"

આ પ્રમાણે પારાવાર પશ્ચાતાપમાં રાયજી પોતાના દીવસ વ્યતીત કરવા લાગ્યા! ધીમે ધીમે હવે હરીકથા સાંભળવા જવા લાગ્યા. દેવમંદીરમાં જવા લાગ્યા; અને સંતસાધુ મહાત્માનાં દર્શન પણ કરવા જવા લાગ્યા! હવે તેમના મનમાં એમજ ઠસાઇ ગયું કે પોતે મહા પાપી અને નીચ છે. તેમના પાપનો બદલો કોણ જાણે તેમને કેવો મળશે એ કલ્પનામાં તેમને રાત દીવસ કલેશ થવા લાગ્યો; કેસરની દરેક હીલચાલ પર તે સારી રીતે બારીક દૃષ્ટિ નાંખવા લાગ્યા. તે શું કરે છે, કયાં જાય છે, અને કેવી રીતભાત ચલાવે છે તે પણ સીધી રીતે અને આડકતરી રીતે જોવા લાગ્યા; તેને વાતે વાતે અને પ્રસંગે પ્રસંગે શીખામણ આપવા લાગ્યા! જેમ જેમ વખત વ્યતીત થવા લાગ્યો તેમ તેમ તેમને તેમનાં કરેલાં કર્મો પણ વધારેને વધારે કાળાં અને ભયંકર ભાસવા લાગ્યાં! રાતના નિંદ્રા પણ તેમને પુરી આવવા ન લાગી! સુતાં સુતાં ઘણીવાર ઝબકવા લાગ્યા! આ પ્રમાણે જંપાપાત વલોપાત અને પરિતાપમાં તેમના દીવસ જવા લાગ્યા! તે ઘણીજ આતુરતાથી માજીપાલાના તારની વાટ જોવા લાગ્યા! પ્રસંગોપાત રાયજી જયંતીલાલની પણ મુલાકાત લેવા લાગ્યા અને તેમને મીઠી પ્રેમભરી દૃષ્ટીથી જોવા લાગ્યા! જો કે જયંતીલાલ રાયજી તરફ હવે અણુગમો ધરાવતો નહોતો; તો પણ તે રાયજીને જોઈને ઘણોજ

ખીજા અને ઉદાસીન રહેતો હતો! તેની પણ જીંદગી બગડી અને જોડે કેસરની પણ બગડી! આ બધા બગાડનું મૂળ તે રાયજીને માનતો હતો! રાયજીના અનાચારથીજ કુટુંબમાં સુધારાનો સડો પેઠેલો હતો; તે કયમે કરી નીકળવા ન પામ્યો તે નજ પામ્યો. જયંતીલાલ કેસરને પણ ઘણી વાર જોતો પણ કેસર તો સદાને વાસ્તે મોં મચકોડી અણુગમો બતાવી રસ્તે થઇને પંસાર થતી હતી! રાયજી કેટલીક વાર જયંતીલાલને જોઈને સ્નેહભરી દૃષ્ટીએ પળવાર ઉભા રહી નિહાળી રહેતા હતા, પણ જયંતીલાલ પાસે જઇને તેમની બોલવાની કે વાત-ચીત કરવાની હીંમત ચાલતી નહોતી! જયંતીલાલ મનમાં સારી પેઠે સમજતો હતો કે રાયજીને હવે તેમનાં કરેલાં પાપનો ઘણોજ પસ્તાવો થાય છે. તેમના મનોવિચાર વખત જતાં બદલાતા જાય છે, અને તે હવે સારી રીતે સારૂ નરસુ સમજતા જાય છે; આ પ્રમાણે રાયજી અને જયન્તીલાલ કંઈ કંઇ વાર અન્યોઅન્યના સ્નેહ રાગમાં તણાઈ જતા હતા. કેટલીક વાર એદલજી શેઠ પણ રાયજીને રસ્તામાં મળતા અને ઘણીજ માન-ભરી રીતે રાયજીને બોલાવતા; આ પ્રમાણે ફકત કેસર સિવાય તમામ જણા દૃષ્ટી રાગમાં રંગાઈ અન્યોઅન્ય સ્નેહમાં પલળી જતા હતા, પણ ખરી રીતે જે વસ્તુની ખોટ હતી તે વસ્તુ આઘીને આઘી જતી ,તેથી દરેક જણા નિરૂપાય બની વિમા-સણ કરી હાથ ઘસતા હતા! જો જરા કેસર સીધી ઉતરી હોત તો આ બધો મામલો કયારનોએ સુધરી ગયો હોત પણ તે વિરૂદ્ધ જવાથીજ બાજી બગડી બેઠી હતી. એકડા વગરનાં

તમામ મીંડાં સામસામે આવી ભચકાતાં હતાં, પણ એકડા વગર મીંડાંની ગણુતરી થતી નહોતી! રાયજી કેસરને પલાળવાને અથાગ શ્રમ ઉઠાવતા હતા પણ કેસર જયંતીલાલના નામથીજ ભડકીને પાછી પડતી હતી! ઘણીવાર દીકરી અને દાદા લડી મરતાં, આખી રાત કંકાસ કરી અજંપો કરતાં; કેટલીક વાર રાંધી રસોઇ અને પીરસ્યાં ભાણું પણ એમને એમ પડયાં રહેતાં હતાં; પણ બંને જણાં એકનાં બે થતાં નહીં; કેસર રાયજીની વાત ન માનતી તે નજ માનતી ને રાયજીને છચોક જણાવતી હતી કે તમારે જે કાંઈ કામ બતાવવું હોય તે મને સુખેથી બતાવો પણ જયન્તીલાલ સંબંધી એક શબ્દ પણ મારા આગળ ઉચ્ચારશો નહીં; અને જો તેની વાત કરશો તો મારે તમારે કોટી ઉપાયે નહીં બને તે નહીં બને! અમારા એક બીજાના પૂર્વના સંસ્કારજ એવા અવળા પડ્યા છે કે અમે આ જન્મારામાં કયમે કરીને એકઠાં નહીં થઈએ તે નહીંજ થઇએ. આથી રાયજી ત્રાસી કંટાળી વાત પડતી મુકતા અને રાત દીવસ વલોપાત કરી પારાવાર કલેશ કરતા! આ અરસામાં એકાએક અણુચિન્તવ્યો ભયંકર પ્લેગનો ઉપદ્રવ જાગ્યો! જોતજોતામાં શહેરમાં સર્વત્ર પ્લેગ સખત રીતે ફાટી નીકળ્યો. જેમ બને તેમ તાકીદથી શહેરના લોકો શહેર છોડી છોડી બહારગામ જવા લાગ્યા! જે લતામાં રાયજી રહેતા હતા તે લતો કારમો પ્લેગથી ઉજ્જડ થઈ ગયો! રાયજી કયાં જવું તેનો વિચાર કરવા લાગ્યા એટલામાં ભાજીપાલાનો તાર આવ્યો! આ તારથી રાયજી રાજી થઈ એકદમ

ઘર છોડવાની તૈયારી કરવા લાગ્યા, કેસરને પણ તૈયાર થવાની તાકીદ આપી! આમ કેસર પણ તૈયાર થઈ ગઈ અને રાયજી પણ સરસામાન જોઇતો જોઇતો બાંધી તૈયાર થઈ ગયા; ક્યારે સવાર પડે ને ક્યારે મુંબાઇનો મેલ આવે ને ક્યારે જલ્દીથી ઘર છોડી જતા રહીએ એની તાલમેલમાં તાલાવેલી કરવા લાગ્યા ઈશ્વરની ગતિ અકળ છે, મન ધારે છે કાંઈ ને થાય છે કાંઈ! એ ગતિ અનુસાર રાયજી અને કેસર રાતે સરસામાન સજ્જ કરી સૂઈ રહ્યાં! બંનેને રાતે નિદ્રા પણ ન આવી અને વિચાર કરતાં કરતાં છેક મધરાત વીતવા આવી ત્યારે બંને જણાં જંપી ગયાં! સવાર થતાંજ રાયજી એકદમ જાગૃત થયા અને કેસરને જાગૃત કરવા માંડી. કેસર કયમે કરી જાગૃત થઈ નહીં; રાયજીએ તેને ખુબ ઢંઢોળી ઢંઢોળીને જાગૃત કરી અને એકદમ તૈયાર થવા સારૂ કહ્યું, કેસર પરાણે પરાણે આંખો ચોળતી પથારીમાંથી ઉઠી. દીશાએ જઈ આવી દાતણ પાણી કરી કપડાં પહેરી તૈયાર થવા લાગી! કપડાં પહેરતાં પહેરતાં તેને એકદમ ટાઢ ચડી આવી, એટલે ચીસ પાડી એકદમ નીચે બેસી ગઈ અને પથારીમાં પડી ગોદડુ ઓઢી સૂઈ રહી! આમ રાયજી પણ એકાએક કેસરને શું થયું એમ ધારી ગભરાઈ કેસરની પાસે જઈ સારવાર કરવા લાગ્યા! કેસરને જોતજોતામાં ટાઢ ખુબ ચઢી અને એકદમ ત્રણ ચાર ડીગરી તાવ ચઢી આવ્યો; તાવની સાથે તેની જાંગમાં સખત દુખાવો થઈ ગાંઠ તરી આવી. રાયજીને કેસરે કહ્યું કે દાદા મને પ્લેગ થયો, હવે હુ નહીં જીવું; મરી જઈશ, મારૂં શું થશે આ પ્રમાણે વલોપાત કરતી રૂદન કરવા લાગી! રાયજી

પણ કેસરને રોતી જોઈ અકળાઇ ગયા અને એકદમ દાકતરને તેડવા કેસરને પથારીમાં સૂતી મૂકી ગયા! આમ કેસરને તાવ સખત ચઢયો, ગાંઠની પણ કારી બળતરા થવા લાગી; બુમેબુમ પાડવા લાગી! ઉઠી ઉઠીને નાસવા લાગી. આડોશીપાડોશી જે કોઈ પાસે રહેતાં હતાં તે કેસરનું બુમરાણ સાંભળીને જોવા આવ્યાં; પણ તેને પ્લેગ થયો સાંભળી સૌ મુઠીયો વાળી જીવ લઈ નાઠાં! કોઈની પણ પાસે બેસવાની હીંમત ચાલી નહીં! આમ રાયજી પારસી દાકતરને લઈ એકદમ આવ્યા! દાકતરે ઘરમાં આવી કેસરને તપાસી અને રાયજીને કહ્યું કે તેને પ્લેગ થયો છે. તાવ સખત છે માટે માથાપર બરફ રાખો અને ગાંઠપર બજારમાંથી લાવી મલમ લગાવો, અને દવાખાને આવી દવા લઈ જાઓ. આ સ્થિતીમાં તેને બહારગામ લઇ જશો તો જાનનું જોખમ થશે; માટે હીંમત રાખી તેની સારવાર કરો. તમે પ્લેગની રસી ન મુકાવી હોય તો જાઓ એકદમ જઈને મુકાવો, નહીં તો તમને પણ પ્લેગ લાગુ થશે. રાયજી દાકતરની હકીકત સાંભળી ગભરાઇ ગયા, બીચારા ચમકી ગયા; હવે શું થશે તેની ધાસ્તીમાં તે અધમુઆ જેવા થઈ ગયા. દાકતરને ત્યાંથી દવા લાવી કેસરને પાવા માંડી, બજારમાંથી બરફ લાવી કેસરના માથા પર ઘસવા માંડયો! કેસરની સારવારમાં ફક્ત રાયજીજ રહેવા લાગ્યા! તેમના સગાવ્હાલાને ત્યાં રાયજીએ ખબર કહેવરાવી પણ કોઇ સગુંવ્હાલુ કેસરને જોવા સરખું પણ આવ્યું નહીં; દરેક જણા જીવ લઇને નાઠા! ઘડપણમાં રાયજીને ઘણીજ જીવ તોડ માથાફોડ કરવાની આવી! રસોઈ કરતાં પૂરી આવડે નહીં,

ઘરનું કામ બરાબર થઇ શકે નહીં, આમ કેસરની સંભાળ બરાબર લઈ શકાય નહીં અને બજારમાંથી જે કાંઇ જોઇએ તે લાવી શકાય નહીં, આવી અણુચિન્તવી ગભરામણમાં રાયજી પડી અકળાઇ ગયા. શું કરવું તથા ક્યાં જવું તેની કાંઇ સૂજ પડી નહીં! આમ કેસરની સ્થિતી વખત જતાં વધારેને વધારે બગડવા લાગી! તેને બંને જાંગોમાં ગાંઠો નીકળી, તાવ સખત રીતે વધી ગયો અને એકદમ મુઝારા જેવી ભયંકર સ્થિતીમાં કેસર આવી પડી! લવરી પણ બેસુમાર કરવા લાગી! ઝાડો પેશાબ અને ઉલટી પણ પથારીમાં ને પથારીમાં કરવા લાગી! રાયજી આવી રીતના કેસરના મંદવાડથી અકળાઇ ગયા; અને બંને હાથે કપાળ કુટી ઘરખુણે બેસી રોવા લાગ્યા! અત્યારે તેમનું કોઈ બેલી થયું નહીં, પાસે જે કાંઇ થોડા ઘણા રૂપીઆ હતા તે તમામ કેસરના મંદવાડમાં પૂરા થઈ ગયા. હવે પાસે રાતી પાઇ સરખી પણ ન રહી એટલે છેવટે કંટાળી દવા પણ છોડી દીધી. કેસરનો ઝાડો પેશાબ અને ઉલટી પોતાના હાથે સાફ કરવા લાગ્યા! કેસર પણ પારાવાર રૂદન કરવા લાગી! જ્યારે ભાનમાં આવતી ત્યારે બુમ બરાડા પાડી રોઈ રોઇને ઘર ગજવી મુકતી હતી, અને જ્યારે બેભાન અશક્ત બનીને પથારીમાં પડી રહેતી ત્યારે ઝાડો પેશાબ પથારીમાં કર્યે જતી હતી! આમ રાયજી કંટાળી ગયા, અને કેસરને ચાહ દુધ વગેરે ખોરાક જે જોઇએ તે પૂરો પાડી ન શક્યા. આમ મંદવાડ વધી ગયો અને અશક્તિ ઘણી આવી ગઇ; અધુરામાં પૂરી ગાંઠો પણ તાવની બેહુદ ગરમીથી પાકી ફુટી પરૂ વહેવા લાગ્યું. પ્લેગના જંતુ ચોગરદમ

પથરાઇ ગયા. રાયજી દુર્ગંધના માર્યા કેસરની પાસે પણ બેસવાની હીંમત કરી શક્યા નહીં અને કેસર મરશે તો તેને ઉપાડશે કોણ તથા તેની સાજ કાઠીના પૈસાની ક્યાંથી ગોઠવણ થશે તેનો વિચાર કરવા લાગ્યા! દાદા અને દીકરી ઘરખુણે બેસી પત્થર-પર કપાળ કુટી કુટી રોવા લાગ્યાં, અને ભગવાનને યાદ કરી પાપની ક્ષમા માગવા લાગ્યાં. કેસર રાયજીને બોલાવવા લાગી; રાયજી કેસરથી દુરના દુર રહેવા લાગ્યા! વારંવાર તેનાં પાચ પરૂ મળ મૂત્ર સાફ કરવાની તેમની હીંમત ચાલી નહીં, અને જોડે ઘડપણને લીધે શક્તિ પણ રહી નહીં! કેસર પણ છેક મરણની અણીપર આવી પારાવાર પીડા પામતી પામતી છાતીફાટ રૂદન કરવા લાગી અને પોતાના કરેલા પાપને સંભાળી સંભાળી કપાળ કુટવા લાગી!

"દાદા, ઓ દાદા મારી પાસે તો આવો; અરેરે કોણ સાંભળે છે! દાદા આ મરી જતી દીકરી ઉપર છેવટની દયા કરો. ઓ દાદા નહીંજ બોલો, અરે મારી પાસે આવો!"

"બેટા હું તારી પાસેજ છું, હું શું કરૂં! તને પ્લેગ થયો તેમાં મારો કશો ઇલાજ ચાલતો નથી!"

"દાદા ત્યારે હું મરી જઇશ? અરેરે મારી મનની મનમાં રહી જશે! હાય હાય હવે મારૂં શું થશે?"

"બેટા હવે હાય હાય મુકી ભગવાનને યાદ કર! મરતાં મરતાં છેવટની હાય હાય ના કરીએ! ભગવાનને સ્મરીએ! રામકૃષ્ણગોવિંદ એ નામનો ઉચ્ચાર કર કે જેથી તારી પીડા શમી જાય!"

"દાદા હું તો ભગવાન કાંઇ જોતી નથી! ભગવાન ક્યાં છે? આ મારી સામે તો કાળા ડગલાં પહેરી પહેરી બિહામણા સિપાઇઓ હથીઆર ઝાલી ઉભા રહ્યા છે! તે મારા સામા ડોળા કાઢે છે, દાદા મને તે બીવરાવે છે; ઓ બાપરે હું તેમને જોઇને છળી મરૂં છું!"

"બેટા આ બધો વલોપાત જવા દે અને જીભે રામ રામ રામ કર! તેં અને મેં જેવાં કર્યા હશે તેવાં ભોગવવાં પડશે. અત્યારે તારો વારો છે અને પછી કાલ ઉઠી મારો પણ આવશે. પરમાત્મા પ્રભો દયા કર! જગતપિતા અમારા પાપની માફી આપ!"

"દાદા ઓ દાદા હવે હું નહીંજ જીવું! અરેરે મારાથી દુઃખ નથી સહન થતું, દાદા હું હવે જમને જોઉં છું; દાદા જુઓ આ ઉભા! હાય હાય કાળા પાડાપર બેસી પેલો જમ વેગળે રહીને મને બીવરાવે છે!"

"બેટા હવે જમને જોયા સિવાય તારો અને મારો છુટકો નથી! મેં અને તેં જગતમાં એવાં કાળાં કર્મ કર્યાં છે કે હવે તારા અને મારા વાસ્તે ઉગરવાનો એક પણ આરો રહ્યો નથી! બેટા હવે રામ રામ રામ કરો! રામ સિવાય હવે તારી મુક્તિ નથી!"

"દાદા તમે તો ઘરડા થયા છો અને હજી પણ જીવો છો અને હું તો જવાન જવા તૈયાર થઇ છું! ઓ દાદા મારો જીવ હવે જતો નથી! ઓ બાપરે મરી ગઇ, બળી ગઇ; મને જવા દો. હે જમરાજ મારા ઉપર દયા કરો! દાદા ઓ દાદા આ જમ

જુઓને મને મારે છે!”

“કેસર બેટા હવે બે હાથ જોડી જમને પ્રણામ કર! જીભે રામ રામ કર! તારા પાપની પ્રભુ પાસે ક્ષમા માગ! પ્રભુ આગળ કાલાવાલા કર! દાદા દાદા કરવાથી તારો દહાડો નહીં વળે! દાદા જમનો માર નહીં મુકાવે! કાં બાપ કાં દીકરી કાં ગમે તે સગાંવ્હાલાં પણ જે કરે તેનેજ ભોગવવાનું છે, કરેલા કામનો જવાબદાર કરનાર છે! બેટા હવે રામ રામ બોલો!”

“દાદા હવે મારાથી નથી બોલાતું! હાય હાય હું છળી મરૂં છું! ઓ બાપરે હવે મને જવા દો! હું પાપ નહીં કરૂં! ઓ ભગવાન મારા ઉપર દયા કરો!”

“બેટા ન બોલાય તો કંઈ નહીં! સૂતાં સૂતાં અરે વિચારમાં ને વિચારમાં પડી રહેતાં પણ ભગવાનને યાદ કર! બે હાથ જોડી પરમાત્મા પાસે ક્ષમા માગ! હવે કશામાં જીવ રાખીશ નહીં, દાદા દાદા કરીશ નહીં; દાદા કોના અને દીકરી કોની! બધુ જુઠું છે! સંસાર મિથ્યા છે. સાચા ફક્ત ભગવાન છે, માટે હવે બધી માયા મમતા મુકી રામ રામ રામ કરો; નમઃ શિવાય નમઃ શિવાય બોલો!”

રાયજી આ પ્રમાણે કેસરને છેવટનો ઉપદેશ કરી તેના સારૂ શબ સંસ્કારની તજવીજ કરવા લાગ્યા, મરી ગયા કેડે તેને શાં શાં લુગડાં પહેરાવવાં તે ગાંસડીઓ છોડી કાઢવા લાગ્યા; પાડોસી પાસે જઈ પોતાની આંગળીએ જે એક જુની ઘસાઈ ગએલી સોનાની વીંટી હતી તે મુકી તે ઉપર દશ રૂપીઆ માગી લાવ્યા અને પાસે રાખી કેસરની સારવાર કરવા લાગ્યા! તેના

ચોકા સારૂ તૈયારી કરી તેની બગડેલી પથારી બદલાવી તેને એક કામળીપર સૂવારી અને બગડેલું બીછાનું ગોટીલો વાળી છાપરે તડકામાં નાંખ્યું! કેસરને હવે શ્વાસ ઉપડયો, તેની આંખ થરડાવા લાગી, હાથ પગ ઉછળવા લાગ્યા અને મરણનાં જમરાં તરફડીઆં મારવા લાગી. તેનામાં હવે બરાબર બોલવાની શક્તિ રહીં નહી! બેશુદ્ધીમાં પડી રહેતાં રહેતાં પણ એકવાર છેવટની આંખ ઉઘડી, જાગૃત થઈને ઈશારતથી રાયજીને પાસે બોલાવ્યા અને બે હાથ જોડી રાયજી સામું ટગર ટગર જોઈ રહી. રાયજીને પણ કેસરની આવી દીનદશા જોઈ રડવું આવ્યું અને ડુસકાં ઉપર ડુસકાં તેની પાસે બેસી ખાવા લાગ્યા!

"બેટા મને જે કાંઈ મળશે તે હું તારી પાછળ પૂન્યદાન કરીશ! તું કશામાં જીવ રાખીશ નહીં, દીકરા હવે રામ રામ બોલ્યાજ કર! બેટા હવે કાંઈ તારે કહેવું છે!"

કેસરે ઈશારતથી માથું હલાવ્યું અને હાથ જોડી રાયજીને સમજાવવા લાગી. ઘડી ઘડી બે હાથ ભેગા કરી ઘસવા લાગી!

"બેટા હવે તારી શી ઈચ્છા છે? મારા સામું ન જોતાં તું ઉંચે ભગવાન સામું જો!"

"દા....દા....મારે....મ....ળ....વું છે!"

"કોને બેટા?"

"ક....હે... વું છે!"

"કોને?"

તેનો જવાબ કેસર આપી શકી નહીં! રાયજી સામું મુખ તાકી તાકીને જોવા લાગી અને હાથ ઘસી ઘસી તેમને સમજા-

જવા લાગી !

"તારી દાદીને મળવું છે ?"

"ના !"

"કુંદનને ?"

"ના !"

"કુસુમને ? કપીલાને ? કોને મળવું છે ? જેને મળવું હોય તેને તું કહે ! પણ બધાં પ્લેગથી બહારગામ ભાગી ભાગીને જતાં રહ્યાં છે !"

"મારે મળવું છે !"

"કોને ? બોલીને ખુલાસો કર !"

"જેને વાસ્તે કચેરી લઢયા તેમને !"

"જયન્તીલાલને ?"

"હા !"

"અત્યારે તે ક્યાં હશે ! હું તેને બોલાવીશ તો પણ તે નહીં આવે અરે આવી વખતે તેમને બોલાવા જવાય ! મારાથી તને પળવાર પણ વીલી મુકાય ? હવે હું શું કરૂં ! તને ઘણીએ સમજાવી પણ સમજીજ નહીં !"

"એમને બોલાવો, મારા વાસ્તે ખોળા પાથરી બોલાવો; મારો જીવ એમને મળ્યા શિવાય નહીં જાય ! હું અવગતીયણ થઈશ, મારો જીવ છેવટનો એમનામાં ભરાઈ રહ્યો છે !"

"પણ અત્યારે શી રીતે તેમને બોલાવાય ? મારાથી શી રીતે તને એકલી મુકી જવાય ?"

"તમે જાઓ, ગાડી કરીને જાઓ; હું નહીં મરૂં ! તરે

આવશો ત્યારેજ મરીશ !"

"આ શું ગાંડુ ગાંડું બોલે છે, છેવટનો આ વલોપાત શો?"

"નહીં બસ તમે જાઓ, એ દાદા છેવટની મારા ઉપર દયા કરો; મરતાં મરતાં મારી સદ્ગતિ કરો! દાદા હુ તમને પગે લાગીને કહું છું કે તમે જાઓ અને એમને બોલાવો !"

"અરે પણ તને પ્લેગ થયો સાંભળી એ નહીં આવે તો! વખતે એદલજી શેઠ નહીં મોકલે તો શું કરીશું !"

"જાઓ મારી ખાત્રી છે કે તે મોકલશે! જરૂર તે આવશે! મરતાં મરતાં આખરનો મારો સંદેશો સાંભળી જરૂર તે આવશે! હું મૂર્ખ છું પાપી છું પણ એ નથી!"

"દીકરી મરતાં મરતાં પણ તું સમજી ખરી! છેવટ છેવટનું પણ તને ભાન આવ્યું ખરૂં! જા હવે મારૂં મન ખાત્રી પુરે છે કે તારી કાંઈક સદ્ગતિ થશે! ઠીક ચાલ હું પણ મારો ધર્મ જઇને બજાવું! આ પ્રમાણે કહી રાયજી તાબડતોબ કપડાં પહેરી કેસરને એકલી મુકી પાડોશીને મુખની હકીકત કહી કાંઈક ઉપરથી ઉપરથી સરત રાખવાની ભલામણ કરી પોતે ભાડાની ગાડી કરી મારતે ઘોડે એદલજી શેઠના બંગલા ભણી ગયા, અને ત્યાં જઈ પાઘડી ઉતારી શેઠ તથા જયંતી-લાલ મળ્યા!

"ઓહો કેમ કેમ બાવા રાયજી આમ ઘભરાતા ઘભરાતા ધસમસ્યા આવ્યા છો!"

"મહેરબાન મારૂં બધું બગડવા બેઠું! અરે મારૂં કરમ ફુટવા તેયાર થયું! મારી ધારેલી ધુળ મરી! મારા ઘડપણમાં

વાટ ઉઠી!"

"પન બાવા છે શું? બોલોને, ખુલાસો કરી દો કે કાંઇ તમને મદદ પન કરી શકાય!"

"શેઠ મારી કેસરને પ્લેગ થયો છે અને અત્યારે તે છેક આખરની અવસ્થામાં છે!"

"ત્યારે તમે તેને છોડી અહીં કાં આવીયા? જાઓ તેની પાસે બેસી સારવાર કરો! કાંઈ જોઇએ છીએ! પૈસા તકા જોઇએ તો લ્યો લેતા જાઓ! અરે દીકરી પરીન, જા તારી માયજી પાસેથી એક સો રૂપીઆની નોત લઈ આવ! જા બેટા જલદી કર જોઈએ! જયન્તીલાલના સસરા આવેલા છે!"

"શેઠ મારે કાંઈ જોઇતું નથી પણ મારે તમને એક અરજ કરવાની છે; જો આપ મારી માગણી કબુલ રાખશો તો મારા ઉપર આપનો બેહદ ઉપકાર થશે! પરમાત્મા તમારૂં ભલુ કરશે!"

"અરે બોલો બોલો શું તમારે કહેવું છે કહી નાંખો! આમ શરમાવો છો શું કામ!"

"લ્યો બાવાજી આ નોત!"

"શેઠ મારી દીકરી કેસર છેલ્લી ઘડીએ જયન્તીલાલને યાદ કરે છે અને તે કહે છે કે તેમને મારી પાસે બોલાવી લાવો, મારે તેમને મળવું છે કાંઈક કહેવું છે!"

"ઓહો એજ કે, જાઓ બાવા જયંતીલાલ તમે કપરાં પહેરી ઝત તૈયાર થઈ જાઓ! લ્યો આ નોત સાથે રાખતા જાઓ, જરૂર પડે તેનો ઉપયોગ કરજો!"

" અરે પન બાવાજી ત્યાં પ્લેગ કેસ છેને ! જયન્તીલાલને પ્લેગમાં કેમ જવા દોછો ? "

" અરે નોનસન્સ પ્લેગ દીકરી ! મરતી વખતે કોઇબી ઈનસાનનું ભલું કરવું એ મનુષ્યની મુખ્ય અને મોટી ફરજ છે ! છેવટની મરનારની માગણી દરેક જણાએ કબુલ રાખવી જોઇએ ! કરતા હરતા પરમેશ્વર છે ! જયંતીલાલને બચાવનાર ખુદા છે ! જાઓ જયંતીલાલ કેસરને જઇને મળો ! "

" શેઠ ભગવાન તમારૂં ભલુ કરો ! પરગજુ પારસી તે આનું નામ ! હ્યો ચાલો જયન્તીલાલ ઝટ મારી ગાડીમાં બેસી જાઓ ! વખત ગુમાવવાનું કામ નથી ! "

" જાઓ બાવા જાઓ ! હુંશિયારી રાખીને જાઓ ! મનુષ્ય મનુષ્યને મદદ નહીં કરે ત્યારે પછી બીજો કોન કરશે ! જાઓ ખોદા સો સારાં વાનાં કરશે ! "

જયન્તીલાલ એદલજી શેઠને સલામ કરી તરતજ રાયજી જોડે સઘરામમાં બેસી રાયજીને ઘેર ગયો ! રાયજી અને જયન્તીલાલ તરતજ ગાડીમાંથી ગાડીવાળાના પૈસા ચુકવી બંને જણા ઝડપ બંધ ઘરમાં ગયા ! જયંતીલાલ રાયજીના હાલહવાલ જોઈ ઘણોજ દીલગીર થયો, અને કેસરની આખર અવસ્થા નિહાળી ખીન્ન થયો !

" દીકરા કેસર જો આ જયન્તીલાલાલ આવ્યા ! બેટા આંખ ઉઘાડ ! "

" દાદા કોણ એ આવ્યા ! "

" હા બેટા આ રહ્યા ! "

"પ્રભુ મને ક્ષમા કરો! મારાં જીવન છત્ર મને માફ કરો! હું છુટી ફરીને પસ્તાઈ છું, સુધારા ફૅશન અને સ્વતંત્રતાના પંથે ચઢી પસ્તાઇ છું!' મારા શીર છત્ર સ્વામી મને ક્ષમા કરો! મારા વિભુ, મારા દેવ આ સંસારમાં સ્ત્રીનો પ્રભુ એક સ્વામીજ છે! સ્વામીથીજ સ્ત્રીનો ઉદ્ધાર છે! પતિ એજ પત્નીનો પરમ ત્રાતા પરમાત્મા છે! નારીને માથે સર્વદા અંકુશ હોવાની જરૂર છે! નિરંકુશ હું અંકુશ ગુમાવી આવી અધમ અવસ્થાને પાત્ર થઈ છું! હે ભરતભૂમીની ભામીનીઓ, તમે કોઇ મારા જેવી દુષ્ટ સ્વતંત્ર અને પતિનો તિરસ્કાર કરનારી કુલટા થશો નહીં! મારૂં દ્રષ્ટાંત જોઇ સર્વદા સ્વામીની સેવા કરજો! મારા નેત્રમણી! મારા મુસ્તકમણી! મારા જીવનમણી હું તમારી પાસે હાથ જોડી કાલાવાલા કરી ધુળ ચાટી માફ માગુ છું! નાથ મને છેવટની ક્ષમા આપો! મારો મરતાં મરતાં ઉદ્ધાર કરો! મને છેવટની તમારી ગણી આશિષ આપો! જીવનહાર! જય જય જય મારા પ્રભુ પરમાત્મા જગદાધાર સ્વામિનાથ હુ તમને પ્રણામ પર પ્રણામ કરી પાપની ક્ષમા માગુ છું! નાથ મારા અપરાધ માફ કરી મારા પર દયા કરો!"

"પ્રભુ તારૂં કલ્યાણ કરો! પરમાત્મા તારાં પાપ પ્રલય કરો! મારો તને આશીર્વાદ છે કે તારો મરતાં મરતાં મોક્ષ થાઓ! તારૂં શ્રેય થાઓ! તારી સદ્દગતી થાઓ! પાપ કરતાં કરતાં પણ તું સત્ય સમજી છે તેથી મારૂં મન આનંદ પામે છે! મરતાં મરતાં પણ તને સતીત્વની કીંમત થઇ છે તેથી જરૂર તારાં પાપ નાશ પામશે! દીનબંધુ દીનાનાથ તારૂં ભલુ કરો!

પ્રભુ તારૂં કલ્યાણ કરો!"

"જય જય સ્વામીનાથ હું તમને વંદન કરી મારા પાપની ક્ષમા માગી તથા દુનિયાની સ્ત્રીઓને સ્વામી એજ સ્ત્રીનો સર્વેશ્વર છે એ છેવટનું સુત્ર જણાવી મારો પ્રાણ મુકુ છું! પ્રભુ મારૂં કલ્યાણ કરો!"

આ પ્રમાણે મરતાં મરતાં છેવટની જયંતીલાલ પાસે ક્ષમા માગી કેસરે પોતાનો પ્રાણ મુકી દીધો! રાયજી પણ કેસરનો છેવટનો પ્રેમ જોઇ ગદગદીત થઈ ગયા, અને જયંતીલાલ પણ કાંક વિચારમાં પડી ગયો! કેસર મરતાં મરતાં સારો ભાગ લઇ પાપની ક્ષમા માગી સ્વામી સમક્ષ પ્રાણ મુકી પરલોકમાં સીધારી! વાંચકો 'જેવી કરણી તેવી ભરણી' તે આનું નામ!

પ્રકરણ ૪ થું.

જેવી દાનત તેવી બરકત!

દોહરો.

સત્ય સુનીતિ સુચિત્તને જોડી રાખ ધરી પ્યાર,
અંતે જય છે ધર્મથી ક્ષય પાપે નિરધાર.

અંગે આરોગ્યતાનાં અખંડ અજવાળાં, અને જાતપર ઋણનો છાંયડો એ નહીં, સજ્જન સાથે સહવાસ અને આજીવિકાનો મોકળો માર્ગ, નિર્ભયતાભરી દ્રઢતા અને આશ્રમનાં સ્મરણો આ સૌ સુખ દેનારાં સાધનો છે; અને ઇર્ષ્યાની આગ અખંડ પ્રજ્વલિત રાખનાર, ધાલમેલીઆ સ્વભાવશાળી હ્રુદય, અમરવેલ જેવી તૃષ્ણાને તાંતણેજ હમેશ લટકનારો ક્રોધનો ધોધ અને ચિન્તાનો ચાહક એવો આદમી સદા દુ:ખનાંજ દર્શન પામશે!

દુષ્કૃત કીધાં જન્મીને તે ભ્રાત ભોગવવાં પડે,
વિચાર ખુન કરનાર લટકે ફાંસી કેરે લાકડે;
માટે નીતી પંથે વિચર સો વાતની એક વાત છે,
ચેતાવું ચિત્તમાં ચેતી લે માથે મરણની ઘાત છે.

છત્રને છાંયડે સૂર્યનો તાપ ખાળી શકાય, લાગેલી લાહ્યને જળવૃષ્ટીથી તાઢી પડાય, ઔષધના સેવનથી વ્યાધી મટાડી શકાય, મંત્ર પ્રયોગે વિષ પણ ઉતારાય, આ રીતનાં બધાનાં અનુપાન છે પણ શઠની સુધારણાર્થે કશી શાસ્ત્રોક્તિ નથી જડતી. અતિશય કૃમીવાળું, લાળથી લચપચ, ગંદુ, દુર્ગંધયુક્ત, માંસ વગરનું કેવળ શુષ્ક એવું જે મનુષ્યનું અસ્થિ, તેને કરડતા ભલે તેની પાસે ઇન્દ્ર ઉભો હોય તો પણ શ્વાન શરમાતું નથી; તેવી રીતે અધમ જનો તુચ્છ તત્વોને ગ્રહણ કરતાં સંકોચાતા નથી કે કોઇનું માનતા પણ નથી.

* * * *

મીઠા હસવા માંહી સચ્ચાઈ અરેરે કાંઇ ભાળી નહિ,
જગત જોઇ વળ્યો બાધુ વફાઇ મેં નિહાળી નહિ;
હૃદય દ્રવતા પુજી ઝાઝી મનોહર મૂર્તિઓ પ્રેમે,
થઈ સહુ વ્યર્થ મુજ સેવા અનન્યે કોઇ રીઝી નહિ.
ગણ્યું નહિ માન કે ગ્યાને ગણી નહી લોકની લજ્જા,
બની બેકેદ મેં કીધું સરવનું સ્નાન લેખ્યું નહિ;
અહીંનાં સુખડાં ભૂંડાં દુઃખી અંતે નીવડવાનાં,
જગત જંજાળમાં જરીએ અમારો ઠાઠ જામ્યો નહિ.
અરે જા બેકદર દુનિયાં ભરોંસો રંચ નહિ તારો,
તહારા નાજ નખ્રારાની અમારે કાંઇ કીંમત નહિ;
અમે દેરાસરી નીત્યે અલખની લેહ લગાવીશું,
રમીશું ખાખ એકલડા અમારે કાંઈ પરવા નહિ !

" ક્યાં છે મઝા, ક્યાં છે મઝા, કહે તું મુસાફર ખલ્કના,
દુનિયા મહીં ક્યાં છે મઝા માની લઉં શામાં મજા ?
છે ક્યાંઈ ખાણુ ખુશાલીની આ ખલ્કને કોઈ ખૂણે,
દેખાડી દે જો હોય તો ખોદી લઉં ત્યાંથી મજા !
આલમ સૂણે બહેરી ના ગાણું જ્ઞાનનું દરિયા તણું,
ને દુઃખ પોતાનું રડે તો માની લઉં શેમાં મજા !
રૂવે હસે અસ્થિર ભૂત શોધે ન શું ક્યાં સત્ય છે ?
દુઃખ ભાર લઈ મુંગી ફરે ધરતી લઉં શેમાં મજા !
ખુબસુરતી આલમતણી હસતી ખીલે જે કારમી,
દેખું હું પણ કરમાય ક્ષણમાં માનું તો શેમાં મજા !
આલમતણી મેં ચોપડીનાં ફેરવ્યાં પાનાં ઘણાં,
માલિકના ડહાપણ થકી સમજુ થયો પણ ના મજા !
દુનિયાં મહીં ભાઈ નથી ક્યાંઇ નથી કાંઈ મજા,
ગમગીનીનો ભંડાર આ છે માનું તો શેમાં મજા !
જીન્દગી છે જ્યાં સુધી રહેવું બધું રે ત્યાં સુધી,
આ ઝિન્દગી પુરી થશે તો આવશે ઉંચી મજા !

" બારીષ્ટર સાહેબ તમારૂં કહેવું સત્ય છે ! આ સંસારમાં મનથી માનો તો સુખ છે, અને મનથી માનો તો દુઃખ છે. જે ઘડી જાય છે તે સોનાની જાય છે ! ગએલી ઘડી પાછી આવવાની નથી તે નથીજ સમજવી ! મનુષ્ય ધારે છે કાંઇ અને હરી કરે છે કાંઈ ! આ હું કરૂં, આ તેં કર્યું, આ મારૂં અને આ તારૂં એ માનનારા મૂર્ખ છે ! ભગવાન બે વખત દુનિયામાં હસે છે ! જ્યારે ભાઇઓ ભાગ વ્હેંચે છે અને આ મારૂં અને આ તારૂં

એવું કહી લડાલડી કસાકંસી અને હુંસાતુંસી કરી પંચાત કરે છે ત્યારે ભગવાન એક વખત હસે છે, 'અને બીજી વખત જ્યારે મનુષ્ય મરણ પામવાની અણીપર હોય છે ત્યારે વેદ કે ડાકતર આવીને કહે છે કે હમણાંજ દરદીને મટાડી દઉં છું ત્યારે હસે છે! સારૂ નરસુ કરવાનાં આ પ્રમાણે મિથ્યા ફાંફાં મનુષ્ય મમતમાં મારે છે!"

"રીઅલી રાઇટ મી. ખીસકોલી તારૂં કહેવું બરાબર રાઇટ છે! આ સઘળી વાતનું પારખુ મેં મારા ટોમી ડૅાગના ડેથમાં અને તારી ભાભીની સીકનેસમાં જોઇ લીધું! તારી ભાભી શું રૂપનો અવતાર હતી, કેવી બ્યુટીફુલ અને લવલી લેડી હતી; પણ કોણ જાણે શાએ ગોટાળાથી એકદમ અચાનક આમ શિતળાના વ્યાધીથી પટકાઈ પડી! તેને બળીઆ કયાંથી નીકળ્યા! સાલ્રી આટલી બધી હું સુઘડતા સફાઈ અને સ્વચ્છતા રાખતો હતો, પણ કોણ જાણે કયાંથી એકદમ બળીઆ ઉભરાઇ આવ્યા! દોસ્ત હું તો તેનો ચહેરો જોઇ જોઇને થરથરી જાઉંછું! આખા શરીરમાં એક તલપુર જગ્યા સ્મોલપોકસ વગરની ખાલી નથી! આ શું ગજબ કહેવાય! આ ઇન્ડીઆમાં કેવું અંધેર કહેવાય? મ્યુનીસીપાલીટીનો કેવો ગોટાળો કહેવાય? શા વાસ્તે તેઓ લોકોને કમ્પલસરી બબે વખત સ્મોલપોકસની રસી મુકતા નથી? આવું અંધેર વિલાયતમાં એક ઘડી પણ નં ચાલે!"

"બારીષ્ટર સાહેબ ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય! જે કર્મમાં પીડા થવાની હોય તે મિથ્યા નજ થાય! ગમે તેટલું

જતન કરો પણ થવા વખતે આવીને ઉભીજ રહે!"

"ડીયર ખીશકોલી, મારૂં વ્હાલુ બને છે તો તેમજ! થવાકાળ વસ્તુ એક સેકન્ડમાં મનુષ્યને છેતરી નાંખે છે! આય મારી સાળી કેસર જુઓને જોતજોતામાં પ્લેગનો ભોગ થઈ ગઈ! જ્યારે આટલું ટુંકું જીવતર ધારણ કરવું હતું ત્યારે શા વાસ્તે રાયજીને ફોકટના કચેરીમાં લડાવી માર્યા! અરે બીચારાને બેહાલ કંગાલ બનાવી દીધા!"

"બારીષ્ટર સાહેબ ત્યાંજ ખુબી રહેલી છે, મનુષ્યની કરણીનો જેટલો દંડ ભગવાન લેવાનો હોય છે તેટલો દંડ લીધેજ મનુષ્યનો છુટકો કરે છે! તેનાથી કોઈ બચ્યું નથી અને બચવાનું નથી! બચાવમાં ફક્ત તેની પ્રાર્થના અને કૃપાજ છે!"

"ઓહ યસ રીઅલી રાઈત! હું બી લંડનમાં હતો ત્યારે ઘણી વાર ચર્ચમાં જઈ પ્રાર્થના કરતો! ઇશ્વરની મહેરબાની અને દયા વગર બીલકુલ સંસાર ચાલેજ નહીં, તે હવે મારે કબુલ કરવું પડશેજ!"

"સાહેબ જખ મારીને કબુલ કરવું પડશે! કારમું અને અણચિન્તવ્યું દુઃખ એ ઈશ્વરનો પુરાવો છે! મદાંધ થએલા મનુષ્યો જોબનના જોરમાં અને લક્ષ્મીના દોરમાં ભગવાનને બીલકુલ ઓળખતા નથી, તેથી ભગવાનને ઓળખવા સારૂંજ કોલેરા, પ્લેગ, શીતળા અને એવા બીજા ડેનજરસ ચેપી જીવલેણ વ્યાધી થયા છે!"

"એ કાંઈ કબુલ કર્યા વિના છુટકો છે?!"

"બારીષ્ટર સાહેબ જો સર્વદા આવો ઈશ્વર તરફથી મોઘમ

આપ ન હોય તો સુધી પાપથી ભરપુર થઈ જાય! મનુષ્ય મનુષ્યને મદમાં આંધળા બની ખઈ જાય!"

"પણ ઈશ્વર ખીરકોલી હવે તારી ભાભી સારૂં શું કરશું. તેનો કાંઈ ફેર માલમ પડતો નથી; આપણે તો હાજતરના કાયદા પ્રમાણે તેને ઘરના છેક પાછલા અને ઈલાયદા ભાગમાં રાખી છે, એટલે તેનો ચેપ લાગવાનો સંભવજ ન રહે; પણ બિચારીને રોગની શાંતી નહીં થતાં રોગ બમણો ને બમણો વધે જાય છે. સાલ્લુ મને ઘણું લાગી આવે છે પણ શું કરૂં લાચાર! આપણાથી કાંઈ દુઃખ લઈ શકાય એમ છે?"

"સાહેબ એ તો ઈશ્વરની મરજી ઉપરની વાત છે. ભગવાન ધારે તો એક પળમાં સારૂ કરે અને ભગવાન ધારે તો એક પળમાં કેસ બગાડી નાંખે; મરણને ટાણે મનુષ્યના ઉપાય વૃથા છે. અંતકાળે તો અવિનાશીની કૃપાજ માગવી જોઈએ; દુઃખમાં પ્રભુનું ભજન અને સ્મરણજ કરવું જોઇએ!"

"સાહેબ ચાલો ચાલો બાસાહેબ બહુજ ગભરાય છે, તમને સંભાળે છે; તેમને ખુબ દરદ થાય છે!"

"હા ચાલો ખીરકોલી આપણે તેની પાસે જઈ દીલાસો આપીએ તથા શાંતી આપીએ!"

"સાહેબ આપણાથી શાંતી શું આપી અપાવાની છે, શાંતીનો આપનારો તો સર્વેશ્વર એકજ છે!"

"સારૂ બાવા સારૂ ચાલતો ખરો! ઈશ્વર તો આભલામાં છે, અત્યારે તો હું ને તું બે જણાજ એને શાંતી આપનાર છીએ!"

"સાહેબ આ તમારી ભુલ છે. ઈશ્વર સર્વ વ્યાપક છે;

મનુષ્યના સારા નરસા કર્મનો જોનાર એ છે અને તે પ્રમાણે સુખ દુઃખનો આપનાર પણ તે છે !"

"અરરરર હું મરી ગઈ, બળી ગઈ; માડી મારાથી પીડા સહન થતી નથી ! હાય હાય આ લ્હાયમાં જીવ ગયો, ગયો ! પ્રાણ નીકળી ગયો; અરેરે હવે મારૂં શું થશે ? ઓ સાહેબ ! ઓ ખીરકોલી આવો મારી પાસે આવો, મને સારૂ થાય તેવા ઉપાય કરો, અરે મારૂ દુઃખ ઓછું કરો !"

"ભાભી સાહેબ આમ ગભરાઈ ન જાઓ. હીંમત રાખો, ઈશ્વર સૌ સારાં વાનાં કરશે; દુઃખ આવે છે હાથીના વેગે અને જાય છે કીડીના વેગે માટે શાંતી રાખો, આમ અકળાઈ ન જાઓ. જુઓ તમારા દુઃખથી બારીષ્ટર સાહેબ પણ અડધા અડધા થઈ ગયા !"

"ઓ સાહેબ મને માફ કરો ! આવો મારી પાસે બેસો મેં તમને બહુ દુઃખ દીધું છે, ઘણા સતાવ્યા છે; ન કહેવાનાં વચન કહ્યાં છે. અરેરે, "જોઇ જોઈને સઘળું જોયું પણ સ્ત્રી વશ કરવાનું સાધન એક ન જોયું" એ તમારા શબ્દો સાંભળી સાંભળી મને મારા પાપની સજા થઈ છે ! મારા અવળચંડા પણાનો આ એક ભયંકર શિક્ષા છે; પ્રભુ મારા ઉપર દયા કરો, મારા નાથ, મારા પ્રાણ મારા બોલ્યા સામું ન જોશો ! હું પાપણી અભાગણી અધમ છું !"

"ડીઅર ડીઅર આ તું શું બોલે છે ? પાપ શું, અધમ શું, અભાગી શું ? આ શું લવારો કરે છે ? શાંતી રાખ તને જલદી આરામ થશે; મને તારાથી કાંઈ પણ દુઃખ થયું નથી. ડીઅર

જો મેં તને દુઃખી કરી હોય તો હું તારી બે હાથ જોડી ક્ષમા માગું છું; મારી વ્હાલી તારાથી તો મને સદા આનંદ હતો.”

“ઓ મારા પ્રભુ, ઓ મારા ભોળીઆ સાહેબ! તમે ઇશ્વરના અવતાર છો, સર્વદા તમે પવિત્ર છો. હું મહા પાપણી છું, મેં તમને ઘણુંજ દુઃખી કર્યા છે, મને મારા પાપની સજા થઈ છે, મારા નાથ મને ક્ષમા કરો, મારાપર દયા ધરો, મારૂં શું થશે? અરે મારો કેવી રીતે ઉદ્ધાર થશે, અરે મારી મરણ પછી શી ગતી થશે તે કાંઈ કલ્પી શકાતું નથી; પ્રભુ તમારી પૂજા કરવાના સમયે મેં તમને ન કહેવાનાં વચન કહી ઘણુંજ દુભાવ્યા છે. નાથ મને ક્ષમા કરો; વ્હાલા તમે મોટા દીલના છો તેથી મારૂ પાપ દીલમાં લાવતા નથી, પણ હું મહાન અપરાધી છું મને માફ કરો!”

“ડીઅર ખીરકોલી મારા જીવને કાંઇ કાંઇ થઇ જાય છે. મારાથી આ દુઃખ જોઇ શકાતું નથી, અરે તેને જેમ સારૂ થાય તેમ કરો; અરે જાઓ સીવીલ સરજનને બોલાવી લાવો, અરે તેને સારૂં કરતાં પૈસા સામું ન જુઓ. હજાર થાય તો ખેર પણ તેને ઓલરાઈટ કરો!”

“સાહેબ આમ અકળાઈ ન જાઓ, તમને દુઃખ જોતાં જોતાં આટલી બધી ગભરામણ થાય છે તો ભાભી સાહેબને દુઃખ વેઠતાં વેઠતાં શું થતું હશે તેનો ખ્યાલ કરો!”

“અરે ખુશાલરાયંભાઈ હવે મારાથી આંખે દેખી શકાતું નથી, મારી આંખો શીતળામાં જરૂર ગઇ; રામ રામ થઈ ચુકયું મારૂ આવી બન્યું, અરેરે હવે મને આંધાપો આવ્યો; ભલા ભગ-

વાન તેં પણ બરાબર શિક્ષા કરી. ધણીના સામું તડુકા કરી બોલનારી અવળચંડી સ્ત્રીને તો જરૂર અંધાપાનીજ સજા થવી જોઇએ! બરાબર મારા વાસ્તે ઇશ્વર તરફથી ન્યાયજ થયો છે, મારાં કરમ એવાં છે કે મને અંધાપોજ ઘટે છે. ઓ સાહેબ હવે મારી પાસે આવો, ઓ ખુશાલરાયભાઈ તમે એક પાણીનું પવાલું લાવો; મારે સાહેબના અંગુઠાની પૂજા કરવી છે અને તે અંગુઠાની પૂજાના જળથી મારે આચમન કરી પવિત્ર થવું છે! પ્રભુ પ્રભુ મારાં પાપ સામું ન જોઇશ. દયાળુ વિભુ મારા ઉપર દયા કર; ઓ નાથ આ લુંડીના અપરાધ સામું ન જોશો. જે સ્ત્રી સ્વામીના સામું બોલે છે તથા તેનાં વચનનો અનાદર કરે છે તેને જરૂર મારા જેવો અંધાપોજ આપવો ઘટે છે; ઓ સાહેબ મારી પાસે આવો!"

"ડીઅર આ આવ્યો, કહે શું છે? વ્હાલી આમ વૃથા વલોપાત કરીશ નહીં; તારી મરજી અંગુઠો ધોવાની હોય તો લે આ રહ્યો મારો અંગુઠો, અને આ રહ્યું પાણીનું પવાલું!"

"લાવો પ્રભુ તમારો ચરણ અહીં મુકો. ખુશાલરાયભાઇ પાણીનું પવાલું મારા હાથમાં આપો!"

"લ્યો ભાભી આ પાણીનું પવાલું, કરો સાહેબની પૂજા કરો; સ્વામીની પૂજા એ પણ એક સન્નારીને સંસારમાં જીવન લ્હાવ છે. આપણાં શાસ્ત્રો અને આપણો ધર્મ પત્નીને પ્રભુ તરીકે એક પતિજ પ્રતિપાદન કરે છે, સ્ત્રીનો સ્વામી એજ સર્વેશ્વર છે; સ્ત્રીનો મોક્ષ સંસારમાં સર્વદા સ્વામીજ છે!"

"જય જય જય જીવનહાર જો મેં કાંઇ મન વચન અને

ક્યેં કરી તમારી અવગણના કરી હોય, તિરસ્કાર કર્યો હોય, દુભવ્યા હોય, કટુ વચન કહી માનભંગ કર્યું હોય તો પ્રભુ મને માફ કરજો; નાથ મને ક્ષમા આપજો. હું મહાપાપી અવળચંડી અને અધમ છું. નાથ હું હાથ જોડી માથું જમીનપર પટકી તમારી પાસે મારા પાપની ક્ષમા માગું છું; સ્વામી મને ક્ષમા કરો. હે બ્હેનો! મારો દાખલો જોઇ તમારી કુટેવો તજી દો! સર્વદા સ્વામીની સેવા કરો, મન વચન અને કર્મે કરી તેમની ભક્તિ કરો; સંસારમાં સર્વદા સ્ત્રીનો સ્વામી એજ સર્વેશ્વર છે; નારીનો ઉદ્ધાર નાથથીજ છે. મારા અંધાપાનો દાખલો લઇ બ્હેનો સ્વામીના સામું બોલશો નહીં, ઉંચે સ્વરે તાડુકા કરી સ્વામીને દુભવશો નહીં; હું મારા પાપનું ફળ પામી છું, મારા જેવી કુલાંગાર કોઇ કામની થશો નહીં. જય જય સ્વામીનાથ હું ફરી ફરી તમને નમસ્કાર કરી વંદન કરી તમારા ચરણો-દકનું પાન કરી મારા પાપની ક્ષમા માગું છું. નાથ મારા ઉપર દયાં કરો, પ્રભુ મને માફ કરો.”

આ પ્રમાણે અવળચંડી કપીલાએ બારીષ્ટર સાહેબના ચરણ કમળની પૂજા કરી અંગુઠો ધોઇ જળપાન કરી પોતાના પાપની પ્રભુ પાસે ક્ષમા માગી અને બારીષ્ટર સાહેબ સમક્ષ પસ્તાવો કરતી કરતી બેભાન થઇને બિછાનામાં પડી. અંધાપો આવવાથી તેને જ્ઞાન થયું અને છેવટને અંતે તેનાં કુકર્મનું પીછાન થયું અને દુનિયામાં સારૂ નરસુ તપાસી પોતાના પાપનું પ્રાય-શ્ચિત કરી સુખેથી જીંદગીનો છેવટનો શ્વાસ લેવા લાગી. બારી-ષ્ટર સાહેબ અને ખુશાલરાય ખીશ્કોલી કપિલાની સ્થિતી અને

અંધાપો જોઇને ટીગમુઢ બની ગયા. ખુશાલરાય પણ મનમાં કંપી ઉઠયો અને તેણે કરેલાં મિત્ર પ્રત્યેના પાપાચારનો હૃદયમાં પસ્તાવો કરવા લાગ્યો. આમ બારીષ્ટર સાહેબ પણ કપીલાને મરણ પથારીપર મરતી જોઇને પારાવાર દીલગીર બની ગયા; એવામાં કર્મસંજોગે એક મોટો નાગ નીકળી આવ્યો. તે એકદમ ઉછળીને કપિલાને ગળે બાઝયો; કપિલાએ કારમી ચીંસ પાડી પ્રાણ મુકી દીધો; બારીષ્ટર સાહેબ તો નાગ જોઇને જીવ લઇને કુદકો મારી કપીલાને ત્યાં મુકી બહાર નાઠા અને જેવો ખુશાલરાય ખીરકીલી નાસવા જાય છે કે તરતજ તેના પગે નાગ ચોંટયો. તે પણ બુમ પાડી ચકરી ખાઈ નીસરણીમાં રામ રામ બોલતો પડયો. પાપીઓનો આ પ્રમાણે અંત આવ્યો! વાંચકો! "જેવી દાનત તેવી બરકત!" તે આનું નામ!

પ્રકરણ ૫ મું.

પ્રાંતીનો પ્રતાપ કે પુર્ણાહુતીની છાંપ !

દોહરો.

તું તે તું મુજ દીલ રેહ, હું રહું હું તે હુંય;
પ્રેમ પીધેલો આત્મા, કહે બીજું કે' શુંય !!

આત્માને ઓળખ, એટલે અનાત્મા અને સર્વનો પ્રભુ પરમાત્મા બંનેને તું ઓળખીશ. જેને આપણે 'હુ' કહીએ છીએ તે શું છે? એ તે મારો હાથ કે પગ, કે માંસ કે રૂધિર કે સ્નાયુ કે શિર? ઉંડું વિચારી જોઈશ તો જણાશે કે હું એવો કોઇ પદાર્થજ નથી. ડુંગળીનાં છોડાં કાઢતા જઇએ છીએ તેમ જો ! 'હુ'ના પડદા પણ ઉકેલતા જઇએ, એનું પૃથક્કરણ કરીએ તો જણાશે કે 'હુ' એવા વસ્તુતઃ કોઇ પણ પદાર્થ રહેતો નથી; આ સર્વ પૃથક્કરણ કરતાં છેવટે માત્ર પરમાત્માજ રહે છે. 'હુ' ભાવ જતો રહે છે ત્યારે પરમાત્મા પ્રત્યક્ષ થાય છે. સંત સમાગમ ચોખાના ધોવરામણ જેવો છે. ચોખાનુ ધોવરામણ મદને ઉતારે છે એજ રીતે સંત સમાગમ સંસારીક મનુષ્યને વાસનારૂપી મદ્યથી ચઢેલા મદમાંથી મુક્ત કરે છે.

પ્રભુના અનુગ્રહના વિના કોઇ પ્રણુયિ હોતો નથી,
ને પ્રેમમા ઉન્મત્ત થઇને નિશી દિવસ રોતો નથી;

છે પ્રેમભવનો આદિ કર્તા સૃષ્ટિનો એ સાર છે,
એ વિશ્વનો પોષક સમર્થક ઈશનો આકાર છે.

હરીનું નામ સાંભળી જ્યાં સુધી આનન્દાશ્રુ નથી વહેતાં ત્યાં સુધીજ ઉપાસનાની જરૂર છે. માત્ર હરીનું નામ સાંભળતાંજ જેને અન્ત:કરણ ઉભરાઈ આવે છે અને આનંદનાં આંસુ વહે છે તેને તો ઉપાસનાની કાંઈ પણ અપેક્ષા નથી. સંત અને જ્ઞાનીનો સમાગમ એ ધાર્મિક ઉન્નતિનું મુખ્ય સાધન છે. મરણકાળે જેવી મતિ તેવી ગતિ, માટે ઉપાસનાની બહુ જરૂર છે. વારંવારના અભ્યાસથી સાંસારિક વિચારો મનમાં ઉત્પન્ન થતા અટકે છે અને આત્મામાં માત્ર પ્રભુનોજ વિચાર વ્યાપી રહે છે; જે મરણ વખતે પણ ખસતો નથી! પતિવૃતા સાધ્વી સ્ત્રી એના પતિ ઉપર જેમ પ્રીતી રાખે છે, અને કૃપણ ધન-સંચય ઉપર જેવો પ્રેમ રાખે છે તેમ ભક્ત સાધકે પૂર્ણ અન્ત:કરણથી ભગવાન ઉપર પ્રેમ રાખવો જોઈએ!!

* * * *

જન્મી અહીં સંસારમાંરે શો તમે લ્હાવો લીધો,
નિજ સ્વાર્થ પ્રાપ્તીમાંજ જન્મારા તણો જો વ્યય કીધો;
શું જીવનનું સાફલ્ય સઘળું સ્વાર્થમાં આવી રહ્યું,
નાના ભણે મુજ હૃદય આ સ્વાર્થી જીવન એળે ગયું.
સામર્થ્ય હો સૌન્દર્ય હો સમૃદ્ધિ કે સામ્રાજ્ય હો,
બુદ્ધિ વિદ્યા કીર્તી હો કે ઈષ્ટ સિદ્ધી સર્વ હો;
ના ના નહીં કંઈ કામનું પ્રેમે ન જો દિલ્હંજ બન્યું,

પ્રેમ એકજ સત્ય. મધુરું પ્રેમ જતાં સહુ ગયું.
જો સ્નેહીને જોઈ સુખી તમ હૃદય સુખમય ના થયું,
જો દેખી દુઃખી અન્યને તમ હૃદય દુઃખે ના દ્રવ્યું;
કદી શબ્દથી કદી કર્મથી સુખ ના દીધું દુઃખ ના હર્યું,
શા કામનું જીવ્યું તમારૂં જીવી જગમાં શું કર્યું !

કદી પ્રેમથી બોલ્યા નહીં કદી પ્રેમથી ચાલ્યા નહીં,
કદી પ્રેમમાં ડોલ્યા નહીં કદી પ્રેમમાં મ્હાલ્યા નહીં;
ધિઃક્કાર છે તો જીવનને એથી વધારે શું કહું,
ચાખ્યું કદી નહીં કોઇને જીવ્યું વૃથા તો તો ગયું.

પ્રેમ સાચી દેવ સેવા પ્રેમ એ ભક્તિ ખરી,
નહીં પ્રેમ સમ પૂજા બીજી પ્રેમેજ રાચે શ્રીહરી;
પરમ ધર્મજ પ્રેમ છે એ તત્વ જો ના અનુભવ્યું,
જન્મ્યું જીવ્યું કે ભોગવ્યું સર્વે ખરે ધુળમાં ગયું !

પુષ્પને પગ નીચે કચર્યાથી તે સુગંધ આપવામાં દૂર રહેતું નથી; તેમ મર્મ વેદના મળ્યા છતાં પણ પ્રેમીક વિરક્ત થતાં નથી. ઉલટાં ચરણદલિત પુષ્પની પેઠે "A odours crushed are sweeter still." વધારે ઘ્રાણ સુખ આપે છે. પ્રેમિક પ્રિયવાદી છે, હીતકારી છે. પ્રેમીક ઇશુએ પ્રાણહંતારકોને માટે આવી પ્રાર્થના કરી હતી. "હે પિતા, તેઓને ક્ષમા કરો! એઓ જાણતા નથી કે તેઓ પોતે શું કરે છે!" ઝાડ વેલના ફળ ફૂલ નિષ્ઠુર રીતે તોડો–ફરીથી યોગ્ય ઋતુ આવી પહોંચ્યાથી તેઓ યથાકાલે તમને પત્ર પુષ્પ ફળથી સજ્જીત કરી આપીને તમારી સાથનો તેઓનો મધુર સંબંધ

અને તમારી તરફ પોતાના હૃદયનો ઉંડો પ્રેમ જણાવશે; તેમ પ્રેમીકના ઉપર ગમે એટલાં અયોગ્ય આચરણ કરો, ગમે એટલી મર્મ પીડા આપો પણ લાગ મળતાંજ તેઓ પોતાના અચલ પ્રેમની ઓળખાણ આપશેજ! પ્રેમ અચળના જેવો સ્થિર છે, ધરતીના જેવો સહનશીલતાવાળો છે અને કાળની પેઠે વધવાવાળો છે. પ્રેમીક પ્રેમાભિમાની હોતો નથી. કસ્તુરી મૃગ પોતાની નાભીમાં તૈયાર થએલી સુગંધ ક્યાંથી આવે છે તે નહિ સમજવાથી ચારે બાજુએ વ્યાકુળ થઇને શોધે છે. "નાભિકા સુગંધ મૃગ નહિ જાનત ઢુંડત વ્યાકુળ હોઈ" તેમ પ્રેમીક પોતાના હૃદયની સુગંધ કયાથી ઉત્પન્ન થઈ અને ક્યાંથી આવી તે સમજી શકતો નથી! પ્રેમીક આખી જીંદગી સુધી પ્રેમ વહેંચી તથા ત્યાગ કરીને પણ સમજી શકતો નથી કે પોતે શી રીતે કામ કર્યું અથવા કોઈ પણ મહાન્ કામ પૂર્ણ કર્યું. નદીઓ છુપા ઝરાથી ઉત્પન્ન થઇને ધરતીના પટની પુષ્ટી કરે છે, અને ચારે તરફ સુખ શાંતિ તથા રસાળતા વહેંચે છે, પરન્તુ તેનો ઝરો નિરંતર લોકની આંખથી બહાર હોય છે, તેમ જનમંડળમાં સુખ તથા મંગળનો સ્રોત પ્રવાહીત થાય છે, પરન્તુ એ ક્રિયા ઝરાથી થાય છે તથા ક્યાં તેની જન્મભૂમિ છે તે કોઈ સહેલાઇથી જાણી શકતા નથી. માટીની નીચેના ઝરાની પેઠે પ્રેમ અતિ છુપી રીતે હૃદયની એકાંત જગ્યાએ અજ્ઞાતવાસમાં કાળ ગાળે છે!"

(નારાયણ હેમચંદ્ર)

* * * *

"ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે;

દુનિયાની જુઠી વાણી વિષે જો દુઃખ વાસે છે,
જરાએ અંતરે આનંદ ના ઓછો થવા દેજે.
જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહીં ભાસે,
ન સારા કે નઠારાની જરાએ સંગતે રહેજે;
રહેજે શાંતિ સંતોષે સદાએ નિર્મળે ચિત્ત,
દિલે જે દુઃખ કે આનંદ કોઇને નહિ કહેજે.
રહે ઉન્મત્ત સ્વાનન્દે ખરૂં એ સુખ માની લે,
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી પીજે;
કટુ વાણી સુણે જો કોઈની વાણી મીઠી કહેજે,
પરાઇ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
અરે પારબ્ધ તો વેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે;
રહી નિર્મોહી શાન્તીથી રહે એ સુખ મ્હોટું છે,
જગત બાજીગરીના તું બધા છલબલ જવા દેજે."

"ભદ્રે ક્યોં આપકી તબીયત અચ્છી હય?"

"જી હા મહાત્મા, હવે મને સારી રીતે આરામ છે! આપનો મારા ઉપર અતુલિત ઉપકાર થયો છે! આપે મને નવું જીવતદાન આપ્યું છે! આપે મારો જીવ બચાવવાને વાસ્તે અનહદ શ્રમ ઉઠાવ્યો છે! પરમાત્મા તમારૂં ભલુ કરો!"

"परोपकाराय सतां विभूतय। એ સૂત્રાનુસાર સાધુ પુરૂષોકી જીંદગી પરોપકારકે લીયે હય? મેં કુછ નહીં કીયા! મનુષ્યકી ફરજ હય કે મનુષ્યકુ મદદ કરના."

પ્રભો! સંત સરોવર સરિતા અને વૃષા એ ચાર જગ-

તમાં પરોપકાર કરવાને સરજાએલાં છે! દુનિયામાં જીવીને જો કોઈ પણ પ્રાણી માત્રનું ભલું થયું તો જીવ્યું પ્રમાણ છે, નહિ તો પછી જીંદગી વૃથા ભારે મારી છે! આપ સંસારનો ત્યાગ કરી પરમાત્માની ઉપાસના કરી જગતનું કલ્યાણ વાંચ્છો છો! જગતનું જીવન સાધુ મહાત્માની તપશ્ચર્યા પર સારી રીતે નભે જાય છે!"

"ભદ્રે અબી કુચ્છ જ્ઞાન ઉપદેશ કરો! તુમારા મુખકી બાની હમકુ બ્હોત આનંદ દેતી હય! સારે આશ્રમ આપકા આવાગમનસે બ્હોત ખુશ હય! સબ સાધુ સંતો આપકા જ્ઞાનોપદેશ સુનકર બ્હોત પ્રસન્ન હોતા હય!"

"મહાત્મા હું પાપથી ભરેલી સ્ત્રી આપને વા મહાત્માઓને શું ઉપદેશ આપી શકું! ઉપદેશ આપવાને વાસ્તે તો તમે લાયક છો! આપના આશ્રમમાં આવીને મારી જીંદગી પવિત્ર થઈ છે! હું કાંઈક આપના મુખથી સાંભળવા ઇચ્છા રાખું છું!"

"નહિ નહિ મૈયા અમારા સબ સાધુ ભાઇકી જીજ્ઞાસા તુમ તૃપ્ત કરો! તુમારી બાનીમાં હમકુ બ્હોત આનંદ મીલતા હય! આપ જો સચ્ચ પૂછો તો હમ સબ તુમકુ દેવી માનતે હય!"

"હાં હાં મહાત્મા માફ કરો! ક્ષમા કરો! અઘટીત વચન ઉચ્ચારી મને પાપમાં ન નાંખો! હું એક અજ્ઞાન સ્ત્રી જાત છું!"

"નહિ મૈયા તુમ કુચ્છ હરીકથા હમકુ સુનાવો!"

પુલ પરથી મહાણીઓ ભુસ્કો મારી ગંગામાં પડેલી કુંદન તણાતી તણાતી છેક મણિકર્ણીકાના ઘાટ પર આવી, અને ત્યાં ગંગામાં સ્નાન કરતા બાવાની જમાત તેના શબને ગંગામાંથી બહાર કાઢી આશ્રમમાં લઈ ગયા! સાધુઓએ કુંદનની સારી સારવાર કરી તેને આરામ કરી નવી જીંદગી બક્ષીસ કરી! આમ કુંદન થોડાક દીવસ આશ્રમમાં રહી પછી જમાતના મહાત્મા પાસે આવી પ્રણામ કરી રજા માગવા લાગી! જમાતના મહાત્મા ભાનુશંકર કે જેમને આપણે ભગવતીદાસ તરીકે ઓળખાવ્યા હતા, તે મહાત્મા કુંદનને ધારી ધારીને જોતા એમના મનમાં શક આવ્યો કે આ બાઇને મેં ક્યાંક જોઈ છે, અને તેથીજ તે શંકાનું સમાધાન કરવા સારૂ કુંદનને રજા નહિ આપતાં આગ્રહ ઉપર આગ્રહ કરી આશ્રમમાં રાખી રહ્યા હતા. આજ મહાત્માએ કુટીલ કાન્તાનો પણ ઉદ્ધાર કરી તેને નિતીના અને ધર્મના રસ્તે પ્રેરી ધર્મની ઘંટા આપી અને ધવજ ઉપર સફેદ કાગડી લખી કાન્તાને સન્માર્ગે ચઢાવી હતી, અને આજ મહાત્મા કુંદનનું વૃત્તાંત જાણવાની જીજ્ઞાસાથી કુંદનને ખાસ આગ્રહ કરી રોકી રહ્યા હતા. કુંદન મહાત્માની જીજ્ઞાસાનું ઉલ્લંઘન કરી આશ્રમ તજી જવાને અચકાતી હતી અને વખતો વખત ઉપકાર કરનારને તરછોડી એકદમ ચાલ્યા જવું એ ઠીક નહિ એમ ધારી આશ્રમમાં રહી પ્રભુ સ્મરણમાં દીવસ નિર્ગમન કરી રહી હતી! મહાત્માં પ્રસંગે પ્રસંગે કુંદનને તેની સ્થિતિ સંબંધી પ્રશ્ન કરતા હતા, પણ કુંદન એક દુ:ખીઆરી અને નિર્ભાગી સ્ત્રી તરીકે પોતાને ઓળખાવી વધુ ખુલાસો કરતી

નહોતી! પોતે ક્યાંથી આવી અને ક્યાં જાય છે તથા તેનો શું નિર્ણય છે તે સંબંધી આત્મવૃત્તાંત કોઇને પણ કહી બતાવતી નહિ. જે કોઈ પૂછે તેને પૂછતાંજ અચકાવી તે વાત અદ્ધર ઉડાવી બીજો પ્રસંગ લાવી દેતી! તે કોઈની પણ પાસે રહેવા માગતી નહોતી તથા કોઈના પણ ઉપકારમાં કે આશ્રયમાં રહેવા તે તલ માત્ર પણ રાજી નહોતી પણ અત્યારે લાચારીથી મહાત્માની ઈચ્છાને માન આપી આશ્રમમાં અત્યાર સુધી પડી રહી હતી. તેનો આશ્રમમાં એક અલાયદો અને નિરાળોજ એકાન્તવાસ હતો. તેના વાસમાં કોઈ પણ પુરૂષથી જઈ શકાતું નહોતું. ફક્ત જમાતના મહાત્મા ભગવતીદાસજી જાતે અવાસ આગળ ઉભા રહી કુંદનને અંદર કહેવરાવી જ્યારે તેની અંદર જવાની હા આવતી ત્યારેજ તે જતા હતા; બાકી કુંદન ઘણી વાર પોતે મહાત્માની બેઠક આગળ આવી જાહેરમાં એક કોરે બેસી મહાત્માની હરીકથા તથા જ્ઞાનોપદેશ સારી રીતે સાંભળતી હતી! એકાદ પ્રસંગમાં જ્ઞાનમાર્ગની ચર્ચામાં કુંદને મહાત્મા સાથે વાદમાં ઉતરી જ્ઞાનમાર્ગની ઉચ્ચતા અને સત્યતા સારી રીતે સિદ્ધ કરી બતાવી હતી. તેના જ્ઞાનમાર્ગના વિવાદથીજ મહાત્માનો તથા આખી જમાતનો ઉચ્ચ પ્રેમ કુંદનપર સારી રીતે થયો હતો! જમાતમાં આવતા હરીજનો તથા અન્ય સાધુ સંતોનો ભાવ કુંદનપર સારી રીતે દીન પ્રતિદીન વધતો જતો હતો; તે દરેકની શંકાનું સમાધાન કરતી દરેક સાથે નમ્રતાથી સત્યતાથી અને નિડરતાથી વાતચીત કરી દરેકને સારી રીતે સંતોષ આપી શકતી હતી; આથી કરીને

આશ્રમમાં ટુંક અરસામાં એક સાધ્વી દેવી તરીકે તે પૂજાતી હતી! મહાત્માનો ઘણોજ ઉચ્ચ અને પૂજ્ય ભાવ કુંદન તરફ હતો. તે વખતના વખત સુધી એક મુમુક્ષુ તરીકે જ્ઞાન-ચર્ચા સાંભળવાને બેસી રહેતા હતા. ઘણી વાર તે પોતાની સ્થિતી પણ ભૂલી જતા હતા અને કુંદન સાથે વાદવિવાદમાં ઉતરી જ્ઞાનમાં ગળી જતા હતા. મહાત્મા દીવસના પ્રસંગે એક ઘણુ વાર પણ કુંદન વગર રહી શકતા નહોતા; ફક્ત રાતના કુંદન તેના આશ્રમના નિવાસસ્થાનમાં જઇને રાત ગાળતી હતી અને સવાર થતાં થતાં તો મહાત્મા કુંદનને પોતાની પાસે બોલાવી લેતા હતા; તેના સારૂ રસોઈ પાણીનો સારી રીતે બંદોબસ્ત એક બ્રાહ્મણ પાસે કરાવી તેને સારી સગવડ કરી આપી આશ્રમમાં એક દેવી તરીકે રાખી તેની પ્રતિષ્ઠા દીન પ્રતિદીન વધારતા જતા હતા. અત્યારે દરેક જણા તેનો ઉપદેશ સાંભળવા સારૂ તત્પર અને આતુર થયા હતા. કુંદન પણ કેવળ શ્વેત વસ્ત્રનો નિર્મળ અને પવિત્ર સફેદ પોશાક ધારણ કરી એક સાધ્વી તરીકે દરેકને ઉપદેશથી બોધી, શંકાનુ સમાધાન કરી એક સરખો આનંદ આપી રહી હતી! અત્યારે દરેક હરીજનો તેની આસપાસ વીંટળાઈ વળ્યા હતા; દરેકનો આગ્રહ જોઈ કુંદને ઉપદેશ આપવો શરૂ કર્યો!

" જુઓ અધ્યાત્મ જ્ઞાનને આપનારા અધ્યાત્મીક શાસ્ત્રોમાં શાસ્ત્રવેત્તાઓ સાધકોને સંબોધે છે. લોભનો વધ કર, જીવવાની તૃષ્ણાનો વધ કર! ભોગવિલાસના વિચારનો વધ કર, લોભી જેમ વર્તે છે તેમ વર્ત; જે પ્રમાણે જે લોકો જીંદગીને ઇચ્છે છે

તે પ્રમાણે જીંદગીનો સત્કાર કર; જેઓ સુખચેન અર્થેજ જીવે છે તેઓની પેઠે સુખી રહે!

હરીજનો, હવે લોભ રાખ્યાથી દરેક કર્મ કરવામાં ફળની ઈચ્છા રહે છે. લોભથી અદેખાઈ, વૈરાગ્યાદિ દુર્ગુણો ઉત્પન્ન થાય છે. મનુ કહે છે કે જેમ અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ બૂઝાતો નથી પણ ઉલટો વધારે ભડકો લઈ ઉઠે છે તેજ પ્રમાણે ઈચ્છેલી વસ્તુ ભોગવ્યાથી ઈચ્છા તૃપ્ત થતી નથી, વળી મોહ તેમ દ્વેષ એ બંને ખોટા છે. બંને માણસના શત્રુ છે; પણ જ્યારે માણસ આ દ્વંદ્વનું પોતા ઉપર આકર્ષણ થવા દેતો નથી ત્યારે સર્વ શોક નાશ પામે છે, અને તે સ્થિર વૃત્તિથી રહી શકે છે. ઉપર કહ્યું છે કે લોભીઆની પેઠે વર્ત; વળી ગીતામાં કહે છે કે સ્વધર્મ તો પાળવોજ જોઇએ, પણ તે કર્મ નિષ્કામ વૃત્તિએ ફળની કાંઈ પણ ઈચ્છા રાખ્યા સિવાય કરવું જોઇએ. તેવી રીતે કરેલાં કર્મ જાણે કુદરતી બનાવો હોય તેમ થઈ રહે છે, અને કરનારને આ લીધે કાંઈ અસર થતી નથી. જેમ જળમાં કમળ રહ્યા છતાં તેને જળ સ્પર્શ કરતું નથી તેમજ નિષ્કામ રહેવાથી માણસ કર્મથી લેપાતો નથી! હવે જીવવાની તૃષ્ણા વિષે બોલીશું. શા માટે આપણે આ ઈચ્છા રાખવી જોઇએ? આપણા જીવને તો મરણ છેજ નહીં, તે કેવળ અનાદી અવિનાશી અને અજન્મ છે. પરંતુ જે શરીરમાં વસે છે તેજ માત્ર વિનાશી અને અજન્મ છે. વળી શરીરના સંબંધમાં પણ આવી ઈચ્છા રાખવી વ્યર્થ છે, કારણ કે જે જન્મે છે તે મરણાધીન છે વળી જીંદગીમાં કેવાં કેવાં દુઃખો અને કષ્ટો ખમવાં પડે છે તે સર્વેની જાણમાં છે, વળી

મરવાં કે મિત્રો અર્થે જીવવાને ઇચ્છવું એ પણ યોગ્ય નથી; કેમકે આપણા મરણથી તેઓ સદા કાંઈ શોક કરતાં નથી. યાજ્ઞવલ્કય પણ કહે છે કે સ્ત્રી પણ સ્વાર્થ બુદ્ધિથી ભરથારને પ્રિય ગણે છે અને પુત્રો પણ સ્વલાભ અર્થેજ પ્રિય લાગે છે. મરણ કાળે નથી પીતા કે નથી માતા કે નથી સ્ત્રી પુત્ર સાથે આવતાં જીવને તેનાં કર્મ શિવાય બીજુ કાંઇ વળગતું નથી. આને લીધે જીવવાની-ઇચ્છા શા માટે રાખવી? આ ઉપરથી એમ પણ ન સમજવું કે જીવતા ન ઇચ્છતાં મરણ ઇચ્છવા મંડી જવું; મરણ કે જીવન, હર્ષ કે શોક એ વિશે કાંઈ પણ દરકાર રાખ્યા વગર માણસ માત્રે પોતાનો જીવનકાળ ગાળવો જોઇએ. આપઘાત કર્યાથી કાંઈ જીંદગી ખતમ થતી નથી. માણસને ફરી ફરીને જન્મવાનું તો છેજ. વળી કર્મ પણ સાથેનું સાથેજ છે. માટે શરીર છોડયાથી કાંઈ દુઃખનો કે કષ્ટનો અંત આવતો નથી; માટે ખરૂં પરાક્રમ તો એમાં સમાએલું છે કે શરીરથી છુટવાના યત્નો કરવા કરતાં ફરીથી દેહ ધારણ કરવો ન પડે એ વિશે યત્ન કરતા રહેવું. આ રીતે જન્મ કે મરણ આપણને ફરી બાધ કરતા નથી ત્યારેજ આપણે અમરપણું પ્રાપ્ત કરીએ છીએ. સુખ સગવડનો વિચાર ન રાખવો, પણ તે સાથે ઉમેરે છે કે જેઓ સુખ સગવડ ઇચ્છે છે તેઓની પેઠે રહેવું. આનો ખુલાસો મનુ આપે છે. 'સુખ ઇચ્છે તેણે દૃઢ સંતોષ જાળવી રાખવો. સરવે ઇચ્છાઓનેં વશ કરવી. સંતોષ એ સુખનું મૂળ છે અસંતોષ એ દુઃખનું મૂળ છે. પૃથ્વી ઉપર એવી કોઈ વસ્તુ નથી કે જેથી સંપૂર્ણ સુખ મળે! તેજ ખરો સુખી છે કે જે પોતાની સ્થિતી

વિષે સંતોષ માની લે છે! હે મનહંસા આ પાપના મૂળને હૃદયમાંથી શોધી ઉખેડી કાઢ. જેમ સાધારણ તૃષ્ણાતુર માણસના હૃદયમાં રહી તે ફળ આપતું રહે છે તેજ પ્રમાણે શ્રદ્ધાવાન ઉપાસકના હૃદયમાં પણ ફળ આપતું રહે છે. બળવંત પુરૂષોજ તેનો નાશ કરી શકે છે. નિર્બળ પુરૂષે તો તેની ઉત્પત્તિ તેની વૃદ્ધિ અને છેવટે તેના મરણની વાટ જોવી. તે વૃક્ષ યુગો પર્યંત જીવે છે અને વૃદ્ધિ પામે છે. જ્યારે માણસ અગણિત જન્મનો સંગ્રહ કરે છે ત્યારે તે ફુલ આપવા માંડે છે. સિદ્ધીમાર્ગમાં પેસવા ઇચ્છે તેણે આ દુષ્ટ વસ્તુને પોતાના હૃદયમાંથી ખેંચી ઉખેડી નાંખવી જોઇએ; ત્યારે તેના હૃદયમાંથી રૂધીર વહેતું થશે, અને તેને એવું લાગશે કે જાણે સર્વે જીંદગીનો અંત આવ્યો. પરન્તુ આ ભારે પરિક્ષામાં પસાર થવું પડશે; જે સીડીવડે અમર જીંદગીના માર્ગ ઉપર જવાય છે તે ભયાનક સીડીનાં પ્રથમ પગથીઆં આગળજ તે ભારે પરિક્ષાનો કાળ આવે કે નહીં તો છેલ્લે પગથીએ પહોંચતાં આવે! ઉપાસકે સ્મરણમાં રાખવું કે તે ખમવા શિવાય છુટકો નથી. તારા જીવની સર્વે શક્તિઓ આ કામ પછવાડે લગાડ નહીં વર્તમાનમાં કે નહીં ભવિષ્યમાં. જીવ પણ સદા અનંતમાં રહે તેમ કર્યાથી આ રાક્ષસી વૃક્ષ ફુલ આપતું બંધ થશે. જીંદગીનું આ દુષણ અનંત સંકલ્પની હુવા માત્રથીજ ભૂંસાઈ જશે!

"ભદ્રે આપકા કહેના સબ સચ્ચ હય! મનુષ્યકું કામના ઓર વાસના બ્હોત દુઃખી કરતી હય! જબ વાસનાકા ક્ષય હોતા હય તબ મનુષ્યકુ જ્ઞાન પ્રાપ્ત હોતા હય!"

"સાધકો શાસ્ત્ર પોકારીને કહે છે કે અહંકારનો વધ કર, વૃદ્ધી પામવાની ભૂખનો વધ કર; તોપણ એકલો અને એકાંત ઉભો રહે, કારણ કે જે દેહધારી છે, જે કાંઇ અહંકાર ધરાવે છે, જે કાંઇ અનંતની બહાર છે, તે કાંઇ પણ તને સહાય આપશે નહીં. ઇન્દ્રીય સુખથી થતી લાગણીઓ ઉપરથી શીખ અને તેનું અવલોકન કર! કારણ કે એમ કર્યાથીજ સ્વાનુભાવ વિદ્યાનો તું આરંભ કરશે, અને સીડીના પ્રથમ પગથીઆ ઉપર પગ મુકતો થશે. જેમ એક ફુલ પોતાની મેળે ઉગે છે તેજ પ્રમાણે તારા જીવને અનંત સમક્ષ અતિ આતુરતાથી ખીલવ અને ઉગાડ; પણ તારૂં બળ અને સૌંદર્ય અને તેજ બહાર લાવવું જોઇએ, પણ નહી કે વૃદ્ધી પામવાની ઇચ્છાથી કારણ કે જણાવેલી પ્રથમ રીત પ્રમાણે તું સ્વચ્છતા અતિ ખીલવી શકશે, પણ છેલ્લી રીત પ્રમાણે જો સ્વવૃદ્ધી માટે દૃઢ ઇચ્છા ધરાવશે તો ઉલટો તું વધારે જડ બની જઇશ!" બ્રહ્મ તો અદ્વૈત છે; પરન્તુ તે વ્યષ્ટિ અને સમષ્ટિ રૂપે ભાસે છે. સર્વેનો આત્મા આ કારણથી અભિન્ન છે. આજ કારણથી માણસે અહંકાર રાખી બીજા માણસોથી પોતાને જુદો સમજવો એ કેવળ મૂર્ખાઇ છે. એક માણસ જે શુભ વા અશુભ કર્મ કરે તેની અસર આખી માણસ જાત ઉપર લાગુ પડે છે. એકનું કર્મ આમ સર્વે બીજાનાં કર્મ સાથે ઓતપ્રોત થાય છે. એક માણુસને પાપી સમજીને તેનો તિરસ્કાર કરી દૂર રહેવું એ કેદી ક્ષમા ન થાય એવો ગર્વ છે. ઉપાસકે યાદ રાખવું કે તેનો તેમજ બીજાઓનો આત્મા શુદ્ધ છે. જેવી રીતે તેનો આત્મા તેની દેહ સાથે સંબંધમાં આવ્યો તેજ પ્રમાણે બીજા-

ઓનો આત્મા પણ તેમના દેહની સાથે સંબંધમાં આવ્યો, અને જે નિયમ માટે તે પોતે યત્ન કરે છે તેજ નિયમપર બીજાઓને પણ મંડવુંજ છે, માટે તેઓ પણ સહગામી પ્રવાસીઓ છે અને સત્‌ના માર્ગ ઉપર આવવાને યત્ન કરે છે, પરન્તુ કાદવ ભરેલા માર્ગ ઉપર ચાલતાં થાકી જાય છે. સદ્‌ભાગ્યે જો નિલીના નિયમો પાળવાનું ઉપાસકથી બની આવે છે તે નિયમોનો જાણતાં કે અજાણતાં ભંગ થવાથી પેલા બીજાના પ્રવાસમાં માત્ર ઢીલ પડી જાય છે, તે માટે તે તિરસ્કારપાત્ર ઠરતો નથી, પણ ઉલટો તેને દીલાસો આપવો ઘટે છે. ઉપાસકે આટલો વિચાર કરવો કે હજી તે ઉપાસક છે, અને તેના કરતાં બીજા જે કેટલાક અતિ પવિત્ર પુરૂષો છે, તેઓ મહત્ પદ પ્રાપ્ત કર્યાથી ઉપાસકનો કાંઈ તિરસ્કાર કરતા નથી; માટે ઉપાસકે યાદ રાખવું કે પોતાથી કોઈ હલકા પુરૂષનો તિરસ્કાર કરવાથી જેઓ તેનાથી શ્રેષ્ટ છે તેઓ ઉલટો પોતાનોજ તિરસ્કાર કરશે. એક વસ્તુ કે માણસ માટે તિરસ્કાર ધરાવ્યાથી દીલમાં અહંકારની લાગણી ઉત્પન્ન કરી તો એક જાતનું કર્મ ઉભુ કરાશે, કે જે કર્મવડે તે વસ્તુ કે માણસ સાથે ઉલટો બંધનમાં આવશે, અને જ્યાં સુધી તે એમ જાણશે નહી કે આવી રીતની જુદાઈ કદી પણ રાખી શકાય નહીં, ત્યાં સુધી આ બંધનમાંથી મુક્ત થશે નહીં; માટે સર્વેપર આત્મભાવ રાખવો અવશ્ય હીતકર અને સુખકર છે!"

"વાહ વાહ દેખો દેવી કયા ઉપદેશ કર રહી હે! જયસા ગંગાકા પ્રવાહ વહન હોતા હય ઈસ માફક ઉનકી જ્ઞાનગંગા વહન કરતી હય! સાધકો એ જ્ઞાનગંગામેં ન્હાઓ ડુબો ઓર

આત્મનિમજ્જન કરકે શુદ્ધ હો જાઓ!"

"ઉપાસકો આ પ્રમાણે સર્વેપર પ્રેમ ધરાવ્યાથી જો કે ફળ તો સારૂં નીપજે છે પણ સર્વે સ્થુળભૂત વસ્તુ અંતે નાશ પામે છે. અવિનાશી સુખ માત્ર અવિકારી વસ્તુમાંથી પ્રાપ્ત થાય છે, માટે તેવી વસ્તુની શોધ ઉપર ગંડવું જોઇએ! હવે કયી વસ્તુ અનંત છે? તેજ વસ્તુ અનંત છે કે જે સર્વેના નાશ પામ્યા છતાં પોતે નાશ પામતી નથી. તે આત્મા છે. પ્રકૃતિને સર્વ ઠેકાણે અંતવાન અને પરતંત્ર જોઇએ છીએ, પણ આત્મા સર્વે ઠેકાણે કેવળ અને સ્વતંત્ર જણાય છે, માટે આપણને માનવાની ફરજ પડે છે કે પ્રકૃતિની—તેના સર્વે રૂપમાં અસ્તિતનું કારણ આત્મા છે; માટે આત્માને પુત્ર કરતાં પણ વધારે પ્રિય, દ્રવ્ય કરતાં પણ વધારે પ્રિય, અને સર્વે બીજી વસ્તુ કરતાં પણ વધારે પ્રિય ગણવો જોઇએ કેમ કે તેજ અનંત છે. માટે અવશ્ય કરીને અધિક આત્માનું ધ્યાન ધરવા ઉપર ઉમંગથી મંડવું જોઇએ. માણસ જાતપર પ્રેમ રાખી તેમનો સત્કાર કરવો, અને અનંતને પહોંચવા યત્ન કરવો જોઇએ! કેમ કે

"પ્રભુનું નામ જો લે છે પ્રભુ તે શું શીખી લેજે,
વૃથા નહિ કાળને ખોજે પ્રભુને ઓળખી લેજે!
પ્રભુનું રૂપ આવું છે પ્રભુનું મુખ આવું છે,
પરિમીત એહના કરતાં ભલો થઈ દુર તું રહેજે.
પ્રભુનો ના પ્રભુ તું થા પ્રભુના શર્ણમાં રહી જા,
નકારે ના પ્રભુ તું ગા કરી બસ એટલું લેજે;
પ્રભુ છે ક્રાઇસ્ટ ને અહમદ પ્રભુ છે બુદ્ધ ને જરથુસ્ત,

પ્રભુ છે પીર પયગમ્બર સદા એવું ગૃહી લેજે.
પ્રભુ છે રામ ને રહીમાન પ્રભુ છે કૃષ્ણ પરશુરામ,
પ્રભુ છે જીન ને અરિહંત સહુને એ કહી દેજે;
જગતમાં નામ છે જે જે પ્રભુનાં છે બધાં તે તે,
પ્રભુના નામની માળા પૂરી એ રીતથી કરજે.
પ્રભુ છે સર્વમાં સરખો પ્રભુ છે સર્વને સરખો,
પછી તું આ પ્રભુ આ ના કદી એવું નહી કહેજે;
પ્રભુ છે ભક્તની ભક્તિ પ્રભુ છે જ્ઞાનની શક્તિ,
પ્રભુ છે કર્મ હરનારો વિચારી એ બધું લેજે.
પ્રભુ છે યજ્ઞ રૂપે ને પ્રભુ છે દ્રવ્ય આહુતી,
બની આ જગતમાં એવો પ્રતિતી તું કરી લેજે;
પ્રભુ છે દીનનો બેલી કરે છે વ્હાર એ વહેલી,
ભલીને એ ભલાઈમાં પ્રભુને પારખી લેજે.
અધમને તારનારો એ ગરીબો પાળનારો એ,
અપંગ ઉગારનારો એ પ્રભુ ત્યાં જોઈ તું લેજે;
પડે જ્યાં આંખથી આંસુ દ્રવે જ્યાં ઉર છલકાતું,
પ્રભુના તખ્તની ત્યાં ત્યાં નિશાની જોઈ તું લેજે.
પ્રભુ ડાહ્યા તણો છેલ્લો પ્રભુ ઘેલાં તણો પહેલો,
બની ઘેલો થઇ વહેલો મજા તું જોઇ ત્યાં લેજે;
વિભુની આ વિભુતીને ન ઇતિ એટલું કહેજે,
પ્રભુના અંશમાં આખા જગતને જોઇ તું લેજે. ”

“ જય જય ભક્તિભદ્રા આપકા જ્ઞાનકી બલિહારી હય ! આપ સાક્ષાત્ ભક્તિકી પ્રતિમા હય ! આપકા જ્ઞાન અગાધ

હય! આપ કોઇ દેવતાંઈ અવતાર હય! અય આશ્રમ આપ જયસા જ્ઞાનીકા નિવાસસેં પવિત્ર હુઆ હય!"

"ઉપાસકો ઇન્દ્રિયદ્વારા જે અસર મન ઉપર પહોંચ્યાથી મનની સ્થિતિમાં જે ફેરફાર કરે છે તેને લાગણી કહે છે. માનસિક સ્થિતિમાં થતા આવા દરેક ફેરફારથી અંતરશાંતિને હરકત નડે છે, અને માણસ અસ્થિર બને છે. આવી મન પર થતી સર્વે અસરો બંધ પાડવી જોઇએ, એટલુંજ નહિ પણ તેઓથી કાંઇ પણ લાગણી ઉત્પન્ન થવી ન જોઇએ. બહારની વસ્તુઓથી ઉભી થતી લાગણીઓને અટકાવવી એટલુંજ નહિ, પણ તે સાથે આપણે સંભાળ લેવી જોઇએ કે આપણાથી બીજાઓના મન ઉપર કાંઈ લાગણી કે અસર કરાય નહિ. જે સત્ય હોય તેજ માત્ર કરવું, અને તે પણ આપણો ધર્મ સમજીને તથા આપણા કામથી આપણા પોતા ઉપર કે બીજા ઉપર જે કાંઇ અસર નીપજે તે પ્રત્યે કાંઈ પણ ધ્યાન આપ્યા વગર આપણું કાર્ય કરતા રહેવું. આપણને થતી લાગણીમાં કાંઇક લાભ પણ છે. જ્યારે પણ આપણને લાગણી લાગે ત્યારે તે ઉપર બારીકાઇથી ધ્યાન આપીને જે કાંઈ શીખવે છે તે ગ્રહણ કરવું જોઇએ, કારણ કે આ રીતી માણસનો જાતીસ્વભાવ જાણવાંનુ ઉત્તમ સાધન પુરૂં પાડે છે અને આ રીતી અમલમાં આણ્યાથી આપણી આસપાસ જે કાંઇ છે તેમના સારા ગુણો ગ્રહણ કરવા અને દુષ્ટ ગુણો વર્જવા શીખીએ છીએ—મનુ ભગવાન કહે છે તેમ વિષમાંથી પણ અમૃત ઉત્પન્ન થાય છે. ઉપાસકે "વૃદ્ધિની ભૂખ મારી નાખવી જોઇએ" વૃદ્ધિ એટલે શરીર, સત્તા, પદવી, દ્રવ્ય, બુદ્ધિ

અને સર્વે બીજી વસ્તુની વૃદ્ધિની કાંઇ પણ થોડા કાળ નભે એવી જગતની કોઈ પણ વસ્તુ આપણી પાસે વધે એવી ઇચ્છા કદી પણ ન રાખવી. આટલું ધ્યાનમાં રાખવું કે વૃદ્ધિ પોતાનામાં તો (અને નહિ કે લોકમાં મોટાઈ જણાવવા માટે કે કાંઈ બીજા અર્થે) સ્તુતિપાત્ર છે. દૃષ્ટાંત તરીકે એક પુષ્પ ઉગે છે પણ પોતે તે જાણતું નથી કે તે ઉગે છે, અને વળી તે કાંઇ પોતાનું સૌંદર્ય દેખાડવા માટે કે કાંઇ પણ બીજા પોતાને ગમતા હોય એવા હેતુ અર્થે ઉગતું નથી, તે ઉગે છે અને અતિ આતુરતાથી ઉગે છે, તે આટલાજ માટે કે જાણે હવામાં પોતાની પાંખડીઓ ખુલ્લી મુકે. ઉપાસકે પણ આજ પ્રમાણે ઉગવું જોઇએ. તેણે નિયમસર માત્ર પોતાના ધર્મ તરીકે ઉગવું જોઇએ, અને તે પણ સહજ પણ મોટાઇ કે વડાઈ દેખાડયા વગર અને માત્ર જ્ઞાનની હવામાં પોતાનો જીવ ખુલ્લો મુકવા માટેજ! જેમ કુદરતજ ફુલનું બળ અને સૌંદર્ય ખીલવે છે અને નહિ કે ઉગવાની ઇચ્છા, તેજ પ્રમાણે વૃદ્ધિ પામવાની ઇચ્છાએ નહિ પણ કેવળ અનંતેજ ઉપાસકનું બળ અને સૌંદર્ય ખીલવવું અને વધારવું જોઇએ. જે કાંઈ સર્વે અનંત છે તેજ માત્ર શુદ્ધ અનંદનું મૂળ છે, અને જ્યારે અનંતથી માણસનું બળ અને સૌંદર્ય ખીલે છે ત્યારે તેઓ સંપૂર્ણ શુદ્ધ બની રહે છે, પણ જો કાંઇ સ્વાર્થી ઇચ્છાથી આપણું બળ અને સૌંદર્ય ખીલવીએ છીએ તો એમજ કહેવાશે કે આપણે એક ક્ષણભંગુર હર્ષ ઇચ્છીએ છીએ અને આ ઇચ્છા જો વારંવાર થવા માંડી તો આપણને વિષયાસક્ત બનાવી ખરી ચિત્તશુદ્ધિને ભારે હાનીકારક થઇ પડે છે. હવે

ઉપાસકે શા માટે આવી દુનિયાઇ ઇચ્છાઓ મૂકી દેવી જોઇએ તેનું ખરૂં કારણ આ છે; પાશ્ચાત્ય વિદ્યાએ જાહેર કર્યું છે કે માણસનું સ્થૂળ શરીર પોતાનામાં રહેલા પરમાણુઓ નિરંતર બદલ્યા કરે છે. જો તે પોતાની ઇચ્છાઓને તૃપ્ત કરવામાં અટકાવ કરતો રહે તો ચોક્કસ વખત પછી જે પરમાણુઓ તેનું આગળનું વિષયાસક્ત શરીર બનાવી રહ્યા હતા, અને જેમના ઉપર દુષ્ટ અક્ષરોની છાપ પડી હતી તેઓ સર્વ બહાર નીકળી જશે. આ સમયે આવી વિષયી લાગણીઓ બંધ પડવાથી નવા પરમાણુઓ આવતા થશે, તેઓ વધારે શુદ્ધ અને આ દુષ્ટ અસર વગરના આવતા રહેશે. આ રીતે ચોક્કસ દુર્ગુણોથી દુર રહેવામાં આવું ખાસ પરિણામ નીપજે છે. તો પણ વળી બીજું સાધારણ પરિણામ આ નીપજશે કે માણસનું શરીર ઓછું સ્થુળ થઇ રહેશે, કેમકે શરીરમાં હવે વધારે સૂક્ષ્મ અને વધારે સ્વચ્છ પરમાણુઓ આવી રહેશે. જો કોઈ પણ પરમાણુ કે અવયવ કે ઇંદ્રીઓ ઓછો વપરાશ ન થાય તો તેઓ સૂન્ય મારી જઈ પોતાની શક્તિ ખોઈ બેસે છે; આથી ઉપાસકે ધ્યાનમાં રાખવું કે જેમ કર્મ શુદ્ધ હોવું જોઇએ તેમ મન પણ શુદ્ધ રહેવું જોઇએ. પાપી અને વિષયી વિચારોથી અતિ સંભાળ રાખવી; કેમકે વિચારમાં પણ ગતી છે. માણસનું સૂક્ષ્મ શરીર પણ પરમાણુઓનુંજ બનેલું છે અને વિચારોની અસર પ્રથમ તેમને પહોંચી તેમની મારફતે સ્થુળ શરીરના પરમાણુઓ ઉપર આવી પડે છે. વળી કુદરતનો કાયદો ઠરકેરે છે કે જો એક વાર એક ક્રિયા કરી તો તે ક્રિયા ફરી કરાય એવી તેમાં સ્વાભાવિક લાગણી રહી જાય છે. વળી

ચોક્કસ કામો સ્વચ્છ વિચારને પ્રતિકુળ એવી શારીરિક સ્થિતિ ઉત્પન્ન કરે છે અને તેથી ચિત્તશુદ્ધિને વિઘ્ન નડે છે. હૃદયમાં વિષયી ઇચ્છા રાખીને બહારથી નીતિમાન રહેવું તે નિરૂપયોગી છે, માટે અંતર અયોગ્ય ઈચ્છાને નાબુદ કરવી એજ માત્ર આવશ્યક છે, તે વગર બહારથી નીતિમાન રહેવાનો ડોળ ઘાલવો એ એક જાતનો ખુલ્લો ઢોંગ છે, દંભ છે અને પાપ છે! જ્યાં આત્મા માટેજ ઇચ્છા હોય છે અને જ્યાં બીજી કાંઈ ઈચ્છા હોતી નથી, ત્યાં કાંઈ પણ શોક નથી. હવે આપણે ઉપર કહી ગયા કે ઇચ્છા માત્ર હોવી ન જોઇએ. નિરલંબ ઉપનિષદ્ કહે છે કે સંસારમાં રહેવાની ઈચ્છા કે સંસારમાંથી નિવૃત્ત પામવાની ઈચ્છાએ બંને ઇચ્છાઓજ છે. કાંઇક રમુજમાં સત્ય રીતે કહીએ તો 'કાંઈ પણ ન ઈચ્છવાની ઇચ્છા રાખવી' એ પણ ઠપકા-પાત્ર છે. આ ઉપરથી ઉપાસકે જાણવું જોઇએ કે જ્યારે તેને કહેવામાં આવે છે કે તેણે જીવ અર્થે આ કે પેલી ચીજ ઈચ્છવી, ત્યારે તેનો હેતુ આ છે કે તેણે એવી રીતની વર્તણુક અખ્યતાર કરવી કે જે પોતાની મેળે, તેની પોતાની કાંઈ પણ ઇચ્છા વગર તેની ચિત્તશુદ્ધિને સ્હાયકારી નીવડે અને આ લીધે જે પણ કાંઈ શુભ કર્મ કરવામાં આવે તે ધર્મ તરીકેજ કરવું જોઇએ, કેમકે તેમ કરવાની આપણી ફરજજ છે, અને તેમ કરવું અવશ્ય પણ છે અને નહિ કે કાંઈ ફળ કે લાભની ઇચ્છાથી કે વળી મોક્ષની ઇચ્છાથી, પણ ગીતા સુત્ર મુખેથી ગાઇને "**कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन।**" કહીને કરવું જોઇએ! હવે તમને સ્વભાવિક શંકા ઉદ્ભવ થાય કે 'ઈચ્છા વગર કે

માગ્યા વગર મોક્ષ કેમ મળે' તો તેનું સમાધાન ઋગવેદનું ૭ મું મંડળ ૪૯ સુક્ત અને ૧૨ મંત્રથી જણાવું છું કે 'જેમ ઉર્વારિક ફળ જેવું સંપૂર્ણ પાકી રહે છે કે તેવુંજ પોતાની મેળે શાખા પરથી તુટી પડે છે' તેજ પ્રમાણે જે પુરૂષ મોક્ષ લાયક છે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. વિષ્ણુપુરાણ પણ કહે છે કે 'બ્રહ્મ રૂપં પરમાત્માનું ચિન્તન કરતાં બ્રહ્મને ચિન્તન કરનારને જેમ લોહચુંબક આકર્ષણ શક્તિ વડે પાસેના લોહને પોતા પ્રત્યે ખેંચે છે તેમ ખેંચી પોતાના સ્વરૂપમાં મેળવી દે છે' એટલે "જબ નર કરની કરે તબ નર નારાયન હોત" એ સૂત્રાનુસાર લાયક મુમુક્ષુને મોક્ષ કુદરતીજ પ્રાપ્ત થાય છે!"

ભજનમાં મગન રહેના રામ,
સંતો લગી લગન બરી આઇ:–ભજનમેં:–૦
દયા ધર્મકા મુલહે પાપ મુલ અભિમાન,
તુલસી દયા ન છાંડીએ જબ લગ ઘટમેં પ્રાન–૦
સાહેબકા ઘર દુર હય જયસી લંબી ખજુર,
ચડે સો ચાખે પ્રેમરસ ગીરે સો ચકનાચુર:–૦
ભજનમેં મગન રહેના રામ:–સંતો૦

શીયાવર રામચંદ્રકી જય! શીયાવર રામચંદ્રકી જય!"

આ પ્રમાણે જબરી રામધુન અને ભજનની લહે ચાલી રહી. આખા આશ્રમમાં આનંદ છવાઈ રહ્યો, હરીજનો હરખમાં આવીં તાળી પાડી પીંડી ભજન લલકારવા લાગ્યા; અને ચોગરદમ જ્ઞાન ભક્તિનો ધ્વની છવાઈ રહ્યો; આ અરસામાં કાશી અને તેની નજીકના ગામમાં ઉપદેશ અને વ્યાખ્યાન કરી કરી

સફેદ કાગઠી કાન્તા ધર્મની ઘંટા વગાડતી વગાડતી આશ્રમમાં આવી, અને મહાત્માની ઈશારત થતાં એક આસનપર બેસી ભજન સાંભળવામાં નિમગ્ન થઇ; એવામાં કુદરતી હીરાલાલ અને જયરામ શેઠ કુટુંબ સહીત ફરતા ફરતા ભજન સાંભળી મહાત્માનાં દર્શન કરવા સારૂ આશ્રમમાં આવી ચઢયાં! સંત સાધુઓના સમુદાયની વચ્ચે દેવી સમાન એક યોગીની ભદ્રાને ઉપદેશ આપતી જોઇ શેઠ તથા હીરાલાલ પળવાર અચંબામાં પડી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા; અને મઠના મહાત્માની ઈશારતથી આસનપર બેસી ભજન ધુન શ્રવણ કરવા લાગ્યા! હીરાલાલ યોગીની ભદ્રાને જોઈ ઘણોજ વિસ્મય થઈ ગયો, અને વિસ્મય થતાંની સાથે મોહ પામી અંતરમાં અતિ ઉંડા વિચાર કરી કરી યોગીનીને ધારી ધારી ઓળખવા લાગ્યો! જેમ જેમ ધારી ધારીને જોતો ગયો તેમ તેમ તેના અંતરની શંકા પ્રબળ ને પ્રબળ વધતીજ ગઈ, અને યોગીની તેજ કુંદન હેવી જોઇએ એવા મનોવિચારપર કલ્પના બાંધી યોગીનીને નિહાળવા લાગ્યો. યોગીની પણ પળવાર હીરાલાલ સામું તાકી તાકીને જોઈ રહી; અને કાંક કાંક વિચારમાં પડી વમળમાં ગુંચાવા લાગી! તેણે મનને ઘણુંજ રોકી રાખ્યું; પણ બળાત્કારે મન હીરાલાલ ભણીજ જવા લાગ્યું; છેવટે મનને મારવા તેણે પુનર વ્યાખ્યાન આપવું શરૂ કર્યું!

“હરીજનો હવે જ્ઞાન શું કહે છે કે હે મનહંસા ‘હવે માર્ગ શોધી કાઢ, માંહે ભરાઇને માર્ગ શોધી કાઢ, બહાર હીંમતથી આગળ વધીને માર્ગ શોધી કાઢ!’ હવે ઉપાસકે પહોં-

ચવાની જે નેમ અનંત તે એકજ છે, પરન્તુ ત્યાં જઇ પહોંચવાના માર્ગ એકથી વધારે છે. સાધારણ રીતે એમ કહેવાઇ શકાય કે માર્ગ બે છે, એક માણુસ જાતની અંદર અને બીજો બહાર ! બાકીના બીજા માર્ગો આ બે મુખ્ય માર્ગના ફાંટાઓ છે, મૈત્રેય ઉપનિષદ્ કહે છે કે 'છેટેના સૂર્ય મધ્યે જે સુવર્ણમય સત્ પ્રકાશે છે અને જે માણુસના હૃદય કમળમાં છે.' તે બંને અભિન્ન નથી. હૃદય કમળ એટલે આકાશતત્વ જે સકળ સૃષ્ટિમાં માણુસના હૃદય સુદ્ધાંતમાં વ્યાપી રહેલું છે; માટે માણુસના હૃદયમાં વ્યાપી રહેલા કે વિશ્વમાં વ્યાપી રહેલા એ બંને આકાશને કમળ કહી શકાય; દરેક કમળ પોતાની પાંખડીઓ ધરાવે છે એટલે કે દશે દીશાઓ દર્શાવે છે. હવે અનંતને બે મુખ્ય માર્ગે શોધી કાઢવાનું છે; એક તો માંહે ભરાઇને અને બીજુ બહાર આગળ વધીને. યુગો પર્યન્ત દુર્ગુણો સામે યુદ્ધ કરતાં અને દુર્ગુણો છોડતાં મળેલો જય આપણે માટે શુભ અસર ઉત્પન્ન કરશે, અને ભવિષ્યમાં શુભ કર્મ આસપાસ વીંટાય એવું એક કેંદ્ર કે મધ્યબિંદુ બનાવી મુકશે; અને આપણી માંહે રહેલો જીવ આપણે માટે આ ગુપ્ત ધન જાળવી રાખશે. આજ ધન હાથ કરવાનું છે.' કોઇ પણ એકજ રસ્તે આ માર્ગ શોધીશ નહીં. દરેક સ્વભાવને માટે એક રસ્તો છે, જે તેને માટે અતિ અનુકુળ દીસે છે.' જો કે માણુસનાં શરીરો અને આત્મા ઘણે પ્રકારે મળતા છે તો પણ જુગોના યુગો પર્યન્ત તેઓ જે શુભ વા અશુભ કર્મનો સંગ્રહ કરે છે તેથી દરેક માણુસમાં એટલો તો ફેરફાર થાય છે કે કોઇ પણ બે માણુસ તેમની બુદ્ધિ કે નીતી

તરફ જોતાં બધી રીતે મળતા આવતા નથી; તે એટલે સુધી કે આપણે પુરી ખાત્રીથી કહી શકીએ કે દરેક માણુસનો સ્વભાવ જુદો છે, બલકે દરેક બીજાના સ્વભાવથી બદલાઇ ગયો છે. આ લીધે જે માણુસ એક માર્ગે ચાલી શકે તે બીજા માણુસને કદાચ જશનું ફળ થઈ પડે! શ્રી કૃષ્ણ પરમાત્મા પણ કહે છે કે 'મનુષ્ય પોતાની પ્રકૃતીને અનુસરીને ચાલે છે. પ્રાણી માત્ર પોતાની પ્રકૃતી પ્રમાણે વર્તે છે' અને પછી ઉમેરે છે કે દરેક માણુસે પોતા માટે પોતાની ખાસ અવસ્થાને અનુકુળ આવે એવો માર્ગ શોધવો, અને જે ધર્મ એટલે કે મોક્ષપદ પ્રાપ્ત કરવા સારૂ ધારેલી રીતી, દરેક પુરૂષ આમ પોતાને માટે અખત્યાર કરે છે તે જો કે બીજાના ધર્મ કરતાં ઉલટો હોય અને જો કે તે પારકો ધર્મ ગમે તેવી સારી રીતે પાળવામાં આવે તો પણ સ્વધર્મ તેથી ઉત્તમ છે. આ પ્રમાણે આપણી પ્રકૃતી અવસ્થાને અનુકુળ એવો ધર્મ પાળતાં મરણ પામવું એ ખરેખર ફળદાયક છે અને પરધર્મ પકડવાથી ઉલટાં ભયંકર પરિણામો નીપજે છે કેમ કે, 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥' માટે દરેક પુરૂષે પોતાના માટે એક માર્ગ શોધી કાઢવાનો છે! માત્ર ભક્તિથી, કે માત્ર ધાર્મિક ધ્યાનથી કે માત્ર દૃઢ અભ્યાસથી કે માત્ર સ્વભોગજનક શ્રમથી કે માત્ર જીંદગીના બારીક અવલોકન-વડે માર્ગ જડતો નથી! મંડુકય ઉપનિષદમાં કહે છે કે કોઈપણ પુરૂષ બળ વગર માત્ર વૈરાગ્યવડે કે માત્ર ભક્તિવડે કે માત્ર જ્ઞાનવડે આત્માનુભવ પ્રાપ્ત કરી શકતો નથી; પણ જો બુદ્ધિ-માન પુરૂષ આ સર્વે ઉપાયો સાથે યત્ન કરે છે તો તે બ્રહ્મસ્થાને

પહોંચે છે. મનુ પણ કહે છે કે દરેક ઇંદ્રી વશ થવી જોઇએ, નહિ તો જેમ પાત્રમાં એકજ છીદ્ર હોય તો સર્વે જળ ખાલી થઇ જાય છે તેજ પ્રમાણે જો એક પણ ઇંદ્રી વશ કર્યા વગર રહી ગઇ તો સર્વે દિવ્યજ્ઞાન ખોઈ દેવાય છે પણ જ્યારે વૈરાગ્ય-જ્ઞાન વિગેરે સર્વ પ્રકારનાં યત્ન સામટા થાય છે ત્યારેજ આનંદ અને મોક્ષ મળી શકે છે! કેમકે શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે કે 'જો કે તું કદાપી સર્વેથી અત્યંત પાપી હોય, તો પણ જો જ્ઞાનરૂપી નૌકા પર આરૂઢ થઈશ તો પાપસમુદ્ર પણ તરી જવાને સમર્થ થઈશ. હે અર્જુન, જેમ પ્રદીપ્ત અગ્નિ કાષ્ટને ભસ્મરૂપ કરે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મને બાળી ભસ્મ કરે છે.

હે હંસા જે તારા અંતરમાં છે તેજ માત્ર ઇચ્છ. જે તારી બહાર છે તેજ માત્ર ઈચ્છ, જે અપ્રાપ્ય છે તેજ માત્ર ઈચ્છ, કારણ કે અંતરમાં જગત જ્યોતિ છે. માર્ગ ઉપર માત્ર આજ જ્યોતિ પ્રકાશ નાંખે છે. જો અંતરમાં તે જોવાને તું અશક્ત છે તો બીજે ક્યાંયે જોવું નિરૂપયોગી છે. તે તારી બહાર છે, કારણ કે જ્યારે તું તેને પહોંચીશ કે તું પોતારૂપ રહેશે નહિ. તે અપ્રાપ્ય છે, કેમકે તે સદા દુરની દુરજ જતી રહે છે. તું પ્રકાશમાં પેસી શકીશ, પણ કદી પણ જ્યોતિને અડકી શકીશ નહિ. હવે જે ઉપાસકની અંદર, તેની બહાર અને સર્વે બીજે સ્થળે છે, અને જે અપ્રાપ્ય છે તે અનંત છે. સર્વ જગ્યાએ જેની ઈચ્છા કરવી જોઇએ અને જે શોધી કાઢવું જોઇએ તે આ અદ્વૈત અનંત છે. તેની સર્વવ્યાપકતા ઉપાસકના ધ્યાન ઉપર ઠસાવવા માટે તેને અંદર બહાર વગેરે જણાવ્યું છે. જે ઉપાસકની અંદર છે

તે પરમાત્મા છે. તેજ સત્યનું સત્ય છે. તેજ મહા પ્રકાશ છે: ઉપાસકે આજ પ્રકાશ શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો તે યત્ન નિષ્ફળ નિવડયો તો બીજે ક્યાંયે પણ તે જડવાનો નથી પણ જો તે યત્ન સફળ થયો તો સર્વ બીજે ઠેકાણે તે પ્રકાશ દેખાતો થવાની આશા રહેશે; કેમકે ઉપનિષદ્‌માં કહે છે તેમ. 'જે આપણા માટે છે, તેના દર્શન વડે, શ્રવણ વડે, મનન વડે અને ધ્યાન વડે, સકળ વિશ્વ જાણવામાં આવે છે.' તેનું કારણ આ છે કે 'જે પ્રકાશ માણસમાં છે તેજ પ્રકાશ તેની બહાર આ આકાશ ઉપર, સર્વે ઉપર, સર્વોત્તમ લોકની પણ ઉપર કે જેની પર બીજો કોઈ પણ લોક નથી ત્યાં પણ પ્રકાશે છે.' છાંદોગ્ય ઉપનિષદ્ જણાવે છે કે જો ઉપાસક માત્ર અંદર જોઇને બહાર નથી જોતો તો તેનો શ્રમ નિરૂપયોગી થઇ પડે છે. જે ઈચ્છાવાનું તે અનંત છે અને એ નીચે ઉપર પાછળ આગળ જમણે પાસે અને ડાબા પાસે છે. આ સર્વે અનંતજ છે. 'બહાર છે' જો તે માણસ કે વસ્તુની બહાર ન હોય તો અનંત કહેવાયજ કેમ? જ્યારે ઉપાસક જે તેની અંદર અને વળી બહાર છે તે જોવાનો યત્ન કરે છે ત્યારે અનંતમાં સમાઈ જાય છે અને ત્યારે તે અનંતનો મહા સંકલ્પ સમજતો થાય છે અને આમ કર્યાથીજ તેના મહાભારત કાર્યમાં જય પ્રાપ્ત કરવાની આશા રહે છે. અનંત એ પરમાનંદ છે. જે કોઇનો અંત છે તેમાં આનંદ સમાયલો નથી. અનંત માત્ર આનંદ છે. અમે આ અનંતનેજ ઈચ્છીએ છીએ અને જાણીએ છીએ, એટલા સારૂજ જ્ઞાનીઓ ગાય છે કે,

" હૃદયનું રક્ત કાઢીને લખીશ લેખો પ્રતિજ્ઞાના;
સદા આજ્ઞા ધરીશ શિર પર અમારો તું થશે ત્યારે.
નથી શંકા કથન માંહિ કથાનું સર્વ હિત માટે;
સમર્પણ સર્વ પોતાનું અમારો તું થશે ત્યારે.
કરીશ જો પ્રાણ આહુતી અમારા ધર્મને માટે;
મરણની રહે નહિ પરવા અમારો તું થશે ત્યારે.
ગમે તે થાઓ તો પણ શું રગોરગમાં તુંહિ સાચો;
ધરે પરમાર્થથી પ્રેમજ અમારો તું થશે ત્યારે.
કહું તે સર્વ કરવાનું પ્રયોજન પૂછવું નહિ કંઈ;
પટંતર નહિ પડે જો પ્રાણ અમારો તું થશે ત્યારે.
પડે તે દુઃખ સહેવાના ઘણા દુઃખો સુખાર્થે સહુ;
ઘણો ગંભીર યદા થાશે અમારો તું થશે ત્યારે.
નથી ધડ પર શિરજ લેખી અમારી ભક્તિમાં મસ્તાન;
યદા થાશે કપટ ત્યાગી અમારો તું થશે ત્યારે.
ફળોની આશ રાખ્યા વિણ અધિકારે કરીશ કાર્યો;
જગત વાણી ગણીશ નહિ કંઇ અમારો તું થશે ત્યારે.
જગતને અન્યવત્ દેખીશ અમર એક હંસને દેખીશ;
સ્વભાવે સહુ થતું દેખીશ અમારો તું થશે ત્યારે.
ધરીશ શીરપર પ્રભુ પ્રપંચજ અપેક્ષાઓ સકલ સમજે;
અલખ જ્યોતિ પ્રગટ કરશે અમારો તું થશે ત્યારે.
લઘુતા વા પ્રભુતામાં સદા સાક્ષી થઇ રહેવું;
તજીશ હું તું તણા ભેદો અમારો તું થશે ત્યારે. "

"બોલો રામચંદ્રદેવની જય ! કાશીવિશ્વનાથ મહાદેવની જય ! ગંગામૈયાની જય !"

"હર હર મહાદેવ શંભો કાશીવિશ્વનાથ ગંગા,
કાશીવિશ્વનાથ ગંગા કાશીવિશ્વનાથ ગંગા:–હર હર૦"

સર્વ સંત સમાજ ભજનની ધુન ગાતો ઉભો થયો, અને ધીમે ધીમે એક પછી એક સંત મહાત્માઓ ભગવતીદાસ મહાત્માને અને ભક્તિભદ્રાને નમન કરતા કરતા એક પછી એક એમ સૌ સૌના સ્થાનકે વિદાય થવા લાગ્યા! આશ્રમના સાધુઓ પ્રણામ ઉપર પ્રણામ કરી આશ્રમમાં સૌ સૌના સ્થાને ચાલ્યા ગયા; ધીમે ધીમે બહારના હરીજનો પણ નમસ્કાર ઉપર નમસ્કાર કરી એક પછી એક વેરાવા લાગ્યા; છેવટે મહાત્મા પાસે જયરામ શેઠ અને હીરાલાલ આવ્યા અને તેમને વંદન કરી હાથ જોડી ઉભા રહ્યા! ભાગીરથી અને જમના શેઠાણી ભક્તિભદ્રાના ચરણમાં પડી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી હાથ જોડી સામે ઉભાં રહ્યાં; શેઠ પણ ભક્તિભદ્રાને વંદન કરી મહાત્મા પાસે હાથ જોડી ઉભા રહ્યા; ફક્ત હીરાલાલજ ભક્તિભદ્રાને વંદન નહિ કરતાં મહાત્માને વંદન કરી શેઠ જોડે વાત કરવા લાગ્યો; મહાત્મા હીરાલાલના ભેદને અંતરમાં છુપી રીતે કળી ગયા અને કાંઇક શંકાશીલ દૃષ્ટિથી હીરાલાલ ઉપર બારીકાઈથી તપાસ કરવા લાગ્યા અને તેને પગથી માથા સુધી બહુજ ઝીણી દૃષ્ટિએ નિહાળવા લાગ્યા; હીરાલાલ પણ સમજી ગયો કે ભક્તિભદ્રાને વંદન નહિ કરવાથી મહાત્માને કાંઇક ખોટું લાગ્યું છે પણ તે તેના હૃદયની શંકાશીલ વાતને અંદર ગળી જઈ અન્ય પ્રસંગ કાઢી મહાત્મા તથા શેઠને અન્ય વિષયમાં દોરવાનો પ્રયત્ન કરવા લાગ્યો; ત્યાં બટકબોલી ભાગીરથી ઝટ

વચમાં બોલી ઉઠી અને મહાત્માની શંકાને સબળ કરી રંગમાં ભંગ પડાવા તત્પર થઈ!

"હીરાલાલભાઇ! આજનું વ્યાખ્યાન ઘણુંજ ઉત્તમ થયું! ભક્તિભદ્રાનો ઉપદેશ ઘણોજ ઉત્તમ છે. તેમનું જ્ઞાન તમારા જેવું ઉચ્ચ અને સંસ્કારી છે! ઓહો તમે તો તેમને પગે પણ ન લાગ્યા! તેમને પ્રણામ કરવા ભૂલી ગયા! કે અમારા પહેલા તેમને વંદન કરી સૌની આગળ આવી ઉભા છો!"

"બ્હેન મહાત્માઓને તો સર્વદા નમસ્કાર છે! જ્ઞાનીઓને સર્વદા મારૂં વંદન છે! હાથ જોડેજ વંદન થાય છે એમ નથી; પણ હૃદયથી વંદન કરી શકાય છે! જ્ઞાન સર્વદા વંદન કરવા જોગ છે!"

"અચ્છા બાબા મેં પન તુમારાપર શંકાશીલ હોતા હુઉં. આપકુ મેં અંતરમેં અભિમાની ધારતા હુઉં! એ ભક્તિભદ્રાકુ સારે સંત નમન કરકે ચલ ગયા; ઓર આપ અકેલા અડગ હો કર અમારી સામને હાથ જોડકર ખડા રહ્યા હય! ઉસપરસેં મેરેકુ કુછ અંદેશા ઉત્પન્ન હોતા હય! આપકુ મેં એક સૂત્ર સૂનાતા વો સૂનો! **पुज्जास्थानं गुणीनाषु न च लिङ्ग न च वय।।** ગુણવાન પુરૂષોંકી પુજાકે લીયે ઉસકી વય ઓર જાતકા વિચાર કભી ન કરના! જ્ઞાનીમેં પુરૂષ ઓર સ્ત્રી ગમે તે હો મગર ઉસકા સત્કાર કરનેમેં કુછ શંકાશીલ નહીં હોના!"

"મહાત્મા મેં આપને પ્રથમજ જણાવી દીધું કે હું જ્ઞાનીને સર્વદા વંદન કરૂં છું! મુમુક્ષુઓ અને હરીજનો તથા શ્રોતાઓ ધીમે ધીમે જ્ઞાનના સંસ્કારી થતા જાય છે; જ્યારે તેમના

હૃદયમાં જ્ઞાનના તથા ભક્તિના સંસ્કાર પડે છે ત્યારેજ તેઓ જ્ઞાનીઓને ઓળખતા થાંય છે; જેમ જેમ તેમના હૃદયમાં જ્ઞાનીઓની ઓળખાણુ થાય છે તેમ તેમ હૃદય સદા વંદનમાંજ ડુબતું જાય છે. બહારના આડંબર જોવાની કાંઇ પણુ જરૂરીઆત જણાતી નથી; હું ભક્તિભદ્રાના ઉપદેશથી ઘણોજ પ્રસન્ન થયો છું. તેમના જ્ઞાનને વાસ્તે મારો ઘણોજ ઉંચો મત છે! એમનો ઉપદેશ સાંભળી હું ઘણો અચંબામાં પડી ગયો છું; ઓહો વિશ્વમાં આવી જ્ઞાની સ્ત્રી ઉપદેશકો પાકે છે? અરે જેને મોટા સંત મહાત્માઓ પણુ ચરણુમાં પડી પડી વંદન કરે છે. આ વિચારમાં તદ્દલીન થએલો હું તરતજ ભજન બંધ થવાથી ઉભો થયો અને આપના ચરણુમાં આવી નમસ્કાર કરી આપની સામે આવીને આનંદમાં નિમગ્ન થઇને ઉભો છું; મહાત્મા જો મારો કાંઈ અપરાધ થયો હોય તો ક્ષમા કરો, હું એક બાળક છું!"

"નહીં નહીં ભૈયા તેરા કુચ્છ અપરાધ નહીં હય, મનુષ્યકી ભૂલ હો જાતી હય! ગુસ્સે મત હોના! હૃદયમાં કુચ્છ દીલગીરી મત કરના!"

"મહાત્મા આ તમારો પ્રશ્નજ અછાજતો છે. શ્રોતા હરીજનો અને સાધક ઉપાસકો જેમ જેમ સંસ્કારી થાય છે તેમ તેમ તેઓ વિનયશાળી ભક્તિવાન, નિતીવાન અને ધર્મીષ્ટ બને છે; આપનો એમાં કાંઇ અવિનય નથી, મહાત્માનું કહ્યું કંઇ પણુ અંતરમાં ધરશો નહીં, એમણે સ્વભાવિક પ્રશ્ન કર્યો છે!"

"હાં હાં ભક્તિભદ્રા હવે આ વાદ વિવાદ જવા દો.

મહાત્મા જો કાંઇ અમારાથી અપરાધ થયો હોય તો ક્ષમા કરો, આપ સંત મહન્ત છો અને અમે અલ્પજ્ઞ સંસારી માયાવી જીવો છીએ; અમે તો બધાં જાત્રા કરવા સારૂં કાશીપુરીમાં આવ્યાં છીએ. ગંગા પર ન્હાતાં ન્હાતાં આપના ભજનનો ધ્વની અમારા હીરાલાલના કાનમાં પડયો એટલે તે તરતજ અમને તમારાં દર્શન સારૂ અહીં દોરી લાવ્યા છે. સર્વેથી વધારે સંસ્કારી અને અધિકારી હીરાલાલ છે; અમે તો મહાન પાપી છીએ! કાશી સુધી લાવનારજ આ પુરૂષ છે; એમણે અલ્પ વયમાં ઘણુંજ જ્ઞાન સંપાદન કર્યું છે; તે મહા ભાગ્યશાળી સંસ્કારી અધિકારી વિદ્વાન્ ગુણવાન અને નિતીવાન ધર્મીષ્ઠ છે; આ વખતે આવી નજીવી ભૂલ તેમનાથી કેમ થઇ તે કાંઇ મારા કળી શકયામાં આવતું નથી!"

"શેઠીઆ તુમારા કહેના સબ સચ હય! જયસા સંસ્કારી એ પુરૂષ હય, વયસી સંસ્કારી યે ભક્તિભદ્રા હય! હમ સબ લોક ઉનકુ આશ્રમકી દેવી માનતા હય! વો બડી જ્ઞાની ધ્યાની નિર્માની ઓર ધર્મીષ્ઠ હય! એ ગંગા નદીમેં એક દીન અમારા સંત મહાત્માઓંકા સુભાગ્યકે લીયે ઓર આશ્રમકા ઉદય કરનેકે લીયે તણાતી તણાતી શબવત્ સ્થિતિમાં દ્રષ્ટીવાન હુઇ! હમ સબ સાધુ સંત મીલકર ઉનકુ ગંગામાંસે કાઢકે આશ્રમમાં લા કર ઉનકી આસનાવાસના કી; જબ અચ્છી હુઇ ઓર યે જ્ઞાની દશાકુ પામ કર હમ સબ લોકકુ જ્ઞાનકા ઉપદેશ કર રહી હય!"

"મહાત્મા તમને જેવી રીતે આ ભક્તિભદ્રા દેવી ગંગા

નદીમાંથી પ્રાપ્ત થયાં છે; તેવી રીતે આ'હીરાલાલ દેવ પણ અમને દરિયા કીનારેથી શાન્યવત્ સ્થિતીમાંજ પ્રાપ્ત થએલા છે. તેમની પણ અમે સેવા ચાકરી બરદાસ કરી આ સ્થિતીને અમે પ્રાપ્ત કરી શકયા છીએ !"

"વાહ વાહ વાહ વાહ આજ તો બ્હોત અચ્છા હુવા ! શેઠઆઓ ઇધર બેઠો ! આજ રોજ યે આશ્રમમેં મુકામ કરના, ઓર કલ પ્રસાદ લે કર જાનેકી મરજી હોવે તો જાના ! હીરાલાલભાઇ હમકુ માફ કરના !"

"અરે હાં હાં મહાત્મા એમાં માફ શું કરવાનું છે ! આપ ત્યાગી છો અને અમે રાગી છીએ; આપ જોગી છો અને અમે સંસારી છીએ ! સમસ્ત સંસારી જીવો યોગીઓને વંદન કરવાને વાસ્તે સૃજાએલા છે ! હવે આ વિષયનું સ્પષ્ટીકરણ જવા દ્યો ! સાધુ વૈરાગી અને ત્યાગી એ ત્રણ વંદન કરવાનેજ લાયક છે ! જુઓ અમારા જયરામ શેઠની ઇચ્છા આવતી કાલે તમામ સાધુ સંત મહાત્મા અને એકંદર આખા આશ્રમવાસીઓને ભોજન આપવાની છે ! આપ મહાત્મા કૃપા કરી અમારા શેઠની ઇચ્છા માન્ય રાખી અમને કૃતાર્થ કરો !"

"અચ્છા શેઠજી ! જો તુમારી ઇચ્છામાં આવે સો કરો ! મગર આજકી રાત આપ હમારા આશ્રમમાં નિવાસ કરો ! રાતકા પરસાદ આશ્રમમેં પાઓ !"

"મહાત્મા જેવો આપનો હુકમ ! સંત મહાત્મા એજ આ સંસાર સાગર તરવાનાં વ્હાન છે ! સંત સમાગમ અને સંત સેવા એજ આ સંસારમાં સાચો લ્હાવ છે !"

"મહાત્મા જ્ઞાન છે એ એક અગ્નિ છે! એને અજ્ઞાનતાની ઉધેઇ લાગતીજ નથી! આપ મારીવતી ભક્તિભદ્રાને પ્રશ્ન કરો કે કુંદનકુ રસના કયા ઓર હીરાકુ ઓપના કયા ?!"

"ભક્તિભદ્રા, યે હીરાલાલ આપકુ પ્રશ્ન કરતા હય કે કુંદનકુ રસના કયા ઓર હીરાકુ ઓપના કયા ?"

"મહાત્મા, મહાત્મા આપ એ શું બોલ્યા ? ફરી બોલો, ફરી બોલો !"

"કુંદનકુ રસના કયા ઓર હીરાકુ ઓપના કયા ?"

"હેં, હેં, કોણુ, કોણુ મારો વ્હાલો હીરો !"

"હેં, હેં, કોણુ, કોણુ મારી વ્હાલી કુંદન !"

"કુંદન હય સો જ્ઞાન હય !"

"હીરા હય સો સંત હય !"

"જ્ઞાનકા સમાસ સંતમાં હોતા હય !"

"હીરાકા સમાસ કુંદનમાં હોતા હય !"

અચાનક અણુચિન્તવી મુલાકાતથી હીરાલાલ અને કુંદન એક બીજાને ઓળખી આલેખી ભેટી પડયાં ! મહાત્મા તથા સંતો આ પ્રસંગ જોઈ છક થઈ ગયા ! જયરામ શેઠ અને તેનું કુટુંબ પણ આ ભેટો જોઈ આનંદમાં વિસ્મય થઇ ગયું ! મહાત્મા અને જયરામ શેઠ અન્યો અન્ય કાંઈ વાતચિત કરી આશ્રમના એક વિભાગમાં ગયા ! હીરાલાલ તથા કુંદન પણ પ્રેમમાં ગરકાવ થઈ આશ્રમની બહાર ગંગા તટપર ગયાં ! જમના અને ભાગીરથી પણ અન્યો અન્ય વિચારમાં પડી આશ્રમના એક ઓટલા ઉપર બેસી વિચાર કરવા લાગ્યાં ! આમ કુંદન અને હીરાલાલ હૃદય-

ભાવનામાં ભળ્યાં, મહાત્મા અને જયશમ શેઠ કુતુહલ ભાવનામાં નિમગ્ન થયા અને જમના તથા ભાગીરથી સ્નેહરાગની ભાવનામાં તન્મય થયાં ! વાંચક ! ચાલો હવે ત્રિપુટીની ભાવનામાં ડોકીઆં કરી સંતાકુકડી રમીએ !

"જયરામ શેઠ આપ કોન હો ! કીસ લીયે આપ ઈધર આયે હો ! હીરાલાલકી મુલાકાત કબ પ્રસંગસે આપકુ હુઈ હુય ! વો સબ બાતકા મેરેકુ વિસ્તાર પૂર્વક ખુલાસા કરો !"

"મહાત્મા હું એક વણિક વ્યાપારી છું ! મારૂં નામ જયરામ છે. પેલી વિધવા જણાય છે તે મારી બાલવિધવા પુત્રી છે. તેનું નામ ભાગીરથી છે. તેની જોડે જે સ્ત્રી છે તે મારી ધર્મપત્ની છે. હું મંદારગઢનો રહેવાશી છું ! એક પુત્રી શિવાય મારે કાંઈ અન્ય સંતાન નથી ! એક વખત હું મારા મિત્રમંડળ અને કુટુંબ સહિત શૈલેશ્વર મહાદેવમાં થાળ કરવા સારૂ ગયો હતો ! ત્યાં શેલનાથના પહાડ પાસે આવેલા સમુદ્રના કિનારાપર હીરાલાલનું અચેત શબ પડયું હતું; તેને ડોળીમાં લઇને મહાદેવના બાવાઓ ભજન ગાતા ગાતા શૈલેશ્વર મહાદેવમાં આવ્યા. ત્યાં હીરાલાલની સારવાર કરી તેને સારો આરામ આપી સ્વસ્થ બનાવ્યો; ત્યાર બાદ મહન્તને આજીજી કરી હીરાલાલને હું મારા ઘેર મંદારગઢમાં લઈ ગયો; અને મારે ત્યાં રાખી તેની સેવા ચાકરી સારી રીતે કરી ઔષધી ઉપચાર કરાવી તેને શક્તિવાન બનાવ્યો; ત્યાર બાદ તેને મેં મારા વ્યાપાર રોજગારમાં જાણીતો કરી તેના નામથી હું વ્યાપાર કરવા લાગ્યો ! તેનાં ભાગ્યશાળી પગલાંથી મારા વ્યાપાર રોજગારમાં કારમો અને અણધાર્યો એકદમ વધારો

તથા સારો નફો થઈ ગયો ! ટુંક અરસામાં તેના પ્રતાપથી અને અઢળક લક્ષ્મી માન મરતબો અને કીર્ત્તી સારી રીતે પ્રાપ્ત થયાં ! મારે પુત્ર નહીં હોવાથી મેં તેને પુત્ર તરીકે ગણી મારી પેઢીનો સઘળો કારભાર તેને સોંપ્યો; અને ધીમે ધીમે તમામ મારી માલ મીલકત તેના નામપર ચઢાવી વ્યવહારની ઉપાધી-માંથી હું મુક્ત થઈ ગયો ! મારી અવસ્થા દીનપરદીન વધવાથી છેવટે હું કુટુંબ સહીત કાશી મથુરા પ્રયાગ અને અન્ય પવિત્ર-ધામની જાત્રા કરવા સારૂ આવ્યો છું ! કાશીમાં ફરતાં ફરતાં અનેક તીર્થનાં દર્શન કરતાં કરતાં અમે ગંગા કીનારે આવ્યાં; ત્યાં તમારા આશ્રમમાંથી ભજનની ધુન સંભળાવાથી અમે સૌ તમારાં દર્શન કરવા સારૂ આશ્રમમાં આવ્યાં ! આટલી હકીકતે જેટલી બની છે તેટલી મેં તમને કહી સંભળાવી; હવ ત્યાર બાદની હકીકત તમે પણ જુઓ છો અને હું પણ જોઉં છું; હવે કહેવાથી વિશેષ નથી !"

"એ હીરાલાલ કોન હય, ઉસકી હકીકત મેં સુનનેકું ચાહતા હઉં !"

"મહારાજ તેમની હકીકત હુંજ પૂરી જાણતો નથી, તો આપને હું શું કહું !"

આ પ્રમાણે ભેદ ભાવનાના ખુલાસા કરતા મહાત્મા અને જયરામ શેઠ વધુ વાતચીતમાં નિમગ્ન થયા ! જમના શેઠાણી ભાગીરથીને પણ કેટલીક હીરાલાલ સંબંધી હકીકત પૂછવા લાગ્યાં !

"બ્હેન તું હીરાલાલ સંબંધી વધુ હકીકત જાણે છે ? તે

તારા પ્રસંગમાં ઘણી વાર આવતા તેથી વખતે તું જાણતી હોવી જોઈએ!"

"બા, હું તેમની જેવી જોઇએ તેવી હકીકત જાણુતી નથી તેમની હકીકત જાણવાને હું ઘણી વાર તેમને પ્રશ્ન પૂછી પૂછી કંટાળો ઉપજાવતી હતી, પણ તે કોઈ પ્રકારનો ખુલાસો કરતાજ નહોતા! વખતો વખત તે જ્યારે એકલા હતા, અને કાંક સાંભળી આવતું હતું; ત્યારે ઘણી વાર કુંદન કુંદન કહી નિસાસા મુકતા; એ કુંદન કોણ છે તે જાણવા સારૂ હું તેમનો ઘણી વાર કેડો લેતી હતી; પણ તે કશો ઉત્તરજ આપતા નહોતા! તેમનાં માતપિતા સંબંધી તથા સ્ત્રી સંબંધી ઘણી વાર મેં તેમને પૂછયું હતું, ત્યારે તે ફક્ત ગોળ ગોળ જવાબ આપી મને હવામાં ઉરાડતા હતા; અને વખતે નહીં જેવો ખુલાસો કરી તરત વાતનો પ્રસંગ બદલી નાંખી આઘા પાછા થઈ જતા હતા. જ્યારે તેમની પ્રકૃતિ અસ્વસ્થ હતી ત્યારે ઘણી વાર તે બેબુદ્ધિમાં કુંદન કુંદન બોલી જતા હતા! તેમનું વતન રાજનગર છે. તે બ્રાહ્મણ ન્યાતીના છે. તેમનાં માતપિતા મરણ પામેલાં છે! તેમનો વિવાહ થએલો છે, પણ લગ્ન થયાં નથી. તેઓ બી. એ. પાસ થએલા વિદ્વાન્ સંસ્કારી ગ્રેજ્યુએટ સાક્ષર છે! આ શિવાય હું તેમની અન્ય કાંઈ હકીકત જાણુતી નથી! આટલી હકીકત તેમની અસ્વસ્થ પ્રકૃતિમાં હું ગુપ્ત રીતે જાણી ગઈ છું! મારૂં અનુમાન એમ થાય છે કે તેમનો એક કુંદન નામની કન્યા સાથે વિવાહ થએલો છે પણ લગ્ન થએલાં નથી! લગ્ન પ્રસંગમાં ગમે તે પ્રકારની મુશ્કેલી આવવાથી બંને જણાં જુદાં પડી ગએલાં છે! અત્યારે

જે આ ભક્તિભદ્રા દેવી તરીકે આ આશ્રમમાં ઉપદેશ આપે છે તે કુંદન હોવાં જોઇએ; તે શિવાય અચાનક આમ તેમનો મેળાપ થાય નહીં !"

"ભાગીરથી મારૂં પણ એજ અનુમાન છે ! આજ કર્મ-સંજોગે તેમનો અચાનક મેળાપ થઈ ગયો ! વર કન્યા એકાએક પ્રભુ કૃપાએ એકઠાં થઈ ગયાં !"

"ભગવાન બંનેનું કલ્યાણ કરો ! જગતમાં કોઇ પણ વિયોગી અને દુઃખી હશોજ નહીં ! વિરહનું દુઃખ વિરહીજ જાણે છે !"

મા દીકરી પણ હીરાલાલ અને કુંદનને આશિષ દેતાં દેતાં હીરાલાલ સંબંધી વાર્તાલાપમાં મશગુલ થવા લાગ્યાં ! ગંગા તટપર ભક્તિભદ્રા દેવી અને હીરાલાલ બંને જણાં એક શિલા તટપર બેસી હૃદય હૃદયથી જાણવા લાગ્યાં !

"ઓહો પ્રભુ તમે અહીં ક્યાંથી ? શું મારે વાસ્તે સ્વર્ગ તજી પુનર અવતાર ધારણ કરી અહીં આવ્યા ?"

"ઓહો દેવી ! હજી પણ તમે મારા દર્શન સારૂ શરીર ધારણ કરી આ સ્થિતી ધારણ કરી રહ્યાં છો ?"

"વ્હાલા હું આ શું જોઉં છું ! પરમાત્મા તારી મારા ઉપર કેવી પરમ કૃપા ! હું જાગું છું કે ઉંઘું છું ! ઓહો આ તે સ્વપ્ના-વસ્થા છે કે જાગૃત અવસ્થા છે ! મારો હીરો શું મારી સમક્ષજ ઉભો છે !"

"મારી કુંદન હું તારી સેવામાંજ છું ! દેવી હું તારી સમક્ષજ ઉભો છું !"

"વ્હાલા આ ગરીબ દાસી સારૂં આટલું બધું કઠોર દીલ કરી નાંખ્યું! પ્રભુ મને છેકજ ભૂલી ગયા!"

"દેવી હું તારી ભ્રમણામાં ભૂલો પડી ભટકાઈ રહ્યો છું!"

* * * *

"ઓહો અલબેલડા, આવા મનમેલડા, થઈએ શું છેલડા, વાહરે વ્હાલા!
આવો રસિકજી, મીઠા મોહનજી, પિયુ પ્રિતમજી, વાહરે લાલા!
લટકે લોભાણી છું, ફંદે ફસાણી છું, રાગે રંધાણી છું, વાહરે વ્હાલા!
પ્રીતે લલચાવીને, નિત્યે તલસાવીને, મનડું મલકાવીને, છોડી લાલા!
વખત વિચારીને, વરત વાઢીને, કુવે ઉતારીને, મારી વ્હાલા!
વિશ્વાસે વહેતી, મુકીને અલેતી, ચાલ્યા કંઈ ચેતી, વાહરે લાલા!
અંતર રિસ ધારી, સ્થિતિ ન વિચારી, છબીલા વિસારી, વાહરે વ્હાલા!
હઠીલા શું હઠે, હીંડ્યા બહારવટે, કોડીલા કપટે, વાહરે લાલા!
આવી મોસાળે, નચાવી કંઇ વ્હાલે, હૃદયઘાવ સાલે, વાહરે વ્હાલા!
ચતુરા આ ચાંપી, ચિતડામાં સ્થાપી, મને લીધી માપી, વાહરે લાલા!
મોહે મુંઝાવીને, રંગે રીઝાવીને, સંગે સજાવીને, વાહરે વ્હાલા!
રાગે એ રસીયા, વ્હાલા દુર વસીઆ, ખાંતેથીજ ખસીઆ, વાહરે લાલા!
ચાલ્યા તે ચાલ્યા, વચન જે આલ્યા, પિયુ નવ પાળ્યા, વાહરે વ્હાલા!
અંતર હઠ લીધી, ખબર નવ કીધી, ગૃહી વાટ સીધી, વાહરે લાલા!
મામાએ સમજાવ્યા, થયા બહુ ડાહ્યા, મૂકી મારી માયા, વાહરે વ્હાલા!
મીઠા થયા મેલા, માન્યા નવ છેલા, હઠે બન્યા ઘેલા, વાહરે લાલા!
ઉભા રહો અટકો, ચાલ્યા કરી લટકો, કાગળ એક કટકો, લખ્યો નહિ વ્હાલા!
મીઠો પ્રેમ રણકો, છબીલા શું છણકો, માળા કેરો મણકો, વાહરે લાલા!
વ્હાલાજી વિસારી, કરી નવ મારી, નચાવી આ નારી, વાહરે વ્હાલા!
બાળા હું બિચારી, દુનિયા નવ મારી, રૂવે જખ મારી, વાહરે લાલા!

મુંગો ગોળ ખાતો, સ્વાદ ન કહેવાતો, મનમાં મુંઝાતો, વાહરે વ્હાલા !
મનડા કેરી વાતો, ગજબ છે ઘાતો, કરે ઘાવ તાતો, વાહરે લાલા !
મરૂ એક સંગી, દુનિયા છે દોરંગી, રંગી કહે નારંગી, વાહરે વ્હાલા !
લાગે નત્ર પ્યારૂ. વિશ્વ બધું ખારૂ, નથી કોઇ મારૂં, વાહરે લાલા !
આવી પટામણી, મીઠી મનામણી, રૂડી વધામણી, વાહરે વ્હાલા !
લીધા લગનીઆ, લાગી લગનીઆ, આવ્યા સજનીઆ, વાહરે લાલા !
હરખી આ છાતડી, મંગળ ઘાટડી, ઉભી જોઉં વાટડી, વાહરે વ્હાલા !
ચઢીને હવેલી, ઉમંગે હું ઘેલી, જોઉં જાન વ્હેલી, વાહરે લાલા !
ઝરૂખે હું છેલી, બની વર ઘેલી, આવી થૈ નવેલી, વાહરે વ્હાલા !
ટોળે મળી ઘેલી, મારી કંઈ સાહેલી, હાંસી કરે ખેલી, વાહરે લાલા !
અંગે ચોળે પીઠી, જાન નવ દીઠી, પડી નીચે હેઠી, વાહરે વ્હાલા !
રકતે રંગાણી, થયું ધુળ ધાણી, બાજી ત્યાં પલટાણી, વાહરે લાલા !
ખબર ત્યાં તો આવી, દરિયાએ ડુબાવી, જાન જળ સમાવી, વાહરે વ્હાલા !
મામા ગભરાણા, પાપ શા ઉભરાણા, રખા કર્મે વ્હાણા. વાહરે લાલા !
બેઠા મુજ પાસે, બનીને નિરાશે, જોઇ મને ત્રાસે, વાહરે વ્હાલા !
દરિયાને ડોળાવ્યો, પત્તો કાંઇ ન આવ્યો, વિધીએ ફસાવ્યો, વાહરે લાલા !
દીવસ કાંઇ વિત્યા, વિતકણા તો વિત્યા, ભુંડા ભાગ્ય જીત્યા, વાહરે વ્હાલા !
ફરી વર શોધ્યો, વિવાહ મારો સાંધ્યો, દેહ મારો બાંધ્યો, વાહરે લાલા !
મોશાળ મધ રાતે, મુકી ચાલી ખાંતે, જંગલ કેરી વાટે, વાહરે વ્હાલા !
વિજોગણ આ ચાલી, જોગણ બની ચાલી, જંગલમાં હું મ્હાલી, વાહરે લાલા !
પાડીને પોકારો, પ્રભુને પોકારી, હીરાને પોકારૂં હું વાહરે વ્હાલા !
જંગલમાં હું ભટકુ, કાંઇ ન અટકુ, મુજ શીર પટકુ હું વાહરે લાલા !
હું બાળી ને ભોળી, અંગે રાખ ચોળી, ઝાલી કંથ ઝોળી, વાહરે વ્હાલા !
ભટકાતાં કુટાણી, અધવચમાં લુટાણી, પાતળીઆ પસ્તાણી, વાહરે લાલા !

એકલડી હું અંગના, કોઇ ન અંગના, વારી વારાંગના, વાહરે વ્હાલા !
લઈ મને અંકમાં, ચાલી નિશંકમાં, રાખી પર્યંકમાં, વાહરે લાલા !
અરદાસ કીધી, ખબર મુજ લીધી, દાદ કંઇ ન દીધી, વાહરે વ્હાલા !
ભરમાવી આ ભોળી, ભુંડા વેણ બોલી, આપી વિષ ગોળી, વાહરે લાલા !
આવ્યા કાંઇ સેલાણી, લાલચે લેવાણી, ગુણકા તો ધરાણી, વાહરે વ્હાલા !
મુજને ભરમાવે, લાલચથી લલચાવે, રાત દી સમજાવે, વાહરે લાલા !
એક દી ફીટકારી, ગુણકાને ધિક્કારી, ધુળ કીધી નારી, વાહરે વ્હાલા !
ધિક ધિક જારી, લજવે જાત તારી, કરે કર્મ કારી, વાહરે લાલા !
મળી સૌ સંઘાતે, ધમકી દીધી વાતે, માની જા તું ખાંતે, વાહરે વ્હાલા !
બારીમાંથી રાતે, કુદી પડી જાતે, નાઠી ઉભી વાટે, વાહરે લાલા !
આવે સૌ પછાડી, દાંત આંખ કહાડી, નાસું હું અગાડી, વાહરે વ્હાલા !
આવ્યા પુરપાટી, રેલ કુદી નાઠી, દશા થઈ માઠી, વાહરે લાલા !
આવી આગગાડી, કપાયા ચીસ પાડી, એન્જીને હું ત્રાડી, વાહરે વ્હાલા !
પડી હું ઘવાણી, દુઃખમાં દબાણી, ગુણકા ત્યાં કપાણી, વાહરે લાલા !
રોતી કર જોડી, જીવ લઈ દોડી, હતી ઘડી થોડી, વાહરે વ્હાલા !
સંભાળી હું માડી, ચઢી બેઠી ગાડી, દશાએ જ્યાં કહાડી, વાહરે લાલા !
લીધી વાટ કાશી, બનીને ઉદાસી, આવી કર્મ ફાંસી, વાહરે વ્હાલા !
ગાર્ડ એક આવી, મને ત્યાં સતાવી, ભૂંડું થયું ભાવી, વાહરે લાલા !
દયા નવ આણી, બાળા હું ગભરાણી, પાપીએ જ્યાં તાણી, વાહરે વ્હાલા !
પૂલે ટ્રેન દોડે, પાપી તન છોડે, કરગરું કોડે, વાહરે લાલા !
યુક્તિ નવ જડી, કુદી હું તે ઘડી, પૂલ પર પડી, વાહરે વ્હાલા !
ગંગામાં તણાતી, પાપે હું હણાતી, ભાવીએ જણાતી, વાહરે લાલા !
આવ્યા પુરી કાશી, ભાવિ દયા વાસી, તોબા તોબા ત્રાસી, વાહરે વ્હાલા !
મહન્તે ઉગારી, તણાતી આ નારી, કરી દયા ધારી, વાહરે લાલા !

આશ્રમમાં હું રહેતી, હરીકથા કહેતી, હરીનામ લેતી, વાહરે વ્હાલા !
અંગે ભેખ ધારી, મન મારૂં મારી, મુમતાને વિસારી, વાહરે લાલા !
તજી આધિ વ્યાધિ, મૂકીને ઉપાધી, સાધુ છું સમાધી, વાહરે વ્હાલા !
હરી ગુણ ગાઉં, ગંગામાંહી ન્હાઉં, જોઈ ખુશી થાઉં, વાહરે લાલા !
પાવન કરો નારી, આવોને અવતારી, પુજુ પ્રેમ ધારી, વાહરે વ્હાલા !
મોહન માફ કરશો, રોષ નવ ધરશો, દોષ પર હરશો, વાહરે લાલા !
સ્વામી છું હું શરણે, પડી છુંજ ચરણે, ઢળી છું હું ધરણે, વાહરે વ્હાલા !
તમે દીનબન્ધુ, તમે દયાસિન્ધુ, તમે છો સ્વયંભૂ, વાહરે લાલા !"

"દેવી દેવી મને ક્ષમા કર! વ્હાલી કુંદન આ અપરાધીના અપરાધપર દયા દૃષ્ટી કર! કલ્યાણી તારો હું ઋણી છું! મારા વાસ્તે તેં બહુજ સહન કર્યું છે! જગતમાં કોઇ પણ ન કરી શકે તે કામ તેં કર્યું છે! વ્હાલી મારા વિરહમાં આ જાત ગાળી નાંખી! કુંદન તારી ખુબ કસોટી થઈ! વિરહના અગ્નિમાં ભાવીએ તને ખુબ તાવી! મારી હૃદયરમણી તું કસોટીમાં છેવટે કુંદન તે કુંદનજ રહી! લલિતા તારો બદલો મારાથી નહીં વાળી શકાય! સલુણી તારા સ્નેહની મારાથી કીંમત નહીં આંકી શકાય! મનમોહની, ઉઠો, ઉઠો, હવે પરિતાપને તજી ધો! અલબેલડી આવ આવ એક વાર મને ફરીથી ભેટ!"

"નાથ તમે પણ મારા વાસ્તે ઘણુંજ વેઠયું છે! વ્હાલા તમે પણ મારા સારૂ વિશ્વને અકારૂ કર્યું છે! જીવનમણી મને માફ કરો! હું બોલકણી છું તે બોલી ગઈ છું! તમે સહનશીલ છો તે સહનજ કરી જાણો છો! જેવું મને વીત્યું છે એવું તમને પણ વીત્યું હશે! જે ભાવીએ મને નચાવી છે, તેજ ભાવીએ

તમને પણ નચાવ્યા હશે! જેવી રીતે વેરણ વિધાતાએ મારો કેડો લીધો છે તેમ તમારો પણ લીધો હશે! વ્હાલા મારૂં કહ્યું કાંઈ મનમાં આણશો નહીં! વ્હાલા હું તમને વંદન કરૂં છું!"

"દેવી વિરહ એજ પ્રીતીની કસોટી છે! વિશુદ્ધી એજ પ્રીતીની પ્રતિમા છે! લલિતાંગી દશાએ મને પણ મુકયો નથી! ભાવીના મોંઘમ મારથી આ ભીતર ભેદાઈ ગયું છે!"

"કોણ જાણે દુઃખીતણું દુઃખ, સૌ ભાખે દુઃખ દુઃખ મુખ;
વિતિ આપતણી સૌ ગાય, પર વીતી જાણે નહી જરાય.
જેને વીતી તે જન જાણે, અણજાણ્યા હાંસી પરમાણે;
ઘાવ ઘાયલ જાણે એક, પીડા પ્રસુતી માણે નેક.

દીલ દીલને એક પીછાને, રાગી રાગને હ્રદય માને;
મન મનને એકજ પરખે, ભાવ ભાવમાં ભળી હરખે.
નેન નયનને નેહે નિરખે, પ્રીતિ વાસ કરે ઉર સરખે;
જેના અંતરમાં આઘાત, જાણે જરૂર તે પ્રીતિ વાત."

"વ્હાલા ગીતામાં કહ્યું છે કે,

અનન્ય પ્રેમમાં નિત્યે, જે હૈયાં અભિયુક્ત છે;
પોતે પ્રેમ પ્રભુ ત્યાં તો યોગ ક્ષેમ વહ્યાં કરે!"

"કુંદન! મહાત્મા તુલસીદાસ કથે છે કે,

જ્યહાં રામ ત્યહાં કામ નહીં, કામ ત્યહાં નહીં રામ;
તુલસી દોનોં કયોં રહે, રવિ–રજની એક ઠામ!"

"વ્હાલા કબીરજી પણ એમજ કહે છે કે,

જબ મેં થા તબ તૂં નહીં, અબ તૂં હય મેં નાંહિ;
કહે કબીર નગરી એકમેં, દો રાજા કહાં સમાઇ!"

"કુંદન! દાદુ મહાત્મા પણ એમજ કહે છે કે,

આપા ઓટે આપ હય તાંને રહ્યા લુકાઇ;
દાદુ પ્રકટ પીર હય જો યહ આપા જાઇ!"

"એટલા સારૂજ સંતો અભેદ ગીતમાં ગાય છે કે,

"અન્તર આંટી તુટી ગઇ રે,
ભાગી ભેદ ભ્રમણની ભ્રાન્તરે;
બધે દરશન આપને આપનાંરે,
સંતો ગીત અભેદનાં ગાઇએ રે!

પ્રેમ સુરત બાંધી પ્રેમથારે,
લાગી પ્રેમની તાળી તાનરે;
એમ પ્રેમમણિ નિજ ધ્યાનમાંરે,
સંતો ગીત અભેદનાં ગાઇએ રે!"

"કુંદન! મહાત્મા શ્રી નારદજી પ્રેમભક્તિ સમજાવતા કહે છે કે, ॐ ॥ सानकामयमाना निरोरुपात् । ॐ ॥ परम प्रेम रुपन्वात् ॥ ॐ ॥ निरोधस्तु लोकवेद व्यापार सन्यास: । ॐ ॥ तस्मै अनन्यता ताद्विरोधिषू दासनिता च । ॐ ॥ अन्याश्रयाणां त्यागो अनन्यता । ॐ ॥ लोके वेदेषु तदनुकूला चरण तद्विरोधिषू दासीनता च । ॐ ॥ भवतु निश्चय दाढर्यादूर्ध्वं शास्त्र रक्षणम ॥ ॐ ॥ अन्यथा पातित्य शंकया । ॐ ॥ नारदस्तु तदार्पिताखिलाचारता । ॐ ॥ ताद्विस्मरणे व्याकुलतेति. ॥ ॐ ॥ अस्त्येवमेवम् । ॐ ॥ यथा वज्रगोपीका नाम् ॥"

"વ્હાલા, ભક્તિ કામના સિવાયની હોવી જોઇએ, નિરૂદ્ધ ચિત્તે કરેલી તેથી નિરોધરૂપા હોવી જોઇએ, ભક્તિ પરમ પ્રેમ

રૂપા એટલે પોતાનું ભાન ભૂલી જઇને લીન અને ઉન્મત્ત ભાવનાથી થએલી હોવી જોઇએ. લોક વેદ અને વ્યવહારનો ત્યાગ અને ઈષ્ટ પ્રેમમૂર્તિમાં અનન્યતા અને તદ વિરોધી બાબતોમાં ઉદાસિનતા એ પ્રેમીનો નિરોધ છે. ઈષ્ટ સિવાયના અન્યાશ્રમનો ત્યાગ કરીને ભક્તિ અનન્ય થવી જોઇએ. લોક અને વેદમાં જે ઈષ્ટ પ્રેમને અનુકુલ હોય તેજ કરવું. તદ વિરોધી બાબતો તરફ ઉદાસીનતા રાખવી; પરન્તુ ભક્તિમાં નિશ્ચયની દૃઢતા થયા પહેલાં શાસ્ત્રનું રક્ષણ પાલણ કરવું જોઇએ; અન્યથા પતિત થવાની શંકા છે. નારદનું કહેવું એવું છે કે કર્મ માત્ર તદર્પિત કરવાં અને તેના વિસ્મરણથી પરમ વ્યાકુળ થવું એ ભક્તિ છે. વૃજગોપીકાઓના પ્રેમ જેવો પ્રેમ તેજ ભક્તિ છે!"

"કુંદન,

તમારાને અમારાને ગુણો કે ભાગશો તોયે,
તમારૂં ને અમારૂં એ ગુણે ભાગે થવાનું છે;
થવાનું તે થનારૂં છે જવાનું તે જનારૂં છે,
તમારૂં ને અમારૂં એ થનારૂં છે જનારૂં છે.
તમારૂં તે અમારૂં ને અમારૂં તે તમારૂં છે,
તમારૂં કે અમારૂં સૌ જનારૂં છે જનારૂં છે;
તમારા ને અમારાની અરેરે ખેંચતાણો શી,
તમારૂં ને અમારૂં શું જનારૂં તે જનારૂં છે;
અમારે એજ સારૂં છે પ્રભુનું નામ પ્યારૂં છે,
અમે લેશું અમારૂં છે તમે લ્યો તો તમારૂં છે!"

"વ્હાલા આપનું કહેવું સત્ય છે! અભેદ એજ પ્રેમ છે; અને પ્રેમ એજ પ્રભુ છે! ચાલો હવે આશ્રમમાં જઈશું? વખત

ધણો વ્યતિત થયો છે!"

"દેવી, ચાલો હવે આપણે આશ્રમમાં જઇએ! ઓહો આ તો બધા આપણા ભણી આવતા જણાય છે!"

"બ્હેન, મારી વ્હાલી બ્હેન કુંદન હું તને પ્રણામ કરૂંછું!"

"ઓહો મને બ્હેન કહી બોલાવનાર બાઈ તું કોણ છે?"

"ભક્તિભદ્રા આ તો આપણા આશ્રમમાં પાવન થએલી સેવિકા કાન્તા છે! ધર્મની ઘંટા બજાવનારી અને સફેદ કાગડીની ધ્વજા ફરકાવનારી એક ઉપદેશિકા છે!"

"હેં હેં કોણ મારી વ્હાલી બ્હેન કાન્તા!"

"હા મારી સાધવી દેવી કુંદન હું અભાગણી કાન્તા!"

"ઓહો તારી આ સ્થિતી?"

"હા બ્હેન મારી આજ સ્થિતી છે!"

"બ્હેન તેં પણ દુનિયામાં છુટાં ફરી દુનિયા ઘણી જોઈ જણાય છે!"

"બ્હેન મેં દુનિયાને જોઇ છે અને દુનિયાએ મને જોઇછે!"

"કાન્તા તું પણ મને વખતસર મળી છે!"

"એ સૌ ભાવીનો ખેલ છે! દશા કરે છે તે કોઈ નથી કરતું!"

"ઓહો તમે અહીં ક્યાંથી? હું ધારૂં છું કે આપ હીરાલાલજી છો!"

"આપની ધારણા સત્ય છે!"

"મેં તમને મારા લગ્ન પ્રસંગમાં જોએલા છે!

"હા તે વખતે હું તમારી હવેલીના બગીચામાં ફરતો હતો!"

"ઓહો આ તો મારી બ્હેન કુંદનના વિવાહીત વર હીરાલાલ પોતેજ જણાય છે! હીરાલાલ હું આપને વંદન કરૂં છું! વિધાતાએ વેરણ થઈ તમને પણ ઘણા દુઃખી કર્યા છે!"

"કાન્તા તમે અહીં ક્યારનાં છો? સામાજિક સેવાના સન્માર્ગનાં ક્યારનાં સંસ્કારી થયાં છો?"

"મારી કર્મકથા કહેવામાં સારજ નથી! આપ મારા વૃતાંતથી વાકેફગાર છો! દીન પ્રતિદીન હું સુધારામાં અને પુનર્લગ્નની તરફેણના માર્ગમાં પડી છેક અધમાવસ્થાને પ્રાપ્ત થએલી છું! દુનિયામાં જે નીચમાં નીચ સ્થિતી કહેવાય; તે સ્થિતીને હું ધારણ કરી રહેલી છું! ટુંકામાં મારી કથની ઘણીજ વિલક્ષણ અને ભયંકર છે, કહેવામાં કાંઈ સારજ નથી! મને અત્યારે જે સંસ્કારમાં જુઓ છો તે બધો આ ભગવતિદાસ મહાત્માનોજ પ્રતાપ છે! તેમના આશિર્વાદથીજ મારો ઉદ્ધાર થએલો છે! તેમણે મને ઘણા ઘણા ચમત્કાર બતાવી મારા મનની અધમતા દુર કરી છે; અને છેવટે મને આશ્રમની સેવિકા બનાવી સામાજિક સેવાના સન્માર્ગમાં પરી સંસ્કારી કરી છે!"

"ઓહો ત્યારે તમે ઘણાં ભાગ્યશાળી છો! તમારી પૂર્વ સ્થિતીના સંસ્કાર યાદ આવે છે?"

"તે ઘડી પણ વિસરતા નથી! સર્વદા તેના સ્મરણથી મારૂં ચિત્ત રૂદન થયાજ કરે છે!"

"કાન્તા, ભગવતિ કંથ ભાનુશંકરને તમે ઘણું દુઃખ દીધું છે! તમારા સંતાપમાંજ તેમનો દેહત્યાગ થએલો છે! એના જેવો સંસ્કારી જ્ઞાની ધર્મીષ્ટ અને નીતિવાન સ્વામી તમને અનેક ભવમાં પણ નહિજ મળી શકે! આ ભવમાં તમે તેની કીંમત કરી શકયાં નથી! એ મારો હૃદયનો વિસામો હતો! મારો સન્મીત્ર હતો! મારો એક નીતિવાન સાહ્યક સ્નેહી અને સ્પષ્ટ વક્તા મિત્ર હતો! ગયો, ગયો તે સદાને વાસ્તે આ સંસારમાંથી ગયો!"

"અરેરે એક વાર જો મારી દૃષ્ટિએ પડે તો હું મારા તમામ પાપની ક્ષમા માગી તેમના ચરણ પખાળી ચરણોદકથી મારો પાપી દેહ પવિત્ર કરૂ! અરેરે પણ તે ગયા તે ગયાજ ગયા!!"

"કાન્તા મુએલા મનુષ્યો સ્વર્ગમાંથી પાછા આવતા હશે? જેની જીવતે જીવન કીંમત ન થઇ તેની મુઆ કેડે કીંમત થાય. તે શા કામની? જેને જીવતાં ન ઠાર્યા તેને મુએ શી રીતે ઠારી શકાય?"

"અરેરે પણ એક વાર જો કોઇ મને તેમનું ઠેકાણું બતાવે તો હું ત્યાં જઇને મારા પાપની ક્ષમા માગી આવું અને ખોળા પાથરી પાથરી, કરગરી કરગરી, શિર પત્થર પર પટકી પટકી, અરે ધુળ ચાટી, ગાલ પર તમાચા મારી મારા પાપનો પસ્તાવો કરી માફ માગી તેમનાં ચરણ પખાળુ અને ચરણારવિંદથી આ જીંદગી પવિત્ર કરૂં! જગતમાં સ્ત્રી જેવી રીતે સ્વામીની સેવાથી પાવન થાય છે તેવી કોઇ પણ રીતે પાવન થતી નથી! સ્વામિ

સેવા સિવાય અન્ય સેવાના સન્માર્ગો માત્ર મનને સંતોષવાનાં ભામાં છે! સ્ત્રીને અવશ્ય કરીને મુખ્યત્વે કરીને સ્વામિ સેવાનોજ અધિકાર છે; એ અધિકારમાંજ આર્ય ભૂમિની આર્ય બાળાઓનો ઉદ્ધાર છે!"

"કાન્તા છેવટની પણ તમને ભાનુશંકરની કીંમત થઈ તેથી મને ઘણોજ આનંદ થાય છે! હવે તમે સંસ્કારી અધિકારી અને પવિત્ર થયાં છો! તમારા હૃદયનો પ્રેમ સ્નેહ અને ભાવ એ સંસ્કારી બન્યો છે અને જરૂર તમારો સંસ્કારી ઉંચ પ્રેમ તમને પાવન કરશે અને તમારો છેવટનો ઉદ્ધાર કરશે! આખરે ખત્તા ખાઇને પણ તમે સ્વામી સેવા અને સન્નારીના ઉચ્ચ ધર્મ સમજ્યાં છો તે ઘણુંજ સારૂં થયું છે! તમારા મુખનો તમારા સ્વામીનો જાપ જરૂર તમારી જીંદગીને ઉન્નત બનાવશે!"

"હું આપનાં વચન શિર પર ચઢાવું છું! અરેરે પાછળથી પસ્તાવો થાય તે શા કામનો? અજ્ઞાનતાનો ઉન્માદ થયા પછી જ્ઞાન પ્રગટે તે જ્ઞાન શા કામનું?"

"કાન્તા, પસ્તાવો એ પણ એક પુનરજીવન છે! જીંદગીનાં પાપને પશ્ચાતાપ ઘણા દરજ્જે બાળી શકે છે! જ્યારે મનુષ્યની જીંદગી સુધારણા ધારણ કરે છે; અર્થાત્ જ્યારે મનુષ્ય નીતિ અને ધર્મની ભાવનાથી ભરપુર થઇ રહે છે ત્યારેજ તેના મુખમાંથી પસ્તાવો નીકળે છે! અંતરમાં જ્યારે જ્ઞાન પ્રગટે છે ત્યારે અજ્ઞાનતાનો પશ્ચાતાપ મનુષ્ય જીભેથી ઉચ્ચારી શકે છે!"

"તમારૂં કહેવું સત્ય છે!"

"તો હવે વલોપાત અને પશ્ચાતાપ મુકી જે સન્માર્ગનાં સંસ્કારી થયાં છો, તે સન્માર્ગને મજબુત રીતે ગ્રહણ કરી રાખો! જેણે તમને પાવન કર્યાં છે તેજ તમારો ઉદ્ધાર કરશે!"

"હીરાલાલ તેરે જયસે ઉચ્ચ અને સાફ દીલકા મનુષ્ય મેં કોઇ ન દેખા! તું મનુષ્ય નહિ હય મગર દેવ હય! સચ્ચ કહેવે તો તું એક કર્મયોગી હય! જ્ઞાનયોગી હય! આવ આવ મને ભેટ!"

"મહાત્મા હું એક સાધારણ મનુષ્ય છું! સારા અને જ્ઞાની જનો જગતમાં હરેકને પોતાના સમાન જુએ છે! સારો સારૂ જુએ છે અને નરસો નરસું જુએ છે! તમારા જેવા જ્ઞાની પવિત્ર અને નિર્માની ધર્મીષ્ટ મહાત્માના અંગ સ્પર્શથી હું આજે પાવન થયો છું! મહાત્મા હું આપને પ્રણામ કરૂં છું! સંત સમાગમ એ એક જીવનનો લ્હાવ છે!"

"હીરાલાલ હવે હું પણ મારો પડદો દુર કરી તમારામાં ભળી જાઉં છું!"

"ઓહો મહાત્મા તમે ગુજરાતી પણ જાણો છો! સત્ય કહો સત્ય કહો આપ કોણ છો? પ્રભુ તમારો પડદો સત્વર દુર કરો! પ્રેમમાં પટાંતરો હોયજ નહિ!"

"હીરાલાલ હું મહાત્મા નથી; પણ જેને તમે હમણાં યાદ કરતા હતા તે હું રંક ભાનુશંકર છું!"

"હેં હેં કોણ મારો વ્હાલો મિત્ર ભાનુશંકર!"

"હા મારા સાચા સન્મીત્ર હીરાલાલ હુ તારો ભાનુશંકર!"

"કાન્તા તારૂં કલ્યાણ થઈ ગયું! તારો ઉદ્ધાર થઈ ગયો!

હવે સુખેથી તારા પતિને પૂજી લે! તારા મનમાન્યા સ્વામિને સ્નેહથી નિરખી લે! તેને વધાવી લે! પ્રેમથી તેની પૂજા કરી પાપની ક્ષમા માગી લે!"

"પ્રભુ આપના સ્પર્શને લાયક હું રહી નથી! દેવ! આ દાસીના અપરાધ ક્ષમા કરો! પ્રભુ આ પાપણીનાં પાપ સામું ન જોશો! મારો ઉદ્ધાર કર્યો તો કરીજ જાણો! ભગવાન આ રંકને એક વાર માગી ચરણ પૂજા કરવા દ્યો! આપના પવિત્ર ચરણારવિંદથી મને પાવન થવા દ્યો!"

"કાન્તા જગતમાં સારાને સૌ સુધારે, પણ જ્યારે નરસાને સુધારે અને તેને સંસ્કારી બનાવે ત્યારેજ જગતમાં સારાપણાની કીંમત થાય છે! ભલી બાઇ તારા વાસ્તે જેટલું થાય તેટલું મેં કર્યું છે. હવે તારી છેવટની ચર્ણપુજા કરવાની ઈચ્છા પણ હું તૃપ્ત કરૂં છું! લે સુખેથી ચર્ણપુજા કરી ચર્ણોદકથી કાયા પાવન કરી લે!"

"આહા આ સંસારમાં સૂર્ય અગ્નિ અને બ્રાહ્મણ સમક્ષ ચૉરીમાં જે આનો હાથ ઝાલ્યો તેને જીવતાં પાળવો અને મરતાં બાળવી તે આનું નામ! જેનો હાથ પકડયો અને પાર ઉતારવી તે આનું નામ! સ્નેહલગ્નની ઉત્તમ નિશાની તે આનું નામ! આર્ય સંસ્કારી આર્યલગ્ન તે આનું નામ!"

"આહા આ અવનીમાં જે સાચાં પ્રેમી દંપતિ જે કહેવાય છે અને મનાય છે, તે આનું નામ! કુંદન તમારા પ્રેમ ભેખને ધન્ય છે! હીરાલાલ તમારા વિશુદ્ધ અને પ્રેમી હૃદયને પણ ધન્ય છે! જગતમાં સત્ય પ્રેમનો વિજય છે તે આનું નામ! સારસ

સમાન જે જગતમાં પ્રેમ કહેવાય તે આનું નામ! હીરા-કુંદન તમારો સંબંધ દુનિયામાં એક સત્ય પ્રેમના સિદ્ધાંતરૂપ અને દૃષ્ટાંત રૂપ છે! તમારા જેવા વિરલા અને ધીરલા જગતમાં કોઈ-કજ હશે! સ્નેહ બાંધ્યો તો બાંધી જાણવો તે આનું નામ! મન જોડયું તો જોડી જાણવું તે આનું નામ! પ્રેમ ભેખ લીધો તો લઈ જાણવો તે આનું નામ! પ્રીતીની મસ્ત ફકીરી તે આનું નામ! હીરાલાલ અને કુંદન તમે આ દુનિયામાં એક દેવ અને દેવીરૂપ છો! તમારૂં દ્રષ્ટાંત દરેક સ્ત્રી પુરૂષને મનન કરવા જોગ છે! તમારો યોગ એજ પ્રેમયોગ છે! તમારો રાગ એજ સાચો અનુરાગ છે! તમારો વૈરાગ્ય એજ સ્નેહજીવનનો લ્હાવ છે! દુનિયામાં સાચા પ્રેમી કયાં છે? તો આ રહ્યાં! કેવાં છે? તો આ રહ્યાં! કોને કહેવાતો આ રહ્યા એ હીરા-કુંદનને!"

"આહા પ્રભુ તારી લીલા અપાર છે! ઘડીમાં સંજોગ અને ઘડીમાં વિજોગ કરનાર કીરતાર તારી ખુબી પારાવાર છે! લક્ષ્મીપતિ તારી કળા ન્યારી છે! માયાપતિ તારી માયાની બલિહારી છે!"

"ઓહો આ તો સ્નેહી સંતો સ્નેહસાગરમાં સ્નાન કરવાને પડયાં! જે જેનાં હતાં તે તેનાં થઈ ગયાં! જે જે ભિન્ન ભિન્ન રૂપ હતાં, તે દરેક જણાં એક રૂપમાં ભળી ગયાં! ભિન્નતા અભિન્નતામાં સમાઈ ગઈ! વૈરાગ્ય રાગમાં વસી ગયો! જ્ઞાન જ્ઞાનીમાં લિપ્ત થઇ ગયું! અત્યારે અનેક એક થઈ ગયા! વાહ વાહ પરમાત્મા ધન્ય છે તારી કૃતિને! અણધાર્યો અને અણચિન્તવ્યો રાગો જોગો મેળવનાર જગતપતિ હરી તને હું

વંદન કરૂં છું ! વિશ્વમાં સત્યનો જય થાઓ; પ્રેમીઓનો વિજય થાઓ એજ મારી અંતરની ઈચ્છા છે ! ભાગીરથી તું પ્રણામ કરી કુંદનને જોઈ લે ! હીરાલાલનું દ્રષ્ટાંત વિચારી જો ! કાન્તાના હાલહવાલ નીરખી લે ! મુક્તિ શામાં છે; ભક્તિ કેવી છે ! નીતિનો પ્રતાપ કેવો છે ? સદાચાર અને ધર્મ મનુષ્યનો કેવો ઉદય કરે છે તે તું હીરા–કુંદનના દ્રષ્ટાંતથી જોઈ લે ! અત્યારનો સંજોગ એ એક દેવતાઇ દુનિયાને દ્રષ્ટાંતમય સંજોગ છે ! મનુષ્યને આ સંજોગમાંથી ઘણું જોવાનું વિચારવાનું અને વર્તવાનું છે ! ધર્મનો જય અને અધર્મનો ક્ષય તે આનું નામ ! સાચા તરે અને જુઠા મરે તે આનું નામ !"

"કહો કુંદન હીરાલાલ હવે તમારી શી ઈચ્છા છે ! મારો વિચાર એવો છે કે તમે હવે લગ્નથી જોડાઓ !"

"ભાનુશંકર ! અમે જોડાએલાંજ છીએ ! અમારાં હૃદય એક તે એકજ છે ! હવે કાશી વાસ મુકી તથા આ ઉચ્ચ નિષ્કામ પ્રેમના સંસ્કાર પરહરી માયામાં જોડાવાની અમારી ઈચ્છા નથી ! અમારાં લગ્ન તો હૃદયથી અને મનથી થઈ ચુકયાં છે !"

"આપનું કહેવું સત્ય છે ! દુનિયામાં સાચા પ્રેમીનો વિજય છે અને પ્રેમ એ સત્ય છે એનું દ્રષ્ટાંત મનુષ્યોને બતાવવા ખાતર અને પ્રેમનો મહીમા અપાર છે એ સિદ્ધ કરી સમજાવવાને વાસ્તે તમારે દુનિયા સમક્ષ લગ્નથી જોડાવાની ખાસ જરૂર છે !"

"મહાત્મા તમારૂં કહેવું પ્રસંગોચીત છે ! હીરાલાલ મારો પણ એજ વિચાર છે કે તમારે હવે દુનિયા સમક્ષ વાજતે

આજતે લગ્ન કરશું ! તમે અત્યાર સુધી જે કાંઈ પ્રેમના નામે સહન કર્યું, ભોગવ્યું અને વેઠયું તેનો જગતમાં દાખલો આપવાની ખાસ જરૂર છે ! વિશુદ્ધિ, નીતિ, નેકી, ધર્મ, આમન્યા અને પ્રીતિ એ બધાંનાં દ્રષ્ટાંતોથી રસબસ તમારૂં પ્રેમલગ્ન સ્નેહલગ્ન અરે આર્યલગ્ન અત્યારે દુનિયા સમક્ષ થવાની ખાસ જરૂર છે ! નેકી અને બદી અત્યારે દુનિયાને બતાવવાની છે ! પ્રીતિને વગોવનાર અને પ્રેમીનાં ટાહ્યલાં કહી બતાવનાર પોમલા પ્રેમલાઓને ખાસ તમારે તમારા લગ્નથી સિદ્ધ કરી આપવું જોઈએ કે પ્રીતિ તે પાવક છે અને પ્રેમી તે ચાતક છે ! પ્રીતિ કરવી સ્હેલી છે પણ નભાવવી મુશ્કેલ છે ! દુનિયાદારીનો વ્યવહાર અને આમન્યાનો માર સાચવતાં કેવી રીતે સ્વાર્થભોગ અને આત્મભોગ આપવો પડે છે તેનો તાદ્રશ્ય ચિતાર તમારા લગ્નથી આર્ય પ્રજાને અત્યારે બતાવવાની ખાસ જરૂરીઆત છે!"

"મુરબ્બી આપની આજ્ઞા હું શિર પર ચઢાવું છું ! આપ જેમ કહો તેમ કરવાને હું તૈયાર છું!"

"કરવાનું એજ કે અત્યારે તમારે દરેક સ્નેહી સગા અને સંબંધીએ અમદાવાદ જવું; ત્યાં તમારા જે કોઈ સગાવ્હાલા હોય તેમને તાર દ્વારા ખબર આપવી અને તેમના સમક્ષ તમારે તમારાં લગ્ન કરવાં !"

"હું તેમ કરવા તૈયાર છું! ભાનુશંકર તમારે મારે વાસ્તે ખાસ અમદાવાદ આવવુંજ પડશે !"

"હીરાલાલ તમે જેમ કહો તેમ કરવાને હું તૈયાર છું! હું તમારો સ્નેહાધીન છું !"

"કાન્તા તમારે પણ ખાસ કરી આવવુંજ પડશે!"

"આપની આજ્ઞા હું માથે ચઢાવું છું! મારે તો અહીં પણ સામાજીક સેવાના સન્માર્ગનું કર્ત્તવ્ય કરવાનું છે અને ત્યાં પણ કરવાનું છે! હું તૈયાર છું!"

"મુરબ્બી લગ્નની બધી યોજના તમારે કરવાની છે! મારા ધર્મપિતા જયરામજી! ધર્મમાતા જમના અને ધર્મ-ભગની ભાગીરથી, તમારે દરેક જણાએ અત્યારે મારી સાથે અમદાવાદ આવી આ વ્યવહારનો બોજો ઉપાડવાનો છે!"

"ઓહો અમારાં ધન્ય ભાગ્ય, અમને કપુરનું વેતરૂં મળ્યું! બ્રાહ્મણની સેવા એ તો સાક્ષાત મુક્તિના મેવા છે! અમે તો વાટજ જોઇને રહ્યાં છીયે કે તમે કયારે સખી થાઓ!"

"આહા પરમાત્મા હું તને અત્યારે પ્રણામ ઉપર પ્રણામ કરૂં છું! ઓહો અત્યારે મારો આનંદ મારા હૃદયમાં માતો નથી!

'ધાર્યું થાય ન કોઇનું ધાર્યું કરે કીરતાર,
તારૂં મારૂં સૌ વૃથા હું તું મિથ્યા ભાર!'"

"મનુષ્યની પળ કહેવાય છે! તે પળ સુધારનારો ફક્ત એકજ પરમાત્મા છે! પલકમાં પળને પલટાતાં વાર લાગતી નથી કેમકે,

પલક છે આ ખલકમાં, પલ તારી નિરધાર,
પલકમાં પલટાઈ જશે, ચેત જીવ આ વાર!"

"મિત્ર ભાનુશંકર! હું મારા દ્રષ્ટાંતથી દુનિયાને પોકારીને કહું છું કે,

પ્રીતિ સમ પાવક નહિ, વિચારી કરજો પ્રીત;
પ્રીત કરો જો કો થકી, નિભાવજો તે નીત."

"કાન્તા બ્હેન! હું મારા અનુભવથી આર્ય બાળાઓને હાથ જોડીને કહું છું કે,

પ્રીત મરણ છે કારમું, અલ્પ ઉધાર ન થાય,
પતંગ પાવકમાં પડી, પળમાં સળગી જાય!'

"ભાનુશંકર ત્યારે તમે હવે તૈયારી કરો! હું સ્ટેશન ભણી જઈને તમારા દરેક સગાને તારથી અમદાવાદ આવવાની ખબર આપું છું!"

"લ્યો હું તમને તાર કરવાનાં એડ્રેસ સરનામાં આપું; ત્યાંજ ફક્ત તાર કરજો! અમારા સગા વ્હાલામાંથી ફક્ત થોડા ઘણાજ હયાત રહેલા છે! અમદાવાદમાં ફક્ત ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજીનેજ તાર કરજો અને તેમને લખજો કે તે તમામ લગ્નની તૈયારી કરે અને દરેક સગા વ્હાલાને ખબર આપે! બીજો તાર ભાવનગર અમીધર મામાને કરજો અને લખજો કે કુંદન અને હીરાલાલનો પત્તો મળ્યો છે અને બન્ને જીવતાં હયાત છે; તમે મણીલક્ષ્મીને લઈ અમદાવાદ જાઓ, અમે કાશીએથી અમદાવાદ આવીએ છીએ!"

"બહુ સારૂ ત્યારે તમે તૈયાર થાઓ! આજે સાંજે જરૂર ટ્રેનમાં અમદાવાદ ઉપડવું એ નિરવિવાદ છે!"

"સારૂ તમે પધારો મુરબ્બી! અમે તો તૈયારજ છીએ! લ્યો હીરાલાલ હવે આપણે ચાલો ગંગાજી જઇએ! ત્યાં જઈ સ્નાન કરીએ! એક વાર ધરાઇ ધરાઈ ગંગામાં ન્હાઇએ, અને ગંગાજળનું પાન કરી કાયાને પવિત્ર કરીએ! મારા સાંભળ્યા પ્રમાણે અમદાવાદમાં રાયજીની હવેલીમાં એક ભયંકર જબરી

આગ લાગી હતી અને તે આગમાં ફક્ત રાયજી અને કેસર સિવાય બીજાં બધાં બળીને ખાખ થઈ ગયાં હતાં; હયાતીમાં મને જે કાંઈ સમાચાર મળ્યા છે તે ઉપરથી હું તમને કહું છું કે, ફક્ત રાયજી, મણીલક્ષ્મી, કુસુમ, સુંદરલાલ, જયન્તીલાલ, મધુકર એટલાંજ હયાત છે; બાકીનાં બધાં મરી ગયાં છે. કેસર પ્લેગમાં મરી ગઈ; અને કપિલા શીતળામાં મરી ગઈ એ સમાચાર તો બે ચાર માસથીજ મળેલા છે; માટે એક વાર તેમને સંભાળી સ્નાન કરી દયો!"

"ઓહો ઘણું ખોટું થયું! એક બહોળા વસ્તારી કુટુંબનો જોતજોતામાં અંત આવી ગયો! પરમાત્મા તું કરે તે ખરૂં. વાડીને ખીલવતાં પણ તને વાર લાગતી નથી, અને વાડીને કરમાવતાં પણ તને વાર લાગતી નથી! જન્મ મરણનો હર્ષ શોક મિથ્યા છે! જે વસ્તુ આપણા હાથમાં નથી તેનો શોક કરવો નકામો છે! એ મરી ગયાં, અને આપણે અમર રહેવાનું નથી! જે જનમ્યાં તે એક દીવસે જરૂર મરણ પામવાનાંજ! જે ખીલ્યાં તે જરૂર એક વખત કરમાવાનાંજ! જે હસ્યાં તે જરૂર એક વખત રોવાનાંજ! જગતમાં જગતપતિ એકજ સત્ય છે, બાકી બીજું બધું તેની માયા છે!"

"ભાનુશંકર ઓહો મારા બાપુજીએ કર્મ કરવામાં કાંઈ બાકી રાખી નથી! તેમનાથી જેટલાં થાય તેટલાં કર્મ કર્યાં છે! કુટુંબનો નાશ થવામાં તેમનાં મુખ્યત્વે કરીને કર્માન્તરજ છે! પ્રભુની જેવી મરજી, હરીને ગમ્યું તે ખરૂં; તેની આજ્ઞા વિના એક પાંદડું પણ હાલી શકે તેમ નથી. તેના શિવાય એક કીડી

પણ કોઇથી નવી બનાવી શકાય તેમ નથી, એ કરે તે ખરૂં! મનુષ્યને ભોગવ્યા વિના છુટકો નથી તે નથીજ. આપણું ધાર્યું શું થાય છે? મનુષ્ય ખાલી માયામાં મારૂં મારૂં કરીને મરી જાય છે એટલુંજ બાકી મારૂં કાંઈ નથી; બધું એનું છે. માલીક એ છે, માલીકનો કોઈ માલીક નથી. આપણે બધાં તેની મિલ્કત છીએ; મિલ્કતનો માલીક એ એક અવિનાશી કીરતારજ છે, જય જય પ્રભુ હું તને વંદન કરૂં છું!

સારાસાર વિચારનો, સમજે ન સારાસાર;
હુંપદમાં પછડાઈ મરી, અંતે પામે હાર!"

આ પ્રમાણે આ પ્રેમીજનો ગંગાજીમાં ન્હાવા પડયાં, ખુબ ધરાઈ ધરાઇને નાહ્યાં અને સારી રીતે ગંગાજળનું પાન જેટલું કરાય તેટલું કરીને બહાર નીકળ્યાં, અને દરેક જણાં ગંગાજીને પ્રણામ ઉપર પ્રણામ કરી આશ્રમમાં આવ્યાં. ભાનુશંકરે આશ્રમમાંના કેટલાક સંત મહાત્માઓને બોલાવી આશ્રમની વ્યવસ્થા થોડાક વખતને માટે તેમને સોંપી; પોતે તેમની રજા લઈ અમદાવાદ આવવાને તૈયાર થયો; હીરાલાલે તેને ખુબ સમજાવ્યો અને સારી રીતે દીલાસા ઉપર દીલાસા આપી તૈયાર કર્યો. જો અમદાવાદમાં ન ગમે તો આપણે બંને જણા કાશી આવી નિવાસ કરીશું. આ પ્રમાણે ધીરજ આપી તેને સાથે લીધો કાન્તાને પણ તૈયાર કરી અને જમના તથા ભાગીરથીને પણ તૈયાર કરી સરસામાન સજી બધાંને તૈયાર કર્યાં. કુંદન હવે કાંક શરમાવા લાગી; તે ભાગીરથી જોડે વિનોદમાં ભળી બધી હીરાલાલ સંબંધી હકીકત જાણવામાં તલ્લીન થઇ! જમના શેઠાણીના

આનંદનો પાર રહ્યો નહીં; જયરામ શેઠ પણ તાર કરી એકદમ આશ્રમમાં આવ્યા. સાધુઓને તથા સંતોને સારી રીતે ભોજન લેવરાવી દરેકને દાન દક્ષણા આપી ખુબ સંતોષ્યા અને પોતે બધા પ્રેમીજનો સાથે બેસીને ધરાઇને ભોજન લીધું. જયરામ શેઠને આ વખતે બેહદ આનંદ થયો! તેમના હૃદયમાં આ વખતે ઘણુંજ સારૂં લાગ્યું અને પોતે કમર બાંધી અમદાવાદ જવા તૈયાર થયા!

ટ્રેનનો ટાઇમ થતાં આ પ્રેમી સંઘ સ્ટેશન પર આવ્યો! હીરાલાલે પોતાના ગુજરાત કાઠીઆવાડ અને મુંબાઈ સુરતના સન્મીત્રોને તાર ઉપર તાર કરી પોતાના આવાગમનની ખબર આપી! ભાનુશંકરે એક આખો ડબ્બો રીઝર્વ્ડ કરાવ્યો અને દરેકને લઇને તેમાં બેઠો! કાશીના કેટલાક વિદ્વાન્ પંડીતો, મહન્તો અને મિત્રો ભાનુશંકરનું પૂર્વ વૃત્તાંત જાણી ભાનુશંકરને વળાવવા સારૂ તથા મુબારકબાદી આપવા સારૂ હારતોરા લઈ સ્ટેશન પર આવ્યા! આશ્રમમાં હરીકથા સાંભળવા આવનાર કેટલાક સંભાવીત હરીજન ગૃહસ્થો પણ ભાનુશંકર કુંદન અને હીરાલાલને હારતોરા આપવા સારૂ તથા વિદાયગીરીનુ માન આપવા સ્ટેશન પર આવ્યા! સ્ટેશન ખીચોખીચ હરીજનો અને પંડીતોથી ભરાઈ ગયું; ટ્રેન ઉપડવાનો ઘંટ થયો; ત્યાં આખો ડબ્બો હારતોરાથી ભરાઈ ગયો! દરેકની આંખમાં સ્નેહનાં આંસુ આવી ગયાં! હીરાલાલ પણ ભાનુશંકરનો કાશીમાં માનમરતબો જોઇને છક થઈ ગયો! શેઠ પણ અચંબો પામી ગયા! ચોગરદમ આનંદ ઉભરાઈ ગયો! વીસલ થતાં આનંદ

ઉત્સાહ અને માનપાનને ડબ્બામાં લઇ ટ્રેન કાશી છોડી આગળ વધી !

અમદાવાદમાં ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજીના શોકનો અને દુઃખનો પાર નહોતો ! અત્યારે અનેકમાંથી તે ફક્ત એકજ રહ્યા હતા ! કપિલા અને કેસરના મરણના કારી જખમ તેમના જીગરમાં લાગ્યા હતા. આ છેત્રટના જખમ લાગવાથી રાયજીની જીંદગીં ઘણી જોખમાઇ ગઈ હતી ! અધુરામાં પુરૂં મધુકરના ભયંકર મંદવાડે તેમના મન પર ભારે અસર કરી હતી ! કેટલીક વાર જાતે તે મધુકરને જોવા ગયા હતા ! પ્રસંગોપાત જયન્તીલાલ પાસે પણ તે જતા. સુંદરલાલ બારીષ્ટર પાસે પણ મહીનામાં એકાદ આંટો મારી આવતા ! દરેક જણા રાયજી સારૂ દયા ખાતા હતા. એક મોટી ગગનચુમ્બીત હવેલીનો માલીક અત્યારે ભાડાના ઘરમાં રહીને દીવસ ગુજારતો હતો. જે ઘણી દીવસના મનપસંદ ભોજન જમતો હતો અને વિવિધ પોશાકોમાં સજ્જ થઈ વિકટોરીઆ દોડાવતો હતો, તે ધણી અત્યારે સવારનું સાંજ અને સાંજનું સવારે ખાઇ ઉદર તૃપ્ત કરતો હતો. પોશાકમાં સાદાં પંચીઆં અને જીર્ણ કેડીઆથી ચલાવી લેતો હતો ! અત્યારે રાયજીને સારી રીતે જ્ઞાન થએલું હતું તેથી અવસ્થાનું દુઃખ અને કર્મની શિક્ષા તે કઠણ મન કરી સહન કરતો હતો ! જ્યારે તેના મનમાં ઘણું લાગી આવતું હતું ત્યારે તે દેવમંદીરે જઈ હરીકથામાં બેસી મન વાળતા અને રાતની રાત ભજન મંડળીમાં બેસી ગાળતા ! આ પ્રમાણે જીવન ફેરફારો રાયજીના જીવનમાં થયા હતા. રાયજીને વાસ્તે દરેકને લાગણી થતી હતી; જો કે

તેમણે કાળાં ધોળાં કરવામાં કંઇ પણ બાકી રાખી નહોતી; છતાં પણ તેમના પર અચાનક દુઃખ આવી પડવાથી દરેકનાં મન દુભાતાં હતાં. ન્યાતીનો એક અગ્રેસર સુધારક અને પટેલ ગૃહસ્થ આમ એકાએક કંગાલીયત ભરી હાડમારી ભોગવે એથી દરેક જ્ઞાતિ જન તેમના તરફ દયાની દ્રષ્ટિથી જોતો હતો!

અત્યારે રાયજી ગમગીનીમાં ગરકાવ થઇ લમણે હાથ દઈ હીંચકા ઉપર બેઠા હતા; ત્યાં એક તારવાળો સિપાઇ આવી તાર આપી ગયો! રાયજીએ તાર વાંચ્યો અને એકદમ આનંદમાં ગરકાવ થઇ ગયા! તારથી રાયજીની તમામ ગમગીની આનંદમાં પલટાઈ ગઈ. આ તાર કાશીનો હતો અને કુંદન અને હીરાલાલના આવવાનો તાર હતો. રાયજી એકદમ હીંચકા પરથી ઉઠી કપડાં પહેરવા લાગ્યા અને ધસમસ્યા કુસુમ પાસે જવા તૈયાર થઈ ગયા!

"ભલા ભગવાન તું જે કરે તે ખરી! એક ઘડીમાં આંખથી આંસુ પડાવે છે અને એક ઘડીમાં આંખને આનંદમાં હસાવે છે! દયાનિધાન છેવટે મારા ઉપર દયા કરી તો ખરી! પેલી ભજન મંડળીમાં મહાત્મા કહેતા હતા કે,

* * *

તું તારા બીરદ સામું જોઇ લે સામળીઆ,
ના જોઇશ કરણી અમારી રે વ્હાલાઃ–તું તારા૦
ગજને કારણ વ્હાલા પેદલ ધાયા,
દ્રૌપદીનાં ચીર વધાર્યાં રે વ્હાલાઃ–તું તારા૦
ટીંગોડીનારે વ્હાલે બાળ ઉગાર્યાં,
બાનાની પત રાખજે જગરાયા રે વ્હાલાઃ–તું તારા૦

તે પ્રમાણે પરમાત્માએ મારા સામું જોયું! મારી અધમ કરણી છેવટને વખતે તેમણે જોવી કોરે કરી અને મારૂં ઘડપણ સુધાર્યું! આહા સંત સંગતનો કેવો પ્રતાપ છે! મહાત્માનાં વચનો કેવાં ભવિષ્યરૂપક અમૃતમય છે! દેવમંદીર અને હરીભજનની મુલાકાત મનુષ્યને કોક વખતે પણ કામમાં આવે છે ખરી! પ્રભુ પ્રભુ તારી લીલા અગમ્ય છે! તારી ગતિ ન્યારી છે! વિશ્વાધાર હું તારી પાસે મારા પાપની ક્ષમા માગુ છું! વિભુ મારા પર દયા કરજે! દીનબન્ધુ દીનાનાથ મારી બુદ્ધિ હવે છેવટને વાસ્તે વિશુદ્ધ રાખજે! પ્રભુ મારી બુદ્ધિને બગાડીશ નહિ! તારે દુઃખ દેવું હોય તો હજુ પણ દેજે; અમીરાઈ લેવી હોય તો તે પણ લેજે અને દરિદ્રતા દેવી હોય તો તે પણ દેજે; પણ પરમાત્મા મરતાં સુધી તું મારી બુદ્ધિ પવિત્ર રાખજે! મારા જીવન અંત સુધી મારી મતિ ભ્રષ્ટ કરીશ નહિ! પ્રભુ જો મનુષ્યની બુદ્ધિ સારી હશે તો મરતાં મરતાં પણ તને સંભાળશે અને જ્યાં તને સંભાળશે એટલે તારે સંભાળનારને સંભાળ્યા વિના છુટકો નથી માટે મારા બાપલા! મારા પ્રભુ મારા હૃદયમાં સર્વદા તારી ભક્તિ ભરજે અને મારી બુદ્ધિ વિશુદ્ધ કરજે!"

ભગવાનની સ્તુતિ કરતા રાયજી કપડાં પહેરી ઘરબહાર નીકળ્યા કે તરતજ એક બીજો તાર આવ્યો. તે વાંચ્યો તો તેમાં અમીધરમામાનું આખુ કુટુંબ અને મણીલક્ષ્મી સવારે અમદાવાદ આવે છે એવા ખુશ સમાચાર આવ્યા; રાયજી આ તાર વાંચી પણ ખુબ હરખાયા અને હરખમાં ને હરખમાં કુસુમને

ઘેર ગયા, કુસુમે તાર વાંચ્યા અને તેને પણ પારાવાર આનંદ થયો અને રાયજીને સંતોષ્યા. રાયજી ત્યાંથી બારીષ્ટર પાસે ગયા; તેમને તાર વંચાવ્યા, બારીષ્ટર પણ અનહદ આનંદ પામ્યા અને રાયજીને જોઇતી મદદ કરવા તૈયાર થઇ ગયા, ત્યાંથી જયન્તીલાલ પાસે રાયજી ગયા અને તેમને તાર વંચાવ્યા; જયન્તીલાલને તાર વાંચી દરેક કરતાં અધીક આનંદ થયો અને તેણે આ ખુશખબર એદલજી શેઠને આપ્યા, શેઠ આ સમાચાર સાંભળી ખુશ થયા; અને પોતાના બંગલા, મકાન, ગાડીઘોડા, ફરનીચર, મોટર વગેરે જે કાંઈ જોઇએ તે તમામ વાપરવાની રાયજીને તથા જયન્તીલાલને પરવાનગી આપી! રાયજીએ પોતાના મિત્ર મી. ભાજીપાલા ઉપર એક તાર જયન્તીલાલ પાસે આ ખુશખબરનો કરાવ્યો અને તેમને ખાસ કરી આ આનંદમાં ભાગ લેવા સારૂ તેડાવ્યા! આનંદના ઉમળકાને ઉમળકામાં રાયજી ઘેર આવ્યા અને રાત પડતાં સૂઈ રહ્યા, પણ રાતે હરખમાં ઉંઘ આવી નહીં. સવાર પડતાં તો તરતજ જયન્તીલાલ મોટર લઇ રાયજી પાસે આવ્યો, અને આખો શેઠનો બંગલો લગ્ન પ્રસંગ સારૂ અલાયદો તૈયાર કરી રાખ્યો છે એવી સૂચના આપી દીધી! રાયજી જયન્તીલાલની ભલમનસાઇ જોઈ છક થઇ ગયા! જયન્તીલાલની મોટરમાં બેસી રાયજી સ્ટેશનપર અમીધરને લેવા સામા ગયા. અમીધરમામા પણ રજવાડી મિત્રમંડળ સહીત અમદાવાદ આવ્યા અને રાયજીની મોટરમાં બેસી બારોબાર જયન્તીલાલના બંગલે નદી પાર ગયા! આખો દીવસ રાયજી જયન્તીલાલ અને અમીધરે મળી લગ્નની ગોઠવણ જેવા રૂપમાં જોઇએ તેવી તૈયાર કરવા માંડી. ચોગરદમ સગાવ્હાલામાં લગ્નની આમંત્રણ પત્રિ-

કાઢ્યો કાઢી; મહેમાનોના ઉતારાની સરભરા કરવા માંડી; મધુકર તથા કુસુમને પણ બંગલે તેડાવી રાખ્યાં અને તેમની સારવારમાં એક ડાકતરને રોકી રાખ્યો; જે કોઈ સગાંવ્હાલા હતા, તે તમામને રાયજીએ હળીમળી માન સત્કારથી બોલાવી બંગલે તેડાવી રાખ્યાં. આમ અમીધરે છુટે હાથે કુંદનના લગ્ન સારૂ ધન ખરચવા માંડયું ! મણીલક્ષ્મી તો આ કારમો પ્રસંગ જોઈ છક્ક થઇ ગયાં, અને મનમાં પ્રભુનું સ્મરણ કરવા લાગ્યાં. જયન્તીલાલ, સુંદરલાલ અને તેમના મિત્રો અમીધરમામાને તથા રાયજીને ઘણાજ સ્હાયકર્ત્તા સાહ્યકો થઈ પડયા. તેમની જીવતોડ જબરજસ્ત મહેનત અને શ્રમથી આ લગ્ન પ્રસંગની તૈયારી થઇ. દરેક જણાં હવે કુંદન અને હીરાલાલના આવાગમનની આતુરતાથી રાહ જોવા લાગ્યાં ! કેટલાક અધીરા અને આતુર સ્નેહીઓ અજમેરની ટીકીટ લઈ હીરાલાલના સામા ગયા ! બરાબર ટાઈમ થતાંજ પેસેન્જર ટ્રેઇન હીરા-કુંદનને લઈ સ્ટેશનમાં આવી પહોંચી ! સ્નેહીજનો અને સગાંવ્હાલાના અપૂર્વ માન સત્કાર વચ્ચે કાશીનો પ્રેમી સંઘ પ્લાટફૉર્મ પર ટ્રેનમાંથી ઉતર્યો; હારતોરા અને પુલોની છડીઓથી છાજતો સંઘ મોટરોમાં બેસી ઉતારા પર ગયો. દરેક જણા ખુબ આનંદ અને હર્ષથી એક બીજાને મળ્યા. અન્યોઅન્ય નવીન મેમાનોની સામસામી ઓળખાણ આપી ઓળખાણુ કરાવી ! કુંદનના સગા વ્હાલાઓ જયરામ શેઠનો ઠાઠમાઠ જોઈ ઠરી ગયા. દરેક જણા ચહા પાણી પી સૌ સૌના ઉતારામાં ગયા અને આવતી કાલને વાસ્તે કન્યાના લગ્નની અપૂર્વ અને જબરી ધામધુમ કરવામાં રોકાયા !

કન્યા પક્ષના કરતા કારવતાઓએ પોતપોતાની લાગવગથી જેટલી બની શકે તેટલી અપૂર્વ લગ્નની તૈયારી કરી. રાયજી અને અમીધરે જેટલા પ્રમાણમાં કરી શકાય તેટલી અપૂર્વ ધામધુમ આ લગ્ન પ્રસંગ સારૂ કરી! જયરામ શેઠ અને તેના શ્રીમંત મિત્રોએ પણ જેટલી ભારે તૈયારી કરી શકાય તેટલી ભારે વ્યવસ્થા હીરાલાલના વરઘોડા વાસ્તે કરી. લગ્નનાં દીવસે જયરામ શેઠે હીરાલાલનો વરઘોડો ભારે ધામધુમથી તૈયાર કરી ચઢાવ્યો, આમ અમીધરે પણ વરઘોડાના સત્કારની સારી વ્યવસ્થા કરી! વરઘોડો બજાર ફરી કન્યાના માંડવે આવ્યો. આખુ શહેર આ વરઘોડાથી ખળભળી ઉઠયું! વરઘોડામાં શહેરના ઘણા ઘણા સુપ્રસિદ્ધ આગેવાન શહેરીઓ, અમલદારો, શ્રીમંતો, અમરગઢનો રાજકુમાર, રજવાડી મેમાનો અને કંઈક સંભાવિત દેશ પરદેશના ગૃહસ્થો આવેલા હતા. દરેક જણા હીરાલાલ તથા કુંદનને નિહાળી પરમ આનંદ પામ્યા. સાજનનો અમીધરમામાએ સારી રીતે વરપક્ષ અંજાઈ જાય તેવો સત્કાર કર્યો! કુળ ગોરને બોલાવી હીરા–કુંદનનો હસ્તમેળાપ કરાવ્યો. વરકન્યાના પક્ષકારોએ વરકન્યાને સારી રીતે ચાંલ્લાથી નવાજી નાંખ્યાં; રાયજીને તથા અમીધરમામાને ધન્યવાદ ઉપર ધન્યવાદ આપી વરકન્યાને મુબારકબાદી આપવા લાગ્યા, મંદવાડમાંથી માંડમાંડ પ્રયત્ને ઉઠી મધુકરે હીરાલાલ તથા કુંદનને હારતોરા આપી લગ્નની ફત્તેહ ઇચ્છી! બારીષ્ટર અને જયન્તીલાલે પણ હારતોરા આપી હીરાલાલ તથા કુંદનને મુબારકબાદી આપી. કુંદન અને હીરાલાલનાં રાયજીના હાથે હીરાલાલની મરજી મુજબજ અમદાવાદમાં લગ્ન થયાં. પ્રેમી-

જોડાનો અંતે વિજય થયો. સર્વ સાજન મહાજનના દેખતાં અમીધરમામાએ કુંદનને એક સાચ્ચા મોતીનો નવશેરો હાર, હીરાલાલને એક હીરાની અમૂલ્ય વીંટી અને અન્ય સગાવ્હાલાને ભેટ સોગાતો આપી લગ્નનું ખરચ માંડી વાળ્યું. વરકન્યાને પુષ્કળ ભેટ ઈનામ પોશાક દાગીના અને અન્ય પારીતોષીકો તેમના વખાણનારાઓમાંથી મળ્યાં. આ પ્રસંગે હીરાલાલના શ્રીમાન શેઠ જયરામ સાજન મંડળમાં ઉભા થઇ દરેકને સંબોધી પોતાના હૃદય ઉદ્ગાર જણાવવા લાગ્યા !

"મહેરબાન બાનુઓ અને સદ્ગૃહસ્થો !

આજના લગન અવસરથી મને ઘણોજ આનંદ થયો છે, આજે સત્ય પ્રેમનો વિજય થયો છે; સાચાં પ્રેમીઓ જે જગતમાં પ્રેમની કસોટીએ ચઢયાં હતાં તે પ્રેમીઓ કસોટીમાં સાચાં ઉતરી આજે પરમાત્માની પરમ દયાથી પ્રેમથી લગ્નની ગાંઠમાં જોડાયાં છે. જગતમાં સાચાનો જય છે અને જુઠાનો ક્ષય છે; નિતિવાન અંતે સંસારસાગર તરે છે અને અનીતિવાન અધવચ સંસાર સાગરમાં બુડી મરે છે, સંકષ્ટમાં અન્તે ધર્મજ કામમાં આવે છે. અધર્મ દુ:ખને વધારે છે, નેકી ટેકી વિવેકી અને નિતીવાન મનુષ્યોજ સંસારમાં સત્કારને પાત્ર થાય છે. દુનિયા નેકીને વધાવે છે અને બદીને ધિઃક્કારે છે. આજના પ્રસંગમાં મળેલો સાજન મહાજનનો અપૂર્વ સમુદાય નેકીનીજ બોલબાલા બોલાવે છે ! નેકીનાં પ્રતાપે કરીનેજ તેઓ આજના લગ્ન પ્રસંગમાં આવવાને હાજર થયાં છે, હીરાલાલ અને કુંદન જેવાં સાચાં નેકી ધર્મીષ્ઠ વરકન્યાના આ માંગલિક અવસરની યાદગીરી સારૂ હું મારી

મીલ્કતમાંથી પીસ્તાલીસ લાખ રૂપીઆ ધર્માદા તરીકે આપું છું તેની વ્યવસ્થા તમારે નીચે પ્રમાણે કરવી! ૧ અગીઆર લાખ રૂપીઆની કેપીટલ રોકી તેમાંથી એક બ્રાહ્મણ મીલ બાંધવી અને તેમાં જેટલા મળી શકે તેટલા બ્રાહ્મણ કામદારો ધંધે લગાડવા. ૨ અગીઆર લાખ રૂપીઆની કેપીટલ નાંખી એક બ્રાહ્મણ બેન્ક કાઢવી અને તેમાં બ્રાહ્મણોની મુડી જમા રાખી સારૂ વ્યાજ આપવું અને બ્રાહ્મણને સારી જામીનગીરીપર નાણાં વગર વ્યાજે આપવાં. ૩ અગીઆર લાખ રૂપીઆની કેપીટલ રોકી એક બ્રાહ્મણ હોસ્પીટલ કાઢવી અને તેના અંગે એક જનાના હોસ્પીટલ ઉઘાડી બ્રાહ્મણ સ્ત્રીઓની સુવાવડ મફત કરવી અને તેમાં તમામ પ્રકારના બ્રાહ્મણોને મફત દવા આપવી. ૪ અગીઆર લાખ રૂપીઆની કેપીટલ રોકી એક બ્રાહ્મણ પાઠશાળા ઉઘાડવી અને તેમાં બ્રાહ્મણોને મફત શિક્ષણ આપવું, અને ઉપર એક લાખ રૂપીઆ રહ્યા તેમાં તમારે જોઇતું ઉઘરાણું ફંડ કરી તમારી ધ્યાનમાં આવે તે ધર્માદા ખાતુ સ્થાપવું અને તેમાં જોઈતી મદદ મારી પાસે માગી લેવી. હું બ્રાહ્મણનો દાસ છું! જગતનું જીવન બ્રાહ્મણો છે અને બ્રાહ્મણોના ઉદયથીજ જગતનું કલ્યાણ છે! ચાર આનાના પૈસામાં ચંડીપાઠ વાંચી પારકાનું કલ્યાણ વાંચનારા ફક્ત એક બ્રાહ્મણોજ છે! યજ્ઞ યાગ અને જપ તપાદીક ક્રીયા કરી તેનું ફળ જગતને આપી જનસમાજનું કલ્યાણ વાંચનારા ફક્ત એક બ્રાહ્મણોજ છે! મેં જે કાંઇ ધન મેળવ્યું છે તે આ હીરાલાલના પ્રતાપથીજ મેળવ્યું છે એક બ્રાહ્મણની અલૌકીક બુદ્ધિના પ્રભાવે કરીને મેળવ્યું છે; તો તે ધનનો ઉપયોગ પણ

બ્રાહ્મણોના કલ્યાણમાંજ થવો જોઇએ એમ ધારી મને જે કાંઈ મળે છે તેમાંથી ફુલ નહીં ને ફુલની પાંખડી અર્પણ કરૂં છું, તે આપ ભુદેવ મંડળ સ્વિકારી મને કૃતાર્થ કરશો!”

“ધન્ય છે, ધન્ય છે જગતનું અને બ્રાહ્મણોનું કલ્યાણ વાંચ્છનારા સખાવતી શ્રીમંત તમારા પૈસાને ધન્ય છે!”

“મહેરબાન માનુઓ અને ગૃહસ્થો!

તમે જેને ફાધર વિલિયમ કહીને ઓળખો છો તે હું રાયજી તમારી સમક્ષ બે હાથ જોડી ગાજી પોકારીને જણાવું છું કે, જગતમાં સત્યનોજ જય છે, ધર્મનોજ ઉદય છે; આપણા વડીલો અને મુરબ્બીઓની સનાતન ધર્મના રક્ષણની પરનાલિકા તેજ આપણી કલ્યાણી પરનાલિકા છે. ગૃહસ્થો તમારા વડીલોને પંથે ચઢો, જમાનામાં મારી પેઠે ખુબ આગળ ન વધો; તેમ વધારે પાછળ પણ ન રહો; પણ મધ્યમાં રહી જમાનો હાથમાં ગ્રહણ કરી ધર્મ અને નીતીને હૃદયમાં ધારણ કરી આગળ વધો, જગતમાં જુનું તેજ સારૂં છે, જુનામાં સમાય તેટલુંજ નવું ભરો; નવું ભરતા પહેલાં નવા જુનાનો મુકાબલો જગતમાં શોભી ઉઠે તેવો થાય તોજ નવું ગ્રહણ કરો. જુનાથી જગતનું કલ્યાણ છે. જ્યારે ત્યારે પણ તમારે જુનો પંથ લીધા વિના છુટકો નથી તે નથીજ. વિદ્યામાં આગળ વધો, વ્યાપારમાં આગળ વધો, સંપમાં આગળં વધો પણ ધર્મ અને નીતી એ તો તમારાં અસલનાં જુનાંજ પકડી રાખો. છેવટે મારા અનુભવથી સુધારાથી ત્રાસ પામી હું ફાધર વિલિયમ રાયજી ફાધર વિલિયમના શબ્દમાં

જણાવું છું કે 'જુનું તે સોનું છે અને નવું તે પીતળ છે!' Gentlemen! Old is Gold! જેન્ટલમેન ઓલ્ડ ઇઝ ગોલ્ડ!"

રાયજીના આ ભાષણથી લોકોમાં આનંદ વરતાઇ રહ્યો. લોકોએ તાળીઓના અવાજથી રાયજીને વધાવી લીધા, અને કેટલા હારતોરાના સત્કારથી રાયજીને નવાજી દીધા; લગ્નક્રીયા ખત્તમ થઇ અને સન્નારીઓએ મધુર કંઠે લગ્નનું ગીત લલકારવા માંડયું!

" અમે ઇડરીઓ ગઢ જીત્યાં રે,
આનંદ ભર્યાં!
અમે કુંદનબા પરણાવી ઉઠયાં રે,
આનંદ ભર્યાં!
અમે ઇડરીઓ ગઢ જીત્યાં રે,
આનંદ ભર્યાં!

સમાપ્ત.

સંસાર શેત્રંજ

યાને

કરણી તેવી પાર ઉતરણી.

ભાગ ૧-૨.

સાત્વિક, શુદ્ધ અને નિર્દોષ ભાવનાઓથી ભરેલા હૃદયવાળા પવિત્ર પુરૂષ જ્યારે મોહરાજની માયાજાળમાં સપડાય છે, ત્યારે ઉત્તરોત્તર તે કેટલો બધો ક્રૂર, સ્વાર્થી, થઇ જાય છે, કાર્ય કરતી વખતે તેને સારાસારનું ભાન-જ્ઞાન છતાં લાચારીથી તેને કેવાં ક્રૂર કર્મો કરવાં પડે છે, તે દુનિયાની નજરે મહા સુખી ગણાતો હોવા છતાં પણ અંતરથી કેટલો બધો દુઃખી હોય છે, વિગેરે બાબતો દર્શાવનાર ચૈતન્યદેવ, અને માયાવી આ બે પાત્રો આ નવલકથાના સંસાર-શેત્રંજના પટ ઉપર કેવા કેવા દાવ-પેચ રમે છે, માયાવી કાર્યનું ફળ દર્શાવી ચૈતન્યને તે ન કરવા કહે છે, છતાં તે માયાજાળમાં સપડાઈ તેની પાસે ક્રૂર કર્મો કરાવે છે, પોતે ઉત્તરોત્તર નરક પ્રત્યે ચાલ્યો જાય છે અને આખરે પોતાની કરણી પ્રમાણે ફળ પામે છે, તેનો સાક્ષાત્ ચિતાર આ નવલકથામાં છે. પાકા સોનેરી પુંઠા સાથે દરેક ભાગની કીંમત માત્ર રૂ. ૧-૮-૦ પોષ્ટેજ જુદું.

સોલ એજન્ટ

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા-અમદાવાદ.

સરસ્વતી.

આ નવલકથામાં હિંદુ સંસારમાં એક મરણને કાંઠે પહોંચેલો મુંબાઇનો બુઢ્ઢો શેઠિયો પોતાનો એક પગ ચેહમાં પડયા છતાં એક બાળકુમારીકા સાથે લગ્ન કરી પોતાની ભવિષ્યની જીંદગી (બાકી શેની હોય તે ! !) સુખી કરવા ધારે છે. તેમ કરતાં તે બુઢ્ઢો કાઠિયાવાડી કન્યાદલાલોના પંજામાં ફસાઇ પૈસાનું પાણી કરે છે અને કન્યાને બદલે એક છોકરા સાથે તેનાં લગ્ન થાય છે. વધારામાં મુંબઇની હિંદુ ભોળી શેઠાણીઓ છોકરાંઓ લેવાની આશાએ ધુતારા સાધુ સંન્યાસીઓના પંજામાં કેવી રીતે ફસાય છે તેનું આબેહુબ ચિત્ર જોવું હોય તેમજ મુંબાઇના ભોળા અથવા તો મૂર્ખ શેઠિયાઓની શ્રીમંતાઇનો ખોટો ઉપયોગ થતો જોઈ જરૂર હસવું આવ્યા સિવાય રહેશે નહિ તેમજ સાધુના વેષમાં ફરતા ગઠીયાઓ, પણ બાહોશ માણસોથી કેવી રીતે છેતરાય છે અને ફસાય છે. તે ચિતાર જોવો હોય તો અવશ્ય આ ચોપડી વાંચો. પાકું સોનેરી બાઇન્ડીંગ હોવા છતાં **કીંમત** માત્ર રૂ. ૧-૪-૦ પોસ્ટેજ જુદું.